Ordinary Gazette Part - I-L / 2003		
Issue No.	Date	Department
Issue No.1	02-01-2003	Labour & Employment Department
Issue No.2	09-01-2003	Labour & Employment Department
Issue No.3	16-01-2003	Labour & Employment Department
Issue No.4	23-01-2003	Labour & Employment Department
Issue No.5	30-01-2003	Labour & Employment Department
Issue No.6	06-02-2003	Labour & Employment Department
Issue No.7	13-02-2003	Labour & Employment Department
Issue No.8	20-02-2003	Labour & Employment Department
Issue No.9	27-02-2003	Labour & Employment Department
Issue No.10	06-03-2003	Labour & Employment Department
Issue No.11	13-03-2003	Labour & Employment Department
Issue No.12	20-03-2003	Labour & Employment Department
Issue No.13	27-03-2003	Labour & Employment Department
Issue No.14	03-04-2003	Labour & Employment Department
Issue No.15	10-04-2003	Labour & Employment Department
Issue No.16	17-04-2003	Labour & Employment Department
Issue No.17	24-04-2003	Labour & Employment Department
Issue No.18	01-05-2003	Labour & Employment Department
Issue No.19	08-05-2003	Labour & Employment Department
Issue No.20	15-05-2003	Labour & Employment Department
Issue No.21	22-05-2003	Labour & Employment Department
Issue No.22	29-05-2003	Labour & Employment Department
Issue No.23	05-06-2003	Labour & Employment Department
Issue No.24	12-06-2003	Labour & Employment Department
Issue No.25	19-06-2003	Labour & Employment Department
Issue No.26	26-06-2003	Labour & Employment Department

Ordinary Gazette Part - I-L / 2003		
Issue No.	Date	Department
Issue No.27	03-07-2003	Labour & Employment Department
Issue No.28	10-07-2003	Labour & Employment Department
Issue No.29	17-07-2003	Labour & Employment Department
Issue No.30	24-07-2003	Labour & Employment Department
Issue No.31	31-07-2003	Labour & Employment Department
Issue No.32	07-08-2003	Labour & Employment Department
Issue No.33	14-08-2003	Labour & Employment Department
Issue No.34	21-08-2003	Labour & Employment Department
Issue No.35	28-08-2003	Labour & Employment Department
Issue No.36	04-09-2003	Labour & Employment Department
Issue No.37	11-09-2003	Labour & Employment Department
Issue No.38	18-09-2003	Labour & Employment Department
Issue No.39	25-09-2003	Labour & Employment Department
Issue No.40	02-10-2003	Labour & Employment Department
Issue No.41	09-10-2003	Labour & Employment Department
Issue No.42	16-10-2003	Labour & Employment Department
Issue No.43	23-10-2003	Labour & Employment Department
Issue No.44	30-10-2003	Labour & Employment Department
Issue No.45	06-11-2003	Labour & Employment Department
Issue No.46	13-11-2003	Labour & Employment Department
Issue No.47	20-11-2003	Labour & Employment Department
Issue No.48	27-11-2003	Labour & Employment Department
Issue No.49	04-12-2003	Labour & Employment Department
Issue No.50	11-12-2003	Labour & Employment Department
Issue No.51	18-12-2003	Labour & Employment Department
Issue No.52	25-12-2003	Labour & Employment Department

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

XLIV] THURSDAY, JANUARY 2, 2003/PAUSA 12, 1924 [No. 1

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation.

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

આંક-૧૬

ઔદ્યોગિક ન્યાયપંચ સુરત દ્વારા

શ્રી પી. આર. દવે સમક્ષ

રીવીજન અરજી (આઈ.સી.) નં. ૨૧/૯૭.

યા ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્કસ, **અરજદાર;**
પુરા, અગીયારી મહોલ્લો, સુરત.

વિરૂદ્ધ

.તાપ્રસાદ ભગવતીપ્રસાદ, **સામાવાળા;**
. અશોક એન. ઈંટવાલા,
ફ્રીલા વિશ્રામ શોપીંગ સેન્ટર,
માળ, વસંત ટોકીઝ સામે, નવસારી.

બાબત :- સુરતની ત્રીજી લેબર કોર્ટના ન્યાયાધીશશ્રીએ ટી. અરજી નં. ૫૯૩/૯૬ના કામમાં આંક-૧૦ની અરજી નીચે તા. ૮-૧૦-૯૭ના રોજ કરેલ હુકમ વિરૂદ્ધ બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ એક્ટની કલમ-૮૫ હેઠળ રીવીજન અરજી.

ઉપસ્થિતિ :- અરજદાર તરફે :- એડવોકેટશ્રી મયંકભાઈ મહેતા અને શ્રી હર્ષદભાઈ પંડયા
સામાવાળા તરફે :- એડવોકેટ શ્રી અશોકભાઈ ઈંટવાલા.

ચુકાદો

(૧) આ કામના અરજદાર સંસ્થાએ બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ એક્ટની કલમ-૮૫ હેઠળ આ રીવીજન અરજી દાખલ કરી, સુરતની ત્રીજી લેબર કોર્ટ સમક્ષની ટી. અરજી નં. ૫૯૩/૯૬ના કામમાં આંક-૧૦ નીચે લેબર કોર્ટે તા. ૮મી ઓગસ્ટ, ૧૯૯૭ના રોજ અરજદાર સંસ્થા વિરૂદ્ધ કેર હુકમ રદ કરી, અરજદાર સંસ્થાએ કરેલ આંક-૬ની પ્રાથમિક મુદ્દાની અરજીની સુનાવણી કરવા અને તે બાબતે પક્ષકારોને સાંભળીને હુકમ કરવા તેમજ ટી. અરજી નં. ૫૯૩/૯૬નું કામ ત્રીજી લેબરકોર્ટ સિવાયની અન્ય લેબર કોર્ટ સમક્ષ ચલાવવા હુકમ કરવા દાદ માંગી છે, અને ટી. અરજી નં. ૫૯૩/૯૬નું રેકર્ડ મંગાવી આંક-૧૦ની અરજી નીચે આપેલ એકતરફી દરમ્યાન મનાઈ હુકમની કાયદેસરતા તપાસી આંક-૧૦ની અરજી અને તેની નીચેનો હુકમ રદ કરવા દાદ માંગી છે. સંસ્થાએ રીવીજન અરજીમાં એવી હકીકતો જણાવી છે કે, સંસ્થાએ સામાવાળાને તા. ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના રોજ મૌખિક હુકમથી છુટા કર્યાનું જણાવી, સામાવાળા કામદારે તેમને પુનઃસ્થાપિત કરવા માટે લેબર કોર્ટ સમક્ષ ટી. અરજી નં. ૫૯૩/૯૬ દાખલ કરેલ અને તે કામમાં અરજદાર સંસ્થાને નોટીસ બજાવવામાં આવતાં અરજદાર સંસ્થાએ તા. ૨૩મી ઓકટોબર, ૧૯૯૬ના રોજ પ્રાથમિક મુદ્દાની અરજી આંક-૬ લેબરકોર્ટમાં રજુ કરી, તેમાં સામાવાળા કામદારની અરજી મુદત બહારની હોવાનું જણાવી, પ્રાથમિક મુદ્દો કાઢી તે અંગે નિર્ણય લેવા લેબર કોર્ટને વિનંતી કરેલી, પરંતુ લેબર કોર્ટના ન્યાયાધિશશ્રીએ તેના માત્ર ''રેકોર્ડેડ'' લખેલ અને પ્રાથમિક મુદ્દો કાઢવાનું ટાળી કેસમાં વખતોવખત મુદતો આપેલી, જે દરમ્યાન આંક-૬ની પ્રાથમિક મુદ્દાની અરજીનો નિકાલ થયો ન હતો અને તેની સુનાવણીમાંથી છટકવા સામાવાળાએ લેબરકોર્ટમાં અરજદાર સંસ્થાની પીઠ પાછળ આંક-૧૦ની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની ખોટી હકીકતોવાળી અરજી દાખલ કરેલી અને અરજદાર સંસ્થાની પીઠ પાછળ સંસ્થાની માલ-મીલકત-મશીનરી બાબત યથાવત સ્થિતિ જાળવી રાખવી તેવો લેબરકોર્ટનો એકતરફી હુકમ મેળવ્યો હતો, જે કાયદા વિરૂદ્ધ હોઈ, નીચેના કારણોસર આ રીવીજન અરજી દાખલ કરેલ છે.

(૧) સુરતની ત્રીજી લેબરકોર્ટના નામદાર જજ સાહેબે ટી. અરજી નં. ૫૯૩/૯૬ના કામે આંક-૧૦ની સામાવાળાની દરમ્યાન મનાઈ અરજી નીચે તા. ૮મી ઓકટોબર, ૧૯૯૭ના

રોજ અરજદારની પીઠ પાછળ આપેલ હુકમ કાયદા વિરૂદ્ધ અને સમન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ છે અને નીચલી કોર્ટે મજકુર એકતરફી હુકમ કરવામાં કાયદાની ગંભીર ભુલો કરી છે.

(૨) નીચલી કોર્ટે ટી. અરજી નં. ૫૯૩/૯૬ના કામે આંક-૧૦ની સામાવાળાની દરમ્યાન મનાઈ અરજી નીચે અરજદાર સંસ્થાની માલ મીલકત મશીનરી બાબેતે યથાવત સ્થિતિ જાળવી રાખવા માટે કરેલ એકતરફી હુકમ કરવા માટેના સવિસ્તર કારણો તથા ફરજીયાત સંજોગોનો ઉલ્લેખ મજકુર હુકમમાં નહિ કરવાથી કાયદાની ગંભીર ભુલો કરી છે.

(૩) નીચલી કોર્ટ સમક્ષની ટી. અરજી નં. ૫૯૩/૯૬ના કામે અરજદારીની આંક-૬ની તા. ૨૩મી ઓકટોબર, ૧૯૯૬ની અરજીમાં સામાવાળાની બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ એકટની કલમ-૭૮ તથા ૭૯ હેઠળ નામદાર લેબરકોર્ટને કરેલ મુખ્ય અરજી મુદત બહાર હતી તેવી પ્રાથમિક મુદ્દાની આંક-૬ની અરજી આંક-૧૦ નીચે નીચલી કોર્ટે તા. ૮મી ઓકટોબર, ૧૯૯૭ના રોજ અરજદાર વિરૂદ્ધ એકતરફી હુકમ કર્યો ત્યારે નીચલી કોર્ટમાં પેન્ડીંગ યાને ચાલુ હતી અને આંક-૬ની અરજીનો નિકાલ થયો ન હતો અને જ્યારે સામાવાળાની મુખ્ય અરજી મુદત બહાર હોવાથી આંક-૧૦ની દરમ્યાન અરજી નિરર્થક અને 'રદબાતલ ગણાય તેવો કાયદાનો સ્વીકૃત અને ન્યાયીક શીસ્તને અવગણીને સામાવાળાની આંક-૧૦ની દરમ્યાન અરજી નીચે અરજદારની પીઠ પાછળ સંસ્થાની માલ મીલકત મશીનરી બાબતે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો એકતરફી હુકમ કરવામાં નીચલી કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરી છે.

(૪) નીચલી કોર્ટ કમક્ષની ટી. અરજી નં. ૫૯૩/૯૬ના કામે સામાવાળાની આંક-૧૦ની દરમ્યાન મનાઈ અરજી તા. ૮મી ઓકટોબર, ૧૯૯૭ના રોજ નીચલી કોર્ટમાં અરજદારની પીઠપાછળ ફાઈલ કરવામાં આવી તે પહેલાં અરજદારની સામાવાળાની બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ એકટની કલમ-૭૮ તથા ૭૯ હેઠળ કેરલ મુખ્ય અરજી મુદત બહાર હતી તેવી પ્રાથમિક મુદ્દાની આંક-૬ની અરજી તા. ૨૩મી ઓકટોબર, ૧૯૯૬ના રોજ ફાઈલ કરવામાં આવેલી અને સામાવાળાની આંક-૧૦ની દરમ્યાન મનાઈ અરજી તા. ૮મી ઓકટોબર, ૧૯૯૭ના રોજ નીચલી કોર્ટમાં ફાઈલ કરવામાં આવી ત્યારે અરજદારની આંક-૬ની ઉપર જણાવેલ પ્રાથમિક મુદ્દાની અરજી નીચલી કોર્ટમાં ચાલુ અને પેન્ડીંગ હતી અને તેથી અરજદારની આંક-૬ની પ્રાથમિક મુદ્દાની અરજીનો નિકાલ કર્યા વિના સામાવાળાની આંક-૧૦ની દરમ્યાન મનાઈ અરજી નીચે નીચલી કોર્ટ અરજદારની પીઠ પાછળ એકતરફી હુકમ કરી શકે નહિ, કારણ અરજદારની આંક-૬ની પ્રાથમિક મુદ્દાની અરજી સામાવાળાની આંક-૧૦ની દરમ્યાન મનાઈ અરજી પહેલા ફાઈલ કરવામાં આવેલ અને તેથી અગ્રતા ક્રમમાં અરજદારની આંક-૬ની અરજી પ્રથમ હોવાથી તેનો પક્ષકારોને સાંભળીને નિકાલ

કર્યા વિના સામાવાળાની આંક-૧૦ની દરમ્યાન મનાઈ અરજી નીચે એકતરફી હુકમ કરવામાં નીચલી કોર્ટે ન્યાયીક શીસ્તનું ઉલ્લંઘન કર્યું છે અને તેમ કરીને કાયદાની ગંભીર ભુલ કરી છે.

(૫) નીચલી કોર્ટ સમક્ષની ટી. અરજી નં. ૫૯૩/૯૬ના કામે સામાવાળની આંક-૧૦ની દરમ્યાન મનાઈ અરજી નીચે એકતરફી દરમ્યાન મનાઈ હુકમ કરતા પહેલા અરજદારની આંક-૬ની પ્રાથમિક મુદ્દાની અરજીની સુનાવણી નહી કરવામાં અને તે આંક-૬ની અરજી બાબતે નિર્ણય નહી કરવામાં નીચલી કોર્ટે લેબર કોર્ટસ (પ્રેક્ટીસ એન્ડ પ્રોસીજર) રુલ્સના રુલ-૧૭નું ઉલ્લંઘન કર્યું છે અને તેથી નીચલી કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરી છે.

(૬) નીચલી કોર્ટ સમક્ષની ટી. અરજી નં. ૫૯૩/૯૬ના કામે અરજદારની આંક-૬ની પ્રાથમિક મુદ્દાની એક વર્ષથી પેન્ડીંગ અરજીનો પક્ષકારોને સાંભળીને આંક-૧૦ની દરમ્યાન મનાઇ અરજી તા. ૮મી ઓકટોબર, ૧૯૯૭ના રોજ રજુ થઇ તે પહેલાં આંક-૬ અંગે નિર્ણય કરવો જોઇતો હતો અને તેમ નહી કરીને નીચલી કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરી છે.

(૭) નીચલી કોર્ટ સમક્ષની ટી. અરજી નં. ૫૯૩/૯૬ના કામે સામાવાળાએ બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ એકટની કલમ-૭૮ તથા ૭૯ નીચે કરેલ સામાવાળાની મુખ્ય અરજી મુદત બહાર હોવાથી તે કેસમાં સામાવાળાની આંક-૧૦ની દરમ્યાન મનાઈ અરજી ચલાવવાની નીચલી કોર્ટને હકુમત નથી અને તેથી સામાવાળની આંક-૧૦ની દરમ્યાન મનાઈ અરજી શરૂઆતથી જ કાયદામાં રદબાતલ અને નિરર્થક યાને નલ એન્ડ વોઈડ એબઇનીશ્યો હોવાથી આંક-૧૦ નીચે એકતરફી દરમ્યાન મનાઈ હુકમ કરવામાં નીચલી કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરી છે.

૨. આ કામના સામાવાળા કામદારને નોટીસ કાઢવામાં આવતાં તે તેમના એડવોકેટશ્રી અશોકબાઈ ઈંટવાળા મારફતે અદાલંત સમક્ષ હાજર થયેલા. આ કામમાં નીચલી અદાલતનું ટી. અરજી નં. ૫૯૩/૯૬નું રેકર્ડ મંગાવવામાં આવેલ છે, જે આ કામમાં સામેલ છે.

૩. આ કામ સુનાવણી પર આ અદાલત સમક્ષ આવ્યું ત્યારે આંક-૧૦નો નીચલી અદાલતનો હુકમ શી રીતે કાયદાની જોગવાઈ વિરૂદ્ધ છે તે અંગે રજુઆત કરવા માટે અરજદાર તરફથી જાતે કે કોઇ અન્ય મારફત હાજર થઇ કોઇ રજુઆત કરવામાં આવી નથી. રેકર્ડ જોતાં મજુર અદાલતે આંક-૧૦ની અરજી સુનાવણી પર રાખી છે અને સુનાવણી માટે કારણદર્શક નોટીસ બજાવવામાં હુકમ કરેલ છે અને એડ ઈન્ટ્રીમ તબક્કે મનાઈ હુકમ આપવાના બદલે માલ-મીલકત-મશીનરી બાબત સામાવાળાએ યથાવત પરિસ્થિતિ જાળવી રાખવી તેવો હુકમ કરેલ છે. એ બાબત નોંધપાત્ર છે કે, આ નોટીસ બજી ગયા પછી પણ

અરજદાર સંસ્થાએ તે કામમાં સામાવાળા તરીકે આ અરજીની સુનાવણી થઇ જાય એ તરત જ નિકાલ થઇ જાય તે માટે કોઇ જ રજુઆત કરેલ નથી કે તેમનો વાંધો પણ રજુ કરેલ નથી, તેના બદલે તેમણે સુનાવણી તા. ૧૫મી ઓકટોબર, ૧૯૯૭ના રોજ જવાબ રજુ કરવા માટે દાદ માંગી છે અને ત્યારપછી પણ સદરહુ કેસનું રોજકામ જોતાં તે પછીની મુદતે કોઇપણ જવાબ રજુ કેરલ નથી. જ્યારે નીચલી અદાલત સમક્ષ એડ ઈન્ટ્રીમ ઓર્ડર સામે વાંધો હોય ત્યોર પ્રથમ તે અદાલતમાં વાંધા રજુ કરી, તે અંગે અદાલત નિર્ણય આપે અને તે નિર્ણય કાયદાની જોગવાઈ વિરૂદ્ધ હોય તો તેવા હુકમ સામે આ અદાલતમાં કલમ-૮૫ હેઠળ પાવર ઓફ સુપ્રીટેન્ડન્ટસનો ઉપયોગ કરવા કોઇપણ પક્ષકાર અરજી ગાખલ કરી શકે છે, પરંતુ જ્યારે કોઇ અરજી ઉપર નિર્ણય લેતો હુકમ કરવામાં આવ્યો ન હોય ત્યારે તે હુકમની કાયદેસરતા તપાસવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાનું કહી શકાય નહિ. આ બાબતે અરજદાર સંસ્થાના વકીલશ્રીની કોઇ રજુઆત નથી અને સુનાવણી વખતે હાજર રહી કાયદાના કોઇ મુદ્દાઓ કે તે અંગેના આધારો અરજદાર સંસ્થા રજુ કરતી નથી, તે સંજોગોમાં આ રીવીજન અરજી મંજુર થવા પાત્ર હોવાનું જણાતું નથી.

ઉપરોકત કારણોસર આ કામમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આ રીવીજન અરજી આથી રદ્દ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક ન્યાયપંચ,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

I-L-2

[PART I—L]

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 1, *Gujarat Government Gazette,* Part I—L, dated 2nd January, 2003 and for pages BHV-1 to BHV-494 (in 1 set) *read* page Nos. 6 to 499.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલના અંક ૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના બીએચવી-૧ થી બીએચવી-૪૯૪ (૧ બંચમાં) ને પાન નંબર ૬ થી ૪૯૯ વાંચવા.

Vadodara, 2nd, January 2003.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ- ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એસએચએમસી-૩૩૧૩૭/પ. પ -આઈડીઆર-એજે.૪૪/૨૦૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર બાયોકેમ ફાર્માસ્યુટીકલ્સ ઈન્ડ., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક/કે.એચ.આર. ૨૬૦/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦,૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭-ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર ૨-અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

પરિશિષ્ટ

૧. તા. ૨૨-૨-૨૦૦૦ના નોટીસથી તા. ૨૩/૫/૨૦૦૦ના રોજથી બાયોકેમ ફાર્માસ્યુટીકલ ઈન્ડ નું. અમદાવાદ ખાતેનું યુનીટ બંધ કરવાનું પરંતુ આઈ.ડી.એકટની કલમ ૨૫(બી) અને અન્ય આજ્ઞાત્મક જોગવાઈઓ વિરૂધ્ધનું છે કે કેમ ? અને તા. ૨૩/૫/૨૦૦૦ના હુકમથી કામદારોને છૂટા કરવાનું છટણીકરવાનું પરંતુ આઈ.ડી.એકટની જોગવાઈઓના ભંગનું છે કે કેમ? અને પરિશિષ્ટમાં જણાવેલ કામદારો પહેલા દિવસોના પગાર ભથ્થા અને અન્ય તમામ સંબંધિત લાભો અને નોકરીના સાતત્ય સહીત પુનઃ સ્થાપિતના હક્કદાર છે કે કેમ ?

૨. તા. ૨૩/૫/૨૦૦૦ના રોજથી બાયોકેમ ફાર્મા. ઈન્ડ. અમદાવાદ ખાતેનું યુનીટ બંધ કરવાનું પગલું આઈ.ડી. એકટની કલમ ૨૫(ઓ)ની વિરૂધ્ધનું છે. કે કેમ ? પરિશિષ્ટમાં જણાવેલ ૫૧ કામદારોને છટણી કરવાનું પરંતુ કલમ ૨૫ (એન)ની જોગવાઈઓના ભંગ કરે છે. આથી પરિશિષ્ટમાં જણાવેલ કામદારો પ્રતિમાસ તેમજ કારણોસર તેઓની ફરજ પર લેવામાં આવે ત્યાં સુધી તેઓના નિયમીત પ્રતિમાસ પગાર મેળવવા હક્કદાર છે કે કેમ ?

અમદાવાદ તા. ૫/૧૨/૨૦૦૦

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

જે—૧૧૦—૧

મજૂર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કે.એચ.-એસએચએમસી-૩૩૧૩૫ પ. ૫ આઈડીઆર-એ.જે. ૫૧/૯૯

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરારશ્રી અનુપ. એન્જી. લિ. અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ. ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક /કે.એચ.આર. ૨૬૦/ આઈડીએ/૧૦૭૮/૧૧૬૮૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ(૧) અને કલમ-૧૨ની પેટા કલમ(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯,૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭-ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર ૭ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

સંસ્થાની તા. ૨૨/૩/૯૯ની નોટીસ રદ કરવી જોઈએ કે કેમ ?

અમદાવાદ, તા. ૬/૧૨/૨૦૦૦

(સંજય પ્રસાદ)
મજૂર કમિશ્નર
ગુજરાત રાજ્ય અમદાવાદ

મજૂર કમિશનરે દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક:કે.એચ.એસએચએમસી/૩૩૧૩૬/પ. ૫-આઈડીઆર-એ.જે./૭૮-૯૯.

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રોનક સીરામીક્સ ઈન્ડ. લિ. મહેસાણા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક:કે.એચ.આર/૨૬૦/આઈ.ડી. એ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજૂર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મજૂર કમિશનર અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર ૧ અમદાવાદને સદરહૂ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

૧. મુળ પગાર ધોરણ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને હાલ મળતા મુળ પગારમાં રૂા. ૫૦૦નો પગાર વધારો કરી નીચે જણાવેલ ચાર કેટેગરીમાં વર્ગીકરણ કરી કેટેગરીની સામે દર્શાવ્યા મુજબનો મુળ પગારમાં જેને પગારમાં સ્ટેપમાં આવતા હોય તે સ્ટેપમાં મુકી તા. ૧/૭/૯૮થી મુળ પગાર તરીકે દર મહીને આપવા જોઈએ કે કેમ?

હાઈસ્કીલ્ડ :	૨૫૦૦-૫૦-૨૭૫૦-૭૫-૩૧૨૫-૧૦૦-૩૬૨૫-૧૨૫-૪૨૫૦
સ્કીલ :	૧૮૦૦-૩૦-૧૯૫૦-૪૦-૨૧૫૦-૫૦-૨૪૦૦-૬૦-૨૭૦૦.
સેમીસ્કીલ્ડ :	૧૫૦૦-૨૦-૧૬૦૦-૨૫-૧૭૨૫-૩૦-૧૮૭૫-૩૫-૨૦૫૦.
અનસ્કીલ્ડ :	૧૨૦૦-૧૫-૧૨૭૫-૨૦-૧૩૭૫-૨૫-૧૫૦૦-૩૦-૧૬૫૦.

અમદાવાદ તા. ૬—૧૨—૨૦૦૨

(સંજય પ્રસાદ)
મજુર કમિશનર
ગુજરાત રાજ્ય અમદાવાદ.

INDEX

નોંધ : ઉપરોક્ત ગ્રેડમાં વર્ગીકરણ કરવા યુનિયન સાથે બેસીને નકકી કરવું જોઈએ કે કેમ?

૨. મોંઘવારી ભથ્થાઓ :

અ : સ્થાયી મોંઘવારી :

સંસ્થામાં કામ કરતા કામદારોને તેમના મુળ પગાર ઉપરાંત માસિક રૂ. ૫૦૦ સ્થાયી મોંઘવારી તરીકે દર મહીને આપવી જોઈએ કે કેમ?

બ:- વેરીએબલ મોંઘવારી :—

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તેમના મુળ પગાર ઉપરાંત ઓલ ઈન્ડીયા કન્ઝ્યુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ ૧૯૬૦-૧૦૦ પાયાનો બેઝ ગણી ૪૫૦ પોઈન્ટ પ્રત્યેક પોઈન્ટ દીઠ રૂ.૧/૫૦ લેખે ગણતરી કરી જે થાય તે વેરીએબલ ડી.એ. તરીકે ૧/૭/૯૮ થી દર મહીને આપવું જોઈએ કે કેમ?

૩. અન્ય એલાઉન્સ :

એ : મકાન ભાડું :—

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂ.૬૦૦ મકાનભાડા તરીકે દર મહીને આપવા જોઈએ કે કેમ?

બી : કન્વેયન્સ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂ. ૩૦૦ કન્વયેન્સ એલાઉન્સ તરીકે દર મહીને આપવા જોઈએ કે કેમ?

સી : મેડીકલ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને રૂ. ૩૦૦ માસિક મેડીકલ એલાઉન્સ તરીકે દર મહીને ચુકવી આપવી જોઈએ કે કેમ?

ડી. : હઝાડર્સ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂ. ૨૦૦/- હઝાડર્સ એલાઉન્સ તરીકે દર મહીને ચુકવી આપવા જોઈએ કે કેમ?

ઈ: ટી એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૧૦૦/- ટી એલાઉન્સ તરીકે ચુકવી આપવા જોઈએ કે કેમ ?

એફ : વોશીંગ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૭૫/- વોશીંગ એલાઉન્સ તરીકે દર મહીને ચુકવી આપવા જોઈએ કે કેમ ?

જી: એલ. ટી. સી. :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે રૂા. ૨,૦૦૦ એલ. ટી. સી. તરીકે ચુકવી આપવા જોઈએ કે કેમ ?

૪. રજાઓ :

એ. કેજ્યુઅલ રજા :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસનાં પૂરા પગારની કેજ્યુઅલ રજાઓ આપવી જોઈએ કે કેમ ?

બી. તહેવારી રજા :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસના પૂરા પગારની તહેવારની રજાઓ આપવી અને આ તહેવારીની રજાઓ યુનિયન સાથે બેસીને નક્કી કરવી જોઈએ કે કેમ ?

સી. હક્ક રજા :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૩૦ દિવસની પૂરા પગારની હક્ક રજાઓ આપવી જોઈએ કે કેમ ?

ડી. માંદગીની રજા :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે પંદર દિવસના પૂરા અથવા ૩૦ દિવસના અડધા પગારે માંદગીની રજા આપવી જોઈએ કે કેમ ?

INDEX

ઈ. અકસ્માતની રજા :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને જ્યારે ફરજ દરમ્યાન અકસ્માત થાય ત્યારે અકસ્માતના સારવાર દરમ્યાનની તમામ દિવસોનો પૂરેપૂરો પગાર અકસ્માતની રજા તરીકે ચુકવી આપવી અને ઘેરથી નીકળી કંપની સુધી અને કંપનીમાંથી ઘરે જવાના પીરીયડને ફરજ ઉપરનો એક ભાગ તરીકે ગણવો જોઈએ કે કેમ ?

૫. યુનિફોર્મ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને નીચે મુજબ દર વર્ષે યુનિફોર્મ આપવો જોઈએ કે કેમ ?

(૧) દર વર્ષે ત્રણ જોડી પેન્ટ અને ત્રણ શર્ટ ટેરીકોટનના આપવા જોઈએ કે કેમ?
(૨) દર વર્ષે બે જોડી ચામડાના બુટ આપવા જોઈએ કે કેમ ?
(૩) દર વર્ષે એક ગરમ જર્શી આપવી જોઈએ કે કેમ ?
(૪) દર વર્ષે એક છત્રી અથવા રેઈનકોટ આપવો જોઈએ કે કેમ ?

૬. ટ્રેડ યુનિયન સુવિધા :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોના આગેવાન પ્રતિનિધિઓને યુનિયન તરફથી યોજવામાં આવતી મીટીંગોમાં સેમીનારમાં કામદાર શિક્ષણ વર્ગ તથા શીબીરમાં ભાગ લેવા માટેના તમામ દિવસોનો પૂરેપૂરો પગાર સ્પે. રજા તરીકે ગણી આપવો. તથા સેમીનાર શીબીર મીટીંગ કામદાર શિક્ષણ વર્ગ વગેરેમાં જવા આવવાનો તમામ મુસાફરી ખર્ચ તથા હોલ્ટીંગ આપવો જોઈએ કે કેમ ?

૭. ચેક ઓફ સિસ્ટમ :

સંસ્થામાં કામ કરતા જે કામદારો કર્મચારીઓ ગુજરાત કામગાર પંચાયતનું ઓથોરાઈઝેશન આપે તેવા કામદારો-કર્મચારીઓના પગાર, બોનસ તફાવતની રકમમાંથી યુનિયન તરફથી જ્યારે જ્યારે લવાજમ ફાળો તથા ડોનેશનો પત્ર લખવામાં આવે ત્યારે આ લવાજમ કે ફાળો કપાત કરી યુનિયનને કપાત કર્યાના સાત દિવસની અંદર એકાઉન્ટ પે ચેક કે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા મોકલી આપવી જોઈએ કે કેમ ?.

૮. ચાલુ લાભો :

ઉપરોકત માંગણીઓ સિવાય જે લાભો મળે છે તે તમામ લાભો ચાલુ રાખવા જોઈએ કે કેમ ?

૯. ઉપરોકત જણાવેલી તમામ માંગણીઓનો અમલ તા. ૧-૭-૯૮થી કરવો જોઈએ કેમ?

(સંજયપ્રસાદ)
મજુર કમિશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજૂર કમિશનર દ્વારા

હૂકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક:કે.એચ.એસ.એચ.એમ.સી./૩૩૧૩૮/૫.૫ -આઈડીઆર/એ.જે./એમ/૧૬/૨૦૦૦.

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મોનીટોન સીક્યોરીટી પ્રા.લી. અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક:કે.એચ.આર./૨૬૦/આઈડીએ. ૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર અનુસુચિ-૨ની આઈટમ નં. અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજૂર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં,ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું મજૂર કમિશનર અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર ૬ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છૂં.

અનુસુચિ

'પરિશિષ્ટ

(૧) સંસ્થામાં કામ કરતા દરેક કામદારને સને ૧૯૯૮-૯૯ના વર્ષનું ૨૦ ટકા બોનસ આપવું જોઈએ કે કેમ?

(૨) દિવાળીના તહેવાર પહેલા રૂા. ૨,૦૦૦ ફેસ્ટીવલ એડવાન્સ આપવું જોઈએ કે કેમ?

(૩) તમામ કામદારોને બે પગાર દર વર્ષે એકસગ્રેસીયા બોનસ આપવું જોઈએ કે કેમ?

અમદાવાદ. તા. ૬-૧૨-૨૦૦૦.

(સંજય પ્રસાદ)
મજૂર કમિશનર,
ગુજરાત રાજ્ય અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક:કે.એચ./એસએચએમસી/૩૩૧૩૯/પ.પ -આઈડીઆર/એ.જે./૭૩/૯૯.

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સાવરકૂંડલા નગરપાલિકા સાવરકૂંડલા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક:કે.એચ.આર ૨૬૦/આઈડીએ, ૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટાકલમ(૧) કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબરને ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

નગરપાલિકામાં કામ કરતા તમામ હોદ્દાના તમામ કક્ષાના કામદારો કે જેઓને કાયમી કરવામાં આવ્યા નથી તેવા તમામ કામદારોને તેઓની કામગીરીના હોદ્દા ઉપર તેઓની દાખલ તારીખની અસરથી કાયમી કરવા અને કાયમી કામદારને મેળવાપાત્ર પગાર ભથ્થાઓ અને લાભો હકો તેઓની દાખલ તારીખની અસરથી આપવા જોઈએ કે કેમ?

અમદાવાદ તા.૬-૧૨-૨૦૦૦.

(સંજય પ્રસાદ)
મજુર કમિશનર
ગુજરાત રાજ્ય અમદાવાદ

મજૂર કમિશ્નર દ્વારા.

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક:કે.એચ.એસ.એચ.એમસી/૩૩૧૪૦/૫.૫,/આઈડીઆર/એ.જે./૮૭-૯૯.

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગ્લીસ પ્રોસેસ (ઈ) લિ.વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક:કે.એચ.આર./૨૬૦/આઈડી એ/૧૦૭૮/૧૧૮૬૨(બી(૧)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

!!પરિશિષ્ટ "

૧. પગાર વધારો :

હાલમાં મળતા મુળ પગારમાં પ્રથમ વર્ષે ૨૫/ બીજા વર્ષ રૂા. ૨૦. અને ત્રીજા વર્ષ રૂા. ૧૫ લેખે દૈનિક રોજમાં વધારો આપવો જોઈએ કે કેમ ?

૨. મોંઘવારી ભથ્થાં :

હાલમાં કામદારોને મોંઘવારી ભથ્થું મળતું ન હોઈ અમદાવાદ ટેક્ષટાઈલ મુજબ ૧૦૦ ટકા ડી. એ. આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૬--૧૨--૨૦૦૦

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર
ગુજરાત રાજ્ય અમદાવાદ.

જે--૧૧૦--૨

INDEX

૩. ઘરભાડા ભથ્થું.

હાલમાં મળતા ઘરભાડા ભથ્થામાં મુળ પગાર વતા ડી. એ. ના ૩૦ ટકા લેખે વધારો આપવો જોઈએ કે કેમ ?

૪. ધોલાઈ ભથ્થું :

હાલમાં કામદારોને મળતા માસિક રૂા. ૫૦ વોશીંગ એલાઉન્સમાં માસિક રૂા. ૧૫૦નો વધારો આપવો જોઈએ કે કેમ ?

૫. કન્વેયન્સ એલાઉન્સ :

હાલમાં કામદારોને મળતા દૈનિક રૂા. ૭/- કન્વેયન્સ એલાઉન્સમાં પ્રથમ વર્ષે રૂા.૧૦/-, બીજા વર્ષે રૂા. ૮/-, ત્રીજા વર્ષે રૂા. ૬/- દૈનિક રોજમાં વધારો આપવો જોઈએ કે કેમ ?

૬. મેડીકલ એલાઉન્સ :

હાલ સ્ટાફ કર્મચારીને વાર્ષિક મળતા રૂા. ૩,૦૦૦/- મેડીકલ એલાઉન્સ દરેક કામદારોને પણ વર્ષના અંતે રૂા. ૩,૦૦૦/- આપવા જોઈએ કે કેમ ?

૭. હાઉસીંગ લોન :

દરેક કામદારોને મકાન ખરીદવા કે બનાવવા માટે રૂા. ૧,૮૦,૦૦૦/-સુધી સરળ હપ્તે ઓછા વ્યાજે લોન આપવી જોઈએ કે કેમ ?

૮. આકસ્મીક લોન :

દરેક કામદારોને જરૂરીયાત મુજબ રૂા. ૧૦,૦૦૦/-સુધીની વગર વ્યાજની સરળ હપ્તાની લોન આપવી જોઈએ કે કેમ ?

૯. એલ. ટી. સી. :

દરેક કામદારોને દરેક વર્ષે એક મહીનાનો કન્સોલીડેટ પગાર એલ. ટી. સી. પેટે આપવો જોઈએ કે કેમ ?

૧૦. રજાઓ :

હક્કરજા કુલ ૩૦ આપવી જોઈએ કે કેમ ?, કેજ્યુઅલ લીવ ૫ ને બદલે ૧૨ આપવી જોઈએ કે કેમ ?, સીકલીવ ૫ ને બદલે ૧૨ દિવસ આપવી જોઈએ કે કેમ ? જાહેર તહેવારોની રજા છને બદલે ૧૦ દિવસ આપવી જોઈએ કે કેમ ?

૧૧. યુનિફોર્મ :

હાલમાં કામદારોને દર વર્ષે આપાતી બે જોડી સુતરાઉ યુનિફોર્મને બદલે ૨ જોડી ટેરી કોટન યુનિફોર્મ અને સિલાઈ પેટે દરેક કામદારોને રૂા. ૪૮ રોકડાં આપવા જોઈએ કે કેમ ?

૧૨. બુટ મોજા :

દરેક કામદારને દર વર્ષે ૧ જોડી બાટાના બુટ ચોમાસા માટે રબરના બુટ' વર્કશોપ માટે સેફ્ટી બુટ તથા બે જોડી મોજા આપવા જોઈએ કે કેમ ?

૧૩. સાબુનેપકીન :

દરેક કામદારોને દર માસે ૨ નંગ લાઈફબોય સાબુ અને ૨ નંગ નીરમા સાબુ તથા ૧ નંગ ટુવાલ આપવા જોઈએ કે કેમ ?

૧૪. રેઈન શુટ જર્શી :

દરેક કામદારને દર બે વર્ષે એક રેઈનકોટ તથા એક ગરમજર્શી આપવી જોઈએ કે કેમ?

૧૫. શોર્ટ લીવ :

કામદારોને દર મહીને બે વખત ૨ કલાક શોટલીવ આપવી જોઈએ કે કેમ ?

૧૬. મૃત્યુ લાભ :

કામદારનું આકસ્મીક મોત થાય તો તેમના કુટુંબીજનોને રૂા.૧૦,૦૦૦/-ની સહાય ફંડની કંપની તરફથી આપવી જોઈએ કે કેમ ?

૧૭. તહેવાર એડવાન્સ :

કંપનીના દરેક કામદારોને તહેવાર એડવાન્સ પેટે રૂા. ૧,૦૦૦ વગર વ્યાજે વર્ષે એકવાર આપવા જોઈએ કે કેમ ?

INDEX

૧૮. ફ્રુટ ગ્રેઈન એડવાન્સ :

દરેક કામદારને દર વર્ષે ફ્રુડ ગ્રેઈન એડવાન્સ પેટે રૂા. ૨,૫૦૦/-મળવા જોઈએ કે કેમ?

૧૯. શીફ્ટ એલાઉન્સ :

શીફ્ટમાં ફરજ બજાવતા કામદારોને દૈનિક રૂા. ૫/- પ્રથમ પાળી રૂા. ૮/- બીજીપાળી ૧૦ રૂા. ત્રીજીપાળી માટે આપવા જોઈએ કે કેમ ?

૨૦. હાજરી બોનસ :

દરેક કામદારને પુરી હાજરી હોય તો ત્રણ દિવસનો પગાર એક દિવસની ગેરહાજરી હોય તો ૨ દિવસનો પગાર હાજરી બોનસ પેટે આપવા જોઈએ કે કેમ ?

૨૧. નિવૃત્તિ લાભ :

દરેક કામદારોને તેઓના કાયદેસરના હકો ઉપરાંત રૂા. ૨૫,૦૦૦/- નિવૃત્તિ લાભ પેટે આપવા જોઈએ કે કેમ ?

૨૨. કેન્ટીન એલાઉન્સ :

દરેક કામદારોને કંપની તરફથી સબસીડાઈઝ કેન્ટીનની ફેસીલીટી આપવી જોઈએ કે કેમ ? અથવા રૂા. ૩૦૦/- કેન્ટીન એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

૨૩. શૈક્ષણિક ભથ્થું :

દરેક કામદારોને બે બાળક સુધી દર માસે રૂા. ૨૦૦ શૈક્ષણિક ભથ્થું આપવું જોઈએ કે કેમ

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર
ગુજરાત રાજ્ય અમદાવાદ,

INDEX

મજુર કમિશ્નર દ્વારા

હૂકમ.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી.-૩૩૧૪૧/પ. ૫ -આઈ.ડી.આર.એ.જે.: ૯૦/૯૯

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હોટલ પ્રેસીડેન્ટ અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે.એચ.આર. ૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)/(૧) ઝ-થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.- અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર ૭ અમદાવાદને સદરહૂ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ —

"પરિશિષ્ટ મુજબ"

(સંજય પ્રસાદ.)
મજુર કમિશ્નર
ગુજરાત રાજ્ય . અમદાવાદ.

INDEX

પરિશિષ્ટ

૧. પગાર વધારા અંગે :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને હાલ મળતા પગારમાં નીચે મુજબ પગાર વધારો કરી આપવો જોઈએ કે કેમ ?

(અ) પહેલા વર્ષે ૨૫ ટકા લેખે

(બ) બીજા વર્ષે ૨૭ ટકા

(ક) ત્રીજા વર્ષે ૨૮ ટકા

૨. મોંઘવારી ભથ્થું :

ફીક્સ ડી.એ. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને લઘુત્તમ વેતન ધારાના દર અને સ્પે. એલાઉન્સ ઉપરાંત માસિક રૂા. ૭૦૦ ફીક્સ ડી.એ. આપવું જોઈએ કે કેમ ?

૩. મકાનભાડા અંગે :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૧૦૦/- મકાનભાડાના આપવા જોઈએ કે કેમ ?

૪. રજાઓ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને નીચે મુજબની રજાઓ ભરપગારે આપવી જોઈએ કે કેમ ?

(અ) દર વર્ષે ૩૦ દિવસની હક્કરજા.

(બ) દર વર્ષે ૧૫ દિવસની કેજ્યુઅલ રજા

(ક) દર વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા

(ડ) દર વર્ષે ૧૦ દિવસની તહેવારની રજા.

INDEX

૫. સર્વીસ ચાર્જ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને ૧૫ ટકા લેખે સર્વીસ ચાર્જના સરખા ભાગે વહેંચવા જોઈએ કે કેમ ?

૬. લોન :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને નીચે મુજબની વગર વ્યાજની લોન આપવી જોઈએ કે કેમ ?

(અ) જે કામદાર પાંચ વર્ષથી વધુ નોકરી કરી હોય તેને રૂા. ૭,૦૦૦ સુધીની લોન.

(બ) જે કામદારે પાંચ વર્ષથી ઓછી નોકરી કરી હોય તેને રૂા. ૫,૦૦૦ સુધીની લોન.

૭. યુનિયનનો ફાળો અને લવાજમ :

ઉપરોક્ત માંગણીઓમાં સમાધાન થાય કે એવોર્ડ આવે અને તેમાંથી કામદારોને જે માસિક પગાર વધારો કે અન્ય લાભો મળે તેમાંથી એક માસનો વધારો અથવા ૧૫ ટકા લેખેની રકમ તેમજ પગારમાંથી માસિક રૂા. ૧૦/- લેખે ચેક મારફતે યુનિયનને મોકલી આપવી જોઈએ કે કેમ ?

૮. અમલ :

ઉપરોક્ત માંગણીઓનો અમલ તા. ૧-૧-૯૯થી કરવો જોઈએ કે કેમ ?

(સંજય પ્રસાદ.)
મજુર કમિશ્નર
ગુજરાત રાજ્ય અમદાવાદ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક : કે. એચ./એચ.એસ.એમ.સી./સી/૫૩૬૬/ઔ. વિ. રે./૨૨૮/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ દિપક વેજીટેબલ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ લી. માણાવદર અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે.એચ. આર./૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨/(બી) (૨) ઝ-થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭(સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ, આથી મજુર અદાલત જુનાગઢને સદરહું વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ :—

"આ સાથેના પરિશિષ્ટ મુજબ"

હાલમાં મળતાં પ્રોડક્શન ઈન્સેનટીવની રકમમાં નીચે મુજબ તારીખ ૧-૧૨-૯૫ થી વધારો કરી આપવો કે કેમ ?

વનસ્પતિ ઉત્પાદન (દૈનિક) મેટ્રીક ટનમાં	પ્રોડક્શન ઈન્સેન્ટીવનો દર
(૧) દૈનિક વનસ્પતિ ૧ મે. ટનથી ૨૫ મે. ટન સુધી આવે ત્યાં સુધી	કંઈ નહીં.

(૨)	૨૫ મે. ટનથી વધુ અને ૩૦ મે. ટન સુધી (૨૫ મે. ટનથી જેટલા વધુ મે. ટન હોય તે માટે પરંતુ ૩૦ મે. ટન સુધી.	૧૦૦/- રૂપિયા.
(૩)	૩૦ મે. ટનથી વધુ અને ૩૫ મે. ટન સુધી (૩૦ મે. ટનથી જેટલા વધુ મે. ટન હોય તે માટે પરંતુ ૩૫ મે. ટન સુધી)	૧૧૦/- રૂપિયા.
(૪)	૩૫ મે. ટનથી વધુ અને ૪૦ મે. ટન સુધી (૩૫ મે. ટનથી જેટલા વધુ મે. ટન હોય તે માટે પરંતુ ૪૦ મે. ટન સુધી)	૧૨૦/- રૂપિયા.
(૫)	૪૦ મે. ટનથી વધુ અને ૪૫ મે. ટન સુધી (૪૦ મે. ટનથી જેટલા વધુ મે. ટન હોય તે માટે પરંતુ ૪૫ મે. ટન સુધી.)	૧૩૦/- રૂપિયા.
(૬)	૪૫ મે. ટનથી વધુ અને ૫૦ મે. ટન હોય (૪૫ મે. ટનથી જેટલા વધુ મે. ટન હોય તે માટે પરંતુ ૫૦ મે. ટન સુધી.)	૧૩૫/- રૂપિયા.
(૭)	૫૦ મે. ટન થી જેટલા વધુ મે. ટન હોય તે માટે	૧૪૫/- રૂપિયા.

સ્થળ રાજકોટ
તારીખ : ૫-૧૨-૨૦૦૦

નાયબ મજૂર કમિશ્નર
રાજકોટ.

INDEX

નાયબ મજૂર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક : કે.એચ./એચ.એસ.એમ./સી/૫૩૬૯/ઔ.વિ.રે/૫૧૧૬/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) કાર્યપાલક ઈજનેરશ્રી રાજકોટ (૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જૂનાગઢ અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./૨૬/આઈ.ડી.એ/૧૦૭૮/૧૧૮૪૨(બી)(૨) ૩ થી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ—૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજૂર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ આથી મજૂર અદાલત જૂનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભીખુ ગોરધન મુલાસિયા વર્કચાર્જ મિકેનીકને રેગ્યુલર પેફીકસેસન થવા તથા કાયમી કર્મચારીને મળતા લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ તા. ૧૬/૧૨/૨૦૦૦

નાયબ મજૂર કમિશ્નર
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

—

નાયબ મજૂર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ./એચ.એસ.એમ./સી./૫૩૭૦/ઔ.વિ.રે/૫૫૫/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ માણાવદર મ્યુનિસિપલ બરો, માણાવદર અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકાર-ના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક : કે.એચ.આર./ ૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૪(બી)(૨) ઝ થી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રૂએ હું મજૂર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ, આથી મજૂર અદાલત જૂનાગઢને સદરહુ વિવાદનો ન્યાયનિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રવુભા દોલુભા ચુડાસમાને તા. ૫-૪-૯૭થી કાયમી કરી કાયમી કર્મચારી તરીકેના તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ તા. ૧૬-૧૨-૨૦૦૦

નાયબ મજૂર કમિશ્નર
સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ

INDEX

નાયબ મજુર કમિશ્નર, દ્વારા.

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક:કે.એચ./એચ.એસ.એમ.સી./૧૩૭૧/ઔ.વિ.ર/૧૧૧૪/૦૦.

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે, છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ગુજરાત કૃષિ યુનિવર્સિટી, મોતીબાગ, જુનાગઢ અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./૨૯/આઈડીએ/૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)ઝ થી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૧ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે સોંપી મોકલું છું.

અનુસૂચિ

(૧) શ્રી મનોજ લખમણ વાટીવાતર (૨) મકવાણા પ્રવિણ કરશન તથા (૩) હસમુખ કેશવ દોશીને ૨૪૦ દિવસ પૂરા થયા હોય ત્યારથી કાયમી કરી, કાયમીના તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ?

રાજકોટ, તા. ૧૬-૧૨-૨૦૦૦.

નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ. રાજકોટ

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા
હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક:કે.એચ./એચ.એસ.અમ./સી./૫૩૭૨/ઔ.વિ.રે./૫૫૫૩/૨૦૦૦.

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે, કે સામે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) જીલ્લા પંચાયત આરોગ્ય અધિકારીશ્રી, જૂનાગઢ (૨) મેડીકલ ઓફીસરશ્રી કોમ્યુનીટી સેન્ટર મુ. સાસણગીર તા. તાલાલા અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચઆર./૨૬/આઈડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)ઝ થી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ(૧૨) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નાસીરખાન શેરખાન બાબીને જ્યારથી ૨૪૦ દિવસ પુરા કર્યા હોય ત્યારથી કાયમી કરવા જોઈએ કે કેમ? તથા કાયમી કર્મચારીને મળતા તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ?

રાજકોટ, તા. ૧૬-૧૨-૨૦૦૦.

નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક:કે.એચ./એચ.એસ.એમ.સી./૫૩૭૩/ઔ.વિ.ર./૫૫૨/૨૦૦૦.

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ (૨) રેન્જ ફોરેસ્ટ ઓફીસ-વેરાવળ અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક:કે.એચ.આર./૨૬/આઈડીએ./૧૦૭૮/૧૧૮૫૨(બી(૨)ઝ થી સંદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સૂપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રૂડા રામા ચાવડા હાલ બોખરાવાડીને જ્યારથી ૨૪૦ દિવસ પુરા કર્યા હોય ત્યારથી કાયમી કરી, કાયમીના તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ?

રાજકોટ તા. ૧૬-૧૨-૨૦૦૦.

નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ.રાજકોટ

———

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક:કે.એચ./એચ.એસ.એમ.પી./૫૩૭૪/ઔ.વિ.ઁ./૧૧૫૮/૨૦૦૦.

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી રાજુલા નગરપાલીકા રાજુલા, જી. અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./ ૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨) થી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ૧૨(૪) તથા કલમ૧૨(૫) હેઠળની સત્તા ઓ(સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રામભાઈ જીણાભાઈ ગોહિલને તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી મોટર ઓપરેટર તરીકે કાયમી કરવા જોઈએ કે કેમ? અને કાયમી કર્મચારીને મળતા પગાર-ભથ્થા તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ?

રાજકોટ, તા. ૧૬-૧૨-૨૦૦૦.

નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

જે-૧૧૦-૪

INDEX

નાયબ મજુર કમિશ્નર, દ્વારા.

હુકમ.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે. એચ./એચ.એસ. એમ./લી./૫૩૭૫/ઓ.વિ.ઈ./ઘણ૭/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો રાગે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી રાજુલા નગરપાલીકા, રાજુલા જિ. અમરેલી. અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે ઓદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના કામ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે. એચ.આર./ ૨૬ /આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮ગ૨/(બી) (૨) ઝ-થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ ૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઓદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૦(૧)થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ, આથી ઓદ્યોગિક ન્યાયપંચ-ભાવનગરને સદરહું વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ.

શ્રી રમેશભાઈ વીરાભાઈ સોલંકી તથા શ્રી ભરતભાઈ નારણભાઈ વાળાને તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી કાયમી કરવા જોઈએ કે કેમ ? તેમજ સેનીટેશન સુપરવાઈઝર તરીકે કાયમી કર્મચારીને મળતા પગાર ભથ્થાં તથા અન્ય લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ. તા. ૧૬-૧૨-૨૦૦૦

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે. એચ./એચ.એસ. એમ./સી./૫૩૭૬/ઔ.વિ.રે./૬૦૩/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી વિસ્તરણ રેશોદ અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે. એચ.આર./૨૬ /આઈ.ડીએ./૧૦૭૮/૧૧૮૫૨/(બી) (૨) ઝ-થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ ૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર કચ્છ રાજકોટ, આથી મજૂર અદાલત જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ.

શ્રી ડાયા દેવદાનભાઈએ સંસ્થામાં જ્યારથી ૨૪૦ દિવસ પૂરા કરેલ હોય, ત્યારથી કાયમી કરી, ચોથા વર્ગના કાયમી કર્મચારીઓને મળતા લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

તા. ૧૬-૧૨-૨૦૦૦

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા.

હુકમ.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક : કે. એચ./એચ. એલ. એમ. સી./૫૩૭૭/ઔ. વિ. રે./૬૦૨/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી વિસ્તરણ રેન્જ જુનાગઢ (૨) નાયબ વન સંરક્ષકશ્રી વિસ્તરણ રેન્જ જુનાગઢ અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકાર ના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે.એચ.આર.-/૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨/(બી)-(૨)-ઝથી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯, ૧૦ તથા ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી મજુર અદાલત જુનાગઢને સદરહું વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ.

જયાબેન જીણાભાઈ તથા રાણીબેન માલદેભાઈને કાયમી કરી, કાયમી કર્મચારીઓને મળતા પગાર ગ્રેડ જેવા લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ તા. ૧૬-૧૨-૨૦૦૦

નાયબ મજુર કમિશ્નર
સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા.

હુકમ.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક : કે. એચ./એચ. એસ. એમ. સી./૫૩૭૮/ઔ. વિ. રે./૬૦૧/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) ચેરમેનશ્રી મોસ્ક મકબરા સમીતી (શ્રી નાયબ કલેકટર) નાયબ કલેકટરની કચેરી જુનાગઢ (૨) વહીવટદારશ્રી (શ્રી મામલતદાર) મોસ્ક મકબરા સમીતી મામલતદાર કચેરી જુનાગઢ અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે. એચ.આર./૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨/(બી)-(૨)-થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯. ૧૦, તથા ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ આથી મજુર અદાલત જુનાગઢને સદરહું વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ.

મોસ્ક મકબરા સમીતીમાં કામ કરતા કામદારોને તારીખ ૧-૪-૧૯૯૮થી દર વરસે ૧૨ પરચુરણ રજા તથા બે મરજીયાત રજા, ૩૦ હક્કરજા તેમજ મેડીકલ એલાઉન્સ વિગેરે તમામ લાભો એરીયર્સ સહીત આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ તા. ૧૬-૧૨-૨૦૦૦

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે. એચ./એચ.એસ.એમ./સી/૧૩૭૯/ઔ. વિ. રે./૫૬૩/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ અમરેલી નગરપાલીકા, અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે. એચ.આર/૨૬/આઈ.ડીએ./૧૦૭૮/૧૧૮૧૨/(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧)થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાયપંચ-ભાવનગરને સદરહૂ વિવાદનો ન્યાયનિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ.

નીચે જણાવેલ પાંચેય કામદારોને તેમના નામ સામે દર્શાવેલ હોદ્દા ઉપર તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી કાયમી કરી, કાયમી કર્મચારીઓને મળતા પગાર ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

			દાખલ તારીખ.
(૧)	ગોરધનભાઈ ધનજીભાઈ ભીલેટા	ઈલેક્ટ્રીક મોટર ઓપરેટર	૧૧-૧૨-૮૯
(૨)	ભરત કે. ત્રિવેદી	,,	૧૭-૮-૯૦
(૩)	શ્રી અબ્દુલભાઈ ઓસમાણભાઈ શેખ	,,	૧૭-૧૨-૯૦
(૪)	શ્રી રહીમ ડી. ધંધુકીયા	,,	૧-૮-૮૪
(૫)	શ્રી જયંતિ ગોબરભાઈ ભોજવીયા	વાલ્વમેન	૧-૧૨-૯૫

રાજકોટ તા. ૧૯-૧૨-૨૦૦૦

નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

—

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ- ૧૯૪૭.

ક્રમાંક : કે. એચ./એચ.એસ.એમ./સી/૫૩૮૦/ઔ. વિ. રે./૫૬૪/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ અમરેલી નગરપાલીકા અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે. એચ.આર/૨૬/આઈ.ડીએ./૧૦૭૮/૧૧૮૫૨/(બી) (૨)-ઝ)થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯ ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧)થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાયપંચ ભાવનગરને સદરહું વિવાદનો ન્યાયનિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ.

શ્રી કાંતીલાલ દેવજીભાઈ પરમારને તેમની નોકરીમાં દાખલ થયા તારીખ ૧૨-૧૧-૯૭ થી કલાર્ક તરીકે કાયમી કરી, કાયમી કર્મચારીને મળતાં પગાર ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ. તા. ૧૯-૧૨-૨૦૦૦

નાયબ મજુર કમિશનર
સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ./એચ.એસ.એમ./સી/૫૩૮૧/ઓ.વિ.રે./૫૬૫/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે, કે સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી, અમરેલી નગરપાલીકા, અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકાર-ના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧/૪/૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક : કે.એચ.આર./૨૬/આઈ.ડી.એ/૧૦૭૮/૧૧૮૧૨(બી(૨)ઝ થી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ નો ૧૪મો) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મહેન્દ્રકુમાર બાપુભાઈ ખુમાણને તેમની નોકરીમાં દાખલ થયા તા. ૧-૫-૮૯ થી બાંધકામ સુપરવાઈઝર તરીકે કાયમી કરી, કાયમી કર્મચારીઓને મળતા પગાર, ભથ્થા તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૧૯/૧૨/૨૦૦૦

નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ./એલ.એમ.સી./૧૩૮૨/ઓ.વિ.દે/૫૬૧/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી બગસરા નગરપાલીકા, બગસરા જી. અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧/૭/૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક : કે.એચ.આર./૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(જી)(૨)ઝ થી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાય પંચ-ભાવનગર ને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસુચિ

(૧) નવનીતકુમાર ભાણજીભાઈ પરમાર (૨) કિશોરકુમાર કાળીદાસભાઈ નાંઢા (૩) રમેશ ભાઈ ભગવાનજીભાઈ ભટ્ટેશ્વરા ત્રણેય કામદારોને તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી તેમની કાયમીકરણના હોદ્દા ઉપર કાયમી, કરી, કાયમી કર્મચારીને મળતા પગારગ્રેડ, મોંઘવારી તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચૂકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૧૯/૧૨/૨૦૦૦

નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

જે—૧૧૦—૫

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ./એચ.એસ.એમ./સી/૫૩૮૩/ઔ.વિ.રે/૫૬૦/૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી અમરેલી નગરપાલીકા, અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧/૪/૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)જ થી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. : ૯,૧૦ અને ૧૧ સિવાય) ૫૦ કે તેથી ઓછા કામદારો કામે રખાતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

(૧) આ કામનાં એપેલેન્ટે (મુળ ટી. અરજી નં. ૨૨૩/૮૨માં સામાવાળા જેને હવે 'સામાવાળા સંસ્થા' તરીકે ઉલ્લેખવામાં આવે છે) આ કામના રીસ્પોન્ડન્ટ (મુળ ટી. અરજી નં. ૨૨૩/૮૨માં અરજદાર જેને હવે પછી 'અરજદાર-કામદાર' તરીકે ઉલ્લેખવામાં આવે છે) સામે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૪ હેઠળ હાલની અપીલ રજુ કરી, અરજદાર કામદારે સુરતની મજુર અદાલતમાં દાખલ કરેલ ટી. અરજી નં. ૨૨૩/૮૨ના કામમાં મજુર અદાલતે તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૦૦ના રોજ આંક-૭૩થી પસાર કરેલ હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી હોવાથી તેમજ હકીકતોની અને કાયદાકીય ભુલો હોવાથી રદ કરવા દાદ માંગી છે. અપીલમાંની હકીકતો જોતાં રીસ્પોન્ડન્ટ એટલે કે અરજદાર કામદારે સુરતની લેબર કોર્ટ સમક્ષ ટી. અરજી નં. ૨૨૩/૮૨ દાખલ કરેલ, જેમાં કંપનીએ જવાબ રજુ કરેલ અને કોર્ટ સમક્ષ તપાસ કરવા દેવા પણ અરજ કરેલી. તે કામમાં ખાતાકીય તપાસ મજુર અદાલતે આંક-૩૦ના હુકમથી કાયદેસર, વ્યાજબી તથા કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસારની ઠરાવેલી, જેની સામે અરજદારે અપીલ (આઈસી) નં. ૭/૯૨ કરેલ, તેમાં ઔદ્યોગિક અદાલતે મજુર અદાલતનો આંક-૩૦નો હુકમ રદ કરેલ અને અરજદારને પડેલા દિવસોના પગાર સહીત પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ. સદર હુકમની સામે સામાવાળા સંસ્થા તરીકે નામદાર હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં. ૧૨૪૮૭/૯૩ કરવામાં આવેલ, જેમાં નામદાર હાઈકોર્ટે ઔદ્યોગિક અદાલત તથા મજુર અદાલતના હુકમો રદ કરી, કેસ મજુર અદાલતને રીમાન્ડ બેક કરેલ હતો અને એવો આદેશ આપેલ કે, કાયદા મુજબ નવેસરથી કામ આગળ ચલાવવું તેમજ અરજદાર કામદારનું ગેરવર્તને પુરવાર કરવા મેનેજમેન્ટને તક આપવી. આ સંજોગોમાં મજુર અદાલતે સંબંધીત અરજદાર કામદાર સામે તહોમતપત્રમાં મુકવામાં આવેલ આરોપ કે જે તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૮૨ અને તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૮૨ની કારણદર્શક નોટીસોમાં જણાવેલ તે પુરવાર કરવા સામાવાળા સંસ્થાને તક આપવા કામ આગળ ચલાવેલ અને તે અંગે બન્ને પક્ષના પુરાવા પછી અરજદાર કામદારની તરફેણમાં ચુકાદો આપી, સામાવાળાએ અરજદારને

અન્ય આનુસંગીક લાભો સહીત પડેલા દિવસોના ૭૫ ટકા રકમ સહીત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા હુકમ કરેલ, તે હુકમથી નારાજ થઈ એપેલન્ટે આ અપીલ નીચેના મુદ્દાઓ રજુ કરી આ અદાલત સમક્ષ કરેલ છે.

અપીલના મુદ્દાઓ

(૧) નામદાર કોર્ટે કોર્ટ સમક્ષ થયેલ શ્રી સંજય ઝવેરચંદ જૈનની જુબાની આંક-૪૩ તથા તેમના સાક્ષી શ્રી શીતલાપ્રસાદ મથુરાપ્રસાદની જુબાની નિશાની-૬૪ તેમજ સંબંધીત કામદારને આપવામાં આવેલ તા. ૩-૧-૮૨ ની કારણદર્શક નોટીસ આંક-૪૪ તથા તા. ૫-૧-૮૨ ની કારણદર્શક નોટીસ આંક-૬૯ તથા શ્રી સંજયકુમારની લેખીત હિન્દી ભાષાની ફરીયાદો તા. ૩-૧-૮૨ આંક-૪૫ તથા તા. ૪-૧-૮૨ આંક-૪૬ ને સમગ્રપણે અને ઝીણવટથી ધ્યાનમાં લીધેલ નથી, જેથી હકીકતોની ભુલ કરેલ છે.

(૨) સંબંધીત કામદારની કોર્ટ સમક્ષની લેખીત અરજી આંક-૧ તથા કોર્ટ સમક્ષની જુબાની આંક-૬૮ માં જે વિરોધાભાસ છે તેને નજરઅંદાજ કરેલ છે અને શોકોઝ નોટીસોમાં જણાવેલ ગેરવર્તણુકો અંગે હકીકતોની ભુલ કરેલ છે.

(૩) તેઓના ગુનાની ગંભીરતાઓ પુરવાર થયેલ હોવા છતાં ગેરવર્તણુકો પુરવાર થયેલ નથી તેમ ઠરાવેલ છે, જેથી હકીકતોની ભુલ જણાઇ આવે છે.

(૪) અરજદારને જણાવવામાં આવેલ ગેરવર્તણુકો કોર્ટ સમક્ષના પુરાવાઓને આધારે પુરવાર થયેલ છે તેમ હોવા છતાં તેઓને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ છે, જે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે જે રદ થવા પાત્ર છે.

(૫) સંબંધીત કામદારની જુબાની નામદાર કોર્ટ સમક્ષ નોંધવામાં આવેલ છે, જે આંક-૬૮ છે તેમાં તેઓએ આવક મેળવવા કે નોકરી મેળવવા અંગે ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ''હું મારા ભાઇઓના કારખાને તેમનું કામ જોઉં છું. ભાઇનું ટ્રેકટર છે. હું ભાઇનું ટ્રેકટર ચલાવું છું. મેં વોચમેનની નોકરી મેળવવા કોઇ લેખીત અરજી કરેલ નથી. મેં ડ્રાયવરની નોકરી મેળવવા કોઇ લેખીત અરજી કરેલ નથી. આમ હોવા છતાં તથા આ બાબત કોર્ટ સમક્ષની કાર્યવાહીઓને લીધે આશરે ૧૮ વર્ષ સુધી લંબાઇ ગયેલ છે તેને નજરઅંદાજ કરી ૭૫ ટકા પડેલા દિવસોના પગારની રકમ ચુકવવા હુકમ કરેલ છે અને તેથી તે હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી તેમજ બન્ને પક્ષોની હકીકતોને નજરઅંદાજ કરીને કરવામાં આવેલ છે, તેમજ આ અંગેનો નિર્ણય પણ ખોટો હોય એમ જણાઇ આવે છે. આથી તે હુકમ રદ થવા પાત્ર છે.

INDEX

૨. આ કામમાં આ અદાલતે અરજદાર કામદારને નોટીસ બજાવી છે અને નીચલી અદાલતમાંથી મુળ કામનું રેકર્ડ મંગાવેલ છે, જે આ કામમાં સામેલ છે અને ધ્યાનમાં લેવામાં આવેલ છે.

૩. રીસ્પોન્ડન્ટ એટલે કે અરજદાર કામદાર તરફથી નીચલી અદાલતમાં કામ ચલાવનાર પ્રતિનિધિ શ્રી જગુભાઇ પટેલ આ કામમાં પણ હાજર થયા છે અને આંક-૧૧ ની પુરસીસ આપી તેમને લેખીતમાં વધારાની કોઇ રજુઆત કરવી નથી અને દફતરમાં છે તેનો આધાર લેવાનો છે તેવું જાહેર કરેલ છે.

૪. આ કામમાં એપેલેન્ટ તરીકે એડવોકેટશ્રી કનુભાઇ રાણાની દલીલો સાંભળવામાં આવી છે. શ્રી કનુભાઇ રાણાએ અપીલમાંની હકીકતોને આ અદાલત સમક્ષ રજુ કરતાં એવી રજુઆત કરી છે કે, ટી.અરજી નં. ૨૨૩ /૮૨ માં કામદારના કેસમાં થયેલી રજુઆતો ધ્યાનમાં લઇ અને સામાવાળાનો જવાબ તથા પુરાવા ધ્યાનમાં લઇ મજુર અદાલતે કામદાર સામેની ખાતાકીય તપાસને કાયદેસર, વ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસાર ઠરાવેલી, તેની સામે કામદાર ઉપલી અદાલતમાં ગયેલા અને ઉપલી અદાલતે ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરાવી કામદારને પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ, જેની સામે સંસ્થા હાઇકોર્ટમાં ગઇ ત્યારે નામદાર હાઇકોર્ટે કામદાર સામે ગેરવર્તણુકનો આક્ષેપ છે તે પુરવાર કરવા માટે મજુર અદાલતમાં ડીનોવો ઇન્કવાયરી કરવા અને સંસ્થાને પુરતી તક આપવા હુકમ કરેલ છે અને તે સંજોગોમાં તે પછી સંસ્થાએ કામદારની ગેરવર્તણુક અંગે પોતાના પુરાવા રજુ કરેલ છે, જે પુરતા છે અને યોગ્ય પણ છે. શ્રી રાણાએ સદર પુરાવામાં કામદાર સામેની કારણદર્શક નોટીસોમાં કામદારનું ઉધ્ધત વર્તન અને તેનો શ્રી સંજયભાઇ પરનો હુમલો તે બન્ને તહોમતો પુરવાર કરવા માટે રજુ થયેલા પુરાવામાંથી આંક-૪૩ ની શ્રી સંજય ઝવેરચંદ જૈનની જુબાની, આંક-૬૪ ઉપર શ્રી શીતલાપ્રસાદ મથુરાપ્રસાદની જુબાનીનો ઉલ્લેખ કરેલ છે. શ્રી રાણાએ એવી હકીકતો રજુ કરેલ છે કે, આ બન્ને જુબાનીઓ જોતાં કામદારની ગેરવર્તણુક પુરવાર કરતો સોગંદ પરનો પુરાવો અદાલત સમક્ષ હતો અત્રે ઉલટ તપાસમાં તે પુરાવામાં કોઇપણ પ્રકારનો વિરોધાભાસ રજુ થયેલ નથી ત્યારે તેને ન માનવા માટે અદાલત પાસે કોઇ કારણ ન હતુ અને તે સંજોગોમાં કામદારની ગેરવર્તણુક સ્પષ્ટ રીતે પુરવાર થયેલી છે ત્યારે અરજદારની અરજી અદાલતે રદ કરવી જોઇતી હતી. શ્રી રાણાએ એવી પણ રજુઆત કરી કે, અદાલતે જે હુકમ કર્યો છે તે હકીકતોની ભુલથી કરેલ છે. શ્રી રાણાએ એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યુ કે, શ્રી સંજયભાઇએ તેની પોતાની જુબાનીમાં પોતે ફરીયાદ આપી છે અને તેમને કામદારે ''મને કેમ નોટીસ આપી ?'' તેમ કહી લાફો મારી કેબીનની બહાર ખેંચી લાવ્યા અને ગાળ પણ આપી તેવી જુબાની આપી છે અને તેમાં કોઇ વિરોધાભાસ નથી. તેમ છતાં મજુર અદાલતે પુરાવામાં વિરોધાભાસ હોવાનું ભુલભરેલું તારણ આપેલું છે. શ્રી રાણાએ એવી પણ રજુઆત

કરી કે, અરજદાર કામદારનો વોચમેન કમ ડ્રાયવરનો હોદ્દો હોવા અંગે પણ અદાલત સમક્ષ કોઇ પુરાવો નથી. તેથી ઉલ્ટું ઉલટ તપાસમાં કામદારે એ સ્વીકાર્યુ છે કે, તેનો હોદ્દો વોચમેનનો હતો. શ્રી રાણાએ એવી રજુઆત કરી કે, કામદારની ગેરવર્તણુક પુરવાર થયેલી હોવા થતાં કામદારને પુન:સ્થાપિત કરતો હુકમ કરવામાં આવ્યો અને તે બીજે કામ ઉપર છે તે અંગે પણ અદાલત સમક્ષ પુરતો પુરાવો રજુ થયેલ છે, જે કામદારની ઉલટ તપાસમાં જ પુરવાર થયેલી હકીકતો છે તે ધ્યાનમાં લીધા સિવાય મજુર અદાલતે ૭૫ % પડેલા દિવસોના પગાર સહીત કામદારને પુન:સ્થાપિત કરવા હુકમ કરેલ છે, તે સંજોગોમાં મજુર અદાલતે કામદારને સજાને બદલે ફાયદો કરી આપેલ છે.

૫. રીસ્પોન્ડન્ટ એટલે કે અરજદાર કામદાર તરફે શ્રી જગુભાઇ પટેલે મુળ અરજીમાંની હકીકતો અને વિવાદ રજુ કરતાં એ બાબત ઉપર ભાર મુક્યો છે કે, જે કાંઇ પુરાવો રજુ થયો છે તેમાં કામદારે ડ્રાયવર તરીકે પણ ઘણીવાર કામ કરેલું છે અને તે શેઠની છોકરીના લગ્નપ્રસંગે કાર લઇ મુંબઇ ગયો હતો અને તેનો ઓવરટાઇમ માગેલો તે બાબત કામદારનો પુરાવો છે. હવે જેમની સાથે તે મુંબઇ ગયેલો તે શ્રી દીવેટીયાની જુબાની સંસ્થા તરફે લેવામાં આવી નથી, જેથી કામદારની રજુઆત ખોટી પુરવાર થતી નથી અને જે સાક્ષી રજુ થયા છે તે હાથ નીચેના માણસો છે અને તે માલીક કહે તો ફરીયાદ પણ લખી આપે અને ખોટી જુબાની પણ આપે, તેમ તેના અધિકારી કહે તો તે પ્રમાણે તેઓ કરે, પણ તેનાથી કાંઇ ગેરવર્તણુક પુરવાર થયેલી ગણાય નહિ. શ્રી જગુભાઇ એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યુ કે, શ્રી રાણાએ પોતાના સાક્ષીની સરતપાસ વાંચી અને કામદારની ઉલટ તપાસ વાચી, પરંતુ પોતાના સાક્ષીઓની ઉલટ તપાસ વાંચવાનું તેમણે ટાળ્યું છે, જેથી તેમને અદાલત સમક્ષ ચોક્કસ હકીકતો રજુ ન કરવી પડે. શ્રી જગુભાઇએ એવી પણ રજુઆત કરી કે, જયારે સંસ્થા તરફથી જ ખોટા આક્ષેપો મુકી અને મુશ્કેલી ઉભી થતી હોય ત્યારે કામદાર સામે કોઇ સાક્ષી ત્યારે થાય, પરંતુ ત્યાં હાજર હોય તેવા સંસ્થાના માણસો કામદાર તરફે સાક્ષી આપવા ન પણ આવે, કારણ કે એવું જોખમ કોણ લે ?

૬. આ કામમાં મજુર અદાલત સમક્ષ સંસ્થા કામદાર સામે જે ગેરવર્તણુકનો છે તે પુરવાર કરી શકે છે કે કેમ ? અને કામદાર નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર છે કે કેમ ? તે મુદ્દાઓ હતા અને મજુર અદાલતે તે અંગે કામ ચલાવી અને તેનો નિર્ણય આપેલો છે, ત્યારે તે નિર્ણય પુરાવા પર આધારીત, પુરાવાનું યોગ્ય મુલ્યાકનવાળો કાયદેસરનો અને યોગ્ય છે કે કેમ ? અને તેમાં મજુર અદાલતે કોઇ કાયદાની કે હકીકતોની ભુલ કરી છે કે કેમ ? તે આ અદાલતે આ અપીલમાં ચકાસવાનું છે, જે અંગે મુળ ટી. અરજીનું રેકર્ડ અને આ કામના બન્ને પક્ષકારોના પ્રતિનિધિઓની રજુઆતો ધ્યાનમાં લીધી છે.

૭. સૌપ્રથમ વાત એ છે કે, રેકર્ડ જોતાં બે નોટીસો ધ્વારા કામદાર સામે બે જુદા જુદા આક્ષેપો કરવામાં આવ્યાં છે, તેમાં તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૮૨ની નોટીસ જોતાં તેમાં

અરજદાર કામદાર કે જે વોચમેનના હોદ્દા ઉપર છે. તેઓ ફરજ દરમ્યાન બુટ પોલીસ કરાવતા હતા અને ખાતા અધિકારીએ તેમને તે અંગે ઠપકો આપતાં તેમણે અયોગ્ય શબ્દો વાપર્યા અને ઉધ્ધત અને બીભત્સ જવાબ આપ્યો. બીજો આક્ષેપ તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૮૨ની નોટીસમાં જણાવવામાં આવ્યો છે તે મુજબ કામદારને તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૮૨ ની નોટીસ આપવામાં આવી તે વાંચીને સ્વીકારવાની તેણે ના પાડી અને તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૮૨ના રોજ મીલમાં આવ્યા ત્યારે શીતલાપ્રસાદ કે જેઓ ખાતાના જમાદાર હતા તેમને સંજયભાઇ આવશે ત્યારે પોતે નોટીસ સ્વીકારશે તેવું જણાવ્યું અને ફેકટરી મેનેજરને પણ એ જ જવાબ આપ્યો અને જ્યારે સંજયભાઇ મીલમાં આવ્યાં ત્યારે તેમની ઓફીસમાં ગયા અને બીભત્સ ગાળો દઇ મારવા માટે ધસી ગયા અને સંજયભાઈ તેથી ઓફીસની બહાર નીકળી ગયા અને જમાદાર તથા સિપાઈને બોલાવ્યા તે દરમ્યાન આ કામદારે સંજયભાઈ ઉપર મીલનાં કમ્પાઉન્ડમાં હુમલો કર્યો અને શારીરીક ઈજા કરી તેમને જમીન ઉપર પટકી પાડ્યા હતા અને પછી આ કામદાર મીલમાંથી નાસી ગયા હતા. હવે આ ગેરવર્તુણુક મજુર અદાલત સમક્ષ પુરાવો લઈ સંસ્થાએ પુરવાર કરવાની હતી, ત્યારે મજુર અદાલતે પુરાવો સંપૂર્ણ રીતે ધ્યાનમાં લેવાનો હોય. આ સંજોગોમાં મજુર અદાલત સમક્ષ જેમના ઉપર કહેવાતો હુમલો થયો છે તે સંજય ઝવેરચંદ જૈનની સોગંદ પરની જુબાની આંક-૪૩ ઉપર રજુ થઈ છે. ત્યારબાદ શીતલાપ્રસાદ મથુરાપ્રસાદની જુબાની આંક-૬૪ ઉપર થયેલી છે, જેમણે બનાવ જોયેલો છે અને આંક-૪૫ની ફરીયાદ તેમની પાસે થઈ તેમાં તેમણે સહી કરેલ છે. સંસ્થા તરફે આ પુરાવો છે ત્યારે કામદાર તરફે આંક-૬૮થી કામદારને પોતાને સોગંદ પર તપાસવામાં આવ્યા છે. હવે મજુર અદાલતે સંસ્થાનો પુરાવો પુરતો નથી અને વિરોધાભાસી છે, તેવો દ્રષ્ટિકોણ અપનાવી ગેરવર્તણુક પુરવાર થતી નથી તેવું માન્યું છે. મજુર અદાલતનો આ દ્રષ્ટિકોણ તેના સમક્ષ પડેલા પુરાવાઓ અને તે પુરાવાઓથી પુરવાર થતી હકીકતો ઉપર આધારીત હોય તેમ જણાતું નથી, એટલે કે તે અંગેનું મજુર અદાલતનું તારણ પરવર્સ અને બીનપાયાદાર હોય તેમ જણાય છે અને તે તારણ પર આવતાં મજુર અદાલતે પુરાવાના મુલ્યાંકન માટે જે સિદ્ધાંતો છે તેને અનુસરવા અને પુરાવાના મુલ્યાંકનમાં પણ ભુલ કરી છે તેવું જણાય છે. આ બાબતમાં સૌથી પ્રથમ નોંધપાત્ર બાબત એ છે કે, કોઈપણ બનાવ બન્યો નથી તેવો આ કેસ નથી, કારણ કે બનાવ બન્યો છે અને તેમાં કામદારે પોતે સંજય જૈન તેના પર ઉશ્કેરાઈ ગયા અને તેને બીભત્સ ગાળો આપી અને લોખંડના સળીયા વડે માર માર્યો અને કામદાર જીવ બચાવવા નાસી છુટયા અને તેમણે પોલીસ ફરીયાદ પણ કરી, એવી બાબત પોતાની અરજીમાં જણાવી છે અને કોઈપણ પક્ષકાર પોતાના પ્લીડીંગથી બંધાયેલો હોય છે. હવે કામદારે કારણદર્શક નોટીસનો જવાબ પણ આપેલો છે અને તેમાં પણ કોઈપણ પ્રકારનો બનાવ બન્યો નથી તેવું કામદારનું કહેવાનું નથી અને કામદારે જે વિનંતીપત્ર સંસ્થાને આપ્યો તેમાં પણ તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૮૨ના બનાવની વાત તેણે કરી છે, એટલે તે દિવસોમાં

INDEX

સંસ્થા તરફે કે કામદાર તરફે કોઈ બનાવ જ બનેલ નથી તેવું બન્ને પક્ષેથી કહી શકાય તેમ નથી, ત્યારે મજુર અદાલતે તે અંગેના પુરાવાનું મુલ્યાંકન કરી સંસ્થા જણાવે છે તેવું ગેરવર્તન કામદારે કરેલ છે કે કેમ ? તે તપાસવું જોઈતું હતું, પરંતુ તે અંગે આવેલા પુરાવાઓની મજુર અદાલતે ગંભીરતાથી નોંધ લીધી નથી. જ્યારે મજુર અદાલત સમક્ષ જેના ઉપર હુમલો થયાનું કહ્યું છે તે સંજય ઝવેરચંદ જૈન આંક-૪૩થી જુબાની આપે છે ત્યારે જુન-૧૯૯૯નો મહીનો છે. આ જુબાની ઓકટોબર-૧૯૯૫થી જુન-૧૯૯૯ સુધી ત્રણ ટુકડામાં થઈ છે અને બનાવ જાન્યુઆરી-૧૯૮૨નો છે, તો તેટલા સમય પછી સરતપાસ અને ઉલટ તપાસ બન્ને અલગ અલગ લેવામાં આવે ત્યારે કોઈ સાક્ષી બનાવના સમયની પ્રત્યેક સેકન્ડ કે પ્રત્યેક મીનીટની હકીકત સો ટકા રજુ કરી શકે નહિ, પરંતુ આ સંજય જૈન પોતાની સરતપાસમાં બનાવ અંગે માહિતી રજુ કરે છે તેમાં તે બહુ સ્પષ્ટ ભાષામાં એવું જણાવે છે કે, ''એ વાત ખરી છે કે, તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૮૨ ના રોજ ગેરશિસ્ત આચરતાં ઠપકો આપતાં ગેરવર્તન દાખવેલ, તેથી નોટીસ આપવી પડી. એ વાત ખરી છે કે, તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૮૨ના રોજ સવારના ૯-૩૮ના સુમારે કોઈપણ કારણ વગર મને કેમ નોટીસ આપી તેમ કહી મને લાફો માર્યો, કેબીન બહાર ખેંચી લાવ્યા હતા અને ગાળ આપી હતી, જેની લેખીત ફરીયાદ મેં આપી હતી.'' હવે આ સાક્ષી પોતે લેખીત ફરીયાદ પોતે રજુ કરેલી તેવી વાત કરે છે તેને બીજા સાક્ષી આંક-૬૪ પોતાની સોગંદ પરની જુબાનીમાં સમર્થન આપે છે કે, સંજયભાઈએ ફરીયાદ આપેલી અને તેમાં સંજયભાઈની સહી છે અને આ સાક્ષીની પણ સહી છે. આંક-૬૪ના આ સાક્ષી બનાવના સ્થળે દોડી ગયેલા અને તેણે બન્નેને છોડાવેલા. હવે આ બાબત આંક-૪૩ના સાહેબ સંજય જૈન એવી પણ જુબાની આપે છે કે, પોતે ઉશ્કેરાઈ ગયેલા અને ગાળો આપી હતી તે વાત ખરી નથી. હવે તેમણે પણ પોલીસ ફરીયાદ આપેલી તે બાબત ઉલટ તપાસમાં પુછવામાં આવતાં તે જણાવે છે. હવે આવો કોઈ બનાવ બન્યો નથી કે કામદારે હુમલો કરેલ નથી તેવા પ્રકારના કોઈપણ પ્રશ્નો ઉલટ તપાસમાં આ સાહેદને પુછવામાં આવેલ નથી. મજુર અદાલતે આ સાહેદની જુબાની એટલા માટે નથી માનેલી કે, મજુર અદાલતને તેની જુબાની ગેરવર્તણુકની નોટીસમાં જે હકીકતો જણાવી છે તેના કરતાં થોડી વિરોધાભાસી લાગી છે. પરંતુ જ્યારે તહોમતપત્ર મુકવામાં આવે ત્યારે તેમાં જે કાંઈ બન્યું હોય તેની હકીકતો રજુકરવામાં આવે છે અને તે કોઈ વ્યક્તિની ફરીયાદ ઉપર આધારીત હોય ત્યારે તે વ્યક્તિની ફરીયાદ ધ્યાન પર લેવામાં આવે, પરંતુ તે ફરીયાદમાં પણ વ્યક્તિ શક્ય તેટલી હકીકતો જણાવે અને આરોપ મુકવામાં આવે. હવે સોગંદ પરની જુબાનીમાં જો તે હકીકત નથી બની તેમ કહે તો વિરોધાભાસ ગણાય, પરંતુ તે હકીકત ઉપરાંત વિશેષ કોઇ હકીકતો આવતી હોય તો તે વિરોધાભાસ નથી, પરંતુ સાક્ષીને જે કાંઈ યાદ આવ્યું તે તેણે વધારે કહ્યું, તે વધારાની વસ્તુને ધ્યાનમાં ન લઈ શકાય તો વાંધો નહિ અને તે પ્રક્રિયા સમજી શકાય, પરંતુ વધારાની હકીકતો રજુ કરી છે તે કારણે મુળ આરોપથી વિરોધાભાસી જુબાની છે

INDEX

તેમ કહી શકાય નહિ. હવે પુરાવાનું મુલ્યાંકન એ રીતે કરવું જોઈએ કે, આવો બનાવ બન્યો છે તેને સાક્ષી વળગી રહે છે. જ્યારે સામે પક્ષે કોઈ બનાવ બન્યો છે જેનું પ્લીડીંગ કામદારે રજુ કર્યું છે અને પોતાની જુબાનીમાં સોગંદ ઉપર કામદાર કહે છે કે આવો કોઇ બનાવ બન્યો નથી. કામદારની આંક-૬૮ની જુબાની જોતાં પોતાની સરતપાસમાં એણે સંજયભાઈએ ગાળો આપી કામદાર ઉપર સળીયાથી હુમલો કર્યો કે કોઈપણ પ્રકારે હુમલો કર્યો તેવી કોઈ હકીકત રજુ કરી નથી. એટલું જ નહિ મારામારીનો કોઈ બનાવ બનેલ નથી તેવી તેણે રજુઆત કરી છે, એટલે કે એના પોતાના વિનંતીપત્ર, એની પોતાની આંક-૧ની અરજીમાં જણાવેલી હકીકતોથી પણ વિરોધાભાસી હકીકત તેની સોગંધ પરની જુબાનીમાં તે રજુ કરે છે. આ સરખામણી કરતાં સંસ્થાના સાહેદ પોતાની વાતને મક્કમતાથી વળગી રહે છે, ત્યારે કામદારની રજુઆત તેના પોતાના પ્લીડીંગથી અને પોતાના કેસથી વિરોધાભાસી થઈ જાય છે. હવે જ્યારે કોઈપણ બનાવ બન્યો નથી તેવું કામદાર કહેતો હોય અને કામદાર પોતાની અરજી અને વિનંતીપત્રમાં એવું લખેલું હોય કે, અધિકારીએ કામદાર ઉપર હુમલો કર્યો અને તેની કામદારે ફરીયાદ પણ કરી. ત્યારે હકીકતમાં કામદારની જુબાની અને તેણે રજુ કરેલ હકીકતો બન્ને વિરોધાભાસી થઈ જાય. છતાં કામદારની જુબાનીમાં કોઈ સંજોગોમાં એક વાક્ય આ પ્રમાણે આવી જાય છે, ''મારામારી પછી મને નોટીસ આપેલી.'' આનો અર્થ એ કે, કોઈક બનાવ બન્યો છે. હવે કામદારનો બચાવ એવો છે કે, કોઈ બનાવ બન્યો નથી અને સંસ્થાના સાહેદ કહે છે કે, કામદારે તેમના ઉપર હુમલો કરેલો. આ તમામ સંજોગોમાં બન્ને પુરાવાઓને સરખાવતાં સંસ્થાના સાક્ષીઓ પુરાવો વિરોધાભાસી હોવાનું પુરવાર થતું નથી. આ કામદારે તો ઉલટ તપાસમાં પોતાના કેસથી વિરોધાભાસી રીતે બહુ સ્પષ્ટ ભાષામાં એવું જણાવ્યું છે કે, ''એ વાત ખરી છે કે, મારે સંજયભાઇ સાથે કોઇ ઝગડો થયો નથી.'' આટલી હકીકત ધ્યાનમાં લઇએ તો તેણે વિનંતીપત્રમાં લખેલી હકીકત કે, સંજયભાઈએ તેના પર હુમલો કર્યો અને તેને ગાળો દીધી અને અરજીમાંની તે જ પ્રકારની હકીકતો ખોટી પુરવાર થાય છે, એટલે કે એરજીમાં લખેલી હકીકતો પુરવાર થતી નથી. પરિસ્થિતિ એ થાય કે, કાંતો અરજીમાં લખેલી હકીકતો ખોટી છે અથવા તો આ સોગંદ પરની જુબાની ખોટી છે. બન્ને રીતે કામદારની રજુઆતમાં જે વિરોધાભાસ છે તે તરફ મજુર અદાલતે ધ્યાન ન આપ્યું અને તેથી ઉલ્ટું જેની ઉપર હુમલો થયાનું કહેવાયું છે તે સાક્ષીએ થોડી વધારાની હકીકતો રજુ કરી તેને મજુર અદાલતે વિરોધાભાસ માની લીધો છે, એટલે બન્ને પક્ષના સાક્ષીઓની સરખામણી કરતાં સંસ્થાના સાહેદની સોગંદ પરની જુબાનીમાં વિરોધાભાસ કે પરિવર્તન નથી, તેવા સંજોગોમાં તેને ન માનવાનું મજુર અદાલત પાસે કોઈ કારણ ન હતું અને જો તે જુબાની માનવામાં આવે તો કામદારે અધિકારીઓ વિરૂધ્ધ કરેલ ઉધ્ધત વર્તન અને ત્યારપછી એક અધિકારી ઉપર કરેલ હુમલો તે બન્ને બનાવ સ્પષ્ટ રીતે પુરવાર થયેલ ગણાય અને તો સંસ્થાએ અરજદાર કામદારનું ગેરવર્તન અદાલત સમક્ષ પુરતા અને યોગ્ય પુરાવાથી પુરવાર

INDEX

કરેલું છે તેમ માનવું પડે, જે સમજવામાં મજુર અદાલતે ભુલ કરેલી છે. રેકર્ડ જોતાં સંસ્થાએ પોતાના બન્ને સાહેદોની જુબાનીથી કામદાર સામે જે ગેરવર્તણુકનો આક્ષેપ હતો તેમાં જણાવેલ ગેરવર્તણુક પુરવાર કરી છે તેવું સ્પષ્ટ થાય છે. હવે આ સંજોગોમાં આ પ્રકારની ગેરવર્તણુક હોય તો શો હુકમ થઈ શકે તે પણ વિચારવું રહ્યું. કામદારને કોઈ બાબતમાં કે ઓવરટાઈમની બાબતમાં અન્યાય થતો હોય તો કામદાર કાયદેસરની રજુઆત કરી શકે છે, અદાલતમાં આવી શકે છે, કાનુની પગલાં લઈ શકે છે, પરંતુ આવા કોઇ સંજોગમાં અધિકારી સામે થાય તે કરી લેવાનું કહી શકાય તેવા શબ્દો ગાળની ભાષામાં કામદાર બોલે અને તેના પછી બીજા અધિકારી ઉપર હુમલો પણ કરે તે ગેરવર્તણુક કોઈપણ સંજોગોમાં ઔદ્યોગિક શાંતિ માટે ભયંકર જોખમરૂપ બને અને તેવી વર્તણુક ક્ષમ્ય ગણી શકાય નહિ અથવા હળવા દ્રષ્ટિકોણથી જોઈ શકાય નહિ અને તે સંજોગોમાં બરતરફી એકમાત્ર યોગ્ય સજા ગણાય અને જો ગેરવર્તણુક પુરવાર થતી હોય તો અદાલતે માલીકે કરેલ બરતરફીના હુકમને કામદાર પ્રત્યેની સહાનુભૂતિથી બદલવા માટે કોઈ કારણ બાકી રહેતું હોવાનું કહી શકાય નહિ અને તે સંજોગોમાં પુરવાર થયેલી ગેરવર્તણુક અંગે સંસ્થાએ કરેલો બરતરફીનો હુકમ કાયદેસર અને યોગ્ય છે અને અરજદાર કામદારની ટી. અરજી મંજુર કરવામાં મજુર અદાલતે કાયદો અને હકીકત બન્નેને સમજવામાં, પુરવાના મુલ્યાંકનમાં અને કાયદાની યોગ્ય પ્રક્રિયા અનુસરવામાં ભુલ કરી છે તેવું સ્પષ્ટ થાય છે અને તે સંજોગોમાં આ અપીલ મંજુર થવા પાત્ર છે.

હુકમ

એપેલેન્ટની આ અપીલ મંજુર કરવામાં આવે છે.

સુરતની મજુર અદાલતે તેના સમક્ષની ટી. અરજી નં. ૨૨૩/૮૨ના કામમાં કરેલ આખરી હુકમ ગેરકાયદેસરનો, ભુલભરેલો અને ગેરવ્યાજબી ઠરાવી રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

[PART I—L]

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 6, *Gujarat Government Gazette*, Part I—L, dated 6th February, 2003 and for pages VAD-1431 to VAD-1646 (in 1 set) *read* page Nos. 1999 to 2214.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલના અંક ૬માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૪૩૧ થી વીએડી-૧૬૪૬ (૧ બંચમાં) ને પાન નંબર ૧૯૯૯ થી ૨૨૧૪ વાંચવા.

Vadodara, 6th, February 2003.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૦૦૧/૯૨૯.–નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. જુનાગઢ વિભાગ જુનાગઢ તથા તેના કામદારશ્રી હરજી સોમાભાઈ રાઠોડ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટ-વિભાગ ૧ ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ ૧૦ ની પેટા-કલમ (૧) ની પેટા વિભાગ-સી થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી હરજી સોમાભાઈ રાઠોડને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, ૧૦મી મે, ૨૦૦૧.

પી. પી. જોષી ,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૭૩૧/૫.૫/આઇડીઆર/એજે/-/૫૮/૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પાયોમા ઈન્ડસ્ટ્રીઝ લી., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) પગાર વધારો :-

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને હાલ મળતાં પગારમાં નીચે મુજબનો પગાર વધારો કરી આપવો કે કેમ ?

(અ) તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨ થી દૈનિક રૂા. ૨૫/-નો વધારો.
(બ) તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૩ થી દૈનિક રૂા. ૩૦/-નો વધારો.
(ક) તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૪ થી રૂા. ૩૫/-નો વધારો.

(૨) મોંઘવારી ભથ્થું :-

તમામ કામદારોને દર મહીને રૂા. ૩૫૦/- ફીકસ મોંઘવારી ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

(૩) રજાઓ અંગે :-

તમામ કામદારોને દર વર્ષે નીચે મુજબની રજાઓ ભર પગારે આપવી કે કેમ ?

INDEX

(૧) હક્ક રજા : દર વર્ષે ૩૦ દિવસની (૨) કેજ્યુઅલ રજા : દર વર્ષે ૧૫ દિવસની
(૩) તહેવારની રજા : દર વર્ષે ૧૫ દિવસની (૪) માંદગીની રજા : દર વર્ષે ૧૦ દિવસની

(૪) મકાન ભાડું :-

તમામ કામદારોને દર મહીને રૂા. ૩૫૦/- મકાન ભાડાના આપવા કે કેમ ?

(૫) કન્વેયન્સ એલાઉન્સ :-

તમામ કામદારોને દર મહીને રૂા. ૨૦૦/- આપવા કે કેમ ?

(૬) શિક્ષણ ભથ્થું :-

તમામ કામદારોને દર મહીને રૂા. ૨૦૦/- શિક્ષણ ભથ્થું આપવું કે કેમ ?

(૭) યુનિયન ફાળો અને લવાજમ :-

આ માંગણીઓમાં સમાધાન થાય કે એવોર્ડ આવે તેનાથી જે કામદારોને લાભ થાય તેના ૧૫ % તથા દર મહિને રૂા. ૧૦-૦૦ લેખે લવાજમના કપાત કરી તે રકમ ચેક મારફતે યુનિયનને મોકલી આપવી કે કેમ ?

(૮) અમલ અંગે :-

આ માંગણીઓનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨ થી કરવો કે કેમ?

અમદાવાદ, ૨૨મી જુલાઈ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૭૩૦/૫.૫/આઇડીઆર/એજે/-/૫૯/૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જેલીકેટસ પ્રા. લી., વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨)થી સદર કાયદાની કલમ-

INDEX

૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૯ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

આપની સંસ્થાના તમામ કામદારો/કર્મચારીઓ કે જેઓ બીજીપાળીમાં કામ કરે છે. તેઓ તમામને તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૧ના રોજ એકાએક જાહેર સૂચનાની નોટીસ મૂકી બીજીપાળીમાં કામ કરતાં તમામ કામદારો/કર્મચારીઓને તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૧ના રોજ એકાએક લે-ઓફ ઉપર ઉતારેલ અને આ દિવસનો પૂરો પગાર પણ ચૂકવેલ નથી. તમારૂ આ કૃત્ય તદ્દન ગેરકાદેસર, ગેરવ્યાજબી, આન્યાયી તથા બદઈરાદાવાળુ હોઈ તારીખ ૨૭મી ઓગ્ષ્ટ, ૨૦૦૧ના દિવસોનો પુરેપુરો પગાર બીજીપાળીના તમામ કામદારો/કર્મચારીઓને ભરપાઈ કરી આપવો કે કેમ ?

અમદાવાદ, ૨૨મી જુલાઈ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૭૨૫/૫.૫/આઇડીઆર/એજે/-/૯૫/૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સફારી ઈન્ડ. લી., હાલોલ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨)થી સદર ધારાની કલમ-

INDEX

૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં. ૩, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- નં. ૧ :- તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૦ થી તમામ કામદારોને નીચે પ્રમાણે બેઝીક પગાર દર આપવો કે કેમ ?

(અ) રૂા. ૭૦૦-૨૦-૮૦૦-૩૦-૯૫૦-૪૦-૧૧૫૦

(બ) રૂા. ૮૦૦-૪૦-૧૦૦૦-૫૦-૧૨૫૦-૬૦-૧૫૫૦

(ક) રૂા. ૧૦૦૦-૬૦-૧૩૦૦-૭૦-૧૬૫૦-૮૦-૨૦૫૦

(ડ) રૂા. ૧૩૦૦-૮૦-૧૭૦૦-૯૦-૨૧૫૦-૧૦૦-૨૬૫૦

(ઈ) રૂા. ૧૭૦૦-૧૦૦-૨૨૦૦-૧૧૦-૨૭૫૦-૧૨૦-૩૩૫૦

૨. ગ્રેડમાં ફીટ કરવા :- દરેક કામદારને ઉપર દર્શાવ્યા મુજબના ગ્રેડમાં નોકરીના વર્ષ પ્રમાણે ફીટ કરવા કે કેમ ?

૩. **મોંઘવારી ભથ્થું :-**

(અ) સ્થાયી મોંઘવારી ભથ્થું :- તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૦થી તમામ કામદારોને રૂા. ૮૦૦- પ્રમાણે મોંઘવારી ભથ્થું આપવું કે કેમ ?

(બ) વધઘટ થતું મોંઘવારી ભથ્થું :- તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૦થી કામદારોને ઓલ ઈન્ડીયા પ્રાઈસ ઈન્ડેક્ષ (૧૯૬૦-૧૦૦) સાથે સંકળાયેલ હોય મોંઘવારી દર પોઈન્ટ દીઠ રૂા. ૨.૫૦ દર મહિને ચુકવી આપવા કે કેમ ?

૪. અન્ય ભથ્થાઓ :-

(અ) **ઘરભાડા ભથ્થું :-** તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૦થી તમામ કામદારોને રૂા. ૬૦૦- લેખે ઘરભાડા ભથ્થાં તરીકે દર મહિને આપવા કે કેમ ?

(બ) **કન્વેયન્સ એલાઉન્સ :-** તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૦થી તમામ કામદારોને રૂા. ૫૦૦- કન્વેયન્સ એલાઉન્સ તરીકે દર મહીને ચુકવવા કે કેમ ?

(ક) **શિક્ષણ ભથ્થું :** તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૦થી તમામ કામદારોને માસિક રૂા. ૫૦૦- લેખે શિક્ષણ ભથ્થાં તરીકે ચુકવવા કે કેમ ?

INDEX

(ડ) **શિફ્ટ એલાઉન્સ :-** તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૦થી તમામ કામદારોને પાળી મુજબ નીચે દર્શાવ્યા પ્રમાણે શીફ્ટ એલાઉન્સ આપવું કે કેમ ?

(૧) પ્રથમ પાળી	રૂા. ૫/- લેખે દૈનિક.
(૨) જનરલ પાળી	રૂા. ૫/- લેખે દૈનિક.
(૩) બીજી પાળી	રૂા. ૧૦/- લેખે દૈનિક.
(૪) ત્રીજી પાળી	રૂા. ૧૫/- લેખે દૈનિક.

(ઈ) **મેડીકલ લાભો :-** કામદાર તથા તેમના કુટુંબીજનોની જે પણ તબીબી ખર્ચ થાય તે તમામ સંસ્થાએ આપવો કે કેમ ?

૫. લીવ ટ્રાવેલ્સ કન્વેયન્સ :- સને ૨૦૦૦ના વર્ષથી કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને તેમના કુટુંબીજનોની સાથે રજા દરમ્યાન મુસાફરી કરવાના રૂા. ૫૦૦૦/- કીલોમીટર સુધીનું રેલ્વે ભાડું આપવું કે કેમ ?

૬. **રજાઓ :-**

(૧) કેજ્યુઅલ રજા : તારીખ ૧લી, જુલાઈ, ૨૦૦૨થી તમામ કામદારોને વાર્ષિક ૧૫ કેજ્યુઅલ રજા ભરી પગારે આપવી કે કેમ ?

(૨) હક્ક રજા :- તારીખ ૧લી, જુલાઈ, ૨૦૦૦થી તમામ કામદારોને વાર્ષિક ૩૦ હક્કરજા ભરી પગારે આપવી કે કેમ ?

(૩) માંદગીની રજા :- તારીખ ૧લી, જુલાઈ, ૨૦૦૦થી તમામ કામદારોને વાર્ષિક ૧૫ માંદગીની રજા ભર પગારે આપવી કે કેમ ?

(૪) જાહેર તહેવારની રજા :- તારીખ ૧લી, જુલાઈ, ૨૦૦૦થી તમામ કામદારોને વાર્ષિક ૧૨ જાહેર તહેવારની રજા ભરી પગારે આપવી કે કેમ ?

(૫) અકસ્માતની રજા :- કામ દરમ્યાન કોઈપણ કામદારોને અકસ્માત થાય તો તેઓ જ્યાં સુધી સારવાર નીચે હોય તે સમયનો પુરપુરો પગાર ભરી રજા આપવી કે કેમ ? (સવારે નોકરીમાં આવતાં અને જતાં સમયને નોકરીનો સમય ગણવો).

૭. **યુનિફોર્મ :-** નીચે મુજબના યુનિફોર્મ કામદારોને આપવા કે કેમ ?

(૧) હાલમાં જે યુનિફોર્મ આપે છે તે ચાલુ રાખવા કે કેમ ?

(૨) હાલમાં જે બુટ આપે છે તે ચાલુ રાખવા અને ચોમાસા માટે બાટાના ચોમાસું બુટ દર વર્ષે ૧ જોડ આપવા કે કેમ ?

(૩) એક વુલન જર્શી દર બે વર્ષે આપવી કે કેમ ?

(૪) એક રેઈન કોટ (ડક્ક બેગ) દર વર્ષે આપવો કે કેમ ?

૮. **ગ્રેજ્યુઈટી :-** કોઈપણ કામદાર કંપનીમાંથી છુટા થાય તે તેમના દરેક વર્ષની નોકરી દીઠ ૩૦ દિવસનો પગાર ગ્રેજ્યુઈટી તરીકે આપવો કે કેમ ?

૯. **ઈતર વ્યવસ્થાઓ :-** દર મહિને કામદારોને ત્રણ લાઈફબોય સાબુ અને દર વર્ષે છ હાથ રૂમાલ આપવા કે કેમ ?

૧૦. **લોન :-**

(૧) **પર્સનલ લોન :-** તમામ કામદારોને રૂા. ૨૦,૦૦૦- સુધીની વગર વ્યાજની પર્સનલ લોન આપવી કે કેમ ?

(૨) **વ્હીકલ લોન :-** તમામ કામદારોને બે પૈડાવાળા પેટ્રોલથી ચાલતાં વાહનના ભાવના ૮૦ ટકા વ્હીકલ લોન વગર વ્યાજની આપવી કે કેમ ?

(૩) **મકાન લોન :-** તમામ કામદારોને તેમના ૬૦ માસના પગારની રકમ જેટલી મકાન લોન વગર વ્યાજની આપવી કે કેમ ?

૧૧. **બોનસ :-**

(૧) વાર્ષિક આવકના ૩૦ % લેખે દર વર્ષે બોનસ આપવું કે કેમ ?

(૨) પ્રાસંગીક બોનસ :- વાર્ષિક આવકના ૨૦ % લેખે કામદારોને દર વર્ષે પ્રાસંગીક બોનસ આપવું કે કેમ ?

૧૨. **અંતિમ વિધિ ખર્ચ :-**

(૧) કંપનીના રેકર્ડમાં ચાલુ હોય તેવા કોઈપણ કામદારનું મૃત્યુ થાય તો તેઓને વારસદારને રૂા. ૨૫૦૦- અંતિમ વિધિ ખર્ચ તરીકે આપવો કે કેમ ?

(૨) મરણ અંગે નિરાશ્રિતોને લાભ :-કંપનીના રેકર્ડમાં ચાલું હોય તેવા કોઈપણ કામદારનું મૃત્યુ થાય કે નિવૃત્ત થાય તો કંપનીના દરેક કામદારના પગારમાંથી એક દિવસનો પગાર જમા કરાવી મૃત્યુ પામેલા કામદારના વારસદારોને અથવા નિવૃત્ત થયેલ કામદારને સહાય તરીકે અથવા તેમજ તેના વારસદારને નોકરી ઉપર કાયમી ધોરણે લેવો કે કેમ ?

૧૩. **કેન્ટીન સુવિધા :-**

(૧) ચા	:	૨૫ પૈસા એક કપના
(૨) કોફી	:	૪૦ પૈસા એક કપના
(૩) ઠંડા પીણા	:	૧.૫૦ પૈસા ૩૦૦ મીલીલીટર
(૪) નાસ્તો	:	૦.૨૫ પૈસા ૧૦૦ ગ્રામના
(૫) લંચ-ડીનર	:	૧.૫૦ પૈસા એક થાળીના

૧૪. તમામ કામદારોને દર રોજના ૨૦૦ ગ્રામ દુધ અને એક પારલે-જી બીસ્કીટનું પાકીટ આપવું કે કેમ ?

ઉપરોક્ત માંગણીનો સમય તારીખ ૧લી જુલાઇ ૨૦૦૦થી બે વર્ષનો રહેશે કે કેમ ?

અમદાવાદ, ૯મી જુલાઈ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૬૮૮/૫.૫/આઇડીઆર/એજે/-/૪/૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હેવમોર આઇસ્ક્રીમ કું., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ :-

મુળ પગાર :- સંસ્થામાં કામ કરતાં કામદારોનું નીચે જણાવેલ કેટેગરીમાં વર્ગીકરણ કરી તેની સામે દર્શાવેલ ગ્રેડ પ્રમાણે દરેક કામદાર/કર્મચારીને મુળ પગાર ચુકવવો કે કેમ ?

(અ) કુશળ કામદાર	:	૧૮૦૦-૧૦૦-૨૩૦૦-૧૫૦-૩૦૫૦-૨૦૦-૪૦૫૦
(બ) અર્ધકુશળ	:	૧૭૦૦-૧૦૦-૨૨૦૦-૧૫૦-૨૯૫૦-૨૦૦-૩૦૫૦
(ક) બીનકુશળ	:	૧૫૦૦-૧૦૦-૨૦૦૦-૧૫૦-૨૭૫૦-૨૦૦-૩૭૫૦
(ડ) કલેરીકલ સ્ટાફ	:	૧૮૦૦-૧૦૦-૨૩૦૦-૧૫૦-૩૦૫૦-૨૦૦-૪૦૫૦

માંગણી નં. ૨ :

નવીન પગાર માળખાની ગોઠવણી :- ઉપર નં. ૧માં જણાવેલ પગાર ગ્રેડમાં કામદારોની ગોઠવણી નીચે પ્રમાણે કરવી કે કેમ ?

(અ) તારીખ ૩૧મી માર્ચ. ૨૦૦૧ના રોજ કામદાર/કર્મચારીઓનો જે મૂળ પગાર હોય તેને

લક્ષમાં લઈ કામદાર/કર્મચારીને સ્ટેજ ટુ ધોરણે નવીન માળખામાં ગોઠવણી કરવી કે કેમ ? અને ત્યારબાદ નીચે જણાવેલ ઈન્ક્રીમેન્ટ આપી તેમને ફીટમેન્ટ કરવું કે કેમ ?

(બ) જે કામદારે તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ના રોજ

(૧) ચાર વર્ષ કરતાં ઓછી નોકરી કરેલ હોય તેને એક ઈન્ક્રીમેન્ટ આપવું કે કે કેમ ?

(૨) ચાર વર્ષથી વધારે પરંતુ સાત વર્ષ કરતાં ઓછી નોકરી કરેલ હોય તેને બે ઈન્ક્રીમેન્ટ આપવા કે કેમ ?

(૩) સાત વર્ષ કરતાં વધારે નોકરી પુરી કરનારને ૩ ઈન્ક્રીમેન્ટ આપવા કે કેમ ?

માંગણી નં. ૩ : મોંઘવારી ભથ્થું :

સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓને દર માસે નીચે જણાવ્યા પ્રમાણે મોંઘવારી ભથ્થું આપવું કે કેમ ?

(અ) ફીકસ મોંઘવારી ભથ્થું :- દર માસે રૂા. ૭૦૦/- આપવું કે કેમ ?

(બ) વેરીએબલ મોંઘવારી ભથ્થું :- લઘુત્તમ વેતન ધારો-૧૯૪૮ હેઠળ મેન્યુ. પ્રોસેસમાં રોકાયેલ ઉદ્યોગો માટે છ છ માસે જે સ્પે. એલાઉન્સ બહાર પાડવામાં આવે છે તે તેથી થોડા વધુ દરે વેરીએબલ ડી.એ. આપવું કે કેમ ?

માંગણી નં. ૪ : પગાર સાથેની રજાઓ :

સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓની નીચે જણાવ્યા પ્રમાણે પગાર સાથેની રજાઓ દર કેલેન્ડર વર્ષમાં આપવી કે કેમ ?

(અ) હક્ક રજાઓ:- ચાલુ વર્ષમાં કામદારે કરેલા ૧૫ દિવસની નોકરી બાબતે બીજા વર્ષે દર પંદર દિવસે એક હક્ક રજા આપવી જોઈએ કે કેમ?

(બ) કેજ્યુઅલ રજાઓ:- દરેક કામદાર/કર્મચારીને દર કેલેન્ડર વર્ષ દરમ્યાન ૧૫ દિવસની કેજ્યુઅલ રજાઓ આપવી કે કેમ?

(ક) તહેવારની રજાઓ:- હાલમાં મળતી તહેવારની રજાઓમાં ૩ રજાઓનો વધારો આપવો કે કેમ?

માંગણી નં.૫ ભથ્થાઓ:- દરેક કામદાર/કર્મચારીને નીચે દર્શાવેલ ભથ્થાઓ આપવા કે કેમ ?

(અ) ઘરભાડું:- દરેક કામદાર/કર્મચારીને દર માસે રૂા. ૭૫૦/- ઘરભાડા ભથ્થું આપવું કે કેમ?

(બ) કેળવણી ભથ્થું:- દરેક કામદાર/કર્મચારીને તેમના દરેક પુત્ર/પુત્રી દીઠ માસિક રૂા. ૨૦૦/- કેળવણી ભથ્થા પેટે આપવા કે કેમ?

INDEX

(ક) કન્વેયન્સ ભથ્થું:- દરેક કામદારને દર માસે રૂા. ૨૫૦/- આપવુ કે કેમ? અને ઓફીસ સ્ટાફને દર માસે ૧૫ લી. પેટ્રોલના થતાં પૈસા આપવા કે કેમ?

માંગણી નં. ૬ :- દિવાળી/રમજાનઈદ લાભ:- સંસ્થામાં કામદાર/કર્મચારી જે હિન્દુ મુસ્લીમ કામદાર/કર્મચારીને રમજાનઈદમાં ૧ કિલો આઈસ્ક્રીમ અને ૫૦ ટકા પગાર એડવાન્સ આપવો કે કેમ?

માંગણી નં. ૭ :- કામદારોને કાયમી ગણવા બાબત:- જે કામદાર/કર્મચારીએ છેલ્લા ૩ કેલેન્ડર વર્ષમાં દર વર્ષમાં કોઈપણ સમયે ૯ માસ કામગીરી કરેલ હોય તે સીઝનલ અથવા કેજ્યુઅલ કામદાર ગણાશે નહીં તેઓ તમામને ૧/૭/૨૦૦૦થી કાયમી કામદાર/કર્મચારી ગણવા અને તે અંગેની વિગતો દર્શાવતો કાયમી પાસ આપવો કે કેમ?

માંગણી નં. ૮ :- વારસદારોને નોકરી:- કોઈપણ કામદાર/કર્મચારી નોકરી દરમ્યાન મૃત્યુ પામે તો તેના એક પુત્ર/પુત્રીને કામદારને મરણ તારીખથી ૩ માસની અંદર નોકરીમાં લેવા કે કેમ?

માંગણી નં ૯ :- અમલ:- આ માંગણીઓનો અમલ તા. ૧/૧/૨૦૦૧ થી કરવાનો રહે અને કામદારને ચૂકવણી થતી એરીયર્સની રકમ ૧-૧ માસના બે સરખા હપ્તામાં રાખવી કે કેમ?

અમદાવાદ, ૩જી જુલાઈ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૬૮૭/૫.૫/આઇડીઆર/એજે/-/૫૨/૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જેલીકેટસ પ્રા. લી., વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર

ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૧, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧:- સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને ૨૦૦૦-૨૦૦૧ના વર્ષનું બોનસ કામદારની કુલ વાર્ષિક આવકના ૨૦ % પ્રમાણે ચુકવવું કે કેમ?

માંગણી નં. ૨:- સદર બોનસની કુલ રકમ તા. ૨૫/૧૦/૨૦૦૧ સુધીમાં તમામ કામદારોને ચુકવવી કે કેમ?

અમદાવાદ, ૧લી જુલાઈ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૭૩/ઔ.વિ.રે/૧૬૭-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ હળવદ નગરપાલિકા, હળવદ, જી. સુરેન્દ્રનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કવાડીયા પી. ટી.ને કલાર્ક તરીકે તા. ૭-૩-૧૯૯૬થી તથા ચેરવાડીયા સંજય એન. ને સુપરવાઈઝર તરીકે તા. ૧-૪-૧૯૯૮થી કાયમી કરી સરકારશ્રીના કાયમી કર્મચારીને મળતા તમામ નાણાંકીય તથા બીન-નાણાંકીય લાભો આપવા જોઈએ કે કેમ?

રાજકોટ, તારીખ ૨૬મી જુન, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૭૮/ઔ.વિ.રે/૧૭૨-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) જ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાય પંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

શ્રી વિરભદ્રસિંહ એસ. વાળા (સીની. કલાર્ક) ને તા. ૧૮-૯-૨૦૦૧ની અસર સબ ઈન્સપેકટર તરીકે બઢતી આપી રૂા. ૪૫૦૦-૭૦૦૦નો ગ્રેડમાં મુકી તે પ્રમાણે પગાર ભથ્થા તથા અન્ય તમામ લાભો એરિયર્સ સહિત ચુકવી આપવા જોઈએ કે કેમ?

રાજકોટ, તારીખ ૨૬મી જુન, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૭૭/ઔ.વિ.રે/૧૭૧-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

(૧) શ્રી વિજય વી. ગોહીલ (૨) શ્રી મુકેશ ડી. ગોહેલ (૩) શ્રી જગદીશ આર. અગ્રાવતને તેમની નોકરીમાં દાખલ થયા તારીખ ૧૯-૧-૧૯૯૦ની અસરથી રૂા. ૧૨૦૦-૪૦-૨૦૪૦નો ગ્રેડ ફીકસ કરી, પાંચમા પગાર પંચના પે-રીવીઝન મુજબ રૂા. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦નો ગ્રેડ ફીકસ કરી તે મુજબ મળતાં તમામ લાભોનું એરીયર્સ દાખલ તારીખથી ચુકવી આપવું જોઇએ કે કેમ?

રાજકોટ, તારીખ ૨૬મી જુન, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૭૬/ઔ.વિ.રે/૧૭૦-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર (૨) શાશનાધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતી, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) નીચે જણાવેલ ત્રણ કામદારોને તેમના નામ સામે દર્શાવી તારીખથી ફુલ ટાઈમ પટાવાળા તરીકે કાયમી કરવા અને કાયમી ફુલ ટાઈમ પટાવાળાને મળતા પગાર ગ્રેડ રૂા. ૯૫૦-૧૫૦૦માં ફીકસ કરી તે મુજબ મળતા પગાર તેમજ અન્ય લાભો એરિયર્સ સહિત ચુકવી આપવા જોઈએ કે કેમ?

(૨) નીચેના ત્રણ અરજદારને ગ્રેજ્યુઈટી, પેન્શન માટે તેમની નોકરીમાં દાખલ તારીખ ધ્યાને લેવી જોઈએ કે કેમ?

(૩) નીચેના ત્રણ અરજદારોને ફુલ ટાઈમ કરી તા. ૧૯-૬-૧૯૯૦ થી માસીક રૂા. ૭૫/ સાયકલ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ?

૧. રૂપાબેન વાલજીભાઈ સાંબડ દાખલ તા. ૩-૧૦-૧૯૭૭
૨. દુર્ગાબેન રતીલાલ મહેતા તા. ૧૭-૮-૧૯૭૯
૩. રમાબેન કેશવલા બારડ તા. ૧-૮-૧૯૭૭.

રાજકોટ, તારીખ ૨૬મી જુન, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૭૫/ઔ.વિ.રે/૧૬૯-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) જ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

INDEX

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ધીરજલાલ પરમાણંદદાસ પટેલને તા. ૧૪-૧૦-૧૯૯૭ થી સબ ઈન્સ્પેકટર તરીકે પ્રમોશન આપવું જોઈએ કે કેમ? અને તે મુજબ તમામ લાભો એરિયર્સ સહિત ચુકવી આપવા જોઈએ કે કેમ?

રાજકોટ, તારીખ ર૬મી જુન, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૭૪/ઔ.વિ.રે/૧૬૮-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ધી પાયોનિયર મેગ્નેશીયા વર્કસ લી., ખારાઘોડા, જી. સુરેન્દ્રનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ
''પરિશિષ્ટ''
''માંગણીઓ'' ઓ. વી. રે. ૧૬૮/૦૨

(૧) સંસ્થામાં કામ કરતાં બદલી તથા કેજ્યુઅલ અને ટેમ્પરરી કામદારો કે જેઓની નોકરી ૨૪૦ દિવસની થયેલ હોઇ તેઓને કાયમી કરી, કાયમી કામદારોને મળતાં તમામ લાભો આપવા જોઈએ કે કેમ?

(૨) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોના વર્ગીકરણ સ્કીલ્ડ કામદારને રૂા. ૫૦૦/ સેમી સ્કીલ્ડ કામદારોને રૂા. ૩૦૦/- તથા અનસ્કીલ્ડ કામદારોને રૂા. ૨૦૦/-નો વાર્ષિક પગાર વધારો આપવો જોઈએ કે કેમ?

(૩) સંસ્થામાં કામ કરતાં ટેકનીકલ તથા કલેરીકલ સ્ટાફને વાર્ષિક રૂા. ૫૦૦/-નો પગાર વધારો આપવો જોઈએ કે કેમ?

(૪) સંસ્થામાં કામ કરતાં કામદારોને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ તેમના પગારના ૨૦% આપવું જોઈએ કે કેમ?

(૫) મકાન રીપેરીંગ પેટે દરેક કામદારને વાર્ષિક ૫૦૦૦/- આપવા જોઈએ કે કેમ?

(૬) સંસ્થાએ જેમને મકાન ફાળવેલ ન હોય તે તમામ કામદારોને મકાનભાડુ, માસીક પગારના ૨૫ % આપવું જોઈએ કે કેમ?

(૭) કામદારોને હાલ જે ૨૦ દિવસે એક હક્કરજા આપવામાં આવે છે તેને બદલે ૧૬ દિવસે એક રજા આપવી જોઈએ કે કેમ?

(૮) સંસ્થામાં કામ કરતાં કામદારોને દર વર્ષે બે જોડી કપડા બુટ મોજા તથા દર ત્રણ વર્ષે એક જરસી અથવા ગરમકોટ અને છત્રી અથવા રેઈનકોટ આપવા જોઈએ કે કેમ ?

(૯) સંસ્થાના તમામ કામદારોને મેડીકલ એલાઉન્સ દર માસે પગારના ૨૦% લેખે ચુકવવું જોઈએ કે કેમ? તથા પ્રવાસ ભથ્થું પગારના ૧૫% ટકા લેખે ચુકવવું જોઇએ કે કેમ ?

(૧૦) સંસ્થામાં કામ કરતાં કામદારોને સાયકલ એલાઉન્સ પગારના ૧૦ % લેખે ચુકવવું જોઈએ કે કેમ?

(૧૧) સંસ્થાના તમામ કામદારોને વાર્ષિક બોનસ ૨૦% લેખે ચુકવવું જોઈએ કે કેમ ? (૧૯૯૯-૨૦૦૦-૨૦૦૧)

અન્ય માંગણીઓ:-

-દરેક કામદારોને વાર્ષિક ૫ કેજ્યુઅલ રજા આપવામાં આવે તેને બદલે ૧૦ કેજ્યુઅલ રજા આપવી જોઈએ કે કેમ?

- દરેક કામદારોને ધોલાઇ ભથ્થુ માસીક રૂા. ૧૦૦/- આપવું જોઈએ કે કેમ અથવા સારી ક્વોલીટીના સાબુ નંગ-૧૦ આપવા જોઈએ કે કેમ?

-કામદારોને ફેસ્ટીવલ એડવાન્સ રૂા. ૨૦૦૦/- ચુકવવું જોઈએ કે કેમ? તથા કામદારોને હાલમાં જે ૫ હોલીડે આપવામાં આવે છે. તેમાં વધારો કરવો જોઈએ કે કેમ? તથા સીકલીવ પગાર વર્ષે ૧૦ આપવી જોઈએ કે કેમ?

રાજકોટ, તારીખ ૨૬મી જુન, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૮૫/ઔ.વિ.રે/૧૭૯-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજકોટ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) જ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. રાજકોટ વિભાગના કન્ડકટરશ્રી સુખદેવ ડાહ્યાલાલ પંડયાને તા.૧૪-૩-૨૦૦૦ના હુકમથી વાર્ષિક પગાર વધારો પાંચ વરસની મુદત માટે કાયમી અસરથી બંધ કરવાનો કરેલ રદ્ કરી તે હુકમ તેટલી સજા પુરતો રદ કરી પગાર તફાવતની રકમ સામાવાળાએ ૧૮ % વ્યાજ સહિત ચુકવી આપવી જોઇએ કે કેમ?

રાજકોટ, તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૮૪/ઔ.વિ.રે/૧૭૮-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજકોટ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) જ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. રાજકોટ વિભાગના ડ્રાઈવર તરીકે ફરજો બજાવતાં ભરતસિંહ અમુભા જાડેજાને તા. ૨૭-૨-૨૦૦૨ના દફતરી હુકમથી તેઓને મળતા પગાર ધોરણ ઉપરથી નીચે ઉતારી ડ્રાયવર કક્ષાના મુળ પગાર ઉપર મુકવાનો કરેલ હુકમ રદ્દ કરી આર્થીક નુકશાનીની રકમ (પગાર તફાવત અને એરીયર્સ) ૧૮% વ્યાજ સાથે ચુકવી આપવી જોઈએ કે કેમ?

રાજકોટ, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૮૩/ઔ.વિ.રે/૧૭૭-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજકોટ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) જ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. રાજકોટ વિભાગના રાજકોટ ડેપોમાં કન્ડકટર તરીકે ફરજો બજાવતાં શ્રી જયંતીગર ઉમરાગર ગોસ્વામી બેજ નં. ૬૭૮૫ને તા. ૧-૬-૧૯૮૭થી અમલમાં આવેલ સેટલમેન્ટના વિકલ્પનો લાભ આપવો જોઈએ કે કેમ?

રાજકોટ, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૮૨/ઔ.વિ.રે/૧૭૬-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ જનરલ મેનેજરશ્રી, (એચઆરડી) ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) જ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત વિદ્યુત બોર્ડ, રાજકોટ સર્કલ ઓફીસ, રાજકોટ ઓડીટ વિભાગમાં જુનીયર આસી. તરીકે ફરજ બજાવતાં શ્રી એ. જી. જોષીને જુનીયર આસી. તરીકે તારીખ ૫-૯-૧૯૮૬ને બદલે તારીખ ૨૨-૧૧-૧૯૮૩ ગણીને ન્યાય આપવો જોઈએ કે કેમ?

રાજકોટ, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૧૮૧/ઔ.વિ.રે/૧૭૫-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ જનરલ મેનેજરશ્રી, (એઆરડી) ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

૪. મુખ્ય લાઈનમાં પ્રેશર ચેક કરવા, ૧ એર પ્રેશર, ૨ પાણીનું પ્રેશર, ૩ સ્ટીમનું પ્રેશર.

૫. તૈયાર કરેલા કેરીયર બરાબર લોડ કરેલ છે કે નહી તે ચેક કરવું.

૬. ડાઈંગનો પ્રોગ્રામ સુચના મુજબ પેનલમાં લોડ કરવો.

૭. ડાઈંગનો રીપોર્ટ શીફ્ટ પ્રમાણે ચાર્ટ ભરવો.

૮. ડાઈંગ પુરુ થયા પછી સેમ્પલ કાર્ડ અને ચોપડામાં લગાવવાનું રહેશે.

૯. તૈયાર થયેલ સેડની આટીને જરૂરીયાત મુજબ પ્રોસેસ કરવી.

૨. ફ્રેન્ગ હેલ્પર :

૧. પ્રોગ્રામ પ્રમાણે દરેક મશીનમાં કેરીયર લોડ કરવા.

૨. દરેક મશીના પોગ્રામ પ્રમાણે કલર કેમીકલ વજન કરાવી દરેક મશીન પાસે ટાંકીને તૈયાર અને પ્રોગ્રામ પ્રમાણે મશીનમાં નાખવા.

૩. દરેક કલર અને કેમીકલ બરાબર સુચના મુજબ ઓગાળી ગળણાથી ગાળીને તૈયાર રાખવા પ્રોગ્રામ પ્રમાણે મશીનમાં નાખવા.

૪. ચાલુ મશીનમા પેરા મીટર ચેક કરવા પ્રોગ્રામ પ્રમાણે છે કે નહી તે ચેક કરવુ.

૧. મશીનનુ પ્રેશર, ૨. મશીનનુ સરક્યુલેશન, ૩. ફ્લો એન્ગલ અથવા ફ્લોરેટ, ૪. ટેમ્પરેચર, ૫. ટાઈમ, ૬. ઓપરેટર કોલ અને એડીશનલ કોલને એટેન્ડ કરવો.

૫. સેમ્પલ કોલ વખતે સેમ્પલ સુપરવાઈઝરને બતાવવુ.

૬. મશીન ખાતું હંમેશા સાફ અને ચોખ્ખું રાખવુ.

૭. દરેક વસ્તુ તેની નિયત જગ્યાએજ મુકવી.

૮. પછીની પ્રોસેસ માટેના કેમીકલ દરેક મશીન પાસે તૈયાર રાખવા.

૯. ડાઈંગ પુરુ થયા પછી સેમ્પલ કાર્ડ અને ચોપડામાં લગાવવાનું રહેશે.

૩. આર.એફ. ડ્રાયર હાઈડ્રો એક્સ્ટ્રેક્ટર ઓપરેટર :

૧. હાઈડ્રો એક્સ્ટ્રેક્ટરમાં પ્રોગ્રામ પ્રમાણે પેકેજ લોડ કરવા અને એક્સ્ટ્રેક્ટર થયેલા પેકેજ ખાલી કરી બાસ્કેટ અથવા આર. એફ. ડ્રાયરમા ગોઠવવા.

૨. હાઈડ્રો એસ્ટ્રેક્ટરમાં સુચના પ્રમાણે સ્પીડ અને સમય રાખવા.

૩. ખાલી થયેલ કેરીયર બાજુ પર મુકી નવું કેરીયર મશીન પાસે મુકવું.

૫. મશીનમાં પેકેજ લોટ પ્રમાણે એકસ્ટ્રેકટર કરી આર.એફ. ડ્રાયરમા લોટ પ્રમાણ નાખવાના રહેશે.

૬. હાઈડ્રો એકસ્ટ્રેકટરના ચોપડામા પેકેજનુ પહેલાનું વજન અને પછીનું વજન લખી મોઈસ્ચર ચેક કરવા રહેશે.

૭. આર. એફ. ડાયર ચાલુ કરતા પહેલા ઠંડા પાણીનુ ટેમ્પરેચર પ્રેશર ચેક કરવાનું રહેશે.

૮. આર.એફ. ડ્રાયર ચાલુ કરતા પહેલા ઠંડા પાણીનું ટેમ્પરેચર પ્રેશર ચેક કરવાનું રહેશે. અને ડીસ્ટીલ વોટરનું લેવલ ચેક કરવું આર. એફ. ડ્રાયરમાં બેલ્ટ સ્પીડ સુપરવાઈઝરને પુછીને નક્કી કરેલ સ્પીડ મુકવી.

૯. ચાલુ મશીનમાં પાણીનું પ્રેસર, ટેમ્પરેચર અને લેવલ ચેક કરવા અને બરાબર ન હોય તો બેલ્ટ બંધ કરવો અને સુપરવાઈઝરને જાણ કરવી.

૧૦. મશીનની સફાઈ બરાબર રાખવી અને પ્રોડકશનના ચોપડામાં પ્રોડકશન ભરવુ.

૧૧. સલામતી માટેના સીલીન્ડરનો ઉપયોગ આગ લાગે ત્યારે કરવો.

૧૨. ભવિષ્યમાં રેપીડ ડ્રાયર મશીન આવે તો આ મશીન ચલાવવાનું રહેશે.

૪. આર.એફ. ડ્રાયર હાઈડ્રો એકસ્ટ્રેકટર હેલ્પર :

૧. હાઈડ્રો એકસ્ટ્રેકટરના પેકેજ હંમેશા ગોઠવીને બાસ્કેટમાં મુકવા.

૨. સુપરવાઈઝરની સુચના સિવાય હાઈડ્રો એક્સ્ટ્રેકટરની સ્પીડ અથવા સમય બદલવો નહીં.

૩. આર. એફ. ડ્રાયરના બેલ્ટ ઉપર પેકેજ નિયત કરેલ અંતરે અને ગોઠવણી પ્રમાણે મુકવાના રહેશે.

૪. હિસાકા અને ફોન્ગસનાં ખાલી કેરીયર વ્યવસ્થિત નક્કી કરેલ જગ્યાએ મુકવાનાં રહેશે.

૫. આર. એફ. ડ્રાયરને એરથી સાફ કરવુ.

૬. આર. એફ. ડ્રાયરની અંદર કોઈપણ મેટલનો ટુકડો જાય નહી તેનું ધ્યાન રાખવુ.

૭. ચાલુ મશીનમા અંડર અવાર નવાર ચેક કરતા રહેવુ.

૮. ડ્રાયર પછી દરેક પેકેજને સુપરવાઈઝર પાસેથી લેબલ લઈ લેબલ [illegible]

INDEX

૯. સુકવેલા પેકેજ બાસ્કેટમાં ગોઠવીને મુકવા અને વજન કરી લેબલ લગાવવું.

૧૦. પ્રોડકશન રીપોર્ટમાં પ્રોડકશન ભરવું.

૧૧. મશીનની આજુબાજુ સફાઈ રાખવી અને વસ્તુઓ બરાબર વ્યવસ્થીત રાખવી.

૫. ફીટર :

૧. દરેક મશીનના મેન્ટેનન્સ શીડયુલ પ્રમાણે મેન્ટેનન્સ કરવાનું રહેશે.

૨. પુરા કરેલ કામની વિગત સુપરવાઈઝરને જણાવવાનું રહેશે.

૩. ખરાબ થયેલ સ્પેર સુપરવાઈઝરને જમા કરાવવાનું રહેશે.

૪. નવા જરૂરી સ્પેર માટે સુપરવાઈઝરને જાણ કરવી.

૫. ઓઈલીંગ ગ્રીસીંગ અને રીપેરીંગ પછી મશીન સાફ રાખવું.

૬. કલર કેમીકલ વેયર :

૧. વજન કાટાઓ હંમેશા સાફ રાખવા અને તેનું ચેક કરવું.

૨. કલર અને કેમીકલનુ પ્રોગ્રામની ચીઠ્ઠી પ્રમાણે બરોબર વજન કરવું.

૩. કલર અને કેમીકલના ડ્રમ કે કેરબા હંમેશા ઢાંકીને રાખવા.

૪. ખાલી બાટલીઓ કે બાઉલ અને કેરબા સાફ કરીને વ્યવસ્થીત મુકવા.

૫. કલર અને કેમીકલ રૂમ હમેશા સાફ રાખવો.

૬. વજન કરેલ કલર અને કેમીકલ પર લેબલ લગાવવું.

૭. રોજ રોજના સ્ટોકની સુપરવાઈઝરને જાણ કરવી.

૭. યાર્ન ગોડાઉન કુલી :

૧. એરજેટ અને વોર્પિંગ ખાતામાથી પાછો આવેલ માલ (બોબિન્ન) લેબલ પ્રમાણે ચેક કરવા.

૨. યાર્ન પેકેજ શેડ કાઉન્ટ પ્રમાણે તેના યોગ્ય કબાટમાં ગોઠવવાના રહેશે.

૩. કબાટમાં મુકેલા પેકેટના વજન અને નંગ ચોપડામા જમા કરાવવાના રહેશે અને કબાટ નંબર પ્રમાણે કોન આસીસ્ટંટને રીપોર્ટ આપવો.

૪. સુપરવાઈઝરની સુચના અનુસાર એરજેટ અને વોર્પિંગ અથવા સેમ્પલ માટે માલ વજન અને નંગ પ્રમાણે આપવો અને તેની નોંધ ચોપડામાં કરવી.

૮. મટીરીયલ ટ્રાન્સપોર્ટર એન્ડ લોડર :

૧. મોજાં માટેના નીટીંગ મશીનને દરરોજ ઓઈલીંગ કરી ચલાવવા.

INDEX

૨. રંગીન માલના રીવાઈન્ડીંગ માંથી દરેક લોટના લેબર સાથેના ત્રણ ભાગ લાવવા.

૩. દરેક શેડના ત્રણ ભાગને સુચના પ્રમાણે મશીન પર મોજા બનાવવા.

૪. દરેક મોજાં ઉપર કલર કાઉન્ટ તારીખ અને નંબરના સ્ટીકર લગાવવા.

૫. દરેક તૈયાર થયેલ મોજા સુપરવાઈઝરને સોંપવા.

૬. મશીન અને તેની આજુબાજુનો વિસ્તાર સાફ અને વ્યવસ્થીત રાખવો.

૭. ખાતાની રીપોર્ટની આપ-લે માટેની જનરલ સર્વિસ કરવાની રહેશે.

બાબુભાઈ અમીપુરા,
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ.

પી. જે. જસાણી,
જનરલ મેનેજર,
આશીમા સ્પીનફેબ,
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ),
અમદાવાદ.

જે. જી. મુખી,
સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૨.

અમદાવાદ, તા. ૩૦મી ઓક્ટોબર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૧૯-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક (ગુજરાત)

નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ. રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના નવેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

આંક- ૯

શ્રી ડી.એન. બારોટ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં.૧, રાજકોટ સમક્ષ

રેફરન્સ આઈ. સી. નં. ૧૭/૯૦.

મીલ કામદાર મંડળ, રાજકોટ ... ... **અરજદાર;**

વિરુધ્ધ

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ. રાજકોટ ... ... **સામાવાળા.**

અરજદાર તરફે વકીલ શ્રી દિલીપભાઈ ઠાકર,
સામાવાળા તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

ચુકાદો

આ ઔદ્યોગિક વિવાદ રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, લિ., રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટ વચ્ચેનો છે. આ વિવાદ નવનીતલાલ દયાશંકરની જન્મતારીખ સુધારવા અંગે ઉપસ્થિત કરવામાં આવેલ છે.

આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. તદ્અન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૮ નું એક સમાધાનપત્ર રજૂ કરી સમાધાન મુજબ એવોર્ડ કરી આપવા જણાવેલ છે. આ સમાધાનમાંની શરતો હું જોઈ ગયો છું અને તે ન્યાયી અને વાજબી જણાય છે અને આ સમાધાન કબૂલ કરતા હોવા અંગે બંને પક્ષકારોએ તે નીચે સહીઓ પણ કરી આપેલ છે. સબબ આ સમાધાન મુજબ એવોર્ડ કરવામાં મને વાંધો જણાતો નથી, અને આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આંક-૮ નાં સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરવામાં આવે છે. આંક-૮ ને આ એવોર્ડનો અંતર્ગત ભાગ ગણવો. આંક-૮ માં જણાવેલ શરતો મુજબ બંને પક્ષકારોએ વર્તવું.

રાજકોટ, તારીખ ૨જી મે, ૨૦૦૨.

ડી. એન. બારોટ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૨૦-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ. રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના નવેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

INDEX

આંક- ૮

શ્રી ડી.એન. બારોટ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં.૧, રાજકોટ સમક્ષ

રેફરન્સ આઈ. સી. આર. નં. ૨૭/૯૦.

મીલ કામદાર મંડળ, રાજકોટ ... ... **અરજદાર;**

વિરુધ્ધ

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ., રાજકોટ ... ... **સામાવાળા.**

અરજદાર તરફે વકીલ શ્રી દિલીપભાઈ ઠાકર

સામાવાળા તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

ચુકાદો

આ ઔદ્યોગિક વિવાદ મીલ કામદાર મંડળ, રાજકોટ અને રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, લિ., રાજકોટ વચ્ચેનો છે. આ વિવાદ ગંભીરસિંહ રામસિંહની જન્મતારીખ સુધારવા અંગે આ અદાલત સમક્ષ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બ જી પણ ગઈ હતી. તદ્અન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૭ નું એક સમાધાનપત્ર રજૂ કરી સમાધાન મુજબ એવોર્ડ કરી આપવા જણાવેલ છે. આ સમાધાનમાંની શરતો હું જોઈ ગયો છું અને તે ન્યાયી અને વાજબી જણાય છે અને આ સમાધાન કબૂલ કરતા હોવા અંગે બંને પક્ષકારોએ તે નીચે સહીઓ પણ કરી આપેલ છે. સબબ આ સમાધાન મુજબ એવોર્ડ કરવામાં મને વાંધો જણાતો નથી અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૭નાં સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરવામાં આવે છે. આંક-૭ને

INDEX

આ એવોર્ડનો અંતર્ગત ભાગ ગણવો. આંક-૭ માં જણાવેલ શરતો મુજબ બંને પક્ષકારોએ વર્તવું.

રાજકોટ, તારીખ ૨જી મે, ૨૦૦૨.

ડી. એન. બારોટ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૨૧-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ. રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના નવેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

આંક- ૭

શ્રી ડી.એન. બારોટ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં.૧, રાજકોટ સમક્ષ

રેફરન્સ આઈ. સી. આર. નં. ૧/૯૨.

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ. રાજકોટ ... ... **... અરજદાર;**

વિરુધ્ધ

I-L-327

મીલ કામદાર મંડળ, રાજકોટ ... ... **... સામાવાળા.**

અરજદાર તરફે વકીલ શ્રી દિલીપભાઈ ઠાકર,

સામાવાળા તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

ચુકાદો

આ ઔદ્યોગિક વિવાદ રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ. રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટ વચ્ચેનો છે. આ વિવાદ રૂપસીંગભાઈ વાઘજીની ખાલી પડેલ જગ્યા પર સીનીયર મોસ્ટ બદલી કામદારને ગોઠવવા અંગે ઉપસ્થિત કરવામાં આવેલ છે.

આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બાંજી પણ ગઈ હતી. તદ્અન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૬ નું એક સમાધાનપત્ર રજૂ કરી સમાધાન મુજબ એવોર્ડ કરી આપવા જણાવેલ છે. આ સમાધાનમાંની શરતો હું જોઈ ગયો છું અને તે ન્યાયી અને વાજબી જણાય છે અને આ સમાધાન કબૂલ કરતા હોવા અંગે બંને પક્ષકારોએ તે નીચે સહીઓ પણ કરી આપી છે. સબબ આ સમાધાન મુજબ એવોર્ડ કરવામાં મને વાંધો નથી અને આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :–

હુકમ

આંક-૬નાં સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરવામાં આવે છે. આંક-૬ ને આ એવોર્ડનો અંતર્ગત ભાગ ગણવો. આંક-૬ માં જણાવેલ શરતો મુજબ બંને પક્ષકારોએ વર્તવું.

રાજકોટ, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૨.

ડી. એન. હુરોટ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સરકારી પ્રેસ, વડોદરા.

INDEX

[PART I—L]

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 8, *Gujarat Government Gazette,* Part I—L, dated 20th February, 2003 and for pages VAD-1919 to VAD-2410 (in 1 set) *read* page Nos. 2523 to 3014.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૮માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૯૧૯ થી વીએડી-૨૪૧૦ (૧ બંચમાં) ને પાન નંબર ૨૫૨૩ થી ૩૦૧૪ વાંચવા.

Vadodara, 20th, February 2003.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ./૪૪/૧૦૦/૨૦૦૨.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧. કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા × મ) વિભાગ, સુરેન્દ્રનગર, ૨. નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત (મા × મ) પે.વિ., લીમડી, ૩. નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, આયોજન પંચાયત (મા×મ)વિ. સુરેન્દ્રનગર અને તેમાં કામ કરતાં કામદારોશ્રી કાનજીભાઈ બોધાભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮ (૩)ઝ સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૩)ના પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) ની પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એન. સી. દવે, ઈ/ચા. મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર-૮૨/આઈડીએ-૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪)થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી કાનજીભાઈ બોધાભાઈને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

સુરેન્દ્રનગર, તારીખ ૨૯મી જુન, ૨૦૦૨.

એન. સી. દવે,
ઈ./ચા. મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૦૦૨/૧૦૭૨.- નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગ્રામ વિકાસ એજન્સી, રાણાવાવ તથા તેના કામદાર શ્રીમતી હંસાબેન રમેશગર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/-/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) પેટા-વિભાગ સી ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી હંસાબેન રમેશગર મુ. રાણાવાવને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૩જી જુલાઈ, ૨૦૦૨.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/પોર/૨૦૦૨/૯૬૮.- નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર પરદેશી ઓઇલમીલ એન્ડ જીનીંગ ફેકટરી, કુતિયાણા તથા તેના કામદાર હમીર ભીમા ઓંદરવા વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/-/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) પેટા-વિભાગ સી ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી હમીર ભીમા ઓંદરવાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૧૫મી જુન, ૨૦૦૨.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૭૪૭/૫.૫/આઇડીઆર/એજે/૬૩/૨૦૦૨.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૦૦૧/૧૭૩/આઇડીબી/૧૦૨૦૦૧/૬૦૭-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રુએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી, ઔદ્યોગિક ન્યાયપંચ-૧, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

ગુજરાત વિદ્યુત બોર્ડના જી.એસ.ઓ.૩૧૫ તારીખ ૧૦મી જુલાઇ, ૧૯૯૦ મુજબની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોવા છતાં ખાતાકીય ટેકનીકલ કર્મચારીઓ હેલ્પર/આસિસ્ટન્ટ લાઇનમેન/લાઇનમેનની કેટેગરીને બઢતી હાયરગ્રેડથી વંચિત રાખવામાં આવ્યા હોય તેવા તમામ કામદારોને તેમને મળવાપાત્ર જે તે તારીખથી બઢતી/હાયરગ્રેડ આપવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

અનુસૂચિ

(૧) પેન્શન પાત્ર કામદારોને માટે ઝોન વાઇઝ અલગ નંબર આર.પી.એફ. માંથી મેળવી પેન્શન યોજના સરળ બનાવવી કે કેમ ?

(૨) તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ થી તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૦ સુધીનું નવા પગાર ધોરણ મુજબનું ચડત એરીયર્સ એક સાથે એકજ હપ્તે ચૂકવી આપવું કે કેમ ?

(૩) તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૭ થી શરૂ થયેલ નવા સેટલમેન્ટના નાણાંકીય બાબતે (ભાગ-૨) સિવાયની માંગણી માટે તાત્કાલીક ચર્ચા યોજી નિકાલ કરવો કે કેમ ?

(૪) પાર્ટ-ટાઇમ કામદારોના કામના કલાકો વધારી આપવો કે કેમ ?

(૫) શહેરી વિસ્તાર વધતાં શેડયુલ રનીંગ ટાઇમ વધારવાને બદલે દિન પ્રતિદિન શેડયુલ રનીંગ ટાઇમ બીન કાયદેસર ઘટાડવામાં આવે કે કેમ?

(૬) સંગઠનના નામ પર કામચોરી કરનાર સામે પગલાં ભરવા કે કેમ ?

(૭) કામદારોના ડીફોલ્ટ કેઇસો/કોર્ટ કેઇસોને લોક અદાલત યોજી કેસોનો નિકાલ કરવો કે કેમ ?

અમદાવાદ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૨.

પી.કે.ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એસએચએમસી/૩૩૭૪૦/૫.૫./આઇડીઆર-એજે/૭૪/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કે.એચ.બાર.૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજૂર કમિશનર, અમમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૧, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

મજુર કમિશનર અમદાવાદ દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમ/સી/૩૩૭૩૮/પ.પ./આઇડીઆર/એજે/ ૬૧/ ૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર / ૨૦૦૧ / ૧૭૩/આઇડીએ/ ૧૦૨૦૦૧/૬૦૭/મ/(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ ૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રુએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

૧. પગાર વધારો : દરેક કામદારો / કર્મચારીઓના મૂળ પગારમાં રૂા. ૩૦૦૦/-નો વધારો કરવો કે કેમ ?

૨. મોઘવારી ભથ્થું : હાલમાં મોંઘવારી ભથ્થાંની ગણતરી ૧,૨૪૫/-ના સરાસરી ભાવાંક બાદ વધતાં ભાવાંક માટે દર પાંચ પોઇન્ટે રૂા. ૫.૨૦/- લેખે ગણવામાં આવે છે. તેમાં ફેરફાર કરી દર પાંચ પોઇન્ટે રૂા.૬.૫૦/- પૈસાની વધઘટ કરવી કે કેમ ?

૩. સીટી એલાઉન્સ : દરેક કામદાર / કર્મચારીને મૂળ પગારના ૭૫% આપવા કે કેમ ?

૪. કન્વેયન્સ એલાઉન્સ : દરેક કામદાર / કર્મચારીને રૂા. ૫૦૦/- આપવા કે કેમ ?

૫. મકાનભાડું : દરેક કામદાર / કર્મચારીને મૂળ પગારના ૪૦% આપવું કે કેમ ?

૬. સાયકલ એલાઉન્સ : દરેક કામદાર / કર્મચારીને રૂા. ૪૦૦/- આપવા કે કેમ ?

૭. પ્રવાસ ભથ્થું : દરેક કામદાર / કર્મચારીને વાર્ષિક રૂા. ૪૮૦૦/- આપવા કે કેમ ?

૮. ધોલાઇ ભથ્થું : બે જોડી ગણવેશની ધોલાઇના માસિક રૂા. ૫૦.૦૦ આપવા કે કેમ?

૯. હકક રજા : ૧૨ દિવસની હાજરી દીઠ એક રજા આપવી કે કેમ ?

૧૦. આકસ્મિક રજા : દરેક કામદાર/કર્મચારીને વર્ષે ૧૨ રજા આપવી કે કેમ ?

૧૧. માંદગીની રજા : દરેક કામદાર / કર્મચારીને વર્ષે ૧૨ રજા આપવી કે કેમ ?

INDEX

૧૨. તહેવારોની રજા : અઠવાડિક રજા ઉપરાંત નીચે જણાવેલ ૨૦ તહેવારોની રજા આપવી કે કેમ ? પ્રજાસત્તાકદિન, ધુળેટી, રક્ષાબંધન, સ્વાતંત્ર્યદિન, દશેરા, મકરસંક્રાંતિ, દિવાળી, બેસતું વર્ષ, રમજાન ઇદ, જન્માષ્ટમી, ભાઇબીજ, રામનવમી, મહોરમ, આંબેડકર જયંતિ, મજૂરદિન, ગાંધીજયંતિ, સરદાર જયંતિ, મહાવીર જયંતિ, મહાશિવરાત્રી, ગણેશચતુર્થી.

૧૩. વાહન ખરીદી ઉપાડ : દરેક કામદાર/કર્મચારીને રૂા.૨૫,૦૦૦/- લોન આપવી કે કેમ ?

૧૪. કેશિયર એલાઉન્સ : સિનીયર કેશીયરને રૂા. ૨૫૦/- તથા જુનિયર કેશીયરને રૂા.૨૦૦/-કેશીયર ભથ્થું માસિક આપવું કે કેમ?

૧૫. પ્રિમાઇસીસ રુમ : નવજીવન ટ્રસ્ટ કામદાર મંડળને ઓફિસ માટે રુમ ફાળવવી કે કેમ ?

૧૬. શિક્ષણ રાહત : દરેક કામદાર / કર્મચારીને વાર્ષિક રૂા. ૫૦૦/- આપવા કે કેમ ?

૧૭. સિનિયોરીટી : દરેક કામદાર / કર્મચારીને એક વર્ષના રૂા. ૧૦/- લેખે જેટલા વર્ષ નોકરી કરી હોય તેટલા વર્ષના રૂા. ૧૦/-ના ગુણાંક મૂળ પગારમાં ઉમેરવા કે કેમ ?

૧૮. બૂટ અને રેઇન કોટ : દરેક કામદાર / કર્મચારીને વર્ષે બે જોડી બૂટ જાન્યુઆરી-૧૫ તારીખ પહેલા તથા જૂન-૧૫ તારીખ પહેલા આપવા તથા એક વર્ષે રેઇન કોટ આપવો કે કેમ ?

INDEX

૧૯. સ્વાસ્થ્ય અંગે : દરેક કામદારને રોજ ૫૦૦ ગ્રામ દૂધ આપવું કે કેમ?

૨૦. મકાન ફાળવણી : સંસ્થાના થોડાક વર્ષોથી ખાલી પડેલા ક્વાર્ટર્સ તથા બ્લોક સંસ્થાના કામદાર/કર્મચારીને ફાળવવા કે કેમ ?

૨૧. મકાન અંગે : દરેક કામદાર/કર્મચારીને મકાનની સગવડ આપવી અથવા રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) મકાન માટે લોન આપવી કે કેમ?

૨૨. ગ્રેજ્યુઇટી : નિવૃત્ત થતાં તથા રાજીનામું આપી છૂટા થતા કામદાર/કર્મચારીને તેની ગ્રેજ્યુઇટી ૪૦ પગાર આપવી કે કેમ ?

૨૩. નિવૃત્તિ : દરેક કામદાર/કર્મચારીની નિવૃત્તિની વય મર્યાદા ૬૫ વર્ષ કરવી કે કેમ ?

૨૪. ભથ્થું : સંસ્થાની બહાર સંસ્થાના કામ માટે જે કામદાર/કર્મચારીને જવું પડે તેમને દિવસ દીઠ રૂા. ૧૫૦/- તથા દિવસ રાત્રિ દીઠ રૂા. ૨૫૦/- ભથ્થું તરીકે આપવા કે કેમ ?

ઉપરોક્ત તમામ માંગણીઓની અસર તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૦૧ થી મળવી જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજૂર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ / એસએચએમસી / ૩૩૭૩૯/પ.પ/આઇડીઆર/એજે/૭૨/ ૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વાડીલાલ ઇન્ડસ્ટ્રીઝ લી., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર / ૨૦૦૧ / ૧૭૩/આઇડીએ/ ૧૦૨૦૦૧/૬૦૭/મ/(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રુએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) પ્રત્યેક કામદારોના હાલના મુળ પગારમાં દૈનિક રૂ. ૨૫/-નો વધારો કરવો કે કેમ ?

(૨) હાલમાં મળતા મોંઘવારી ભથ્થાને બદલે સીમલા ઇન્ડેક્ષના પોઇન્ટ નં. ૧.૧૦ સાથે સાંકળી મોંઘવારી ભથ્થું ચુકવવું કે કેમ ?

(૩) પ્રત્યેક કામદારને વર્ષે ૩ જોડી ટેરીકોટન યુનીફોર્મ આપવા કે કેમ ?

(૪) પ્રત્યેક કામદારને વાર્ષિક ૩૦ હકરજા આપવી કે કેમ

(૫) પ્રત્યેક કામદારને ૧૫ કેજ્યુઅલ રજા તેમજ (૧) ૧૪ જાન્યુઆરી, (૨) ૨૬ જાન્યુઆરી, (૩) ૧૫ ઓગષ્ટ, (૪) જન્માષ્ટમી, (૫) રક્ષાબંધન, (૬) ધુળેટી, (૭) મહાશિવરાત્રી, (૮) દિવાળી, (૯) બેસતું વર્ષ, (૧૦) ભાઇબીજની રજાઓ આપવી કે કેમ ?

(૬) જે કામદારોએ ૫ વર્ષ જેટલી સળંગ નોકરી કરી હોય તે દરેકને કાયમી કરી, કાયમી પાસ આપી તેઓને કાયમી કામદારને મળતો પગાર આપવો કે કેમ ?

(૭) સીનીયર કામદારો અને જુનીયર કામદારો વચ્ચે પે એનોમલી દૂર કરવી કે કેમ ?

(૮) સ્ત્રી કામદારોને માસિક રૂા. ૧૫૦/- વોશીંગ એલાવન્સ આપવું કે કેમ ?

(૯) દરેક પુરૂષ કામદારોને વર્ષે ૩ જોડી સારી કવોલીટીના બુટ અને દરેક સ્ત્રી કામદારોને વર્ષે ૩ જોડી સારી કવોલીટીના ચંપલ આપવા કે કેમ ?

(૧૦) દરેક કામદારને માસિક રૂા. ૪૦૦/- ઘરભાડું આપવું કે કેમ ?

(૧૧) દરેક કામદારને તેમના બે સંતાનોની સ્કૂલ ફી આપવી કે કેમ ?

તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૧ થી ઉકત તમામ માંગણીઓનો અમલ કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજૂર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એસએચએમસી/૩૩૭૪૧/૫.૫./ આઇડીઆર/ એજે/ ૬૨/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઇન્ડસ્ટ્રીયલ જ્વેલર્સ પ્રા.લી.ભાવનગર.અને તેના કામદારો વચ્ચેનીછે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર,૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલછે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજૂર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) તમામ કામદારોને તેઓને મળતા અંગત પગાર દૈનિક રૂ.૧૧/- માં દૈનિક રૂ.૨૫/- નો વધારો કરાવી આપવો કે કેમ ?
ઉપરોક્ત પગાર હાલ જે કામદારોને મળતા હોય તેવા તમામ કામદારોને રોજના રૂ.૨૫ આપવો કે કેમ ?

(૨) કારખાનામાં હાલમાં જે પગાર ધોરણ છે તેમાં નીચેની વિગતેના નવા પગાર ધોરણોનો અમલ કરવો કે કેમ ?

ગ્રેડ	બેઝીક	ઇન્ક્રીમેન્ટ	ઇ.બી.	ઇન્ક્રીમેટ	કુલ
ફર્સ્ટ	૬-૦૦	૧-૦૦	૧૧-૦૦	૧-૫૦	૨૩-૦૦
સેકન્ડ	૭-૦૦	૧-૫૦	૧૪-૫૦	૨-૦૦	૩૦-૫૦
થર્ડ	૮-૦૦	૨-૦૦	૧૮-૦૦	૨-૦૦	૩૮-૦૦
ફોર્થ	૯-૦૦	૨-૫૦	૨૧-૫૦	૩-૦૦	૪૫-૫૦
ફીફથ	૧૦-૦૦	૩-૦૦	૨૫-૦૦	૩-૫૦	૫૩-૦૦

ઉક્ત પગાર ધોરણમાં હાલમાં જે કામદારો અગાઉના પગાર ધોરણમાં જે પગાર મેળવી રહયા હોય તેમાં સુધારેલા પગાર ધોરણના ૩ ઇજાફા વધારી પગાર ફીક્સ કરવો કે કેમ ? તેમજ ટેમ્પરરી, અજમાયશી, વિગેરે જુદા જુદા પ્રકારના કામદારો કે જેઓએ એક વર્ષની નોકરી હોય તેવા તમામ કામદારોને કાયમી કરવા અને તેઓને તે મુજબના પગાર વિગેરે લાભો આપવા કે કેમ ?

ઉક્ત પગાર સુધારણાની માંગણીમાં લાવાઝ બ્રોચ એન્ડ ડાયમંડ, ગ્લાસીઝ, મેઇન્ટેનસ, વર્કશોપ, વર્કસ એન્ડ વોર્ડ, ડ્રાઇવર વિગેરે ખાતાઓ અને કેટેગરીની કામગીરીને લક્ષમાં લઇ ઉપર ફર્સ્ટ થી ફીફથના પગાર ગ્રેડમાં યોગ્ય રીતે અપ-ગ્રેડ કરવા કે કેમ ?

(૩) તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮ થી સમજુતી મુજબ એડવાન્સ ડી.એ. નો લાભ અપાતા હાલ દૈનિક રૂ. ૮૧-૦૦ મોંઘવારી ભથ્થુ મળે છે, તેમાં તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૧ થી ૨૦ ટકાનો વધારો કરી આપવો કે કેમ ?

(૪) તમામ કામદારોને ૨૦૦૧-૨૦૦૨ના બ્લોક માટે રૂ. ૨૫૦૦/- લીવ ટ્રાવેલ કન્સેસન આપવું કે કેમ ?

(૫) મકાન ભાડા ભથ્થા તરીકે હાલ જે દૈનિક રૂ.૪.૫૦ મળે છે તેને બદલે તમામ કામદારોને માસિક રૂ. ૩૦૦/- મકાન ભાડા ભથ્થાની રકમ ચુકવવી કે કેમ ?

(૬) કન્વેનીયન્સ એલાઉન્સ હાલ દૈનિક રૂ. ૨.૫૦ના બદલે તમામ કામદારોને કન્વેનીયન્સ એલાઉન્સ માસિક રૂ.૩૦૦/- આપવું કે કેમ?

(૭) હાલના હકક રજાના ધોરણના બદલે જે તે કામદારની દર ૧૨ દિવસની હાજરી દીઠ/મળેલ પગાર દીઠ એક હકક રજા એ રીતે હકક રજા ચડતા પગારે આપવી કે કેમ ? કોઇ કામદારની અન્ય પગારી રજા ન હોય ત્યારે અરજીને લક્ષે લઇ એક હકક રજા મંજુર કરવી કે કેમ ?

(૮) હાલ જે ૭ કેજ્યુઅલ લીવ આપવામાં આવે છે, તેને બદલે ૨૦૦૧ થી વાર્ષિક ૧૦ દિવસની ભર પગારે કેજ્યુઅલ લીવ મંજુર કરવી કે કેમ ?

(૯) હાલ જે પાંચ સીક લીવ આપવામાં આવે છે, તેમાં ૨૦૦૧ થી વાર્ષિક ૮ દિવસની માંદગીની રજા મંજુર કરવી કે કેમ ?

(૧૦) હાલ રાષ્ટ્રીય તહેવારો અને ૩ ફેસ્ટીવલ હોલીડે ભર પગારે આપવામાં આવે છે તેમાં ૨૦૦૧ના વર્ષથી મકર સંક્રાંતિ, શીવરાત્રી, ધુળેટી, રામનવમી, રક્ષાબંધન, દશેરા, ભાઇબીજની એમ ૭ વધારાની ફેસ્ટીવલ ભરપગારે રજાઓ આપવી કે કેમ? આવી રજા અઠવાડીક રજાના દિવસે આવે તો તે માટે પરામર્શ કરી યોગ્ય ગોઠવણી કરવી કે કેમ ?

ઉપરોકત તમામ માંગણીઓનો અમલ તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૧થી કરવો કેમ?

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એસએચએમસી/૩૩૭૪૨/પ.પ./આઇડીઆર-એજે/૫૭/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એચ.એમ.પી. એન્જીનીયર્સ લી., સુરત અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર.૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માંની) કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

તારીખ ૨૭ જાન્યુઆરી ૨૦૦૨ના રોજથી કંપનીએ ગેરકાયદેસર કલોઝર કર્યું હોય જેથી જ્યાં સુધી તે ચાલુ રહે ત્યાં સુધીના સમયનો માસો- માસ પગાર હમો યુનીયનમાં આપની કંપનીના કામદાર કર્મચારીઓને આ નોટીસ મળ્યે મુદત દરમ્યાન ચુકવી આપવો કે કેમ ? તથા ચઢી ગયેલ બાકી પગાર પણ તાત્કાલીક મુદતમાં ચૂકવી આપવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એસએચએમસી/૩૩૩૩૬/પ.પ./આઇડીઆર-એજે/૬૮/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પોષાક લીમીટેડ, પાનેલાવ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર.૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતાં સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા તમામ કામદાર કર્મચારીઓને સને ૨૦૦૦-૨૦૦૧ના વર્ષના કુલ પગારના ૨૦% જેટલું બોનસ ચુકવી આપવું કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશ્નર દ્વારા
હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એસએચએમસી/૩૩૭૩૫/૫.૫./આઇડીઆર-એજે/૫૬/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પો., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર.- ૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧ -૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સતાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ ૧૧સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. કોર્પોરેશનમાં ફરજ બજાવતા વર્ગ-૩ અને ૪ના તમામ કર્મચારીઓને કોર્પોરેશન બોર્ડના ઠરાવ નં. ૮૨૩૪નો લાભ આપી વર્ગ-૧ અને ૨ના અધિકારીઓની જેમ હંગામી બઢતીમાં એક વર્ષ પૂર્ણ કરેલ હોય તો તેમને ઉપલી કેટેગરીમાં પાછલી અસરથી કાયમી કરવા અને તે મુજબ પગારનું ફીકસેશન આપી સેટલમેન્ટ મુજબનાં તમામ આર્થિક લાભો આપવા કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એસએચએમસી/૩૩૭૩૪/પ.પ./આઇડીઆર-એ/૭૦/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જેલીકેટસ પ્રા. લી., વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર.૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ- (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર-૧ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૦૨થી તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૨ સુધી ગેર કાયદેસર રીતે લે-ઓફ આપેલ છે. સંસ્થાનું સદર લે-ઓફ આપવાનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઇ તમામ કામદારોને તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૦૨ થી તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૨ સુધીના દિવસોનો પુરેપુરો પગાર ભરપાઇ કરી આપવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એસએમએચએમસી/૩૩૩૩૩/પ.પ./આઇડીઆર-એજે/૬૯/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઇલોઝાયમ ફાર્માસ્યુટીકલ્સ, ડભાસા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર.૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ- (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ ૧૧સિવાય ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર-૧, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

જે કામદારોએ જ્યારથી ૨૪૦ દિવસની હાજરી પૂરી કરેલ હોય ત્યારથી કાયમી ગણી કાયમી કામદારોને મળતા તમામ લાભો આપવા કે કેમ?

અમદાવાદ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એસ્‌એસ્‌એમસી/૬૨૧૭/ઔ.વિ.રૈ./૨૨૮/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, જુનાગઢ અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./ ૨૬/આઇ .ડી.એ./૧૦૭૮/ ૧૧૮૫૨(બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજૂર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૧, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસુચિ

ડ્રાઇવરશ્રી ભગુભાઇ એસ. વાળાને દફતરી હુકમ નં. ૨૧૭/૦૨ ડી.કે.નં.૧૯૬/૦૦ રીવ્યુ કેસ નં. ૯૯/૦૧ના હુકમથી નં. ડી.સી.જે./ટા/ડી/રીવ્યુ/૮૨૦૧/૦૨ તારીખ ૭મી જૂન ૨૦૦૨ના હુકમથી હાલ મળતા પગારમાંથી ડ્રાઇવર કક્ષાના મુળપગાર ધોરણ ઉપર મુકવાનો કરેલ હુકમની સજા રદ કરવી જોઇએ કે કેમ ? તેમજ થયેલ આર્થિક નુકશાની એરીયર્સ સહીત ભરપાઇ કરી આપવી જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એચએસએમસી/૬૨૧૮/ઓ.વિ.રે./૨૩૦/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ હાલાર સોલ્ટ એન્ડ કેમીકલ્સ વર્કસ, જામનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./ ૨૬/આ.ઇ.ડી.એ./૧૦૭૮/ ૧૧૮૫૨(બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજૂર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, જામનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે વાસ્તે લખી મોકલું છું.

અનુસુચિ

કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને વર્ષ ૨૦૦૦-૨૦૦૧ની સાલનું ૨૦% મુજબ બોનસ આપવું જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એચએસએમસી/૬૨૧૯/ઓ.વિ.રે./૨૩૧/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ સલાયા મ્યુનિસિપલ બરો, સલાયા જિ. જામનગર અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./ ૨૬/આ.ઇ.ડી.એ./૧૦૭૮/૧૧૯૫૨(બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, જામનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગંભીરસિંહ શિહુભા જાડેજા પટાવાળા તરીકે ફરજ બજાવતાને સેટ અપ મુજબ કાયમી જગ્યા હોય પટાવાળા તરીકે કાયમી કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા
હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એચએસએમસી/૬૨૨૦/ઔ.વિ.રે./૨૩૨/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જામનગર અને તેના કામદારો વચ્ચેનીછે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./ ૨૬/આ.ઇ.ડી.એ./૧૦૭૮/ ૧૧૮૫૨(બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સતાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે વાસ્તે લખી મોકલું છું.

અનુસુચિ

(૧) કામદારશ્રી નારણદાસ એસ. ગોંડલીયાને હુકમ નં. ડીસી/જામ/ટીઆર/૮૬૧, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૦થી રૂ. ૬૦૦૦/- રીકવરી કરવાનો હુકમ કરવામાં આવેલ તે રદ કરવો જોઇએ કે કેમ ? તેમજ આર્થીક નુકશાની ભરપાઇ કરી આપવી જોઇએ કે કેમ ? તેમજ

(૨) હુકમ નં.ડીસીઆર/જામ/૨૦૦, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૧થી વાર્ષિક પગાર વધારો ત્રણ વરસ માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ રદ કરી આર્થીક નુકશાની ચુકવી આપવી જોઇએ કે કેમ?

રાજકોટ, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા
હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એચએસએમસી/૬૨૨૧/ઔ.વિ.રે./૨૩૩/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ જનરલ મેનેજરશ્રી (એસઆરડી) ગુજરાત વિદ્યુત બોર્ડ, બરોડા અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./ ૨૬/અ.ઇ.ડી.એ./૧૦૭૮/ ૧૧૮૫૨(બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી આર. એમ. મોદી સ્વીચ બોર્ડ ઓપરેટર જામનગરને વહીવટી પરિપત્ર નં. ૫૭૮ મુજબ ત્રીસ્તરીય ઉચ્ચ પગાર ધોરણનો લાભ મળવાપાત્ર તારીખોથી આપવા કે કેમ ? અને તેના લાભો જેવા કે પગાર સુધારણા, અને તેનું એરીયર્સ વિગેરે તમામ લાભ એરીયર્સ તુરત આપવું જોઇએ કે કેમ?

રાજકોટ, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૬૨૨૨/ઓ.વિ.રે./૨૩૪/૨૦૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ જનરલ મેનેજર, (એચઆરડી), ગુજરાત વિદ્યુત બોર્ડ, બરોડા અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./૨૬/આ.ઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)/ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપરત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી પી. કે. ભંડેરી, રીડરને આપવામાં આવેલ તહોમતનામું નં. જેએમસીડી/ઇએસટી/૧૫૫, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૯ તથા કાયમી અસરથી એક ઇજાફો બંધ કરતો સજાનો હુકમ નં. જેએમસીડી/ઇએસટી/૨૦૦૦/૧૯૯૦, તારીખ ૫મી મે, ૨૦૦૦નો પાછો ખેંચવો જોઇએ કે કેમ ? તેમજ તમામ લ્હેણું એરીયર્સ સહીત ચુકવી આપવું જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૬૨૨૩/ઔ. વિ. રે./૨૩૫/૨૦૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ બંદર અધિકારીશ્રી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, ઓખા પોર્ટ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./૨૯/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)/૭ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એવી કે જેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપરત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રઘુ જીવા રાઠોડને નોકરીમાં દાખલ થયા અને ૨૪૦ દિવસ પુરા થયા ત્યારથી કાયમી કરી, કાયમી કર્મચારીને મળતા તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૬૨૨૪/ઔ.વિ.રે./૨૩૭/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ જનરલ મેનેજરશ્રી, (એચઆરડી), ગુજરાત વિદ્યુત બોર્ડ, બરોડા અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./૨૬/આ.ઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)/ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપરત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પી. કે. ભડિરી, મીટર રીડરને સને ૧૯૯૪-૧૯૯૫ના વર્ષના ખાનગી અહેવાલની વિરુધ્ધ નોંધને અવગણ્ય ગણવી જોઇએ કે કેમ ? તેમજ તેને ઉચ્ચતર પગાર ધોરણના તમામ લાભો મળવાપાત્ર તારીખથી આપવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજૂર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૬૨૨૫/ઔ.વિ.રે./૨૩૯/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, રાજકોટ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અને ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./૨૬/આ.ઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)/૭ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એટલો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપરત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૧, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી વી. સી. પરમારને તેની સીનીયોરીટીના ધોરણે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી કલાર્કની પોસ્ટમાં લઇ કાયમી કલાર્કને મળતા તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી કાયમી કલાર્કમાં લેવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૬૨૨૬/ઔ.વિ.રે./૨૩૯/૨૦૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ જાળવણી વિભાગ, રાજકોટ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./૨૬/આ.ઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)/ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપરત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસુચિ

કામદારોશ્રી (૧) હુસેન ટપુ તથા (૨) બાબુ ધેલા તારીખ ૧લી ઓકટોબર, ૧૯૭૬ થી વાઘાપરી ડેમ ઉપર કામ કરી રહ્યા છે. તેઓએ ૨૪૦ દિવસ પુરા કર્યા હોય ત્યારથી ચોકીદાર તરીકે કાયમી કરી, કાયમી ચોકીદાર તરીકેના લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ/એચએસએમસી/૬૨૨૭/ઔ.વિ.રે./૨૪૦ /૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ કાર્યપાલક ઇજનેરશ્રી રાજકોટ સિંચાઇ વિભાગ રાજકોટ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./૨૬/ આ.ઇ.ડી.એ./ ૧૦૭૮/ ૧૧૮૫૨(બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજૂર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટમાં જણાવેલ શ્રી પાંચા ઓધળ તથા અન્ય ૧૫ કામદારોને ૨૪૦ દિવસ પુરાં કર્યા હોય ત્યારથી કાયમી કરવા અને કાયમી કર્મચારીના તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઇએ કે કેમ?

INDEX

પરિશિષ્ટ

ક્રમ	કામદારનું નામ	કામની જગ્યા	દાખલ તારીખ
૧	૨	૩	૪
૧)	પાચા ઓઘળ ભારાય	મોજ સિંચાઇ સેકશન નં.૧, મેઇન કેનાલ, ઉપલેટા.	સને ૧૯૭૭
૨)	ચુડાસમા મંગળુભા રામસંગ	મોજ સિંચાઇ સેકશન નં.૨, કેનાલ ૪/૫, ઉપલેટા.	સને ૧૯૭૭
૩)	લખમણ ડાયાભાઇ કરમટા	મોજ સિંચાઇ સેકશન નં.૧, મેઇન કેનાલ, ઉપલેટા.	સને ૧૯૭૮
૪)	ચુડાસમા ભરતસિંહ ધીરુભા	મોજ સિંચાઇ સેકશન નં.૨, ડેમ સાઇટ, ઉપલેટા.	સને ૧૯૭૮
૫)	સરમણ કાનાભાઇ ભારાઇ	મોજ સિંચાઇ સેકશન નં.૧, ડેમ સાઇટ, ઉપલેટા.	સને ૧૦/૮૬
૬)	ગંગા મેશુરભાઇ	મોજ સિંચાઇ સેકશન નં.૧, મેઇન કેનાલ ઉપલેટા.	તા.૨-૧૨-૧૯૮૧
૭)	દેશાભાઇ પીઠાભાઇ રાઠોડ	ભાદર સિંચાઇ સેકશન-૨, ડી.આઇ.આર.કેનાલ, ધોરાજી.	તા.૧૬-૧૨-૧૯૮૦
૮)	મનજી વિરાભાઇ મુછડીયા	ભાદર સિંચાઇ સેકશન-૨, ડી.આઇ.આર.કેનાલ, ધોરાજી.	તા.૧૬-૧૨-૧૯૮૦
૯)	ભોગીલાલ મુળચંદભાઇ	ભાદર સિંચાઇ સેકશન-૨, કેનાલ ૧૯આર, ધોરાજી.	તા.૨૩-૧૨-૧૯૭૮

INDEX

૧	૨	૩	૪
૧૦)	રાજેન્દ્ર નાનાલાલ	ભાદર સિંચાઇ સેકશન-૨, કેનાલ ડી.૧.આર. ધોરાજી.	તા. ૩-૧-૧૯૮૦
૧૧)	મેઘજીભાઇ ધરમશીભાઇ	ભાદર સિંચાઇ સેકશન-૨, કેનાલ માઇલ-૪૪નું રીડીંગ, ધોરાજી.	તા.૧-૧૦-૧૯૭૨
૧૨)	મહોબતભાઇ નાનુભાઇ	ભાદર સિંચાઇ સેકશન-૨, કેનાલ ૧૯-એ.આર., ધોરાજી.	તા.૩૦-૯-૧૯૬૯
૧૩)	ધીરજલાલ જેઠાભાઇ રાણીંગા	ભાદર સિંચાઇ સેકશન-૨, કેનાલ-૨૨-એલ,ધોરાજી.	તા.૧-૧૦-૧૯૭૬
૧૪)	હરસુખભાઇ કાંતીલાલ	ભાદર સિંચાઇ સેકશન-૨, કેનાલ માઇનોર ૧૮-આર, ધોરાજી.	તા.૧-૧૦-૧૯૭૬
તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, જૂનાગઢ આથી મજુર અદાલત, નં. ૨, જૂનાગઢને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી જીતેન્દ્રકુમાર મંગળભાઇ જાદવને પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

જૂનાગઢ, તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૦૨.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
જૂનાગઢ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/મમદ/જૂના/૪૭/૨૦૦૨.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સરપંચશ્રી, લાલપુર ગ્રામ પંચાયત, લાલપુર અને તેના કામદાર શ્રી પ્રવિણકુમાર શીવલાલ દવે વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩)જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, જુનાગઢ આથી મજુર અદાલત નં. ૨, જુનાગઢને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પ્રવિણકુમાર શીવલાલ દવેને પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

જુનાગઢ, તારીખ ૧૯મી જુલાઇ, ૨૦૦૨.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
જુનાગઢ.

મદદનીશ મજૂર કમિશનર, દ્વારા

વંચાણે લીધા :-

(૧) સંતોકબેન ભીમજીભાઇ, C/o. ભાવનગર રાષ્ટ્રીય મઝદુર સંઘ, ભાવનગરનો તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૦૨નો પત્ર.

(૨) આ કચેરીના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ અન્વયેના તારીખ ૫મી જુલાઇ, ૨૦૦૨ના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૯૪/૨૦૦૨/૪૧૫૧.

સુધારો

નં. મમક-ભા-૫૦૧૯/૨૦૦૨.-સદરહુ હુકમના પ્રથમ પેરેગ્રાફ તેમજ અનુસૂચિમાં કામદારનું નામ સંતોકબેન ભીમજીભાઇ લખાયેલ છે જ્યારે મંડળના ઉક્ત પત્રથી જણાવ્યા મુજબ કામદારનું નામ ''શ્રીમતી સંતોકબેન ભીમજીભાઇ છે'' આથી ભીમજીભાઇને બદલે ભીમજીભાઇનો સુધારો વંચાણે લેવા વિનંતી છે.

ભાવનગર, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજૂર કમિશનર,
ભાવનગર.

મદદનીશ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૧૨૫/૨૦૦૨/૪૬૮૮.–મદદનીશ મજુર કમિશ્નરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર (૨) કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ભાવનગર અને તેના કામદારશ્રી પ્રમોદભાઇ જે. દવે વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશ્નરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશ્નર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી પ્રમોદભાઇ જે. દવેને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

ભાવનગર, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશ્નર,
ભાવનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૧૬૦/૨૦૦૨/૪૬૯૪.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) ડેપો મેનેજરશ્રી, એસ.ટી., ગારીયાધાર, (૨) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. કચેરી, ભાવનગર અને તેના કામદારશ્રી ગોરધનભાઇ ભુરાભાઇ ભાદાણી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગોરધનભાઇ ભુરાભાઇ ભાદાણીને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

ભાવનગર, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૧૩૫/૨૦૦૨/૪૬૮૩.–મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી તરુણભાઇ જૈન તથા શ્રી અમીનભાઇ જૈન, માલીક, હાતીમી સ્ટીલ, ભાવનગર અને તેના કામદારશ્રી અશ્વીનીકુમાર એસ. પંડયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી અશ્વીનીકુમાર એસ. પંડયાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ?

ભાવનગર, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૧૭૩/૨૦૦૨/૪૯૮૮.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જોહરભાઇ કાચમભાઇ લાતીવાલા, તે જે. કે. પ્લાસ્ટીકના માલીક, ભાવનગર અને તેના કામદાર શ્રીમતી વનીતાબેન માધુભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૬૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી વનીતાબેન માધુભાઇને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

ભાવનગર, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએસએમસી/બીએસએ/એજેબી/આઇડીઆર/૧૬/૨૦૦૨/૪૯૯૩.–મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જોહરભાઇ કાયમભાઇ બાતીવાલા, તે જે. કે. પ્લાસ્ટીકના માલીક, ભાવનગર અને તેના કામદાર શ્રીમતી જયાબેન ભવાનભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૬૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી જયાબેન ભવાનભાઇને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

ભાવનગર, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૧૬૨/૨૦૦૨/૪૯૯૪.–મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જોહરભાઇ કાયમભાઇ લાતીવાલા, તે જે. કે. પ્લાસ્ટીકના માલીક, ભાવનગર અને તેના કામદાર શ્રીમતી પુરીબેન માધુભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)નં કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી પુરીબેન માધુભાઇને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

ભાવનગર, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૧૬૪/૨૦૦૨/૫૦૦૩.–મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જોહરભાઇ કાયમભાઇ લાતીવાલા, તે જે. કે. પ્લાસ્ટીકના માલીક, ભાવનગર અને તેના કામદાર શ્રીમતી જ્યોતિબેન માધુભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૯૭/આઇડીએ/૧૦૬૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી જ્યોતિબેન માધુભાઇને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

ભાવનગર, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૧૭૫/૨૦૦૨/૫૦૦૮.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જોહરભાઇ કાયમભાઇ લાતીવાલા, તે જે. કે. પ્લાસ્ટીકના માલીક, ભાવનગર અને તેના કામદાર શ્રીમતી લક્ષ્મીબેન ભાણજીભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી લક્ષ્મીબેન ભાણજીભાઇને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

ભાવનગર, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમરી/બીએચએ/એજેબી/આઇડીઆર/૧૭૧/૨૦૦૨/૫૦૧૩.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જોહરભાઇ કાયમભાઇ લાતીવાલા, તે જે. કે. પ્લાસ્ટીકના માલીક, ભાવનગર અને તેના કામદારશ્રી માધુભાઇ કાળુભાઇ ગોહિલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી માધુભાઇ કાળુભાઇ ગોહિલને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

ભાવનગર, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૨.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસ. એચ.એમ.સી. /આઇ.ડી.આર. /પોર/૧૧૮૫/ ૨૦૦૨.--નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર રામ આઇસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ, પોરબંદર તાલુકો, મું. બોખીરા, તથા તેના કામદાર શ્રી બાબુ પ્રેમજીભાઇ બાદરશાહી, પોરબંદર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ.એસ.એચ./આઇ.ડી.એ./ ૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ-૧ની કલમ-સી સાથે વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે રાજ્યના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ-૧ પેટા વિભાગ- સી ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી.પી.જોષી, મદદનીશ મજુર કમિશનર, આથી મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરુ છું.

અનુસુચિ

શ્રી બાબુ પ્રેમજીભાઇ બાદરશાહી, પોરબંદરને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૦૨.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસ. એચ.એમ.સી./આઇ.ડી. આર./પોર /૧૧૮૭ /૨૦૦૨.- નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર કુતિયાણા નગરપાલિકા, કુતિયાણા તથા તેના કામદાર શ્રી જોધાભાઇ કુંભાભાઇ કુતિયાણા વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ.એસ.એચ./આઇ.ડી.એ./ ૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ-૧ની કલમ-સી સાથે વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે રાજ્યના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ-૧ પેટા વિભાગ- સી ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી.પી.જોષી, મદદનીશ મજુર કમિશનર, આથી મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરુ છું.

અનુસૂચિ

શ્રી જોધાભાઇ કુંભાભાઇ કુતિયાણાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૦૨.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./ એસ.એચ.એમ.સી. /આઇ.ડી.આર./પ ોર/૧૧૮૬/ ૨૦૦૨.- નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર કુતિયાણા નગરપાલિકા, કુતિયાણા તથા તેના કામદાર શ્રી સાંગાભાઇ પુનાભાઇ કુતિયાણા વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ.એસ.એચ./આઇ.ડી.એ./ ૧૭૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ-૧ની કલમ-સી સાથે વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે રાજ્યના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ-૧ પેટા વિભાગ- સી ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી.પી.જોષી, મદદનીશ મજુર કમિશનર, આથી મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરુ છું.

અનુસુચિ

શ્રી સાંગાભાઇ પુનાભાઇ કુતિયાણાને તેમના પડેલા રોજના પગાર સાથે પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૦૨.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર
પોરબંદર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIV] THURSDAY, FEBRUARY 27, 2003 / PHALGUNA 8, 1924 [No. 9

Separate paging is given to this part in order that it may be filed
as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૪૩-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, કે. ટી. મજૂર મહાજન સંઘ, મોરબી અને સહાયક સંઘ નિબંધક, અમદાવાદ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં

INDEX

ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના ડિસેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

આંક-૧૧

શ્રી એમ. પી. ચાવડા, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં.૨, રાજકોટ સમક્ષ

અપીલ આઈ. સી. નં. ૨/૨૦૦૦.

કે. ટી. મજૂર મહાજન સંઘ, "અબ્બાસ મંઝિલ," ... ... **અરજદાર;**
વિજય સિનેમા પાસે, મોરબી.

વિરુધ્ધ

સહાયક સંઘ નિબંધક, મજૂર કમિશ્નરશ્રીની કચેરી, ... **સામાવાળા.**
શ્રમ ભુવન, ખાનપુર, અમદાવાદ.

અરજદાર તરફે વકીલ શ્રી વિજયભાઈ ટીંબડીયા,

સામાવાળા તરફે વકીલ શ્રી. એમ. જી. પટેલ.

બાબત :- બી.આઈ.આર. એક્ટની કલમ-૨૦ નીચે અપીલ.

ચુકાદો

આ અપીલ અરજદાર કે. ટી. મજૂર મહાજન સંઘ, મોરબીએ સામાવાળા સહાયક સંઘ નિબંધક, અમદાવાદ ના તારીખ ૧૯મી ડિસેંમ્બર, ૨૦૦૦નાં હુકમ સામે બી.આઈ.આર. એક્ટની કલમ-૨૦ નીચે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

આ કામમાં આંક-૧ ની અપીલ અરજી રજૂ કરવામાં આવેલ છે જેની ટૂંકમાં હકીકતો એવી છે કે, અરજદાર કે. ટી. મજૂર મહાજ સંઘ, ચરાડવા કે જે ટ્રેડ યુનીયન એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન થયેલ ટ્રેડ યુનિયન છે તેનાં રજીસ્ટર નં. જી-૫૮૩૩ છે. અરજદાર તરફથી હળવદ તાલુકાનાં સ્થાનિક વિસ્તારનાં કાપડ-સૂતર ઉદ્યોગ માટે પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકેની કલમ-૧૩(૧) તથા કલમ-૨૩(૧) અનુસાર માન્ય યાદી માટે સામાવાળા સમક્ષ તારીખ ૧૧મી નવેમ્બર,૧૯૯૮ના રોજ અરજી રજૂ કરેલ જે સામાવાળા તરફથી

તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૦ ના પત્રાંક આંક-૬ (બી.આઈ.આર. /૪૭૧/૩૧૮૪) થી રદ કરવામાં આવેલ છે. તેનાથી નારાજ થઈ આ અપીલ પડકારવામાં આવેલ છે જે સમય મર્યાદામાં છે. અપીલનાં કારણોમાં જણાવેલ છે કે, સામાવાળા તરફથી શરુઆતથી જ અરજદાર તરફે કોઈ અગમ્ય કારણોસર સુગ રાખવામાં આવેલ છે. સામાવાળા તરફથી કોઈપણ સંજોગોમાં અરજદારની અરજી ઉપર કાર્યવાહી કરવાનું કે તે માન્ય રાખવાનું ગમ્યું નથી, સામાવાળા તરફથી કે. ટી. કામદાર યુનીયનની અરજીને માન્ય રાખવાનું વલણ રહ્યું છે. સામાવાળા તરફથી તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૯ ના રોજ થયેલ સ્પોટ ઈન્કવાયરીમાં કે. ટી. મજૂર મહાજન સંઘના સભ્યો હોવાનું સામાવાળાએ જાતે જ સ્વીકારેલ હોવાનું અને સામાવાળા તરફથી આ કામમાં રજૂ થયેલ રેકર્ડમાં પણ અરજદારની સભ્ય સંખ્યા ૨૧૦ હોવાનું દર્શાવેલ છે. જેનાં આધારે આ અદાલતનાં હુકમનાં ધારા-૧૪ માં સ્પષ્ટ ઉલ્લેખ હોય કુલ ૬૧૯ માંથી ૯૧ કામદારોની થયેલ તપાસમાં ૨૧૦ કામદારોને એટલે કે ૪૨ કામદારોએ કે. ટી. મજૂર મહાજન સંઘનાં સભાસદો હોવાનું દર્શાવતાં બી.આઈ.આર. એક્ટની કલમ-૧૩(૧) માટે ૨૫ ટકા સભ્ય સંખ્યા માટે ફક્ત ૧૫૫ સભ્યોનો જરૂર સામે ૨૧૦ સભ્યોએ તેઓ અરજદાર યુનીયનનાં સભ્યો હોવાનું દર્શાવેલ હોય તેમજ સામાવાળા તરફથી જ અરજદારની અરજી ઉપર સ્પોટ ઈન્કવાયરી વખતે આ બાબત ધ્યાનમાં લીધી હોઈ સ્પોટ ઈન્કવાયરીની જ કોઈ જરૂર રહેતી ન હતી. પરંતુ અરજદારને સામાવાળા તરફથી હુકમ કરતાં તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ સ્પોટ ઈન્કવાયરીમાં હાજરી આપેલ તે સમયે પણ સ્પોટ ઈન્કવાયરીમાં તેઓનાં સભ્યો હાજર હોવા છતાં તે પૈકી મર્યાદિત સભ્યોનું જ વેરીફીકેશન કરેલ અને અન્ય હાજર સભ્યોને તપાસવામાં આવેલ નહીં. સ્પોટ ઈન્કવાયરીમાં જે સભ્યોનું વેરીફીકેશન માંગેલ તે પૈકીના વેરીફીકેશન વખતે હાજર નહિ રહી શકેલાં ૧૭ કામદારોએ એકઝીક્યુટીવ મેજિસ્ટ્રટ, મોરબી સમક્ષ સોગંદનામું કરેલ છે તે પણ માન્ય રાખેલ નથી. સામાવાળાનાં પરિશિષ્ટ-એ મુજબનાં હુકમમાં અન્ય સંખ્યા પુરવાર કરવામાં તેઓ નિષ્ફળ ગયા છીએ તેવું જણાવી અરજી રદ કરાયેલ છે પરંતુ સમગ્ર કાર્યવાહી દરમિયાન તથા મજકુર હુકમમાં અરજદારનાં કેટલાં સભ્યોનું વેરીફીકેશન કરેલ છે તેની કેટલા ટકા સભ્ય સંખ્યા થાય છે અને કેટલી ઓછી સભ્ય સંખ્યા થાય છે તેનું કોઈ જગ્યાએ માંગવા છતાં આપેલ નથી અને સદરહુ વિવાદી હુકમ કરેલ છે. તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૯ તથા તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ કરાયેલ સ્પોટ ઈન્કવાયરી તથા સોગંદનામાથી રજૂ કરેલ સભ્ય સંખ્યા મુજબ ૨૫ ટકા થી વધુ તેઓની સભ્ય સંખ્યા થતી હોવા છતાં સભ્ય સંખ્યા પુરવાર થયેલ નથી, તેમ દર્શાવાનો સામાવાળાનો હુકમ ગેરકાયદેસર, ગેરવાજબી અને કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો વિરૂધ્ધનો ઠરાવવા આ અપીલમાં દાદ માંગવામાં આવેલ છે. આ અપીલ સાથે વિવાદ સહાયક સંઘ નિબંધકનાં હુકમની નકલ પણ રજૂ કરવામાં આવેલ છે.

આ અપીલની સામે સામાવાળા સહાયક સંઘ નિબંધક તરફથી આંક-૭ થી તેમનો

INDEX

જવાબ રજૂ કરેલ છે જેની ટૂંકમાં હકીકતો એવી છે કે, કે. ટી. કામદાર યુનિયન, ચરાડવાની અરજી પરત્વે તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૯ અને તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૯ ના રોજ યોજવામાં આવેલ સ્થળ તપાસ સમયે સામાવાળા સમક્ષ કુલ ૪૯૧ કામદારોએ નિવેદનો આપેલ હતા તે પૈકી ૨૧૦ કામદારોએ તેઓ કે. ટી. મજૂર મહાજન સંઘનાં સભ્યો છે તેવું નિવેદન આપેલ હતું તે સમયે કે. ટી. કામદાર યુનીયનની અરજી પરત્વે કાર્યવાહી ચાલતી હોઈ તે ૨૧૦ નિવેદનો પૈકી કેટલા માન્ય રહે છે તેની ચકાસણી કરવી અસ્થાને હતી, પરંતુ ત્યારબાદ જ્યારે કે. ટી. મજૂર મહાજન સંઘની અરજી પરત્વે કાર્યવાહી શરુ કરવામાં આવી ત્યારે આ નિવેદનોની ખરાઈ કરાઈ હતી. તદ્અન્વયે કે. ટી. મજૂર મહાજન સંઘ બી.આઈ.આર. એક્ટની કલમ-૧૩(૧) ની જોગવાઈ મુજબ અરજીની તારીખનાં અગાઉનાં ત્રણ માસના સભ્યોનું રજિસ્ટર રજૂ કરેલ હતું તેની સાથે આ ૨૧૦ નિવેદનોને ચકાસતાં ૮૦ કામદારો યુનીયને રજૂ કરેલ સભ્યોના રજિસ્ટરમાં જણાવેલ ન હતા તેમજ જે તે સમયે ત્રણ કામદારોનાં નામ સંસ્થાનાં હાજરીપત્રકમાં માલુમ પડેલ ન હતા. આમ ૨૧૦-૮૩= ૧૨૭ કામદારો કે. ટી. મજૂર મહાજન સંઘના સભ્યો હોવાનું માન્ય રહેલ હતું. હળવદ તાલુકાનાં સ્થાનિક વિસ્તારમાં આવેલ કાપડસુતર ઉદ્યોગમાં કે. ટી. કોટસીન્થ ઈન્ડ. લિ. એકમાત્ર એકમ હોઈ તેમાં ઓગષ્ટ--૧૯૯૮ માં ૭૦૪ કામદારો રોકાયેલ હતાં. યુનીયનને પ્રતિનિધિ સંઘ તરીકેની માન્યતા આપવા માટે ૨૫ ટકા સભ્ય સંખ્યા આવશ્યક હોઈ તેનાં ૧૭૬ કામદારો સભ્યો હોવા જરુરી હતા જ્યારે કે. ટી. સંઘની માન્ય રહેલ સભ્યસંખ્યા ૧૨૭ થતી હોઈ અને તે ૨૫ ટકા કરતાં ઓછી હોઈ સભ્ય સંખ્યાની ચકાસણી માટે તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૦ ના રોજ પુનઃ સ્થળ તપાસ થયેલ હતી. સદરહું તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૦ ની સ્થળ તપાસના રોજ યુનીયને રજૂ કરેલ સભ્ય રજિસ્ટરમાં દર્શાવેલ કામદારો પૈકી અગાઉની સ્થળ તપાસમાં આવરી લેવામાં આવેલ છે તે સિવાયનાં ૪૦ કામદારોએ આ નિવેદનો આપેલ હતાં. આ પૈકી ૩૩ કામદારો કે. ટી. મજુર મહાજન સંઘનાં સભ્યો હોવાનું જણાવેલ હતું, આમ ૧૨૭ તથા ૩૩ મળીને કુલ-૧૬૦ કામદારો કે. ટી. મજૂર સંઘનાં સભ્યો હોવાનું ચકાસણી કરતાં માન્ય કરેલ હતું, આ ૧૬૦ ની સંખ્યા પણ સ્થાનિક વિસ્તારમાંનાં ઉદ્યોગમાં રોકાયેલ કામદારોની કુલ સંખ્યાનાં ૨૫ ટકા કરતા ઓછી હોઈ એપેલન્ટ યુનીયનને પ્રતિનિધિ સંઘ તરીકે માન્યતા આપવામાં આવેલ ન હતી. પરંતુ તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૦ ના રોજ યોજવામાં આવેલ સ્થળ તપાસ સમયે અરજદાર યુનીયને રુબરુમાં આપેલ લેખિત પત્ર તેમજ ઉચ્ચ કક્ષાએ કરેલ રજૂઆતનાં અનુસંધાને તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ પુનઃ સ્થળ તપાસ યોજવામાં આવી હતી જેમાં એપેલન્ટ યુનીયન અનુપસ્થિત રહેતાં તેમની અરજી અત્રેનાં તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૦નાં પત્રથી કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવેલ હતો. આમ આ સંજોગોમાં કરવામાં આવેલ અપીલ રદ કરવા વિનંતી કરેલ છે.

ત્યારબાદ આ કામમાં અરજદારના વિદ્વાન પ્રતિનિધિની દલીલો સાંભળવામાં આવી.

INDEX

અરજદાર તરફે દલીલો કરતા તેમનાં વિદ્વાન પ્રતિનિધિ શ્રી દિલીપભાઈ ઠાકર જણાવે છે કે, સદર કામમાં તેઓને પ્રતિનિધિત્વ ધરાવતા મંડળ તરીકે માન્યતા આપવા માટે માંગણી કરેલ છે, કારણ કે, હળવદ તાલુકાનાં કાપડ સુતર ઉદ્યોગનાં કામદારોના ૨૫ ટકા કરતાં વધુ કામદારો તેમનાં યુનીયનનાં સભ્યો છે. રજિસ્ટ્રારે આ અંગે સ્થળ પર જઈ ૪૯૧ કામદારોને તપાસેલ જેમાં કે. ટી. કામદાર સંઘનાં ૧૩૩ સભ્યો થયેલ જ્યારે અરજદાર યુનીયનનાં ૨૧૦ કામદારો હાજર હતા તેમ છતાં અરજદાર યુનીયનને માન્યતા આપેલ નહીં. રજિસ્ટ્રારે અરજદાર યુનીયનનાં ક્યાં સભ્યો નથી, ક્યાં સભ્યો તેઓને ચકાસ્યા છે તેની યાદી આપેલ નથી. ક્યા સભ્યનું સભ્યપદ રદ કર્યું ? ક્યા સભ્યોનાં નિવેદનો લીધા તે રેકર્ડમાં રજૂ કરેલ નથી તેમ છતાં રજિસ્ટ્રારે એકતરફી હુકમ કરી અરજદાર યુનીયનની અરજી રદ્ કરેલ છે. રજિસ્ટ્રારે સ્પોટ ઈન્કવાયરી કરેલ તેમાં તેમનાં યુનીયને કામદારોને હાજર રાખેલા પરંતુ રજિસ્ટ્રારે તેઓની સભ્ય સંખ્યા થતી નથી તેમ જણાવેલ. હકીકતે અરજી સાથેનું પરિશિષ્ટ--એ તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૦ નો પત્ર જોઈએ તો સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, રજિસ્ટ્રાર પૂર્વગ્રહ રાખીને વર્તેલ છે. રજિસ્ટ્રારે તેમનાં હુકમમાં કઈ તારીખે કેટલાં કામદારો તપાસ્યા તેવી કોઈપણ વિગત જણાવેલ નથી. રજિસ્ટ્રારે આંક- ૭ થી તેમનો જવાબ રજૂ કરેલ છે તેમાં તેઓએ કામદારોના સોગંદનામામાં બી.આઈ.આર. એકટની જોગવાઈઓ મુજબ માન્ય રાખેલ નથી તેમ જણાવે છે પણ બી.આઈ.આર. એકટની અંદર સોગંદનામાં ગ્રાહ્ય ન રાખવા તેવું ક્યાંય જણાવેલ નથી. તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૦ નો તેમનો પત્ર જોતાં તથા ૧૭ કામદારોનાં સોગંદનામાઓ જોતાં તથા રજિસ્ટ્રારે જ ૧૬ કામદારો માન્ય કરેલ છે તે જોતાં ૧૬૭ તથા ૧૭ સોગંદનામાઓ ગણીએ તો પણ ૧૭૬ કામદારોની સભ્ય સંખ્યા થઈ જાય છે અને તેથી અરજદાર યુનીયનને માન્યતા મળવી જોઈએ. હકીકતે જે ૧૭ કામદારોનાં સોગંદનામાંઓ છે તે સંસ્થા બંધ હોવાથી રજુ કરવામાં આવેલ છે. રજિસ્ટ્રારે લેખિતમાં ૬૮૦ કામદારો છે તેમ જણાવેલ છે જ્યારે તેઓએ ૭૦૪ કામદારોનો જે આધાર લીધેલ છે તે અયોગ્ય છે તેથી રજિસ્ટ્રારનો હુકમ અયોગ્ય હોવાથી તે રદ કરવા વિનંતી કરેલ છે.

સામાવાળા સહાયક સંઘ નિબંધક તરફે લેખિતમાં પત્ર રજૂ કરી જણાવેલ છે કે, નામદાર અદાલતને અરજ કે, કે. ટી. મજૂર મહાજન સંઘ, રાજકોટ દ્વારા દાખલ કરાયેલ અપીલ અનુસાર નામદાર અદાલત સમક્ષ રજૂ કરી જોઈતા પુરાવા અત્રેથી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૧ના રોજ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે તથા કરેલ કાર્યવાહી અંગેનો વિસ્તૃત જવાબ પણ રજૂ કરવામાં આવેલ છે. આથી લેખિત પુરાવા કે જુબાની અન્વયે સહાયક સંઘ નિબંધક, મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, અમદાવાદ દ્વારા વિશેષ પુરાવો હવે રજૂ કરવા શક્ય જણાતું નથી. આથી નામદાર અદાલત દ્વારા જરૂરી આદેશ કરવા વિનંતી છે, તે રીતનો પત્ર છે.

INDEX

આ કામમાં અરજદાર યુનીયન તરફે તેમનાં વિદ્વાન પ્રતિનિધિ શ્રી દિલીપભાઈ ઠાકરને સાંભળ્યા. તથા સહાયક સંઘ નિબંધકનો લેખિત જવાબ વંચાણે લીધો તથા રજૂ થયેલ તમામ રેકર્ડ વંચાણમાં લીધું. હવે નક્કી એ કરવાનું છે કે, સામાવાળાના તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૦ નો હુકમ રદ્દ કરી સદર અપીલ મંજૂર કરવી જોઈએ કે કેમ ? શું હુકમ કરવો જોઈએ ?

આ અંગે સૌપ્રથમ જોઈએ તો, સામાવાળાએ તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ જે હુકમ કરેલ તે અપીલ સાથે પરિશિષ્ટ-એ થી રજૂ કરેલ છે તે જોઈએ તો"--

".....ઉક્ત સંદર્ભ અનુક્રમ-૧ સામે દર્શાવેલ હળવદ તાલુકાના સ્થાનિક વિસ્તારમાંનાં કાપડ સુતર ઉદ્યોગ માંટે પ્રતિનિધિ સંઘ તરીકેની કલમ-૧૩(૧) અન્વયેની આપની અરજી પરત્વે મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમો-૧૯૬૧ ના વિયમ-૨૮(એ)(૨) અન્વયે આપવા મંડળની સભ્યસંખ્યા નક્કી કરવા એગે તપાસ કરવા માટે સંસ્થાનું વીજળી કનેક્શન કપાઈ જવાથી ઉત્પાદન પ્રક્રિયા બંધ હોવા છતાં ટેલિફોનથી આપે કરેલ વિનંતીને ધ્યાને લઈ નીચે સહી કરનારે સંદર્ભ અનું. નું (૨) સામે દર્શાવેલ પત્રથી તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૦ ને તારીખ ૧૯મી ઓક્ટોબર, ૨૦૦૦ ના રોજ સ્થળ તપાસ રાખવામાં આવેલ છે તે બાબતની આપને જાણ કરેલ હતી અને આપ સદરહું દિવસે હાજર રહેલ પરંતુ આપ આપના સભ્ય કામદારો જરુરી સંખ્યામાં હાજર રાખી શકેલ ન હતા તેથી આપે સંદર્ભ અનુ નં. (૩) સામે દર્શાવેલ પત્રથી આપ દ્વારા કામદારોને સમયસર જાણ થઈ શકેલ નહિ હોવાથી સ્થળતપાસ સમયે જરૂરી સમખ્યામાં કામદારોને હાજર રાખી શકેલ નથી તેમ જણાવી પુનઃતપાસ માટે અન્ય તારીખ આપવા માટે વિનંતિ કરેલ હતી, આપના પ્રસ્તુત પત્રનાં અનુસંધાને અનુ. નં. (૪) સામે દર્શાવેલ પત્રથી નીચે સહી કરનારે સંસ્થાની ઉત્પાદન કામગીરી બંધ હોઈ તે ચાલુ થતાં આપની અરજી પરત્વે સ્થળ તપાસ બીજી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવેલ હતું પરંતુ ત્યારબાદ પ્રસ્તુત બાબતે આપશ્રીએ રજુઆત કરતાં સંબંધિત બાબતે પુનઃ વિચારણા કરી તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ સ્થળ તપાસ નક્કી કરવામાં આવેલ, જેની જાણ આપને સંદર્ભ અનુ. (૫) સામે દર્શાવેલ પત્રથી કરવામાં આવેલ હતી, સદરહું સ્થળ તપાસના દિવસે અને સમયે આપ અગર આપનાં અધિકૃત પ્રતિનિધિ ઉપસ્થિત રહેલ નથી. વધુમાં આપે સંદર્ભ અનુક્રમ નં. (૬) સામે દર્શાવેલ તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૦ ના પત્ર કે જે અત્રેની કચેરીમાં તારીખ ૧૪મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મળેલ છે જેમાં આપે કરેલ રજૂઆત જોતાં તે સભ્ય સંખ્યાની ચકાસણી માટે યોજેલ સ્થળ તપાસ સમયે આપે ઉપસ્થિત રહેવાનાં સંદર્ભમાં અપ્રસ્તુત છે. વાસ્તવમાં, આપ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ રાખવામાં આવેલ સ્થળ તપાસની તારીખથી વાકેફ હોવા છતાં અને સદરહુ સ્થળ તપાસ આપની રજૂઆતના

વામાં આવેલ હોઈ આપે સદરહું સ્થળ તપાસમાં ઉપસ્થિત રહી આપની
ચાર કરવી જરૂરી હતી જેમાં આપ નિષ્ફળ ગયેલ છો. ઉક્ત હકીકતોને
તાને મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-૧૯૪૬ ની કલમ-૧૩(૧) અને મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમો-૧૯૬૧ ના નિયમ-૨૮-એ(૫)(એ) ની જોગવાઈઓ અન્વયે હું નીચે સહી કરનાર આપની તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૮ ની અરજી કાઢી નાંખું છું."

ઉપરોક્ત હુકમ જોતાં તે મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-૧૯૪૬ ની કલમ-૧૩(૧) અને મુંબઈ ઔદ્યોગિક સબંધ (ગુજરાત) નિયમો-૧૯૬૧ નાં નિયમ-૨૮(એ)(૫) (એ) અન્વયે કરેલ છે તેથી કલમ-૧૩(૧) જોઇએ તો—

કલમ-૧૩(૧) "આ કલમ મુજબ જે અંગ્રેજી મહિનામાં અરજી કરવામાં આવે તેની તરત જ પહેલાનાં ત્રણ અંગ્રેજી મહિનાની સમગ્ર મુદત માટે જે કોઈ સંઘમાં, કોઈ સ્થાનિક વિસ્તારમાંનાં કોઈ ઉદ્યોગમાં રોકાયેલા કામદારોની કુલ સંખ્યાનાં ૨૫ ટકાથી ઓછી ન હોય તેટલા સભ્યો જેમાં હોય તે સંઘ તેવા સ્થાનિક વિસ્તારમાંના તેવા ઉદ્યોગો માટે પ્રતિનિધિ સંઘ તરીકે રજિસ્ટ્રેશન માટે રજિસ્ટ્રારને ઠરાવેલા નમૂના પ્રમાણે અરજી કરી શક

જ્યારે નિયમ-૨૮(એ)(૫)(૧) જોઈએ તો :- નિયમ-૨૮(એ) ક(૫)(૧) જે
) હેઠળ નોટીસ આપવામાં આવી હોય તે સંઘ તપાસ માટે નિયત કરેલ
મક્ષ હાજર રહે નહિ અથવા પેટા નિયમ-(૩) થી ફરમાવ્યા પ્રમાણે દસ્તા
ત્યારે (એ) આવો સંઘ અરજદાર હોય તો, રજિસ્ટ્રાર અરજી કાઢી નાંખી
મ જણાવેલ છે તેનાં આધારે રજિસ્ટ્રારે અરજદાર યુનિયનની ,છે.

ય રજિસ્ટ્રારે આ કામમાં આંક-૭ થી તેઓને તેમનો જવાબ રજૂ કરેલ છે તેનાં પાના નં. ૩, ૪ ઉપર એમ જણાવેલ છે કે, "પ્રસ્તુત બાબતે એપેલન્ટ યુનીયને ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતાં સહાયક સંઘ નિબંધક, અમદાવાદે સદરહુ યુનીયનની સભ્ય સંખ્યા ચકાસણીનાં હેતુસર તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ પુનઃ સ્થળ તપાસ યોજવાનું નક્કી કરેલ જેની જાણ યુનીયનને રજિ.એ.ડી. થી તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ પરંતુ સ્થળ તપાસનાં દિવસે યુનીયનનાં પ્રધાનમંત્રી કે અધિકૃત પ્રતિનિધિ ઉપસ્થિત રહેલ ન હતા" તેમ જણાવે છે તેથી તેઓએ કાયદાની જોગવાઈ મુજબ અરજદાર યુનીયનની અરજી રદ્દ કરેલ છે તેમ લેખિતમાં જણાવે છે અને તેથી આ અંગે કે. ટી. મજૂર મહાજન સંઘ, ચરાડવાનો તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૦ ના રોજ લખાયેલ પત્ર, કે જે પરિશિષ્ટ-એચ થી રજૂ કરેલ છે તે જોઈએ તો :-

(૧) શ્રી એન. વિઠ્ઠલ, ચીફ વીજિલન્સ ઓફિસર, ભારત સરકાર, ન.દ

(૨) મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) શ્રમ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) અધિક સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, અમદાવાદ.

(૫) લેબર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૬) સહાયક સંઘ નિબંધકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૭) વીજિલન્સ ઓફિસરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૮) સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બાબત :- શ્રી કે. બી. લાલવાણી, રજિસ્ટ્રાર, બી.આઈ.આર. એક્ટ,-
૧૯૪૬ ની કામગીરીની સમીક્ષા કરવા અંગે.

માનનીય શ્રી,

. ટી. મજૂર મહાજન સંઘ, ચરાડવા જે ટ્રેડ યુનીયન એક્ટ-૧૯૭૬ હેઠળ નોંધાયે
કે જેને હવે પછી ''સંઘ''તરીકે સંબોધવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યનાં સુરેન્દ્રનગર જિલ્લાનાં ઉગવદ તાલુકાનાં ચરાડવા ગામ સુતર મીલ નામે ''કે. ટી. કોટન સીન્થ લિ.'' આવેલ છે જેમાં ૬૦૦ થી વધુ કામ કરે છે.

આ મીલનાં બહુમતિ અટલે કે ૪૧ ટકા કામદારો સંઘના સભાસદો હોય તેમજ ગુજરાતમાં કાપડ સુતર ઉદ્યોગને મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો લાગુ પડતો હોઈ સંઘ તરફથી બી.આઈ.આર. ની કલમ-૧૩ તથા ૨૩ હેઠળ હળવદ તાલુકાના કાપડ સુતર ઉદ્યોગનાં કામદારોનાં પ્રતિનિધિત્વ ધરાવતા અને માન્ય મંડળ નોંધવા જરૂરી તમામ દસ્તાવેજો સાથે તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ રજિસ્ટ્રારશ્રી (સહાયક સંઘ નિબંધક), મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારા-૧૯૪૬, C/o. મજૂર કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ''શ્રમ ભુવન'' ખાનપુર, કામા માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧ સમક્ષ અરજીઓ કરવામાં આવેલ જેમાં શ્રી રજિસ્ટ્રારશ્રી તરીકે કામગીરી શ્રી કે. બી. લાલવાણીને સુપ્રત થયેલ છે તેઓ દ્વારા કાર્યવાહી થયેલ છે અને તેમાં સમક્ષ તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ સંઘે અરજી કરેલ હતી. યુનીયન તરફથી આટ આટલી કાયદા નિયમોની વિરૂદ્ધની અરજી હોવા છતાં તે માન્ય રખાતા વતી કાર્યવાહીમાં પક્ષકાર તરીકે જોડવા

સંઘ તરફથી તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૯ ના રોજ ઠરાવેલ અરજી માન્ય ન રાખવી અને તેથી રજૂઆતોનો મનઘડત અર્થ કાઢી રદ કરી મનમાની રીતે સંઘને પક્ષકાર તરીકે નહિ જોડવા અંગે રજિસ્ટ્રારશ્રીનો ખુલાસો પૂછવો જોઈએ.

રજિસ્ટ્રારશ્રી તરફથી સંઘ પક્ષકાર બનાવવાની મનમાની રીતે માન્ય ન રાખતાં સંઘ તરફથી નામદાર ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ તારીખ ૧૦મી અપ્રિલ, ૧૯૯૯ ના રોજ દાદ માંગવામાં આવેલ તેમાં નામદાર અદાલતે રજિસ્ટ્રારને સંઘને પક્ષકાર બનાવવામાં આપે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું સ્પષ્ટ સૂચન તારીખ ૧૨મી એપ્રિલ, ૧૯૯૯ ના રોજ કરેલ. નામદાર ઔદ્યોગિક અદાલતનાં મજકૂર હુકમની તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૯ ના રોજ સ્પોટ ઈન્કવાયરી સમયે રુબરુમાં આવેલ છતાં તેનો પણ અમલ ન કરી નામદાર ઔદ્યોગિક અદાલતનાં હુકમનો અનાદર કરવા સંબંધે રજિસ્ટ્રારશ્રીનો ખુલાસો પૂછવો જોઈએ.

આખરે સંઘની રજૂઆતો હકીકતો, સાચી પડી. યુનીયનની સભ્ય સંખ્યા ન હોવાથી છેવટે રજિસ્ટ્રારશ્રીએ ખુદે યુનિયનની અરજી રદ કરવી પડી. આ હુકમ સામે યુનીયન તરફથી વિકૃત રજૂઆતો અને કાયદા બહારની રજૂઆતો સાથે નામદાર ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ સ્પે.સી.એ.નં. ૩૭૪૯/૯૯ થી દાદ માંગી. આ કેસમાં રજિસ્ટ્રારશ્રી તરફથી કોઈ હાજર ન રહેતાં કે રજુઆત ન કરાવતાં નામદાર ગુજરાત હાઈકોર્ટે યુનીયનની એક તરફથી વાત સાંભળીને યોગ્ય 'પ્રમાણપત્ર' આપવા હુકમ કરેલ. આથી ૬૦૦ કામદારોમાંથી ૧૧ સભ્યોવાળા યુનીયને શ્રી રજિસ્ટ્રારે પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયન તરીકે તરત જ નોંધીને તેનું સર્ટિ. પણ ઈસ્યુ કરી આપ્યું. નામદાર હાઈકોર્ટ સમક્ષ શા માટે હાજર ન રહ્યા ? સાચી અને કાયદાકીય હકીકતોની રજૂઆતો શા માટે ન કરી ? નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૯ ના હુકમ સામે એલ. પી. ને શા માટે દાખલ ન કરી ? તેના ખુલાસા પૂછવા જરૂરી નહિ, અનિવાર્ય છે.

નામદાર ઔદ્યોગિક અદાલત સમક્ષની અપીલ નં. ૫/૯૯માં શ્રી રજિસ્ટ્રાર પોતે જ કહે છે અને નામદાર ઔદ્યોગિક અદાલત તેનાં તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૦ ના હુકમનાં પારા-૧૪, પાના-૧૭ માં જણાવે છે કે, સંઘની સભ્યસંખ્યા ૨૧૦ છે, આમ છતાં સ્પોટ ઈન્કવાયરી રાખવાનું કારણ શું ? સ્પોટ ઈન્કવાયરી ગોઠવવામાં પણ ઘણો સમય ગુમાવ્યો તેનું કારણ શું ?

નામદાર ઔદ્યોગિક અદાલત તરફથી અપીલ નં. ૫/૯૯ માં તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૦ માં અપાયેલ ચુકાદો કે જે એ રીતે ઐતિહાસિક ગણી શકાય કે, નામદાર ગુજરાત હાઈકોર્ટમાં વિરૂધ્ધની રજૂઆતો ન હોય, "યોગ્ય પ્રમાણપત્ર" આપવાનાં હુકમથી રજિસ્ટ્રારશ્રી તરફથી યુનીયનને પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયનનું પ્રમાણપત્ર આપ્યું તે

રજિસ્ટ્રારનું પગલું ગેરકાયદેસર ઠરાવ્યું અને યુનીયન તરફથી કાયદા-નિયમો વિરૂધ્ધની અરજી દસ્તાવજો હતા. તમામ તપાસીને તે ખોટા હોવાનું ઠરાવી રજિસ્ટ્રારશ્રી તરફથી અપાયેલ પ્રમાણપત્ર પાછું ખેંચી લેવા રજિસ્ટ્રારશ્રીને હુકમ કર્યો. આ હુકમનું વાંચન કરતાં સ્પષ્ટ ખ્યાલ આવી શકે કે યુનીયનની અરજી પાયાથી જ ખોટી હતી અને રજિસ્ટ્રારશ્રી તરફથી પહેલેથી આ કાયદા નિયમોની ચીવટ રાખવામાં આવી હોત તો નામદાર ઔદ્યોગિક અદાલત સમક્ષ પછાટ આવી ન પડત, એટલું જ નહી નામદાર ઔદ્યોગિક અદાલતે તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૦ ના આપેલ મજકુર હુકમથી નામદાર ગુજરાત હાઈકોર્ટનો તિરસ્કાર થાય છે તેવી યુનીયન તરફથી નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાદ માંગેલ, તે નામદાર ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી. એટલું જ નહિ પણ સ્પે.સી.અ.નં. ૨૩૮૬/૨૦૦૦ માં નામદાર ગુજરાત હાઈકોર્ટે તેના તારીખ ૧૬મી જુન,૨૦૦૦ ના હુકમથી ઔદ્યોગિક અદાલતનો હુકમ માન્ય રાખ્યો. તો હુકમને વંચાણ લેતા રજિસ્ટ્રારશ્રીની કામગીરીની સમીક્ષા આપોઆપ થઈ જાય છે. આ સમગ્ર બાબત મજુર ખાતાની ખુબજ નામોશીભરી ગણી શકાય. બિનકાર્યક્ષમતાને કારણે મોટી સંખ્યાનાં કામદારો, મજદૂર ખાતાનાં સ્ટાફ, નામદાર ગુજરાત હાઈકોર્ટ, નામદાર ઔદ્યોગિક અદાલતનો સમય અને અર્થિક શકિતને નુકસાન થઈ તેની જવાબદારી નક્કી કરવી જરૂરી નહિ, અનિવાર્ય છે. એક અધિકારી પોતાને મળતી સત્તાનો યોગ્યરીતે અમલ ન કરી મનપસંદ નિર્ણય લે તો કોઈપણ સંજોગોમાં ચલાવી લેવા જેવી બાબત નથી. આ બાબત અતિ ગંભીર ગણી તાત્કાલિક તપાસ યોજવા અમારી સ્પષ્ટ માંગણી છે.

સંઘ તરફથી જ્યારે અરજ કરવામાં આવી ત્યારે મિલ ધમધમતી હતી, ખૂબજ નફો મેળવતી હતી, પરંતુ કામદારોનું શોષણ થતું હતું અને લઘુત્તમ વેતન પણ ચૂકવાતું ન હતું, આથી કામદારો એકતા સાધી મેનેજમેન્ટ સામે બંધારણીય માર્ગે લડત આપવાનું નક્કી કર્યું અને સંઘને રજિસ્ટર્ડ બનાવ્યું અને સંઘને સભ્ય સંખ્યા બહુમતી થતાં બી.આઈ.આર. એકટ હેઠળ તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ પ્રતિનિધિત્વ ધરાવતા અને માન્ય મંડળ તરીકે નોંધવા અરજી કરી. આ કામદારોનાં હિતમાં તથા કલ્યાણ માટે કામગીરી શરુ થયેલ તેમાં મજૂર ખાતાનાં અધિકારીઓ દ્વારા મનપસંદ નિર્ણય લેતાં આજ ૨૪ માસ જેટલો સમય વીત્યા છતાં સંગઠનને કાયદેસરનાં હક્કો ન મળ્યા. સંઘ બહુમતિ ધરાવતું હોવા છતાં કાયદેસર કાર્યવાહી કરવા અસમર્થ રહ્યું લાંબો સમય જતાં કામદારોમાં હતાશા વ્યાપી, મેનેજમેન્ટે પોતાનું વીજળી જોડાણ કપાવી નાંખી ૬૦૦ કામદાર અને તેનાં ૩૦૦૦ કુટુંબીજનોને ભુખમરા પરિસ્થિતિમાં મૂકી દીધા. છતાં રજિસ્ટ્રારશ્રીને તેની ગંભીરતા ન દેખાણી. સંઘ તરફથી રજૂઆત કરતાં સંઘ તરફથી લખાઈ લેવામાં આવ્યું કે પાવર કાપ હોવા છતાં સંઘનાં આગ્રહને કારણે સ્પોટ ઈન્કવાયરી ગોઠવવામાં આવી, અને હજુ છેલ્લે તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૦ ના પત્રથી લખે છે કે, મીલમાં

ઉત્પાદન શરુ થયાપછી સ્પોટ ઈન્કવાયરી થશે. તો કામદારોએ ભૂખ્યા પેટે મીલનો અન્યાય સહન કરતા રહેવાનો, કારણ કે, બી.આઈ.આર. ના અધિકાર વગર સંઘ મીલ મેનેજમેન્ટ સામે કાર્યવાહી કરી ન શકે અને મેનેજમેન્ટને ફાયદો થાય અને કામદારોની એકતા તૂટે અને સંગઠન વીખેરાય જાય, તો ફાયદો તો મેનેજમેન્ટને જ થાય, તો આવું કરવા પાછળ કોનો દોરીસંચાર છે ? કોનું હિત સંતોષાય છે ? તેની તપાસ થવી જોઈએ.

સંઘનાં સભાસદો તરફથી તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ નામદાર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ કરાયેલ એફીડેવીટ માન્ય ન રાખવાનો રજિસ્ટ્રારશ્રીનો હુકમ તે પણ નામદાર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટના તિરસ્કાર સમાન છે, કારણ કે તેઓ સમક્ષ એફીડેવીટો થયેલ છે.

સમગ્ર રીતે જ્યારે યુનીયનની અરજી પાયાથી જ ગેરકાયદેસર છે, તેનું બંધારણ નિયમો અનુસાર નથી, જેની સભ્ય સંખ્યા નથી, જેની મીનીટસ બુક ખોટી છે, જે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સાચી હકીકત જણાવતું નથી અને ખોટી રજુઆતો કરે છે, તેની અરજી સંપૂર્ણ બરાબર છે, યોગ્ય છે, તેમ ગણાવવાનું વલણ અને જે યુનીયન બી.આઈ.આર. ની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતા કે પ્રાથમિક સંઘ તરીકે સોંપવા પાત્ર નથી, તેને પ્રતિનિધિ સંઘ તરીકે નોંધી હુકમ બહાર પાડવાનું વલણ ખૂબજ શંકાસ્પદ બને છે.

આમ સમગ્ર રીતે આ યુનીયનને સંઘની અરજીઓ ઉપર કાર્યવાહી શરુ થઈ તેની શરુઆતથી જ આજ સુધીનો સંપૂર્ણ તટસ્થ અધિકારી દ્વારા તપાસ દિવસ-૧૫ માં કરાવવા વિનંતી, જો દિવસ-૧૫ માં આ તપાસ શરુ કરવામાં નહિ આવે તો કામદારો બંધારણીય માર્ગે આંદોલનનો રાહ લેશે તેની આથી સ્પષ્ટ જાણ કરીએ છીએ".

જ્યારે તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ કે. ટી. મજૂર મહાજન સંઘ, ચરાડવા એટલે કે, અરજદાર યુનીયને સામાવાળા શ્રી કે. બી. લાલવાણી, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધકશ્રીને જે પત્ર લખેલ તે સદર કામમાં પરિશિષ્ટ-આઈ થી રજૂ કરેલ છે તે જોઈએ તો :

''આપના તરફથી સદંતર રીતે ગેરકાયદેસર અને કાયદા અને નિયમોની જોગવાઈઓ વિરૂધ્ધ કરાયેલ કાર્યવાહીની પણ ખોટો બચાવ કરતો ઉપરોક્ત વિષય સંદર્ભ-૨ નો પત્ર અમોને મળેલ છે જેની અમોએ ગંભીર નોંધ લીધી છે.

આપના ઉપરોક્ત સંદર્ભ-૧ ના પત્રમાં આપે એવો નિર્ણય લીધેલ છે કે, કે. ટી. કોટ

INDEX

સીન્થ ઈન્ડ. લિ., ચરાડવા કે જેની ઉત્પાદન કામગીરી હાલમાં વીજળી જોડાણ કપાઈ જવાથી બંધ હોય તે ચાલુ થતા અમારી અરજી પરત્વે સંસ્થા મુકામે તપાસ યોજી સભ્ય સંખ્યા ચકાસણી અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને મજકૂર પત્રની નકલ આસી. મજૂર કમિશનરશ્રી, સુરેન્દ્રનગર તરફે રવાના કરી સંસ્થાની ઉત્પાદન કામગીરી પુનઃ ચાલુ થયેથી તાત્કાલિક આપની કચેરીને જાણ કરવા સૂચન કરેલ અને બાદમાં એકાએક રીતે ઉપરોક્ત સંદર્ભ-૨ વાળા પત્રથી કે. ટી. કોટ સીન્થ ઈન્ડ. લિ. ચરાડવા કે જેનીં ઉત્પાદન કાર્યવાહી શરુ થયેલ નથી ત્યારે તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ સ્થળ તપાસનો નિર્ણય આપના દ્વારા જ લેવામાં આવે છે.

આપના સંદર્ભ-૨ નાં પત્રના પેરા-૧ સંદર્ભે જણાવવાનું કે, અમોએ અમારા તારીખ ૨૪મી જુન, ૨૦૦૦ ના પત્રથી નામદાર ઔદ્યોગિક અદાલત, રાજકોટે આપેલ તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૦ (આપે તારીખ ખોટી લખી છે, ખરી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૦ છે) ના હુકમ સામે કે. ટી. કામદાર યુનીયન, ચરાડવાને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ.નં. ૩૬૮૬/૨૦૦૦ થી દાદ માંગેલ તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તારીખ ૧૬મી જુન, ૨૦૦૦ ના રોજ હુકમ કરેલ છે જેથી અમારી અરજી અંગે કાર્યવાહી કરવી. આપનો આ બચાવ પાયાથી જ ખોટો છે. હકીકતમાં બી.આઈ.આર. ની જોગવાઈઓ અનુસાર કે. ટી. કામદાર યુનીયનની અરજી આપે તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૯ના હુકમથી રદ કરી તે જ દિવસે કે. ટી. મજૂર મહાજન સંઘની અરજી ઉપર બીજી કાર્યવાહી કરવાની આપની કાયદેસરની જવાબદારી થતી હતી તે ઈરાદાપૂર્વક આપે ન કરી, અને સૌ પ્રથમ તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૦ ના પત્રાંક મમક/બી.આઈ.આર./૪૭૧/૧૪૭૫ થી કાર્યવાહી શરુ કરી, એટલે કે, સવા વર્ષ સુધી કોઈજ કાર્યવાહી ન કરી, અને આ સમય દરમિયાન કોઈપણ અદાલતે કે. ટી. મજૂર મહાજન સંઘની અરજી ઉપર કાર્યવાહી નહીં કરવા આપને આદેશ આપેલ ન હતો કે આપને કાર્યવાહી કરતા કોઈ રોકવનાર ન હતું.

આપના તરફથી સ્પે.સી.એ. નં. ૩૭૪૯/૯૯ માં આપના એડવોકેટશ્રી હાજર રહેલ, પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી ત્રણ-ત્રણ વખત તક આપવા છતાં પણ આપનાં તરફથી ઈરાદાપૂર્વક એફીડેવીટ નહિ કરાતાં આખરે નામદાર ગુજરાત હાઈકોર્ટે તેના પારા-૧ અને ૫ માં ગંભીર નોંધ લીધેલ છે.

આપના પત્રનાં પારા-૨માં આપ જણાવો છો કે નામદાર ઔદ્યોગિક અદાલત, રાજકોટે તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૦ ના હુકમમાં આ બાબતનો નિર્દેશ કરવામાં આવેલ ન હોય, તે આ કચેરીનાં ધ્યાન પર આવેલ ન હતું. આ બચાવ પણ ખોટો અને વાહિયાત છે. હુકમ સ્પષ્ટપણે જણાવેલ છે અને હુકમમાં સંખ્યા છતાં નથી લખેલ તેમ કહવું તે ઔદ્યોગિક

અદાલતના હુકમના તિરસ્કાર સમાન છે જે અંગે અમો યોગ્ય જગ્યાએ રજૂઆત કરવાના અમારા અધિકારને અબાધિત રાખીને ફરી જાણ કરીએ છીએ કે, નામદાર ઔદ્યોગિક અદાલત,રાજકોટ સમક્ષની અપીલ આઈ.સી. નં. ૫/૯૯ માં તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૦ ના હુકમમાં આપને સ્પષ્ટ આદેશ આપેલ છે કે, કે. ટી. મજૂર મહાજન સંઘની અરજી ઉપર કાર્યવાહી શરુ કરવી, જેની નકલ અદાલત તરફથી પણ આપને મોકલાવેલ હશે. તેમ છતાં અમારા તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૦ ના રજિ. એ.ડી. પોષ્ટથી તથા તારીખ ૨૩મી માર્ચ ૨૦૦૦ના ફેક્સ મેસેજથી પણ તાત્કાલિક કાર્યવાહી શરુ કરવા જાણ કરેલ છે. આ રીતે કોર્ટનાં આદેશની આપને સ્પષ્ટ જાણ હોવા છતાં ઈરાદાપૂર્વક અરજી હાથ ઉપર લેવામાં ન આવી અને સંદર્ભના પત્રનાં પેરામાં દર્શાવો છો કે અમારા તારીખ ૨૪મી જુન, ૨૦૦૦ ના પત્ર બાદ અરજી પરત્વેની કાર્યવાહી અંગેની સ્થિતિ સ્પષ્ટ થયાનું ગેરમાર્ગે દોરનારું છે. હકીકતમાં આપના દ્વારા અમારી અરજીની કાર્યવાહીમાં ચોક્કસપણે આપના તરફથી ઈરાદાપૂર્વક વિલંબ કરેલ જ છે.

ઉપરોક્ત સંદર્ભ-૨ ના પત્રના પેરા-૩ અંગે જણાવવાનું કે, અમારી અરજી અન્વયે સભ્યસંખ્યાની ચકાસણી માટે તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ સ્થળ તપાસ રાખવામાં આવેલ છે તેને અમો આવકારીએ છીએ તેમાં અમો ચોક્કસ હાજર રહીશું. પરંતુ તે પહેલાં અમારા તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૦ ના પત્રનો શ્રી એન. વિઠ્ઠલ, ચીફ વીજીલન્સ ઓફિસરશ્રી, ભારત સરકાર, નવી દિલ્હી તથા અન્ય છ ને કે જેમાં આપનો પણ સમાવેશ થાય છે, તે પત્રમાં આપના તરફથી થયેલ ગેકાનૂની કાર્યવાહીઓ અંગે જે જે મુદ્દા અંગે તપાસ ખુલાસા માંગેલ છે તેની વિગત બાબત પ્રત્યુત્તર પાઠવવા તથા અત્યાર સુધી આપના તરફથી થયેલ ગેરકાનૂની અને ગેરવાજબી કાર્યવાહી થયેલ હોય, હવે પછી કોઈ ગેરકાયદેસર કે ગેરવાજબી કાર્યવાહી નહીં કરવામાં આવે અને કાયદા-નિયમોને જ અનુસરવામાં આવશે તેવી લેખિત સ્પષ્ટ ખાતરી તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ પહેલાં મોકલવા વિનંતી, જે મળ્યે અમો તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ની તપાસમાં જરૂરથી હાજર રહીશું. માંગ્યા મુજબની ખાતરી નહિ આપીને કે ખુલાસા આપ્યા વિના અમારી અરજી ઉપર કોઈ વિપરીત નિર્ણયો આપના તરફથી લેવામાં આવશે તેવા હુકમથી ઉપસ્થિત થનાર તમામ પરિણામની જવાબદારી અંગત રીતે આપની રહેશે તેની સ્પષ્ટ નોંધ લેવા વિનંતી.''

ઉપરોક્ત બંને પત્રો જોતાં એક હકીકત સ્પષ્ટ થયેલ છે કે, જ્યારે અરજદાર યુનીયને સામાવાળા વિરૂદ્ધમાં આક્ષેપો કરતા પત્રો લખ્યા હોય અને તે પત્રો પેન્ડીંગ હોઈ તથા તેની જે તે ઓથોરીટીએ નિકાલ કરેલ ન હોઈ ત્યારે સામાવાળાએ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ સ્થળ તપાસ યોજવી ન જોઈતી હતી તેમ એ તે દિવસે સ્થળ તપાસ યોજવાથી તે દિવસ સ્પોટ ઈન્કવાયરીમાં અરજદાર યુનીયન કે કોઈ કામદારો સ્વાભાવિક રીતે

હાજર નથી તે હકીકત છે અને સામાવાળાએ આ દિવસે સ્પોટ ઈન્કવાયરી જે ગોઠવેલ તેની જગ્યાએ સ્પોટ ઈન્કવાયરી માટે અન્ય તારીખ રાખવી જોઈતી હતી, પરંતુ જે રીતે ઉતાવળ કરીને નિર્ણય કરેલ છે તે ભૂલ ભરેલો જણાય છે. વળી, ત્યારબાદ પણ સામાવાળાએ તેમનીં આંક-૭ થી રજૂ કરેલ લેખિત જવાબનાં પાના-૪નાં છેલ્લા પેરેગ્રાફમાં જે જણાવે છે તે જોઈએ તો :

''સૌ પ્રથમ શ્રી કે. ટી. કામદાર યુનીયન, ચરાડવાની અરજી પરત્વે તારીખ ૧૫મી અપ્રિલ, ૧૯૯૯ અને તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૯ના રોજ યોજવામાં આવેલ સ્થળ તપાસ સમયે સહાયક સંઘ નિબંધક સમક્ષ કુલ ૪૯૧ કામદારોએ નિવેદનો આપેલ હતા તે પૈકી ૨૧૦ કામદારોએ તેઓ કે. ટી. મજૂર મહાજન સંઘનાં સભ્યો છે તેવું નિવેદન આપેલ હતુ પરંતુ તે સમયે શ્રી કે. ટી. કામદાર યુનીયન, ચરાડવાની અરજી પરત્વે કાર્યવાહી ચાલતી હોઈ તે ૨૧૦ નિવેદનો પૈકી કેટલા માન્ય રહે છે તેની ચકાસણી કરવી અસ્થાને હતી. પરંતુ ત્યારબાદ જ્યારે કે. ટી. મજૂર મહાજન સંઘ ચરાડવાની અરજી પરત્વે કાર્યવાહી શરૂ કરવામાં આવેલ ત્યારે આ નિવેદનોની ખરાઈ કરવામાં આવેલ હતી. તદ્‌નુસાર કે. ટી મજૂર મહાજન સંઘે મુંબઈ ઔદ્યોગિક સંબધ આધિનિયમ, ૧૯૪૬ ની કલમ-૧૩ (૬) ની જોગવાઈ અન્વયે અરજીની તારીખ (૧૧મી નવેમ્બર, ૧૯૯૮) ના અગાઉનાં ત્રણ માસનં (ઓગષ્ટ-૯૮, સપ્ટે.-૯૮, ઓકટો.-૯૮) સભ્યોનું રજિસ્ટર રજૂ કરેલ હતું તેની સાથે આ ૨૧૦ નિવેદનોને ચકાસતાં ૮૦ કામદારો યુનીયને રજૂ કરેલ સભ્યોનાં રજિસ્ટરમાં જણાવેલ ન હતા. તેમજ જે તે સમયે ત્રણ કામદારોનાં નામ સંસ્થાનાં હાજરીપત્રકમાં માલુમ પડેલ ન હતા. આમ ૨૧૦-૮૩ બરાબર ૧૨૭ કામદારો કે. ટી. મજૂર સંઘના સભ્યો હોવાનું માન્ય રહેલ હતુ. હળવદ તાલુકાના સ્થાનિક વિસ્તારમાં આવેલ કાપડ સુતર ઉદ્યોગમાં સંસ્થા કે. ટી. કોટ. સીન્થ. ઈન્ડ. લિ., એકમાત્ર એકમ હોઈ તેમાં માહે ઓગષ્ટ-૯૮ માં ૭૦૦ કામદારો રોકાયેલ હતા. યુનીયનને પ્રતિનિધિ સંઘ તરીકેની માન્યતા આપવા માટે ૨૫ ટકા સભ્ય સંખ્યા આવશ્યક હોઈ તેના ૧૭૬ કામદારો સભ્યો હોવા જરૂરી હતા જ્યારે કે. ટી. મજૂર મહાજન સંઘની માન્ય રહેલ સભ્ય સંખ્યા ૧૨૭ થતી હોઈ અને તે ૨૫ ટકા કરતાં ઓછી હોઈ સભ્ય સંખ્યાની ચકાસણી માટે તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૦ના રોજ પુન:સ્થળ તપાસ યોજવામાં આવેલ હતી. સદરહું તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૦ ની સ્થળ તપાસનાં રોજ યુનિયને રજૂ કરેલ સભ્ય રજિસ્ટરમાં દર્શાવેલ કામદારો પૈકી અગાઉની સ્થળ તપાસમાં આવરી લેવામાં આવેલ છે તે સિવાયનાં ૪૦ કામદારોએ નિવેદનો આપેલ હતા. આ ૪૦ નિવેદનો પૈકી ૩૩ કામદારો કે. ટી. મજૂર મહાજન સંઘનાં સભ્યો હોવાનું જણાવેલ હતું. આમ, ૧૨૭ તથા ૩૩ મળીને કુલ ૧૬૦ કામદારો કે. ટી. મજૂર મહાજન સંઘનાં સભ્યો હોવાનું ચકાસણી કરતાં માન્ય ઠરેલ હતું. આ ૧૬૦ ની સંખ્યા પણ સ્થાનિક વિસ્તારમાંનાં ઉદ્યોગમાં રોકાયેલ કામદારોની કુલ સંખ્યાનાં ૨૫ ટકા કરતાં ઓછી હોઈ

એપેલન્ટ યુનીયનને પ્રતિનિધિ સંઘ તરીકે માન્યતા આપવામાં આવેલ ન હતી પરંતુ તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૦ ના રોજ યોજવામાં આવેલ સ્થળ તપાસ સમયે એપેલન્ટ યુનીયને રુબરુમાં આપેલ લેખિત પત્ર તેમજ ઉચ્ચ કક્ષાએ કરેલી રજૂઆતનાં અનુસંધાને તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ પુન:સ્થળ તપાસ યોજવામાં આવેલ હતી જેમાં એપેલન્ટ યુનીયન અનુપસ્થિત રહેતાં તેમની અરજી અત્રેનાં તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૦ ના પત્રથી કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવેલ હતો."

ઉપરોક્ત આંક-૭ની વિગતો જોઈએ, તો પણ અરજદાર યુનીયનની ૧૬૦ ની સભ્ય સંખ્યા વધેલાનું દર્શાવેલ છે જ્યારે ૧૭ સોગંદનામાઓ સામાવાળાએ નકારી કાઢેલ છે અને તે બી.આઈ.આર. એક્ટની જોગવાઈઓ અનુસારનાં નથી તે જણાવે છે પરંતુ જ્યારે હળવદ તાલુકાનાં સ્થાનિક વિસ્તારમાં આવેલ કાપડ સુતર ઉદ્યોગમાં સંસ્થા કે. ટી. કોટ સીન્થ ઈન્ડ. લિ. એકમાત્ર એકમ હોઈ તથા તે બંધ થઈ ગયેલ હોઈ તથા તેના માટે ઓગષ્ટ-૯૮ માં ૭૦૪ કામદારો રોકાયેલ હતા અને યુનીયનને પ્રતિનિધિ સંઘ તરીકે માન્યતા આપવા અંગે ૨૫ ટકા સભ્ય સંખ્યા આવશ્યક હોઈ તેનાં ૧૭૬ કામદારો સભ્ય હોવા જોઈએ અને જ્યારે સંસ્થા બંધ થઈ ગયેલ હોવાથી જ્યારે ૧૦ કામદારોને તેમનાં સોગંદનામાં અરજદાર યુનીયન મારફતે રજૂ કરેલ છે તે નહિ માનવા માટે કોઈ કારણ નથી, અથવા જો ના માનવા હતા તો તે ૧૭ કામદારોને તેઓ સમક્ષ રજૂ કરવા હુકમ કરવો જોઈતો હતો પરંતુ સામાવાળા સામે અરજદાર યુનિયને કરેલા આક્ષેપોથી જ તેઓને પ્રીડીટરમીન્ટ માઈન્ડ હોઈ તેમ જણાઈ આવે છે.

હવે જ્યારે સામાવાળાએ અરજદાર યુનીયનનાં ૧૬૦ સભ્યો છે તે તેમનાં લેખિત જવાબમાં જણાવેલ છે. ૧૭ સોગંદનામાઓ કામદારોનાં અરજદાર યુનીયન તરફે છે, તે જોતાં અરજદાર યુનીયનની સભ્ય સંખ્યા ૧૭૬ ની થાય છે જે સંસ્થાનાં કામદારોની કુલ સંખ્યાનાં ૨૫ ટકા થાય છે. અને તેથી જ્યારે અન્ય કોઈ યુનીયને પ્રતિનિધિ ધરાવતા મંડળ તરીકે નોંધાવવા માટે માંગણી કરેલ નથી તથા સંસ્થા બંધ થઈ ગયેલ છે તેવી કામદારોનાં હક્ક હિતો માટે અરજદાર યુનીયનને તોઓની સભ્ય સંખ્યા ૧૭૬ નાં ૨૫ ટકા પ્રમાણે થઈ ગયેલ હોવાથી માન્યતા આપવી યોગ્ય અને વાજબી અને કાયદેસર જણાય છે અને તેથી સામાવાળા સહાયક સંઘ નિબંધકનો તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૦ નો હુકમ રદ કરવો યોગ્ય, વાજબી અને ન્યાયી જણાય છે અને તેથી તે મુજબ ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :-

હુકમ

આથી અરજદાર યુનીયન કે. ટી. મજૂર મહાજન સંઘની સદર અપીલ મંજૂર કરવામાં આવે છે અને સામાવાળા સહાયક સંઘ નિબંધકનો તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૦ નો

હુકમ આથી રદ કરવામાં આવે છે અને અરજદાર કે. ટી. મજૂર મહાજન સંઘને હળવદ તાલુકાના કાપડ સુતર ઉદ્યોગનાં કામદારોની ૨૫ ટકા કરતાં વધુ સભ્ય સંખ્યા હોવાથી તેઓને મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૧૩(૧) હેઠળ પ્રતિનિધિત્વ ધરાવતા મંડળ તરીકે માન્ય કરવાનો હુકમ કરવામાં આવે છે અને આ હુકમનાં આધારે બી.આઈ. આર. એક્ટની કલમ-૨૩(૧) અન્વયે અરજદાર યુનીયનને માન્યતા ધરાવતા યુનીયન તરીકે નોંધવા માટે સામાવાળાને આદેશ આપવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૨.

એમ. પી. ચાવડા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૨, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૩જી ડિસેમ્બર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

[અંક - ૯

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 9, *Gujarat Government Gazette,* Part I—L, dated 27th February, 2003 and for pages VAD-2411 to VAD-2740 (in 1 set) *read* page Nos. 3031 to 3360.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૯માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૨૪૧૧ થી વીએડી-૨૭૪૦ (૧ બંચમાં) ને પાન નંબર ૩૦૩૧ થી ૩૩૬૦ વાંચવા.

Vadodara, 27th February, 2003.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૭૪૯/૫.૫/આઇડીઆર/એજે/૭૮/૦૨.--નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સીનબાયોટીક્સ લીમીટેડ, વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૨, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કંપનીમાં કામ કરતા તમામ કામદારોને જે મહિને પગાર સાત તારીખ પછી આપવામાં આવે તે વિલંબીત વેતનના વળતર પેટે દરેક દિવસના વિલંબ માટે દરેક કામદારને રૂા. ૫૦૦/- ચૂકવી આપવા કે કેમ ?

અમદાવાદ, ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

૧૯૯૫ થી દોઢ માસ સુધી મેટરનીટી લીવ ઉપર હતા . આમ અમો અરજદાર તારીખ ૭મી માર્ચ, ૧૯૯૫ સુધી રજા ઉપર હતા ત્યારબાદ અમો અરજદાર તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫ના નોકરી ઉપર હાજર થયેલ પરંતુ નોકરી ઉપર ન લેતાં તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫ ના રોજ ડીમાન્ડ નોટીસ મોકલાવેલ હતી. ત્યારબાદ તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૫ના રોજ મેડીકલ ફીટનેસ સર્ટીફીકેટ સાથે નોકરીમાં હાજર થયેલ પરંતુ હાજર રીપોર્ટ સ્વીકારેલ નહી તેમજ નોકરી ઉપર લીધેલ નહિ. જેથી ઉપરોકત પત્ર તથા ફીટનેસ સર્ટીફીકેટ રજી. એ. ડી. થી મોકલી આપેલ હતો.”તેમ જણાવેલ છે એટલે કે અરજદારે તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૫ થી દોઢ માસ સુધી મેટરનીટી લીવ ઉપર હતા અને તેઓ તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫ના રોજ નોકરી ઉપર હાજર થવા ગયેલા ત્યારે કામે રાખેલા નથી અને તે અંગે આંક-૩૦ની તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫ ની નોટીસ જોતા સ્પષ્ટ થાય છે કે અરજદાર તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૫ મેટરનીટીવ લીવ ઉપર હતા અને ત્યાર બાદ નોકરી હાજર થવા જતાં નોકરી ઉપર લીધેલા ન હોવાથી તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯ ચાલુ પગારે ચાલુ નોકરીએ ફરજ ઉપર લેવાં માંગણી કરેલ છે. કારણ કે અરજ મેટરનીટી લીવ ઉપર જતાં પહેલા સામાવાળા બેન્કને તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૪ ૨૬ના પત્રથી; તથા ત્યારબાદ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૪ આંક-૪૬ ના પત્રથી તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૫ ના આંક-૨૭ના પત્રથી સામાવાળા બેંન્કમાં અર ડોકટરી સર્ટીફીકેટ આંક-૪૫ મુજબ પ્રસુતિની તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૫ની આપ આવેલ હોવાથી રજા કંઇ મુકવી તથા બેન્કના પ્રર્વતમાન નિયમો મુજબ પ્રસુતિના કારણે કેટલી રજા મળી શકે તે વિગતવાર જણાવવા આંક-૨૬નો પત્ર લખેલ તેમ છતાં બેન્ક કોઇ જવાબ આપેલ નથી. તેથી અરજદારે આંક-૪૬નો તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૪ જિલ્લા મજુર અધિકારીને પણ આ અંગેનો પત્ર લખેલો અને ત્યારબાદ બેન્કના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૫ ના રોજ આંક-૨૭ નો પ્રસુતિની રજા અંગે સ્પષ્ટતા કર વિનંતી કરતો પત્ર લખેલો તેમ છતાં બેન્ક અરજદારને જવાબ આપતી નથી અને તેમ છ અરજદારે તેઓને પ્રસુતિ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૫ના રોજ થઇ ત્યાં સુધી તેઓએ સળંગ નોકરી કરેલ છે અને તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૫ નો આંક-૪૭ જોતાં કે રજા રીપોર્ટ છે અને તેમાં તેઓને તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૫ના રોજ બેબીનો જન્મ થયેલો છે અને તેથી દોઢ માસની રજા મંજૂર કરવા માટે વિનંતી કરેલ છે અટલે કે અરજદા સામાવાળા બેન્કમાં પ્રસુતિની રજા ઉપર જવા માંટે બેન્કમાં પ્રવર્તમાન નિયમોની જાણકા માટે માંગણી કરેલ હોવા છતાં તે આપવામાં આવેલ નથી. અને તેથી અરજદારે તારી ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૫થી ચાલુ પગારે ચાલુ નોકરીએ ફરજ પર ગણવાની માંગ આંક-૩૦ માં કરેલ છે.

(૯) સામાવાળા બેન્ક તરફે આંક-૩૪નો તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૫ના ર અરજદારની ડિમાન્ડ નોટીસનો જવાબ આપેલ છે જે જોઇએ તો, ”તમારી તારી

માર્ચ, ૧૯૯૫ની ડિમાન્ડ નોટીસ મળેલ છે. જેના અનુસંધાને જણાવવાનું કે તમોને હંગામી કલાર્ક તરીકે હંગામી કામ માટે રાખવામાં આવેલ હતા આથી તમો ફરીને કોઈ હંગામી કામ નિકળશે ત્યારે અથવા બેન્કમાં જ્યારે પણ કોઈ નવા કામદારની ભરતી કરવામાં આવશે ત્યારે તમોને જણાવીને તમોને નિમણુંકમાં ફર્સ્ટ પ્રેફરંન્સ આપવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો." તે રીતનો મેનેજરની સહીવાળો પત્ર આપેલો, જે અરજદારને તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૫ ના રોજ મળેલો છે. અને ત્યારબાદ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૫ના રોજ અરજદારે કાયદાની કલમ-૪૨(૪) અને નિયમ-૫૩ નીચે વિનંતી પત્ર તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૫ના રોજ આપેલો છે. અને સદર અરજી તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ દાખલ કરેલ છે. એટલે કે બી.આઈ.આર.એકટની કલમ-૭૯ તથા કાયદાની કલમ-૪૨(૪) અને નિયમ-૫૩નું અરજદારે કાયદાની જોગવાઈઓ મુજબનું પાલન કરેલ છે અટલે કે સદર અરજી સમય મર્યાદામાં દાખલ કરેલ છે. વળી, સામાવાળા બેન્ક તરફે આ અંગે કોઈ વિવાદ પણ નથી ફક્ત છૂટા કર્યા તારીખ અંગે તેઓને વિવાદ છે જે અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે સ્પષ્ટતા થઈ જાય છે.

(૧૦) જામનગરની મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધિશે તેમના ચુકાદામાં અરજદારને ૧૯૯૫ ના તેના છુટા કરવાના કૃત્ય સામે તેને પુન:સ્થાપિત કરી દિધેલ હોઈ પુન:સ્થાપિત થવાની દાદ હવે મંજૂર કરવા પાત્ર રહેતી નથી કારણ કે તે અરજીનું કારણ સંતોષાઈ ગયેલ છે તેમ જે ઠરાવેલ છે. તે ભૂલ ભરેલો નિર્ણય છે. કારણ કે અરજદારે મુળ અરજી તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૫ રોજ દાખલ કરેલ છે અને અરજી દાખલ કર્યા પહેલા તકરારનું કારણ તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૫ ના રોજ નોકરીમાં હાજર થવા આવ્યાં ત્યારથી ઉત્પન્ન થયેલ છે અને ત્યારબાદ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૫ ના રોજ વિનંતીપત્ર આપેલ છે. અને ત્યારબાદ ૧૫ દિવસ રાહ જોયા પછી તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ અરજી દાખલ કરેલ છે. વળી, અરજદારે તેમના આંક-૬૯ ના લીસ્ટથી રજુ કરેલા દસ્તાવેજો કે જેમાં સામાવાળા બેન્કનો તારીખ ૧લી જુલાઈ,૨૦૦૦ ના રોજનો આંક-૬૯/૧ કે જે અરજદારને ફરજ ઉપર હાજર થવા માટેનો છે તે જોઈએ તો, "તમો એ બાબતથી પુરેપુરા જાણકાર છો કે તમો દ્વારા બેન્ક વિરૂધ્ધ નામ મજુર અદાલત જામનગર સમક્ષ બી.આઈ.આર. અરજી નં. ૩/૯૫ દાખલ કરવામા આવેલ છે અને જે હાલ હજુ કોર્ટમાં ન્યાય નિર્ણય માટે પેન્ડિંગ છે. બેંક તમારા આ કોર્ટ કેઈસને કોઈ જ બાધ ન આવે તે રીતે તમોને પુન: ફરજ ઉપર લેવા ઈચ્છે છે અને હાલ બેંકમાં સ્ટાફની જરૂરિયાત હોઈ તમોને આ પત્ર મળ્યેથી દિવસ (૭) સાતમાં તમારી ફરજ ઉપર હાજર થઈ જવા જણાવવામાં આવે છે. આ અગાઉ પણ તમોને બેંક દ્વારા તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૮ નો પત્ર લખી ફરજ પર આવવા જણાવવામાં આવેલ અને તમોએ તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૮ના પત્રથી કેસ પેન્ડીંગ રાખી કામ પર ચઢવા તૈયાર છીએ તેમ જણાવેલ. પરંતુ ત્યાર બાદ ફરજ પર આવેલ ન હતા. આથી આ પત્ર દ્વારા જાણ કરવામાં આવે છે કે તમો દિવસ-૭ માં નિયત સમય મર્યાદામાં ફરજ ઉપર

હાજર થઈ જશો. અન્યથા તમો નોકરી કરવા ઈચ્છતા નથી તેમ માનવાને બેન્કને પુરતું કારણ રહેશે અને બેન્કને સ્ટાફની જરૂરિયાત મુજબ આગળ અંગેની યોગ્ય કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની તમે નોંધ લેશો.”તેવો પત્ર બેન્ક મેનેજરની સહીથી અરજદારને આપવામાં આવેલ અને તેના આધારે અરજદારે પણ તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૦૦ ના રોજ આંક-૬૯/૨ થી હાજર રીપોર્ટ રજુ કરેલ અને તે જ રીતનો આંક-૬૯/૩નો તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર,૨૦૦૦ નો હાજર રીપોર્ટ રજુ કરેલો અને તે મુજબ અરજદારે નોકરી પણ કરેલી અને ત્યારબાદ ફરીથી અરજદારને સામાવાળા નોકરી ઉપર રાખતા નથી. પરંતુ જ્યારે અરજદારનો કેસ મજુર અદાલતમાં પેન્ડીંગ હોય અને સામાવાળા બેન્ક પણ જ્યારે તેઓના પેન્ડીંગ કેસનો વાંધો ન આવે તે રીતે કામ ઉપર હાજર કરતા હોય ત્યારે અરજદાર તેમની ફરજો ઉપર તેમના કેસની તકરારોને બાધ ન આવે તે રીતે હાજર થતાં હોઈ અરજદાર પુન:સ્થાપિત થઈ ગયેલી હોવાથી તે અંગે કોઈ ન્યાય-નિર્ણય કરવાનો રહેતો નથી તેમ મજુર અદાલતના ન્યાયાધિશે જે ઠરાવેલ છે તે ઉપર ચર્ચા કર્યા પ્રમાણે ભૂલ ભરેલો નિર્ણય છે. હકીકતે જ્યારે બેન્ક એમ કહેતી હોય કે કરેલા કેસને બાધ ના આવે તે રીતે કામે હાજર કરેલા હોવાથી તેઓને પુન:સ્થાપિત કરવાથી મૂળ કેસનો નિર્ણય થયેલ કહેવાય નહિ. અને તેથી અરજદાર પુન:સ્થાપિત થવાને હક્કદાર થાય છે.

(૧૧) આ કામમાં અરજદાર શરૂઆતમાં તારીખ ૨૩મી જુન, ૧૯૯૨ના નિમણુંક પત્રથી નોકરીમાં દાખલ થયેલા અને ત્યાર બાદ તેઓને ૨૯-૨૯ દિવસોના હુકમો આપવામાં આવતા હતા તે અંગે કોઈ વિવાદ નથી. પરંતુ ત્યારબાદ અરજદારને તારીખ ૩૦મી જુન. ૧૯૯૩ના રોજ છુટા કરેલ. અને તેથી અરજદારે ત્યારબાદ સામાવાળા બેન્કમાં તેઓના છુટા કરતા કાયદેસરના હક્કો મેળવવા માટે તથા અરજદારની જગ્યાએ દિવ્યાબેન હીરપટા. તથા હીનાબેન પોપટને કામે રાખેલ છે. તેથી આઈ.ડી. એક્ટની કલમ ૨૫ (એચ) મુજબ તેઓ પ્રથમ કામ મેળવવા હકદાર છે તે અંગેની અરજી તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૪ ના રોજ સામાવાળા બેંકને આંક-૪૦ની કરેલી તેમ છતાં સામાવાળા બેંકે અરજદારને નોકરીમાં નહિ બોલાવતા અરજદારે ફરીથી આંક-૪૧ની તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૪ની અરજી સરકારી મજુર અધિકારીને આંક-૪૦ ની અરજીની બાબતો અંગે ધ્યાન દોરતી અરજી કરેલ અને તેના આધારે સરકારી મજુર અધિકારીએ આંક-૪૨ની નોટીસ સામાવાળા બેંકને ઔદ્યોગિક વિવાદ ધારો-૧૯૪૭ની કલમ-૨૫-એચ મુજબ કાર્યવાહી હાથ ધરવા અંગે આપતા સામાવાળા બેંકે અરજદારને નોકરી ઉપર ફરીથી રાખી લીધેલા અને અરજદારે પણ આથી તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪ના રોજ આંક-૪૪નો પત્ર લખી સરકારી મજુર અધિકારીને તેણીએ કરેલ અરજી દફતરે કરવા વિનંતી કરેલી, અને તેના આધારે તે અરજી દફતરે કરવામાં આવેલી અને તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ નો આંક-૨૧નો હંગામી કલાર્ક તરીકેની નિમણુંકનો પત્ર અરજદારને આપવામાં આવેલો અને ત્યારથી અરજદારે સતત અને સળંગ તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫

સુધી કામગીરી કરેલ છે. અને ત્યારબાદ પ્રસુતિની રજા ઉપર જતાં અને ત્યારબાદ તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫ના રોજ નોકરીમાં હાજર થવા આવતા તઓને નોકરીમાં રાખવામાં આવેલા નથી. અને આંક-૩૪થી ડીમાન્ડ નોટીસનો જવાબ આપી બેંકમાં કોઈ નવા કામદારની ભરતી કરવામાં આવશે ત્યારે તમોને જણાવીને તમોને નિમણુંકમાં પ્રથમ પ્રેફરન્સ આપવામાં આવશે તેમ જણાવતો પત્ર લખેલો તેમ છતાં સામાવાળા બેન્કે દિવ્યાબેન હીરપરા અને હીનાબેન પેપટની ભરતી કરેલ છે . વળી,અરજદાર સાથે જ નોકરીમાં દાખલ થયેલા હેમલતા વેધપન્ત; ઉમા પંડ્યા; રેશ્મા મહેતા; માધુરીબેન કોટેચા; મમતાબેન પુંજાણી; ઝરણ મલકાણી હાલમાં પણ નોકરીમાં ચાલુ છે તેવી રજુઆત અરજદારે આંક-૪૦, ૪૧ના પત્રોમાં દર્શાવેલ છે. અને આજ હકીકતોને અરજદારે તેમની આંક-૧૧થી થયેલ જુબાનીમાં પણ પૃષ્ટી આપેલ છે જ્યારે સામાવાળા બેન્કના સાહેદ લખધીરસિંહ રણધિરસિંહ રાણા કે જેઓ રીકવરી ઓફીસર છે. તેમણે તેમની જુબાનીમાં જે જણાવેલ છે તે જોઈએ તો ''હું દશ વર્ષથી સામાવાળા સંસ્થામાં નોકરી કરૂં છું, હું રીકવરી ઓફીસર છું અરજદારને હું ઓળખું છું. બેન્કમાં તેમને પાસબુક ભરવા માટે રાખેલા. તેમને જરૂર પડે બોલાવતા હતા. અરજદારને લેખીત હુકમ આપવામાં આવે કે ન પણ આવે એ વાત ખરી છે કે બેન્ક પાસે કામગીરી ન હોઈ અરજદારને છુટા કરેલ છે. એ વાત ખરી છે કે કાયમી સ્ટાફમાં ઈન્ટરવ્યુ લઈ ભરતી કરવામાં આવે છે અરજદારનો ઈન્ટરવ્યુ લીધેલ નથી તેમ સરતપાસમાં કહે છે જ્યારે ઉલટ તપાસના મહત્ત્વના અંશો જોઈએ તો, '' એ વાત ખરી નથી કે વર્ષાબેનને પાછળથી કલાર્ક તરીકે રાખેલી. આંક-૧૨ ના અનુંસંધાને પાસબુક રાઈટર તરીકે રાખેલા. એ વાત ખરી કે આંક-૨૧માં કલાર્ક લખેલ છે. એ વાત ખરી નથી કે અરજદારે સળંગ નોકરી ૨૪૦ દિવસની કરેલ છે. અરજદારને પગાર વાઉચર ચુકવતા તે વાત ખરી છે. એ વાત ખરી છે કે વાઉચરો બેન્ક પાસે છે તે રજુ કરીશું એ વાત ખરી છે કે અરજદારને કદી હક્ક રજા આપેલ નથી એ વાત ખરી કે અરજદારને બોનસ આપેલ. બોનસનું વાઉચર હશે તો રજુ કરીશ. અરજદારને અઠવાડિક રજાનો લાભ આપેલ કે કેમ તેની ખબર નથી. એ વાત ખરી કે અરજદારે પ્રસુતિ રજાની માંગણી કરેલ એ વાત ખરી કે તેનો કોઈ જવાબ આપેલ નહિ. એ વાત ખરી કે અરજદારે પ્રસુતિના બે દિવસ અગાઉ સુધી કામ કરેલ છે. એ વાત ખરી કે પ્રસુતી બાદ અરજદારને કામે રાખેલ નથી. એ વાત ખરી કે અરજરદારનો હાજર રીપોર્ટ રજી. એ. ડી. થી મોકલાવેલ હતો. એ વાત ખરી છે કે અરજદારને છુટા કરવાનો લેખીત હુકમ નથી. એ વાત ખરી કે અરજદારના વિનંતી પત્રનો જવાબ આપેલ નથી, એ વાત ખરી કે આંક-૩૭નો જવાબ આપેલ નથી, એ વાત ખરી કે અરજદારે આંક-૫૪ મુજબની કામગીરી કરેલ છે. એ વાત ખરી કે અરજદારને છુટા કરતા છટણી વળતર આપેલ નથી. એ વાત ખરી કે કામગીરી ઓછી થઈ હોવાનું બતાવવા લેખીત આધાર નથી. એ વાત ખરી કે પ્રકાશ ઝવેરી વિગેરે અરજદાર પછી દાખલ થયેલા, એ વાત ખરી છે કે અરજદાર મનીખભાઈ ને અને હિનાબેનને અરજદારને છુટા

INDEX

કર્યા પછી કામે રાખેલા. સાહેદ જણાવે છે કે હંગામી રાખેલા છે. અરજદારને કામે રાખવા કે કેમ ? તે વોર્ડ નક્કી કરે. હંગામી ભરતી કરી હોય તેનો લેખીત હુકમ હોય અને વાઉચર હોય. તે હું રજુ કરીશ. પાસબુક રાઈટર તરીકે રાખ્યા હોય ને તો તેના વાઉચરો રજુ કરીશું. એ વાત ખરી નથી કે અરજદાર ડીલીવરી માટે ગયા તેથી છુટા કર્યા છે" તેમ ઉલટ તપાસમાં જણાવે છે.

(૧૨) સામાવાળા બેન્કના લખધીરસિંહ રણધીરસિંહ રાણા કે જેવો બેન્કમાં રીકવરી ઓફીસર છે. તેમની ઉલટ તપાસ જોતાંજ અરજદારના કેસની તમામ હકીકતો સ્પષ્ટ થઈ જાય છે તેમ છતાં મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધિશનું આ જુબાની અંગે માઈન્ડ એપ્લાય કરેલ નથી તે સ્પષ્ટ પણે જણાઈ આવે છે. કારણ કે અરજદારે સામાવાળા બેન્કને વિનંતી... આપેલો તેમજ આંક-૫૪ કે જે અરજદારની હાજરીનાકુલ દિવસો ૬૧૧ દર્શાવેલા છે એ... કે અરજદારની નિમણુંક તારીખ ૨૩મી જુન, ૧૯૯૨ થી થઈ ત્યારથી તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫ સુધી ના દર્શાવેલા છે અને તે સામાવાળાના રીકવરી ઓફીસર કબુલ પણ કરે છે. વળી અરજદારને છુટો કરવાનો લેખીતમાં હુકમ પણ આપેલ નથી તે પણ કબુલ કરે છે. વળી, આંક-૩૪ મુજબ કામની જરૂરીયાત મુજબ ફરીથી બોલાવવામાં આવશે તેમ જણાવ્યા છતાં સામાવાળા બેન્કે મનીષભાઈ, હિનાબેન, પ્રકાશભાઈ વિગેરેને કામે રાખેલા છે કે જેઓ અરજદારથી જુનિયર છે, વળી અરજદારના તથા તેમના પછી જેઓને કામે રાખેલા તેવાઓના વાઉચરો- તથા હુકમો શ્રી રાણાએ રજુ કરવાનું જણાવેલ હોવા છતાં તે રજુ કરેલા નથી તથા અરજદારને છુટા કરતા તેણીને છટણી વળતર પણ આપેલ નથી અને તેથી એક હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે સામાવાળા બેન્કે આઈ.ડી. એકટની કલમ-૨૫ એફ, ૨૫ એચ, ૨૫ એન, નો સ્પષ્ટપણે ભંગ કરેલો છે કારણ કે સંબંધિત કામદાર એટલે કે અરજદારને છુટા કરતો કોઈ હુકમ આપેલ નથી કે નોટીસ કે નોટીસ પગાર, છટણી વળતર આપેલ નથી. ત્યારબાદ સામાવાળા બેન્કમાં કામની જરૂરીયાત ઉપસ્થિત થતાં અન્ય કર્મચારીની ભરતી કરવામાં આવે છે પરંતુ અરજદારને પત્ર લખીને બોલાવવામાં આવતા નથી અને તેથી પણ અરજદાર તેમની નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવાને હક્કદાર થાય છે.

(૧૩) જામનગરની મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધિશે તેમના ચુકાદામાં, "આ સંજોગોમાં દેખાવ માટે સનદ રાખી હોય તેમ બને નહિ અને વકિલના જુનિયર તરીકે કંઈ પણ કમાણી ન કરી હોય તેમ પણ માની શકાય નહિ. વિશિષ્ટ જ્ઞાન ધરાવતી વ્યકિત જ્ઞાન નો ઉપયોગ ન કરે તેમ માનવાને કારણ નથી વળી ભણેલી ગણેલી અને અનુભવી વ્યકિત નોકરી માટે પ્રયત્ન કરે અને અરજીઓ કરે તે તેની નકલો રાખે અને ઈન્ટરવ્યુ આવ્યા હોય તેના કોલ લેટર પણ રજુ કરે આવી કોઈ પુરાવાની હકીકત અરજદારે જણાવેલ નથી તેથી તેણે નોકરી માટે પ્રયત્ન કર્યા હોવાનું ફલિત થતું નથી તેથી પણ ...

પડેલા દિવસોના પગાર માટે હકદાર નથી." તેવા જે તારણો ઉપર આવેલા છે તે ભુલ ભરેલા છે કારણ કે અરજદારે તેમની મુળ આંક-૧ ની અરજીના પેટા-૧૦ માં જણાવેલ છે કે ''અમો અરજદારે નોકરી મેળવવા અન્ય જગ્યાએ પ્રયત્ન કરવા છતાં નોકરી મળેલ નથી''. તેમ સ્પષ્ટપણે જણાવેલ છે. જ્યારે સામાવાળાએ મુળ અરજીનો જવાબ આંક-૮થી રજુ કરેલ છે અને તેમાં પેરા-૧૨માં એમ જણાવે છે કે અમોને મળેલ માહિતિ પ્રમાણે અરજદાર અન્ય જગ્યાએ ગેઈનફુલી એમ્પલોઈડ છે."તેમ જણાવે છે. જ્યારે અરજદારની આંક-૧૧ થી જુબાની થયેલ છે અને તેમાં તેઓ જણાવે છે કે," મને બેંકે છુટી કર્યા બાદ મેં અનેક જગ્યાએ નોકરી મેળવવા પ્રયાસ કરેલો છે. પરંતુ નોકરી મળેલ નથી. આજદિન સુધી હું બેકાર છું. મારા પતિ તેમજ સસરા કમાતા હોવાથી મારું ભરણ-પોષણ થાય છે. હું બી.કોમ. એલ.એલ.બી. ભણેલી છું. મેં એડવોકેટ તરીકે સનદ લીધેલી છે. છુટા કર્યા બાદ મેં સનદ લીધેલી. શ્રી એસ.કે. રાચ્છા વકીલના હાથ નીચે મેં જુનિયર વકીલ તરીકે ચાર-પાંચ માસ કામ કરેલ તેમ સરતપાસના મહત્વના અંશોમાં જણાવે છે જ્યારે ઉલટ તપાસના મહત્વના અંશો જોઈએ તો, ''જુનિયર તરીકે વકીલાતમાં મને કાંઈ મળતુ ન હતું. મારુ ગુજરાન મારા સસરા તથા પતિ ચલાવે છે. મેં અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્નો કરેલા. પરંતુ મળેલ નથી એલ.આઈ.સી.; જામનગર મહાનગર પાલીકા વિગેરેમાં નોકરી બાબતે પ્રયત્નો કરેલા. નોકરી મેળવવા અરજીઓ કરેલ તે બાબતે મારી પાસે લેખીત પુરાવો નથી. ''તેમ જણાવે છે એટલે કે અરજદારે તો તેમની અરજીમાં તથા જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે તેઓને નોકરી માટે પ્રયત્નો કર્યા પણ નોકરી મળી નથી અને આ અંગે અરજીઓ કરેલ પણ તેની નકલ નથી. જ્યારે સામાવાળાતો તેમના લેખીત જવાબમાં એમ કહે છે કે અરજદાર ગેઈનફુલી એમ્પલોઈઝ છે. પરંતુ આ અંગેનો કોઈ પુરાવો સામાવાળાએ રજુ કરેલ નથી વળી અરજદાર નોકરી કરી કમાણી કરે છે તે સાબિત કરવાની જવાબદારી સામાવાળા બેન્કની છે. અને તેથી વિદ્વાન ન્યાયાધિશે તેમના ચુકાદામાં જે પડેલા દિવસોનો પગાર અરજદારનો કાપી રદ કરેલ છે તે હુકમ ખોટો અને ભુલ ભરેલો છે. અને તેથી તે રદ કરવો જરૂરી છે.

(૧૪) અરજદાર તરીકે તેમની લેખીત દલીલોમાં (૧) ૧૯૯૩ (૧) સી.એલ.આર. પાનામાં ૨૦૫ નું નામ. રાજસ્થાન હાઈકોર્ટનું ઓરીએન્ટલ બેન્ક ઓફ કોમર્સ વિરુધ્ધ પ્રીસાઈડીંગ ઓફીસર, સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ અને બીજાઓનું રજુ કરેલ છે તેમાં પણ જણાવેલ છે કે કામદારે જો ૨૪૦ દિવસ કરતા ઓછા દિવસો કામ કરેલ હોય અને તેને નોકરીમાંથી છુટો કરવામાં આવે તો તેને પણ છટણી કહી શકાય. અને તેવો કામદારને છુટો કરતા પહેલા આઈ.ડી.એકટની કલમ-૨૫ એફ નું પાલન કરવું પડે. વધુમાં અરજદાર તરીકે ૨૦૦૦ સી.એલ.આર. ૬૦૩ નું નામ. ગુજરાત હાઈકોર્ટનું સુરત મહિલા નાગરીક સહકારી બેન્ક લી. વિરૂધ્ધ મમતાબેન મહેન્દ્રભાઈ જોષીનું રજુ કરેલ છે. તેમાં પણ સંબંધિત કામદાર કામચલાઉ કલાર્ક કમ કેશિયર તરીકે બેન્કમાં કામ કરતા હતા

INDEX

અને તેઓને દર મહિને નોશનલ બ્રેક આપી નિમણુંક હુકમો આપવામાં આવતા હતા. તેઓને ૧૦ મહિનાની નોકરી પછી છુટા કરવામાં આવેલા અને તેથી તેને આઇ.ડી. એકટની જોગવાઇઓ મુજબ છટણી ઠરાવેલ અને તેમાં આઇ.ડી. એકટની કલમ-૨૫ એફ નું પાલન કરવું ફરજિયાત છે તેમ ઠરાવેલ. અત્રેના કેસમાં પણ અરજદારને ૨૯--૨૯ દિવસોના હુકમો શરૂઆતમાં તારીખ ૨૩મી જુન, ૧૯૯૨ થી આપવામાં આવેલા. તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪ થી તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫ સુધી સતત અને સળંગ કલાર્ક તરીકેની નોકરી કરેલી અને તેમ છતાં છુટા કરવાનો કોઇ લેખીતમાં હુકમ આપેલ નહિ કે નોટીસ કે નોટીસ પગાર, છટણી વળતર ચુકવી આપેલ નહિ. અને તેથી અરજદાર પુન:સ્થાપિત થવાને હક્કદાર છે. વધુમાં અરજદાર તરીકે ૨૦૦૦ એલ.એલ.જે. ૭૦૫ નું એકઝીક્યુટીવ એન્જિનીયર પી.ડબલ્યુ.ડી. પબ્લીક હેલ્થ ડિવીઝન. ફતેહાબાદ અને બીજાઓ વિરૂધ્ધ રામકરણ અને બીજાઓનુંનામ પંજાબ અને હરીયાણા હાઇકોર્ટનું રજુ કરેલ છે તેમાં પણ સંબંધિત કામદારને પડેલા દિવસોના પગારના ૨૫ ટકા પગાર સાથે પુન:સ્થાપિત કરવાનો લેબર કોર્ટ કમ ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ હીસારે ઠરાવેલ. તેમાં એવુ કારણ લેવામાં આવેલ કે સંબંધિત કામદારની નિમણુંક રેગ્યુલર જગ્યા કે મંજુર થયેલી જગ્યા ઉપર કરવામાં આવેલ નહિ પરંતુ તેને ડેઇલી વેજર તરીકે તદ્દન હંગામી ધોરણે રોજે રોજના કામની જરૂરિયાત મુજબ રાખવામાં આવેલ. તેને કોઇ નિમણુંક પત્ર આપવામાં આવેલ નહિ અને તેથી આઇ.ડી. એકટની જોગવાઇઓ મુજબ તે કામદાર કહેવાય નહિ. સંબંધિત કામદારને ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૭ ના રોજ આઇ.ડી. એકટની કલમ-૨૫ એફની જોગવાઇઓનું પાલન કરીને છુટા કરવામાં આવેલ અને આ અંગે રાજ્ય સરકારની નાણાકીય નબળી પરિસ્થિતિને કારણે મુખ્ય ઇજનેરે તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૬ ના રોજ સુચના આપતા કરવામાં આવેલ. સંબંધિત કામદારનો એવો આક્ષેપ હતો કે તેઓને છટણી વળતર ઓછું મળેલ છે. તથા તેમનાથી જુનિયર હતા તેઓને નોકરીમાં લઇ લીધેલા છે અને તેથી આઇ.ડી. એકટની કલમ-૨૫ એફ અને ૨૫-જી નો ભંગ થાય છે તેમાં નામદાર હાઇકોર્ટે એવું ઠરાવેલ કે એ હકીકત છે કે સ્ટાફ સરપ્લસ છે અને રાજ્ય સરકારની નબળી પરિસ્થિતિ હોવાથી કામદારને કામે લીધેલ નથી. તારીખ ૧લી મે, ૧૯૯૫ પછી જે કામદારો (ડેઇલી રેઇટેડ) કામે રહેલા તેમને છુટા કરેલા છે સંબંધિત કામદારની પાછળથી દાખલ થયેલા કામદારોને કામે રાખેલા છે અને આ હકીકતો અનચેલેન્જ રહેલ હોવાથી સંબંધિત કામદાર પણ કામે રહેવા હક્કદાર છે તેમ ઠરાવી લેબર કોર્ટનો હુકમ યથાર્થ ઠેરવેલ અરજદાર તરીકે ૨૦૦૧ એલ.એલ.જે. ૧૧૬૪નું રામનિવાસ અને બીજાઓ વિરૂધ્ધ પ્રીસાઇન્ડીંગ ઓફીસર, લેબર કોર્ટ ફરીદાબાદ અને બીજાઓનું રજુ કરેલ છે તેમાં કામદારની નોકરી કરાર રીન્યુ નહિ કરતા ૨૪૦ દિવસની હાજરી થઇ હોવા છતાં છુટા કરેલ, તેમાં નામદાર હાઇકોર્ટ ઠરાવેલ કે કામદારની ૧૨ માસમાં થઇને ૨૪૦ દિવસની હાજરી થઇ હોવાથી તેને છુટા કરતા પહેલા આઇ.ડી. એકટની જોગવાઇઓનું પાલન કરેલ

INDEX

ના હોવાથી તથા કરારની હકીકતો જણાવેલ ના હોવાથી પડેલા દિવસોના પગાર સહિત પુન:સ્થાપિત કરવાનો હુકમ કરેલ, અરજદાર તરફે ૨૦૦૧(૧) સી.એલ.આર. પાના માં ૧૩૨ નું પંચમસીંઘ વિરૂધ્ધ હરીયાણા રાજ્ય અને બીજાઓનું નામદાર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટનું રજુ કરેલ છે તેમાં કામદારે એક વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ તેને છુટો કરેલ અને આઈ.ડી. એક્ટની જોગવાઈઓનું પાલન કરેલ નહિ. તેથી કામદારે લેબર કોર્ટમાં કેસ કરેલો તેમાં લેબર કોર્ટે સંસ્થાએ આઈ.ડી. એકટની કલમ-૨૫ એફનું પાલન કરેલ ન હોવાથી કામદારને પુન:સ્થાપિત કરેલો પણ રૂા.૧૦,૦૦૦ લમસમ બેંક વેજીસ તરીકે અપાવેલા અને તેથી રીટ પીટીશન કામદારે કરતા નામદાર હાઈકોર્ટ ઠરાવેલ કે જ્યારે આઈ.ડી. એક્ટની કલમ-૨૫ એફનો ભંગ કરેલો છે ત્યારે સંબંધિત કામદાર પડેલા દિવસોના પગાર સહિત પુન:સ્થાપિત થવાને હક્કદાર છે અને તેથી લેબર કોર્ટે રૂા. ૧૦,૦૦૦ જે લમસમ બેંક વેજીસ તરીકે અપાવેલા તે રદ કરી તમામ પડેલા દિવસોના પગાર ચુકવી આપવાનો હુકમ કરેલો.

(૧૫) આ કામમાં પણ સંબંધિત કામદારને શરૂઆતમાં ૨૯--૨૯ દિવસના હુકમથી નોકરીમાં રાખવામાં આવેલ અને ત્યારબાદ છુટા કરતા પહેલા કોઈ નોટીસ કે નોટીસ પગાર છટણી વળતર ચુકવેલ નહિ તથા ત્યારબાદ પણ અન્ય કામદારોની નવી ભરતી કરેલ પણ, અરજદારને કામ માટે બોલાવેલ નહિ અને તેથી સામાવાળા બેંન્કે આઈ.ડી. એકટની કલમ-૨૫ એફ, ૨૫-જી તથા ૨૫ એચનો ભંગ કરેલાનું પુરવાર થાય છે વળી લેબર કોર્ટ કઈ ગણત્રીથી રૂા. ૫૦૦૦ નું વળતર અપાવવા કરેલ હુકમ પણ અયોગ્ય, ગેર-વ્યાજબી અને ગેર કાયદેસરનો ઠરાવું છું અને તેથી અરજદાર તેમની નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત તમામ લાભો સહિત તથા પ્રસુતિની રજાના લાભો સહિત પુન:સ્થાપિત કરવાનો રૂલ કરવામાં આવે તો તે યોગ્ય અને વાજબી અને કાયદેસરનો ગણાશે અને તેથી ઉપર ચર્ચા કર્યા મુજબ મજુર અદાલત જામનગરે તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૦૧ ના રોજ કરેલ હુકમ રદ કરીને અરજદારની અપીલ ગ્રાહ્ય રાખીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદાર વર્ષાબેન આર. દવેની સદર અપીલ સામાવાળા બેંક સામેની મંજુર કરવામાં આવે છે અને જામનગરની મજુર અદાલતે તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૦૧ ના રોજ કરેલ હુકમ રદ કરવામાં આવે છે અને સદર હુકમની બજવણી થયેથી દિન ૩૦ માં સામાવાળાએ અરજદારને તેમની નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના તમામ પગાર સાથે અન્ય લાભો સાથે પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર અપીલના ખર્ચના રૂા. ૫૦૦ સામાવાળાએ અરજદારને ચુકવવા તેવો પણ હુકમ કરવામાં આવે છે મજુર અદાલતે

અપાવેલ વળતરના રૂા. ૫૦૦૦ પડેલા દિવસોના પગારનાં મજરે લેવા તેવો પણ હુકમ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૧૨મી જૂન, ૨૦૦૨.

એમ. પી. ચાવડા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
(ગુજરાત), રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૦મી ઓક્ટોબર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૧૦-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું શ્રી તલાલા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., તલાલા (ગીર) અને સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ ના ઓકટોબર માસના ૧૦માં દિને આથી નોંધ કરું છું.

આંક-૬

શ્રી ડી. એન. બારોટ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૧, રાજકોટ સમક્ષ.

રીવીઝન અરજી (આઇ. સી.) ૪ /૮૮

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ ... ... અરજદાર;

વિરૂધ્ધ

(૧) જજશ્રી તૃતિય મજૂર અદાલત, રાજકોટ ... ... સામાવાળા.

(૨) શ્રી તાલાલા તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.,
તાલાલા (ગીર).

વિષય :- બી.આઇ.આર. એકટ-૮૫ અન્વયે અરજી.

પ્રતિનિધિત્વ : (૧) અરજદાર તર્ફે શ્રી વિજયભાઇ ટીંબડીયા.
(૨) સામાવાળા તર્ફે શ્રી એસ. બી. ગોગીયા.

હુકમ

(૧) આ કામના અરજદાર સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ આ કામના સામાવાળા શ્રી તાલાલા તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., તાલાલા (ગીર) ની સામે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,૧૯૪૬ ની કલમ-૮૫ હેઠળ, આ રીવીઝન અરજી કરીને તેમાં રાજકોટની તૃતિય મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ શ્રીએ તેઓની સમક્ષની બી.આઇ.આર. અરજી નં. ૬૭/૮૮ ના કામમાં આંક-૨ થી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૮ ના રોજ કરેલ હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી, વિકૃત, શુધ્ધબુધ્ધિ વગરનો અને અન્યાયી હોઈ તે રદ બાતલ ઠરાવવા અને અરજદારના તારીખ ૯મી મે, ૧૯૮૮ પહેલાની નોકરીની જે તે યથાવત પરિસ્થિતી જાળવી રાખવા સામાવાળાને હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.

(૨) આ રીવીઝન અરજીની સુનાવણી હાથ ધરતાં અરજદારના વિદ્વાન પ્રતિનિધીશ્રી તરફથી આ કામમાં આંક-૫ મુજબની પુરસીસ રજુ કરીને તેઓ હાલની તકે આ વિવાદ આગળ ચલાવવા ઈચ્છતા ન હોઈ પરત લેવા અંગે પરમીશન આપવા અરજ કરે છે. તે અંગે સામાવાળાના વકીલશ્રીને પણ વાંધો નથી. જેથી આંક-૫ ની પુરસીસ અન્વયે આ રીવીઝન અરજી પાછી ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે અરજીનો નિકાલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

રાજકોટ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૨.

ડી. એન. બારોટ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૧,
(ગુજરાત), રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૧૧-આર.યુ.--સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું આશીમા સ્પીનફેબ અમદાવાદ અને ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ સમાધાન અધિકારીશ્રી જે.જી. મુખીની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૨૦૦૨ના ઓકટોબર માસના ૩૦માં દિને આથી નોંધ કરું છું.

સમાધાનકાર કુ. જે.જી. મુખી સમક્ષ મુંબઈ ઓદ્યોગીક સંબંધક અધિનિયમ હેઠળ સમાધાનનું ખતપત્રક.

બી.આર.સી. કેસ નં. ૨૩ સને ૨૦૦૨

શ્રી પી. જે. જસાણી, ... માલિકના પ્રતિનિધિ;
જનરલ મનેજર (આઈ. આર.)
આશીમા સ્પીનફેબ
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ)
અમદાવાદ.

વિરૂધ્ધ

શ્રી બાબુભાઈ અમીપુરા ... ... કામદારોના પ્રતિનિધિ.
મંત્રી વતી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ.

કેસની ટુંકી વિગત

મીલ્સ કંપનીએ અમદાવાદ શહેરના કાપડ સુરત ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી ટેક્ષટાઈલ લેબર અસોસીએશનને ફોર્મ 'ક' માં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની જોગવાઈઓ મુજબ નોટીસ ચેઈન્જ આપી માંગણી મુકેલ કે મીલ્સ કંપની તેના ફેઝ-૧ના વીર્વીગ પ્રીપરેટરી ખાતામાં સાઈઝીંગ, વોવિંગ તેમજ વાઈન્ડિંગ ખાતાના મશીનો ઉપર ત્રણેય પાળીમાં ફીટર સ્ટાફની ગોઠવણી, પગાર તેમજ તેમની કામગીરી નક્કી કરવા માંગણી કરેલ. તેના અનુસંધાને મીલ્સ કંપનીએ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયનને ફોર્મ 'એન' માં તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ અહેવાલ

INDEX

મોકલી આપેલ જે તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવેલ. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ શરૂ કરવામાં આવેલ. દરમ્યાન પક્ષકારો વચ્ચે ઉપરોક્ત વિવાદ અંગે વખતોવખત ચર્ચા વિચારણા થયા બાદ સુખદ સમાધાન થયેલ છે. જેની શરતો નીચે મુજબ છે.

સમાધાનની શરતો

(૧) વીવીંગ પ્રીપરેટરી ખાતામાં હાલ નીચે મુજબના મશીનો ત્રણે પાળીમાં ચલાવવામાં આવે છે.

મશીનનું નામ	સંખ્યા
(૧) બેનીન્જર સાઈઝીંગ મશીન	૧
(૨) એસોટેક્ષ સાઈઝીંગ મશીન (ફક્ત બે પાળી ચલાવવામાં આવશે.)	૧
(૩) સુઝલ વોપીંગ મશીન	૧
(૪) ચામાડા ચીઝ સાઈઝીંગ મશીન	૧
(૫) બેનીન્જર સેકશનલ વોર્પીંગ મશીન	૧
(૬) બેનીન્જર SFC સેકશનલ વોર્પીંગ મશીન	૧
(૭) બેનીન્જર ડાયરેકટ વોર્પીંગ મશીન	૧
(૮) ઓટોકોર્નર વાઈન્ડીંગ મશીન	૧
(૯) આર. જે. કે. વાઈન્ડીંગ મશીન	૩
(૧૦) એસ.એસ.એમ.વાઈન્ડીંગ મશીન	૩
(૧૧) સાઈઝીંગ કીચન તથા એસેસરીઝ	--

(૨) મીલ્સ કંપની ઉપરોક્ત મશીનો ઉપર વીવીંગ પ્રીપરેટરી ખાતામાં પાળી દીઠ અને હોદ્દાવાર નીચે મુજબ ફીટર કામદારો રાખશે.

હોદ્દો	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજીપીળી	કુલ
(૧) ચીફ ફીટર	૧	૦	૦	૧
(૨) ફીટર	૨	૩	૧	૬
(૩) આસી. ફીટર	૨	૧	૧	૪
કુલ...	૫	૪	૨	૧૧

INDEX

ઉપરોકત ફીટર કામદારોમાં શ્રી ભીમસીંગ મોંઘીરામ શ્રી રમેશ સોમચંદ, લીલાધર રામદાસ, રંગલાલ બંગાળી મુળ મિહિર ટેક્ષટાઈલના કામદારો હતા અને હાલ ફાજલ કામદારો છે.

(૩) મીલ્સ કંપનીમાંના વીવીંગ પ્રીપરેટરી ખાતામાં ફીટર કામદારોના પ્રમાણમાં શ્રમબોજ ઘણોજ ઓછો છે. આ ઉપરાંત મીલ્સ કંપની ઉપરોકત કલમ નં. ૧ માં જણાવેલ મશીનોમાંથી નીચેના મશીનો ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનની સમંતિથી કાઢી નાખવા માંગે છે.

(૧) એસોટેક્ષ સાઈઝીંગ મશીન

(૨) ઓટો કોર્નર વાઈન્ડીંગ મશીન

(૪) આમ ઉપર જણાવેલ મશીનો કાઢી નાંખવામાં આવતા મીલ્સ કંપનીના વીવીંગ પ્રીપરેટરી ખાતામાં ફીટર કામદારોની સંખ્યા નીચે મુજબ રહેશે.

અનું. નંબર	હોદો	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજીપીળી	કુલ
(૧)	ચીફ ફીટર	૧	૦	૦	૧
(૨)	ફીટર	૨	૧	૧	૪
(૩)	આસી. ફીટર	૧	૧	૦	૨
	કુલ...	૪	૨	૧	૭

આમ ફીટરની બે જગ્યા અને આસી. ફીટરની બે જગ્યા એમ કુલ ચાર જગ્યાઓ કલમ નં.-૨ માં દર્શાવેલ સંખ્યામાંથી આ સમાધાન દ્વારા નાબુદ થશે.

(૫) ઉપરોક્ત કલમ નં. ૪ માં જણાવ્યા મુજબ ચાર જગ્યાઓ ઉપર કામ કરતા કામદારો તેમના સ્વૈચ્છિક રાજીનામા ટેક્ષટાઈલ લેબર એસોસીએશન મારફતે મોકલી આપશે જે સ્વીકારી મીલ્સ કંપની જે તે હોદ્દોની જે તે પાળીની જગ્યા નાબુદ કરશે જો પાળીવાર નાબુદ કરવાની જગ્યાઓ કરતાં વધુ રાજીનામાં આવશે અથવા તો જે તે પાળીમાં વધુ કે ઓછા પ્રમાણમાં રાજીનામાં આવશે. તો તે સંજોગોમાં આવેલ જરૂરિઆત મુજબ રાજીનામાં સ્વીકારી મીલ્સ કંપની કામદારોની હોદ્દોવાર તેમજ પાળીવાર ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનની સમંતિથી ફેર ગોઠવણી કરી શકશે તેમજ જો વીવીંગ પ્રીપરેટરી ખાતાના ફીટર કામદારોમાથી પૂરતા પ્રમાણમાં રાજીનામાં ન આવે તો મીલ્સ કંપની વીંવીગ ખાતાના અન્ય વિભાગ જોવા કે એરજેટ, ડાંઇગ, વાઈન્ડીંગ, સાઈઝીંગ કે અન્ય વિભાગમાં કામ કરતા કામદારોના રાજીનામાં સ્વીકારી જે તે કામદારોની જગ્યાએ ફાજલ ફીટર કામદારોને અન્ય ખાતાઓમાં તેઓના હાલમાં મળતા પગાર તેમજ લાભો પ્રોટેકટ કરી ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનની સંઘની સંમતિથી ફેર ગોઠવણી કરી શકશે.

(૬) આ સમાધાન અન્વયે મીલ્સ કંપની જે કામદારોના સ્વૈચ્છિક રાજીનામાંઓ સ્વીકારશે

INDEX

તેઓને નીચે મુજબના લાભ આપી છુટા કરશે.

(અ) ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ, ૧૯૭૨ હેઠળ કાયદેસરની ગ્રેજ્યુટીની રકમ આ રકમની ગણતરી દાખલ તારીખથી છુટા થયા તારીખ સુધીના પુરેપુરા વર્ષોની ગણવામાં આપો.

(બ) મીલ્સ કંપની આ સમાધાન હેઠળ છુટા થયેલ કામદારોને એક વર્ષની નોકરી દીઠ પંદર દિવસનું વળતર આપવામાં આવશે આ વળતરની રકમ ગણતરી દાખલ તારીખથી છુટા થયા તારીખ સુધીની પુરેપુરા વર્ષોની ગણવામાં આવશે.

(૭) આ સાથેના પરિશિષ્ટ-૧ માં જે તે હોદ્દાની ફરજોનો સમાવેશ આવેલ છે. તે મુજબની ફરજો તમામ કામદારોએ ખંત અને વફાદારીપૂર્વક બજાવવાની રહેશે. ઉપરાંત જે કામદારો અગાઉના કરાર, સમજૂતિ કે સમાધાન મુજબ ફરજ બજાવતા હોય તે ફરજો યથાવત રહેશે. જ્યારે પરિશિષ્ઠ-૨ માં એવોર્ડ મુજબનો પગાર છે જે તે હોદ્દા મુજબ કામદારોને ચૂકવવામાં આવશે.

(૮) દરેક ફીટરને દર વર્ષે બે જોડી તેમજ પેન્ટ આપવામાં આવશે. અને દર વર્ષે એક જોડી બુટ આપવામાં આવશે. જેનો ઉપયોગ તેમણે તેમની ફરજ દરમ્યાન કરવાનો રહેશે.

(૯) મીલ્સ કંપની તેનો સાઈઝીંગ, વોપીંગ તથા વાઈન્ડીંગ વિભાગ સાત દિવસના વર્કીંગના ધોરણે ચલાવશે. આ કામદારોને સાત દિવસના વર્કીંગ અંગેના થયેલા કરાર મુજબ ૪ ટકા પગાર વધારો આપવામાં આવોશે જેના ઉપર પ્રો.ફંડ, બોનસ, વગેરેના લાભ આપવામાં આવશે. સાત દિવસના વર્કીંગના કરારોની જોગવાઈ અનુસાર જો મીલ્સ કંપની સાત દિવસનું વર્કીંગ ચલાવે નહી તેવા સંજોગોમાં તેઓને ઉપરનો લાભ આપવામાં આવશે નહી.

(૧૦) મીલ્સ કંપની આ ખાતામાં ત્રણે પાળી દર માસે ફેરબદલી કરશે અને ત્રણેય પાળી આઠ કલાકની રીસેસ સાથે રહેશે.

(૧૧) મીલ્સ કંપની આ ખાતુ રીલે રીસેસ પદ્ધતિથી જ્યાં સુધી ચલાવશે ત્યાં સુધી દરેક કામદારે વારાફરતી રીસેશ ભોગવવાની રહેશે અને તે માટે પ્રત્યેક દિવસના રીલે રીસેશ એલાઉન્સ તરીકે રૂ. ૧.૫૦ પૈસા આપવામાં આવશે. જેના ઉપર અન્ય કોઈ લાભ આપવામાં આવશે નહી. રીલે રીસેશ પદ્ધતિની કામગીરી બંધ કરવાની હશે. તો કોઈ પણ પક્ષકાર એક માસની નોટીસ આપી તે બંધ કરી શકશે.

(૧૨) આ સામાધાન અનુસાર ચાર જગ્યાઓ નાબુદ થાય છે આથી બાકી રહેલા કામદારોને થોડો શ્રમબોજ વધે તે ધ્યાનમાં રાખી ઉપરોકત જગ્યાઓ નાબુદ થયા બાદ પરિશિષ્ટ-૩ માં જણાવ્યા પ્રમાણે ફેર ગોઠવણી કરવામાં આવશે અને તેમના વધેલા શ્રમબોજ ને અનુલક્ષી પરિશિષ્ટ-૩ માં જણાવ્યા મુજબ પગાર વધારો આપવામાં આવશે જે તેમનો અંગત પગાર વધારો

(પર્સનલ પે) ગણાશે. પરિશિષ્ટ-૩ માં જણાવેલ કાયમી કામદારોની જગ્યાએ જે બદલી કામદારો બદલી ભરે તેવાને પરિશિષ્ટ-૨ મુજબનો એવોર્ડ પગાર હોદ્દો અનુસાર આપવામાં આવશે.

(૧૩) આ સામાધાનના અર્થઘટનમાં કોઇ પ્રશ્ન ઉભો થાય તો મીલ્સ કંપનીના વાઇસ પ્રેસીડેન્ટ આઇ.આર. તેમજ ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશનના મંત્રી શ્રી ચર્ચા વિચારણા કર્યા બાદ જે નિર્ણય લેશે તે બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(૧૪) આ સામાધાનની મુદત પક્ષકારોની સંમતિથી વધારવામાં આવી છે.

(૧૫) આ સમાધાનનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨ થી કરવામાં આવશે.

પરિશિષ્ટ-૧

મેન્ટેનન્સ ચીફ ફીટર :

(૧) પ્રેપરેટરી ખાતાના બધાજ મશીનોના મેન્ટેનન્સ તથા રીપેરીંગની સંપુર્ણ જવાબદારી રહેશે.

(૨) ખાતાના દરેક ફીટર તથા આસી. ફીટરને કામની વહેંચણી તથા કામ પૂર્ણ થયા પછી તેના ચેકીંગની તથા જરૂર પડે સેટીંગ કરવાની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૩) અન્ય પાળીમાં થયેલ રીપેરીંગ કામનું ચેકીંગ તથા જરૂર પડે સેટીંગ કરવાની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૪) ખાતાના ત્રણે પાળીના ફીટર તથા આસી. ફીટરની જોડે મેન્ટેનન્સ તથા રીપેરીંગ કરવાની જવાબદારી રહેશે.

(૫) પ્રેપરટી ખાતાના દરેક મશીન ઉપર લાગેલ તમામ પ્રકારની એસેસરીઝ તથા મશીન ઉપર આવતી યુટીલીટી લાઇનના મેન્ટેનન્સ તથા રીપેરીંગની સંપૂણ જવાબદારી રહેશે.

(૬) દરેક મશીનોની સ્ટોપ મોશન એસમ્બલીનું મેન્ટેનન્સ તથા રીપેરીંગ તમામ કામ કરવાનું રહેશે.

(૭) દરેક મશીન પર લાગેલ પેનલ બોર્ડનું રેગ્યૂલર કલીનીંગ કરવાનું રહેશે તથા ખાતા અધિકારી સુચના આપે ત્યારે કલીનીંગ કરવાનું રહેશે.

(૮) મશીનને લગતા કોઇપણ ઇલેક્ટ્રીક અથવા યુટીલીટી મેન્ટેનન્સ વખતે એન્જીનયરીંગ ખાતાના કામદારો સાથે મળીને કામ કરવાનું રહેશે અને તેમને જરૂરીયાત પ્રમાણે અથવા સુચના પ્રમાણે મદદ કરવાની રહેશે.

(૯) પ્રેપરેટરી ખાતાની દરેક પ્રકારની યાર્ન ટ્રાન્સપોર્ટ ટ્રોલી, દરેક પ્રકારના વજન કાંટાના

INDEX

રીપેરીંગ ત્થા મેન્ટેન્સની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૧૦) મશીનના કોઈપણ સ્પેર પાર્ટસ કે રોલને જરૂર પડે એન્જીનીયરીંગમાં રીપેરીંગ માટે લઈ જવાની તથા લાવવાની જવાબદારી રહેશે અને જરૂર પડે ખાતા અધિકારીને યોગ્ય લાગશે ત્યારે મદદ માટે હેલ્પર કે અન્ય વ્યકિતની મદદ આપશે. જરૂર પ્રમાણે રીપેરીંગ કરવાની સંપૂર્ણ જવાબદારી રહેશે. તથા ખાતાના મશીનને લગતી કોઈપણ માલસામાન ખાતાનીબહાર મોકલવા માટે તથા લાવવા માટે જવાબદારી પૂર્વક તેનું લોડીંગ, અનલોડીંગ કરાવવાનુ રહેશે. તથા નુકશાન ન થાય તે રીતે યોગ્ય જગ્યાએ અથવા ખાતા અધિકારી સુચના મુજબ સ્ટોક કરવાના રહેશે.

(૧૧) જરૂર પડે ત્યારે બીજા ખાતામાંથી સ્પેર પાર્ટસ કે અન્ય ચેકીંગ/ટેસ્ટીંગ ઈસ્ટ્રુમેન્ટ લાવવાની તથા કામ પુરૂ થાય પછી આપવાની જવાબદારી રહેશે.

(૧૨) પ્રેપરેટરીના દરેક મશીનની યોગ્ય જાળવણી તથા મશીનની અને મશીનની પ્રોડકટની કવોલીટી કંપનીના સ્ટાન્ડર્ડ પ્રમાણે જાળવી રાખવાની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૧૩) પ્રેપરેટરીના બધાજ મશીનોના સ્પેર પાર્ટસની જરૂરિયાત પ્રમાણે ઓર્ડર કરવાની સ્ટોક જાળવવાની તથા નવા આવેલ સ્પેર પાર્ટસ ચેક કરી ટ્રાયલ લઈ તેના રીપોર્ટ ખાતા અધિકારીને આપવાની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૧૪) વીવર્સ બીમના જરૂરિયાત પ્રમાણેના ગાળા બીમ કેરીયરની મદદ થી બીમ લાવીને એકજેસ્ટ કરી નક્કી કરેલી જગ્યાએ બીમ મૂકવાની જવાબદારી રહેશે. આ કામ દરેક પ્રકારના વીવર્સ બીમ, વોપીંગ બીમ, તથા જોબવર્ક માટે આવતા વીવર્સ બીમોમાં કરવાનું રહેશે.

(૧૫) સ્પેર પાર્ટસનો સંપૂર્ણ રેકોર્ડ રાખવાની જવાબદારી રહેશે.

(૧૬) કોઈપણ મશીનમાં જયારે ઓપરેટર કે અન્ય વ્યકિત ફરિયાદ કરે તો તરતજ તેને ચેક કરી રીપેર કરવું અથવા જરૂર પ્રમાણે મશીન તથા મશીનની પ્રોડકટને નુકશાન ન થાય તે પ્રમાણે યોગ્ય સૂચના આપવી અને ખાતા અધિકારીનું ધ્યાન દોરવું.

(૧૭) ડેઈલી મેનટેનન્સ બુકમાં, સ્પેર પાર્ટસ બુકમાં તથા જનરલ રીપોર્ટ બુકમાં રેગ્યુલર એન્ટ્રી કરી ખાતા અધિકારીની સહી લેવાની રહેશે.

(૧૮) આ ઉપરાંત ખાતાના ફીટરને તથા આસી. ફીટરને આપેલ બધાજ કાર્ય કરવાની જવાબદારી રહેશે અને ખાતા અધિકારી કે જવાબદાર વ્યકિત સૂચના આપે તે કામ કરવાનું રહેશે.

(૧૯) ખાતાના બધાજ મશીનોને શિડયુલ પ્રમાણે કલીનીંગ, ઓઈલીંગ, ગ્રીસીંગ કરવાની જવાબદારી રહેશે.

(૨૦) કંપનીમાં પ્રોડકશન બંધ હોય ત્યારે ખાતાના મશીનનું મેન્ટેન્સ કે રીપેરીંગ કરવાનું રહેશે.

(૨૧) દરેક મશીનમાં, પ્રોડકટ પ્રમાણે પ્રોગ્રામ પ્રમાણેના ફેરફાર કરવાની જવાબદારી રહેશે, જેવા કે સાઈઝીંગના બીમ પ્રેસ રોલ, એડેપ્ટર ડાયરેકટ વોર્પીંગની રીડ, ટ્રાર્વસ તથા સેકશનલ વોર્પીંગના ગીયર એડેપ્ટર તથા વાઈન્ડીંગ મશીનના સ્પાલસર કે નોટર વગેરે જરૂરિયાત પ્રમાણે બદલવાના રહેશે.

ફીટર :

(૧) પ્રીપરેટરી ખાતાના બધાજ મશીનો જેવા કે બેનીન્ઝર સાઈઝીંગ, સાઈઝ મીક્ષર, સાઈઝ કૂકર, સાઈઝ સ્ટોરેજ ચામાડા વાઈન્ડર, સુઝુકી વોર્પીંગ બેનીન્જર સેકશનલ વોર્પીંગ એસ.એફ.એસ. સેકશનલ વોર્પીંગ બેનીન્જર ડાયરેકટ વોર્પીંગ આર. જે. કે. વાઈન્ડીંગ, એસ. એસ. એમ. વાઈન્ડીંગ, વાઈન્ડીંગ મશીન મશીનોમાં લગતા પંપ તથા બીજા ટ્રોલી, બીમ ટ્રોલી, વજન કાંટા, વગેરે મશીનોના મેન્ટેન્સ તથા રીપેરીંગની જવાબદારી રહેશે જયાં શકય હોય ત્યાં ચાલુ મશીનોમાં મેન્ટેનન્સ કરવાનું રહેશે.

(૨) ખાતાના ચીફ ફીટર, ખાતાના અધિકારી કે જવાબદાર વ્યકિતની સૂચના પ્રમાણે કાર્ય કરવાનું રહેશે.

(૩) મશીનો સારી રીતે ચાલે અને કાપડ તથા યાર્નની ગુણવત્તા જળવાય તે રીતે મશીનની જાળવણી રાખવાની જવાબદારી રહેશે.

(૪) ખાતાના દરેક મશીનનું શિડ્યુલ પ્રમાણે કે ખાતા અધિકારી સૂચના આપે તે રીતે કલીનીંગ ઓઈલીંગ, ગ્રીસીંગ વગેરેની જવાબદારી રહેશે.

(૫) મશીન માટે જરૂરી સ્પેર પાર્ટસના ઓર્ડર કરાવવાની તથા નવા આવેલ સ્પેર પાર્ટસને એક કરી ટ્રાયલ લઈ રીપોર્ટ કરવાની તથા સ્ટોક રાખવાની અને તેનો રેકોર્ડ રાખવાની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૬) બીમ કેરીયરની મદદથી સ્ટોરજમાં મુકેલી જગ્યાએથી અથવા અન્ય જગ્યાએથી વીવર બીમને નક્કી કરેલી જગ્યાએ લાવીને જરૂરિયાત મુજબ ગાળો બનાવી બંને થાળી, બેરીંગ તથા અન્ય જરૂરી પાર્ટસ ચેક કરી બરાબર ન હોય તેને રીપેર કરી નક્કી કરેલ જગ્યાએ મુકવું. આ કામ બેનીન્જર સાઈઝીંગના દરેક પ્રકારના બીમ માટે કરવાનું રહેશે. જરૂર હોય ત્યારે જોબવર્ક માટે આવેલ બીમમાં પણ આ કામ કરવાનું રહેશે. જરૂરિયાત મુજબ ઉપરોકત કામ જે તે ખાતામાં જઈને કરવાનું રહેશે.

INDEX

(૭) પ્રેપરેટરી ખાતાના દરેક મશીન ઉપર લાગેલ તમામ પ્રકારની એસેસરીઝ તથા મશીન ઉપર આવતી તમામ પ્રકારની યુટીલીટી લાઇનના મેન્ટેનન્સ તથા રીપેરીંગની સંપૂર્ણ જવાબદારી ફીટરની રહેશે.

(૮) દરેક પ્રકારના મશીનોની દરેક પ્રકારની સ્ટોપમોશન એસેમ્બલીંનું મેન્ટેનન્સ તથા રીપેરીંગને લગતું તમામ કામ કરવાનુ રહેશે.

(૯) દરેક મશીન પર લાગેલ પેનલ બોર્ડનું રેગ્યુલર કલીનીંગ કરવાનું રહેશે, અથવા ખાતા અધિકારી સુચના આપે ત્યારે કલીનીંગ કરવાનું રહેશે.

(૧૦) કોઈપણ ઈલેકટ્રીકલ અથવા યુટીલીટી મેન્ટેનન્સ વખતે એન્જીનીયરીંગ ખાતાના કામદારો સાથે મળીને કામ કરવાનું રહેશે અને તેમને જરૂરિયાત પ્રમાણે અથવા ખાતા અધિકારીની સુચના પ્રમાણે મદદ કરવાની રહેશે.

(૧૧) કંપનીમાં પ્રોડકશન બંધ હોય ત્યારે ખાતાના મશીનોનું મેન્ટેનન્સ કે રીપેરીંગ કરવાનું રહેશે.

(૧૨) કોઈપણ મશીનમાં જ્યારે તેનો ઓપરેટર અથવા અન્ય વ્યકિત ફરિયાદ કરે તો તરતજ તેને ચેક કરી યોગ્ય સુચના આપવી તથા ખાતા અધિકારીનું ધ્યાન દોરવું.

(૧૩) ડેઈલી મેન્ટેનન્સ બુક, સ્ટોરપાર્ટસ બુક તથા જનરલ રીપોર્ટ બુકમાં રેગ્યુલર એન્ટ્રી કરી દરરોજ રેગ્યુલર ખાતા અધિકારીની સહી કરાવવાની રહેશે.

(૧૪) રેપીયર, એરજેટ કે અન્ય વીવર્સ બીમના ગીયર કે એડેપ્ટર કે હબ કે બેરીંગ જરૂર પડે અથવા ખાતા અધિકારી સુચના આપે ત્યારે બદલવાની રહેશે.

(૧૫) મશીનના કોઈપણ સ્પેરપાર્ટસ કે રોલને જરૂર પડે એન્જીનીયરીંગ ખાતામાં રીપેરીંગ કરવા માંટે લઈ જવાની તથા લાવવાની જવાબદારી રહેશે અને જરૂર પડે ખાતા અધિકારીને યોગ્ય લાગશે ત્યારે મદદ માટે હેલ્પર કે અન્ય વ્યકિતની મદદ આપશે, જરૂર પ્રમાણે રીપેરીંગ કરાવવાની સંપૂર્ણ જવાબદારી રહેશે તથા ખાતાના મશીનને લગતો કોઈપણ માલસામાન ખાતાની બહાર મોકલવા માટે તથા લાવવા માટે જવાબદારીપૂર્વક તેનું લોડીંગ અનલોડીંગ કરાવવાનું રહેશે તથા નુકશાન ન થાય તે રીતે યોગ્ય જગ્યાએ ખાતાના અધિકારીની સૂચના મુજબ સ્ટોર કરવાની રહેશે.

(૧૬) જરૂર પડે ત્યારે બીજા ખાતામાંથી સ્પેરપાર્ટસ કે અન્ય ચેકીંગ/ટેસ્ટીંગ

INDEX

ઈન્સ્ટ્રુમેન્ટ લાવવાની તથા કામ પુરુ થાય પછી પાછા આપવાની જવાબદારી રહેશે.

(૧૭) દરેક મશીનમાં પ્રોગ્રામ પ્રમાણેની ફેરફાર કરવાની જવાબદારી રહેશે જેવાકે સાઈઝીંગના બીમ પ્રેસ રોલ એડોપ્ટર ડાયરેકટ વોર્પીંગની રીડ, ટ્રાવર્સ તથા સેક્શનલ વોર્પીંગ ગીયર એડોપ્ટર તથા વાઈન્ડીંગ મશીનના સ્પ્લાઈસર કે નોટરના જરૂરી ફેરફાર કરવાના રહેશે.

(૧૮) એસ.એસ.એમ. મશીનના પેકેજનું મહીને એકવાર વજન ચેક કરી જરૂર પ્રમાણે એડજેસ્ટ કરવું

(૧૯) આર. જે. કે. ના એલ.એમ.એસ.નું ખાતા અધિકારી કહે તે પ્રમાણે ચેકીંગ મહીને એક વખત અથવા લંબાઈ શંકાશીલ આવતી હોય ત્યારે રીવાઈન્ડ પેકેજનું વજન ચેક કરવું.

આસી. ફીટર :

(૧) પ્રેપરેટરી ખાતાના બધાજ મશીનો જેવા કે બેનીન્ઝર સાઈઝીંગ, સાઈઝ મીક્ષર, સાઈઝ કૂકર, સાઈઝ સ્ટોરેજ ચામાડા વાઈન્ડર, સુઝુકી વોર્પીંગ બેનીન્ઝર સેકશનલ વોર્પીંગ, એસ.એફ.એસ. વોર્પીંગ, બેનીન્ઝર ડાયરેકટ વોર્પીંગ, આર. જે. કે.વાઈન્ડીંગ, એસ. એસ. એમ., વાઈન્ડીંગ મશીન દરેક મશીનોને લગતા પંપ તથા બીમ ટ્રોલી, યાર્ન ટ્રાન્સપોર્ટ ટ્રોલી, બોક્ષટ્રોલી, વજન કાંટા, વગેરે મશીનોનાં મેન્ટેનન્સ તથા રીપેરીંગની જવાબદારી રહેશે અથવા ફીટરને મદદ કરવાની રહેશે.

(૨) ખાતાના ચીફ ફીટર, કે ફીટરે ખાતાના અધિકારી કે જવાબદાર વ્યકિતની સૂચના પ્રમાણે કામ કરવાનું રહેશે.

(૩) મશીનો સારી રાતે ચાલે અને કાપડ તથા યાર્નની ગુણવતા જળવાય તે રીતે મશીનની જાળવણી રાખવામાં ફીટરને મદદ કરવાની રહેશે.

(૪) ખાતાના દરેક મશીનનું શિડ્યુલ પ્રમાણે કે ખાતા અધિકારી સૂચના આપે તે રીતે કલીનીંગ ઓઈલીંગ, ગ્રીસીંગ વગેરે કરવાનું રહેશે.

(૫) મશીન માટેના જરૂરી સ્પેર પાર્ટસના ઓર્ડર કરાવવાની તથા નવા આવેલ સ્પેર પાર્ટસ એક કરી ટ્રાયલ રીપોર્ટ આપવામાં તથા સ્ટોક અને તેનો રેકોર્ડ રાખવામાં ફીટર તથા ચીફ ફીટરને મદદ કરવાની રહેશે.

INDEX

(૬) બીમ કેરીયરની મદદથી સ્ટોરજમાં મુકેલી જગ્યાએથી અથવા અન્ય જગ્યાએથી વીવર બીમને નક્કી કરેલી જગ્યાએ લાવીને જરૂરિયાત મુજબ ગાળો બનાવી બંને થાળી, બેરીંગ તથા અન્ય પાર્ટસ ચેક કરી બરાબર ન હોય તેને રીપેર કરી નક્કી કરેલી જગ્યાએ મુકવું. આ કામ બેનીન્જર સાઈઝીંગના દરેક પ્રકારના બીમ માટે કરવાનું રહેશે. જરૂર હોય ત્યારે જોબવર્ક માટે આવેલ બીમમાં પણ આ કામ કરવાનું રહેશે. જરૂરિયાત મુજબ ઉપરોક્ત કામ જે તે ખાતામાં જઈને કરવાનું રહેશે.

(૭) પ્રેપરેટરી ખાતાના દરેક મશીન ઉપર લાગેલ તમામ પ્રકારની એસેસરીઝ તથા મશીન ઉપર આવતી તમામ પ્રકારની યુટીલીટી લાઈનના મેન્ટેનન્સ તથા રીપેરીંગના કામમાં મદદ કરવાની રહેશે.

(૮) દરેક પ્રકારના મશીનોની દરેક પ્રકારની સ્ટોપમોશન એસેમ્બલીનું મેન્ટેનન્સ તથા રીપેરીંગને લગતા તમામ કામમાં ફીટરને મદદ કરવાની રહેશે.

(૯) દરેક મશીન પર લાગેલ પેનલ બોર્ડનું રેગ્યુલર કલીનીંગ કરવાનું રહેશે, અથવા ખાતા અધિકારી સુચના આપે ત્યારે કલીનીંગ કરવાનું રહેશે.

(૧૦) કોઈપણ ઈલેક્ટ્રીક અથવા યુટીલીટી મેન્ટેનન્સ કે રીપેરીંગ વખતે એન્જીનીયરીંગ ખાતાના કામદારો સાથે મળીને કામ કરવાનું રહેશે અને તેમને જરૂરિયાત પ્રમાણે અથવા ખાતા અધિકારીની સુચના પ્રમાણે મદદ કરવાની રહેશે.

(૧૧) કંપનીમાં પ્રોડકશન બંધ હોય ત્યારે ખાતાના મશીનોનું મેન્ટેનન્સ કે રીપેરીંગ કરવાનું રહેશે.

(૧૨) કોઈપણ મશીનમાં જ્યારે તેનો ઓપરેટર અથવા અન્ય વ્યક્તિ ફરિયાદ કરે તો તરતજ તેને ચેક કરી યોગ્ય સુચના આપવી તથા ખાતા અધિકારીનું ધ્યાન દોરવું.

(૧૩) ડેઈલી મેન્ટેનન્સ બુક, સ્પેરપાર્ટસ બુક તથા જનરલ રીપોર્ટ બુકમાં રેગ્યુલર એન્ટ્રી કરી દરરોજ રેગ્યુલર ખાતા અધિકારીની સહી કરવાની રહેશે.

(૧૪) રેપીયર, એરજેટ કે અન્ય વીવર્સ બીમના ગીયર કે એડોપ્ટર કે હબ કે બેરીંગ જરૂર પડે બદલવા અથવા ખાતા અધિકારી સુચના આપે ત્યારે બદલવાના રહેશે.

(૧૫) મશીનના કોઈપણ સ્પેરપાર્ટસ કે રોલને જરૂર પડે એન્જીનીયરીંગ ખાતામાં રીપેરીંગ કરવા માટે લઈ જવાની તથા લાવવાની જવાબદારી રહેશે જરૂર પડે ખાતા

અધિકારીને યોગ્ય લાગશે ત્યારે મદદ માંટે હેલ્પર કે અન્ય વ્યક્તિની મદદ આપશે.

(૧૬) જરૂર પડે ત્યારે બીમ બીજા ખાતામાંથી સ્પેરપાર્ટસ કે અન્ય ચેકીંગ/ટેસ્ટીંગ ઈન્સ્ટુમેન્ટ લાવવાની ત્થા કામ પરુ થયા પછી પાછા આપવાની જવાબદારી રહેશે.

(૧૭) દરેક મશીનના પ્રોગ્રામ પ્રમાણેના ફેરફાર કરવાની જવાબદારી રહેશે જેવા કે સાઈઝીંગના બીમ પ્રેસ રોલ એડોપ્ટર ડાયરેકટ વોર્પીંગની રીડ, ટ્રાવર્સ તથા સેકશનલ / સુઝીકા વોર્પીંગના ગીયર, એડોપ્ટર તથા વાઈન્ડીંગ મશીનના સપ્લાઈસર કે નોટરનાં જરૂરી ફેરફાર કરવાના રહેશે.

(૧૮) આ ઉપરાંત ફીટરને દરેક કામમાં મદદ કરવાની રહેશે. અને જયારે ફીટર ન હોય ત્યારે તેના દરેક કામ કરવાની જવાબદારી રહેશે.

(૧૯) ખાતાના મશીનને લગતો કોઈપણ માલસામાન, ખાતાની બહાર મોકલવા માટે તથા લાવવા માટે જવાબદારીપૂર્વક તેનું લોડીંગ/અનલોડીંગ કરાવવાનું રહેશે તથા નુકશાન ન થાય તે રીતે યોગ્ય જગ્યાએ ખાતા અધિકારીની સૂચના મુજબ સ્ટોર કરવાની રહેશે.

(૨૦) એસ.એસ.એમ. મશીનના પેકેજનું મહીને એકવાર વજન ચેક કરી જરૂર પ્રમાણે એડજસ્ટ કરવું.

(૨૧) આર.જે.કે ના એલ.એમ.એસ. ના રીવાઈન્ડ પેકેજની લંબાઈનું ચેકીંગ મહિને એક વખત અથવા લંબાઈ શંકાશીલ આવતી હોય ત્યારે ખાતા અધિકારી કહે તે પ્રમાણે વજન ચેક કરવું.

પરિશિષ્ટ--૨

આશીમા સ્પીનફેબ એવોર્ડ મુજબનો પગાર

અનું.	હોદ્દો	પગાર રૂપિયા
૧	ચીફ ફીટર	૩૪૧.૦૦-૫.૫૦-૩૫૭.૫૦-૬-૫૦-૪૨૨.૫૦
૨	ફીટર	૩૦૭.૦૦-૪.૫૦-૩૭૦.૦૦
૩	આસી. ફીટર	૩૦૭.૦૦-૪.૫૦-૩૭૦.૦૦

INDEX

પરિશિષ્ટ--૩

આશીમા સ્પીનફેબ

અનું. નંબર	હોદ્દો	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
૧	૨	૩	૪	૫	૬
૧.	ચીફ ફીટર	૧	–	–	૧
૨.	ફીટર	૨	૧	૧	૪
૩.	આસી. ફીટર	૧	૧	–	૨

અનું. નંબર	હોદ્દો	પહેલી પાળી	બેઝીક પગાર	રીવાઈઝડ બેઝીક પગાર
૧	૨	૭	૮	૯
૧.	ચીફ ફીટર	ભાવેશ વસંતલાલ	૪૨૨.૫૦ ૧૦૭.૫૦ પીપી	૪૨૨.૫૦ ૧૪૦.૦૦ પીપી
૨.	ફીટર	જયેશ હરીપ્રસાદ	૩૭૦.૦૦ ૩૦.૦૦ પીપી	૩૭૦.૦૦ ૧૩૦.૦૦ પીપી
		રંગલાલ બંગાળી	૩૭૦.૦૦ ૧૦૨.૫૦ પી.પી.	– –
૩.	આસી. ફીટર	પ્રકાશ રામસુરત	૩૭૦.૦૦ ૧૦.૦૦ પી.પી.	૩૭૦.૦૦ ૩૦.૦૦

I-L-438

અનું. નંબર	હોદ્દો [redacted]	પહેલી પાળી	બેઝીક પગાર	રીવાઈઝડ બેઝીક પગાર
૧	૨	૧૦	૧૧	૧૨
૧.	ચીફ ફીટર	-	-	-
૨.	ફીટર	સેંધાભાઈ કેશાભાઈ	૩૭૦.૦૦ ૨૫.૦૦ પીપી	૩૭૦.૦૦ ૯૦.૦૦ પીપી
૩.	આસી. ફીટર	ઈન્દ્રવદન કચરાલાલ	૩૭૦.૦૦ ૧૦.૦૦ પી.પી.	૩૭૦.૦૦ ૩૦.૦૦ પી.પી.

અનું. નંબર	હોદ્દો	પહેલી પાળી	બેઝીક પગાર	રીવાઈઝડ બેઝીક પગાર
૧	૨	૧૩	૧૪	૧૫
૧.	ચીફ ફીટર	–	–	–
૨.	ફીટર	જોસેફ મળજી	૩૭૦.૦૦ ૨૫.૦૦ પીપી	૩૭૦.૦૦ ૯૦.૦૦ પીપી
૩.	આસી. ફીટર	–	–	–

ફાજલ કામદાર :–

૧. ભીમસીંગ મોંઘીસીંગ
૨. રમેશ સોમચંદ
૩. લીલાધર રામદાસ

બાબુભાઈ અમીપુરા,
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ.

પી. જે. જસાણી,
જનરલ મેનેજર.
આશીમા સ્પીનફેબ,
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ),
અમદાવાદ.

જે. જી. મુખી,
સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬.
અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨.

અમદાવાદ, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬.
અમદાવાદ.

I-L-439

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 10, *Gujarat Government Gazette,* Part I—L, dated 6th March, 2003 and for pages VAD-2741 to VAD-3226 (in 1 set) *read* page Nos. 3392 to 3877.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલના અંક ૧૦માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૨૭૪૧ થી વીએડી-૩૨૨૬ (૧ બંચમાં) ને પાન નંબર ૩૩૯૨ થી ૩૮૭૭ વાંચવા.

Vadodara, 6th March, 2003.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએસએમસી/૨૦૩/૨૦૦૨/આઇડીઆર/એજે/નામક/વડો/૧૯૯/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કોરુ પ્લાસ્ટ પેકેજીંગ પ્રા.લી., ૧૯૧૭/૧૯૧૮, જી.આઇ.ડી.સી. હાલોલ, જી. પંચમહાલ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક: કેએચઆર-૨૬૧-આઇડીએ-૧૦૭૮-૨૧૮૬-૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧બી થી મળેલ સત્તાની રુએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત કોર્ટ નંબર ગોધરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''તારીખ ૧૭મી જુન, ૧૯૯૯ થી કામદારોને લે.ઓફ. આપી ઉત્પાદન બંધ કરવાનું લીધેલ પગલું પરત ખેંચી લઇ ઉત્પાદન પુન: ચાલુ કરવું જોઇએ કે કેમ ? અને તારીખ ૧૭મી જુન, ૧૯૯૯ થી ઉત્પાદન પુન: ચાલુ થાય ત્યાં સુધીનો તમામ કાયદેસરનો લાભો સહીતનો પુરેપુરો પગાર ચુકવી આપવો જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએસએમસી/૨૦૫/૨૦૦૨/આઇડીઆર/એજે/નામક/વડો/૧૯૧/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ગોધરા, વિભાગ. ગોધરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક: કેએચઆર-૨૬૧-આઇડીએ-૧૦૭૮-૨૧૮૬-૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧બી થી મળેલ સત્તાની રુએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નંબર ૧ વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

" ઝાલોદ ડેપોના ડ્રાઇવરશ્રી એમ. વી. પટેલને તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી ડ્રાઇવર તરીકેની નોકરીમાં નોકરીની સળંગતા સાથે પુન: સ્થાપિત કરવામાં આવેલ અને સદર સમય ની રજા વગર પગારી ગણવામાં આવેલ તે રદ કરવી જોઇએ કે કેમ ? તથા તેઓના આગામી વાર્ષિક પગાર વધારો ૩ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ સજા રદ કરવી જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૦૬/૨૦૦૨/આઇડીઆર/એજે/નામક/વડો/૧૯૪/૨૦૦૨.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) કો.સુપર કેર કેટરીંગ સર્વીસીસ, ૪/૧૦૨, ગંગાજમના સોસાયટી, સુભાનપુરા, વડોદરા (૨) ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કું. (પોલીમર્સ યુનિટ), વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક: કેએચઆર-૨૬૧-આઇડીએ-૧૦૭૮-૨૧૮૬-૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧બી થી મળેલ સત્તાની રુએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, કોર્ટ નંબર ૧ વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

" સુપર કેર કેટરીંગ સર્વિસના દરેક કર્મચારીઓને રાષ્ટ્રીયકૃત બેન્કોએ જાહેર કરેલ રજાઓ ભરપગારી આપવી જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૦૭/૨૦૦૨/આઇડીઆર/એજે/નામક/વડો/૨૦૮/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જે.ઇ.એમ. ઇન્ડસ્ટ્રીઝ લી., ને.હા. નં. ૮, મોગર, તા. જી. આણંદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક: કેએચઆર-૨૬૧-આઇડીએ-૧૦૭૮-૨૧૮૬-૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧બી થી મળેલ સત્તાની રુએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, કોર્ટ નંબર આણંદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ (અ) પગાર ધોરણ : સંસ્થામાં કામ કરતા કામદારોને તેમની આવડત, અનુભવ, તથા તેમના દ્વારા બજાવવામાં આવતી કામગીરીના આધારે જે તે ગ્રેડમાં મુકાવમાં આવે તેમજ કામદારની પાછલી નોકરીના વર્ષો અનુસાર દર ત્રણ વર્ષની નોકરી દીઠ એક ઇન્ક્રીમેન્ટ આપી તેના આધારે નીચે જણાવેલ નવા પગાર ધોરણમાં ગોઠવવા જોઇએ કે કેમ ?

કુશળ-ક (એસકેડી) ૪૩૦-૧૬-૬૬૦-૪૮-૯૦૦-૫૦-૧૦૦૦
કુશળ-ક (એસકેસી) ૪૦૦-૪૨-૬૧૦-૪૪-૮૦૦-૪૬-૧૦૨૦
કુશળ-બી (ઐસકેબી) ૩૭૦-૩૮-૫૬૦-૪૦-૭૬૦-૪૨-૯૭૦
કુશળ (એસકેએ) ૩૫૦-૩૪-૫૫૦-૩૬-૭૦૦-૩૮-૮૬૦
અર્ધ-કુશળ-બ (એસએસકેબી) ૩૩૫-૩૦-૪૮૫-૩૨-૬૪૫-૩૪-૮૧૫
અર્ધકુશળ-અ (એસએસકેએ) ૩૦૦-૨૬-૪૩૦-૨૮-૫૭૦-૩૦-૭૨૦
બિનકુશળ (યુએચકે) ૨૯૦-૨૦-૪૦૦-૨૪-૫૨૦-૨૬-૬૫૦

માંગણી નં. ૧ (બ) ફીકસ મોંઘવારી ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૧.૫૦/- ફીકસ મોંઘવારી ભથ્થું આપવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧ (ક) વેરીએબલ મોંઘવારી ભથ્થું :- ઉપરોકત પગાર ધોરણ ૧૯૪૯ની સીટીંગના ૨૧૦ના આંકે ગણી ત્યારબાદ આંકમાં થવા વધારા દીઠ દર આંકે રૂા. ૧.૫૦/-ના હીસાબે વેરીએબલ મોંઘવારી ભથ્થું ઉપરોકત પગાર ઉપરાંત આપવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૨ : મેડીકલ ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૨૦૦/- મેડીકલ ભથ્થા તરીકે આપવા જોઇએ કે કેમ ? તેમજ મેડીકલ ભથ્થાની રકમને હાજરી સાથે સાંકળવાનું બંધ કરવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૩ : ધોલાઇ ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૭૫/- ધુલાઇ ભથ્થા તરીકે આપવા જોઇએ કે કેમ ? તેમજ ધુલાઇ ભથ્થાની રકમને હાજરી સાથે સાંકળવાનું બંધ કરવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૪ : ઘરભાડા ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૧૫૦/- ઘરભાડા ભથ્થા તરીકે આપવા જોઇએ કે કેમ ? તેમજ ઘરભાડા ભથ્થાની રકમ હાજરી સાથે સાંકળવાનું બંધ કરવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૫ : કન્વેનીયન્સ એલાઉન્સ : સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૧૦૦/- કન્વેયનીયન્સ એલાઉન્સ તરીકે આપવા જોઇએ કે કેમ ? તેમજ કન્વેનીયન્સ એલાઉન્સની રકમને હાજરી સાથે સાંકળવાનું બંધ કરવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૬ : સાયકલ એલાઉન્સ : સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૫૦/- આપવા જોઇએ કે કેમ ? તેમજ સાયકલ એલાઉન્સની રકમને હાજરી સાથે સાંકળવાનું બંધ કરવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૭ : સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને પંદર દિવસની હાજરી ઉપર એક હકક રજા આપવી જોઇએ કે કેમ ? સંસ્થામાં કામદારોને તેમની હાજરીના પ્રમાણને ધ્યાનમાં લીધા વગર દશ દિવસની આકસ્મિક રજા તેમજ દશ દિવસની માંદગીની રજા આપવી જોઇએ કે કેમ ?

સંસ્થામાં કામ કરતા દરેક કામદારોને દશ દિવસની તહેવારી રજા આપવી જોઇએ કે કેમ ? હકક રજા તથા માંદગીની રજા ત્રણ વર્ષની રજા જેટલી ભેગી કરી શકાશે કે કેમ ? તથા રદ થવા પાત્ર રજાના નાણાં કામદારને ચુકવી આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૮ : એલ.ટી.સી.: સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે એલ.ટી.સી. પેટે રૂા. ૧૫,૦૦૦/- આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૯ : યુનિફોર્મ બુટ : સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને હાલમાં આપવામાં આવતા ખાખી કપડાના યુનિફોર્મને બદલે સારી જાતના ટેરીકોટનના કપડાના બે જોડી યુનિફોર્મ આપવા જોઇએ કે કેમ ? તેમજ સારી જાતના બી.એસ.સી.ના એક જોડી બુટ આપવા જોઇએ કે કેમ ? ઉપરોક્ત યુનિફોર્મ તથા બુટ તારીખ ૩૦મી એપ્રિલ, પહેલાં આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૦ : સંસ્થામાં કામ કરતા પેઇન્ટીંગ ખાતામાં કામ કરતા કામદારોને દરરોજ ૫૦૦ ગ્રામ દૂધ અથવા તેની કિંમત આપવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૧૧ : સાબુ : સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને સારી જાતના હાથ ધોવાના સાબુ દર માસે ત્રણ નંગ આપવા જોઇએ કે કેમ ?

ઉપરોક્ત તમામ માંગણીઓનો અમલ તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૧ના રોજથી કરવો જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૦૪/૨૦૦૨/આઇડીઆર/એજે/નામક/વડો/૨૦૦/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા ગોધરા, પાણી પુરવઠા વિભાગ, પાનમડેમ, ગોધરા, જી. પંચમહાલ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક:

કેએચઆર-૨૬૧-આઇડીએ-૧૦૭૮-૨૧૮૬-૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રુએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, કોર્ટ નંબર ગોધરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ : સંસ્થામાં કામ કરતા તમામ કામદાર/કર્મચારીઓને કાયમી સરકારશ્રીના તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૮૮ ના પરિપત્ર મુજબના તમામ લાભો આપવા જોઇએ કે કેમ ?

ક્રમાંક ખ-શમક-૩૩૮૨૨-આર.બુ.—સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ. રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના નવેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

INDEX

આંક- ૯

શ્રી ડી.એન. બારોટ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં.૧, રાજકોટ સમક્ષ

રેફરન્સ આઈ. સી. નં. ૧૮/૯૦.

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ. રાજકોટ ... ... **અરજદાર;**

વિરુધ્ધ

મીલ કામદાર મંડળ, રાજકોટ ... ... **સામાવાળા.**

અરજદાર તરફે વકીલ શ્રી દિલીપભાઈ ઠાકર,
સામાવાળા તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

ચુકાદો

૧. આ ઔદ્યોગિક વિવાદ રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, લિ., રાજકોટ અને મીલ કામદાર મંડળ વચ્ચેનો છે. આ વિવાદ રૂપસીંગભાઈ વાઘજીની ખાલી પડેલ જગ્યા પર સીનીયર મોસ્ટ બદલી કામદારને ગોઠવવા અંગે ઉપસ્થિત કરવામાં આવેલ છે.

૨. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. તદ્અન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૮ નું એક સમાધાનપત્ર રજૂ કરી સમાધાન મુજબ એવોર્ડ કરી આપવા જણાવેલ છે. આ સમાધાનમાંની શરતો હું જોઈ ગયો છું અને તે ન્યાયી અને વ્યાજબી જણાય છે અને આ સમાધાન કબૂલ કરતા હોવા અંગે બંને પક્ષકારોએ તે નીચે સહીઓ પણ કરી આપી છે. સબબ આ સમાધાન મુજબ એવોર્ડ કરવામાં મને વાંધો જણાતો નથી અને આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :-

હુકમ

આંક-૮ નાં સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરવામાં આવે છે.

INDEX

સહાયક ...

અધિસુચ...

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિય...

ક્રમાંક ખ-શમક-૩૩૮૨૮-આર.યુ.--સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યો... અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક ...) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હુ, રાજકોટ ... મિલ્સ લિ. રાજકોટ અને મીલ કામદાર મડળ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિ... ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના નવેમ્બર માસના ... ૨ માં દિને આથી નોંધ કરું છુ.

આંક- ૫

શ્રી ડી.એન. બારોટ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં.૧, રાજકોટ સમક્ષ

રેફરન્સ આઈ. સી. આર. નં. ૧૦/૯૧.

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ લિ. રાજકોટ ... ... **અરજદાર**

વિરુધ્ધ

મીલ કામદાર મંડળ, રાજકોટ ... ... **સામાવા...**

અરજદાર તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા

સામાવાળા તરફે વકીલ શ્રી દિલીપભાઈ ઠાકર,

ચુકાદો

૧. આ ઔદ્યોગિક વિવાદ રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, લિ., રાજકોટ અને મી... મંડળ, રાજકોટ વચ્ચેનો છે. આ વિવાદ વી.આર.એસ. નાં કરાર પહે... ખાતામાં જે કાયમી જગ્યાનું સેટઅપ હતું તેમાં નિવૃત્ત થતા તે રદ્દ કે બાકી જીવંત ગણવા અને તેનાં પર હક્કદાર થતા બદલી કામદારોને ગોઠવવા અને ... લાભો પાછલા તફાવત સાથે આપવા માટે ઉપસ્થિત કરવામાં આવેલ છે.

૨. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢ... ...તેઓને બજી પણ ગઈ હતી. તદઅન્વયે આ કામ આગળ ચાલે ... ...તે આંક-૪ નું એક સમાધાનપત્ર રજૂ કરી સમા...

INDEX

4154 GUJ.

કરી આપવા (સમાધાનમાંની શરતો હું જોઇ ગયો છું તે ન્યાયી અને
વાજબી જણ .માધાન કબૂલ કરતા હોવા અંગે બંને પક્ષકારોએ તે નીચે
સહીઓ પણ સબબ આ સમાધાન મુજબ એવોર્ડ કરવામાં મને કોઇ વાંધો
જણાતો નથ આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :-

હુકમ

આંક ' સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરવામાં આવે છે. આંક-૪ને
આ એવો ' અંતર્ગત ભાગ ગણવો. આંક-૪ માં જણાવેલ શરતો મુજબ બંને પક્ષકારોએ
વર્તવું.

રાજકોટ -, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૨.

ડી. એન. બારોટ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક અ-શમક-૩૩૮૨૯-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની
લમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ
૭થી મળે આપ માં આવેલી સત્તાની રૂએ હું, (૧) રાજકોટ ટેક્ષટાઇલ મિલ્સ લિ.,
રાજકોટ (૨) મ ર અદાલત નં. ૨, રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટ વચ્ચે
ઔદ્યોગિક વિવાદ માં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના
મ્બર મા ...

INDEX

આંક-૧૨

શ્રી એમ. પી. ચાવડા, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત, (નં.૨) રાજકોટ સમક્ષ

રિવીઝન અરજી આઈ. સી. નં. ૩/૯૭.

ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, ... **અરજદાર;**
હે. પંજાબ નેશનલ બેંક, મેઈન રોડ, સુરેન્દ્રનગર

વિરુધ્ધ

(૧) વિનોદભાઈ એમ. બાવીસી. ... ... **સામાવાળા.**
૧, એ વિઠ્ઠલ પ્રેસ, સુરેન્દ્રનગર.
(૨) સુરેન્દ્રનગર. પીપલ્સ કો. ઓપ. બેંક લિ.,
આઈડીયલ હાઉસ, જવાહર રોડ, સુરેન્દ્રનગર.

અરજદાર તરફે વકીલ શ્રી પી. એસ. વસાવડા,
સામાવાળા તરફે વકીલ શ્રી. જે. સી. દોશી.

બાબત :- બી.આઈ.આર. એકટની કલમ-૮૫ મુજબ રિવીઝન અરજી.

ચુકાદો

૧. આ અરજી અરજદાર બેંક વર્કર્સ યુનીયન, સુરેન્દ્રનગરે સામાવાળા વિનોદભાઈ એમ. બાવીસી, અને સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓપ. બેંક લિ., સુરેન્દ્રનગર સામે સુરેન્દ્રનગરની લેબર કોર્ટે બી.આઈ.આર. અરજી નં. ૩/૯૬ નાં કામમાં તારીખ ૧૭ મી ડિસેમ્બર, ૧૯૯૬ ના રોજ આંક-૨ નીચે કરેલ હુકમ સામે આ અરજી આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

૨. આ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારે સામાવાળા નં. ૧ અને ૨ સામે તેમની બદલીનો હુકમનો અમલ મોકૂફ રાખવા મનાઈ હુકમની દાદ માંગતી અરજી કરેલ હતી અને તે અંગે સુરેન્દ્રનગરની લેબર કોર્ટે બી.આઈ.આર. અરજી નં. ૩/૯૬ માં આંક-૨ નીચે તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૬ ના રોજ જે હુકમ કરેલ તે રદ કરવા માટે આ અદાલત સમક્ષ દાદ માગેલ છે. દરમિયાન આ કેસ આગળ ચાલે ત્યાર પહેલાં જ અરજદારે આંક-૧૧ ની પુરશીસ આપી જણાવેલ છે કે, આ કામમાં તેઓ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઈ આ કેસ તેઓ આગળ ચલાવવા માગતા નથી અને તેથી તેઓ આ અરજી

INDEX

પાછી ખેંચી લે છે. તેઓની આ જાહેરાત જોતાં હવે આ કામમાં અન્ય કાંઈપણ કરવાનું રહેતું નથી અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :-

હુકમ

આંક-૧૧ ની પુરશીસ અન્વયે આ અરજી પાછી ખેંચાઇ જાય છે તેથી પાછી ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨.

એમ. પી. ચાવડા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

આંક-૯

શ્રી એમ. પી. ચાવડા, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ

રેફરન્સ આઈ. સી. નં. ૯/૮૯.

મે. કાંતી કોટન મીલ્સ, સુરેન્દ્રનગર ... ... **અરજદાર;**

વિરુધ્ધ

નગીનદાસ નાગરદાસ દેસાઈ, ... **સામાવાળા.**
C/o. જિલ્લા કામદાર સંઘ, (લાલ વાવટા)
હાટકેશ્વર મંદિર સામે,
સુરેન્દ્રનગર.

અરજદાર તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા,
સામાવાળા તરફે વકીલ શ્રી. જે. સી. દોશી.

બાબત :- મજૂર અદાલત, રાજકોટનાં ચુકાદા સામેની બી.આઈ.આર. એક્ટ નીચેની અપીલ.

ચુકાદો

૧. આ અપીલ અરજદાર મે. કાંતી કોટન મિલ્સ, સુરેન્દ્રનગરે સામાવાળા નગીનદાસ નાગરદાસ દેસાઈ સામે, આ અદાલત સમક્ષ રાજકોટની મજૂર અદાલતે બી.આઈ. અરજી નં. ૫૫/૮૪ નાં કામમાં આપેલ એક ચુકાદા સામે બી.આઈ.આર. એક્ટની કલમ- ૮૪ નીચે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

૨. આ અરજી કરી અરજદાર મીલે રાજકોટની મજૂર અદાલતે બી.આઈ.આર. અરજી નં. ૫૫/૮૪ માં તારીખ ૧૧મી મે, ૧૯૮૯ ના રોજ આપેલ એક ચુકાદાને રદ કરવા માટે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. આ અપીલ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. આ અપીલ દાખલ થયા પછી બંને પક્ષકારોએ પોતપોતાના દસ્તાવેજી પુરાવાઓ આ કામમાં રજૂ કરેલ છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી બંને પક્ષકારો ગેરહાજર રહેતાં હોવાથી તારીખ ૧૪મી ઓક્ટોબર, ૧૯૯૮ ના રોજની એક નોટીસ આપી તારીખ ૧૯મી ઓક્ટોબર, ૧૯૯૮ ના રોજ આ પંચ સમક્ષ હાજર થવા માટે મીલને જણાવવામાં આવેલ હતું આ નોટીસ બજી પણ ગઈ હતી તેમ છતાં કોઈ હાજર થયેલ ન હતું. આથી ફરી વાર તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજની એક નોટીસ કાઢી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦ ના રોજ આ પંચ સમક્ષ હાજર થવા અન્યથા કેસ એકતરફી ચલાવી લેવામાં આવશે તેવી નોટીસ કાઢવામાં આવી હતી આ નોટીસ મીલને બજ્યા વિના પરત આવેલ છે. ત્યાર પછી પણ આ

કામમાં લગભગ ૧૪ જેટલી મુદતો આપવામાં આવી હોવા છતાં પક્ષકારોમાંથી કોઈએ હાજર થવાની તેમાં બતાવી નથી. આ ઉપરથી એમ લાગે છે કે હવે બંને પક્ષકારોને આ અપીલ આગળ ચલાવવામાં કોઈ રસ રહ્યો નથી. આથી ના છૂટકે આ અપીલ રદ કરવાનું ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

બંને પક્ષકારોની નિષ્ક્રિયતા સબબ આ અપીલ આથી રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૨.

એમ. પી. ચાવડા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૨.

એમ.જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૩૨-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, (૧) વિનોદભાઈ એમ. બાવીસી, સુરેન્દ્રનગર (૨) સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓપ. બેંક લિ., સુરેન્દ્રનગર અને ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, સુરેન્દ્રનગર વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના નવેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 12, *Gujarat Government Gazette*, Part I—L, dated 20th March, 2003 and for pages BHV-1 to BHV-835 (in 1 set) *read* page Nos. 4163 to 4997.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૦મી માર્ચ, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલના અંક ૧૨માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના બીએચવી-૧ થી બીએચવી-૮૩૫ (૧ બંચમાં) ને પાન નંબર ૪૧૬૩ થી ૪૯૯૭ વાંચવા.

Vadodara, 20th March, 2003.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૩૩૩૩૦/પ. ૫,-આઇ.ડી.આર./એજે./૭૨/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સેન્ડવીક ચોકસી લી. મુ. રાજપુર તા. કડી અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર./૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૧)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં ની કલમ ૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર-૨ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(પરિશિષ્ટ મુજબ)

માંગણીઓની યાદી

(૧) તમામ કામદારોને સને ૧૯૯૮ના વર્ષનું બોનસ કોઈપણ પ્રકારના પગારના બાધ વિના કે મર્યાદા વિના ચુકવી આપવું જોઈએ કે કેમ ?

(૨) તમામ કામદારોને સને ૧૯૯૯ના વર્ષનું બોનસ કોઈપણ પ્રકારના પગારના બાધ વિના મર્યાદા વિના ચુકવી આપવું જોઈએ કે કેમ ?

(૩) કંપનીનું હેલ્પરની સંખ્યામાં ઘટાડો કરવાનું તેમજ ઓપરેટરોની સંખ્યામાં ઘટાડો કરવાનું પગલું ગેરકાયદેસર અને રદ છે અને ૧૯૯૭ના વર્ષમાં જે હેલ્પરોને ઓપરેટરોની અને અન્ય હોદ્દાના કર્મચારીઓના સંખ્યા બળ હતા તે સંખ્યા બળ રાખવું જોઈએ અને તમાં કોઈપણ પ્રકારણે ફેરફાર કે ઘટાડો કરવો જોઈએ કે નહિ કે કેમ ?

(૪) કંપનીનું ઓટોમાઈઝેશન પ્લાન્ટ મશીનરીમાં સુધારણા કરવાનું પગલું અને તેમ કરીને કામદારો કર્મચારીઓના સંખ્યામાં ઘટાડો કરવાનું પગલું અને તે સંદર્ભના પગલાઓ ગેરકાયદેસર અને રદ છે અને આ પ્રકારના પગલાંઓ છટણી અને કામદારોને નોકરીની શરતોમાં ગેરકાય[illegible]ના પગલાંઓ છે અને તેથી તેને રદ કરવા જોઈએ અને તમામ પ્રકારના અનુસાંગિક લાભો વિગરે ચુકવી યથાવત પરિસ્થિતિ નિર્માણ કરવી જોઈએ કે કેમ ?

(૫) કંપનીમાં કામ કરતા કર્મચારીઓને ટ્રેઈની લેવાનું ના પાડવાના કારણે કંપની હેલ્પરો વિના કામ કરવાનું જણાવીને તેમજ અન્ય કોઈ રીતે કંપનીના કહેવાતા સ્થાયી નિતિ નિયમો જે કોઈપણ પ્રકારે કાયદેસર કે બંધનકર્તા ન હોય તેવા સ્થાયી હુકમો હેઠળ કારણદર્શક નોટીસ આપવાનો, ચેતવણી સજા કરવાનો કે તે દિશામાં જે કોઈ પગલાં લેવાનું અનાધિકૃત ગેરકાયદેસર સત્તા વિનાનું છે અને તેથી કંપનીમાં કામ કરતા કર્મચારીઓને હેલ્પર વિના કામ કરવાનું તેમજ તાલીમ લેવાનો આગ્રહ રાખવો જોઈએ નહિ તેવી યુનિયને માંગણી મુકી છે જે બરાબર છે કે કેમ ?

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર, અમદાવાદ.

અમદાવાદ, તા. ૪-૫-૨૦૦૧.

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./ /પ. ૫,-આઇ.ડી.આર./એજે./૭૩/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પેપ્સીકો ઈન્ડીયા હોલ્ડીંગ લી. અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર./૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૧)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં ની કલમ ૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર-૨ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(પરિશિષ્ટ મુજબ)

(૧) **મૂળ પગારમાં વધારો :-**
સંસ્થામાં કામ કરતા દરેક કામદારો/કર્મચારીઓને તા. ૩૧-૧૨-૯૯ ના રોજ થતાં મૂળ પગારમાં માસિક રૂા. ૧૦૦૦/- નો પગાર વધારો તા. ૧-૧-૨૦૦૦ થી કરવો .જોઈએ કે કેમ ?

INDEX

(૨) **સ્પે. પગાર :-**

સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો/કર્મચારીઓને મૂળ પગાર ઉપરાંત તા. ૧-૧-૨૦૦૦થી માસિક રૂા. ૫૦૦ સ્પે. પગાર તરીકે આપવો જોઈએ કે કેમ ?

(૩) **સર્વિસ ઈન્ક્રીમેન્ટ :-**

અગાઉની કંપનીના (ગુજરાત બોટલીંગ કુ. લી.) નોકરીના વરસ ધ્યાનમાં લઈ હાલમાં કામ કરતાં સંસ્થાના કામદારો/કર્મચારીઓને તા. ૩૧-૧૨-૯૯ના રોજ જે કામદારો / કર્મચારીઓએ પાંચ વરસની નોકરી પુરી કરેલ હોય તેવા કામદારો/કર્મચારીઓને તેમને મળતાં વાર્ષિક ઈજાફા ૨ વાર્ષિક ઈજાફા તેમજ પાંચ વરસ પુરા કર્યા બાદ પ્રત્યેક ત્રણ વરસે એક વાર્ષિક ઈજાફો ગણી કુલ નોકરીના વરસો જેટલા વાર્ષિક ઈજાફા થાય તે વાર્ષિક ઈજાફા સર્વિસ ઈન્ક્રીમેન્ટ ગણી તા. ૧-૧-૨૦૦૦ થી ઉમેરી જે મૂળ પગાર થાય તે મૂળપગાર આપવો જોઈએ કે કેમ

(૪) **મોંઘવારી ભથ્થાંઓ :-**

(અ) **સ્થાયી મોંઘવારી :-** સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો / કર્મચારીઓને મૂળ પગા ઉપરાંત તારીખ ૧-૧-૨૦૦૦ થી માસિક રૂા. ૨૦૦૦/- લેખે સ્થાયી મોંઘવારી દર મહિ આપવી જોઈએ કે કેમ ?

(બ) **ચલિત મોંઘવારી :-** સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો/કર્મચારીઓને મૂળ પગા ઉપરાંત તા. ૧-૧-૨૦૦૦ થી ઓલ ઈન્ડીયા કન્ઝયુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ ૧૯૪૯-૧૦ ના પાયાનો બેઝ ગણી ૪૨૫ પોઈન્ટ ઉપર દરેક પોઈન્ટ દીઠ રૂા. ૩.૦૦ લેખે ગણતરી ક જે થાય તે ચલિત મોંઘવારી ભથ્થા તરીકે દર મહિને આપવું જોઈએ કે કેમ ?

(૫) **અન્ય એલાઉન્સ :-**

(એ) **મકાનભાડું :-** સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો/કર્મચારીઓને તા. ૧-૧-૨૦૦૦ માસિક રૂા. ૧૦૦૦/- મકાનભાડા તરીકે દરમહિને આપવા જોઈએ કે કેમ ?

(બી) **કન્વેયન્સ એલાઉન્સ :-** સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો/કર્મચારીઓને તારી ૧-૧-૨૦૦૦ થી માસિક રૂા.૧૦૦૦ કન્વેયન્સ એલાઉન્સ તરીકે દર મહિને આપવા જોઈ કે કેમ ?

(સી) **વ્હીકલ મેઈન્ટેન્સ એલાઉન્સ :-** સંસ્થામાં કામ કરતા દરેક કામદારો / કર્મચારીઓ તા.૧-૧-૨૦૦૦ થી માસિક રૂા. ૭૦૦/- વ્હીકલ મેઈન્ટન્સ એલાઉન્સ તરીકે દરમહિ આપવા જોઈએ કે કેમ ?

(ડી) **કેળવણી ભથ્થું (શિક્ષણ ભથ્થું) :-** સંસ્થામાં કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓ તા. ૧-૧-૨૦૦૦ થી માસિક રૂા. ૭૫૦/- કેળવણી ભથ્થું (શિક્ષણ એલાઉન્સ) તરીકે મહિને આપવું જોઈએ કે કેમ ?

INDEX

(ઈ) **મેડીકલ એલાઉન્સ :–** સંસ્થામાં કામ કરતા દરેક કામદારો/કર્મચારીઓને તારીખ ૧-૧-૨૦૦૦ થી માસિક રૂા. ૫૦૦/- મેડીકલ એલાઉન્સ તરીકે દર મહિને આપવા જોઈએ કે કેમ ? આ ઉપરાંત જે કામદાર/કર્મચારી ઈ. એસ. આઈ. ની સ્કીમના સભ્ય મટી જાય ત્યારે દરેક કામદાર કર્મચારીને દર વર્ષે ૩૦ દિવસના કુલ પગાર જેટલી રકમ ડોકટરના પ્રિસ્ક્રીપ્સન સાથેના મેડીકલ બીલ રજુ કરે વાર્ષિક મેડીકલ એલાઉન્સ તરીકે આપવું જોઈએ કે કેમ ?

(એફ) **ટ્રાવેલીંગ એલાઉન્સ :–** સંસ્થામાં કામ કરતાં દરેક કામદાર/કર્મચારીને તારીખ ૧-૧-૨૦૦૦ થી માસિક રૂા. ૫૦૦/- ટ્રાવેલીંગ એલાઉન્સ તરીકે દર મહિને આપવા જોઈએ કે કેમ ?

(જી) **લંચ એલાઉન્સ :–** સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો/કર્મચારીઓને તારીખ ૧-૧-૨૦૦૦ થી દૈનિક રૂા. ૫૦/- લેખે લંચ એલાઉન્સ તરીકે આપવા જોઈએ કે કેમ ?

(એચ) **એકટીંગ એલાઉન્સ :–** સંસ્થામાં કામ કરતાં જે કામદારો/કર્મચારીઓ તેના ઉપરના ગ્રેડ કે તેના હોદ્દા ઉપરાંત વધારાનું કામ કરે ત્યારે તેવા કામદારો/કર્મચારીઓને દૈનિક રૂા. ૫૦/- લેખે એકટીંગ એલાઉન્સ તરીકે આપવા જોઈએ કે કેમ ?

(આઈ) **કોમ્પ્યુટર એલાઉન્સ :–** સંસ્થામાં કામ કરતાં જે કામદારો/કર્મચારીઓ કોમ્પ્યુટર ઉપર કામ કરે છે તેવા કામદારો/કર્મચારીઓને માસિક રૂા. ૫૦૦/- લેખે કોમ્પ્યુટર એલાઉન્સ તરીકે દર મહિને ચુકવી આપવા જોઈએ કે કેમ ?

(જે) **શીફટ એલાઉન્સ :–** સંસ્થામાં કામ કરતાં જે કામદારો/કર્મચારીઓને નીચે જણાવેલ પાળી સાથે દર્શાવેલ રકમ દૈનિક શીફટ એલાઉન્સ તરીકે આપવી જોઈએ કે કેમ ?

જનરલ શીફટ	:	૨૦.૦૦ દૈનિક
પહેલી/બીજી પાળી	:	૩૦.૦૦ દૈનિક
ત્રીજી પાળી	:	૪૦.૦૦ દૈનિક

૬. **ફ્રી મેડીકલ સેકપ :–**

સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો/કર્મચારીઓને દર વરસે શરીરનું સંપૂર્ણ ફ્રી મેડીકલ ચેકપ કરાવવું જોઈએ કે કેમ ?

૭. **લોન :–**

(એ) **મકાન લોન :–** સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓને રૂા. એક લાખથી રૂા. દોઢ લાખ સુધીની વગર વ્યાજે મકાન ખરીદ કરવા તેમજ મકાન રીપેરીંગ માટે રૂા. પચાસ હજાર સુધીની લોન આપવી જોઈએ કે કેમ ? આ લોન ૧૨૦ સરખા હપ્તે માસિક પગારમાંથી કપાત કરવી જોઈએ કે કેમ ?

INDEX

(બી) **મરણ પ્રસંગે લોન :–** સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓની ઉપર નભતાં કુટુંબીજન જેવા કે માતા-પિતા, પત્નિ-પતિ, દિકરા-દિકરીના મરણ પ્રસંગે હાલમાં રૂા. ૧૦,૦૦૦/- ની લોન આપવામાં આવે છે તે લોન રૂા ૨૦,૦૦૦/- ની કરવી જોઈએ કે કેમ ?

૮. **નિવૃત્તિ બેનીફીટ કે વારસદારને નોકરી :–** સંસ્થામાં કામ કરતાં જે કામદારો/ કર્મચારી સંસ્થામાંથી કોઈપણ કારણસર નિવૃત્તિ થાય ત્યારે તેવા કામદારો/કર્મચારીને રૂા. ૧૫,૦૦૦૦-૦૦ કેશ બેનીફીટ આપવો કે તેમના ઉપર નભતાં કુટુંબીજન જેવા કે પતિ-પત્નિ, દિકરા-દિકરીની કોઈપણ એકને ફરજ ઉપર રાખવા જોઈએ કે કેમ ?

૯. **રજાઓ :–**

(એ) **કેજ્યુઅલ રજા :–** સંસ્થામાં કામ કરતાં પ્રત્યેક કામદારો/કર્મચારીને દર વરસે ૧૫ દિવસના પુરા પગારે કેજ્યુઅલ રજા આપવી જોઈએ કે કેમ ?

(બી) **તહેવારી રજા :–** સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓને દર વરસે ૧૫ દિવસન પુરા પગારે તહેવારી રજા આપવી જોઈએ કે કેમ ? આ તહેવારના દિવસો યુનિયન સાથે બેસી નક્કી કરવા જોઈએ કે કેમ ?

(સી **માંદગીની રજા :–** સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓને દર વરસે ૧૫ દિવસના પુરા પગારે માંદગીની રજા આપવી જોઈએ કે કેમ ?

(ડી) **હક્ક રજા :–** સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓને દર વરસે ૩૦ દિવસન હક્ક રજા આપવી જોઈએ કે કેમ ?

૧૦. **યુનિફોર્મ :–** સંસ્થામાં કામ કરતાં દરેક કામદારોને દર વરસે નીચે મુજબનો યુનિફોર્મ આપવો જોઈએ કે કેમ ?

ચાર પેન્ટ– ચાર શર્ટ માથાની કેપ
ત્રણ જોડી ચામડાના બુટ
એક ગરમ કોટ તથા રેઈન કોટ
ત્રણ જોડી પગનાં મોજા.

૧૧. (એ) **મરણોત્તર લાભ :–** અંતિમક્રિયા ખર્ચ સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારી ઉપ નભતા કુટુંબીજન જેવા કે માતા-પિતા પત્નિ-પતિ, દિકરા-દિકરીના મરણના અંતિમક્રિય ખર્ચ અંગે રૂા. ૫૦૦/ તથા કામદારો/કર્મચારીનું નોકરી ઉપર ચાલુ હોય કે જેનું ના હાજરી પત્રક ઉપર ચાલુ હોય ત્યારે રૂા. ૧૦૦૦/- અંતિમક્રિયા માટે આપવામાં આવે તેની જગ્યાએ કામદારો/કર્મચારીઓ ઉપર નભતા કુટુંબીજનની અંતિમક્રિયા ખર્ચ મા રૂા. ૧૦૦૦/- અને જો કામદાર કે કર્મચારીનું અવસાન થયેલ હોય તો તેના વારસદાર અંતિમ ક્રિયા ખર્ચ માટે રૂા. ૨૦૦૦/- આપવા જોઈએ કે કેમ ?

(બી) **કેસ બેનીફીટ :—** સંસ્થામાં કામ કરતાં કામદાર/કર્મચારીનું ચાલુ ફરજ દરમ્યાન કે તેનું નામ હાજરી પત્રક ઉપર ચાલુ હોય ત્યારે તેવા કર્મચારીના અવસાન થાય ત્યારે કંપનીમાં કામ કરતાં કામદાર/કર્મચારીના એક દિવસના પગારની કપાત કરી જે રકમ થાય તે રકમમાં બે ગણી ઉમેરીને તેના વારસદારોને આપવામાં આવે છે તેની જગ્યાએ એક દિવસનો પગારની રકમ થાય તેમાં ત્રણ ગણી ઉમેરી એટલે કે ૧ + ૩ = ૪ કુલ દિવસના પગારની થતી રકમ કામદાર/કર્મચારીના વારસદારોને પગાર કપાત કર્યાના સાત દિવસની અંદર ચુકવી આપવી જોઈએ કે કેમ ?

૧૨. **ચેક ઓફ સીસ્ટમ :—** સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારી કે જેઓ ગુજરાત કામગાર પંચાયતના સભ્ય તરીકેનું ઓથોરીટી આપે તેવા તમામ કામદારો/કર્મચારીઓના પગારમાંથી લવાજમ કે ફાળો કપાત લઈ આ લવાજમ કે ફાળાની જે રકમ થાય તે રકમ ગુજરાત કામગાર પંચાયતના નામે એકાઉન્ટપેય ચેક દ્વારા કપાત કર્યાના સાત દિવસની અંદર મોકલી આપવો જોઈએ કે કેમ ?

૧૩. **ચાલુ લાભો :—** સંસ્થામાં કામ કરતાં કામદાર/કર્મચારીઓને ઉપરોક્ત માંગણીઓ સિવાય જે બીજા અન્ય લાભો મળે છે તેવા તમામ લાભો અને સવલતો ચાલુ રાખવી જોઈએ કે કેમ ?

૧૪. **અમલ :—** ઉપરોક્ત જણાવેલ તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૨૦૦૦ થી કરવો જોઈએ કે કેમ ?

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ, તા. ૪-૫-૨૦૦૧.

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૩૩૩૯૪/પ. પ,-આઇ.ડી.આર./એજે./૫૫/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ચમોલી ઓર્ગેનીક્સ લી. વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક: કેએચઆર./૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૧)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં ની કલમ ૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર-૧ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(પરિશિષ્ટ મુજબ)

(૧) **પગાર વધારો :-**
દરેક કામદારોને મૂળ પગારના ૫૦ % લેખે પગાર વધારો આપવો જોઈએ કે કેમ ?

(૨) **મોંઘવારી ભથ્થું :-**
અમદાવાદ ટેક્ષટાઈલ્સ મીલોને મળતું ૧૦૦ % મોંઘવારી ભથ્થું દર માસે આપવું જોઈએ કે કેમ ?

(૩) રજાઓ :–

દરેક કામદારોને દર વર્ષે ૩૦, હક્ક રજા ૧૨ સી. એલ. ૧૨ એસએલ, અને ૧૬ તહેવારની રજાઓ આપવી જોઈએ કે કેમ ?

(૪) યુનિફોર્મ બુટ મોજા :–

દરેક કામદારોને દર વર્ષે ૩ જોડી ટેરીકોટન યુનિફોર્મ ૧ જોડી બાટાના બુટ અને ત્રણ જોડી મોજા આપવા જોઈએ કે કેમ ?

(૫) કાયમી કરવા બાબત :–

જે કામદારોને વર્ષે ૨૪૦ દિવસ હાજરી પુરી કરી હોય ત્યારથી કાયમી કરવા જોઈએ કે કેમ ?

(૬) કન્વેયન્સ એલાઉન્સ :–

દરેક કામદારોને દર માસે રૂા. ૧૦૦ % કન્વેયન્સ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

(૭) ધોલાઈ ભથ્થું :–

દરેક કામદારોને દર માસે રૂા. ૭૫/- ધોલાઈ ભથ્થું આપવુ જોઈએ કે કેમ ?

(૮) લોન :–

દરેક કામદારોને દર વર્ષે રૂા. ૨૦૦૦/- અનાજ પેશગી આપવી જોઈએ કે કેમ ?

(૯) એલ. ટી. સી. :–

દરેક કામદારોને દર વર્ષે રૂા. ૩૦૦૦/- એલ. ટી. સી. આપવુ જોઈએ કે કેમ ?

(૧૦) અમલ :–

ઉકત માંગણીઓને અમલ તા. ૧-૬-૯૯ થી કરવો જોઈએ કે કેમ ?

(સંજય પ્રસાદ)

અમદાવાદ, તા. ૨૯-૫-૨૦૦૧.

મજુર કમિશ્નર,

ગુજરાત રાજ્ય, અમદાવાદ.

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૩૯/ઔ.વિ.રે./૬૬૪/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ૧. ગ્રામ પંચાયત, મુ. પ્રભાતપુર તા. જિ. જુનાગઢ ૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જુનાગઢ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨ (૪) કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪માં)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

પ્રભાતપુર ગ્રામ પંચાયતમાં તા. ૧-૫-૧૯૯૯ થી કામ કરતાં કામદારશ્રી મણીલાલ બાબુભાઈ ચૌહાણને તેઓએ જ્યારથી ૨૪૦ દિવસ પુર્ણ કરેલ હોય, ત્યારથી કાયમી કરી, કાયમી કામદારોને મળતાં તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૪૦/ઓ. વિ. રે/૬૬૫/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ૧. ગ્રામ પંચાયત, મુ. કેનડીપુર તા. મેંદરડા જિ. જુનાગઢ ૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, મુ. જુનાગઢ અને તેના કામદારો વચ્ચેની છે.

આ હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

કેનડીપુર ગ્રામ પંચાયતમાં તા. ૧-૪-૧૯૯૯ થી કામ કરતા કામદારશ્રી સમસુદીન હાસમભાઈ તેઓને જ્યારથી ૨૪૦ દિવસ પુરા કરેલ હોય, ત્યારથી કાયમી કરી, કાયમી કામદારોને મળતાં તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ [illegible]

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૪૧/ઔ. વિ. રે../૬૬૬/૨૦૦૦. નીચે સહી કરનારનં એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔધોગિક વિવાદ ૧. ગ્રામ પંચાયત, મુ. અમરગઢ તા. મેંદરડા જિ. જુનાગઢ ૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી જિલ્લા પંચાયત, જુનાગઢ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારન શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર./૨૬-આઈડીએ ૧૦૭૮-૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧: (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ -૩ની આઈટમ નં ૯, ૧૦, અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔધોગિક એકમો પુરત સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ન ૧૪માં)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથ મજુર અદાલત, જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

અમરગઢ ગ્રામ પંચાયતમાં તા. ૩૦-૩-૧૯૯૦ થી કામ કરતાં કામદારશ્રી ગભરુભાઈ જીવાભા ખુમાણ, તેઓએ જ્યારથી ૨૪૦ દિવસ પુર્ણ કરેલ હોય, ત્યારથી કાયમી કરી, કાયમી કામદારોને મળત તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૪૨/ઔ. વિ.રે./૬૬૭/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ૧. ગ્રામ પંચાયત, પાટરામા તા. મેંદરડા જિ. જુનાગઢ ૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જુનાગઢ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૫(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

પાટરામા ગ્રામ પંચાયતમાં તા. ૧-૩-૧૯૯૦ થી કામ કરતાં કામદારશ્રી રમેશચંદ્ર બાળકદાસ નિમાવત તેઓને જ્યારથી ૨૪૦ દિવસ પુરા કરેલ હોય, ત્યારથી કાયમી કરી, કાયમી કામદારોને મળતાં તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

અમદાવાદ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ. એસ.એમ.સી./૫૫૪૩/ઓ. વિ. રે./૬૬૯/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત ભુજ (કચ્છ) અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૫(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

કામદારશ્રી ઉંમર આમદ સમાને તેમની નોકરીમાં દાખલ થવાની તા. ૪-૫-૧૯૮૩ થી ૨૪૦ દિવસ પછીથી ડ્રાઈવરની જગ્યા ઉપર કાયમી કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૪૪/ઔ. વિ. રે./૬૭૧/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક: કેએચઆર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૫(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાય પંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

અરજદાર શ્રી પઠાણ યુસુફખા બરકતખાને તા. ૫-૭-૮૫ થી હેલ્પર તરીકે કાયમી કરી કાયમી કર્મચારીઓને મળવાપાત્ર હક્ક હિસ્સા તથા એરિયર્સ ચૂકવી આપવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૪૬/ઔ. વિ. રે./૬૭૨/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ (૧) મહુવા નગરપાલીકા, મહુવા (૨) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, મહુવા અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૫(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાય પંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

અરજદાર શ્રીમતી લીલાવંતીબેન મનુભાઈ મકવાણાને તેમની નોકરીમાં દાખલ થયા તા. ૧૬-૨-૮૯ થી પટાવાળા તરીકે કાયમી કરી કાયમી કર્મચારીને મળતા પગાર ભથ્થા તથા અન્ય તમામ લાભો એરિયર્સ સહિત ચૂકવી આપવા જોઈએ કે કેમ ?

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૪૭/ઔ. વિ.રે./૬૭૩/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક: કેએચઆર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાય પંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

અરજદાર શ્રી પ્રવિણસિંહ જીવુભા ગોહિલને તા. ૩-૫-૮૫ ના રોજથી કન્ડકટર તરીકે કાયમી કરવા કે કેમ ? તથા તા. ૫-૫-૯૯ ના હુકમથી પાંચ વાર્ષિક ઈજાફા તથા એરિયર્સ ચૂકવી આપવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

J-6-3.

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદં અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૪૮/ઔ. વિ. રે./૬૭૪/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ભાવનગર મહાનરપાલિકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ -૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો)ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાય પંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

અરજદાર શ્રી જતીનભાઈ કે. જોષીને તા. ૫-૧૦-૯૮ ના પત્રથી રૂા. ૧,૦૦૦/-ના દંડની સિક્ષા કરવામાં આવેલ છે તે શિક્ષા રદ કરવી જોઈએ કે કેમ ? તેમજ આ અંગેની સેવા પોથીમાં કરવામાં આવેલ નોંધ પણ રદ કરવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૪૯/ઔ.વિ.રે./૬૭૫/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) ગુજરાત વિદ્યુત બોર્ડ, વિદ્યુત ભવન, વડોદરા (૨) અધિક્ષક ઈજનેરશ્રી (સંચાલન), ગુજરાત વિદ્યુત બોર્ડ, વર્તુળ કચેરી, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાય પંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

શ્રી તરંગકુમાર રામપ્રસાદ ઓઝા નાયબ ઈજનેર આર. ઈ. સી. સબ ડીવીઝન, ભાવનગરને તારીખ ૩૦-૧૧-૨૦૦૨ સુધી નોકરીમાં ચાલુ રહેવા દેવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રા[illegible]

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક : કે.એચ.-એચ.એસ.એમ.સી./૫૫૫૦/ઔ.વિ.રે./૬૭૬/૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાય પંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

અનુસૂચિ

આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ કામદારોને તેમાં જણાવેલ તારીખથી સફાઈ કામદાર તરીકે કાયમી કરવા અને કાયમી કર્મચારીઓને મળતા પગાર ભથ્થા, બોનસ એરિયર્સ વગેરે ચૂકવી આપવા જોઈએ કે કેમ ?

પરિશિષ્ટ

ક્રમ	નામ	હોદ્દો	દાખલ તારીખ
૧.	શ્રી મુકેશ ભનુભાઈ સોલંકી	સફાઈ કામદાર	૧-૪-૮૮
૨.	શ્રી વિનોદ રવજીભાઈ બારૈયા		
૩.	શ્રી વિનોદ બુધ્ધીલાલ પરમાર	"	"
૪.	શ્રી કાળુભાઈ જીથરભાઈ વાઘેલા	"	"
૫.	શ્રી મનોજ જીથરભાઈ વાઘેલા	"	"
૬.	શ્રી વેગડ શૈલેષ હીરાભાઈ	"	"
૭.	શ્રી ગોવિંદ છનાભાઈ સરધારા	"	"
૮.	શ્રી મણીલાલ બાબુભાઈ વેગડ	"	"
૯.	શ્રી રીતેષ ભીખાભાઈ ગૌરી	"	"
૧૦.	શ્રી બેચરભાઈ ઉકાભાઈ	"	"
૧૧.	શ્રી નટવર દામજી સરધારા	"	"
૧૨.	શ્રી પ્રવિણ ભાકાભાઈ બારૈયા	"	"
૧૩.	શ્રી ભુપત બચુભાઈ નૈયા	"	"
૧૪.	શ્રી કાળુભાઈ બચુભાઈ વેગડ	"	"
૧૫.	શ્રી બુધ્ધીલાલ કાંતીભાઈ સરધારા	"	"
૧૬.	શ્રી કિશોર જીવાભાઈ પરમાર	"	"
૧૭.	શ્રી કિરીટ બાલુભાઈ વેગડ	"	"
૧૮.	શ્રી જગદીશ ચંદુભાઈ સરધારા	"	"
૧૯.	શ્રી મનોજ તુલશીભાઈ ચૌહાણ	"	"
૨૦.	શ્રી જસુ ભીખાભાઈ વાલોદરા	"	"
૨૧.	શ્રી મગન રામજી વાળા	"	"
૨૨.	શ્રી સુરેશ ઓધવજી વાળા	"	"
૨૩.	શ્રી કિશોર ભગવાનભાઈ હાવલીયા	"	"
૨૪.	શ્રી બંટી ઉકાભાઈ [illegible]	"	"
૨૫.	શ્રી નરશી ભવાનભાઈ ધુમડીયા	"	"
૨૬.	શ્રી વિનોદ હીરાભાઈ વેગડ	"	"
૨૭.	શ્રી લવજીભાઈ નારણભાઈ	"	"
૨૮.	શ્રી રાજુભાઈ [illegible]	"	"

INDEX

ક્રમ	નામ	હોદ્દો	દાખલ તારીખ
૨૯.	શ્રી રાજુભાઈ છનાભાઈ પરમાર	સફાઈ કામદાર	૧-૪-૮૮
૩૦.	શ્રી બટુકભાઈ જગુભાઈ સોલંકી	,,	,,
૩૧.	શ્રી નરશીભાઈ ધનજીભાઈ ધુમડીયા	,,	,,
૩૨.	શ્રી સુનિલ ચીમનભાઈ હાવલીયા	,,	,,
૩૩.	શ્રી વિનોદ કુશેભાઈ પરમાર	,,	,,
૩૪.	શ્રી પ્રતાપ જીવાભાઈ મકવાણા	,,	,,
૩૫.	શ્રી રમેશ જીવાભાઈ મકવાણા	,,	,,
૩૬.	શ્રી બીપીન દામજીભાઈ ધુમડીયા	,,	,,
૩૭.	શ્રી પ્રવિણ રવજીભાઈ બારૈયા	,,	,,
૩૮.	શ્રી જેન્તિભાઈ મોહનભાઈ મકવાણા	,,	,,
૩૯.	શ્રી શામજીભાઈ જેન્તિભાઈ ચૌહાણ	,,	,,
૪૦.	શ્રી રાજેશ મુકુન્દભાઈ બારૈયા	,,	,,
૪૧.	શ્રી હરેશ નાનજીભાઈ વેગડ	,,	,,
૪૨.	શ્રી મુકેશ ધનજીભાઈ ગોહેલ	,,	,,
૪૩.	શ્રી મુકેશ ગંભીરભાઈ મકવાણા	,,	,,
૪૪.	શ્રી રમેશ જેન્તિભાઈ ચૌહાણ	,,	,,
૪૫.	શ્રી વિનોદ મંગાભાઈ દાઠીયા	,,	,,
૪૬.	શ્રી અરવિંદ બાબુ વાઘેલા	,,	,,
૪૭.	શ્રી વિનોદ શામજીભાઈ સરધારા	,,	,,
૪૮.	શ્રી મુકેશભાઈ મનસુખભાઈ ગોહેલ	,,	,,
૪૯.	શ્રી નટવર શનાભાઈ દાઠીયા	,,	,,
૫૦.	શ્રી જગદીશ રામજીભાઈ વાઘેલા	,,	,,
૫૧.	શ્રી ખોડાભાઈ ડાયાભાઈ દાઠીયા	,,	,,
૫૨.	શ્રી દીપક મોહન	,,	,,
૫૩.	શ્રી ભગત સોંડા	,,	,,
૫૪.	શ્રી રાજેશ નકાભાઈ મકવાણા	,,	,,
૫૫.	શ્રી નટવર વિઠ્ઠલભાઈ નેયા	,,	,,
૫૬.	શ્રી શંકર ભીખાભાઈ ચૌહાણ	,,	,,
૫૭.	શ્રી મગન ભીખાભાઈ ચૌહાણ	,,	,,

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૫૫૫૧/ઔ.વિ.રે./૬૭૭/૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર (૨) ચેરમેનશ્રી, સ્ટેન્ડીંગ કમિટી, ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાય પંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું

અનુસૂચિ

અરજદારશ્રી અંજનાબેન બી. ત્રિવેદીને તા. ૧-૧૨-૯૯ થી સેક્રેટરી તરીકેની જગ્યા ઉપર કાયમી કરી કર્મચારીને મળવાપાત્ર તમામ હક્ક હિસ્સા ચૂકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૫૫૫૨/ઔ.વિ.રે./૬૭૮/૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સમાજ કલ્યાણ શાખા, જિ. પંચાયત, રાજકોટ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી મજુર અદાલત નં.-૧, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું

અનુસૂચિ

સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત, રાજકોટમાં કામ કરતાં કામદારોશ્રી (૧) પરમાર ભાઈલાલ દુધાભાઈ (૨) શ્રી જેરામભાઈ વાલજીભાઈ સાંડમાં. (૩) શ્રી મકવાણા ઉર્ફે શાહ મનુભાઈ ચમરાજીભાઈ (૪) શ્રી નાથાભાઈ ડાયાભાઈ મકવાણા તેઓને નોકરીમાં દાખલ થયા તારીખથી સરકારી ધોરણે રેગ્યુલર કર્મચારીઓના પગાર-ધોરણ મુજબ રૂા. ૧૬૪૦-૨૯૦૦ નો પગાર ગ્રેડ તેમજ મોંઘવારી વિગેરે તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૫૫૫૩/ઔ.વિ.રે./૬૮૦/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) નાયબ વન સંરક્ષકશ્રી, વન વિસ્તરણ વિભાગ, બહુમાળી ભવન, અમરેલી, (૨) રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, વન વિસ્તરણ રેન્જ, બાબરા. અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું

અનુસૂચિ

શ્રી સુખભાઈ લાભશંકર તેરૈયાએ જ્યારથી ૨૪૦ દિવસ પુરા કર્યા હોય, ત્યારથી ચોકીદાર તરીકે કાયમી કરી, કાયમી કર્મચારીઓને મળતાં તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

J-6-4.

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૫૫૫૫/ઔ.વિ.રે./૬૮૬/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, જુનાગઢ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું

અનુસૂચિ

કામદારશ્રી કીરીટસિંહ એલ. જાડેજાને હાલમાં મળતાં પગારમાંથી એક સ્ટેજ નીચે મુકવાનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તેમજ થયેલ આર્થિક નુકશાન એરીયર્સ સહીત ચુકવી આપવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૫૫૫૪/ઔ.વિ.રે./૬૮૧/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ૧. નાયબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ, અમરેલી. ૨. રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, સામાજિક વનીકરણ, મુ. બાબરા અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી મજુર અદાલત અમરેલીને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું

અનુસૂચિ

શ્રી જસકુભાઈ ઘુસાભાઈ ખુમાણને દાખલ તારીખ ૧૯-૬-૧૯૯૯ થી કાયમી ચોકીદાર ગણી, કાયમી ચોકીદારને મળતાં તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૩-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૫૫૫૬/ઓ.વિ.રે./૬૮૩/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી, મોરબી નગરપાલીકા, મોરબી અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું

અનુસૂચિ

કામદારશ્રી સંગ્રામસિંહ જોરુભા જાડેજાને તા. ૧૫-૧૦-૯૮ થી તા. ૬-૧૧-૯૯ દરમ્યાન સસ્પેન્શન એલાઉન્સ ચુકવાયેલ છે, તેના બદલે પુરેપુરા પગાર આપવા જોઈએ કે કેમ ? તથા તેઓની મુળ અધર ટેક્ષ ઈન્સ્પેકટરની જગ્યાએ મુકી અધરટેક્ષ ઈન્સ્પેકટરના પગાર ગ્રેડ રૂા. ૧૨૦૦/- થી શરુ થતો ગ્રેડ આપવો જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ./સી./૫૫૫૭/ઔ.વિ.રે./૬૮૮/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી, અમરેલી નગરપાલીકા, અમરેલી અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછાં કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાયપંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું

અનુસૂચિ

કામદારશ્રી ભાવનાબેન બી. મકવાણાને કાયમી કરી, કાયમી કરી કર્મચારીને મળતાં પગાર, ભથ્થા તથા અન્ય લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ./સી./૫૫૫૮/ઔ.વિ.રે./૬૮૯/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિ વિવાદ ચીફ ઓફીસરશ્રી, બગસરા નગરપાલીકા, બગસરા અને તેના કામદારો વચ્ચેની છે.

આથી , હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કે.એચ.આર./૨૬-આઈડીએ ૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ ૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂર સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આ મજુર અદાલત અમરેલીને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું

અનુસૂચિ

કામદારશ્રી (૧) લાભુબેન કાનજીભાઈ હડીયલ, (૨) શ્રી જીનતબેન આમદભાઈ ભ (૩) શ્રી મરીયમબેન ગુલામહુસેન ચાનીયા, (૪) શ્રી કૈલાસબેન જેસીંગભાઈ વાઘેલા, (૫) નીતાબેન ગીરધરલાલ અગ્રાવતને દાખલ તારીખથી કાયમી કરી, કાયમી કર્મચારીને મળતાં તમામ લા એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૫૫૫૯/ઔ.વિ.રે./૬૯૦/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ મેડીકલ ઓફીસરશ્રી, મુ. વડાસડા, વાયા : ઉપલેટા અને તેના કામદારો વચ્ચેની છે.

આથી , હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક: કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦(૧)થી મળેલ સત્તાની રુએ હું શ્રી મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ આથી મજૂર અદાલત, જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું

અનુસૂચિ

શ્રી મેણંદભાઈ અરજણભાઈ ડાંગર એ ૨૪૦ દિવસ પુરા કર્યા હોઈ, ત્યારથી કાયમી કરી, કાયમીના લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તા. ૨૧-૩-૨૦૦૧.

નાયબ મજુર કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ.-એસ.એચ.એમ.સી./૫૫૬૦/ઔ.વિ.રે./૬૯૨/૨૦૦૦. નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મેલેરીયા શાખા, જુનાગઢ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંકઃ કે.એચ.આર./૨૬-આઈડીએ-૧૦૭૮-૧૧૮૫૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ-૧૨(૫)હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

(૫) આ કામમાં અરજદાર તેમની મૂળ અરજીમાં તેમજ અત્રેની અદાલતમાં કરેલ અપીલમાં તેમજ આંક-૧૦ થી રજૂ કરેલ લેખિત દલીલોમાંતેઓ સામાવાળા સંસ્થામાં ૧૯૭૨ થી હેલ્પર તરીકે કામ કરતા હતા તેમ જણાવે છે. જ્યારે આ હકીકતોને સામાવાળાએ તેમનાં મજૂર અદાલતમાં રજૂ કરેલ લેખિત જવાબમાં નકારી કાઢેલ છે અને તેમાં સંબંધિત કામદાર તારીખ ૧લી નવેમ્બર, ૧૯૭૭ના રોજ પ્રોસેસીંગ ખાતામાં બદલી કામદાર તરીકે દાખલ થયેલહતા અને આ જ હકીકતો અરજદારે તેમની મૂળ અજીમાં આંક-૨૬ થી થયેલ જુબાનીમાંકબૂલ થયેલ છે. વળી, આ કામમાં આંક-૧૪ થી અરજદારનો બદલી કારીગર અંગેનો પાસ રજૂ થયેલ છે જેમાં અરજદારનુ નામ ખાતુ અને દાખલ તારીખ ૧લી નવેમ્બર, ૧૯૭૭ ની દર્શાવેલ છે એટલે કે, સંબંધિત કામદાર સામાવાળા મીલ કંપનીમાં તારીખ ૧લી નવેમ્બર, ૧૯૭૭ ના રોજ પ્રોસેસીંગ ખાતામાં બદલી કામદાર તરીકે દાખલ થયેલ અને તેઓ નોકરી પર હતા ત્યારે તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૮૩ના રોજ તેઓને પ્રોસેસીંગ ખાતામાં અકસ્માત થયેલ અને અકસ્માત પછી તેઓનેકામદાર રાજ્ય વિમા યોજનામાં સારવાર કરાવેલ અને કામદાર રાજ્ય વીમા યોજનાનાં ડોક્ટરશ્રીએ સંબંધિત કામદારને ભૂતકાળમાં તેઓ જે કામગીરી કરતા હતા તે કામગીરીની જગ્યાએ હળવા પ્રકારની કામગીરી સોંપવા અંગે ભલામણ પણ કરેલ.

(૬) અરજદારનું કહેવું એમ છે કે, તેઓ તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૮૪ ના રોજ ફીટનેસ સર્ટિ. સાથે ફરજ પર હાજર થવા છતાં તેઓને હાજર કરેલ નહીં અને તેની સાથે તેઓને હળવા પ્રકારની કામગીરી કરવા ભલામણ કરતો પત્ર પણ રજૂ કરેલ તેમ છતાં તેઓને કામગીરી સોંપેલ નથી તેમ તેમની લેખિત દલીલમાં જણાવે છે, પરંતુ હકીકતોમાં તત્થ જણાતું નથી, કારણ કે અરજદારે તેમની આંક-૨૬ થી જે જુબાની થયેલ છે તેમાં ઉલટ તપારમાં કબૂલ કરલે છે કે, ''અકસ્માત પછી ફીટનેસ સર્ટિ. લઈ હાજર થયો ત્યારે ફોરડાઈટ અને પોલીમસરાઈઝ મશીન ઉપર કામ સોંપેલું ''એટલે કે સંબંધિત કામદારે તેમની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે કબૂલ કરેલ છે કે, તેઓ ફિટનેસ સર્ટિ. લઈને જ્યારે કામ ઉપર હાજર થયા ત્યારે તેઓને નોકરી ઉપર હાજર કરેલ અને તેમ છતાં અરજદાર તેમની લેખિત દલીલમાં એમ જણાવેલ છે કે, તેઓને નોકરી ઉપર હાજર કરેલ નથી જે હકીકતો સ્હેજ પણ માની શકાય તેમ નથી. વળી, સામાવાળા સંસ્થા તરફે આંક-૨૮ થી ચંદ્રકાંત કે. શાહ કે જેઓ સામાવાળા મીલ કંપનીમાં ફેકટરી મેનેજર તરીકે ફરજ

INDEX

બજાવતા હતા તેમની જુબાની થયેલ છે અને તેમાં સંબંધિત કામદાર પ્રોસેસીંગ ખાતામાં તારીખ ૧લી નવેમ્બર, ૧૯૭૭ થી બદલી કામદાર તરીકે હતાં. તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૮૩ ના રોજ ફરજ ઉપર હતાં ત્યારે અકસ્માત થયેલ અને તેઓ બદલી કામદાર હોવાથી પ્રોસેસીંગનાં જે મશીન ઉપર ખાલી જગ્યા પડે ત્યાં બદલી મળતી જણાવે છે અને આજ હકીકતો મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશે પણ તેમણાં ચુકાદામાં છણાવટ કરેલ છે અને તેથી સંબંધિત કામદાર ફીટનેસ સર્ટિ. લઈને હાજર થયા પછી તેઓને નોકરી ઉપર રાખવામાં આવેલ છે તે સ્પષ્ટ થાય છે.

(૭) અરજદાર સંબંધિત કામદાર તરફે તેઓ નોકરી ઉપર હાજર થયા પછી તેઓને હળવું કામ એટલે કે, પટ્ટાવાળા તરીકે અથવા તો પાણી પાનાર તરીકે રાખવા અંગેની માંગણી હતી અને તેનાંથી તેમનાં કહેવા મુજબ તેનાથી જુનીયર એવા મહાવીરસિંહ તેમજ ગફાર વીરમભાઈ તેમજ રાજુભાઈ અને દિલીપભાઈ વગેરેને હળવા પ્રકારની કામગીરી સોંપેલ છે, જ્યારે અરજદારને સોંપતા નથી તેમ જણાવે છે, પરંતુ આ કામદારો સંબંધિત કામદારથી જુનીયર છે કે સીનીયર છે તે હકીકતો સંબંધિત કામદાર તરીકે રેકર્ડ ઉપર લાવીને પુરવાર કરેલ નથી અને તેથી ઉપરોક્ત કામદારોને માનો કે કામ સોંપવામાં આવેલ હતો તો તેથી સંબંધિત કામદાર પણ હળવું કામ મેળવવાને હક્કદાર થાય છે તે સ્વીકારી શકાય નહીં કારણ કે, સામાવાળા સંસ્થા તરફે ફેકટરી મેનેજરશ્રી જુબાનીમાં સ્પષ્ટપણે પુરવાર થયેલ છે કે, મીલ કંપનીમાં બદલીવાળાઓનું સીનીયોરીટી લીસ્ટ દરેક ખાતાઓમાં અલગ-અલગ હોય છે. અરજદાર અને રાજુભાઈનાં ખાતાઓ અલગ છે. તે જ રીતે રાજુભાઈ કરીને કામદાર વીવીંગ ખાતામાં પરબમાં કામ કરે છે. અકસ્માત પહેલાં તેઓ વીવીંગમાં હતા અને અકસ્માત પછી પરબ ઉપર સીનીયોરીટી પ્રમાણે આવેલ પરબની જગ્યા શાળ ખાતાનાં કર્મચારીથી નીચેની કક્ષાની ગણાય. મહાવીરસિંહને સ્પીનીંગ ખાતામાં કામ કરેલ અને તેઓને ત્યાં જ પરબ ઉપર રાખેલ છે. મીલ કંપનીમાં કુલ આશરે સાત ખાતાઓ છે અને તેનાં પેટા વિભાગો દશ હશે. આ વિભાગોમાં અલગ-અલગ પરબ હોતા નથી, પરંતુ બે જ પરબ છે તેમ જણાવે છે અને તેથી જ્યારે બદલી કામદારોનું સીનીયોરીટી લીસ્ટ અલગ હોય છે અને સીનીયોરીટી મુજબ જે કારીગર અકસ્માતે હળવું કામ મેળવવા માટે હક્કદાર થાય તેને સીનીયોરીટી મુજબ આપોઆપ સામાવાળા બંધાયેલ છે. સદરહુ કામમાં અરજદાર અન્ય કામદારો કરતાં સીનીયોરીટીમાં આગળ છે તે બતાવતા કોઈપણ દસ્તાવેજી પુરાવા રજૂ કરી અથવા તો સામાવાળા પાસે રજૂ કરાવડાવીને પુરવાર કરેલ નથી અને તેથી અન્ય કામદારોને અકસ્માતે હળવું કામ આપેલ છે તેથી અરજદાર પણ હળવા કામ તરીકે પટ્ટાવાળા કે પરબમાં કામગીરી મળવવાને હક્કદાર થાય છે તેમ કહી શકાય નહીં.

૮. વધુમાં અરજદાર તરફે તેની લેખિત દલીલમાં જણાવે છે કે, સામાવાળાનાં કહેવા

પ્રમાણે સંબંધિત કામદાર તારીખ ૧૮મી ઓક્ટોબર, ૧૯૮૪ થી ફરજ પર આવતાં નથી અને સળંગ ગેરહાજર રહેલ છે તે અંગેનો પત્ર રજુ કરેલ છે પરંતુ તે પત્ર અરજદારને મળેલ છે કે કેમ ? તેવો કોઈ પુરાવો સામાવાળાએ રજૂ કરેલ નથી અને અરજદારે તેમની ગેહાજરી સબબનો ખુલાસો પણ કરેલ છે તેમ છતાં તે ખુલાસાનો સામાવાળાએ ગ્રાહ્ય રાખેલ નથી. અરજદાર તારીખ ૧૮મી ઓક્ટોબર, ૧૯૮૪ થી વગર રજાએ ગેરહાજર રહેલ હોય તો તે બાબત સામાવાળા ક્યારેય કોઈ ચાર્જશીટ, શોકોઝ કે મેમો આપેલ નથી કે અરજદાર સામે ખાતાકીય તપાસ કરેલ નથી તેમ જણાવે છે, પરંતુ સંબંદિત કામદાર એક બદલી કામદાર છે અને તેઓએ સામાવાળા સંસ્થામાં બદલી કામ મેળવવા માટે દરરોજ હાજર થવા જવું પડે અને જો બદલી કામ શક્ય હોય અને સીનીયોરીટીમાં અરજદારનો નંબર આવતો હોય તે તેઓ બદલી કામ મેળવવા માટે હક્કદાર થાય. નહીં તર નહીં. હવે જ્યારે સંબંધિત કામદાર કામ મેળવવા માટે મીલ કંપનીમાં ગયેલ છે તે હકીકતો જ તેઓ પુરવાર કરી શકેલ નહી. હોવાથી તેઓને શોકોઝ નોટીસ કે ચાર્જશીટ કે મેમો આપવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને બચાવ કરવાની તક આપવાનો પણ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હકીકતમાં તો સંબંધિત તો સંબંધિત કામદારે અકસ્માત થયા પછી તેઓને જે હળવા પ્રકારની કામગીરી સોંપી તે કામગીરી જો સંબંધિક કામદારની દ્રષ્ટિએ હળવા પ્રકારની ન હોય અને વધું સખ્ત કામગીરી લાગતી હોય તો તે અંગે અરજદાર સામાવાળી મીલ કંપનીને લેખિતમાં રજૂઆત કરીને તેનાથી પણ કામગીરીની માંગણી અંગે રજૂઆત કરવી જોઈતી હતી અને તે માંગણી જ્યાં સુધી ન સંતોપાય ત્યાં સુધી સોંપવામાં આવેલ કામગીરી કરવી જોઈતી હતી જે કરવામાં આવેલ નથી અને અન્ય કામદારને પટ્ટાવાળા કે પરબમાં હળવી કામગીરી સોંપેલ છે તેથી તેઓને પણ હળવી કામગીરી મળવી જોઈએ તેવો કોઈ પ્રસ્થાપિત હક્ક સંબંધિત કામદાર માટે હળવી કામગીરીની સ્ટ્રેન્થ જોતાં ઉભો થઈ શકે નહીં. વધુમાં સંબંધિત કામદાર તરફે લેખિત દલીલમા એવું જણાવે છે કે, અકસ્માત થયેલા કામદારને હળવી કામગીરી સોંપવા અંગે સામાવાળા મીલ કંપની અને તેમનાં યુનીયન વચ્ચે સામાધાન થયેલ છે અને તે સમાધાન સામાવાળાએ ઈરાદાપૂર્વક રજૂ કરેલ નથી તેમ જણાવે છે, પરંતુ સંબંધિત કામદારે તેઓનો કેસ પુરવાર કરવાની જવાબદારી તેના ઉપર છે અને તેથી આવું સમાધાન જો રજુ સામાવાળા જો કરતાં ન હોય તો તે રજૂ કરાવવાની માંગણી કરીને પુરવાર કરવું જોઈતું હતું જે કરવામાં આવેલ નથી.

૯. આ કામમાં સામાવાળા મીલ કંપની તરફે ૧૯૮૪ (૧) એલ. એલ. એન., પાન-૭૫૪નાં મેચ એન્ડ પ્રલાઈવુડ મજદૂર સભાને સ્ટારવુડ વર્કસનું જજમેન્ટ રજૂ કરી જણાવેલ છે કે, આ કેસમાં ૩૦ ટકા કામદારને ખોટ ગઈ હતી તો પણ કામદારને અનફીટનેસનાં કારણે નોકરીમાંથી છૂટા કરવામાં આવેલ હતા અને તેને છટણી ગણવામાં આવેલ નહીં જ્યારે હાલમાં કામદારને ૬૦ ટકા ખોટ ગયેલ છે જેથી હાલ તેઓ કેવી રીતે કામગીરી કરી શકે ? તે સમજાતું નથી. જ્યારે તેઓ મેડીકલી અનફીટ છે અને ૬૦ ટકા

અત્યારે કામગીરી કરી શકે તેમ નથી તેથી અરજદારને કામે રાખી શકાય નહીં. ઝાડુવાળા કે પટ્ટાવાળા તરીકે કે પરબવાળા તરીકે પણ તેઓ કામ કરી શકે તેમ નથી અને તેવી જગ્યાઓ પણ અત્યારે નથી તેમ જણાવે છે. રજૂ કરવામાં આવેલ નામદારશ્રી કેરાલા હાઈકોર્ટનાં જજમેન્ટમાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંતો અત્રેની અદાલત નમ્રતા પૂર્વક સ્વીકારે છે. વધુમાં સામાવાળા તરફે ૧૯૬૫, વોલ્યુમ-૨, એલ.એલ.જે. પાન-૧ ઉપર પ્રસિધ્ધ થયેલ સ્પેન્સર એન્ડ કું. લિ. અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, બેંગ્લોર અને બીજાઓનું રજુ કરીને જણાવે છે કે, કોઈ માલિક કોઇ કામદારને ફીઝીકલી મેડીકલ ગ્રાઉન્ડ ઉપર અનફીટ થયેલ હોય તો તેને રાખી શકે નહીં અને તેવામાં માલિકને તે માટે ફરજ પાડી શકાય નહીં અને તેમ જણાવી હાલનાં અરજદારને પણ ફરજ માટે હાજર થવા માટે ફરજ પાડી શકાય નહી તેમ જણાવે છે. તે જ રીતે સામાવાળા તરફે ૧૯૯૮, સુ.કો.કે. લેબર એન્ડ સર્વિસીઝ, પાન ૧૫૨૨, મેનેજિંગ ડીરેક્ટર, યુ.બી.એસ.આર.ટી.સી. એન્ડ બીજાઓ વિ.પી.એન. ટંડન અને બીજાઓનું રજુ કરેલ છે અને તેમાં પણ શારીરિક અક્ષમતા કામદારને હોય ત્યારે તેને નોકરીમાં પુનઃ રાખી શકાય નહી તેમ જણાવે છે. આ કામમાં સંબંધિત કામદારને ૬૦ ટકા ડીસએબીલીટી આવેલ છે તે હકીકત છે અને સંબંધિત કામદારે પણ તેમની મૂળ અરજીમાં જુબાનીમાં કબૂલ થયેલ છે કે, તેમને ૬૦ ટકા કમાવાની શક્તિમાં ખોટ ગઈ તેવા પ્રકારની ઈજા છે તે અંગેનું તમામ વળતર તેઓને ઈ.એસ.આઈ. માંથી મળી ગયેલ છે. તેઓને જે કામગીરી સોંપાય તેનો ૧૦૦ ટકા લેખે પગાર જોઈએ છે. ૬૦ ટકા બાદ કરી ૪૦ ટકાનો પગાર જોઈતો નથી તેમ જણાવે છે અને કેસમાં રજૂ થયેલ રેકર્ડ જોતાં તથા સામાવાળા મીલ કંપનીનાં ફેકટરી મેનેજરની જુબાની જોતાં સંબંધિત કામદાર ઝાડુવાળા, પટ્ટાવાળા કે પરબવાળા તરીકેની કોઈ જગ્યા ઉપલબ્ધ નથી અને તેથી ઉપરોક્ત ત્રણેય જગ્યાઓ ઉપર સંબંધિત કામદારને કામગીરી સોંપી શકાય તેમ નથી ને તેનાં સિવાયની જે કામગીરી સંબંધિત કામદારને સોંપી તે સંબંધિત કામદાર માટે હળવી કામગીરી નથી. અને જ્યારે આવી પરિસ્થિતિ હોય ત્યારે સંબંધિત કામદાર ૧૯૭૭ માં દાખલ થયેલ તે હકીકત છે, ૧૯૮૩માં અકસ્માત થયેલ તે પણ હકીકત છે. ત્યારબાદ થોડા કામગીરી કર્યા પછી તોઓએ કામગીરી કરી નથી તે પણ હકીકત છે તેઓને ૬૦ ટકા ડીસએબીલીટી આવેલ હોવાથી તેમજ અરજદારનાં કહેવા પ્રમાણે હળવા પ્રકારની કામગીરી જેવી કે, પટ્ટાવાળાની, ઝાડુવાળાની કે પરબવાળાની કામગીરી સામાવાળા સંસ્થામાં ઉપલબ્ધ નહિ હોવાથી તેમજ સંબંધિત કામદારને છૂટા કરેલ નહિ હોવાથી જો સંબંધિત કામદારોનો કેસ રદ કરવામાં આવે તે તેઓએ પાંચ વર્ષ સુધી જે કામગીરી કરી તેનું કોઈ વળતર પણ તેઓને મળેલ નથી અને તેથી સંબંધિત કામદારની ૧૯૭૭ થી ૧૯૮૩ સુધીની કામગીરી જોતાં તેઓનાં તમામ કાયદેસરના હક્કો લેખે રૂ. ૨૦,૦૦૦ અંકે રૂ. વીસ હજાર પૂરાનું વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય, વાજબી અને ન્યાયી ગણાશે.

૧૦. ઉપરોકત તમામ હકીકતો, ને પુરાવાઓ જોતાં આ કામમાં ઉપર મુજબ ઠરાવી

નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :–

હુકમ

અરજદારની આ અપીલ આથી અંશતઃ મંજૂર કરવામાં આવે છે અને સામાવાળા મીલ કંપનીની સદરહુ હુકમની બજવણી થયેથી દિવસ-૩૦ માં સંબંધિત અરજદાર કામદારને તેઓની ૧૯૭૭ થી ૧૯૮૩ સુધીની નોકરીમાં સમય દરમિયાનનાં કાયદેસરનાં તમામ હક્કો મળીને રૂા. ૨૦,૦૦૦ અંકે રૂપિયા વીસ હજાર પૂરા ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૩.

એમ. પી. ચાવડા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૨, ગુજરાત,
રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 13, *Gujarat Government Gazette,* Part I—L, dated 27th March, 2003 and for pages BHV-1 to BHV-905 (in 1 set) *read* page Nos. 5015 to 5919.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૧૨માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના બીએચવી-૧ થી બીએચવી-૯૦૫ (૧ બંચમાં) ને પાન નંબર ૫૦૧૫ થી ૫૯૧૯ વાંચવા.

Vadodara, 27th March, 2003.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

મદદનીશ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ :

ક્રમાંક : કે.એચ.-એસએચએમસી-૩૩૩૯૦-પ, પ-આઈડીઆર-એજે-૫૦/૨૦૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પેપ્સીકો ઇન્ડિયા હોલ્ડીંગ્સ લી., બામણબોર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક : કે.એચ.આર.૨૬૦/ આઈ ડી એ/૧૦૭૮/૧૧૮૬૨(એ)(૧) જ થી [illegible] સત્તાની કલમ ૧૦ની પેટા કલમ(૧) અને કલમ-૧૨ની પેટા કલમ(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. અને અનુસુચિ-૩ ની આઈટમ નં. ૯,૧૦,૧૧ [illegible] ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ અને ૧૯૪૭ના ૧૪માં- ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મજૂર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર રાજકોટને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

'પરિશિષ્ટ મુજબ'

પેપ્સીકો ઇન્ડીયા હોલ્ડીંગ લી., બાસણબોર

પરિશિષ્ટ '[illegible]'

૧. [illegible] તારીખ ૩-[illegible] [illegible] રૂ. [illegible] તારીખ ૧-[illegible] કે કેમ ?

[illegible] તારીખ [illegible] ૨૦૦૦ [illegible] રૂ. [illegible] [illegible] તરીકે [illegible] કે કેમ ?

3. [illegible] [illegible] તારીખ ૧-૧-૨૦૦૦થી [illegible] કુલ પગાર આપવા કે કેમ ?

૪. મોંઘવારી ભથ્થાઓ :—

(એ) સ્થાયી મોંઘવારી :—સંસ્થામાં કામ કરતાં તમામ કામદારો-કર્મચારીઓને મૂળ પગાર ઉપરાંત તારીખ ૧-૧-૨૦૦૦ થી માસિક રૂ. ૨૦૦૦, સ્થાયી મોંઘવારી ભથ્થા તરીકે દર મહીને ચુકવી આપવી કે કેમ ?

(બી) ચલિત મોંઘવારી :— ૩૦ દિવસના કુલ પગાર જેટલી રકમ ડોકટરના પ્રીસ્ક્રીપ્શન સાથે મેડીકલ બીલ રજૂ કરે વાર્ષિક મેડીકલ એલાઉન્સ તરીકે આપવું કે કેમ ?

(સી) ટ્રાવેલીંગ એલાઉન્સ :—સંસ્થામાં કામ કરતાં તમામ કામદારો-કર્મચારીઓને તારીખ ૧-૧-૨૦૦૦ માસિક રૂ. ૫૦૦/-ટ્રાવેલીંગ એલાઉન્સ તરીકે ચુકવી આપવા કે કેમ ?

(ડી) લંચ એલાઉન્સ :—સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓને તારીખ ૧-૧-૨૦૦૦થી દૈનિક રૂ. ૫૦/- લંચ એલાઉન્સ તરીકે ચુકવી આપવા કે કેમ ?

(ઇ) [illegible] એલાઉન્સ :—સંસ્થામાં કામ કરતાં જે કામદારો કર્મચારીઓ [illegible] કામ કરે ત્યારે [illegible] કામદારો-કર્મચારીઓને દૈનિક રૂ. ૫૦/- [illegible] એલાઉન્સ તરીકે આપવા કે કેમ ?

(આઈ) કોમ્પ્યુટર એલાઉન્સ :—સંસ્થામાં કામ કરતાં જે કામદારો-કર્મચારીઓ કોમ્પ્યુટર ઉપર કામ કરે છે તેવા કામદારો-કર્મચારીઓને માસિક રૂ. ૫૦૦/- લેખે કોમ્પ્યુટર એલાઉન્સ તરીકે દર મહીને ચુકવી આપવું કે કેમ ?

(જે) શીફટ એલાઉન્સ :—સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓને નીચે જણાવેલ પાળી સામે દર્શાવેલ રકમ દૈનિક શીફટ એલાઉન્સ તરીકે ચુકવી આપવી કે કેમ ?

જનરલ શીફટ	૨૦.૦૦ દૈનિક
બપોરની બીજી પાળી	૩૦.૦૦ દૈનિક
ત્રીજી પાળી	૪૦.૦૦ દૈનિક

(કે) [illegible] એલાઉન્સ :—સંસ્થામાં કામ કરતાં દરેક [illegible] ૨૦૦૦/- માસિક રૂ. ૫૦૦/- [illegible] એલાઉન્સ તરીકે દર મહિને ચુકવી [illegible] કે કેમ ?

(એલ) [illegible] એલાઉન્સ : સંસ્થામાં [illegible] ૧-૧-૨૦૦૦ થી માસિક રૂ. ૭૦૦/- [illegible] એલાઉન્સ તરીકે દર મહીને [illegible] આપવી કે કેમ ?

૨. [illegible] કે કેમ ?

૩. [illegible] ડિવિડન્ડ ફંડની રકમ [illegible] કરવી કે કેમ ?

૪. [illegible] કે કેમ ?

૫. [illegible]

(એ) [illegible] સંસ્થામાં કામ કરતાં [illegible] કામદારો-કર્મચારીઓને રૂ. ૭૫૦૦૦/- સુધીની વગર વ્યાજની [illegible] ખરીદ કરવા માટેની લોન તથા મકાન રીપેરીંગ કરવા માટે રૂ. ૫૦૦૦૦/- સુધીની લોન આપવી અને આ લોન ૧૨૦ સરખા હપ્તે માસિક પગારમાંથી કપાત કરવી કે કેમ ?

(બી) મરણ પ્રસંગે લોન :—સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓની ઉપર નભતા કુટુંબીજનો જેવા કે માતા-પિતા, પત્ની-બાળકો, દીકરા-દીકરીના મરણ પ્રસંગે રૂા. ૧૫૦૦૦/- વગર વ્યાજની લોન આપવી કે કેમ ?

૧૦. નિવૃત્તિ બેનીફીટ કે વારસદારોને નોકરી :—સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓને સંસ્થામાંથી કોઈપણ કારણસર છુટા થાય કે નિવૃત્ત થાય ત્યારે તેવા પ્રસંગે તેવા કામદારો કર્મચારીઓને રૂા. ૧,૫૦,૦૦૦/- કેસ બેનીફીટ આપવો. અથવા તેમની ઉપર નભતા કુટુમ્બીજનોને જેવા કે પત્ની-પતિ, કે દીકરા-દીકરીને કોઈપણ એકને કાયમી ઉપર રાખવાં કે કેમ ?

૧૧. ગ્રેજ્યુઈટી :—સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારી રાજીનામું કે નિવૃત્તિ કે કોઈ પણ કારણસર નોકરીમાંથી છુટા થાય કે છુટા કરવામાં આવે ત્યારે તેવા પ્રસંગે તેવા કામદાર-કર્મચારીને દર વર્ષે ૩૦ દિવસ લેખે ગ્રેજ્યુઈટી તરીકે આપવી કે કેમ ?

૧૨. રજાઓ :—

(એ) કેજ્યુઅલ રજા :—સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓને દર વર્ષે ૧૫ દિવસના પુરા પગારની કેજ્યુઅલ રજાઓ આપવી.

(બી) તહેવારની રજા :—સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો-કર્મચારીઓને દર વર્ષે ૧૫ દિવસના ભર પગારની તહેવારની રજાઓ આપવી અને આ તહેવારના દિવસો યુનિયન સાથે બેસીને નક્કી કરવાં.

(સી) માંદગીની રજા :—સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓને દર વર્ષે ૧૫ દિવસના પુરા પગારની અથવા ૩૦ દિવસના અડધા પગારની માંદગીની રજા આપવી.

(ડી) હક્ક રજા :—સંસ્થામાં કામ કરતાં તમામ કામદારો-કર્મચારીઓને દર વર્ષે ૩૦ દિવસના ભર પગારની હક્કરજા આપવી.

૧૩. યુનિફોર્મ :—સંસ્થામાં કામ કરતાં તમામ કામદારો-કર્મચારીઓને દર વર્ષે નીચે મુજબનો યુનિફોર્મ આપવો.

૧. ચાર-પેન્ટ, ચાર-શર્ટ, અને ચાર માથાની કેપ
૨. ત્રણ જોડી ચામડાના બુટ
૩. એક ગરમ કોટ તથા એક રેઈનકોટ
૪. ત્રણ જોડી પગના મોજા

૧૪. મરણોત્તર લાભ :-

(એ) અંતિમક્રીયા ખર્ચ :—સંસ્થામાં કામ કરતાં [illegible] [illegible] રીઓ ઉપર નભતા કુટુમ્બીજનો જેવા કે માતા-પિતા, પત્ની અ [illegible]ના [illegible] અંતિમ ખર્ચ પેટે રૂા. ૫૦૦/- તથા કામદાર-કર્મચારી નોકરી ઉપર ચાલુ હોય કે જેનું નામ હાજરીપત્રક ઉપર ચાલુ હોય ત્યારે રૂા. ૧૫૦૦/- અંતિમક્રીયા ખર્ચ આપવામાં આવે છે તેની જગ્યાએ કામદાર-કર્મચારીઓની ઉપર નભતા કુટુમ્બીજનોની અંતિમક્રિયા ખર્ચ માટે રૂા. ૧૦૦૦ આપવા અને જો કામદાર-કર્મચારીનું અવસાન થાય તો તેના વારસદારોને અંતિમક્રિયા ખર્ચ માટે રૂા. ૨૦૦૦/-આપવાં.

(બી) કેસ બેનીફીટ :-સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓને ચાલુ ફરજ દરમ્યાન કે તેનું નામ હાજરીપત્રક ઉપર ચાલુ હોય [illegible] કામદારો-કર્મચારીઓનું અવસાન થાય ત્યારે કંપનીમાં કામ કરતાં કામદારો-કર્મચારીઓનો એક દિવસનો પગારની રકમ કપાત કરી જે રકમ થાય તે રકમમાં બે ગણી ઉમેરી તેના વારસદારોને આપવામાં આવે છે તેની જગ્યાએ એક દિવસના પગારની રકમ જે થાય તેમાં ત્રણ ગણી રકમ કંપનીએ ઉમેરીને એટલે કે ૧ [illegible] ૩ = ૪ કુલ દિવસોના પગારની [illegible] કામદાર-કર્મચારીના વારસદારોને પગાર કપાત કર્યા [illegible] દિવસની અંદર [illegible] કે કેમ ?

૧૫. ચેક ઓફ સીસ્ટમ : સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓએ ગુજરાત કામદાર પંચાયતના સભ્ય તરીકેનું [illegible] આપેલ [illegible] કામદાર-કર્મચારીઓના પગારમાંથી લવાજમ કે [illegible] કે કાપણી જે રકમ થાય તે રકમ ગુજરાત કામદાર પંચાયત યુનીયનના નામે એકાઉન્ટ [illegible] ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા કપાત કર્યાના સાત દિવસની અંદર મોકલી આપવું કે કેમ ?

૧૬. અમલ :-ઉપરોક્ત જણાવેલી તમામ માંગણીઓનો અમલ તા. [illegible] ૨૦૦૦થી કરવો કે કેમ ?

અમદાવાદ, તા. [illegible] ૨૦૦૧

([illegible] પ્રસાદ)
મજૂર કમિશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

INDEX

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

INDEX

પરિશિષ્ટ—'અ'

પેપર મીલ્સ, ખંભાત :

૧. [illegible] :

[illegible] થી કામમાં [illegible] કેટેગરીમાં [illegible]

[illegible] ૭૫-૬૦-[illegible]

[illegible]

નોંધ : [illegible]

૨. [illegible] ભથ્થાઓ :

(અ) [illegible] મોંઘવારી :

[illegible] થી ચાલીક [illegible] મૂકવી [illegible] છે કેમ ?

(બ) [illegible] મોંઘવારી ભથ્થું :

[illegible] કામ કરતા કામદારોને મૂળ પગાર ઉપરાંત ઓલ ઇન્ડીયા કન્ઝ્યુમર્સ [illegible] ઇન્ડેક્ષ ૧૯૬૦=૧૦૦ [illegible] બેઝ વાળી ૪૫૦ પોઇન્ટ ઉપર પ્રત્યેક પોઇન્ટ [illegible] ૨.૦૦ [illegible] તા. ૧-૪-૯૯થી દર મહીને વેરી- [illegible] મોંઘવારી ([illegible]) ભથ્થાં તરીકે આપવી છે કેમ ?

૩. [illegible] એલાઉન્સ :

(અ) [illegible] એલાઉન્સ :

[illegible] તા. [illegible]-૪-૯૯ થી દર મહિને [illegible] એલાઉન્સ તરીકે ચુકવી આપવા છે કેમ ?

(બી) મેડીકલ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તા. ૧-૪-૯૮થી માસિક રૂા. ૫૦૦/- મેડીકલ એલાઉન્સ તરીકે દર મહીને ચુકવી આપવા કે કેમ ?

(સી) શીફ્ટ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તા. ૧-૪-૯૮ના રોજથી નીચે જણાવ્યા મુજબ પાળી પ્રમાણે શીફ્ટ એલાઉન્સ દર મહીને ચુકવી આપવું કે કેમ ?

પહેલી પાળી ૨૫૦/-

બીજી પાળી ૪૦૦/-

ત્રીજી પાળી ૫૦૦/-

(ડી) એલ. ટી. સી. :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે રૂા. ૩૦૦૦/- દર વરસે તારીખ ૧-૪-૯૮ના વર્ષથી ચુકવી આપવા કે કેમ ?

૪. રજાઓ :

(એ) કેજ્યુઅલ રજા :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસના પૂરા પગારની કેજ્યુઅલ રજાઓ આપવી કે કેમ ?

(બી) તહેવારની રજાઓ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસના પૂરા પગારે તહેવારની રજાઓ આપવી અને આ રજાઓ યુનિયન સાથે બેસીને નક્કી કરવી કે કેમ ?

(સી) હક્ક રજા :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને ૧૫ દિવસની હાજરી ઉપર એક દિવસની હક્ક રજા આપવી કે કે કેમ ?

INDEX

(ડી) માંદગીની રજા :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને ૧૫ દિવસના પુરા અથવા ૩૦ દિવસના અડધા પગારે માંદગીની રજાઓ ભર પગારે આપવી કે કેમ ?

(ઈ) અકસ્માતની રજાઓ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને જ્યારે જ્યારે રજા દરમ્યાન અકસ્માત થાય ત્યારે અકસ્માતની સારવાર દરમ્યાનના તમામ દિવસોનો પુરેપુરો પગાર અકસ્માતની રજા તરીકે આપવો તેમજ સારવારનો તમામ ખર્ચ આપવો અને ઘરથી કંપની સુધી અને કંપનીથી ઘેર સુધીના જવા આવવાના પીરીયડને ફરજનો એક ભાગ તરીકે ગણવો કે કેમ?

૫. હોસ્પિટલ રાઈઝ ખર્ચ :

સંજોગોમાં હોસ્પિટલમાં રહેવા દરમ્યાન થતો તમામ ખર્ચ ચુકવી આપવો કે કેમ ?

૬. યુનિફોર્મ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને નીચે મુજબનો યુનિફોર્મ દર વરસે ચુકવી આપવો કે કેમ ?

(૧) ચાર પેન્ટ ચાર શર્ટ ટેરીકોટનના આપવા-
(૨) બે જોડી ચામડાના બુટ દર વરસે આપવા-
(૩) દર વરસે એક ગરમ જર્સી
(૪) દર વરસે એક છત્રી અથવા રેઈનકોટ આપવો.

૭. લોન :

(એ) વ્હીકલ લોન :

સંસ્થામાં કામ કરતા કામદારોને બે પૈડાવાળા વ્હીકલ ખરીદવા માટે રૂા. ૨૫,૦૦૦/- સુધીની લોન વગર વ્યાજે આપવી અને આ લોન દર મહીને ૧૨૦ના સરખા હપ્તે માસિક પગારમાંથી કપાત કરવી કે કેમ ?

(બી) સામાજીક પ્રસંગે લોન :

સંસ્થામાં કામ કરતા કામદારોને રૂા. ૫૦,૦૦૦ સુધીની લોન સામાજીક પ્રસંગે લોન વગર વ્યાજે આપવી અને આ લોન દર મહીને ૧૨૦ના સરખા હપ્તે માસિક પગાર-માંથી કપાત કરવી કે કેમ ?

INDEX

૮. સાબુ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર મહીને ૬ નંગ સાબુ લાઈફબોય બ્રાન્ડના આપવા કે કેમ ?

૯. નેપકીન :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર મહીને નંગ-૪ નેપકીન તથા નંગ-૨ ટુવાલ આપવા કે કેમ ?

૧૦. અમલ :

ઉપરોક્ત જણાવેલી તમામ માંગણીઓના અમલ તા. ૧-૪-૯૯થી કરવો કે કેમ ?

અમદાવાદ તા. ૨૬—૫—૨૦૦૧

(સંજય પ્રસાદ)
મજૂર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ./એસએચએમસી/૩૩૩૯૫/પ./૫ -આઈડીઆર/એજે/૧૫/૨૦૦૧

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મહાવીર જનરલ હોસ્પિટલ સુરત અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે.એસ.આર./૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨/(સી) (૧)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ ની આઈટમ નં. અને અનુસુચિ-૩ની આઈટમ નં.-૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે, મજુર કમિશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર સુરત ને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

(પરિશિષ્ટ સામેલ છે.)

પરિશિષ્ટ

માંગણી નં. ૧(અ) :—
પગાર ધોરણ :— સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને નીચેના ગ્રેડમાં મૂકવા કે કેમ ?

(૧) પટાવાળા, વોચમેન, વોર્ડબોય, આયા, સ્વીપર, સ્વીપેર્સ, હેલ્પર, માળી ૨૫૦૦-૧૦૦(૫)-૩૦૦૦-૧૫૦(૫)-૩૭૫૦-૨૦૦(૫)-૪૭૫૦-૨૫૦(૫)-૬૦૦૦

(૨) લીફ્ટમેન, ટેલર, કમ્પાઉન્ડર, જુનિયર ઈ.સી.જી. ટેકનીશીયન, જુનિયર ઓ.આર.એ. જુનિયર લેબ, ટેકનીશીયન, આસી. ડાયાલીસીસ ટેકનીશીયન, ડાર્ક રૂમ, આસી., આસી ઓટોકલેવ, નર્સ એઈડ (આસી. નર્સ.), પચીંગ ઓપરેટર, પમ્પ ઓપરેટર, કારપેન્ટર પ્લમ્બર, હેલ્પર, (મીકેનીકલ), પેઈન્ટર, જુનિયર કલાર્ક, ટાઈપીસ્ટ, કલાર્ક, ટાઈપીસ્ટ કમ કલાર્ક .
૩૦૦૦-૧૫૦(૫)-૩૭૫૦-૨૦૦(૫)-૪૭૫૦-૨૫૦(૫)-૬૦૦૦-૩૦૦(૫)-૭૫૦૦

(૩) રીસેપ્સનીસ્ટ કમ ટેલીફોન ઓપરેટર (જુનિયર), ડ્રાઈવર, વાયરમેન, જુનિયર એક્સ રે ટેકનીશીયન, સિનીયર ઓ.આર.એ., એ.એન.એમ., સિનીયર ઈ.સી.જી. ટેકનીશીયન
૩૫૦૦-૨૦૦(૫)-૪૫૦૦-૨૫૦(૫)-૫૭૫૦-૩૦૦(૫)-૭૨૫૦-૩૫૦(૫)-૯૦૦૦

(૪) રીસેપ્સનીસ્ટ કમ ટેલીફોન ઓપરેટર (સીનીયર), જુનિયર ફીટર, સિનીયર એક્સ રે ટેકનીશીયન, સિનીયર લેબ. ટેકનીશીયન, સિનીયર વાયરમેન, સ્ટેનોગ્રાફર, બી.પી.એન.એ.
૪૦૦૦-૨૫૦(૫)-૫૨૫૦-૩૦૦(૫)-૬૭૫૦-૩૫૦(૫)-૮૫૦૦-૪૦૦(૫)-૧૦,૫૦૦

(૫) સ્ટોરકીપર, આસી. એકાઉન્ટ/કેશીયર, ફીટર, એ.સી. ટેકનીશીયન લેબ, ટેકનીશીયન ઈનચાર્જ, સીસ્ટર ઈનચાર્જ, સિનીયર કલાર્ક
૪૫૦૦-[illegible](૫)-૬૦૦૦-૩૫૦(૫)-૭૭૫૦-૪૦૦(૫)-૯૭૫૦-૪૫૦(૫)-૧૨૦૦૦

(૬) [illegible], [illegible], કેશીયર, કમ્પ્યુટર ઓપરેટર
૫૦૦૦-૩૫૦(૫)-[illegible]-૪૦૦(૫)-૮૭૫૦-૪૫૦(૫)-૧૧,૦૦૦-૫૦૦(૫)-૧૩૫૦૦

(૭) [illegible], પી.આર.ઓ., ઓફિસ સુપ્રિટેન્ડન્ટ, રેડીયોગ્રાફર, મેટ્રોન,
૫૫૦૦-૪૦૦(૫)-૭૫૦૦-૪[illegible](૫)-૯૭૫૦-૫૦૦(૫)-૧૨૨૫૦-૫૫૦(૫)-૧૫,૦૦૦

માંગણી નં. ૧(બી) : ફીટીંગ એન્ડ એડજસ્ટમેન્ટ :—તમામ કર્મચારીઓને ઉપર પ્રમાણેના ગ્રેડમાં મૂકવા ત્યારબાદ ઉપરોક્ત પગારના ગ્રેડમાં કોઈપણ બે સ્ટેપની વચમાં આવતા હોય તો તેને ઉપરના સ્ટેપમાં ગોઠવવા કે કેમ ?

૩(૭) : નાઈટ શીફ્ટ એલાઉન્સ : જે કર્મચારીઓ નાઈટ શીફ્ટમાં ફરજ બજાવવા માટે આવે તેવા તમામ કર્મચારીઓને નાઈટ દીઠ રૂ. ૧૦/- નાઈટ શીફ્ટ એલાઉન્સ તરીકે ચૂકવણી કરવી કે કેમ ?

૩(૮) : ઓપરેશન થિયેટર અને આઈ.સી.સી. યુનિટ એલાઉન્સ : જે કર્મચારીઓ ઓપરેશન થિયેટર અને આઈ.સી.સી. યુનિટમાં કામ કરે તેવા તમામ કર્મચારીઓને માસિક રૂ. ૩૦૦/- એલાઉન્સ તરીકે ચૂકવણી કરવી કે કેમ ?

૩(૯) : એટેન્ડન્સ એલાઉન્સ : જે કર્મચારીઓ માસિક ... કામના પૂરેપૂરા દિવસો ફરજ પર હાજર રહે તેવા કર્મચારીઓને વધુ પાંચ દિવસોનો પગાર (બેઝિક વત્તા મોંઘવારી ભથ્થું) એટેન્ડન્ટ એલાઉન્સ તરીકે માસિક ધોરણે ચૂકવણી કરવી કે કેમ ? કેઝ્યુઅલ લીવ, સીક લીવ, તહેવારની રજા, એક્સીડેન્ટ લીવ અને પ્રીવીલેજ લીવને કામના દિવસો તરીકે ગણતરી કરવી કે કેમ ?

૩(૧૦) : કેશ હેન્ડલીંગ એલાઉન્સ : જે કર્મચારીઓ કેશ હેન્ડલીંગ કરે છે તેવા તમામ કર્મચારીઓને માસિક રૂ. ૨૦૦/- કેશ હેન્ડલીંગ તરીકે ચૂકવણી કરવી કે કેમ ?

માંગણી નં. ૮ : રજાઓ : તમામ કર્મચારીઓને કેલેન્ડર વર્ષમાં નીચે મુજબની રજાઓ આપવી કે કેમ ?

૮(૧) પ્રીવીલેજ લીવ : તમામ કર્મચારીઓને વરસમાં ૩૦ પ્રીવીલેજ લીવ આપવી. આવી રજાઓને ૧૮૦ દિવસની એકત્ર કરવા દેવી કે કેમ ? ૬૦ દિવસથી વધુ રજાઓ ભેગી થઈ હોઈ તો ૧/૨ ભાગની રજા વટાવવા દેવી કે કેમ ?

૮(૨) કેઝ્યુઅલ લીવ : તમામ કર્મચારીઓને ૧૫ કેઝ્યુઅલ લીવ આપવી. જો કોઈ કર્મચારી વરસ દરમ્યાન એકપણ કેઝ્યુઅલ લીવ નહીં ભોગવે તેવા કર્મચારીઓને કેઝ્યુઅલ લીવ ઉપરાંત વધુ પાંચ દિવસનો ઉમેરો કરી ૨૦ દિવસની રજા સીક લીવમાં તબદીલ કરવી કે કેમ ? જે કર્મચારી વરસ દરમ્યાન રજાનો ઉપયોગ કરતા વરસના અંતે જે રજા બાકી રહે તેનું રોકડ સ્વરૂપમાં તે પછીના વરસના ફેબ્રુઆરી માસની ૧૫ તારીખ સુધીમાં ચૂકવણી કરવી કે કેમ ?

૮(૩) સીક લીવ ; તમામ કર્મચારીઓને ૧૦ સીક લીવ આપવી કે કેમ ? આવી રજાઓ ૯૦ દિવસ સુધીની એકત્ર કરવા દેવી કે કેમ ?

૮(૪) પેઈડ હોલી ડે : તમામ કર્મચારીઓને વરસમાં ૧૫ પેઈડ હોલી ડે આપવી કે કેમ ? આવી રજાઓના દિવસે જે કર્મચારીઓને ફરજ પર બોલાવવામાં આવે તે દિવસ પુરતા વધુ ત્રણ દિવસના પગારની ચૂકવણી કરવી કે કેમ ?

૮(૫) મેટરનીટી લીવ : સ્ત્રી કર્મચારીઓને પ્રસુતિના સમયે બાર માસની મેટરનીટી લીવ આપવી કે કેમ ?

૪(૬) મેટરનીટી લીવ : પુરૂષ કર્મચારીઓને પોતાની પત્નીની પ્રસુતિ સમયે ૨૦ મેટરનીટી લીવ આપવી કે કેમ ?

માંગણી નં. (૫) યુનિ ફોર્મ :—તમામ કર્મચારીઓને કે જેઓ પુરૂષ કર્મચારી હોય તેમને દર વરસે ટેરી કોટન ફુલ પેન્ટ અને શર્ટની ત્રણ જોડી અને સ્ત્રી કર્મચારી હોય તેમને ટેરીકોટન સાડી, પેટીકોટ અને બ્લાઉઝની ત્રણ જોડી આપવી કે કેમ ? ઓપરેશન થિયેટરમાં કામ કરતા કર્મચારીઓને વધુમાં બે એપરોન આપવા કે કેમ ? કાપડની ગુણવત્તા અને કલર યુનિયનને વિશ્વાસમાં લઈ નક્કી કરવાના રહેશે. દર વરસે યુનિ ફોર્મ ૩૧મી જાન્યુઆરી સુધીમાં આપવા કે કેમ ?

માંગણી નં. ૬ : જરસી :- તમામ કર્મચારીઓને દર બે વરસે સારી ગુણવત્તા (રેમન્ડ) ની એક જરસી આપવી કે કેમ ?

માંગણી નં. ૭ : બૂટ/મોજા :—તમામ કર્મચારીઓને દર વરસે સારી ગુણવત્તાના (બાટા)ના બૂટ/મોજાં આપવા કે કેમ ?

માંગણી નં. ૮ : પ્રમોશન :—કોઈ કર્મચારી રાજીનામું આપે નિવૃત થાય કે નવી જગ્યા ઉભી કરવામાં આવે કે કોઈ પોતાની સ્વેચ્છાએ નોકરીમાંથી રાજીનામું આપે કે હોસ્પિટલ છુટા કરે ત્યારે તેવી જગ્યાઓ ઉપર બહારથી ભરતી ન કરતા વધુ સર્વિસવાળાની સિનીયોરીટીને ધ્યાનમાં લઈ કર્મચારીઓને પ્રમોશન આપવા કે કેમ ?

અને

જે તે ગ્રેડમાં જેમને ૭ વરસની નોકરી પૂરી થઈ હોય તેવા તમામ કર્મચારીઓને આપો આપ અપગ્રેડેશન મળે તેવી વ્યવસ્થા ગોઠવવી કે કેમ ?

માંગણી નં. ૯ : ફ્યુનરલ એક્સપાન્સીસ :—કોઈ કર્મચારી મૃત્યુ પામે તો તેમની મૃત્યુ ક્રિયા માટે તેવા કર્મચારીના કુટુંબને રૂા. ૫,૦૦૦/-નુર્ન ચૂકવી આપવા કે કેમ ?

માંગણી નં. ૧૦ : મેડીકલ ફેસીલીટી :—જે કર્મચારી ઉપર આધારીત કુટુંબીજનો બિમાર પડતા હોસ્પિટલમાં (ઈનડોર, આઉટડોર પેશન્ટ) દાખલ થાય ત્યારે તેમને નીચેની શરતોને આધીન તેમને વિના મુલ્યે તમામ પ્રકારની સારવાર અને જરૂરિયાત મુજબની દવાઓ આપવી કે કેમ ?

અને

જે સારવાર હોસ્પિટલમાં ઉપલબ્ધ નથી તેવા સારવાર અન્ય હોસ્પિટલમાં કે અન્ય કોઈપણ સ્થળે લેવામાં આવે તો તે માટેના તમામ ખર્ચ હોસ્પિટલે ચૂકવી આપવો કે કેમ ?

અને

જે કર્મચારીઓની છોકરી હોય તેમના લગ્ન થયા બાદ તેમની બે પ્રસુતિ હોસ્પિટલમાં વિના મૂલ્યે કરાવી આપવી કે કેમ ?

INDEX

(૧) કર્મચારી આધારિત આશ્રિતોમાં કર્મચારી પોતે, પોતાની પત્ની, પોતાનો પતિ, પોતાના માબાપ, પોતાના બાળકો કે જેઓ પોતે [illegible] ન હોય અને પોતાના માતાપિતા પર આધારિત હોય ત્યાં સુધી ઉંમરના કોઈ [illegible] નહીં કે કેમ ?

(૨) કર્મચારી પોતે કે તેમના [illegible] આધારિત [illegible] બિમાર પડી હોસ્પિટલમાં આવે ત્યારે અન્ય દર્દીઓની માફક પુરી તેમની [illegible] કરવી કે કેમ? આ માટે યુનિયન પ્રતિનિધિ [illegible] નક્કી [illegible] કે કેમ ?

માંગણી નં. ૧૨ : હોસ્પિટલે ફાળવી આપેલા ક્વાર્ટર્સના [illegible] બીલની કપાત :—જે કર્મચારીઓને હોસ્પિટલ તરફથી રહેવા માટે ક્વાર્ટર્સની [illegible] છે તેવા કર્મચારીઓ પાસેથી લાઈટ બીલ વસુલ કરવામાં [illegible] વસુલાત [illegible] કરવી કે કેમ ? અને તેવું બીલ હોસ્પિટલે ભરવું કે કેમ ?

માંગણી નં. ૧૩ : લોન :—તમામ કર્મચારીઓને નીચે મુજબની લોનો આપવી કે કેમ ? દર વરસે કેટલા કર્મચારીઓને અને કેવી રીતે લોન આપવી [illegible] યુનિયન સાથે વાટાઘાટો દ્વારા નક્કી કરવું કે કેમ ?

૧૩(૧) : હાઉસીંગ લોન :—જે કર્મચારી [illegible] લોનની માંગણી કરે ત્યારે તેમના તેમની નોકરી દરમ્યાન એક વખત તેમને [illegible] હજાર હાઉસીંગ લોન તરીકે આપવા કે કેમ ? અને લોનનાં વસુલાત ૪ ટકાના વ્યાજ સહિત પરત લેવી કે કેમ ?

૧૩(૨) : મેરેજ લોન :—કર્મચારીના પોતાના [illegible] પોતાની પુત્રીના લગ્ન માટે રૂ. ૨૦,૦૦૦/- પુત્રના લગ્ન માટે રૂ. ૧૫૦૦૦/- અને ભાઈ બહેનના લગ્ન માટે રૂ. ૧૦,૦૦૦ આપવા કે કેમ ?

૧૩(૩) : વ્હીકલ લોન :—વધુમાં વધુ રૂ. ૩૦,૦૦૦/- આપવી કે કેમ ?

૧૩(૪) : આકસ્મિક લોન :—કર્મચારીઓ પર આકસ્મિક તકલીફ આવી પડે ત્યારે વધુમાં વધુ રૂ. ૫,૦૦૦/- ની લોન માંગણી કર્યાના બે કલાકમાં આપવી કે કેમ ? આવી લોનની ચુકવણી કર્યા પછી ચકાસણી કરતા માલુમ પડે કે કર્મચારીએ યોગ્ય કારણ વિના છેતરપીંડી કરી લોન મેળવી છે તો તેવી લોન ૧૨ટકાના વ્યાજ સહિત વસુલાત લેવી કે કેમ ?

માંગણી નં. ૧૪ : નેપકીન/સાબુ :—તમામ કર્મચારીઓને દર માસે ટર્કીશ નેપકીન અને બે લાઈફ બોય સાબુ આપવા કે કેમ ?

માંગણી નં. ૧૬ : કાયમી કરવા બાબત :—જે કર્મચારીઓએ ૨૪૦ દિવસથી વધુ સમયથી હોસ્પિટલમાં ફરજ બજાવે છે અને તેમને કાયમી [illegible] કર્મચારીઓના ૨૪૦ દિવસ પુરા કર્યા હોય ત્યારથી તેમને કાયમી [illegible] સમાધાન કરાર મુજબના જે તે કક્ષાના ગ્રેડમાં મુકી સમાધાન કરારના તમામ લાભોની ચુકવણી કરવી કે કેમ?

અને

જે કર્મચારીઓએ હોસ્પિટલમાં ૨૪૦ દિવસો કામ કર્યું હોવા છતાં તેમને કાયમી ન કરતા કોઈપણ લાભોની ચૂકવણી કર્યા વિના નોકરીમાંથી છેલ્લા છ માસમાં છૂટા કર્યા હોય તેમને તેમના પાછલા દિવસોના પગાર સાથે સળંગ નોકરીમાં પોતાની અસલ જગ્યાએ પુનઃસ્થાપિત કરી સમાધાન કરાર અન્વયેના તમામ લાભોની ચૂકવણી કરવી કે કેમ ?

માંગણી નં. ૧૭ : સ્ટાફ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી :— કર્મચારીઓ પોતાની સ્ટાફ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીની નોંધણી કરાવી લે તેના આધારે સોસાયટીને રૂપિયા પાંચ લાખની વગર વ્યાજની લોન રિવોલ્વીંગ ફંડ તરીકે આપવા માટે આપવી કે કેમ ? અને તેનો સ્ટોર કરવા માટેનો રૂમ ફાળવી આપવો કે કેમ ? અને તે સ્ટોર ચલાવવા માટે સોસાયટી એક કર્મચારીની નિયુક્તિ કરશે કે કેમ ? અને તેનો પગાર હોસ્પિટલ ચૂકવશે કે કેમ ?

અને

સોસાયટી દર માસે કર્મચારીઓના પગારમાંથી કેટલી રકમ કાપવી તેની યાદી દર માસે હોસ્પિટલને સુપ્રત કરશે જે મુજબના નાણાંની કપાત કરી સોસાયટીને એકાઉન્ટ ચેકથી કરવી કે કેમ ?

માંગણી નં. ૧૮ ; યુનિયન ઓફિસ/યુનિયન પ્રતિનિધિઓની રજા :—હોસ્પિટલમાં શાંતિ અને શિસ્ત જાળવવા તેમજ સુવ્યવસ્થિત ટ્રેડ યુનિયન પ્રવૃત્તિ ચલાવવા માટે અદ્યતન ફર્નિચર, ફોનની વ્યવસ્થા સહિતની ઓફિસ યુનિયનને ફાળવી આપવી કે કેમ ? અને કર્મચારીઓના જે પ્રતિનિધિઓને કર્મચારીઓના પ્રશ્નો પરત્વે જ્યારે જ્યારે બહાર જવાનું થાય ત્યારે ફરજ પર હાજર છે એમ ગણી ખાસ પગારની રજા તથા ખર્ચ આપવો કે કેમ ?

માંગણી નં. ૧૯ : રીસ્ટ્રોપેક્ટીવ ઈફેક્ટ :—ઉપરોક્ત તમામ માંગણીઓના લાભો તા. ૧-૪-૨૦૦૦ થી અમલમાં આવે તે રીતે રીસ્ટ્રોપેક્ટીવ ઈફેક્ટથી આપવા કે કેમ ?

અમદાવાદ, તા. ૩૦/૫/૨૦૦૧

(સંજય પ્રસાદ)
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશ્નર, દ્વારા

હુકમ.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એલ/એસએચએમસી ૩૩૩૯૬/પ. ૫-આઈડીઆર/એજે/૫૨/૨૦૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર યુનીવર્સલ મેડીકેર લિ., મુ. [illegible] તા. સાવલી જિ. વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક : કેએસ.આર. ૨૬૦/આઈ.ડી.એ/૧૦૭૮/૧૧૮૯૨/(બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ ની આઈટમ નં. અને અનુસૂચિ-૩ની આઈટમ નં.૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો ધરાવતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં-ની કલમ-૧૦ની પેટા કલમ ૧(ડી) થી મળેલી સત્તાની રૂએ હું મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર-૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ.

(પરિશિષ્ટ મુજબ)

પરિશિષ્ટ

૧. દરેક કામદારોને નીચે મુજબના ગ્રેડ મુજબ પગાર આપવો જોઈએ કે કેમ ?

કારકુન (ક) રૂ. ૬૫-૮૦-૨.૦૦, ૭૫-૮૦ ૨-૨૫, ૮૭-૦૫

(૧) કુશળ રૂ. ૬૫-૬૦, ૧.૭૫, ૭૦-૩૫, ૨-૦૦ ૮૦-૩૫

(૨) અર્ધકુશળ રૂ. ૫૯-૫૦, ૧.૨૫, ૬૫-૭૫, ૧-૫૦ ૭૩-૨૫

(૩) બીનકુશળ રૂ. ૫૭-૪૦, ૦.૭૫, ૬૫-૧૫, ૧-૦૦, ૬૬-૧૫

INDEX

૨. હાજરી બોનસ :

દરેક કામદારોને નીચે મુજબ હાજરી બોનસ આપવું જોઈએ કે કેમ ?

(૧) પૂરા દિવસ હાજર હોય તેને ૪ દિવસનો પગાર
(૨) '૧' દિવસ ગેર હાજર હોય તેને ૩ દિવસનો પગાર
(૩) '૨' દિવસ ગેરહાજર હોય તેને ૨ દિવસનો પગાર

૩. રજાઓ :

દરેક કામદારોને દર વર્ષે ૨૦ હક્કરજાઓ, ૧૨ કેજ્યુઅલ રજાઓ, ૧૨ તહેવારની રજાઓ, ૧૨ માંદગીની રજાઓ [illegible] રજાઓ આપવી જોઈએ કે કેમ ?

૪. તબીબી ભથ્થું :

દરેક કામદારોને દર માસે કુલ પગારના ૧૦ ટકા જેટલી રકમ મેડીકલ એલાઉન્સ તરીકે આપવી જોઈએ કે કેમ ?

૫. ધોલાઈ ભથ્થું :

દરેક કામદારોને દર માસે રૂ. ૧૦૦/- ધોલાઈ ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

૬. ઘરભાડા ભથ્થું :

દરેક કામદારોને દર માસે કુલ પગારના ૧૦ ટકા ઘરભાડા ભથ્થું આપવું જોઈએ કે કેમ?

૭. ગણવેશ :

દરેક કામદારોને દર વર્ષે બે જોડી યુનિફોર્મ તથા એક જોડી સારી જાતના ચામડાના બુટ આપવા જોઈએ કે કેમ ?

તા. ૬-૬-૨૦૦૧
અમદાવાદ

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજૂર કમિશ્નર, દ્વારા.

હુકમ.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ/એસએચએમસી/૩૩૩૯૭/૫.૫.,/આઈડીઆર./એજે/૬૮/૨૦૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) એસ. જી. ફાર્માસ્યુટીકલ (૨) અંબાલાલ સારાભાઈ એન્ટરપ્રાઈઝ (૩) સારાભાઈ કેમીકલ, વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચ.આર/૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨/(બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.- અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં-ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર-૩ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ.

એસ. જી. ફાર્માસ્યુટીકલ્સ રણોલી તથા અંબાલાલ સારાભાઈ એન્ટર પ્રાઈઝની તમામ કામદારોને સારાભાઈ કેમીકલસમાં ટ્રાન્સફર કરવા જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૬-૬-૦૧

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશ્નર, દ્વારા.

હુકમ.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ/એસએચએમસી/૩૩૪૦૭/પ.-પ., આઈડીઆર/એ.જે./૯/૨૦૦૧

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ [illegible] જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નટરાજ સીરામીક એન્ડ કેમીકલ્સ ઈન્ડ, **જામનગર** અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક [illegible] જી.આર./ ૨૬૦/આઈડીએ/૧૦૭૯/૧૧૮૬૨/મી (૧)-જ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ [illegible] અનુસૂચિ-૨ની આઈટમ નં. [illegible] અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯, ૧૦, ૧૧ [illegible] કે તેથી ઓછા કામદારો [illegible] ઔદ્યોગિક [illegible] પૂરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના ૧૯૪૭ના **૧૪માં**- ની કલમ-૧૦ની પેટા કલમ-૧ની [illegible] મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય [illegible] તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ.

(પરિશિષ્ટ મુજબ)

નટરાજ સીરામીક એન્ડ કેમીકલ્સ ઈન્ડ., જામનગર.

માંગણીઓ

૧. : બેઝિક પગાર :

નીચે મુજબના પગાર વધારો બેઝિક પગારમાં [illegible] જોઈએ કે કેમ ?

	સ્કીલ્ડ	સેમી સ્કીલ્ડ	અનસ્કીલ્ડ
૧-૧-૨૦૦૦ થી	૪૦૦/-	૩૫૦/-	૩૦૦/-
૧-૧-૨૦૦૧ થી	૩૦૦/-	૨૫૦/-	૨૦૦/-
૧-૧-૨૦૦૨ થી	૨૦૦/-	૧૫૦/-	૧૦૦/-

INDEX

૨. ફીકસ ડી. એ.

હાલમાં [illegible] જે દરે ફીકસ ડી. એ. આપવામાં આવે છે તે હાલની મોંઘવારીના પ્રમાણમાં [illegible] જેવી તેમાં ૧-૧-૨૦૦૦થી દર માસે રૂ. ૨૫૦/-ના વધારો કરવો જોઈએ કે કેમ?

૩. [illegible]

[illegible] બેઝીક પગાર સાથે ભેળવી દેવું [illegible] ૨૦૦૦ના [illegible] મુજબ વેતન ધારા નીચે મેન્યુફેક્ચરીંગ [illegible] માટે દર છ માસે બહાર પડતી મોંઘવારી ચુકવવી જોઈએ કે કેમ?

૪. [illegible] ભાડું

[illegible] તમામ કામદારોને મકાન ભાડું દર માસે રૂ. ૧૦૦૦/- ચુકવવું જોઈએ કે કેમ?

૫. રજાઓ :

[illegible] કામદારોને નીચે મુજબની સવેતન પગાર રજાઓ મળવી જોઈએ કે કેમ?

હક્ક રજા વાર્ષિક :—૨૧ દિવસ પરચુરણ રજા વાર્ષિક : ૧૦ દિવસ
સીક લીવ વાર્ષિક :—૧૨ દિવસ જાહેર તહેવારની રજા વાર્ષિક:—૧૨.

૬. યુનિફોર્મ :

[illegible] હરેક કામદારોને નીચે મુજબનો યુનિફોર્મ મળવો જોઈએ કે કેમ ?

દર વર્ષે બે જોડી ટેરીકોટનના કપડા સિલાઈ સાથે.
દર વર્ષે બે જોડી મોજા.
દર વર્ષે એક જોડી બુટ સારી કંપનીના તથા દર ત્રણ વર્ષે શિયાળાની સીઝન માટે ગરમ [illegible] તથા ચોમાસાની સીઝન માટે રેઈનશુટ મળવો જોઈએ.

૭. વોશીંગ એલાઉન્સ :—
દરેક કામદારોને દર માસે રૂ. ૧૫૦/- વોશીંગ એલાઉન્સ તરીકે ચુકવવા જોઈએ. કે કેમ ?

૮. મેડીકલ બેનીફીટ :—
દરેક કામદારને તેના તથા તેના કુટુંબીજનોની બીમારી સમયે ખરેખર થતુ સારવાર તથા દવાનું [illegible] અથવા દર માસે રૂ. ૩૦૦/- મેડીકલ એલાઉન્સ ચુકવવું જોઈએ. કે કેમ ?

૯. એલ. ટી. સી. :—

દરેક કામદારને દર ચાર વર્ષે કુટુંબ સહિત મુસાફરી માટે ૩૦૦૦ કી. મી. સુધીનું રેલ્વેનું સેકન્ડ કલાસનું વતું ભાડું ચુકવવું જોઈએ બાકી રહેલા ત્રણ વર્ષ માટે દર વર્ષે બે પગાર (બેઝિક વત્તા ફીક્સ ડી. એ. વતા વી. ડી એ.) જેટલી રકમ લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ પેટે ચુકવવી જોઈએ કે કેમ ?

૧૦. હીટ એલાઉન્સ :—

દરેક કામદારને દર માસ રૂા. ૧૦૦/- હીટ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

૧૧. સાઈકલ એલાઉન્સ :—

દરેક કામદારને દર માસે રૂા. ૧૫૦/- સાયકલ એલા. ચુકવવું જોઈએ કે કેમ ?

૧૨. વાહન સુવિધા :—

કંપનીનું કાર્ય સ્થળ જામ-ખંભાળીયાથી ઘણું દૂર હોઈ કંપની દ્વારા દરેક શીફ્ટમાં આવવા તથા જવા માટે વિના મૂલ્યે બસની સુવિધા આપવી જોઈએ કે કેમ ?

૧૩. એટેન્ડેન્સ બોનસ :—

દરેક કામદારને દર માસે ૨૬ દિવનની પૂર્ણ હાજરી હોય તેને રૂા. ૮૦/- એટેન્ડેન્સ બોનસ આપવું જોઈએ. આ ૨૬ દિવસની ગણતરીમાં હક્ક રજા, માંદગીની રજાનો સમાવેશ કરવો જોઈએ કે કેમ ?

૧૪. નાઈટ એલાઉન્સ :—

નાઈટ શીફ્ટમાં જે કામદાર કામ પર આવે તેને દરેક નાઈટ શીફ્ટ દીઠ રૂા. ૧૦/- નાઈટ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

૧૫. સીનીયોરીટી ડીફ્રેન્સ :—

કંપનીમાં કામ કરતા જુના-નવા કામદારોના પગારમાં વિસંગતતા રહેલી હોઈ નીચે મુજબનો બેઝીક પગારમાં વધારો કરવો જોઈએ કે કેમ ?

૧ થી ૫ વર્ષની નોકરી થઈ હોય તેને રૂા. ૨૫/-
૫ થી ૧૦ વર્ષની નોકરી થઈ હોય તેને રૂા. ૫૦/-
૬ થી ૧૫ વર્ષની નોકરી થઈ હોઈ તેને રૂા. ૭૫/-
૧૬ થી ૨૦ વર્ષની નોકરી થઈ હોય તેને રૂા. ૧૦૦/-

૧૬. ઈન્ક્રીમેન્ટ :—

દરેક કામદારોને દર વર્ષે બેઝીક પગારમાં નીચે મુજબનું ઈન્ક્રીમેન્ટ આપવું જોઈએ કે કેમ ?

સ્કીલ્ડ કામદાર રૂા. ૫૦/-

સેમી સ્કીલ્ડ કામદાર રૂા. ૪૦/-

અનસ્કીલ્ડ કામદાર રૂા. ૩૦/-

૧૭. એવોર્ડ :—

દરેક કામદારોને ૨૬મી જાન્યુઆરી તથા ૧૫મી ઓગષ્ટે જેણે રજા લીધી ન હોય તેને એવોર્ડ પેટે રૂા. ૫૫૧/- ચુકવવા જોઈએ કે કેમ ?

૧૮. અકસ્માત અંગે :—

કોઈપણ કામદારને ચાલુ ફરજે અકસ્માત થાય તો જેટલા દિવસ પડે તેનો પગાર તથા દવા-સારવારનો સંપૂર્ણ ખર્ચ આપવો જોઈએ કે કેમ ?

૧૯. એજ્યુકેશન એલાઉન્સ :—

કામદારોના બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે એજ્યુકેશન એલાઉન્સ માસિક રૂા. ૩૫૦/- ચુકવવું જોઈએ કે કેમ ?

૨૦. લોન :—

સંસ્થામાં કામ કરતા કામદારોને કંપની તરફથી વ્યાજ મુક્ત લોન આપવી જોઈએ કે કેમ ?

મકાન લેવા અંગે વધુમાં વધુ રૂા. ૧૦૦૦૦૦/- (એક લાખ) લગ્ન પ્રસંગે વધુમાં વધુ રૂા. ૫૦૦૦૦/- અન્ય સારા માઠા પ્રસંગે જરૂરીયાત મુજબ મહત્તમ રૂા. ૨૫૦૦૦/- ની મર્યાદામાં લોન આપવી જોઈએ કે જે સરળ હપ્તેથી વસુલ કરવી જોઈએ કે કેમ ?

મજુર કમિશ્નર
ગુજરાત રાજ્ય અમદાવાદ

જે-૧૪-૪.

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ :

ક્રમાંક : કે.એચ. એસએચઓએમસી ૩૩૪૦૮ પ, ર, આઈડીઆર એન. ૪૯/૨૦૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અનુપ એન્જીનીયરીંગ લી. અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક : કે.એચ.આર.૨૬૦/આઈડી એ/૧૦૭૮-૧૧૮૬૨/(બી)(૧) જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ ૨ની આઈટમ નં.   અને અનુસુચિ ૩ની આઈટમ નં. ૯, ૧૦,૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ ૧૦ની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હુ મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર ૨ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છૂ.

અનુસુચિ

સંસ્થાન. કામદારોને સને ૧૯૯૮ ૯૯ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ ચુકવવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તા. ૫/૭/૦૧

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

INDEX

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૩૭ :

ક્રમાંક : કે.એચ. એસઆઈચએમસી ૩૩૪૦૯ ધ, ધ આઈડીઆર એજે./૪૮/૨૦૦૦

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી મહાવીર જનરલ હોસ્પીટલ, સુરત અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧/૪/૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે. જે. આર. ૨૦/ આઈ ડી એ/૧૦૭૮/૧૧૮૬૨/(બી)(૧)ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ(૧) અને કલમ ૧૨ની પેટાકલમ(૪)અને(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ ૨ની આઈટમ નં. અને અનુસુચિ ૩ની આઈટમ નં. ૯,૧૦,૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય પંચ નંબર સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

સંસ્થામાં કામ કરતા કર્મચારીઓએ ખંત અને વફાદારી પૂર્વક કામ કર્યું હોય અને ૧૯૯૬-૯૭ના વરસમાં સંસ્થાએ સારી પ્રગતિ કરી હોય તેના કામદારો કર્મચારીઓ [illegible] સંસ્થામાં કામ કરતાં કર્મચારીઓને ૨૦ ટકા (વીસ ટકા) ફેસ્ટીવલ બોનસની ચુકવણી દિવાળીના ૩૦ દિવસ પહેલાં કરવી કે કેમ ?

અમદાવાદ, તા. ૫/૭/૦૧

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ :

ક્રમાંક : કે.એચ-એસએચએમસી-૩૩૪૧૦-૫, ૫-આઈડીઆર-એજે-૫/૨૦૦૧

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ **કરેલી** બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઉપલેટા નગર પાલિકા, ઉપલેટા અને તેના **કામદારો** વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના **શ્રમ** અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક : કે.એચ.આર./૨૬૦/ **આઈડીએ**/૧૦૭૮/૧૧૮૬૨(બી-(૧) ક થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને **કલમ-૧૨ની** પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની **આઈટમ** નં. અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા **કામદારો** કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭-ના **૧૪માં)** ની કલમ-૧૦ ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર, અમદાવાદ **આથી** ઔદ્યોગિક ન્યાય પંચ નંબર રાજકોટને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે **લખી** મોકલું છું.

અનુસુચિ

આ સાથેના પરિશિષ્ટ મુજબ ઉપલેટા નગર પાલિકાના કર્મચારીઓને પાંચમાં પગાર પંચ **મુજબના** પગાર ધોરણો તા. ૧-૧-૯૬થી આપવા કે કેમ ?

અમદાવાદ, તા. ૫/૭/૨૦૦૧

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ

(૧) માંગણી નં. ૧ :—કામદારોને હાલમાં મળતુ લઘુત્તમ વેતન ધારા મુજબનું બેઝીક પગાર અને મોંઘવારી ભથ્થુ મર્જ કરવું જોઈએ કે કેમ ? અને હાઈસ્કીલ્ડ, સ્કીલ્ડ, સેમીસ્કીલ્ડ, અને અનસ્કીલ્ડ કામદારોને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ અનુક્રમે રૂ. ૧૫૦/ રૂ. ૭૦/ અને રૂ. ૫૦/ અને રૂ. ૩૦/ આપવું જોઈએ કે કેમ ?

(૨) માંગણી નં. ૨ :—દરેક કામદારને ઈન્ડસ્ટ્રીઅલ ડી.એ. નાબોદલે વેરીએબલ ડી.એ. આપવું જોઈએ કે કેમ ?

(૩) માંગણી નં. ૩ :—દરેક કામદારને હાલમાં મળતા કન્વેયન્સ એલાઉન્સના રૂ. ૮૦/ ના વધારો કરવો જોઈએ કે કેમ ? અથવા કામના સ્થળેથી ઘરે જવા માટે ટ્રાન્સપોર્ટ ફેસીલીટી આપવી જોઈએ કે કેમ ?

(૪) માંગણી નં. ૪ :—કામદારોના જે નવા મુળ પગાર નક્કી થાય તેના ૨૫ ટકા ઘરભાડા ભથ્થાં તરીકે ચુકવવા જોઈએ કે કેમ ?

(૫) માંગણી નં. ૫ :—દરેક કામદારને દર માસે રૂ. ૩૦૦/ [illegible] ભથ્થું ચુકવવું જોઈએ કે કેમ ? અને વાર્ષિક રૂ. ૨૦૦૦/ એજ્યુકેશનલ ખર્ચ ચુકવવો કે કેમ ?

(૬) માંગણી નં. ૬ :—દરેક કામદારને રૂ. [illegible]/ મેડીકલ એલાઉન્સ દર માસે ચુકવવું કે કેમ ? અને મેડીકલ ક્લેમનો લાભ કુટુંબીજનોના પણ આપવો જોઈએ કે કેમ ?

(૭) માંગણી નં. ૭ :—દરેક કામદારને દર વર્ષે ત્રણ જોડી સુતરાઉ યુનીફોર્મ જોડી ચામડાના બુટ, ૧ નેપકીન, દર માસે ત્રણ લાઈફબોય, ૧ રેઈનકોટ અને ૧ વુલન જર્સી આપવી કે કેમ ?

(૮) માંગણી નં. ૮ :—રાષ્ટ્રીય તહેવારના દિવસે કામદારોને ત્રણ ગણા પગાર તથા તહેવારની રજાઓના દિવસે કામદારોને બમણા દરે પગાર ચુકવવો જોઈએ કે કેમ ?

(૯) માંગણી નં. ૯ દરેક કામદારોને વાર્ષિક ૪૦ પી.એલ. ૧૨ સી. એલ, ૧૨ સીક લીવ, અને ૧૬ રાષ્ટ્રીય તહેવાર તેમજ અન્ય તહેવારની રજાઓ આપવી કે કેમ ?

(૧૦) માંગણી નં.-૧૦ દરેક કામદારોને રીવાઈઝ મુળ પગારના ૧૦% [illegible] સર્વીસ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

(૧૧) માંગણી નં. ૧૧ :—દરેક કામદારને રૂ. ૫૦૦૦/ એલ.ટી.એ. તરીકે ચુકવવા જોઈએ કે કેમ ?

(૧૨) માંગણી નં. ૧૨ :—દરેક કામદારને રૂ. [illegible] અનાજ પેશગી તરીકે ચુકવવી જોઈએ કે કેમ ? અને આ રકમની વસુલાત ૧૦ હપ્તે કરવી જોઈએ કે કેમ ?

(૧૩) માંગણી નં. ૧૩ :—માંગણીઓનો અમલ તા. ૧-૧-૨૦૦૧થી કરવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તા ૧૭/૭/૨૦૦૧

(સંજય પ્રસાદ)
મજુર કમિશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭.

ક્રમાંક : કે.એચ./એચ.એસ.એમ./સી/-૫૬૨૨/ઔ. વિ. ૨./૧૬૦/૨૦૦૧

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ અંબુજા સિમેન્ટ લી. કોડીનાર (૨) કોન્ટ્રા. મે. હાર્દિક એન્જી. કોડીનાર અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કે.એચ.આર./૨૬/આઈ.ડીએ.૧૦૭૮/૧૧૮૫૨/(બી) (૨)-જ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ ૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.-૯, ૧૦ ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ આથી ઔદ્યોગિક ન્યાય પંચ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ.

આ સાથેના લીસ્ટ મુજબના ૬૧ કામદારોને પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના લાભો આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ તા. ૨૧-૫-૨૦૦૧

(એમ. વી. જાડેજા)
નાયબ મજુર કમિશ્નર
સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ.

INDEX

માંગણીનું પરિશિષ્ટ

(૧) લીસ્ટમાં જણાવેલ તમામ કામદારોને કંપનીમાં દાખલ થયાનાં દિવસથી ૨૪૦ દિવસ પૂરા થયેલ હોય ત્યારથી કાયમી કર્મચારી ગણી કાયમી કર્મચારીને મળતા પગાર તેમજ અન્ય લાભો લેણી રકમ એરીયર્સ સાથે ૧૨ ટકા વ્યાજ સહીત આપવા જોઈએ કે કેમ ?

(૨) લીસ્ટમાં જણાવેલ તમામ કામદારોને કંપનીના કામદારોને બોનસ, એક્સગ્રેશીયા ગીફ્ટ વગેરે આપવામાં આવે છે તે લીસ્ટ મુજબના કામદારોને આપવું જોઈએ કે કેમ ?

(૩) લીસ્ટ મુજબના કામદારોને ઓલ ઈન્ડીયા સિમેન્ટ વેજ બોર્ડ મુજબ સિમેન્ટ કામદારોના કામનાં વર્ગીકરણ અનુસાર કામદારોને કામનો હોદ્દો તેમજ ગ્રેડ આપવા જોઈએ કે કેમ ?

(૪) લીસ્ટ મુજબના કામદારોને સિમેન્ટ ઉદ્યોગમાં અખીલ ભારતીય લેવલ મુજબ બનેલા નિયમો મુજબ જે જે કામની જગ્યા પર કોન્ટ્રાક્ટર આપવાનો પ્રતિબંધ છે તે જગ્યાઓ પર કામ કરી રહેલ તમામ કર્મચારીઓને સીધા કંપનીનાં કામદારો ગણવા તેમજ કોઈપણ યોગ્ય કારણ વિના બદલી કે છૂટા ન કરવા જોઈએ કે કેમ ?

નાયબ મજૂર કમિશ્નર,
રાજકોટ.

રાજકોટ તા. ૨૧-૧-૨૦૦૨

ગુજરાત અંબુજા સિમેન્ટ લી.

મે. હાર્દિક એન્જીનીયરીંગ ગજ-અંબુજા સિમેન્ટ લી.
મીકેનીકલનાં કામદારો

પરિશિષ્ટ

ક્રમ નં.	નામ	હોદ્દો	ભરતી તારીખ	રીમાર્ક
૧.	શ્રી અરવિંદભાઈ બારડ	ફીટર--બી.	૧૫-૩-૯૩	
૨.	શ્રી અભાજસીંગ આર. મોરી	”	૧-૧-૯૩	
૩.	શ્રી ભુપત એન. સોલંકી	”	૧-૮-૯૩	
૪.	શ્રી લક્ષ્મણ એ. ગાદે.	”	૧૨-૫-૯૩	
૫.	શ્રી જશાભાઈ એચ. ગાદે	”	૧-૩-૯૩	
૬.	શ્રી દિપસીંગ બી. પઢીયાર	”	૧-૪-૯૪	
૭.	શ્રી ભરત ડી. બારડ	”	૧૫-૮-૯૩	
૮.	શ્રી દિવ્યેશ ડી.	”	૧૨-૧૨-૯૩	
૯.	શ્રી રસીક વી. પરમાર	”	૧૫-૬-૯૪	
૧૦.	શ્રી મનસુખ ડી. રાણેવડીયા	વેલ્ડર એ.	૧૬-૫-૯૩	
૧૧.	શ્રી કાનજી આર. પાયર	”	૧૬-૮-૯૩	
૧૨.	શ્રી શીવનાથ આર.	”	૪-૧૨-૯૩	
૧૩.	શ્રી દેવજીભાઈ એમ. રાઠોડ	વેલ્ડર-બી.	૨૫-૫-૯૩	
૧૪.	શ્રી રામજી કે. પીપરોતર	”	૨૦-૮-૯૩	
૧૫.	શ્રી હસમુખ પી. ટીલાવત	”	૧૦-૨-૯૫	
૧૬.	શ્રી વજુભાઈ એચ. મોરી	રીગર-એ.	૧-૩-૯૩	
૧૭.	શ્રી બાલુભાઈ બી. ટોડીયા	”	૧-૩-૯૩	
૧૮.	શ્રી કરશન ટી. આસરવાળા	”	૧૫-૮-૯૩	
૧૯.	શ્રી નાથા ટી. પરમાર	”	૧૨-૧૦-૯૪	
૨૦.	શ્રી સીવાજની એમ. [illegible]	”	૧-૩-૯૩	
૨૧.	શ્રી જશાભાઈ ટી. ગાદે	”	૧-૬-૯૫	
૨૨.	શ્રી મનુભાઈ જી. ઝાલા	રીગર-બી.	૧૫-૨-૯૨	
૨૩.	શ્રી નાથા એ. [illegible]	”	૧૫-૩-૯૩	
૨૪.	શ્રી લક્ષ્મણ કે. ઝાલા	”	૧૫-૮-૯૩	
૨૫.	શ્રી હરીભાઈ એન. ડોડીયા	”	૧૨-૫-૯૩	
૨૬.	શ્રી ભીમસીંગ ડી. સોલંકી	”	૭-૮-૯૩	
૨૭.	શ્રી પરબત પી. ડોડીયા	”	૧૫-૬-૯૩	
૨૮.	શ્રી નીલેશ ટી. મોઢા	”	૫-૪-૯૪	
૨૯.	શ્રી ધીરૂભાઈ એ. મોરી	”	૨૬-૩-૯૩	

INDEX

ક્રમ નં.	નામ	હોદ્દો	ભરતી તારીખે	રીમાર્ક
૩૦.	શ્રી કેશુભાઈ એસ. વાજા	રીગર-બી.	૫-૩-૯૩	
૩૧.	શ્રી વજુભાઈ એસ. બારડ	,,	૧૦-૮-૯૩	
૩૨.	શ્રી બાબુભાઈ એ. થાનકી	,,	૨૦-૮-૯૩	
૩૩.	શ્રી વજુભાઈ આર. ચૌહાણ	,,	૧૫-૧૨-૯૩	
૩૪.	શ્રી ગોવિંદ જે. ગોહિલ.	હેલ્પર	૭-૪-૯૨	
૩૫.	શ્રી રણવીર આર.	રીગર-બી.	૧-૨-૯૩૨	
૩૬.	શ્રી પરબત આર. પરમાર	,,	૧૫-૧૨-૯૨	
૩૭.	શ્રી મયુર બી. ચૌહાણ	હેલ્પર	૧૫-૧૦-૯૩	
૩૮.	શ્રી વજુભાઈ સી. ડોડીયા	રીગર-બી.	૧-૧-૯૪	
૩૯.	શ્રી લક્ષ્મીચંદ એસ. મનવાણી	,,	૧૦-૭-૯૩	
૪૦.	શ્રી બાલુભાઈ એ. મોરી	હેલ્પર	૫-૯-૯૪	
૪૧.	શ્રી દિનેશ એ. રાઠોડ	,,	૧૫-૩-૯૩	
૪૨.	શ્રી નારણ જી. ઝાલા	રીગર-બી.	૨-૩-૯૩	
૪૩.	શ્રી ગફુર બી ઝાલા.	ફીટર-બી.	૨૦-૬-૯૨	બી.સી.ટી.ગુજ.અંબુજા
૪૪.	શ્રી જેસીંગ આર. વાળા	,,	૨૫-૮-૯૩	,,
૪૫.	શ્રી મહેન્દ્ર ડી. ગામેવડીયા	વેલ્ડર-બી.	૧૮-૬-૯૩	,,
૪૬.	શ્રી પ્રકાશ જે. મહેતા	,,	૧-૧-૯૫	,,
૪૭.	શ્રી ઝુલફીકાર જી. સૈયદ	રીગર-બી.	૧-૮-૯૩	,,
૪૮.	શ્રી જેસીંગ કે. ચૌહાણ	,,	૧-૭-૯૩	,,
૪૯.	શ્રી ગેલા એન. પઢીયાર	રીગ ૭-બી.	૨૦-૧૦-૯૩	,,
૫૦.	શ્રી હરીભાઈ બી. ડોડીયા	હેલ્પર.	૧-૬-૯૩	,,
૫૧.	શ્રી નરસી બી. વાળા	,,	૧-૬-૯૩	,,
૫૨.	શ્રી મનજીભાઈ	,,	૧-૩-૯૬	,,
૫૩.	શ્રી અરૂણ બી. ડોડીયા	,,	૧-૩-૯૬	,,
૫૪.	શ્રી અશોક જે. મહેતા.	રીગર-બી.	૧-૮-૯૩	ગુજ.અંબુજા
૫૫.	શ્રી ભુપત જે. ડોડીયા	સુપરવાઈઝર	૨૦-૧૨-૯૨	,,
૫૬.	શ્રી માનસીંગ આર. ચૌહાણ	,,	૧-૬-૯૩	,,
૫૭.	શ્રી વજુભાઈ પી. બારડ	,,	૧-૧-૯૩	,,
૫૮.	શ્રી રાજાભાઈ જીટવા	ફીટર	૧-૧-૯૬	,,
૫૯.	શ્રી પ્રવીણભાઈ કવા	,,	૧-૨-૯૬	,,
૬૦.	શ્રી રમેશ જીવાભાઈ કામડીયા	હેલ્પર.	૧-૧-૯૬.	,,
૬૧.	શ્રી દાનસીંગભાઈ નથુભાઈ ચૌહાણ	,,	૧-૧-૯૬	,,

INDEX

નાયબ મજૂર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ- ૧૯૪૭ :

ક્રમાંક : કે એચ./એચ.એસ.એમ.સી./૫૬૨૩/ઔ.વિ.રે/૧૨૩/ ૦૧

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ રાજકોટ અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ ૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧/૪/૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક : કે.એચ.આર. ૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)ઝ થી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ ૧૨ (૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯,૧૦,અને૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજૂર કમિશ્નર સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭(સને ૧૯૪૭ ના ૧૪મો) ની કલમ ૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું મજૂર કમિશ્નર, સૌરાષ્ટ્ર-કચ્છ રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨ રાજકોટને સદરહું વિવાદનો ન્યાય-નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. રાજકોટ વિભાગના મોરબી ડેપોમાં ડ્રાઈવર શ્રી વરજાંગભાઈ ડી. વીરડાને ડી. ફોલ્ટ હુકમ તા. ૩૧-૫-૯૯થી વાર્ષિક પગાર વધારો બે વરસ માટે કાયમી અસરથી બંધ કરવામાં આવેલ હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તથા પગાર તફાવતની રકમ ૧૮ ટકા વ્યાજ સહિત સંસ્થાએ ચુકવી આપવી જોઈએ કે કેમ ?

રાજકોટ તા. ૨૨-૫-૨૦૦૧

(એમ. વી. જાડેજા)
નાયબ મજૂર, કમિશ્નર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ :

ક્રમાંક : કેએચ./એચ.એસ.એમ સી [illegible]૨૪/ઔ.વિ.૨/૧૨૪/૦૧

નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જૂનાગઢ અને તેના કામદારો વચ્ચે છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક : કે એચ-આઈ/ ૨૬/ [illegible] ૧૦૭૪-૧૧૨૮-પ(૧)-જથી સદર ધારાની કલમ ૧૦(૧) અને કલમ ૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં: ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો સામેલ [illegible] ઔદ્યોગિક તકરારો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશ્નર, સૌરાષ્ટ્ર કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૪-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસ./૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પે વિભાગ-૧ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એમ. વી. જાડેજા મદદનીશ મજૂર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક : કેએચઆર./૮૨/આઇડીએ/૧૯[illegible]૩૫(એ) (એમ) (૪) થી રચાયેલી મજૂર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

કામદાર શ્રી નરેન્દ્રસિંહ નવલસિંહ વાઘેલાને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તા. ૩૦-૬-૨૦૦૧

(એમ. વી. જાડેજા)
મદદનીશ મજૂર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચ/એમસી/પોર./૨૦૦૧/૧૦૦૫ મદદનીશ મજૂર કમિશનર પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી માંડવા જુથ સેવા સહકારી મંડળી લી. કુતિયાણા તા. માંડવા તથા તેના કામદારો શ્રી વજસી મેણસી વરૂ વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચએસ.એચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી. પી. જોષી મદદનીશ મજૂર કમિશનર, પોરબંદર આથી મજૂર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂ છું.

અનુસૂચિ

શ્રી વજસી મેણસી વરૂને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

પોરબંદર, તા. ૨૯-૬-૨૦૦૧

(આર. આર. કટારા)
ઇ.ચા.મદદનીશ મજૂર કમિશનર,
પોરબંદર.

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચ/[illegible]પોર./૨૦૦૧/૧૨૨૭ મદદનીશ મજૂર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી (૧) રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી રાણાવાવ (૨) નાયબ વન સંરક્ષકશ્રી જુનાગઢ તથા તેના કામદાર શ્રી બચુ લક્ષ્મીશંકર વ્યાસ કાથવણા વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચએસએચ./આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ "સી" સાથે વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી.પી.જોષી મદદનીશ મજૂર કમિશનર, પોરબંદર આથી મજૂર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂ છું.

અનુસૂચિ

શ્રી બચુ લક્ષ્મીશંકર વ્યાસને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર , તા. ૪-૭-૨૦૦૧

(પી.પી.જોષી)
મદદનીશ મજૂર કમિશનર,
પોરબંદર

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચ/એમસી/પોર./૨૦૦૧/૧૨૨૮ મદદનીશ મજૂર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી ગુજરાત મેરી ટાઇમ બોર્ડ લકડી બંદર, પોરબંદર તથા તેના કામદાર શ્રી તેરૈયા મનસુખલાલ હરજીવનભાઇ વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચએસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ ''સી'' સાથે વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી પી.પી.જોષી મદદનીશ મજૂર કમિશનર, પોરબંદર આથી મજૂર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂ છું.

અનુસૂચિ

શ્રી મનસુખલાલ હરજીવનભાઇ તેરૈયાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર , તા. ૪-૭-૨૦૦૧

(પી.પી.જોષી)
મદદનીશ મજૂર કમિશનર,
પોરબંદર

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચ/એમસી/પોર./૨૦૦૧/૧૨૨૯ મદદનીશ મજૂર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર આચાર્યશ્રી સરકારી પોલીટેકનીક કોલેજ, એરોડ્રામ સામે, પોરબંદર તથા તેના કામદાર શ્રી સુકા નાગાભાઇ ઓડેદરા પોરબંદર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચએસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ "સી" સાથે વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના તમામ મદદનીશ મજૂર કમિશનરોને તેમના કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી.પી.જોષી મદદનીશ મજૂર કમિશનર, પોરબંદર આથી મજૂર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે આથી સુપ્રત કરૂ છું.

અનુસૂચિ

શ્રી સુકા નાગાભાઇ ઓડેદરાને તેમના પડેલા રોજના પગાર સાથે પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર , તા. ૪-૭-૨૦૦૧

(પી.પી.જોષી)
મદદનીશ મજૂર કમિશનર,
પોરબંદર

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચ/એમસી/પોર./૨૦૦૧/૧૨૩૦ મદદનીશ મજૂર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર આચાર્યશ્રી સરકારી પોલીટેકનીક કોલેજ, એરોડ્રામ સામે, પોરબંદર તથા તેના કામદાર શ્રી શામજી જેઠાભાઇ માલમ પોરબંદર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચએસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ "સી" સાથે વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ના કલમ-૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી.પી.જોષી મદદનીશ મજૂર કમિશનર, પોરબંદર આથી મજૂર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે આથી સુપ્રત કરૂ છું.

અનુસૂચિ

શ્રી શામજી જેઠાભાઇ માલમ ને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર , તા. ૪-૭-૨૦૦૧

(પી.પી.જોષી)
મદદનીશ મજૂર કમિશનર,
પોરબંદર

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચ/એમસી/પોર./૨૦૦૧/૧૨૩૧ મદદનીશ મજૂર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર કોન્ટ્રાકટરશ્રી ધરમવીર ટ્રાન્સપોર્ટ કું, પોરબંદર તથા તેના કામદાર શ્રી કેશુ જીવાભાઇ કેસવાલા પોરબંદર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ લ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : એચએસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા ભાગ-૧ની કલમ "સી" સાથે વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના તમામ મદદનીશ મજૂર કમિશનરોને તેમના કાયવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી.પી.જોષી મદદનીશ મજૂર કમિશનર, પોરબંદર આથી મજૂર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂ છું.

અનુસૂચિ

શ્રી કેશુ જીવાભાઇ કેસવાલાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર , તા. ૪-૭-૨૦૦૧

(પી.પી.જોષી)
મદદનીશ મજૂર કમિશનર,
પોરબંદર

સરકારી મુદ્રણાલય, ભાવનગર

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISED BY AUTHORITY

Vol. XLIV] THURSDAY, APRIL 3, 2003 / CAITRA 13, 1925 [No. 14

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

ને ૧૯૪૬ ના મુંબઈ ઓદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૯૪-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઓ દ્યોગિક સંબંધક અધિનિયમની લમ ૫૮(૧) અને સને ૧૯૯૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી નવનિર્માણ કો. ઓપ. બેંક લી., મદાવાદ અને ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન, અમદાવાદ,

સમાધાન અધિકારીશ્રી કે. બી. લાલવાણી, મદદનીશ મજુર કમિશનર,અમદાવાદની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને 2003 ના જાન્યુઆરી, માસના ૧૩મા દિને આથી નોંધ કરું છું.

સમાધાનકાર શ્રી કે. બી. લાલવાણી સમક્ષ અમદાવાદ.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ હેઠળ સમાધાનનું
ખતપત્રક

રેફરન્સ (B.R.C.) નં. ૧/૨૦૦૨.

ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેંકસ એમ્પ્લોઈઝ ફેડરેશન, ... **પ્રથમ પક્ષકાર ;**
અમદાવાદ.

વિરૂધ્ધ

નવનિર્માણ કો. ઓપ. બેંક લી., ... **બીજા પક્ષકાર**
નવનિર્માણ બેંક ભવન, નવરંગપુરા, અમદાવાદ-૯.

અમો પ્રથમ પક્ષકારો બીજા પક્ષકારને આપેલ ફેરફારની નોટીસ બાદ સમાધાનકારે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતા આ કામ ન્યાય નિર્ણય માટે નામદાર ઔદ્યોગિક અદાલતોમાં રીફર કરવામાં આવેલ તે દરમ્યાન અમો પક્ષકારો વચ્ચે લંબાણપૂર્વકની વાટાઘાટો બાદ આ કામમાં નીચેની શરતોએ સુખદ સમાધાન થયેલ છે.

સમાધાનની શરતો

આ બેંકના કર્મચારીઓના પગાર ધોરણ, મોંઘવારી તથા અન્ય સવલતો તથા અન્ય લાભો તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨ થી પશ્ચાદ્‌વર્તી અસરથી આથી નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

(૧) મુળ પગાર (એટલે કે બેઝિક સેલેરી) :-

મેનેજર :- ૫૨૯૦-- ૪૨૫/૧ --- ૫૭૧૫-- ૧૫૦/૫ --- ૬૪૬૫-- ૧૮૦/૫ --- ૭૩૬૫

૨૨૦/૫ -- ૮૪૬૫--- ૨૭૦/૫ -- ૯૮૧૫--- ૩૩૦/૫ -- ૧૧૪૬૫

૪૦૦/૫ -- ૧૩૪૬૫--- ૪૮૦/૫ -- ૧૫૮૬૫--- ૫૮૦/૩ -- ૧૭૬૦૫

બ્રાન્ચ મેનેજર :– ૪૬૧૫-- ૪૨૫/૨--- ૫૪૬૫-- ૨૨૦/૧--- ૫૬૮૫-- ૧૪૦/૫--- ૬૩૮૫
૧૭૦/૫-- ૭૨૩૫---૨૧૦/૫-- ૮૨૮૫---૨૬૦/૫-- ૯૫૮૫--- ૩૨૦/૫
૧૧૧૮૫--૩૯૦/૫--- ૧૩૧૩૫--૪૭૦/૬--- ૧૫૯૫૫

એકાઉન્ટન્ટ / સીની. ઓફીસર :– ૩૭૬૫-- ૪૨૫/૪--- ૫૪૬૫-- ૨૦૦/૧--- ૫૬૬૫-- ૧૩૦/૫--- ૬૩૧૫
૧૬૦/૫-- ૭૧૧૫---૨૦૦/૫-- ૮૧૧૫---૨૪૦/૫-- ૯૩૬૫---૩૧૦/૫
૧૦૯૧૫--૩૮૦/૫--- ૧૨૮૧૫

જુની. ઓફીસર :– ૩૩૬૫-- ૩૩૦/૪--- ૪૬૮૫-- ૪૫૦/૫--- ૫૫૮૫-- ૧૧૦/૫---
૬૧૩૫-- ૧૪૦/૫--- ૬૮૩૫-- ૧૮૦/૫--- ૭૭૩૫-- ૨૩૦/૫
૮૮૮૫-- ૨૯૦/૫--- ૧૦૩૩૫--૩૬૦/૪--- ૧૧૭૭૫

કલાર્ક :– ૩૦૦૫-- ૨૮૫/૩--- ૩૮૬૦-- ૩૩૫/૫--- ૫૫૩૫-- ૧૦૦/૫--- ૬૦૩૫
૧૩૦/૫-- ૬૬૮૫---૧૭૦/૫-- ૭૫૩૫---૨૨૦/૫-- ૮૬૩૫---૨૮૦/૭
૧૦૫૯૫

પ્યુન :– ૨૨૪૦-- ૧૨૦/૪--- ૨૭૨૦-- ૧૯૫/૫--- ૩૬૯૫-- ૨૭૫/૬--- ૫૩૪૫
૯૦/૫-- ૫૭૯૫---૧૨૦/૫-- ૬૩૯૫---૧૬૦/૫-- ૭૧૯૫---૨૧૦/૫
૮૨૪૫

INDEX

(૨) મોંઘવારી :- બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને ઓલ ઈન્ડીંયા કન્ઝયુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ ફોર ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સના સિમલા બ્યુરો તરફથી મોંઘવારીનો વખતોવખત જે ભાવાંક બહાર પાડવામાં આવે છે તેને અનુસરીને સને ૧૯૬૦=૧૦૦નો પાયાનો આધાર ગણીને દર ત્રણ મહિને જે સરેરાશ આંક થાય તેમાંથી ૧૧૧૫ આંક બાદ કરતાં જે આંક આવે તેના પ્રત્યેક ચાર આંક દીઠ એક સ્લેબ ગણવો. આ રીતે જે કુલ સ્લેબ થાય તે માટે પ્રત્યેક સ્લેબ ૦.૩૦ પૈસા મુજબ મોંઘવારી ભથ્થું ગણવામાં આવશે, જેની સીલીંગ નીચે મુજબ રહેશે.

આસી. જન. મેનેજર	-૫૭૧૫	જુની. ઓફીસર	-૫૫૮૫
બ્રાન્ચ મેનેજર	-૫૬૮૫	કલાર્ક	-૫૫૩૫
સીની. ઓફીસર	-૫૬૬૫	પ્યુન	-૫૩૪૫

(૩) ઘરભાડું :- બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને ઘર ભાડા પેટે દર માસે તેમના બેઝીક પગારના ૮ ટકા લેખે નીચે દર્શાવેલ લઘુત્તમ સીલીંગને આધીન રહીને ઘર ભાડું ચુકવવામાં આવશે.

લઘુત્તમ સીલીંગ :- રૂા. ૧૦૦-૦૦

(૪) સીટી એલાઉન્સ :- બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને દર માસે તેમને મળતા બેઝીક પગારના ૫ ટકા લેખે નીચે દર્શાવેલ લઘુત્તમ સીલીંગને આધીન રહીને સીટી એલાઉન્સ ચુકવવામાં આવશે.

લઘુત્તમ સીલીંગ :- રૂા. ૯૦-૦૦

(૫) મેડીકલ રીએમ્બર્સમેન્ટ :- બેન્કના દરેક કર્મચારીને દર માસે ૧૦૦૦/-- મેડીકલ રીએમ્બર્સમેન્ટના ધોરણે ચુકવવામાં આવશે.

(૬) કલોઝીંગ એલાઉન્સ :- બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને હાલની પ્રથા મુજબ વર્ષ દરમ્યાન માર્ચ તથા સપ્ટેમ્બર માસમાં ૧/૨ - ૧/૨ એટલે કે કુલ એક પગાર (બેઝીક + ડી.એ.) કલોઝીંગ એલાઉન્સ આપવામાં આવશે. (તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૨ થી એક કુલ પગાર બેઝીક + ડી.એ.માં ઉમેરવામાં આવેલ છે).

(૭) કેશ એલાઉન્સ :- બેન્કમાં કામ કરતા રીસીવીંગ કેશીયરને માસિક રૂા. ૧૦૦/- તથા પેમેન્ટ કેશીયરને માસિક રૂા. ૧૨૦/- કેશ એલાઉન્સ આપવામાં આવશે. વધુમાં કેશીયરની ગેરહાજરીમાં કેશનો ચાર્જ સંભાળનાર જે તે કર્મચારીને દરરોજના રૂા. ૧૦-૦૦ કેશ એલાઉન્સ આપવામાં આવશે.

(૮) કી એલાઉન્સ :- બેન્કમાં કેશની ચાવીઓ રાખનાર કેશીયરને માસિક રૂા. ૭૫/- તથા એકાઉન્ટન્ટને/બ્રાન્ચ મેનેજરને રૂા. ૭૫/- કી એલાઉન્સ આપવામાં આવશે.

INDEX

(૯) સાયકલ એલાઉન્સ :– બેન્કનાં તમામ પટાવાળા કર્મચારીને માસિક રૂા. ૬૦/- સાયકલ એલાઉન્સ આપવામાં આવશે.

(૧૦) કલીયરીંગ એલાઉન્સ :– બેન્કમાં કલીયરીંગ હાઉસમાં કલીયરીંગ લાવવા લઈ જવાનું કામ કરતા કર્મચારી કલાર્કને માસિક રૂા.૧૨૫/- અને પ્યુનને રૂા. ૧૨૫/- કલીયરીંગ એલાઉન્સ તથા રીક્ષા ભાડુ અને બ્રાન્ચમાંથી હેડ-ઓફીસમાં કલીયરીંગ માટે સરક્યુલર રૂટમાં જતા પ્યુનને બોર્ડ નક્કી કરે તે મુજબ કી. મી. દીઠ રીક્ષા ભાડું આપવામાં આવશે.

(૧૧) એજ્યુકેશન એલાઉન્સ :– બેન્કમાં કામ કરતા કર્મચારીઓના બાળકોને શિક્ષણ માટે પ્રત્યેક બાળક દીઠ માસિક રૂા. ૫૦-૦૦ વધુમાં વધુ બે બાળકો સુધી માસિક રૂા. ૧૦૦-૦૦ કે. જી. થી ગ્રેજ્યુએટ સુધીના શૈક્ષણિક ફી આપવામાં આવશે.

(૧૨) ડ્રાઈવર એલાઉન્સ :– બેન્કમાં ડ્રાઈવીંગનું કામ કરનાર કર્મચારીને માસિક રૂા. ૧૨૫/- ડ્રાઈવર એલાઉન્સ આપવામાં આવશે.

(૧૩) બેન્કમાં ટાઈપનું કામ કરનાર કલાર્ક કર્મચારીને માસિક રૂા. ૭૦/- ટાઈપ એલાઉન્સ આપવામાં આવશે.

(૧૪) યુનિફોર્મ :– બેન્કમાં કામ કરતા પટાવાળા કર્મચારીઓને--

૧. દર વર્ષે બે જોડી ટેરીકોટન ડ્રેસ (આખી બાંયનું શર્ટ)

૨. દર ત્રણ વર્ષે ગરમ કાપડનો એક ડ્રેસ

૩. દર ત્રણ વર્ષે એક રેઈન કોટ આપવામાં આવશે.

(૧૫) વોશીંગ એલાઉન્સ :– બેન્કમાં કામ કરતા પટાવાળા કર્મચારીઓને તેમના ડ્રેસની ધોલાઈ માટે માસિક રૂા.૩૦/- વોશીંગ એલાઉન્સ આપવામાં આવશે.

(૧૬) બોનસ :– બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને હાલની પ્રથા મુજબ ૧૦ ટકા લેખે બોનસ/એકસગ્રેસીયા ચુકવવામાં આવશે. (તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૨ થી ૧૦ ટકા બોનસ બેઝીક + ડીએમાં ઉમેરવામાં આવેલ છે.)

(૧૭) પ્રમોશન :– બેન્કમાં કામ કરતા કર્મચારીઓમાંથી જ્યારે બ્રાન્ચ મેનેજરની પોસ્ટ ભરવાની હોય ત્યારે અકાઉન્ટન્ટ તથા સીનીયર ઓફીસરમાંથી બોર્ડને યોગ્ય લાગે તેની નિમણુંક કરી શકશે. તથા બેંકમાં કામ કરતા કર્મચારીઓમાંથી જ્યારે ઓફીસરને તેમની સીનીયોરીટીના ધોરણે ઉપરની જગ્યા ઉપર પ્રમોશન આપવામાં આવશે. પ્રમોશન

INDEX

વખતે જે કર્મચારીને તેના ઉપરના ગ્રેડમાં ફીટનેશ આપી ઉપરના ગ્રેડનું (૧) ઈન્ક્રીમેન્ટ ઉમેરી ઉપરના ગ્રેડમાં ફીટ કરવામાં આવશે.

(૧૮) રજાઓ :– બેન્કના તમામ કર્મચારીઓને નીચે મુજબ જણાવેલ રજાઓ ચાલુ પગારે (તમામ ભથ્થા સહિત) આપવામાં આવશે.

(૧) આકસ્મિક રજાઓ :– બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને હાલની પ્રથા મુજબ નાણાકીય વર્ષમાં ૧૫ દિવસની આકસ્મિક રજા આપવામાં આવશે. વર્ષાન્તે જમા રહેતી રજાઓનો પુરો પગાર રોકડમાં આપવામાં આવશે.

(૨) માંદગીની રજાઓ :– બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને હાલની પ્રથા મુજબ નાણાકીય વર્ષમાં ૧૫ દિવસની માંદગીની રજા આપવામાં આવશે. વર્ષાન્તે જમા રહેતી રજાઓનો પુરો પગાર રોકડમાં ચુકવી આપવામાં આવશે. આવો પગાર ન લેનાર કર્મચારી માંદગીની વર્ષમાં વધુમાં વધુ ૧૮૦ દિવસની રજા ભેગી કરી શકશે.

(૩) હક્ક રજાઓ :– બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને હાલની પ્રથા મુજબ નાણાકીય વર્ષમાં ૩૦ દિવસની હક્ક રજાઓ આપવામાં આવશે. આવી હક્ક રજાઓ વધુમાં વધુ ૩૦ દિવસ જમા રાખી તે ઉપરાંતની જમા થતી રજાઓનો પુરો પગાર (તમામ એલાઉન્સ સહિત) રોકડમાં ચુકવી આપવામાં આવશે. આમ છતાં કોઈ કર્મચારી વધુ રજાઓ જમા રાખવા માંગતો હોય તો વધુમાં વધુ ૨૪૦ દિવસની હક્ક રજા જમા રાખી શકશે.

(૪) મેટરનીટી રજાઓ :– બેન્કમાં કામ કરતી મહિલા કર્મચારીને હાલની પ્રથા મુજબ પ્રત્યેક મેટરનીટી માટે ૯૦ દિવસની મેટરનીટી લીવ આપવામાં આવશે. આવી રજાઓ વધુમાં વધુ બે ડીલીવરી માટે આપવામાં આવશે.

(૧૯) લોન :–

૧. હાઉસીંગ લોન :– બેન્કમાં કામ કરતા જે કર્મચારીની પાંચ વર્ષની નોકરી પુરી થઈ હોય તેમને––

હોદ્દો		રકમ
પ્યુન	..	રૂા. ૨,૫૦,૦૦૦/-
કલાર્ક	..	રૂા. ૩,૫૦,૦૦૦/-

(૧) તેની ઉપલી ગ્રેડના કર્મચારીઓ માટે રૂા. ૪,૫૦,૦૦૦/--ની હાઉસીંગ લોન ૧૦ ટકાના સાદા વ્યાજે ૨૪૦ માસિક હપ્તાથી વસુલ કરવાની શરતે આપવામાં આવશે.

INDEX

(૨) જે કર્મચારીની મકાન લોન ભરપાઈ થયે અથવા જે કર્મચારીનું મકાન હોય પણ બેંકની લોન લીધેલ ન હોય તેવા કર્મચારીને મકાન રીપેરીંગ કરવા માટે વધુમાં વધુ રૂા. ૭૫,૦૦૦ લોન ૧૦ ટકાના સાદા વ્યાજે હાઉસીંગ લોન આપવામાં આવશે.

(૩) કર્મચારીને જરૂરીયાત મુજબ મકાન બદલવા યા નવું મકાન બનાવવા અથવા બીજો માળ બાંધવા મકાન લોનની નવી મર્યાદામાં જુની બાકી લોન બાદ જતાં તફાવતની રકમ ૧૦ ટકાના સાદા વ્યાજે ૨૪૦ હપ્તામાં વસુલ કરવાની શરતે મકાન લોન આપવામાં આવશે.

નોંધ :– (૧) દરેક કર્મચારીને નોકરી દરમ્યાન હાઉસીંગ લોન લીધા પછીથી લોનનો તફાવત ઉપરોક્ત નિયમ મુજબ એક વખત મેળવવા પાત્ર રહેશે.

(૨) દરેક કર્મચારીને નવું મકાન ખરીદવા માટે લોનના તફાવત જેટલી રકમ આપવામાં આવશે.

(૨) વ્હીકલ લોન :– બેન્કમાં કામ કરતા કાયમી કર્મચારીને હાલની પ્રથા મુજબ વાહનની કિંમતના ૯૦ ટકા જેટલી રકમ ૧૦ ટકાના સાદા વ્યાજે ૬૦ માસિક સરખા હપ્તાથી પરત કરવાની શરતે વ્હીકલ લોન આપવામાં આવશે. બીજી વ્હીકલ લોન ૬૦ માસિક હપ્તાની ભરપાઈ થયા બાદ ફરીથી આવી લોન આપવામાં આવશે.

(૩) પર્સનલ લોન (સ્ટાફ લોન) :–બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીને હાલની પ્રથા મુજબ સામાજિક પ્રસંગો તથા અન્ય હેતુઓ માટે રૂા. ૨૦,૦૦૦ ની ૧૦ ટકાની સાદા વ્યાજે ૬૦ માસિક હપ્તે પરત કરવાની શરતે સ્ટાફ લોન આપવામાં આવશે.

(૪) ફેસ્ટીવલ લોન :– બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને એક માસિક કુલ પગાર (તમામ એલાઉન્સ સહિત) જેટલી રકમ વગર વ્યાજે દસ માસના સરખા હપ્તે પરત કરવાની શરતે આપવામાં આવશે.

(૨૦) ઓફીસીએટીંગ એલાઉન્સ :– (૧) બેન્કના કોઈપણ કર્મચારીને હાલની પ્રથા મુજબ તેની ઉપલી ગ્રેડમાં કર્મચારીની કોઈપણ પ્રકારની કામગીરીમાં ૧૫ દિવસ કે તેથી વધુ સમય માટે કરાવવામાં આવે તો ઉપલી ગ્રેડના કર્મચારીને મળતા બેઝીક પગારના ૨૦ ટકા લેખે કામ કરનાર કર્મચારીને ઓફીસીએટીંગ એલાઉન્સ ચુકવવામાં આવશે.

(૨૧) હોસ્પીટલાઈઝેશન :– (૧) બેન્કમાં કામ કરતા કોઈપણ કર્મચારીને મેડીકલેઈમ નીચેની લીમીટમાં રહીને ચુકવવામાં આવશે.

(૧) ૩૫ વર્ષ સુધીની ઉંમરવાળાને રૂા. ૩૫,૦૦૦

INDEX

(૨) ૩૬ થી ૪૫ વર્ષ સુધીની ઉંમરવાળાને રૂા. ૫૦,૦૦૦

(૩) ૪૬ થી વધુ ઉંમરવાળાને રૂા. ૬૦,૦૦૦

બેંકમાં મેડીકલેઈમની રીસીપ્ટ આપવાથી બેંક તેનું પ્રિમીયમ ચુકવી આપશે.

(૨૨) વધારાના ઈજાફા :- બેંકના કોઈપણ કર્મચારીને તેની વિશિષ્ટ પ્રકારની લાયકાત માટે નીચેની વિગતે વધારાના ઈજાફા (ઈન્ક્રીમેન્ટ) આપવાની માંગણી કરવામાં આવે છે.

(૧) ગ્રેજ્યુએટ ... ... ૧. ઈન્ક્રીમેન્ટ.

(૨) સહકારી પરીક્ષા જેવી કે જી.ડી.સી. એન્ડ એ., એલ.ડી.સી., અથવા એચ.ડી,સી., કે બીજી અન્ય તાલીમ ... ... ૧. ઈન્ક્રીમેન્ટ.

(૩) સી.એ.આઈ.આઈ.બી.પાર્ટ-૧ ... ... ૧. ઈન્ક્રીમેન્ટ.

(૪) સી. એ. આઈ. બી. પીર્ટ-૨ ... ... ૧. ઈન્ક્રીમેન્ટ.

(૨૩) પ્રોવિડંટ ફંડ :- બેન્કના તમામ કર્મચારીઓનો હાલની પ્રથા મુજબ ૧૨ ટકા લેખે પી. એફ. કાપવામાં આવશે. તેમજ તેમાં તેટલી જ રકમનો ફાળો બેન્ક ઉમેરશે.

(૨૪) બેન્કમાં કામ કરતા દરેક કર્મચારીને ૫૮ વર્ષની ઉંમરે નિવૃત્ત કરવામાં આવશે. કર્મચારીની નિવૃત્તિ કેલેન્ડર વર્ષની આખરે એટલે કે ૩૧-૧૨- ગણવામાં આવશે.

(૨૫) આ સિવાયના બેન્ક તરફથી કર્મચારીને હાલ જે લાભો અને સવલતો આપવામાં આવે છે. તે ચાલુ રાખવામાં આવે છે.

(૨૬) આ કરારની મુદત તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨ થી ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૬ સુધીની એટલે કે (૫) વર્ષ રહેશે. (ઠરાવ મુજબ પગાર ચુકવવાનો અમલ તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૨ થી કરવાનો રહેશે.)

(૨૭) આ કરારથી કોઈપણ કર્મચારી અંગે ઝઘડો વિવાદ કે પ્રતિકુળ અસર થાય તો તેનું નિરાકરણ ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્કસ એમ્પ્લોઈઝ ફેડરેશનના હોદેદારો અને બેન્ક મેનેજમેન્ટ સાથે બેસીને ઉકેલ લાવશે.

અમદાવાદ, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૨.

આપનો સહકારી,
ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્ક એમ્પ્લોઈઝ ફેડરેશન વતી
(સહી) અવાચ્ય.
જન. સેક્રેટરી.

ધી નવનિર્માણ કો. ઓ. બેંક લી.,
(સહી) અવાચ્ય,
ચેરમેન

અમદાવાદ, તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૦૩.

કે. બી. લાલવાણી,
સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૯૫-આર.યુ.—સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સને ૧૯૯૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, આશીમા સ્પીન ફેબ, ખોખરા, મહેમદાવાદ અને ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ સમાધાન અધિકારી કુ. જે. જી. મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૨૦૦૩ના જાન્યુઆરી, માસના ૧૩ દિને આથી નોંધ કરું છું.

INDEX

સમાધાનકાર કુ. જે. જી. મુખી સમક્ષ અમદાવાદ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ હેઠળ સમાધાનનું ખતપત્રક

બી.આર. સી. કેસ નં. ૨૧ સને ૨૦૦૨

શ્રી પી. જે. જસાણી, ... **માલિકના પ્રતિનિધિ ;**
જનરલ મેનેજર (આઈ. આર.)
આશીમા સ્પીન ફેબ,
(એ ડીવીઝન ઓફ આસીમા લી.),
અમદાવાદ.

વિરૂધ્ધ

શ્રી બાબુભાઈ અમીપુરા, ... **કામદારોના પ્રતિનિધિ.**
મંત્રી વતી.
ધી ટેક્ષસ્ટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ.

કેસની ટૂંકી વિગત

મીલ્સ કંપીનીએ અમદાવાદ શહેરમાં કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી ટેક્ષસ્ટાઈલ લેબર એસોસીએશનને ફોર્મ ''કે'' માં તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૨ ના રોજ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની જોગવાઈઓ મુજબ નોટિસ ઓફ ચેઈન્જ આપી માંગણી મુકેલ કે મીલ્સ કંપની તેના ફેઝ-૨ ના વીવીંગ વાઈન્ડીંગ ખાતાની અંદર ૨ એસ.એસ.એમ. મશીન ૫૦ સ્પીન્ડલના તેમજ આર.જે.કે. રીવાઈન્ડીંગ મશીન ૧૪૦ સ્પીન્ડલના લાવી ઈન્સટોલ કરી ત્રણેય પાળીમાં ચલાવવા માંટે તેમજ તેના ઉપર કામદારોની ગોઠવણી પગાર, હોદો તેમજ કામગીરી નક્કી કરવા માંગણી કરેલ તેના અનુસંધાને મીલ્સ કંપનીએ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયનને ફોર્મ ''એન'' માં તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૨ના રોજ અહેવાલ મોકલી આપેલ છે જે સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવેલ. સદરહુ બાબતે સમાધાનની કાર્યવાહી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ શરૂ કરવામાં આવેલ. જે વખતો વખત પક્ષકારોની સંમતીથી મુલત્વી રાખવામાં આવેલ. દરમ્યાન પક્ષકારો વચ્ચે ઉપરોક્ત વિવાદ અંગે વખતો વખત ચર્ચા વિચારણા થયા બાદ સુખદ સમાધાન થયેલ છે. જેની શરતો નીચે મુજબ છે.

INDEX

પરિશિષ્ટ–અ

સમાધાનની શરતો

આ સાથેના પરિશિષ્ટ ''અ'' મુજબ

(૧) મીલ્સ કંપનીના વિવિંગ-૨ વિભાગના વાઈન્ડીંગ ખાતામાં હાલમાં નીચે મુજબના મશીનો ત્રણેય પાળી ચલાવવામાં આવશે.

મશીનનું નામ		મશીનની સંખ્યા
પ્રીસીઝન વાઈન્ડીંગ મશીન (૫૦ સ્પીન્ડલ)	...	૦૨
આર. જે. કે. રીવાઈન્ડીંગ મશીન (૧૪૦ સ્પીન્ડલ)	...	૦૨
		૦૪

(૨) મીલ્સ કંપની ઉપરોક્ત કલમ નં. ૧ માં જણાવેલ મશીનો ઉપર પાળી દીઠ અને હોદ્દાવાર નીચે મુજબના કામદારો રાખશે.

હોદ્દો	પહેલી	બીજી	ત્રીજી	કુલ
વાઈન્ડર	૨	૨	૨	૬
રીવાઈન્ડર	૫	૫	૫	૧૫

(૩) મીલ્સ કંપનીના આ વાઈન્ડીંગ ખાતામાં પ્રીસીઝન વાઈન્ડીંગ મશીનો પાળીવાર બે વાઈન્ડરો ચલાવશે. જ્યારે આર. જે. કે. મશીનો પાળીવાર પાંચ પાંચ રીવાઈન્ડરો ચલાવશે.

(૪) ભવિષ્યમાં મીલ્સ કંપની આ વાઈન્ડીંગ ખાતામાં એક નવું આર. જે. કે. મશીન ઈન્સ્ટોલ કરી ચલાવી શકશે અને તે સમયે ખાતાની હાલની સ્ટ્રેન્થ મુજબ રીવાઈન્ડરો રાખી તે મશીન ચલાવવામાં આવશે.

(૫) મીલ્સ કંપની વાઈન્ડીંગ ખાતું સાત દિવસ વર્કીંગના ધોરણે ચલાવશે. આ કામદારોને સાત દિવસના વર્કીંગ અંગે થયેલ કરાર મુજબ ચાર ટકા પગાર વધારો આપવામાં આવશે. સાત દિવસના વર્કીંગના કરારો અંગેની જોગવાઈઓ અનુસાર જો મીલ્સ કંપની સાત દિવસનું વર્કીંગ ચલાવે નહી તેવા સંજોગોમાં તેઓને ઉપરોક્ત લાભ આપવામાં આવશે નહી. કોઈપણ પક્ષકાર સાત દિવસનું વર્કીંગ એક માસની નોટિસ આપી બંધ કરી શકશે.

(૬) મીલ્સ કંપની વાઈન્ડીંગ ખાતું રીલે રિસેષ પધ્ધતિથી જ્યાં સુધી ચલાવશે ત્યાં સુધી દરેક કામદારે વારાફરતી રીસેષ ભોગવવાની રહેશે તે માટેના પ્રત્યેક દિવસના રીલે રિસેષ એલાઉન્સ તરીકે રૂા. ૧-૫૦ આપવામાં આવશે જેના ઉપર અન્ય કોઈ લાભ આપવામાં આવશે નહી. રીલે રીસેષની પધ્ધતિની કોઈ કામગીરી બંધ કરવાની હશે તો કોઈપણ પક્ષકાર એક મહિનાની નોટીસ આપી બંધ કરી શકશે.

INDEX

(૭) મીલ્સ કંપની આ ખાતામાં ત્રણેય પાળીની દર માસે ફેરબદલી કરી શકશે અને ત્રણેય પાળી સરખી આઠ કલાક સાથેની રહેશે.

(૮) આ ખાતામાં કામદારોનો હોદ્દાવાર પગાર પરિશિષ્ટ-૧ માં જણાવ્યા મુજબનો આપવામાં આવશે અને પરિશિષ્ટ-૨ માં જણાવ્યા મુજબનો હોદ્દાવાર ફરજો કામગીરી તેઓએ ખંત અને વફાદારીપૂર્વક કરવાની રહેશે.

(૯) આ સામાધાનના અમલ કે અર્થઘટનમાં કોઈ પ્રશ્ન ઉભો થાય તો મીલ્સ કંપનીના જનરલ મેનેજર આઈ. આર. અને ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન સાથે મળી વિચારણા કરી જે નિર્ણય લે તે પક્ષકારોને બંધનકર્તા રહેશે. તેમ પક્ષકારો કબૂલ રાખે છે.

(૧૦) આ સામાધાનની શરતોનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨ થી કરવામાં આવશે.

પરિશિષ્ટ- ૧

એવોર્ડ મુજબનો પગાર

હોદ્દો	પગાર
(૧) વાઈન્ડર	રૂા. ૩૮૬-૦૦
(૨) રીવાઈન્ડર	રૂા. ૩૮૬-૦૦

પરિશિષ્ટ-૨

વાઈન્ડર–રીવાઈન્ડર :

૧. ખાતામાં નક્કી કરેલ જગ્યાએથી અથવા ખાતા અધિકારીએ નક્કી કરેલ જવાબદાર વ્યક્તિ જણાવે ત્યાંથી ગ્રે કે કલર યાર્નના રીવાઈન્ડીંગ માટેના કોર્ન સ્લીવ કે સ્પ્રીંગો પરનું યાર્ન લાવી વાઈન્ડીંગ મશીન ઉપર ચલાવવું.

૨. વાઈન્ડીંગ થઈ તૈયાર થયેલ સ્લીવ કોન કે સ્પ્રીંગો ઉપર વાઈન્ડર નંબર યાર્ન કાઉન્ટ કલરનું નામ લંબાઈ ના સ્ટીકર લગાવવા અથવા સૂચના પ્રમાણેનું ચોક માર્કીંગ કરવું.

૩. ખાતા અધિકારી કે જવાબદાર વ્યક્તિ જોડેથી રીવાઈન્ડીંગ માટેનો પ્રોગ્રામ મેળવી લેવો. જરૂર પ્રમાણેની લંબાઈ કાઉન્ટ તથા બીજા જરૂરી ડેટા લેન્થ મેઝરીંગ સીસ્ટમ અથવા કોમ્પ્યુટરમાં ફીડ કરવા જરૂરી લંબાઈના કોન સ્લીવ કે સ્પ્રીંગો લગાવી સ્પીન્ડલ ચાલુ કરવી.

૪. જ્યારે પણ સ્પીન્ડલનો તાર તૂટે કે કોન સ્લીવ સ્પ્રીંગ પરનું યાર્ન ખાલી થાય ત્યારે તે જ કાઉન્ટ કલરનો તથા તે જ લોટનો બીજો કોન સ્લીવ કે સ્પ્રીંગ લગાવી હેન્ડ

INDEX

નોટર મીકેનીકલ નોટર કો સ્પલાઈસરથી નોટિંગ સ્પીન્ડલ ચાલુ કરવી.

૫. મશીનો શીફ્ટમાં એકવાર આથવા ખાતા અધિકારી જણાવે તેમ હવા મારી સફાઇ કરવી. મશીનની આજુબાજુ સફાઇ રાખવી. વેસ્ટ વેસ્ટબેગમાં નાંખી તથા નક્કી કરેલી જગ્યાએ મુકવો.

૬. ખાલી થયેલ કોન સાફ કરી નક્કી કરેલી જગ્યાએ વ્યવસ્થીત મુકવો તથા મશીન ઉપર ચલાવવા માટે ખાલી સ્પ્રીંગો નક્કી કરેલી જગ્યાએથી લાવી મશીન ચલાવવા.

૭. ખાલી થયેલ સ્પ્રીંગો સાફ કરી નક્કી કરેલી જગ્યાએ મુકવી તથા ચલાવવા, માટેની ખાલી સ્પ્રીગો નક્કી કરેલી જગ્યાએથી લાવી તેના ઉપર મોજા ચઢાવી મશીન ઉપર ચલાવવી.

૮. મશીનની કે સ્પીન્ડલની કોઈપણ તકલીફ હોય તો ખાતાના ફીટર કે ખાતા અધિકારીને જાણ કરવી અને તેની સૂચના પ્રમાણે કામ કરવું.

૯. કલરના કારણે પેકેજ ખરાબ ભરાતું હોય તો સૂચનપ્રમાણે ડ્રમ પર સ્પ્રે મારવો અથવા કોન સ્પ્રીંગ કે સ્લીવ પર કેરોસીન અથવા ખાતા અધિકારી સૂચના આપે તે ઓઈલ લગાવી પછી ચલાવવું . જરૂર પ્રમાણે વેક્ષીંગ કરવું.

૧૦. રીસેષમાં વારાફરતી ખાતા અધિકારીની સૂચના પ્રમાણે જવું અને બાજુની સ્પીન્ડલોની વાઈન્ડર રીસેષમાં જાય ત્યારે તેની સ્પીન્ડલો ચલાવવી.

૧૧. ખાતા અધિકારી કે જવાબદાર વ્યક્તિ તમારા કામને લગતું કોઈપણ કામ બતાવે તે કાર્ય કરવું

૧૨. પાળીને અંતે તૈયાર થયેલ સ્પ્રીંગ કોન કે સ્લીવ કાઉન્ટ કલર કે લોટ વાઈસ અથવા ખાતા અધિકારી સૂચના આપે તે પ્રમાણે વજન કરી તેને રેકર્ડ બુકમાં લખાવવું.

૧૩. તૈયાર થયેલ કોન સ્પ્રીંગ કે સ્લીવ નક્કી કરેલ જગ્યાએ બોક્ષમાં કે યંત્ર ટ્રોલીમાં વ્યવસ્થિત રીતે મુકી બોક્ષ કે ટ્રોલી નક્કી કરેલી જગ્યાએ અથવા ખાતા અધિકારી સૂચના આપે ત્યાં વ્યવસ્થીત મુકવી.

૧૪. વોર્પીંગ મશીન ઉપરથી નીકળતી કલર યાર્નની કે ગ્રે યાર્નની બોટમ નાનાં કોર્ન સ્લીવ કે સ્પ્રીંગો રીવાઈન્ડીંગ કરવી.

INDEX

૧૫. કોર્ન સ્લીવ કે સ્પ્રીંગ ઉપર ચલાવીને એટલે કે તૈયાર થયેલ પેકેજમાં કોઈપણ પ્રકારની ખામી વાળુ યાર્ન ન જાય તેનું ધ્યાન આપવું.

૧૬. મશીનને અઠવાડીયામાં એકવાર કેરોસીન કે સોલવન્ટ તથા હવાથી સાફ કરવું ને ઓઈલીંગ કરવું.

૧૭. ન ચાલે તેવા કોન સ્લીવ, સ્પ્રીંગ અથવા બોટમ યાર્ન સૂચના મળે તે પ્રમાણે સાફ કરી વ્યવસ્થિત મુકવા.

૧૮. મશીનો રીલે રીસેષમાં ચાલતા હોઈ પ્રત્યેક વાઈન્ડરે રીલે રીસેષ દરમ્યાન પોતાની બાજુના વાઈન્ડરની તમામ ફરજો વારાફરતી સંભાળશે.

૧૯. સ્પ્રીંગ ઉપરના યાર્નનું કાઉન્ટ લોટવાઈસ દરરોજ પાળીની શરૂઆતમાં સ્ટોક લઈ ખાતા અધિકારીને આપવો.

બાબુભાઈ અમીપુરા,
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ.

પી. જે. જસાણી,
જનરલ મેનેજર.
આશીમા સ્પીનફેબ,
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ),
અમદાવાદ.

જે. જી. મુખી,
સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬.
અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૨.

અમદાવાદ, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬.
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૯૬-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૫૮ (૨) અને સને ૧૯૯૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, આશીમા સ્પીન ફેબ, ખોખરા મહેમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ સમાધાન અધિકારી કુ.જે.જી.મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૨૦૦૩ના જાન્યુઆરી માસના ૧૩મા દિને આથી નોંધ કરું છું.

સમાધાનકારશ્રી અમદાવાદ સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ હેઠળ સમાધાનનું

ખતપત્રક

બી. આર. સી. કેસ નં. ૨ ,સને ૨૦૦૨

શ્રી પી.જે.જસાણી,
જનરલ મેનેજર, (આઈ.આર.)
આશીમા સ્પીન ફેબ,
(એ- ડીવીઝન ઓફ આશીમા લી., અમદાવાદ) ... ... **માલિકના પ્રતિનિધિ;**

વિરુધ્ધ

બાબુભાઈ અમીપુરા,
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ. ... ... **કામદારોના પ્રતિનિધિ.**

કેસની ટૂંકી વિગત

મીલ્સ કંપનીએ અમદાવાદ શહેરના કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન તે ફોર્મ 'કે' માં તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની જોગવાઈઓ મુજબ નોટિસ ઓફ ચેઈન્જ આપી માંગણી મુકેલ કે મીલ્સ કંપની તેના ફેઝ-૨માં વીવીંગ વોર્પિંગ ખાતાની અંદર એક બેનીઝર (એરબોટ્રોનીક અને બે રાબાટેક્સ એમ કુલ ત્રણ મશીનો ઈન્સ્ટોલ કરી

INDEX

ત્રણેય પાળીમાં ચલાવવા માંગે છે. તેમજ તેના ઉપર કામદારોની ગોઠવણી પગાર, હોદ્દો તેમજ કામગીરી નક્કી કરવા માંગણી કરેલ તેના અનુસંધાને મીલ્સ કંપનીએ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયનને ફોર્મ ' એન ' તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ અહેવાલ મોકલી આપેલ જે તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવેલ. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ શરૂ કરવામાં આવેલ જે વખતો વખત પક્ષકારોની સંમતિથી મૂલતવી રાખવામાં આવેલ. દરમ્યાન પક્ષકારો વચ્ચે ઉપરોક્ત વિવાદ અંગે વખતો વખત ચર્ચા વિચારણા થયા બાદ સુખદ સમાધાન થયેલ છે, જેની શરતો નીચે મુજબ છે.

પરિશિષ્ટ- અ

સમાધાનની શરતો :-

૧. મીલ્સ કંપનીના વિવિંગ-૨ વિભાગના વોર્પીંગ ખાતામાં નીચે મુજબના મશીનો ત્રણેય પાળી ચલાવવામાં આવશે.

મશીનનું નામ	મશીનની સંખ્યા
(૧) ઈગોટ્રોનીક સેકશનલ વોર્પીંગ મશીન	૦૧
(૨) રાબાટેક્સ સેકશનલ વોર્પીંગ મશીન	૦૧
ટોટલ ...	૦૨

૨. ઉપરોક્ત કલમ નં. ૧ માં જણાવેલ મશીનો ઉપર મીલ્સ કંપની પાળી દીઠ અને હોદ્દાવાર નીચે મુજબના કામદારો રાખશે.

હોદ્દો	પહેલીપાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
વોર્પર	૦૨	૦૨	૦૨	૦૬
ક્રિલબોય	૦૨	૦૨	૦૨	૦૬
યુટીલીટીબોય	૦૨	૦૨	૦૨	૦૬
ટોટલ ...	૦૬	૦૬	૦૬	૧૮

૩. ભવિષ્યમાં ઉપરોક્ત મશીનો ઉપરાંત નવું સેકશનલ વોર્પીંગ મશીન લાવી ઈન્સ્ટોલ કરી ચલાવવામાં આવશે ત્યારે ઉપરોક્ત હોદ્દાના પ્રમાણમાં કામદારો રાખવામાં આવશે.

૪. મીલ્સ કંપની વિવિંગ-૨ વિભાગનું વોર્પીંગ ખાતું સાત દિવસના વર્કીંગના ધોરણે ચલાવશે. આ કામદારોને સાત દિવસના વર્કીંગ થયેલ કરાર મુજબ ચાર ટકા પગાર વધારો આપવામાં આવશે. સાત દિવસના વર્કીંગના કરારની જોગવાઈઓ અનુસાર જો

મીલ્સ કંપની સાત દિવસનું વર્કીંગ ચલાવે નહી તેવા સંજોગોમાં તેઓને ઉપરોક્ત લાભ આપવામાં આવશે નહી. કોઈપણ પક્ષકાર સાત દિવસનું વર્કીંગ એક માસની નોટિસ આપી બંધ કરી શકશે.

૫. મીલ્સ કંપની વિવિંગ ખાતું રીલે રીશેષ પધ્ધતિ જ્યાં સુધી ચલાવશે ત્યાં સુધી દરેક કામદારે વારાફરતી રીસેષ ભોગવવાની રહેશે અને તે માટે પ્રત્યેક દિવસનાં રીસેષ એલાઉન્સ તરીકે રૂા. ૧-૫૦ પૈસા આપવામાં આવશે. જેના પર અન્ય કોઈ લાભ આપવામાં આવશે નહી. રીલે રીસેષ પધ્ધતિની કામગીરી બંધ કરવાની હશે તો કોઈપણ પક્ષકાર એક માસની નોટિસ આપી બંધ કરી શકશે.

૬. મીલ્સ કંપની આ ખાતામાં ત્રણેય પાળીની ફેરબદલી દર માસે કરી શકશે અને ત્રણેય પાળી સરખી આઠ કલાકની રીસેષ સાથેની રહેશે.

૭. આ ખાતામાં કામ કરતા કામદારોનો હોદ્દાવાર પગાર પરિશિષ્ટ--૧માં જણાવ્યા મુજબનો પગાર આપવામાં આવશે અને પરિશિષ્ટ--૨માં જણાવ્યા મુજબની હોદ્દાવાર ફરજો અને કામગીરી તેઓએ ખંત અને વફાદારીથી બજાવવાની રહેશે.

૮. આ સમાધાનના અમલ કે અર્થઘટનમાં કોઈ પ્રશ્ન ઉભો થાય તો મીલ્સ કંપનીના જનરલ (આઈ. આર.) અને ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનના મંત્રીશ્રી સાથે મળી ચર્ચા વિચારણા કરી જે નિર્ણય લેશે તે પક્ષકારોને બંધનકર્તા રહેશે તેમ પક્ષકારો કબૂલ રાખે છે.

૯. આ સમાધાનનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨ થી કરવામાં આવશે.

પરિશિષ્ટ- ૧

આશીમા સ્પીન ફેબ.

વોર્પીંગ ખાતાનો એવોર્ડ મુજબનો પગાર :-

હોદ્દો	બેઝીક પગાર રૂા.
(૧) વોર્પર	૪૧૨-૫૦
(૨) ક્લિબોય	૩૪૭-૬૮
(૩) યુટીલીટીબોય	૩૩૫-૦૦

પરિશિષ્ટ - ૨

સેક્શનલ વોર્પર :-

ઈગોટ્રોનીક સેકશનલ વોર્પીંગ મસીન તથા રાબાટેકસ સેકસનલ વોર્પીંગ મશીન--

૧. ચાલુ પ્રોગ્રામ આગળની પાળીના વોર્પર પાસેથી ચેક કરી લેવો.

૨. ખાતા અધિકારી જોડેથી સ્પેર ક્રિલ માટેનો પ્રોગ્રામ મેળવી તેનું યાર્ન ચેક કરી જે તે રીર્પોટ ખાતા અધિકારીને આપવો.

૩. ક્રિલબોયે લગાવેલ સ્પેર ક્રિલની પેટર્ન પ્રોગ્રામ પ્રમાણે ચેક કરી પછી જ વોર્પીંગ ચલાવવું જેટલા તાર ચલાવતા હોય તે પ્રમાણે ટેન્શનર સ્ટોપ વાયર ચાલુ રાખી બાકીના બંધ કરવા. પ્રોગ્રામ પ્રમાણે રીડ સારવી ક્રિલમાં ચેઈન્જ વખતે તારનું નોટિંગ કરવું.

૪. મશીનમાં તાર તૂટે ત્યારે પેટર્ન પ્રમાણે અથવા સૂચના પ્રમાણે તાર લગાવી નુકશાન ન આવે તે રીતે વોર્પીંગ મશીન ચલાવવું.

૫. મશીન ઉપર ક્રિલબોયની મદદથી ખાલી બીમ મુકેલી જગ્યાએથી લાવીને લગાવવું. જરૂર પ્રમાણે ગાળો એડજેસ્ટ કરવો તથા ભરેલા બીમ ઉપર પ્લાસ્ટીક લગાવી કાર્ડ તથા ચીઠ્ઠી વ્યવસ્થીત દેખાય તે રીતે લગાવી બીમ ઉતારવું અને વજન કરીને મુકરર કરેલી જગ્યાએ મુકવું.

૬. નવું સેકશન ચાલુ કરતા પહેલા સેકશનની પોજીશન બરાબર એડજેસ્ટ કરી લેવી. સેકશન ઓવરલેપ ન થાય તેનું ધ્યાન રાખવું તથા બે સેકશન વચ્ચે ગેપ ના રહે તે રીતે સેટ કરી પછી જ વોર્પીંગ ચલાવવું . બીમમાં કોઈપણ પ્રકારનું નુકશાન ના આવે તેનું ધ્યાન રાખવું.

૭. તૂટેલા તાર ક્રિલમાંથી લાવી તેની મુળ જગ્યાએ ક્રોસ ના થાય તે રીતે લગાવી ગાંઠ મારી ચલાવવું. ગાંઠના છેડા બને એટલા નાના રાખવા તથા જરૂર પડ્યે નોટીંગ મશીન કે સીઝરનો ખાતા અધિકારી સૂચના આપે ત્યારે ઉપયોગ કરવો.

૮. મશીનમાં કોઈપણ જાતની તકલીફ લાગે અથવા ફેરફાર જણાય તો તરત જ ફીટરનું તથા ખાતા અદિકારીનું ધ્યાન દોરવું અને સૂચના પ્રમાણે કામ કરવું.

INDEX

૯. યાર્નના વર્કીંગમાં કલરમાં તથા કાઉન્ટમાં કોઈપણ ફેરફાર લાગે તો તરત જ ખાતા અધિકારીનું ધ્યાન દોરવું. પેકેજમાં વાઈન્ડીંગની કોઈપણ તકલીફ હોય અથવા વાઈન્ડીંગનું નુકશાન આવતો ખાતા અધિકારીને રૂબરૂ બતાવવું અને તેની સૂચના પ્રમાણે કામ કરવું.

૧૦. મશીન બંધ હોય ત્યારે ખાતાઅધિકારી કે જબાબદાર વ્યક્તિ મશીનને લગતું તથા તમારા કામને લગતું કોઈપણ કામ આપે તે કરવું.

૧૧. સૂચના પ્રમાણે કે ક્વિલ પૂરી થાય પછી નવી ક્વિલ ચાલુ કરતા પહેલા મશીનને હવા મારી સફાઈ કરવી.

૧૨. ફીટરને મેન્ટેનન્સ કામમાં મદદ કરવી.

૧૩. મશીનની આજુબાજુ સફાઈ રાખવી. વેસ્ટ નક્કી કરેલી જગ્યાએ જ મુકવો.

૧૪. સાઈઝીંગમાં કે લુમશેડમાં વોર્પીગનું કોઈપણ નુકશાન કોઈપણ વોર્પરનું આવે તો તે ચેક કરી ખાતા અધિકારીને રીપોર્ટ કરવો.

૧૫. ગ્રે ફોલ્ડીંગમાં વોર્પીંગનું કોઈપણ નુકશાન આવે તો તે ચેક કરી ખાતા અધિકારીને રીપોર્ટ કરવો અને ફરીથી નકુશાન ના આવે તે માટે જરૂરી ખાતા અધિકારીની સૂચના પ્રમાણે ફેરફાર કરવા.

૧૬. પ્રોગ્રામ પ્રમાણેના દરેક પ્રકારના ફરફાર મશીનમાં કરવાની જવાબદારી રહેશે.

૧૭. પ્રોગ્રામ પ્રમાણે જરૂરી વિગતો મશીનમાં ફીડ કરવી.

૧૮. સૂચના પ્રમાણેના લીઝ નાંખવા અને ટેપ મારવી.

૧૯. વોર્પીંગનો બ્રેક રીપોર્ટ સૂચના પ્રમાણે લખવો.

૨૦. પ્રોડકશન રીપોર્ટ પ્રોડકશન સ્કોર બુકમાં લખવો અને ખાતા અધિકારી કે જવાબદાર વ્યક્તિને પાળીને અંતે આપવો.

૨૧. વોર્પીગ બંધ હોય એટલે ક્વિલ બોયના કામમાં મદદ કરવી.

૨૨. મશીન બંધ હોય ત્યારે ખાતા અધિકારી કે જવાબદાર વ્યક્તિ મશીનને લગતું તથા તમારા કામને લગતુ કોઈપણ કામ આપે તે કરવું.

૨૩. જરૂર પડે બીજા મશીન ઉપર કામ કરવાનું રહેશે.

૨૪. વાર્પીંગ બીમની ચીઠ્ઠી બનાવવી.

૨૫. જરૂર પડે યાર્ન લાવીને ક્રિલ લગાવવામાં મદદ કરવી.

સેક્શનલ ક્રિલબોય :-

ઈગોટ્રોનીક સેક્શનલ વોર્પીંગ મશીન તથા રાબાટેક્સ સેક્શનલ વોર્પીંગ મશીન--

૧. સેક્શનલ વોર્પીંગમાં ચલાવવા માટેનો પ્રોગ્રામ ખાતા અધિકારી કે જવાબદાર વ્યક્તિ જોડેથી મેળવી પ્રોગ્રામ પ્રમાણેનું યાર્ન ચેક કરી લેવું અને પ્રોગ્રામ પ્રમાણે સ્પેરમાં ક્રિલ લગાવી રાખવી.

૨. પ્રોગ્રામ પ્રમાણે યાર્ન ન હોય તો તુરત જ ખાતા અધિકારીનું ધ્યાન ક્રિલ લગાવતા પહેલા દોરવું અને ખાતા અધિકારી સૂચના આપે તે પ્રમાણ ક્રિલ લગાવવું.

૩. ક્રિલનુ વોર્પીંગ પૂરૂ થાય પછી વધેલા કોન ક્રિલમાંથી કાઢી કાઉન્ટ કલરનું સ્ટીકર મારી બોક્ષમાં કે લારીમાં ભરી નક્કી કરેલી જગ્યાએ અથવા ખાતા અધિકારી જણાવે ત્યાં વ્યવસ્થિત લારીમાં ભરી નક્કી કરેલી જગ્યાએ અથવા ખાતા અધિકારી જણાવે ત્યાં વ્યવસ્થિત મુકવું. યાર્ન કલર વાઈજ અલગ રાખવું.

૪. વોર્પરને રીસેષમાં છોડાવવો તથા તેના કામમાં મદદ કરવી. ક્રિલનુ કામ પૂરૂ થાય પછી વોર્પરને તાર આપવાનુ તથા બીજા કામમાં મદદ કરવાનું કામ કરવું.

૫. વોર્પરને ખાલી બીમ લગાવવા તથા ભરેલા બીમ ઉતારવામાં મદદ કરવી.

૬. ભરેલા બીમ ઉપર પ્લાસ્ટીક લગાવવું તથા કાર્ડ વ્યવસ્થિત દેખાય તે રીતે બીમમાં મુકવું.

૭. વોર્પીંગ માટે જરૂરી યાર્ન ખાતામાં સ્ટોર કરેલી જગ્યાએથી લાવી મશીન ઉપર વ્યવસ્થીત મુકવું.

INDEX

૮. કિલ ચેઈન્જ વખતે અથવા ખાતા અધિકારી સૂચના આપે ત્યારે વોર્પીંગ મશીનને હવા મારી સાફ કરાવવું.

૯. ફીટરને મશીનના મેઈન્ટેનીંગ વખતે તથા રીપેરીંગ કામમાં મદદ કરવી.

૧૦. બીમની જરૂરી ગાળી એડજેસ્ટ કરવી.

૧૧. ખાતા અધિકારી મશીનને લગતું જે પણ કામ બતાવે તે કરવું.

૧૨. મશીનની આજુબાજુ સફાઈ કરવી તથા વેસ્ટ નક્કી કરેલી જગ્યાએ વ્યવસ્થિત મુકવો

૧૩. વોર્પરને રીડ સારવામાં તથા નોટિંગમાં મદદ કરવી.

૧૪. સાઈઝીંગમાં લુમશેડમાં કે ગ્રે ફોલ્ડીંગમાં વોર્પરનું કોઈપણ નુકશાન આવે તો તે ચેક કરી રીપોર્ટ કરવો.

૧૫. સુચના પ્રમાણેનો બ્રેક રીપોર્ટ તથા પ્રોડકશન રીપોર્ટ લખવો અને પાળીને અંતે ખાતા અધિકારીને આપવો.

૧૬. જ્યારે પણ મશીન બંધ હોય ત્યારે ખાતા અધિકારી તમારા કામને લગતું બીજા મશીનનું જે પણ કામ આપે તે કરવાનું રહેશે.

૧૭. જરુર પડે બીજા મશીન ઉપર કામ કરવાનું રહેશે.

૧૮. નક્કી કરેલી જગ્યાએથી ખાલી બીમ લાવવું તેમજ ભરેલું બીમ વજન કરીને નક્કી કરેલી જગ્યાએ મુકવું.

યુટીલીટી બોય :

૧. નક્કી કરેલી જગ્યાએથી અથવા સ્ટોરેજ કરેલ જગ્યાએથી યાર્નને ખાતા અધિકારીની સુચના મુજબ જે તે મશીન ઉપર આપવું.

૨. સ્ટોરમાંથી કે સ્પીનીંગ ખાતામાંથી આવતા પેક કે લુઝ યાર્નને નક્કી કરેલ જગ્યાએથી અથવા ખાતા અધિકારી જણાવે ત્યાં મુકાવવા તથા તેનો રેકોર્ડ રાખવો.

૩. ડાઈંગ ખાતામાંથી આવતાં કલર કરેલ યાર્નની સ્પ્રીંગોને વજન કરી નક્કી કરેલી જગ્યાએ અથવા ખાતા અધિકારી જણાવે ત્યાં મૂકવી અથવા મશીન ઉપર ચલાવવા આપવી.

૪. રીવાઈન્ડ કરેલ કલરના કોન ઉપર લંબાઇ, કાઉન્ટ તથા કલરના સ્ટીકર ચેક કરવા અને જો સ્ટીકરમાં પુરેપુરી વિગત ન લખાઈ હોય તો ખાતા અધિકારી કે જવાબદાર વ્યકિતને જાણ કરવી તથા પેકેજની ગુણવત્તા ચેક કરવી અને કોઈપણ ખામી દેખાય તો વાઈન્ડરનું તથા ખાતા અધિકારીનું ધ્યાન દોરવું.

૫. તૈયાર થયેલ સ્પ્રીંગો, કોન કે સ્લીપ પરના યાર્નનું વજન કરી રેકોર્ડ રાખવો અને જરુરીયાત પ્રમાણે જરુરીયાતવાળા મશીનને કે ખાતાને મોકલી આપવા.

૬. સ્ટોકનું લુઝ તેમજ પેક યાર્નને કાઉન્ટ પ્રમાણે નક્કી કરેલી જગ્યાએ વજન કરી વ્યવસ્થિત મુકવું.

૭. વોર્પીંગ મશીન ઉપર વધેલા નાના કોન કે સ્લીવ કે સ્પ્રીંગો (બોટમ) રીવાઈન્ડ કરવા. વાઈન્ડીંગ મશીન ઉપર લેબલ લગાડી ચલાવવા માટે આપવા તેમજ તેને પેક કરી તેનો મેમો બનાવી જે તે ખાતામાં પાછો આપવો.

૮. ખાતા અધિકારી કે જવાબદાર વ્યકિત જણાવે તે મુજબ કાઉન્ટવાઈઝ કોનના વજન કરી, પેક કરી સ્ટોક લેવામાં મદદ કરવી.

૯. ન ચલાવી શકાય તેવા નાના કોન કે સ્લીવને સેલમાં આપવા માટે અલગ નક્કી કરેલી જગ્યાએ કે ખાતા અધિકારી જણાવે ત્યાં વજન કરી મુકવા.

૧૦. ખાતાની સફાઈ કરવી તેમજ ખાતામાં હાઉસકીપીંગનું ધ્યાન રાખવું.

૧૧. ખાતાને લગતું ખાતા અધિકારી કે જવાબદાર વ્યકિત જણાવે તે મુજબ ચોકસાઈપૂર્વક કામ કરવું.

૧૨. જરુર પડે યાર્નનું ગોડાઉન કે સ્પીનીંગ ખાતામાંથી અથવા સ્ટોર કરેલ જગ્યાએથી

યાર્ન જરુરીયાત પ્રમાણે ખાતા અધિકારી કહે ત્યાંથી લાવી ખાતામાં આપવું.

૧૩. સ્ટોરમાંથી સુચના મુજબની વસ્તુઓ લાવવી.

૧૪. વેસ્ટને વ્યવસ્થિત છુટું પાડી વજન કરી નક્કી કરેલી જગ્યાએ મુકવો.

૧૫. જરુર પ્રમાણે અન્ય ખાતામાંથી તેમજ ગોડાઉનમાંથી યાર્ન ખાતામાં લાવવાનું રહેશે.

૧૬. ખાતામાં રહેલ પેક તથા લુઝ યાર્નનું દરરોજ પાળીની શરુઆતમાં સ્ટોક લઇ ખાતા અધિકારીને આપવાનો રહેશે.

૧૭. યાર્ન ગોડાઉનમાંથી તથા અન્ય ખાતામાંથી આવતા યાર્નની સુચના મુજબ વજન કરી ખાતા અધિકારીને જણાવવું.

૧૮. સેકશનલ વોર્પીંગ મશીન ઉપરથી યાર્ન આપવું તથા પેકેજ ઉપરની પ્લાસ્ટીકની બેગ કાઢી કોન વ્યવસ્થિત મુકવા તથા જરુર પડે ખાતા અધિકારી સુચના આપે ત્યારે ક્લિપ લગાવવા મદદ કરવી.

૧૯. ખાતામાં ન ચાલી શકે તેવા પેકેજ કોન કે સ્પ્રીંગ ખાતા અધિકારી સુચના આપે તે રીતે સાફ કરવાના રહેશે.

૨૦. ખાતા અધિકારીની સૂચના મુજબ ખાતાનું જે કામ આપે તે કરવાનું રહેશે.

૨૧. યાર્ન પેકેજ ઉપર જરૂર પડે ઓઇલ કે કેરોસીન લગાવવું.

૨૨. મહીનાની આખરમાં તેમજ જરૂર પડે ત્યારે યાર્નનો સ્ટોક લેવો.

૨૩. એરજેટ ખાતામાંથી ખાલી બીમ લાવવા.

૨૪. જરૂરી વેફ્ટ યાર્ન રીવાઇઝ કરાવીને બોક્ષમાં પેક કરી મેમો બનાવડાવી ડાઇંગ ખાતામાં વેફ્ટ યાર્ન મોકલવું તેમજ વેફ્ટનું યાર્ન યોગ્ય જગ્યાએથી લાવીને વાઇન્ડરને આપવું.

૨૫. જરૂરી ગ્રે. વેફ્ટ યાર્ન એરજેટમાં આપવું.

૨૬. બોટમ યાર્નમાં પેક કરેલા થેલાનું વજન લખવું.

૨૭. સુઝુકી ઓપરેટરને રીસેષમાં છોડાવવાના રહેશે.

૨૮. ખાતામાં પડેલ અને સ્ટોર કરેલા બોક્ષ અને લારીઓને હવા મારી સાફ કરવી.

૨૯. ખાતામાં મુકેલ બધી જ અંગ્નીશામક ડોલ રેતી તેમજ પાણીથી ભરવી.

૩૦. ખાતામાં ઝાડુ મારી સફાઈ કરવી.

બાબુભાઈ અમીપુરા,
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ.

પી. જે. જસાણી,
જનરલ મેનેજર.
આશીમા સ્પીનફેબ,
(એ ડીવીઝન ઓફ આશીમા લીમીટેડ),
અમદાવાદ.

જે. જી. મુખી,
સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬.
અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૨૪મી ડિસેમ્બર, ૨૦૦૨.

અમદાવાદ, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬.
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૯૨૧-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, સૌરાષ્ટ્ર કો. ઓપ. સ્પીનીંગ મીલ., લીંબડી અને મજૂર મહાજન સંઘ, લીંબડી વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ ના ફેબ્રુઆરી, માસના ૧૩માં દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. પી. ચાવડા, ઔદ્યોગિક અદાલત, રાજકોટની કોર્ટ-૨ સમક્ષ.

રેફરન્સ (આઇ.સી.) નં. ૬/૯૯.

મજૂર મહાજન સંઘ, લીંબડી. ... ... **પ્રથમ પક્ષકાર ;**
C/o. એન. જી. વાલેરા, ઠે. ગુજરાત હાઉસીંગ બોર્ડ,
લીંબડી.

અને

સૌરાષ્ટ્ર કો. ઓપ. સ્પીનીંગ મીલ., લીંબડી ... ... **બીજા પક્ષકાર.**

પ્રથમ પક્ષકાર તરફે :- યુનિયન પ્રતિનિધિ શ્રી એમ. સી. પંડયા.

બીજા પક્ષકાર તરફે :- વકીલ શ્રી એસ. બી. ગોગીયા તથા લીકવીડેટર વતી
લેબર-વેલ્ફર ઓફીસર શ્રી એચ. એસ. દેસાઇ.

હુકમ

અરજદારે સદર અરજી મુંબઇ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ ની કલમ-૭૩એ હેઠળ દાખલ કરી સામાવાળા મીલનું તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૮ થી વીજ કનેકશન કપાઇ દવાથી ઉત્પાદન પ્રક્રિયા બંધ થવાથી મીલમાં કામ કરતાં કામદારોને જ્યારે પણ ગ્રેજ્યુઇટી ચુકવવાનો પ્રશ્ન આવે ત્યારે મીલના તમામ કામદારોને બંધ સમય, એપ્રેન્ટીસ પીરીયડ તેમજ શીખાઉ કારીગર તરીકેનો પીરીયડ વિગેરે તેમની સળંગ સર્વીસની નોકરીમાં આ સમય કાપી નાખ્યા વગર તેમને જ્યારથી દાખલ થયા હોય ત્યાર થી તેઓને ગ્રેજ્યુઇટી ચુકવાય તે રીતે સળંગ નોકરી ગણવા માટેની દાદ માંગતી અરજી કરેલ છે.

INDEX

સદર કેસ આગળ ચાલે તે પહેલા જ પક્ષકારોએ અદાલતમાં હાજર થઈ આંક-૭ થી સમાધાન પુરશીસ રજુ કરી સમાધાન કરેલ છે તેમાં જણાવેલ શરતો તેઓને કબુલ મંજુર હોવાથી સમાધાન કરવામાં આવે છે. અને કેસ ફેસલ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૩.

એમ. પી. ચાવડા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત
(ગુજરાત રાજ્ય), રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

[અંક - ૧૪

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 14, *Gujarat Government Gazette*, Part I—L, dated 3rd April, 2003 and for pages VAD-3463 to VAD-3878 (in 1 set) *read* page Nos. 5947 to 6362.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલના અંક ૧૪માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૩૪૬૩ થી વીએડી-૩૮૭૮ (૧ બંચમાં) ને પાન નંબર ૫૯૪૭ થી ૬૩૬૨ વાંચવા.

Vadodara, 3rd April, 2003.

J. A. SHAH,

MANAGER,

GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,

VADODARA.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૩૭/૫.૫/આઇડીઆર/એજે/૧૨૫/૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી ક્રિષ્ણા કેશવ લેબોરેટરીઝ લી., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માંટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧. સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને સને ૨૦૦૦-૨૦૦૧ના વર્ષનું બોનસ કામદારની કુલ વાર્ષિક આવકના ૨૦% પ્રમાણે ચુકવવું કે કેમ ?

૨. સદર બોનસની કુલ રકમ તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૦૧ સુધીમાં તમામ કામદારોને ચુકવી આપવી કે કેમ ?

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૩૮/૫.૫/આઇડીઆર/એજે/૧૨૪/૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સીન બાયોટીક્સ લી., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નં.-૧, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

એ. એસ. ઇ. તેમજ તેના અન્ય યુનિટોમાં પ્રવર્તમાન પગારના ધારાધોરણ મુજબ સ્ટાફ કેટેગરીના તમામ કર્મચારીઓને તેમની વર્તમાન ગ્રેડમાં ૧૨ વર્ષની નોકરી પુરી થયા બાદ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૬ની કટ ઓફ ડેઇટથી ઉપલા ગ્રેડમાં પ્રમોશન આપવામાં આવેલ છે. વડોદરા સ્થિત એ.એસ.ઇ. ના તમામ યુનિટો તથા સીન બાયોટીક્સમાં કામ કરતાં તમામ કર્મચારીઓ માટે નોકરીની શરતો સમાન ધોરણે લાગુ પડતી હોઇ સીન બાયોટીક્સના સ્ટાફ કર્મચારીઓને પણ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૬ અને ત્યારબાદ તેમની વર્તમાન ગ્રેડમાં ૧૨ વર્ષની નોકરી પુરી થયા તારીખથી ઉપલી ગ્રેડમાં પ્રમોશન આપવા કે કેમ ?

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૩૯/૫.૫/આઇડીઆર/એજે/૧૧૩/૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જનરલ મોટર્સ ઈન્ડીયા લી., હાલોલ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧. કંપનીમાં કામ કરતાં કામદારોને હાલમાં મળતાં પગાર (બેઝીક)ના ચાલીસ ટકા (૪૦%) માસિક પગાર વધારો દરેક કામદારોને આપવો કે કેમ ?

૨. દરેક કામદારોને એન્જીનીયરીંગ વેજ બોર્ડ પ્રમાણેનું મોંઘવારી ભથ્થું દર મહીને આપવું કે કેમ ?

૩. કામદારોને હાલમાં જે ઘરભાડા ભથ્થું મળે છે તે ઉપરાંત માસિક રૂા. ૧,૦૦૦ દરેક કામદારોને ઘરભાડા ભથ્થું આપવું કે કેમ ?

૪. કામદારોને હાલમાં જે મેડીકલ એલાઉન્સ મળે છે તે ઉપરાંત માસિક રૂા. ૫૦૦ દરેક કામદારોને મેડીકલ એલાઉન્સ આપવું કે કેમ ?

INDEX

૫. કામદારોને હાલમાં જે વોશીંગ એલાઉન્સ મળે છે તે ઉપરાંત માસિક રૂા. ૧૫૦ દરેક કામદારોને વોશીંગ એલાઉન્સ આપવું કે કેમ ?

૬. દરેક કામદારોને દર વર્ષે ૫,૦૦૦ (પાંચ હજાર) કીલોમીટર સુધીની મુસાફરી માટે લીવ ટ્રાવેલ એલાઉન્સ આપવું કે કેમ ?

૭. કામદારોને હાલમાં વર્ષે ભરપગારી જે રજાઓ મળે છે તે રજાઓમાં નીચે જણાવ્યા મુજબની રજાઓને વધારો કરી આપવો કે કેમ ?

(ક) હક્ક રજા - ૮ દિવસ

(ખ) આકસ્મિક રજા - ૫ દિવસ

(ગ) માંદગીની રજા - ૫ દિવસ

(ઘ) તહેવારમી રજા - ૩ દિવસ

(ચ) દરેક કામદારોને ૭૫ દિવસ સુધીની હક્કરજા ભેગી કરવા દેવી.

૮. દરેક કામદારોને વાહન ખરીદવા માટે રૂા. ૫૦,૦૦૦ (પચાસહજાર પુરા)ની લોન કંપનીએ વગર વ્યાજે આપવી અને કામદારોને પોસાય તેવા પાંચ વર્ષનાં સરળ હપ્તેથી કાપવી કે કેમ ? તદ્ઉપરાંત દર વર્ષે રૂા. ૫,૦૦૦ (પાંચ હજાર) ગ્રેઈનલોન તરીકે આપવી અને તેના ૧૨ માસમાં સરળ હપ્તે વસુલ કરવા કે કેમ ?

૯. કંપનીમાં કામ કરતાં કામદારો માટે ઉપલી કક્ષામાં બઢતી આપવા માટે નીચે મુજબની પ્રમોશન પોલીસી નક્કી કરવી કે કેમ ? પ્રમોશન આપવા માટેના ધોરણ નીચે મુજબના મુદ્દાઓ આધારીત રાખવા કે કેમ ?

(ક) સીનીયોરીટી માટે ૬૦%

(ખ) એક્ષપીરીયન્સ (અનુભવ) માટે ૪૦%

૧૦. કામદારોને હાલમાં તેમના બાળકોના શિક્ષણ માટે જે શિક્ષણ ભથ્થું મળે છે તે ઉપરાંત માસિક રૂા. ૪૦૦ દરેક કામદારોને શિક્ષણ ભથ્થું આપવુ કે કેમ ?

૧૧. કંપનીમાં કામ કરતા દરેક કામદારોનું દર બે મહિને કંપનીના ખર્ચે મેડીકલ ચેકઅપ કરાવવું કે કેમ ?

૧૨. કામદારો માટે પ્રોડકશન લેવાની જે પ્રથા છે તેમાં સુધારો કરવો કે કેમ ? કોઈપણ કારણસર ઉત્પાદન પ્રક્રિયા ખોરવાઈ ગઈ હોય તે સમયને ટાઈમ લોસ તરીકે ગણવો કે કેમ ?

INDEX

૧૩. યુનિયનના આગેવાનોને કંપનીની પ્રિમાયસીસમાં ઓફીસની જગ્યા આપવી કે કેમ ? અને તે ઓફીસમાં ટેલીફોન, ટેબલ, ખુરશીઓ, પંખા વગેરે સગવડ આપવી કે કેમ ?

૧૪. દરેક કામદારોને લીવ એન્કેશમેન્ટ ગ્રોસ સેલેરી ઉપર આપવું કે કેમ ?

૧૫. દરેક કામદારોનું મેડીકલ પ્રીમીયમ કંપનીએ ભરવું કે કેમ ?

૧૬. એટેન્ડન્સ (એ.આઈ.બી) પોલીસીમાં નીચે મુજબના સુધારાઓ કરવા કે કેમ ?

(ક) દર વર્ષે કંપની હક્કરજા (પી.એલ.) તથા અન્ય રજાઓ કંપની પોતાના માટે કાપે છે તે રજા એકપણ ન કાપવી જોઈએ કે કેમ ?

(ખ) દર વર્ષે કંપની કામદારને સી.એલ. આપે છે તે સી.એલ. રજા બે દિવસ અગાઉ કામદારને પાસ કરાવવી પડે છે તેમાં પણ સુધારો કરી તેજ દિવસે અથવા લીવ લીધેલ હોય તેના પછીના દિવસે કામદાર આવીને રજા પાસ કરાવી શકે તેવી જોગવાઈ કરવી કે કેમ ?

(ગ) સીકલીવ (એસ.એલ.) માં કોઈપણ ડૉક્ટરનું સર્ટીફીકેટને કંપનીએ પાસ કરવું અને અકરન્સ ના લાગવી જોઈએ કે કેમ ?

(ઘ) એલ. ડબલ્યુ. પી. લીવમાં ફક્ત બેઝીક કાપવું જોઈએ, બીજા એલાઉન્સીસ ન કાપવા જોઈએ કે કેમ ?

(ચ) હોલી ડે વીક એન્ડમાં આવતું હોય તો તેનો ઓવરટાઈમ ગણીને તેનો પગાર આપવો કે કેમ ?

(છ) ઓવરટાઈમમાં અકરન્સ પ્રથાઓ અમલ ન થવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૪૦/૫.૫/આઇડીઆર/એજે/૧૨૧/૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તમામ ખાતામાં કામ કરતા કર્મચારીઓ જેવા કે, ટેમ્પરરી, રોજીંદા, સ્ટોપગેપ, એક્ટીંગ કે અન્ય રીતે નિમાયેલા હોય અને કામ કરતાં હોય તેવા કર્મચારીએ પાંચ વર્ષ અને નવસો દિવસની નોકરી પુરી કરે તે તારીખથી તેઓને કાયમી ગણવા/કરવા કે કેમ ? અને તેઓને કાયમી કર્મચારીઓના લાભ આપવા કે કેમ ?

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૪૧/૫.૫/આઇડીઆર/એજે/૪૯/૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સીસ્ટ્રોનીક્સ નરોડા, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

સ્ટાફના કર્મચારીઓનું ગ્રેડમાં ફીટમેન :- કંપનીમાં કામ કરતાં સ્ટફના કર્મચારીઓના તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ના રોજ મળતા મૂળ પગારમાં રૂા. ૧૭૦૦-૦૦નો પગાર વધારો તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧થી આપવો કે કેમ ? જો સ્ટાફ કર્મચારી પોતાના ગ્રેડમાં આવતા સ્કેલમાં ફીટ ન થાય તો તે કામદારને નજીકના ઉપરના સ્કેલમાં મુકવો કે કેમ ? અને ત્યારબાદ સને ૨૦૦૦ના વર્ષનું ઈન્ક્રીમેન્ટ નવા સુધારેલ સ્કેલ અને ગ્રેડ મુજબ તેના મૂળ પગારમાં આપવું કે કેમ ?

(૨) **મોંઘવારી ભથ્થાઓ :-** (અ) સ્થાયી મોંઘવારી ભથ્થું:--કંપનીમાં કામ કરતા તમામ કામદારો / સ્ટાફને તેમના મૂળ પગાર ઉપરાંત દર મહીને રૂા. ૧૫૦૦/- સ્થાયી મોંઘવારી ભથ્થાં તરીકે તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧થી આપવો કે કેમ ?

(અ) અસ્થાયી મોંઘવારી ભથ્થું:--કંપનીમાં કામ કરતા તમામ કામદારો / સ્ટાફના કર્મચારીઓને દર મહીને તેમના મૂળ પગાર, સ્થાયી મોંઘવારી ભથ્થાં ઉપરાંત ઓલ ઈન્ડીયા કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ બેઈઝ (૧૯૪૯-૧૦૦)ના પ્રમાણે ગણતાં ૨૦૦૦ આંક ઉપર એકપણ આંક વધે તે દરેક એક આંકના રૂા. ૪/-લેખે ગણતરી કરી તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧થી દર મહીને અસ્થાયી મોંઘવારી ભથ્થાં તરીકે આપવો કે કેમ ? એપ્રિલ ૨૦૦૧ના પગારની ગણતરી માટે ફેબ્રુઆરી ૨૦૦૧ના જાહેર થયેલ આંક ગણવા કે કેમ ?

(૩) **અન્ય ભથ્થાંઓ :-**

(અ) મકાન ભાડા ભથ્થું :--કંપનીમાં કામ કરતાં તમામ કામદારો / સ્ટાફને રૂા. ૮૦૦ માસિક મકાનભાડા ભથ્થા તરીકે દર મહીને તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧થી આપવા કે કેમ ?

(બ) કન્વેયન્સ એલાઉન્સ :--કંપનીમાં કામ કરતાં તમામ કામદારો / સ્ટાફને રૂા. ૫૦૦/- માસિક કન્વેયન્સ એલાઉન્સ તરીકે તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧થી ચુકવી આપવું કે કેમ ?

(ક) શિક્ષણ ભથ્થું :--કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફને રૂા. ૭૦૦/ માસિક શિક્ષણ ભથ્થા તરીકે તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧થી ચુકવી આપવા કે કેમ ?

INDEX

(ડ) કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફને દર બે વર્ષે એક રેઇનકોટ (ડગબેક કંપનીનો) આપવો કે કેમ ?

(૬) **બોનસ :-** કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફને તેઓની કુલ વાર્ષિક આવકની ૨૦ટકા પ્રમાણે આપવું કે કેમ ?

(૭) **ગ્રેજ્યુઇટી :-** કંપનીમાં કામ કરતાં કામદારો જ્યારે નોકરીમાંથી નિવૃત થાય કે, નોકરીમાંથી રાજીનામું આપી છુટા થાય કે તેમની નોકરીનો અંત કોઇપણ કારણોસર આવે ત્યારે તે કામદારો/સ્ટાફે જેટલા વર્ષની નોકરી કરી હોય તે દરેક વર્ષદીઠ ૩૦ દિવસનો પગાર ગણી તેટલી રકમ ગ્રેજ્યુઇટી તરીકે ચુકવવી કે કેમ ?

(૮) **કેન્ટીન સુવિધા :-** કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફ માટે કંપનીએ કેન્ટીનની સુવિધા ઉભી કરી નીચે જણાવેલ ચીજ વસ્તુઓ સબસીડાઇઝ ભાવથી આપવી કે કેમ ?

(૧) ચા	-	૦-૨૫ પૈસા
(૨) નાસ્તો	-	૧-૫૦ પૈસા ૧૦૦ ગ્રામ દીઠ
(૩) બપોરનું ભોજન અથવા રાત્રીનું ભોજન	-	૫-૦૦ થાળી દીઠ

(૯) **લોનની સુવિધા :-** કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને નીચે જણાવ્યા મુજબ લોન આપવી કે કેમ ?

(અ) અંગત લોન :- તમામ કામદારો/સ્ટાફને રૂા. ૧૦,૦૦૦/- અંગત લોન તરીકે આપવી અને ૫૦ સરખા હપ્તે વગર વ્યાજે વસુલ કરવી.

(બ) મકાન લોન :- તમામ કામદારો/સ્ટાફને પોતાના રહેઠાણ માટે મકાન બનાવવા કે મકાન રીપેરીંગ કરાવવા રૂા. ૧,૦૦,૦૦૦/- મકાન લોન તરીકે આપવા.

(૧૦) **નિવૃત્ત-કમ-મૃત્યુ લાભ :-**

(અ) કંપનીમાં કામ કરતાં કોઇ કામદાર/સ્ટાફનું અવસાન થાય ત્યારે તેની અંતિમક્રિયા માટે રૂા. ૫૦૦૦/- તેના વારસદારને (અંતિમક્રિયા માટે) તાત્કાલિક ચુકવી આપવા કે કેમ ?

(બ) કંપનીમાં કામ કરતાં કામદારો/સ્ટાફનું અવસાન થાય કે નોકરીમાંથી નિવૃત થાય ત્યારે રૂા. ૧,૦૦,૦૦૦/- જે તે કામદાર અથવા તેના વારસદારને ચુકવી આપવા કે કેમ ?

(૧૦) **ટ્રેડ યુનિયન સુવિધા :-** કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફના આગેવાનોને યુનિયનની મીટીંગ, સંમેલનો, સેમીનારો કે કામદાર શિક્ષણવર્ગ માં જવા-આવવાનો

INDEX

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૨, અમદાવાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સને ૧૯૯૮-૯૯, ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૨૦૦૧ નું વર્ગ-૪ના કર્મચારીઓને સરકારશ્રીના ધારા-ધોરણ અનુસાર એડહોક બોનસ ચુકવી આપવું કે કેમ ?

અમદાવાદ, ૧૮મી ડીસેમ્બર, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૪૮/૫.૫/આઇડીઆર/એજે/૮૨/૨૦૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઇન્ડીયન રેયોન એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લી. વેરાવળ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩-આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૨, રાજકોટને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

પ્રમાણે રૂા. ૦૨-૫૦ પૈસા પ્રતિમાસ, પ્રતિયુનિટ પ્રમાણે આપવું જોઈએ કે કેમ ?

(૪) **અતિરિક્ત મોંઘવારી ભથ્થું :-** કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફ સભ્યાને નીડ વેઇઝ મીનીમમ સુધી લઇ જવા અને બજારમાં પ્રાઇઝ રાઇઝને સરભર કરવા તેના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના (બેઝીક + ડી. એ.) પગારમાં ૧૫% (પંદર ટકા) અતિરિત મોંઘવારી ભથ્થું આપવું જોઇએ કે કેમ ?

(૫) **ગ્રેજ્યુઈટી પેમેન્ટના સુધારા અંગે :-** કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફ સભ્યોને નીચે જણાવ્યા મુજબ ગ્રેજ્યુઈટી ચુકવવી જોઈએ કે કેમ ?

(એ) જે કામદાર/સ્ટાફ સભ્યોની સર્વીસ દશ વર્ષ કરતાં ઓછી હોય તેઓને ગ્રેજ્યુઈટી એકટ મુજબ ચુકવવી.

(બી) જે કામદાર/સ્ટાફ સભ્યોની સર્વીસ દશ વર્ષ કરતાં વધુ અને પંદર વર્ષ કરતાં ઓછી હોય તેમને વર્ષ દીઠ દિવસ અઢાર લેખે ગ્રેજ્યુઈટી ચુકવવી.

(સી) જે કામદાર/સ્ટાફ સભ્યોની સર્વીસ પંદર વર્ષ કરતાં વધુ અને વીસ વર્ષ કરતાં ઓછી હોય તેમને વર્ષ દીઠ એકવીસ દિવસ લેખે ગ્રેજ્યુઈટી ચુકવવી.

(ડી) જે કામદાર/સ્ટાફ સભ્યોની સર્વીસ વીસ વર્ષ કરતાં વધુ અને પચીસ વર્ષ કરતાં ઓછી હોય તેમને વર્ષ દીઠ છવ્વીસ દિવસ લેખે ગ્રેજ્યુઈટી ચુકવવી.

(ઈ) જે કામદાર/સ્ટાફ સભ્યોની સર્વીસ પચીસ વર્ષથી વધુ હોય તેમને વર્ષ દીઠ ત્રીસ દિવસ લેખે ગ્રેજ્યુઈટી ચુકવવી.

(એફ) જે કામદાર/સ્ટાફ સભ્યનું નોકરી દરમ્યાન મૃત્યુ થાય તેમને તેના કરેલ કામના વર્ષ માટે ત્રીસ દિવસ લેખે ગ્રેજ્યુઈટી ચુકવવી.

(૬) **જનરલ ઈન્સ્યોરન્સ અંગે :-**કંપનીમાં કામ કરતાં કોઈપણ કામદાર/સ્ટાફ સભ્ય કોઈ કારણસર કોઈપણ જગ્યાએ મૃત્યુ પામે ત્યારે તેના પરિવારની સામાજીક સુરક્ષાને ધ્યાનમાં લઈ રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ)નો વિમો કરાવવો જોઈએ કે કેમ ?

(૭) **મેડીકલ કલેઈમ અંગે :-**કંપનીનો ઉદ્યોગ કેમીકલ ઈન્ડસ્ટ્રીઝની વ્યાખ્યામાં આવતો ઉદ્યોગ છે તેમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફ સભ્યોને જુદી જુદી જાતની બિમારીઓ દિવસે દિવસે વધતી જાય છે તે મુદ્દાને ધ્યાનમાં લઈ તે કામદાર/સ્ટાફ અને તેના પરિવારના સભ્યોની / આશ્રિતોની રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)ની મેડીકલેઈમ પોલીસી સામુહિક રીતે ચાલુ કરવી જોઈએ કે કેમ ?

(એમ) કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફ સભ્યોને તેના યુનિફોર્મ સીવડાવવા માટે દર વર્ષે સીલાઇ પેટે રૂા. ૩૦૦/- સીલાઇ ભથ્થું આપવું.

(એન) હાલમાં રૂા. ૮૨/- વોશીંગ એલાઉન્સ મળે છે તેની જગ્યાએ રૂા. ૧૨૫/- આપવું.

(ઓ) કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફ સભ્યોને કંપનીનું મકાન ફાળવવામાં આવેલ છે તેમને ૫૫(પંચાવન) યુનિટ ફ્રી મળે છે તેની જગ્યાએ ૧૦૦(એકસો) ઈલેકટ્રીક યુનિટ ફ્રી આપવા તેમજ વધારાના ઈલેકટ્રીક યુનિટ માટે જી. ઈ. બી.ના ધારા ધોરણ મુજબ બીલની રકમ કાપવી.

(પી) હાલમાં જે બદલી કામદારો ફરજ પર આવે છે એને તેમને રીટર્ન કરવામાં આવે છે ત્યારે તેમને રીટર્ન એલાઉન્સ રૂા. ૦૫-૦૦ આપવામાં આવે છે તેની જગ્યાએ રૂપિયા ૨૫-૦૦ આપવા.

(ક્યૂ) જે બદલી કામદારોએ કંપનીમાં પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોય તે તમામને કંપનીના ધારાધોરણ મુજબ મકાન ભાડું આપવું.

(આર) કંપનીમાં બોયલર હાઉસ, પાવર પ્લાન્ટ તેમજ અન્ય જગ્યાએ કે જ્યાં કામદારો લંચનો રીશેષ મળતી નથી તે તમામને એલાઉન્સ પેટે રૂા. ૧૦-૦૦ રોજના આપવા.

(એસ) સ્પીનીંગ વિભાગમાં કામ કરતાં તમામ કામદારોને હોલ કન્ડીશન (ગેસ-ગરમી) ને ધ્યાનમાં લઇ રૂા. ૨૦૦/-લેખે સ્પેશ્યલ પગાર વધારો આપવો.

(ટી) સ્પીનીંગ પ્રોડકશમાં કામ કરતાં ડોફીગ ગૃપના તમામ કામદારોને અઢાર ડોફ પછી ડોફ દીઠ રૂપિયા ૧૦-૦૦ (દશ રૂપિયા) ડોફ એલાઉન્સ આપવા.

(યુ) સ્પીનીંગ પ્રોડકશન ખાતામાં કામ કરતાં તમામ પેટ્રોલમેનોને કે જેઓને હાલમાં ફક્ત રૂપિયા ૦૦-૭૫ પૈસા પ્રતિ ડોફ લેખે એલાઉન્સ મળે છે તેની જગ્યાએ રૂપિયા ૦૧-૫૦ પૈસા ડોફ એલાઉન્સ આપવું.

(વી) કંપનીમાં કામ કરતાં તમામ કામદારો/સ્ટાફ સભ્યોને વરસાદની સીઝનમાં હાલ ભોગવવી પડે છે તે તમામને ત્રણ વર્ષે ડકબેગ કંપનીનો રેઇનકોટ આપવા.

(ડબલ્યુ) કંપનીના સ્પીનીંગ પ્રોડકશનમાં સી.એફ.એસ.સી.એફ, પી.સી. ઓફ સટડાઉન બ્રેક ડાઉન થાય ત્યારે તે મશીનો ડોફીંગ ગૃપના કામદારોને કરવા પડે છે અને તેના માટે તેને ટાઇમ મળતો નથી. જેથી સોર્ટ સી.એફ,

(૧૪) કંપનીના એ. ટી. પ્રો. વિભાગમાં વર્કલોડનું પ્રમાણ ઘણું ઉંચું છે અને તેઓને અત્યારે ફક્ત હેલ્પરનું જ બેનીફીટ આપવામાં આવે છે તો એ. ટી. પ્રોડકશન ખાતામાં કામ કરતા તમામ કામદારોના તેમના કામના વર્ગીકરણ પ્રમાણે ગ્રેડ પ્રમોશન તેમજ અલગ હોદ્દેઓ આપવા જોઇએ કે કેમ ?

(૧૫) કંપનીના એ. ટી. પ્રો. વિભાગમાં લોડીંગ અને અનલોડીંગ લાઇનના કામદારોને તેમના કામના પ્રકારને (હેવી વર્કલોડ) ધ્યાનમાં લઇ લોડીંગ અને અનલોડીંગ સાઇડના કામદારોને માસિક રૂા. ૨૦૦-૦૦ સ્પેશ્યલ એલાઉન્સ આપવું જોઇએ કે કેમ ?

(૧૬) કંપનીના એ. ટી. પ્રો. વિભાગમાં કામ કરતાં તમામ કામદારો જ્યારથી નિમણૂંક પામે છે અને રીટાયર્ડ થાય છે ત્યા સુધી તેઓ હેલ્પરમાંજ રહે છે તેઓ સાથે અન્યાય થઇ રહેલ છે તે અન્યાયને દૂર કરવા તમામને વર્ગીકરણ કરી નીચે મુજબના ગ્રેડમાં ફીટમેન્ટ આપવા જોઇએ કે કેમ ?

(૧) હેલ્પરને હેલ્પર ગ્રેડમાં

(૨) લોડરને સીનીયર હેલ્પર ગ્રેડમાં

(૩) અનલોડરને કોનર ગ્રેડમાં

(૪) રેપરને સ્પીનર ગ્રેડમાં

(૫) ગ્રુપ-કન્ટ્રોલર અને પ્રોસેસ કન્ટ્રોલરને પેટ્રોલમેનનો ગ્રેડ આપવો.

(૧૭) કંપનીના સ્પીનીંગ ખાતામાં ડોફીંગ ગૃપના કામ કરતાં કામદારોનો વર્કલોડ સી.ટી.સી. ના નામે વધારી એક ગૃપ તોડી પાડવામાં આવેલ છે. જેના કારણે ડોફીંગ ગૃપના કામદારો થાકી જાય છે. જેની અસર ક્વોલીટી તેમજ ગોડેડ વેસ્ટ પર થાય છે અને કામદાર પણ હેરાન-પરેશાન થાય છે. સંસ્થા પણ ગૃપ ઓછું કરવાને લીધે ખોટ કરે છે જેથી આ બાબતે ધ્યાનમાં લઇ દર શીફ્ટમાં એક ગૃપ વધારવા અને તે કામદારોનો અઢાર ડોફનો લોડ ફિક્સ કરવા જોઇએ કે કેમ ?

(૧૮) કંપનીના કામ કરતાં કામદારોએ એકજ કેટેગરીમાં દર વર્ષે પુરા કરેલ હોય તેમને અપગ્રેડ આપે છે પરંતુ થયેલ કામદાર જે પ્રમોશન મેળવેલ હોય અને તે ગ્રેડમાં પણ દશ વર્ષ પૂર્ણ કરેલ હોય તેને પણ અપગ્રેડેશન આપવું કે કેમ ? સાથે સાથે જે કામદારો દશ વર્ષમાં અપગ્રેડ થયેલ હોય તેમને તે દિવસથી બીજા દર પાંચ વર્ષે અપગ્રેડ આપવો જોઇએ કે કેમ ?

(૧૯) કંપનીના કામ કરતાં જે કામદારો/સ્ટાફ સભ્યોને ૨૫૦ ગ્રામ દૂધ આપવામાં આવે છે તેમને તેની જગ્યાએ ૫૦૦ ગ્રામ દૂધ આપવુ કે કેમ ? સાથે સાથે જે કામદારો/

INDEX

(૨૬) કંપનીમાં કામ કરતાં કામદારો/સ્ટાફના સંતાનોના લગ્ન પ્રસંગે તેમજ અવલંબિત પરિવારની વ્યાખ્યામાં જે આવતા હોય તે વ્યક્તિના મૃત્યુ સમયે ઓછામાં ઓછી ક્રમશ : ૫૦,૦૦૦ અને ૨૦,૦૦૦/- ની એડવાન્સ લોન વિના વ્યાજે આપવી જોઇએ કે કેમ ? તથા તેની રીકવરી પાંચ વર્ષ અને બે વર્ષના ગાળામાં કરવી જોઈએ કે કેમ ?

(૨૭) કંપનીમાં કામ કરતાં કામદારો/સ્ટાફ કે જેઓને ખતરનાક મોટી બિમારી હોય તેવા સંજોગોને ધ્યાનમાં લઇ તેની સારવાર અર્થે રૂા. ૫૦,૦૦૦/- સુધીની લોન વગરવ્યાજે આપવી કે કેમ ? તથા તેની રીકવરી પાંચ વર્ષના ગાળામાં કરવી જોઇએ કે કેમ ?

(૨૮) કંપનીમાં કર્મચારી કવાટરની અછત છે તેને પુરી કરવા સારી કવોલીટીના સ્લેબવાળા બે રુમ, રસોડું, સંડાસ, બાથરુમ ૧૦૦(એકસો) કવાટર બનાવી આપવા જોઇએ કે કેમ ?

(૨૯) કંપનીમાં અત્યારે મીકેનીકલ તેમજ અન્ય સાઇડોમાં કોન્ટ્રેકટરથી કામ લેવાની પ્રથા વધી રહેલ છે. જે કાયદાની દૃષ્ટિએ વ્યાજબી નથી. તે કોન્ટ્રેકટ પ્રથા બંધ કરી કંપનીના કામદારો પાસેથી તે કામ કરાવવામાં આવે કે કેમ ? પરંતુ જ્યાં તે અશકય છે ત્યાં પણ કોન્ટ્રેકટ થકી કામ કરતાં તમામ કામદારોને સમાન કામનું સમાન વેતન સિધ્ધાંત મુજબ કંપનીના ધારાધોરણ મુજબ પગાર અને સુવિધાઓ આપવી જોઇએ કે કેમ ?

(૩૦) કંપનીના ગેસ્ટહાઉસમાં કામ કરતાં તમામ કામદારોને આઈડેન્ટીકાર્ડ તેમજ પંચીંગ કાર્ડ આપવા કે કેમ ? અને તેઓના કામના કલાકો ફેકટરી એકટ મુજબ આઠ કલાકથી વધારે લેવા કે કેમ ? તેમજ વધારાના સમય માટે ઓવરટાઈમ આપવો જોઈએ કે કેમ ?

(૩૧) કંપનીના ગાર્ડનમાં કામ કરતાં (માળીનું કામ) કામદારોને કંપનીના રોલ ઉપર લઈ કંપનીના કામદારો ગણી તેમને મળતાં તમામ લાભો આપવા જોઈએ કે કેમ ?

(૩૨) કંપનીમાં કોઈપણ ખાતામાં કામદારનું મૃત્યુ થયેલ હોય, રીટાયર્ડ થયેલ કે રાજીનામું આપેલ કામદારની ખાલી પડેલ જગ્યાએ ત્રણ માસની અંદરમાં સીનીયોરીટી મુજબ પ્રમોશન આપી જગ્યાઓ ભરવી જોઈએ કે કેમ ?

(૩૩) કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને ફેકટરી પર આવવા જવા માટે પ્રભાસ પાટથી વેરાવળ સુધીની બસ સુવિધા વિનામુલ્યે આપવી જોઈએ કે કેમ ?

INDEX

(૫) ૨૯૫-૪૦-૪૯૫-૪૫-૭૨૦-૫૦-૧૨૨૦-૬૦-૨૧૨૦

(૬) ૩૧૫-૪૫-૫૪૦-૫૦-૭૯૦-૫૫-૧૩૪૦-૬૦-૨૨૪૦

(૭) ૩૨૫-૫૦-૫૭૫-૫૫-૮૫૦-૬૦-૧૪૪૦-૬૫-૨૪૨૫

(૮) ૩૫૦-૫૫-૬૨૫-૬૫-૯૫૦-૭૫-૧૭૦૦-૮૫-૨૯૭૫

(૯) ૩૯૦-૬૫-૭૧૫-૮૫-૧૧૪૦-૧૦૦-૩૧૪૦

સુધારેલા નવા ગ્રેડ આપવા અંગે (નીચે પ્રમાણે)

(૧) ૩૦૦-૩૦-૬૦૦-૪૦-૧૦૦૦-૫૦-૧૫૦૦

(૨) ૩૨૫-૪૦-૭૨૫-૫૦-૧૨૨૫-૬૦-૧૮૨૫

(૩) ૩૫૦-૫૦-૮૫૦-૬૦-૧૪૫૦-૭૦-૨૧૫૦

(૪) ૪૦૦-૬૫-૧૦૫૦-૮૦-૧૮૫૦-૯૫-૨૮૦૦

(૫) ૪૫૦-૮૦-૧૨૫૦-૧૦૦-૨૨૫૦-૧૨૦-૩૪૫૦

(૬) ૫૦૦-૧૦૦-૧૫૦૦-૧૨૦-૨૭૦૦-૧૫૦-૪૨૦૦

(૭) ૫૫૦-૧૨૦-૧૭૫૦-૧૫૦-૩૩૦૦-૧૮૦-૫૧૦૦

(૮) ૬૫૦-૧૫૦-૨૧૫૦-૧૮૦-૩૯૫૦-૨૧૦-૬૦૫૦

(૯) ૭૫૦-૧૮૦-૨૫૫૦-૨૧૦-૪૬૫૦-૨૪૦-૭૦૫૦

(૧૦) ૮૫૦-૨૧૦-૨૯૫૦-૨૪૦-૫૩૫૦-૨૭૫-૮૧૦૦

અમદાવાદ, ૧૮મી ડીસેમ્બર, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૫૦/૫.૫/આઇડીઆર/એજે/૧૩૬/૨૦૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ

INDEX

સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત કમ્પોઝીટ લી. દિગ્વીજયનગર કાળીગામ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર અમદાવાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કંપનીમાં કામ કરતાં જે કામદારોને તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૨ના રોજથી જે તે દિવસે કામ આપવામાં ન આવે તે દિવસોનો પુરેપુરો પગાર તમામ લાભો-સવલતો સહિત ભરપાઈ કરી આપવો કે કેમ ?

અમદાવાદ, ૧૯મી ડીસેમ્બર, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૫૧૨/૨૦૦૨.–શ્રી હ. દા. ગામીત,

મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) માઈક્રોવેવ કોમ્યુનિકેશન લી. (૨) મેસર્સ ડીઝાઈન કમ્બાઈન સુરત અને તેના કામદાર શ્રીમતી મીઠીબેન નારણભાઈ બારૈયા વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઈસીઆઈ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪)થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી મીઠીબેન નારણભાઈ બારૈયાને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૪૯૪/૨૦૦૨.–શ્રી હ. દા. ગામીત,

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૩૦૫/૨૦૦૨.–શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જળ સંપતિ સંશોધન પેટા વિભાગ, સુરત અને તેના કામદાર શ્રીમતી ધનગૌરી ધનસુખભાઈ સારંગ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઈસીઆઈ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪)થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી ધનગૌરી ધનસુખભાઈ સારંગને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૫૬૦/૨૦૦૨.–શ્રી આર. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી ઉમલદા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ઉમલદા, તા. સોનગઢ અને તેના કામદાર શ્રી ચમાભાઈ નરસીંહભાઈ ચૌધરી વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી આર. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઈસીઆઈ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪)થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ચમાભાઈ નરસીંહભાઈ ચૌધરીને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૨.

આર. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૫૧૫/૨૦૦૨.–શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રીનાથ ટ્રાવેલ્સ, સહરા દરવાજા, સુરત અને તેના કામદાર શ્રી સાજન એમ. ડી. મકરુદીન વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઈસીઆઈ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪)થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સાજન એમ. ડી. મકરુદીનને તેમના પડેલા દિવસોનો પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૪૦૧/૦૨.–શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કિરણ મોટર્સ લી., પરવત પાટીયા, સુરત અને તેના કામદારશ્રી જીતેન્દ્રભાઈ અરવિંદભાઈ કંસારા વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧-૭-૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/૨૯૦૪-એમ(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જીતેન્દ્રભાઈ અરવિંદભાઈ કંસારાને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૫૫૬/૦૨.–શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત સીમેન્ટ પાઈપ ડેપો, કડોદરા, ચાર રસ્તા સુરત અને તેના કામદારશ્રી વસંત રતિલાલ ગામીત વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧-૭-૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/૨૯૦૪-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વસંત રતીલાલ ગામીતને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૩૨૦/૦૨.–શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મન કામેશ્વર શીવમંદીર તથા અન્ય કમીટી સભ્યો વિ. ૮ ખોજપારડી તા. બારડોલી અને તેના કામદારશ્રી ગોરધનલાલ શાંતીલાલ જાની ૧૬૯, વિવેકાનંદ ટાઉનશીપ સાર્થક રો હાઉસની બાજુમાં, સુરત વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧-૭-૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/૨૯૦૪-એમ(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગોરધનલાલ શાંતીલાલ જાનીને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએસએચ/એમજી/આઇડીએ/સુ/૨૨/૨૦૦૨/આઈડીઆર/એજે/.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) ટીન એજર્સ ટેલર્સ (૩) એન. એસ. ટેલર્સ (૩) વિકાસ ટેલર્સ, સોની ફળીયા, સુરત અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રી સુરતને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક .... હેઠળ રચાયેલી કોર્ટ નં. ૧ ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

માંગણીનં:- ૧: પીસ રેટમાં વધારો:- સંસ્થામાં હાલમાં શર્ટ મેકર, પેન્ટ મેકર, કોટ મેકર સફારી, જેકેટ, પેન્ટ કટર, શર્ટ કટર, સફારી કટર, કોટ કટર વેસ્ટ કોટ કટર, ઈસ્ત્રી કરનારા, ગાજ બટન કરનારા વિગેરે કામો માટે કામ કરનારા કામદારોને હાલમાં જે ભાવ વધારો તેમજ ફીકસ પગારવાળાને ૨૦ % પગાર વધારો હાલમાં પગાર ઉપરાંત તા. ૧-૧-૦૧ના વર્ષથી ચુકવી આપવો કે કેમ?

માંગણીનં:- ૨: વાર્ષિક ઈજાફો સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને દર વર્ષે વાર્ષિક ઈજાફો વર્ષે દરેક પીસ ઉપર રૂા. ૧૦ = ૦૦ દર વર્ષે વર્ષ પુરૂ થાય એટલે વાર્ષિક ઈજાફો આપવો કે કેમ?

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએસએચ/એમજી/આઇડીએ/સુ/૨૧/૨૦૦૨/આઈડીઆર/એજે/.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મ્યુ. કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રી સુરતને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી..........................ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧. સંસ્થા સુરત મહાનગરપાલિકા, સુરતના આસી. કમિશનરશ્રીએ તારીખ ૧૧મી જૂન, ૧૯૯૯ના કચેરી હુકમ નં. જી.એડી./ઈએસટી/આઇ/૩૨માં સેન્ટ્રલ ઝોન લોકસેવા વિભાગના વોર્ડ નં. ૬ માં બેલદાર કમ-પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી કાળીદાસ એચ. સેનવાને હવે પછીનો એક (૧) વાર્ષિક ઈજાફો ભવિષ્યની અસર સાથે અટકાવવાનો તેમજ તેઓને ફરજ પર પુન:સ્થાપિત કરવાનો હુકમ તથા તેઓની ફરજ મોકુફી હેઠળની જમા નીકળતી રજામાં ગણવાનો જે હુકમ બી.પી.એમ.સી. એકટની કલમ-૫૬(૨)ની જોગવાઈ મુજબનો છે કે કેમ? જો ન હોય તો સદરહુ કચેરી હુકમમાં તેઓની ફરજ મોકુફી હેઠળનો સમય નીકળતી રજામાં ગણવાનો અને રજા નીકળતી ન હોય તો વગર પગારની રજા તરીકે ગણવાના હુકમને રદબાતલ કરવો કે કેમ?

INDEX

દફતરી હુકમ નં. ૫૬૨/૯૫થી આગામી વાર્ષિક પગાર વધારો પાંચ વર્ષ (૦૫) માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ કરેલ ખાતાકીય પ્રથમ અપીલમાં સજામાં ઘટાડો કરી ત્રણ (૦૩) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ કરેલ જે ઉપર બીજી ખાતાકીય અપીલ રદ કરવામાં આવેલ આ શિક્ષાત્મક હુકમ રદ્દ કરવા અને કામદારને થયેલ તમામ આર્થિક નુકશાન પાછલી અસર સહીત ભરપાઈ કરી આપવું કે કેમ?

સુરત, તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૦૨.

ડી. કે. પટેલ,
નાયબ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આરએજે/૧૮૦/૨૦૦૨/આર.ટી.–મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નાયબ વન સંરક્ષણ શ્રી વિસ્તરણ વર્તુળ બહુમાળી ભવન ૫-મો માળ, રેસકોર્સ સામે, રાજકોટ અને તેના કામદારશ્રી સવશી ભુરાભાઈ C/o.રાજેન જોષી રાજકોટ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યનાં સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ ૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા-વિભાગ ૧ કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ ૧૦ ની પેટા-કલમ (૧) ની પેટા વિભાગ સી થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવિયા, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, નં.-૧ જુનાગઢને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સવજી ભુરાભાઇ C/o.રાજેન જોષી રાજકોટને તેમના પડેલા દિવસોના પગાર

INDEX

તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, ૭મી ઓકટોબર, ૨૦૦૨.

જે. કે. માલવિયા ,

મદદનીશ મજુર કમિશનર,

રાજકોટ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આરએજે/૧૨૧/૨૦૦૨/આર.ટી.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી મહારાજા સોલ્ટ વર્કસ પ્રા. લિ. મુ.પો. લવણપુર તા. માળીયા મીયાણા, જી. રાજકોટ અને તેના કામદારશ્રી ગુલમહમદ આરબભાઇ C/o. યોગેશ રાઠોડ (એડ.) મોરબી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યનાં સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ ૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા-વિભાગ ૧ કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ ૧૦ ની પેટા-કલમ (૧) ની પેટા વિભાગ સી થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવિયા, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, નં.-૧ જે. કે. માલવીયા જુનાગઢને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગુલમહમદ આરબભાઇ C/o. યોગેશ રાઠોડ (એડ.)ને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, ૨૭મી નવેમ્બર, ૨૦૦૨.

જે. કે. માલવિયા ,

મદદનીશ મજુર કમિશનર,

રાજકોટ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/૧૫૦/૦૨/આરટી.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર શ્રી મહારાજા સોલ્ટ વર્કસ પ્રા. લિ. મુ.પો. લવણપુર તા. માળીયા મીયાણા જી. રાજકોટ અને તેના કામદારશ્રી આદમભાઇ સીદીકભાઇ કેર /ઓફ યોગેશ રાઠોડ એડ. મોરબી વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ ની પેટા-કલમ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવિયા, મદદનીશ મજુર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી આદમભાઇ સીદીકભાઇ કેર/ઓફ યોગેશ રાઠોડ (એડ.)ને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨.

જે. કે. માલવિયા,
મદદનીશ મજુર કમિશનર,
રાજકોટ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેઅચએસ/એચએમસી/આરએજે/૧૭૧/૦૨/આરટી.–મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ડો. દિપકભાઇ શેઠ ભકિતનગર કો.ઓ. હાઉસીંગ સોસાયટી, રાજકોટ અને તેના કામદારશ્રી શૈલેશભાઇ ઝવેરચંદ અંબાણી કેર /ઓફ વી. ડી. મહેતા (એડ.) વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ ની પેટા-કલમ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવિયા, મદદનીશ મજુર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શૈલેશભાઇ ઝવેરભાઇ અંબાણી કેર / ઓફ વી. ડી. મહેતા (એડ.)ને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨.

જે. કે. માલવિયા,
મદદનીશ મજુર કમિશનર,
રાજકોટ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેઅચએસ/એચએમસી/આરએજે/૨૦૫/૦૨/આરટી.–મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સરપંચશ્રી પાટણવાવ ગ્રામ પંચાયત મુ. પાટણવાવ તા. ધોરાજી જી. રાજકોટ અને તેના કામદારશ્રી વિનોદરાવ કાનજીભાઇ સિંધવ ચુડવારોડ, નવીસોસાયટી, મુ. પાટણવાવ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ ની પેટા-કલમ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવિયા, મદદનીશ મજુર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વિનોદરાવ કાનજીભાઇ સિંધવ મુ. પાટણવાવને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨.

જે. કે. માલવિયા,
મદદનીશ મજુર કમિશનર,
રાજકોટ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/૧૯૭/૦૨/આરટી.–મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર લોક પ્રકાશન ગુજરાત સમાચાર ભવન ખાનપુર પો. બોકસ. નં. ૨૫૪ અમદાવાદ-૧ અને તેના કામદારશ્રી ભાવેશ હેમચંદભાઇ ગાંધી 'વિરેન' ૧, શ્રમજીવી સોસાયટી ગુરૂકુલ પાછળ રાજકોટ કેર/ઓફ બી. એમ. માવાણી વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ ની પેટા-કલમ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે. માલવિયા, મદદનીશ મજુર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભાવેશ હેમચંદભાઇ ગાંધી કેર/ઓફ બી. એમ. માવાણીને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨.

જે. કે. માલવિયા,
મદદનીશ મજુર કમિશનર,
રાજકોટ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૭૩/પ.પ./આઇડીઆર/એજે/૮૩/૦૨.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઇન્ડીયન રેયોન એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લી. વેરાવળ અને તેના કામદારો વચ્ચેની છે.

અને, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭ -મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ નં. રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) **મોંઘવારી ભથ્થું** :-કંપનીએ તમામ કામદાર/કર્મચારીને ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા સિમલા ઇન્ડેક્ષ બ્યુરો હેઠળ જાહેર કરવામાં આવતું મોંઘવારી ભથ્થું પોઇન્ટમાં વધારીને ૨-૫૦ તેના હિસાબે ચુકવવું જોઇએ કે કેમ ?

(૨) **પગાર ધોરણ** :-કંપનીએ તમામ કામદાર/કર્મચારીઓને યુનિયન સાથે ચર્ચા વિચારણા કરી નક્કી થાય તે મુજબ પગાર ધોરણ આપી તેનું સ્ટેપ-ટુ-સ્ટેપ ફીટમેન્ટ આપવું જોઇએ કે કેમ ?

(3) **ઘરભાડા ભથ્થુ/હાઉસીંગ લોન** :-

(એ) કંપનીના તમામ કામદાર/કર્મચારીને માસિક રૂા. ૧૦૦૦/- ઘરભાડા ભથ્થાં તરીકે તારીખ ૧લી ઓકટોબર ૨૦૦૧ની અસરથી આપવું જોઇએ કે કેમ?

(બી) કંપનીએ નવા કવાર્ટર બનાવી આપવા માટે જમીનની ફાળવણી કરવી જોઇએ કે કેમ ?

INDEX

(૧૨) **વિશેષ ભથ્થું તથા જાહેર રજા આપવી** :-કંપનીના તમામ કામદાર/કર્મચારીઓને જેઓ તહેવારની જાહેરરજાના દિવસે કામ ઉપર આવે તેઓને નોરમલ ઓવરટાઇમ આપવો જોઇએ કે કેમ ? તેમજ વિનામુલ્યે મિષ્ઠાન સહીતનું ભોજન આપવું જોઇએ કે કેમ ?

નીચેની જાહેર રજાઓ આપવી જોઈએ કે કેમ ?

રામનવમી, ગણેશચતુર્થી, દશેરા, રમઝાનઇદ અને નાતાલ.

(૧૩) **સામાન્ય સુવિધાઓ** :-

(એ) ઓવરટાઈમ મર્યાદા :-કંપનીના તમામ કામદાર/કર્મચારીઓને બધાજ એલાઉન્સ સાથે મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય ઓવરટાઈમ ચુકવવો જોઇએ કે કેમ ?

(બી) એમ્બ્યુલન્સ વાન :-અકસ્માત કે આકસ્મિક માંદગીના સમયે પરિવારના બધા સભ્યોને વૈદકીય સહાય મળે તે માટે કંપનીના ઘડિયાલને ફરતે ૨૪ કલાક માટે એમ્બ્યુલન્સ વાન ડ્રાઇવર સાથે રાખવી કે કેમ ? અને તેનો ઉપયોગ અન્ય કોઇ કામમાં કરવો જોઇએ કે કેમ ?

(સી) એડવાન્સ :-તમામ કામદાર/કર્મચારીઓ એડવાન્સની માંગણી કરે તે તેઓને માસિક પગારની ૮૦ % રકમ વર્ષમાં એડવાન્સ પાંચ વખત આપવી જોઇએ કે કેમ ?

(ડી) સાબુ, નેપકીન અને ટુવાલ :-તમામ કામદાર/કર્મચારીઓને દર મહિને ચાર નંગ કપડા ધોવાનો સાબુ (વ્હીલબાર ૨૫૦ ગ્રામના) ન્હાવા માટે ચાર નંગ (સીન્થોલ સાબુ ૧૫૦ ગ્રામના) દર વરસે ચાર ટર્કીસ ટુવાલ તથા આઠ નેપકીન આપવા જોઇએ કે કેમ ?

(એફ)સીઝન પહેરવેશ સુવિધા :-દર બે વરસે રેમન્ડની ગરમ જરશી, દર વર્ષે ડકબેક કું. નો રેઇનકોટ તથા દર વર્ષે એન્કર કંપનીના ત્રણ જોડી મોજા આપવા કે કેમ ? તથા બાટા કું.ના ગમ બુટ દર વરસે એકજોડી આપવા જોઇએ કે કેમ ?

(એચ)મેડીકલ ચેક-અપ :-કંપનીના તમામ કામદાર/કર્મચારીઓને દર છ મહીને મેડીકલ ચેક-અપ કરાવવો કે કેમ ? અને ઉદ્યોગને કારણે જણાતા વ્યાવસાયિક રોગોની સારવારનો સંપૂર્ણ ખર્ચ કંપનીને ભોગવવો કે કેમ ? તથા તેમને ઓન ડ્યુટી ગણવા જોઇએ કે કેમ ?

(આઇ)બેઝીકમાં વધારો :-કંપનીના તમામ કામદાર/કર્મચારીઓનો બેઝીક સર્વિસ ઉપર વધારો નીચે મુજબ કરવા જોઇએ કે કેમ ?

(૧૭) **વી.આર.એસ. ચાલુ કરવું** :-કંપનીએ સ્વૈચ્છિક રીટાયર્ડ વી.આર.એસ. લેવા માંગતા હોય તેને વી.આર.એસ. આપવું કે કેમ ? અને ચાલુ કરાવવું જોઇએ કે કેમ ?

(૧૮) અવસાન થયેલ તથા નિવૃત્ત થનાર તેમજ વી.આર.એસ. લઇને નિવૃત્ત થતાં કામદારનાં સંતાનોને તેની શૈક્ષણિક લાયકાત મુજબ નોકરીમાં રાખવા જોઇએ કે કેમ ?

(૧૯) ટ્રેઇની કામદારને જ્યારે પણ કાયમી કરવામાં આવે તેજ દિવસથી સમાધાનનાં તમામ લાભો આપવા જોઇએ કે કેમ ?

(૨૦) **મેગેઝીન** :-લાયબ્રેરી ફંડમાં રૂા. ૧૫૦/- ને બદલે રૂા. ૫૦૦/- પ્રતિમાસ આપવા જોઇએ કે કેમ ?

(૨૧) **સોશ્યલ સીક્યુરીટી ફંડ** :-કામદારોના ભાવિની સલામતી માટે સોશ્યલ સીક્યુરીટી ફંડ ઉભું કરવું કે કેમ ? અને તેમાં ૩૪ % કામદારોનો ફાળો તેમજ ૬૬ % કંપનીનો ફાળો રાખવો કે કેમ ? સદર યોજનાનું સંચાલન વહીવટ સંપૂર્ણપણે કામદારોના પ્રતિનિધિઓને સોંપવું જોઇએ કે કેમ ?

(૨૨) **જયશ્રી એમ્પ્લોઇઝ કલબ** :-કંપનીના કામદારો તથા કુટુંબીજનોની એક બીજાની ભાવના વધુ સુદ્ધ બને તે હેતુથી રૂા. ૧૦,૦૦,૦૦૦/- (દસ લાખના) પ્રારંભિક ભંડોળથી જયશ્રી એમ્પ્લોઇઝ કલબની રચના કરવી કે કેમ ? અને તેમાં કામદાર કલ્યાણની વિવિધ યોજનાઓ ચલાવવી કે કેમ ? આ યોજના ચલાવવા માટે રહેઠાણ વિસ્તારમાં ૬૦૦ ચો.ફીટ ક્ષેત્રફળ ધરાવતું કોમ્યુનિટી હોલ બનાવવો જોઇએ કે કેમ ?

(૨૩) **ફ્રી ઇલેકટ્રીકસીટી યુનિટ** :-કંપનીના કામદારો ગમે તેવા આવાસમાં રહેતાં હોય તેમને ઇલેકટ્રીકસીટીના ૧૨૦ યુનિટના દર જેટલા નાણાં પ્રતિમાસ રોકડમાં ચુકવવા જોઇએ કે કેમ ?

(૨૪) **સીનિયોરીટી બાબત** :-દરેક ડિપાર્ટમેન્ટમનમાં દરેક જગ્યાએ સીનીયોરીટી મુજબ કામની જગ્યાએ ગોઠવવા જોઇએ કે કેમ ? તથા પાંચ વર્ષે જે પોસ્ટ ઉપર થાય તેને પ્રમોશન આપવું જોઇએ કે કેમ ?

(૨૫) **બદલી કામદારો** :-બદલી કામદારને ૫ વર્ષ બદલી બાદ પ્રમોશન આપી કાયમી કરવા કે કેમ ? તેમજ ટેમ્પરરી કામદારને બે વર્ષ પછી બદલી કામદાર તરીકે ગણવા જોઇએ કે કેમ ?

(૩૪) **કામદારના બાળકોના લગ્ન પ્રસંગ માટે :-** કામદારના પુત્ર-પુત્રીના લગ્ન પ્રસંગે રૂા. ૨૫,૦૦૦/- ની વગર વ્યાજની લોન આપવી જોઇએ કે કેમ ?

(૩૫) **ગ્રેજ્યુઇટીમાં વધારો :-**હાલમાં પંદર દિવસની ગ્રેજ્યુઇટી આપવામાં આવે છે તે વધારીને ત્રીસ દિવસની કરવી જોઇએ કે કેમ ?

(૩૬) ગેસ એલાઉન્સ રૂા. ૨૦૦/- આપવા જોઇએ કે કેમ ?

(૩૭) ઇન્સ્પેક્શન સેલમાં ફિટરને ઓપરેટર ગ્રેડમાં મુકવા જોઇએ કે કેમ ?

(૩૮) ગેસ્ટ હાઉસમાં સ્ટાફની પાળી પદ્ધતિ કરવી જોઇએ કે કેમ ? તથા તેના પ્રશ્નો અંગે ચર્ચા કરવી જોઇએ કે કેમ ?

(૩૯) પેટ્રોલ એલાઉન્સમાં દર માસે રૂા. ૫૦૦/- આપવા જોઇએ કે કેમ ?

(૪૦) કેટલાક ડિપાર્ટમેન્ટમાં કામદાર હાઇકેટેગરીમાં કામ કરે છે ત્યારે તેને એકટીંગ એલાઉન્સ ચુકવવામાં આવે છે તે ઘણું ઓછું છે. તો તે જગ્યાએ કેટેગરી મુજબ રૂા. ૫-૧૦-૧૫-૨૦ અને ૩૦ એક દિવસનું એકટીંગ એલાઉન્સ ચુકવવું જોઇએ કે કેમ?

(૪૧) કોઇપણ ડિપાર્ટમેન્ટમાં કોઇપણ કેટેગરીની જગ્યા ખાલી પડે તો તરત જ જગ્યા ભરી બઢતી આપવી કે કેમ ? નિયમ મુજબ જે તે કેટેગરીના લેટર આપવા, ખાલી પડ્યાની તારીખ થી જગ્યા ભરી આપવી જોઇએ કે કેમ ?

(૪૨) જે કર્મચારીના અથવા કામદારના ગ્રેડ બ્લોક થયેલ હોય તેને છેલ્લા ગ્રેડમાં હોય તો તેને ઇન્ક્રીમેન્ટ આપી ચાલુ રાખવું જોઇએ કે કેમ ?

(૪૩) આર.એલ.એ. માં રૂા. ૫૦૦/- નો વધારો કરવો જોઇએ કે કેમ ?

(૪૪) કેઝ્યુઅલ કામદાર/કર્મચારીઓને પાંચ વર્ષ થયા હોય તેમને બદલીમાં લેવા જોઇએ કે કેમ ? તથા કેઝ્યુઅલ કામદારના પ્રતિ દિવસનાએ વેતનમાં વધારો કરવો જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૨.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૩૬૧/ઔ.વિ.રે/૩૪૩-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ નગરપાલિકા માંગરોળ, જી. જુનાગઢ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી આરબ અબા સમદબીન ગાવદને કલાર્કના પગાર સ્કેલ રૂા. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ તથા ધોરણ મળવા પાત્ર મોંઘવારી અને અન્ય એલાઉન્સ સહીત પ્રમોશન આપવું જોઈએ કે કેમ ? તથા મળવા પાત્ર તમામ લાભો આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૩૬૩/ઔ.વિ.રે/૩૫૦-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૧, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

કન્ડકટરશ્રી વિનોદરાય સી. આમલછેડાને પત્ર નં. વિનિ/અમ/વહી/૧૦૨૩૪, તારીખ ૨૪મી ઓગષ્ટ ૨૦૦૧થી હાલ મળતા પગારમાં બે સ્ટેજ નીચે મુકવાનો કરેલ હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તથા તેમજ ડી. કેસ. નં. ૮૦/૯૯માં હાલમાં મળતા પગારમાં ચાર સ્ટેજ નીચે મુકવાનો કરેલ હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તેમજ થયેલ આર્થિક નુકશાની નિગમે ભરપાઈ વ્યાજ સાથે કરવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૩૬૫/ઔ.વિ.રે/૩૫૨-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૧, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રમેશભાઈ એચ. ચૌહાણને નાયકની કક્ષામાં સળંગતા સાથે મુકવા જોઈએ કે કેમ ? તેમજ રીવર્ઝનને કારણે થયેલ આર્થિક નુકશાન નિગમે વ્યાજ સાથે ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૩૬૭/ઔ.વિ.રે/૩૬૯-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, જુનાગઢ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૧, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ. ટી. જુનાગઢ ડેપો-૧માં ફરજ બજાવતા કંડકટર શ્રી ચુનીલાલ ડી. બાવરીયા બેઝ નં. ૨૪૨૦ ને દ. હુ. નં. ૧૬/૯૭ થી વાર્ષિક પગાર વધારો ૧ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ સજાનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તેમજ થયેલ આર્થિક નુકશાની ૨૪% ટકા વ્યાજ સાથે ચુકવી આપવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૩૬૯/ઔ.વિ.રે/૩૯૫-૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ પાળીયાદ ગ્રામ પંચાયત, પાળીયાદ અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજૂર અદાલત, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

અરજદાર ગૌરીબેન અમૃતલાલ માળીને તેમની દાખલ તારીખથી તેડાગર તરીકે કાયમી કરી કાયમી કર્મચારીને મળતા પગાર, ભથ્થા અને બોનસ એરિયર્સ સહિત તેમજ અન્ય તફાવત એરિયર્સ સહિત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૦૨.

એમ. વી. જાડેજા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૭૪/૫.૫/આઈડીઆપ-એજે-૮૪/૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઈન્ડીયન રેયોન એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી., વેરાવળ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) **સંસ્થાના કામદારોના મુળ વેતનમાં સુધારો કરવા બાબત :-**સંસ્થાના કામદારોના મુળ વેતનમાં તા. ૧-૧૦-૨૦૦૧ થી નીચે મુજબ વધારો કરવો જોઈએ કે કેમ ?

(અ) જે કામદારોએ પાંચ વર્ષ સુધીની નોકરી કરેલ હોય તેઓના વેતનમાં માસિક રૂા. ૧૦૦/- નો વધારો કરવામાં આવે.

(બ) પાંચ વર્ષથી અને ૧૦ વર્ષ સુધીની નોકરી કરેલ હોય તેઓના વેતનમાં માસિક રૂા. ૧૫૦/- નો વધારો કરવામાં આવે.

(ક) ૧૦ વર્ષથી વધારે અને ૧૫ વર્ષ સુધીની નોકરી કરેલ હોય તેઓના વેતનમાં માસિક રૂા. ૨૦૦/- નો વધારો કરવો.

(ડ) ૧૫ વર્ષથી વધારે અને ૨૦ વર્ષ સુધીની નોકરી કરી હોય તેઓના વેતનમાં માસિક રૂા. ૨૫૦/- નો વધારો કરવો.

(ઈ) ૨૦ વર્ષથી વધારે અને ૨૫ વર્ષ સુધીની નોકરી કરી હોય તેઓના વેતનમાં માસિક રૂા. ૩૦૦/- નો વધારો કરવો.

(૧૩) રીમોટ લોકેશન એલાઉન્સ :- આ ભથ્થાના દરમાં વેતન તથા મોંઘવારીના ૫% રકમ આપવામાં આવે છે તેમાં વધારો કરી ૧૦ % આપવા જોઇએ કે કેમ ?

(૧૪) શીફ્ટ એલાઉન્સ :- પહેલી, બીજી અને રાત્રીના પાળીના ભથ્થાના દર અનુક્રમે રૂા. ૧૫, ૨૦ અને રૂા. ૩૦ દૈનિક આપવા જોઇએ કે કેમ ?

(૧૫) દૂધ આપવા બાબત :- સંસ્થાના તમામ કામદારોને દૈનિક ૫૦૦ એમ.એલ. દૂધ આપવું જોઇએ કે કેમ ?

(૧૬) વિજળી યુનિટના દર બાબત :- સંસ્થાની વસાહતમાં રહેતા તમામ કામદારોને માસિક રૂા. ૧૩૦/- યુનિટ સુધી મુક્તિ આપવામાં આવે તેમજ વિજળીનો દર ઘર વપરાશ માટેના દરના ધોરણે રાખવા જોઇએ કે કેમ ?

(૧૭) ભર પગારની રજાઓ :- હાલની ભર પગારની જુદી જુદી રજાઓમાં સુધારો કરી નીચે પ્રમાણે આપવી જોઇએ કે કેમ ?

(૪) આથી એવું કબુલ કરવામાં આવે છે કે પોતાનું મશીન તથા કામનાં આસપાસના જગ્યા દરેક સમયે સ્વચ્છ અને સુઘડ રાખવી એ તમામ કામદારોની ફરજ છે કે કેમ? (તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪ કલોઝ ૭.૨).

(૫) આથી યુનિયનો તથા કામદારો મચુસપણે કબુલ કરે છે કે કોનરો મશીનની સફાઇ કરવી ચાલુ રાખશે કે કેમ? જેથી કોન સંપૂર્ણપણે બ્લેક સ્પેકસથી મુકત રહે અને યાર્ન બ્રેકેજ વગતો મશીનો સહેલાઇપૂર્વક અને અસરકારક રીતે કામ કરે. (તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૨ કલોઝ ૪૩).

(૬) યુનિયનો તથા કામદારો સ્પષ્ટપણે કબુલ રાખે છે કે ટેક્ષટાઇલ ખાતાના હેલ્પરો મશીન ઉપર મોટી સંખ્યામાં કેકનો ભરાવો ટાળવા કેકની વહેંચણી ચાર લોટ અથવા તેથી વિશેષ લોટમાં કરશે કે કેમ? અને કેક સરખી રીતે અને સંભાળપૂર્વક રહે તે માટે યોગ્ય પાઇપ વગરેની ગોઠવણી કરશે કે કેમ? (તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪, કલોઝ ૩૪.૧.૧૯).

(૭) તપાસની ઝડપ એવી રીતે નિયંત્રિત કરશે કે જેથી દરેક ખામી કાળજી પૂર્વક ધ્યાન ઉપર આવે અને નિયત ફોર્મમાં તેની નોંધ કરશે કે કેમ? (તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૨, કલોઝ-૫૩-એ).

(૮) આથી યુનિયનો તેમજ કામદારો મચુસપણે કબુલ રાખે છે કે કોનરો તમામ ડેનીયરના ડોફીંગ માટે સ્ટેંડર્ડ સિસ્ટમને અનુસરશે કે કેમ? તેમજ તે બાબતે પોતાનો સહયોગ અને સહકાર આપશે કે કેમ? (તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪ કલોઝ ૩૪-૧-૧૪).

(૯) કબુલ થયા મુજબનું ફોર્મેટ ફીટર ભરવાનું રહેશે કે કેમ? (તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ કલોઝ-૭.૧.બી).

(૧૦) સેકશન ૧૨માં ફીટર ૭૨ કોનીંગ મશીનોના સેકશન સહિત નવા કોનીંગ મશીનોની સંભાળ લેશે કે કેમ? (તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૯ કલોઝ ૭.૫).

કેમીકલ ડીવીઝન (પ્રોડકશન) :-

(૧) યુનિયનો આથી કબુલ કરે છે કે કેમીકલ (પ્રો)ના કામદારો તમામ ચાલુ ડી.એમ.પ્લાન્ટના નમુનાઓ લેબોરેટરીમાં લઇ જશે કે કેમ? (તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૨ કલોઝ ૫૬.૫).

(૨) ત્રીજા ડી.એમ.પ્લાન્ટના નમુનાઓ તાકીદના સમયમાં લેવાશે કે કેમ? રોજીંદા કાર્ય તરીકે તે કરવાનું રહેશે કે કેમ? (તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪ કલોઝ નં. ૩૪.૫.૬)

વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-

(૧) મેઇન વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણીનું લેવલ જાળવવા માટે નવા વોટર રીઝર્વરને (કેપ.૭૫૦૦ એમ ૩) ભરવાની અને ખાલી કરવાની તથા તેને સંબંધિત કામગીરી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઓપરેટર અને હેલ્પર દ્વારા કરવામાં આવશે કે કેમ? (ઇન્સેન્ટીવ સાથે) (તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ કલોઝ નં. ૯.૩).

મીકેનીકલ મેન્ટેનન્સ ડિપાર્ટમેન્ટ :-

(૧) શીફ્ટ ફીટર અને જનરલ શીફ્ટના ફીટર વચ્ચેના કામમાં કોઇ તફાવત હોઇ શકે નહિ. કોઇપણ ફીટર શીફ્ટ અથવા જનરલ શીફ્ટમાં કામ કરવાનો અથવા ફરજ ઉપર હોય ત્યારે જરૂરિયાત મુજબ કામ કરવાનો ઇન્કાર કરશે કે કેમ? (તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૮૨ કલોઝ ૨૩).

(૨) શીફ્ટ ફીટરો નવા મશીનો ઉપર કામ કરવાનો ઇન્કાર કરશે કે કેમ? (તારીખ ૧૩મી ડિસેમ્બર ૧૯૮૨ કલોઝ ૨૮).

(૩) એન્જિન રૂમના એટેન્ડન્ટ કોઇપણ સ્ટેન્ડ બાય સાધન ચલાવવાનો ઇન્કાર કરશે કે કેમ? અને યુનિયનો આવા કામ કરવાનો ઇન્કાર કરવા માટેના કામદારના ઇન્કારના કારણોનો મુદ્દો ઉઠાવશે કે કેમ? (તારીખ ૪થી જુલાઇ ૧૯૮૫ કલોઝ ૨૭).

(૪) એન્જિન રૂમના એટેન્ડન્ટ શીફ્ટ દરમ્યાન ચા માટે, લંચ, ડીનર માટે એબ્લોર મશીન ઓપરેટરને રીલીવ કરવાનો ઇન્કાર કરશે કે કેમ? (તારીખ ૪થી જુલાઇ ૧૯૮૫ કલોઝ ૫૭).

(૫) એફઆરપી લાઇનર અથવા એફઆરપી હેલ્પર એફઆરપી લાઇનીંગ વર્ક કરશે કે કેમ? (તારીખ ૧૦મી માર્ચ ૧૯૮૯ કલોઝ ૧૮.૯).

(૬) ફીટરને હેલ્પરની જરૂરિયાત છે કે કેમ તે બાબતનો નિર્ણય લેવાનો અધિકાર માત્ર ખાતા અધિકારીનો જ રહેશે કે કેમ? (તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪ કલોઝ ૩૪.૯.૧, તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૨ કલોઝ ૫૬.૧, તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૨/તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪ કલોઝ નં. ૭.૧/૭.૧).

INDEX

(૭) કામદારો તેઓને આપવામાં આવેલ ઓજારોનો તેઓ સરખી રીતે ઉપયોગ કરશે કે કેમ? અને તેની નોંધ રાખશે કે કેમ? (તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૨ કલોઝ ૫૬.૨).

(૮) બોઇલર એટેન્ડન્ટને જે હેલ્પર આપવામાં આવે છે તેને જરૂરી સાધનોનાં સ્થાપના બાદ બીજે નિયુકત આપવામાં આવશે કે પાછી લઇ લેવામાં આવશે કે કેમ ? (ઇન્સેન્ટીવ સાથે) (તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૪ કેમીકલ.મે, ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૯ અને કલોઝ ૩૪.૮, ૧૦, કેમીકલ)

(૯) મેન્ટેનન્સના કામોને અગ્ર ક્રમે ગણાવા, મે કોઇપણ કામદાર કોઇ બહાના હેઠળ ઓવર ટાઇમ વર્ક કરવા ઇન્કાર કરશે કે કેમ ? હાયર કેટેગરીમાં તેને લાભ કે ઇન્સેન્ટીવ મળતા નથી તેવા કારણોસર કોઇપણ હેલ્પર હાયર કેટેગરીમાં કામ કરવાનો ઇન્કાર કરશે કે કેમ ? (તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૪ કલોઝ.૩૪.૯.૩, તારીખ ૪થી જુલાઇ, ૧૯૮૫ કલોઝ-૧૫, તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૨ કલોઝ.૮.૩)

(૧૦) કામદારોને લોકર ફાળવવામાં આવેલ હોયતો તેમાં તેઓ કંપનીની માલિકીના કોઇપણ ચીજ વસ્તુ રાખશે કે કેમ ? (તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૪ કલોઝ ૩૪.૯.૪)

(૧૧) ફેકટરીની જુની હદ અને નવા વિસ્તૃત કરવામાં આવેલ વિસ્તારમાં કોઇ તફાવત નથી અને કામદારસમાન કામ માટે કોઇપણ જગ્યાએ કામ કરવાનો ઇન્કાર કરશે કે કેમ ? (તારીખ ૧૩મી ડીસેમ્બર, ૧૯૮૨ કલોઝ ૨૭, તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૨ કલોઝ ૭.૩), તારીખ ૪થી જુલાઇ, ૧૯૮૫, કલોઝ-૨૨, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૮૯ કલોઝ ૮.૩)

(૧૨) દરેક કામદારો હ્રદયપૂર્વક, પ્રમાણિકતાથી અને સંપૂર્ણ ખાતરી સાથે કામ કરશે કે કેમ ? ઔદ્યોગિક સંવાદિતા, શાંતિ અને સારી ગુણવત્તાનું ઉત્પાદન જાળવી રાખશે કે કેમ ?

ઇલેકટ્રીકલ મેન્ટેનન્સ :-

૧-એ. ઓપરેટરો પેનલ/ડેસ્કની સફાઇ કરશે કે કેમ ? (તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૪ ના રોજનું સમાધાન, સમયગાળો તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૪ થી ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૬ કલોઝ નં.૩૪.૭.૧)

૧-બી. ઓપરેટરો પેનલ/ડેસ્કની સફાઇ કરશે કે કેમ ? તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજનું સમાધાન,સમયગાળો ૧લી જાન્યુઆરી, ૧૯૯૭ થી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

INDEX

૨-એ. કેબલ જોઇન્ટર તમામ પ્રકારના કેબલ વર્ક જેવા કે, લેડ કેબલ, એલઆઇ કેબલ વગેરેનું કાર્ય પણ કરશે કે કેમ ? (તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૪ ના રોજનું સમાધાન, સમયગાળો તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૪ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૬ કલોઝ નં. ૩૪.૭.૨)

૨-બી. દરરોજ લૅક્સ સીએફ/એસસીએફ સ્ટોપેજ હેઠળના સ્પીનીંગ મશીનોના તમામ કેબલ, લૅક્સ કેબલ જોઇન્ટરે તપાસવાના રહેશે કે કેમ ? અને તેઓ ખામી દુરસ્ત પણ કરશે કે કેમ ? (તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજનું સમાધાન, સમયગાળો ૧લી જાન્યુઆરી, ૧૯૯૭ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ કલોઝ ૧૧.૨)

(૩) સ્પીનીંગ ડિપાર્ટમેન્ટના શીફ્ટ ઇલેક્ટ્રીશીયનોને શીફ્ટ ડયુટીમાંથી ખસેડવામાં આવશે કે કેમ ? (કે જેઓ ફકત બ્રોકન સ્પાઇડર રીપ્લેસ કરે છે) અને આ કાર્ય સ્પીનીંગ મેન્ટેન્સ ડિપાર્ટમેન્ટને સોંપવામાં આવશે કે કેમ ? (તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજનું સમાધાન, સમયગાળો ૧લી જાન્યુઆરી, ૧૯૯૭ થી તારીખ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ કલોઝ ૧૧.૪)

જનરલ માંગણીઓ :-

(૨) કર્મચારીઓને પગારની ચુકવણી બેંક મારફત કરવામાં આવશે. તમામ કર્મચારીઓએ વેરાવળમાં બેંકમાં ખાતુ ખોલાવવાનું રહેશે. જેમાં તેઓના પગાર અને ભથ્થાઓ જમા કરવા જોઇએ કે કેમ?

(૩) હાલમાં જે ભથ્થાઓ બેઝિક +ડી.એ. સાથે જોડાયેલા છે તેને બેઝિક અને ડી.એ. માંથી અલગ કરવામાં આવશે અને યુનિયનો સાથે પરસ્પર ચર્ચા થયા બાદ એક નિશ્ચિત રકમ આપવી જોઇએ કે કેમ?

(૮) ટેક્ષટાઇલ ડિપાર્ટમેન્ટમાં ટેબલ-સાઇડ અને બેલેન્સ-સાઇડ ઇન્સેન્ટીવની શીફ્ટ-વાઇઝ ગણતરી કરવામાં આવશે કે કેમ? અને જે તે શીફ્ટમાં પેક કરવામાં આવેલ કાર્ટૂન ઉપર જ તેની ચુકવણી કરવામાં આવશે કે કેમ?

(૧૦) કામદારોને ટૂંકા સમયગાળાની તાલીમ શોપ-ફ્લોર/ડિપાર્ટમેન્ટમાં તેઓની સામાન્ય ફરજના કલાકો દરમ્યાન આપવામાં આવશે કે કેમ? જે કામદારોએ તાલીમમાં હાજરી આપેલ હશે તેઓના સાથી કામદારો કોઇપણ લાભો/વળતરની માંગણી કર્યા સિવાય તાલીમમાં હાજરી આપતાં કામદારોના કામને સંભાળી લેશે કે કેમ?

INDEX

(૧૧) પ્લાન્ટમાં કોઇ સમસ્યા ઉભી થવાના કારણે જો કામદારો પાસે તેઓની ફરજના અમુક કલાકો બાદ કોઇ કામ ન હોય તો બાકીના સમયગાળામાં સુપરવાઇઝર દ્વારા સોંપવામાં આવેલ તેઓની કેટેગરીનું અન્ય કામ કરવાનું રહેશે કે કેમ?

(૧૨) જો જરૂરિયાત હોય તો કામદારો પોતાના રોજંદા કામને બંધ કરીને સુપરવાઇઝર દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામને અગ્રતા આપશે કે કેમ?

(૧૩) યુનિયનનાં તમામ કામગીરી ઓફિસના કલાકો બાદ કરવાની રહેશે કે કેમ? અને યુનિયનના તમામ પ્રતિનિધિઓને ૮ કલાકનું સામાન્ય કામ કરવાનું રહેશે કે કેમ?

(૧૪) જો યુનિયનના કોઇપણ પ્રતિનિધિએ ટૂંકા સમયગાળા માટે યુનિયનના કામ માટે પોતાની કામની જગ્યા/મશીન છોડવું પડે તો યુનિયનના કામ માટેની તેઓની ગેરહાજરી દરમ્યાન તેઓના સાથી-કામદારો કોઇપણ જાતના લાભ/વળતરની માંગણી કર્યા સિવાય તેઓના કામ/મશીનની સંભાળ રાખશે કે કેમ?

(૧૭) જો કોઇપણ કામદારને અકસ્માતને કારણે નાની (ગૌણ) ઇજા થાય અને તે કામ કરવાની અસમર્થતા દર્શાવે તો બાકીના સમયગાળા માટે તેણે તેની પોતાની રજા લેવાની રહેશે કે કેમ?

(૨૦) ચોક્કસ રીતે કબુલ કરવામાં આવેલ સમાધાનની શરતોના અમલ થયા બાદ જ સમાધાનમાંથી મળનાર કોઇપણ લાભની ચુકવણી કરવામાં આવશે કે કેમ? સમાધાનમાં જણાવેલ અનુસૂચિ મુજબ જ આ ચુકવણી કરવામાં આવશે કે કેમ?

અમદાવાદ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસાં/૩૩૮૮૬/પ.પ./આઇ.ડી.આર./એજે/ ૬૨/૨૦૦૧.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧. ઇન્ડીયન ડેરી મશીનરી કું. લી. આણંદ કોન્ટ્રા. શ્રી રમણભાઇ અંબુભાઇ વસાવા, આણંદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાતારીખ ૧૮મી ઓગસ્ટ ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. અને અનુસૂચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર,અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબર-નડીયાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા કોન્ટ્રાકટરના તમામ કામદારોને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષ ના કુલ પગાર તથા ઓવરટાઇમના પગારના ૨૦ ટકા લેખે બોનસ આપવું કે કેમ?

અમદાવાદ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

પી. કે ગઢવી,
મજુર કમિશનર,
અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૮૭/પ.પ./આઇ.ડી.આર./એજે/૭૦/૨૦૦૦.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલાં અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૨૦ માઇક્રોન્સ લી., વાઘોડીયા, વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય, ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સતાની રૂએ હું, મજુર કમિશનર,અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ ને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

કંપનીના તમામ કામદાર/કર્મચારીઓને સને ૧૯૯૮-૯૯ના વર્ષનું ૨૦ ટકા બોનસ તથા રૂ.૧૦૦૦/- (એક હજાર) એક્સગ્રેસીયા તરીકે ચુકવી આપવા કે કેમ?

અમદાવાદ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

પી. કે ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએમએમસી/૩૩૮૮૮/પ.પ./આઇ.ડી.આર./એજે/૬૧/૨૦૦૧.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) ઇન્ડીયા ડેરી મશીનરી કું.લી., વિઠ્ઠલ ઉદ્યોગનગર, આણંદ (૨) કોન્ટ્રા. ચાકુભાઇ વોરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદરધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર,અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નંબાર-નડીયાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

સંસ્થામાં કામ કરતા કોન્ટ્રાકટરના તમામ કામદારોને સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનાં કુલ પગાર તથા ઓવરટાઇમના પગારના ૨૦ ટકા લેખે બોનસ આપવું કે કેમ?

અમદાવાદ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

પી. કે ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમરી/૩૩૮૮૯/પ.પ/આઇડીઆર/એજે/૧૨૨/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ડી.જી.પી. વિન્ડસર ઇ. લી., વટવા, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૬૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૬/મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળના સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશ્નર, અમદાવાદ આથી, ઔદ્યોગિક ન્યાયપંચ અનુસાર અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાયનિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

આ અગાઉ મુકાયેલ ઓર્ડર ઓફ ડીમાન્ડની મંજૂરી થયેલી ડીમાન્ડો ચાલુ રહેશે કે કેમ ? સેટલમેન્ટ ગમે ત્યારે થાય તેના અમલની તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૦ની રહેશે કે કેમ ? અને જે પણ સેટલમેન્ટ થાય તે પ્રથમ વર્ષથી જ અમલમાં રહેશેકે કેમ ?

૧. બેઝીક પગારમાં દર મહીને રૂ. ૮૦૦નો વધારો કરવો કે કેમ?
૨. ફીક્સ ડી.એ.માં દર મહીને રૂ. ૧૦૦૦નો વધારો કરવો કે કેમ?
૩. વેરીએબલ ડી.એ.માં મીનીમમ પોઇન્ટ ૨૦૦ પર પોઇન્ટે રૂ. ૩-૦૦ આપવા કે કેમ ?
૪. પેટ્રોલ એલાઉન્સમાં દર મહીને રૂ. ૧૦૦૦નો વધારો આપવો કે કેમ?
૫. મેડીકલ એલાઉન્સમાં દર મહીને રૂ. ૮૦૦નો વધારો આપવો કે કેમ?
૬. હાઉસ રેન્ટ એલાઉન્સમાં દર મહીને રૂ. ૧૨૦૦નો વધારો આપવો કે કેમ ?
૭. વોશીંગ એલાઉન્સમાં દર મહીને રૂ.૨૦૦નો વધારો આપવો કે કેમ?
૮. એજ્યુકેશન એલાઉન્સમાં દર મહીને રૂ. ૬૦૦નો વધારો આપવો કે કેમ?
૯. એલ.ટી.સી. એલાઉન્સમાં દર મહીને રૂ. ૫૦૦નો વધારો આપવો કે કેમ ?
૧૦. ફેમીલી વેલફેર એલાઉન્સમાં દર મહીને રૂ. ૭૦૦નો વધારો આપવો કે કેમ ?
૧૧. દૂધ એલાઉન્સમાં દર મહીને રૂ. ૨૦૦નો વધારો આપવો કે કેમ ?

૧૨. ટેલીફોન એલાઉન્સમાં દર મહીને રૂા. ૮૦૦નો વધારો આપવો કે કેમ?

૧૩. મેગેઝીન અને ન્યુઝ પેપર એલાઉન્સમાં દર મહીને રૂા. ૨૦૦નો વધારો આપવો કે કેમ ?

માંગણી : બી - રજાઓ :

૧. દરેક કર્મચારીને વાર્ષિક પરચુરણ રજા ૧૮ આપવી કે કેમ ?

૨. દરેક કર્મચારીને વાર્ષિક સીકલીવની રજા ૧૫ આપવી કે કેમ ?

૩. દરેક કર્મચારીને વાર્ષિક પ્રીવીલેજ લીવની રજા ૩૫ આપવી કે કેમ? અને તેના પ્રમાણે બાગેનિબલા સ્ટાફની રજા વધારી આપવી કે કેમ ?

૪. દરેક બાગેનિબલા કર્મચારીને પાંચ શોર્ટલીવ ચાલુ પગારે આપવી કે કેમ? તથા કોઇપણ સમયે આપવી કે કેમ ?

૫. પેઇડ હોલી ડે હાલમાં જે મળે તે સિવાય ૧૨ વધારી આપવી કે કેમ? (૧) ગણેશ ચતુર્થી, (૨) પહેલી મે, (૩) હોળી, (૪) નોમ (પારણાં), (૫) વિશ્વકર્મા જયંતિ, (૬) રામનવમી, (૭) મહાશિવરાત્રી, (૮) ૨૫ ડિસેમ્બર (નાતાલ), (૯) રથયાત્રા, (૧૦) દિવાળીની રજાઓ.

૬. પીએલની રજા વાપરવા માટે લીમીટ/બંધનકર્તા હોવી જોઇએ કે કેમ? આકસ્મિક કારણોસર ગમે ત્યારે એડવાન્સ પીએલ વાપરવી કે કેમ ?

માંગણી : સી :

૧. હાજરી બોનસ મહીનાની પુરી હાજરી પર ૩ દિવસનો પગાર હાજરી બોનસ તરીકે આપવો કે કેમ ? એક લીવ બાદ કરતાં અને એક લીવ હોય તો ૨ દિવસ / બે લીવ હોય તો ૧ દિવસ (હાજરી બોનસમાં શોર્ટલીવની ગણતરી કરવી નહી).

૨. કંપનીમાં દરેક બાગેનિબલા કર્મચારીને વગર વ્યાજની રૂા. ૫૦,૦૦૦ની લોન વાહન પેટે તેમજ બાળકોના મેરેજ માટે તેમજ એજ્યુકેશન માટે આપવી કે કેમ?

૩. દરેક કર્મચારીને મકાન અને રીપેરીંગ માટે રૂા. ૧,૫૦,૦૦૦/-ની લોન વગર વ્યાજે આપવી કે કેમ ?

૪. દરેક કર્મચારીને ઇમરજન્સી કારણોસર રૂા. ૧૫,૦૦૦/-ની લોન આપવી કે કેમ ? તથા તે પગારમાંથી રૂા. ૫૦૦/- લેખે હપ્તેથી કાપવી કે કેમ ?

૫. દરેક કર્મચારીને વર્ષ દરમ્યાન કંપની ધ્વારા પાંચ દિવસની ટુર આપવી કે કેમ ? તથા તે પડતી રજાઓ વીકલી હોલીડેમાં ભરી આપવી કે કેમ ? અને કર્મચારીની નીકળતી રજાઓમાંથી કાપવી કે કેમ ? (વીથ ફેમીલી સાથે પતિ, પત્ની તથા બાળકો) ૩ હજાર કિલોમીટર રહેવા માટે તથા જમવા માટેની વ્યવસ્થા તથા આવવા જવાના ભાડાની વ્યવસ્થા કંપનીએ કરવી કે કેમ ? અથવા ગેટ ટુ ગેધર પ્રોગ્રામ ગણવો કે કેમ ? જો પ્રવાસ કંપની ગોઠવી શકતી હોય તો રૂા. ૫૦૦૦/- દરેક કર્મચારીને આપવા કે કેમ ?

૬. દરેક કર્મચારીનું ચાલુ સર્વિસ દરમ્યાન મૃત્યુ થાય તો તેનાં વારસદારોને કંપનીના દરેક કર્મચારીનો ૨ દિવસનો પગાર આપવો કે કેમ? તેમજ જે ટોટલ થાય તેટલી જ રકમ કંપનીએ ઉમેરીને સામેથી આપવી કે કેમ ?

૭. દરેક કર્મચારી રીટાયર્ડ થાય તે વખતે અથવા ચાલુ સર્વિસ દરમ્યાન મૃત્યુ પામે તો તેના વારસદારોને અથવા જવાબદાર વ્યકિતને લાયકાત પ્રમાણે કંપનીમાં નોકરી આપવી કે કેમ ?

૮. દિવાળી એડવાન્સ પેટે રૂા. ૫૦૦૦ આપવા કે કેમ ?

૯. દરેક કર્મચારીને દર વર્ષે ડકબેકનો રેઇનકોટ અને રેમન્ડનું સ્વેટર આપવું કે કેમ ? અથવા રેઇનકોટના રૂા. ૬૦૦ અને સ્વેટરના રૂા.૮૦૦ આપવા કે કેમ ?

૧૦. દરેક કર્મચારીને વર્ષમાં એક જોડ બુટ તથા બે જોડી મોજાં આપવા કે કેમ ? બુટની કિંમત રૂા. ૧૫૦૦ આપવી કે કેમ ? મોજાંની કિંમત રૂા. ૧૨૫ આપવી કે કેમ ?

૧૧. દરેક કર્મચારીને યુનિફોર્મ આપવો કે કેમ ? યુનિફોર્મના કાપડ તેમજ સિલાઇની ગુણવત્તામાં વધારો કરવો કે કેમ ? અને જો કાપડ આપે તો સિલાઇ એક જોડીના રૂ. ૨૦૦ આપવા કે કેમ ?

૧૨. દરેક કર્મચારીને ઇન્કમટેક્ષમાંથી રાહત મળે તે માટે ઓવર ટાઇમની રકમ વાઉચર પર આપવી કે કેમ ?

૧૩. કોઇપણ કર્મચારી અથવા કુટુંબીજન ને કોઇપણ માંદગીને લીધે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવે તો તેનો સંપૂર્ણ ખર્ચ કંપનીએ આપવો કે કેમ? (કુટુંબીજનોમાં પતિ, પત્ની, બાળકો તથા માતાપિતા).

૧૪. વર્કસ કમીટીના કામકાજ માટે કંપનીએ અલગ ઓફીસરની વ્યવસ્થા કરવી કે કેમ ?

૧૫. કોઇપણ કર્મચારી ઉપર એક્શન લેતા પહેલાં વર્કસ કમ બોલાવી તથા સંમતિ લેવી પછી નિર્ણય લેવો કે કેમ ?

૧૬. એક કરતાં વધારે મશીન એક સાથે ચલાવવાની જવાબદારી આપવામાં આવે તો તેને અલગ એલાઉન્સ આપવું કે કેમ ?

૧૭. રજાઓનું એડજેસ્ટમેન્ટ કરતી વખતે વર્કસ કમીટીની મીટીંગમાં ચર્ચા કરવી કે કેમ ?

૧૮. વેલ્ડર માટે વર્ષે ત્રણ જોડ યુનિફોર્મ તથા શેફટી માટે એક્સ્ટ્રા હોલ બુટની વ્યવસ્થા કરવી કે કેમ ? અને મેઇનટેનન્સને પણ આ ફેસીલીટી આપવી કે કેમ ?

૧૯. દરેક કર્મચારીને હાથ લુછવા માટે દર મહીને બે નેપકીન આપવા કે કેમ?

૨૦. કંપનીમાં ત્રણે પાળી માટે ઇમરજન્સી ગાડીની વ્યવસ્થા કરવી કે કેમ?

૨૧. મેડીકલ ટ્રીટમેન્ટ માટે જરુરીયાત પ્રમાણે સારા અને વ્યવસ્થિત ડોકટરની વ્યવસ્થા કરી આપવી કે કેમ ?

૨૨. કોઇપણ કર્મચારીને ડીપાર્ટમેન્ટ ચેઇન્જ કરતાં પહેલાં વર્કર્સ કમીટીની

મીટીંગમાં ચર્ચા કર્યા પછી નિર્ણય લેવો કે કેમ ?

૨૩. જ્યારે કંપનીમાં ખાલી જગ્યા પડે ત્યારે નોકરીયાતના કુટુંબના સભ્યને તેના અભ્યાસ પ્રમાણે પહેલી તક આપવી કે કેમ ?

૨૪. દરેક કર્મચારી રાજીનામું આપે ત્યારે તેને તેના છેલ્લા દિવસ સુધીનો પગાર તે જ વખતે આપી દેવો કે કેમ ? તથા હિસાબ ૧૦ દિવસમાં કરી દેવો કે કેમ ?

૨૫. દરેક કર્મચારીને દર ત્રણ વર્ષે પ્રમોશન મળવું જોઇએ કે કેમ ?

૨૬. કંપનીમાં કામ કરતાં દરેક કર્મચારીને કંપનીમાં અથવા બહાર કોઇપણ જાતની ઇજા થાય તો ચાલુ પગારે તેને સારવાર આપવી કે કેમ ?

૨૭. સેટલમેન્ટની જે ઓરીજનલ કોપી તૈયાર થાય તે ગુજરાતીમાં હોવી જોઇએ કે કેમ ?

૨૮. જે કોઇ નીતિ નિયમો બનાવવામાં આવે તે દરેક કર્મચારીને સમાન રીતે લાગુ પાડવા જોઇએ કે કેમ ?

૨૯. દરેક કર્મચારીને ઇન્ક્રીમેન્ટ લેટર એપ્રિલના પહેલા વીકમાં આપવું કે કેમ?

૩૦. પ્રોડકશન બોનસની વહેંચણી ૧ થી ૧૦ ઓગસ્ટ સુધીમાં કરી દેવી કે કેમ ?

૩૧. દરેક કર્મચારીને આ અગાઉ પાસ થયેલ ટેબલ (ટુવાલ) હજુ સુધી વ્યવસ્થા થયેલ નથી તેની વ્યવસ્થા કરવી કે કેમ ?

૩૨. કર્મચારીને ચેઇન્જ રૂમની વ્યવસ્થા કરવી કે કેમ ?

૩૩. ખાતાની અંદર ઉનાળાની ૠતુમાં એરકુલરની વ્યવસ્થા કરવી કે કેમ?

૩૪. લીવ એન્કેશમેન્ટ પુરા પગાર ઉપર આપવું કે કેમ ?

૩૫. કંપનીમાં કામ કરતા કર્મચારીને એકસીડન્ટ થાય તો (હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે તો) તેની સાથે કંપનીના કોઇ એક કર્મચારીની વ્યવસ્થા કંપનીએ તેના ચાલુ પગારે કરવી કે કેમ ?

૩૬. કંપનીના ટોટલ ટર્ન ઓવર એક કરોડ પર રૂા. ૩૦૦ પ્રોડકશન

બોનસ આપવું કે કેમ ?

૩૭. કોઇપણ નોટીસ નોટીસ બોર્ડની અંદર મુકવામાં આવે તે ગુજરાતીમાં હોવી જોઇએ કે કેમ ?

૩૮. કેન્ટીન ફેસીલીટીમાં હાલ મળતાં રૂા. ૨૦ છે જે વધારીને રૂા. ૩૦ પ્રથમ વર્ષે, રૂા. ૪૦ બીજા વર્ષે, રૂા. ૫૦ ત્રીજા વર્ષે કરવા કે કેમ?

૩૯. દર મહીનાની ૧૮ થી ૨૦ તારીખ સુધીમાં ૫૦ ટકા પગાર એડવાન્સ આપવો કે કેમ ?

૪૦. દરેક બાર્ગેનિબલ સ્ટાફને યુનિફોર્મ આપવા કે કેમ ? અને તેનો કલર ચેઇન્જ રાખવો કે કેમ ?

૪૧. દિવાળી બોનસ ટોટલ પગારના ૨૦ ટકા આપવું કે કેમ ? તેમજ લીમીટ ઉપરાંતનું નીકળતું બોનસ એક્સગ્રેશીયા પ્રમાણે આપવું કે કેમ? તથા બોનસ દિવાળીના ૩૦ દિવસ પહેલાં આપવું કે કેમ ?

૪૨. દરેક બાર્ગેનિબલ સ્ટાફને ઓવરટાઇમ ટોટલ પગારનો ડબલ પગાર આપવો કે કેમ ?

ડિમાન્ડ (ડી) ફક્ત બાર્ગેનિબલ કામદારો માટેજ :

કંપનીમાં કામ માટે બહાર ગામ જતા કામદારો માટેની ટ્રાવેલીંગ પોલીસીમાં સુધારો વધારો કરવા માટે યુનિયનની વર્કસ કમીટી જોડે બેસી વાટાઘાટોથી ઉકેલ લાવવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૯૦/૫.૫/આઇડીઆર/એજે/૧૩૯/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત હેવી.કેમીકલ્સ લી., સુત્રાપાડા જી. સુ.નગર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૯૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રુએ હું, મજુર કમિશ્નર, અમદાવાદ આથી, ઔદ્યોગિક ન્યાયપંચ નં. અનુસાર અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાયનિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કંપનીમાં કામ કરતા તમામ કર્મચારીઓને વર્ષ ૧૯૯૬-૯૭ માટે તેમના કુલ બેઝીક વતા વીડી.એ. ના ૨૦ ટકા (વીસ ટકા) લેખે નોનસીલીંગ બોનસ ચુકવવું કે કેમ ?

અમદાવાદ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

નાયબ મજુર કમિશ્નર દ્વારા

સુધારો

વિષય :- ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ ન્યાય નિર્ણય બાબત.

ગઢડા નગરપાલીકા, ગઢડા અને તેના કામદારો વચ્ચે ઔદ્યોગિક વિવાદ.

ક્રમાંક નામક/રાજ/ઓ.વી.રે./૨૫૬/૨૦૦૩.-ઉપરોક્ત વિષય પરત્વે અત્રેના તારીખ ૧૯મી ઓક્ટોબર, ૨૦૦૦ના પત્ર ક્રમાંક નામક/રાજ/ઓ.વી.રે./૫૬૨૭ થી ઉક્ત ઔદ્યોગિક વિવાદ આપશ્રીને ન્યાય નિર્ણય અર્થે મોકલવામાં આવેલ છે. સદર રેફરન્સમાંના ''હુકમ''માં નીચે મુજબ નામમા સુધારો કરવામાં આવે છે.

''કંચનબેન મનહરભાઈ વાળાને બદલે '' કંચનબેન અરજણભાઈ વાઘેલા'' તેમ સુધારો કરવામાં આવેલ છે. જે મુજબ સુધારો ધ્યાને લેવા વિનંતી છે.

રાજકોટ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

સહી (અવાચ્ય),
નાયબ મજુરકમિશ્નર,
રાજકોટ.

૮-----------

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંકકે.એસ.એચ./એમજી/આઇ.ડી.એ./સુ/૧/આઇ.ડી.આર.એ.જે./ ૨૦૦૩.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વસુંધરા ડેનીંગ પ્રા.લિ., સ્ટેશન રોડ, કિલ્લા પારડી, જી.વલસાડ. અને તેના કામદારો વચ્ચેની છે.

અને, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૬૧-આઇડીએ-૧૦૭૮/ ૧૧૮૬૨/ (બી) (૨) ઝ થી ઉકત કાયદાની કલમ-૧૦ની પેટા કલમ (૧૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રી સુરતને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સતાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાં ક્રમાંક હેઠળ બનેલી મજુર અદાલત, વલસાડને સદરહુ

પરિશિષ્ટ 'અ'

માંગણી નંબર : ૧ :- બેઝીક પગાર વધારવા બાબત :

આપના કારખાનામાં કામ કરતાં સ્કીલ્ડ કામદારોને હાલમાં મળતા બેઝીક પગારમાં માસિક રૂા. ૪૦૦/- અંકે રૂપિયા ચારસો પુરા બેઝીક પગાર વધારો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી આપશોજી. તેમજ અનસ્કીલ્ડ કામદારોને હાલમાં મળતાં બેઝીક પગારમાં માસીક રૂા. ૩૫૦/- અંકે રૂપીયા ત્રણસો પચાસ રૂપીયા પુરા બેઝીક પગાર વધારો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી આપવો જોઇએ કે કેમ ?

માંગણી નંબર :૨:- મોંઘવારી ભથ્થુ યાને ખાસ ભથ્થા બાબત :

આપના કારખાનાને લઘુતમ વેતન ધારો લાગુ પડશે તે મુજબ ગુજરાત સરકારશ્રી તરફથી વર્ષમાં બે વાર ખાસ ભથ્થુ જાહેર કરવામાં આવે છે. મજકુર ખાસ ભથ્થુ આપના કારખાનાના કારદારોને ચુકવતાં આવેલા છો. તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી સરકારશ્રી તરફથી જાહેર થતું ખાસ ભથ્થું આપવાનું ચાલુ આપવો જોઇએ કે કેમ ?

માંગણી નંબર :૩:- યુનીફોર્મ અને વોશીંગ એલાઉન્સ :

આપના કારખાનામાં કામ કરતા પુરુષ કામદારોને પ્રત્યેક વર્ષે બે જોડી યુનીફોર્મ આપવામાં આવે છે તે પ્રથા ચાલુ રાખશોજી તેમજ સ્ત્રી કામદારોને બે જોડી એપ્રુન આપવામાં આવે છે તેના બદલામાં બે જોડી સાડી પ્રત્યેક વર્ષે પ્રત્યેક સ્ત્રી કામદારોને આપશોજી. તેમજ યુનીફોર્મની ધોલાઇ કારખાના તરફથી કરાવી આપવો જોઇએ કે કેમ ?

INDEX

માંગણી નંબર:૪:- બુટ બાબત :

આપના કારખાનામાં કામ કરતા પુરુષ કામદારોને દર વર્ષે એક જોડી ગમબુટ આપવામાં આવે છે તે પ્રણાલી ચાલુ રાખશોજી અને જે સ્ત્રી કામદાર પાણીમાં પગ ભીંજવીને કામ કરે છે તેવી સ્ત્રી કામદારોને પ્રત્યેક વર્ષે એક જોડી ગમબુટ આપવો જોઇએ કે કેમ ?

માંગણી નંબર:૫:- કન્વેયન્સ એલાઉન્સ :

આપના કારખાનામાં કામ કરતાં કામદારોને હાલમાં આપવામાં આવતાં કન્વેયન્સ એલાઉન્સ ઉપરાંત દૈનિક રૂ. ૮/- કન્વેયન્સ એલાઉન્સમાં વધારો કરી આપવો જોઇએ કે કેમ ?

માંગણી નંબર :૬ :- લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ :

આપના કારખાનામાં કામ કરતાં કામદારોને હાલમાં આપવામાં આવતા લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ ઉપરાંત પ્રત્યેક વર્ષે રૂ. ૬૨૫- લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ તરીકેનો વધારો આપવો જોઇએ કે કેમ ?

માંગણી નંબર :૭:- કેળવણી ભથ્થા બાબત :

આપના કારખાનામાં કામ કરતાં કામદારોને હાલમાં આપવામાં આવતાં કેળવણી ભથ્થા ઉપરાંત પ્રત્યેક મહીને રૂ. ૨૫૦/- કેળવણી ભથ્થામાં વધારો આપવો જોઇએ કે કેમ ?

માંગણી નંબર :૮:- હાઉસરેન્ટ એલાઉન્સ :

આપના કારખાનામાં કામ કરતાં કામદારોને હાલમાં આપવામાં આવતાં હાઉસ રેન્ટ એલાઉન્સ ઉપરાંત પ્રત્યેક મહીને રૂા. ૧૫૦/- નો હાઉસરેન્ટ એલાઉન્સમાં વધારો આપવો જોઇએ કે કેમ ?

માંગણી નંબર :૯:- મેડીકલ એલાઉન્સ :

આપના કારખાનામાં કામ કરતા કામદારોને મેડીકલ એલાઉન્સ પ્રત્યેક કામદારને પ્રત્યેક મહિને રૂા. ૨૦૦/- આપવો જોઇએ કે કેમ ?

માંગણી નંબર :૧૦:- બોનસ બાબત :

આપના કારખાનામાં કામ કરતાં કામદારોને સને ૧૯૯૯/૨૦૦૦ થી પ્રત્યેક હીસાબી વર્ષ માટે કામદારોને જે તે વર્ષનું કુલ કમાણીનાં ૨૦ ટકા જેટલું બોનસ પ્રત્યેક વર્ષની દિવાળીનાં ૧૦ દિવસ અગાઉ કામદારોને ચુકવી આપવો જોઇએ કે કેમ ?

માંગણી નંબર :૧૧:- વગર વ્યાજની લોન:

આપના કારખાનામાં કામ કરતાં પ્રત્યેક કામદારને પ્રત્યેક વર્ષે કામદાર ની જરૂરીયાતને અનુરૂપ રૂા. ૧૦,૦૦૦/- સુધીની લોન વગર વ્યાજે આપશોજી. આવી આપેલી લોનનાં નાણાં કામદારો પાસેથી સરળ હપ્તેથી વસુલ આપવો જોઇએ કે કેમ ?

INDEX

માંગણી નંબર :૧૨:- યુનીયનને માન્યતા આપવા બાબત:

આપના કારખાનામાં બહુમતી કામદારોનાં યુનીયન તરીકે અમારા યુનીયનને માન્યતા આપેલી છે તે યથાવત ચાલુ રાખશોજી. તેમજ કામદારો પાસે યુનીયનની લેણી નીકળતી રકમ જેવી કે લવાજમ યા ડોનેશન વિગેરે બાબતે યુનીયન તરફથી લેખીત જાણ કરવામાં આવે ત્યારે આવી રકમ કામદારોને ચુકવવા પાત્ર થતી રકમમાંથી સીધી કપાત કરી કામદારોનાં નામ અને રકમની યાદી સહીત હમોને પહોંચાડશોજી તથા યુનીયનને લગતા વિવાદો માટે કામદાર પ્રતિનિધિઓને યુનિયન ઓફીસે જવા માટે ભરપાગારે રજા આપવી જોઇએ કે કેમ ?

માંગણી નંબર :૧૩:- પશ્ચાદ્વર્તી અસર બાબત:

આ માંગણી પત્રમાં જણાવેલી તમામ માંગણીઓનાં લાભો કામદારોને તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી અમલમાં આવે તે રીતે આપવો જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ મજુર કમિશ્નર,
સુરત.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૩૦૧/આઇડીઆર/એજે/નામક/વડો/ ૨૯૮/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર બરોડા ઇલેક્ટ્રો એન્જીનીયરીંગ પ્રોડકટસ પ્રા. લી., મુ.પો.રામીયાલા, તા. પાદરા, જિ. વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨/બી(૨)/૭ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રીને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી) થી મળેલ સત્તાની રુએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, કોર્ટ નંબર ૨ ને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ :

(અ) મુળ પગાર અને વર્ગીકરણ : કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને નીચે દર્શાવ્યા મુજબ ગ્રેડમાં વર્ગીકરણ કરી તેઓના ગ્રેડ સામે દર્શાવ્યા મુજબનો મુળ પગાર દર મહીને તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧થી ચુકવી આપવો જોઇએ કે કેમ ?

ગ્રેડ-૧ : રૂ. ૨૫૦૦-૫૦-૨૭૫૦-૬૦-૩૩૫૦-૭૦-૪૦૫૦.
ગ્રેડ-૨ : રૂ. ૨૭૦૦-૬૦-૩૦૦૦-૭૦-૩૭૦૦-૮૦-૪૫૦૦.
ગ્રેડ-૩ : રૂ. ૩૦૦૦-૭૦-૩૩૫૦-૮૦-૪૧૫૦-૯૦-૫૦૫૦.
ગ્રેડ-૪ : રૂ. ૩૫૦૦-૮૦-૩૯૦૦-૯૦-૪૮૦૦-૧૦૦-૫૮૦૦.

(બ) કામદારોનું ગ્રેડમાં ફીટમેન : કંપનીમાં કામ કરતાં કામદારોને તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ના રોજ મળતા મુળ પગારમાં રૂ. ૧૫૦૦/-નો પગાર વધારો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી આપવો જોઇએ કે કેમ ? જો કામદાર પોતાના ગ્રેડમાં આવતા સ્કેલમાં ફીટ ન થાય તો તે કામદારને નજીકના ઉપરના સ્કેલમાં મુકવો અને ત્યારબાદ સને ૨૦૦૦ના વર્ષનું ઇન્ક્રીમેન્ટ નવા સુધારેલ સ્કેલ અને ગ્રેડ મુજબ તેના મુળ પગારમાં આપવું જોઇએ કે કેમ ?

(ક) એકસગ્રેસીયા રકમ : તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ થી કામદારોને કોઇપણ જાતનો પગાર વધારો આપેલ ન હોઇ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ સુધીના સમય માટે રૂ. ૧૦,૦૦૦/- ઉચ્ચક રકમ એકસગ્રેસીયા તરીકે રોકડમાં ચુકવી આપવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૨ : મોંઘવારી ભથ્થાઓ :-

(અ) સ્થાયી મોંઘવારી ભથ્થું :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને તેમના મુળ પગાર ઉપરાંત દર મહીને રૂ.૧૦૦૦/- સ્થાયી મોંઘવારી ભથ્થા તરીકે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી ચુકવી આપવી જોઇએ કે કેમ ?

(બ) અસ્થાઇ મોંઘવારી ભથ્થું :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર મહીને તેમના મુળ પગાર, સ્થાઇ મોંઘવારી ભથ્થા ઉપરાંત ઓલ ઇન્ડીયા કન્ઝયુમર પ્રાઇઝ ઇન્ડેક્ષ (૧૯૬૦-૧૦૦)ના પ્રમાણે ગણતા ૧૮૦૦ આંક ઉપર એક પણ આંક વધે તે દરેક એક આંકના રૂ.૪/- લેખે ગણતરી કરી તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી દર મહીને અસ્થાઇ મોંઘવારી ભથ્થા તરીકે ચુકવી આપવી જોઇએ કે કેમ? એપ્રિલ-૨૦૦૧ના પગારની ગણતરી માટે ફેબ્રુઆરી-૨૦૦૧ના જાહેર થયેલ આંક ગણવા જોઇએ કે કેમ

માંગણી નં. ૩ :-અન્ય ભથ્થાઓ :-

(અ) મકાન ભાડા ભથ્થું :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂ.૩૦૦/- મકાનભાડા ભથ્થા તરીકે દર મહીને તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧ થી ચુકવી આપવા જોઇએ કે કેમ ?

INDEX

(બી) કન્વેયન્સ એલાઉન્સ :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂ.૫૦૦/- કન્વેયન્સ એલાઉન્સ તરીકે દર મહીને તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી ચુકવી આપવા જોઇએ કે કેમ ?
(ક) ધોલાઇ ભથ્થું :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂ. ૨૦૦/- ધોલાઇ ભથ્થા તરીકે દર મહીને તારીખ ૧લી એપ્રિલ,૨૦૦૧ થી ચુકવી આપવા જોઇએ કે કેમ ?
(ઇ) મેડીકલ એલાઉન્સ :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂ.૫૦૦/- મેડીકલ એલાઉન્સ તરીકે દર મહીને તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી ચુકવી આપવા જોઇએ કે કેમ ?
(એફ) લીવ ટ્રાવેલ એલાઉન્સ :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે રૂ.૩૦૦૦/- લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ તરીકે કેલેન્ડર વર્ષ ૨૦૦૧ થી દર વર્ષે એપ્રિલ માસમાં ચુકવી આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં.૪ :-રજાઓ :-
(અ) કેજ્યુઅલ રજાઓ :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભર પગારે કેજ્યુઅલ રજાઓ કેલેન્ડર વર્ષ ૨૦૦૧ થી આપવી જોઇએ કે કેમ ?
(બી) હકક રજાઓ :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૩૦ દિવસની ભરપગારે હકક રજાઓ કેલેન્ડર વર્ષ ૨૦૦૧ થી આપવી જોઇએ કે કેમ ?
(ક) માંદગીની રજાઓ :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે માંદગીની રજાઓ કેલેન્ડર વર્ષ ૨૦૦૧ થી આપવી જોઇએ કે કેમ ?
(ડ) તહેવારની રજાઓ :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે તહેવારની રજાઓ કેલેન્ડર વર્ષ ૨૦૦૧ થી આપવી જોઇએ કે કેમ ?
(ઇ) અકસ્માતની રજાઓ :-કંપનીમાં કામ કરતા કામદારોને ચાલુ નોકરી દરમ્યાન અકસ્માત થાય ત્યારે કામદાર જ્યાં સુધી સંપુર્ણ સાજો ન થાય ત્યાં સુધી ભરપગારે અકસ્માતની રજાઓ આપવી જોઇએ કે કેમ?

માંગણી નં.૫ :-યુનિફોર્મ :-
(અ) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ત્રણ જોડી ટેરીકોટનના પેન્ટ/શર્ટ યુનિફોર્મ તરીકે કેલેન્ડર વર્ષ ૨૦૦૧ થી આપવા જોઇએ કે કેમ ?
(બી) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે એક જોડી ચામડાના બુટ તથા બે જોડી મોજા દર વર્ષે આપવા જોઇએ કે કેમ?
(ક) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે એક વુલન જરસી રૂ.૧૦૦૦/- ની ઓછામાં ઓછી કિંમતની કેલેન્ડર વર્ષ ૨૦૦૧ થી આપવી જોઇએ કે કેમ ?

INDEX

(ડ) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર બે વર્ષે એક રેઇનકોટ (ડકબેક કંપની) ની કેલેન્ડર વર્ષ ૨૦૦૧ થી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૬ :–લોનની સુવિધા :–કંપનીમાં કામ કરતા તમામ કામદારોને નીચે જણાવ્યા મુજબ વગર વ્યાજે લોન આપવી જોઈએ કે કેમ ?

(અ) અંગત લોન :– તમામ કામદારોને રૂા. ૧૦,૦૦૦/– અંગત લોન તરીકે આપવી જોઈએ કે કેમ ? અને ૫૦ સરખા હપ્તે વસુલ કરવી જોઈએ કે કેમ ?

(બ) મકાન લોન :–તમામ કામદારોને પોતાના રહેઠાણ માટે મકાન બનાવવા માટે કે મકાન રીપેરીંગ કરાવવા રૂા. ૧,૦૦,૦૦૦/– સુધી મકાન લોન તરીકે આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૭ :–નિવૃત્તિ કમ મૃત્યુ લાભ :–

(અ) કંપનીમાં કામ કરતા કોઈ કામદારનું અવસાન થાય ત્યારે તેની અંતિમક્રિયા માટે રૂા. ૧૦,૦૦૦/– તેના વારસદારને તાત્કાલિક ચુકવી આપવા જોઈએ કે કેમ ?

(બ) કંપનીમાં કામ કરતા કામદારનું અવસાન થાય કે નોકરીમાંથી નિવૃત્ત થાય ત્યારે રૂા. ૫૦,૦૦૦/– જે તે કામદાર અથવા તેના વારસદારને ચુકવી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૮ :–અમલ:–ઉપર જણાવેલ તમામ માંગણીઓના અમલ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩ સુધી કરવો જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૭મી ડિસેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજૂર કમિશનર,
વડોદરા.

નાયબ મજુર કમિશનર દ્વારા
હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ.આર./ એસએચએમસી/૨૯૭/૦૨/ આઇ.ડી.આર. એ.જે./ નામક/વડો/૧૧૪/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.ભરૂચ વિભાગ, ભરૂચ. અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૬૧-આઇડીએ-૧૦૭૮/૧૧૮૬૨/ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રીને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાં હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ કોર્ટ નંબર ૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી આપું છું.

અનુસૂચિ

''ભરુચ ડેપોના કંડ.શ્રી શબ્બીર હુસેન વલી ઉમરજી પટેલને તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૦ના ડીટીઓ-અમરેલીના હુકમથી વાર્ષિક પગાર વધારો ૬ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરેલ છે જે પર કરેલ પ્રથમ અપીલમાં તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૦૧ના હુકમથી કામદારનો વાર્ષિક પગાર વધારો ૪ વર્ષ કાયમી અસરથી બંધ કરેલ છે જે હુકમ રદ કરવો જોઇએ કે કેમ ? તથા થયેલ તમામ આર્થિક નુકસાન ભરપાઇ કરી આપવુ જોઇએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૨૭મી ડિસેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચબાર/ એસએએસએમસો/૨૯૬/૦૨/આઇડીઆર/એ.જે./ નામક/ વડો/૨૧૯/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત વિદ્યુત બોર્ડ, રેસકોર્સ, વડોદરા. અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચબાર-૧૬૧-આઇડીએ-૧૦૭૮/૧૧૮૬૨/ (બી) (૨) ઝ થી ઉકત કાયદાની કલમ-૧૦ની પેટા કલમ (૧૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રીને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ની મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાં હેઠળ રચાયેલ ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

''શ્રી એમ. એ. ટેસ્ટર, વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન તારીખ ૨૨મી મે, ૧૯૯૯ થી આસીસ્ટન્ટ ડેમોસ્ટ તરીકે પ્રમોશન/નિમણુંક આપી સાનાંયોરોટીમાં મુકવા જોઇએ કે કેમ ? તથા મળવાપાત્ર તમામ લાભો આપવા જોઇએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૨૭માં ડિસેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએયઆર/ એસએએસએમસી / ૨૯૯ / ૦૨ / આઇડીઆર / એ.જે./ નામક / વડો/૩૧૬/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએયઆર-૧૬૧-આઇડીએ-૧૦૭૮ /૧૧૮૬૨/ (બી) (૨) ઝ થી ઉકત કાયદાની કલમ-૧૦ની પેટા કલમ (૧૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશ્નરશ્રીને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ની મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશ્નર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાં હેઠળ રચાયેલ ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નંબર ૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

''ભરૂચ વિભાગના અંકલેશ્વર ડેપોના ડ્રાઇવરશ્રી પી.બી. વંશને એસ.ટી. ભરૂચે તહોમતપત્ર ૨૧૭/૯૫માં આગામી વાર્ષિક પગાર વધારો ૭ (સાત) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ સજા રદ કરવી જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૭મી ડિસેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશ્નર,
વડોદરા.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૯૮/૦૨/આઇડીઆર/એ.જે./નામક/વડો/૩૧૫/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૬૧-આઇડીએ-૧૦૭૮/૧૧૮૬૨/ (બી) (૨) ઝ થી સદર કાયદાની કલમ-૧૦ની પેટા કલમ (૧૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રીને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી)થી મળેલ સતાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાં હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટનંબર-૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

''અંકલેશ્વર ડેપોના કંડકટરશ્રી છત્રસિંહ ચંદ્રસિંહ રણાને ડીફોલ્ટ કેસ નં. ૨૬૧/૯૫ના અનુસંધાનમાં પ્રથમ અપીલ સત્તાધિકારીએ એસ.ટી.ભરૂચે રૂા.૧૭૦૭/- ના મુળ પગાર ઉપરથી ૨૦ ઇજાફા નીચે ઉતારવાની કરેલ શિક્ષાનો હુકમ રદ કરવો જોઇએ કે કેમ? તથા થયેલ નુકશાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ?''

વડોદરા, તારીખ ૨૭મી ડિસેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૩૦૦/૦૨/આઇડીઆર/એ.જે./નામક/વડો/૩૧૭/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૬૧-આઇડીએ-૧૦૭૮ /૧૧૮૬૨/ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રીને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાં હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ કોર્ટનંબર-૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસુચિ

''જંબુસર ડેપોના હાલ ફરજ બજાવતાશ્રી એ. એમ. જાદવને જ્યારે પાદરા ડેપોમાં ફરજ બજાવતા ત્યારે ડી.ટી.એસ. દ્વારા આપવામાં આવેલ તહોમતપત્ર નં. ૩૯૯/૯૪માં તેઓનો વાર્ષિક ઇજાફો ૬ વર્ષ માટે બિન કાયમી અસરથી બંધ કરવાની કરેલ હુકમ રદ કરવો જોઇએ કે કેમ? તથા થયેલ તમામ આર્થિક નુકશાન તફાવત સહીત ભરપાઇ કરી આપવા જોઇએ કે કેમ?''

વડોદરા, તારીખ ૨૭મી ડિસેમ્બર, ૨૦૦૨.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/બીએચએ/એજેલી/આઇ.ડી.આર./પ ૦૨/૩૬/૨૦૦૩.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર હરીયાણા શીપ બ્રેકર્સ લિ., પ્લોટ નં. ૧૪, અલંગ અને તેના કામદારશ્રી અબ્દુલહસન બીસ્મીલ્લા અન્સારી વચ્ચેની છે.

અને, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ૧૪માની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ(૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરો તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એ. ડી. ભટ્ટ, મદદનીશ મજુર કમિશનર, અલંગ, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અબ્દુલહસન બીસ્મીલ્લા અન્સારીને તેમના પડેલા દિવસો પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ?

ભાવનગર, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ મજુર કમિશનર,
અલંગ, જિ. ભાવનગર.

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

સુધારો

વિષયઃ- ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ હેઠળ ન્યાય નિર્ણય બાબત.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ભુજ અને તેના કામદારો વચ્ચે ઔદ્યોગિક વિવાદ.

ક્રમાંક નામક/રાજ/ઓ.વી.રે./૨૬૪/૦૩.- ઉપરોકત વિષય પરત્વે અત્રેના તારીખ ૨૬મી માર્ચ, ૨૦૦૨ના પત્ર ક્રમાંક નામક/રાજ/ ઓ.વી.રે. ૪૯૩૫ થી ઉકત ઔદ્યોગિક વિવાદ આપશ્રીને ન્યાય નિર્ણય અર્થે મોકલવામાં આવેલ છે. સદર રેફરન્સમાં ''હુકમ'' માં નીચે મુજબ સુધારો વાંચવા વિનંતી છે.

''માંડવી ડેપોના હેલ્પરશ્રી વસંતલાલ પી. ભટ્ટ ને દાકતરી પ્રમાણપત્રના આધારે ફરજ ઉપર ગણી પગાર તેમજ અન્ય લાભો ચુકવી આપવા જોઇએ કે કેમ ?''

રાજકોટ, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

સહી (અવાચ્ય),
નાયબ મજુર કમિશ્નર,
રાજકોટ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/બીએચએ/એજેલી/આઇ.ડી.આર./૮-૦૨/૪૧/૨૦૦૩.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ઇન્ડીયન મેટલ ટ્રેડર્સ, પ્લોટ નં. ૨, અલંગ અને તેના કામદાર શ્રી વીરજીભાઇ સુખાભાઇ સોલંકી વચ્ચેની છે.

અને, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ૧૪માની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ(૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરો તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સતાની રૂએ હું, શ્રી એ. ડી. ભટ્ટ, મદદનીશ મજુર કમિશનર, અલંગ, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વીરજીભાઇ સુખાભાઇ સોલંકીને તેમના પડેલા દિવસો પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ?

ભાવનગર, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

સહી (અવાચ્ય)
મદદનીશ મજુર કમિશનર,
અલંગ, જિ. ભાવનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/બીએચએ/એજેલી/આઇ.ડી.આર./૯૦-૦૨/૫૧/૨૦૦૩.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર હરેકૃષ્ણ સ્ટીલ કોર્પોરેશન, પ્લોટ નં. ૧૩૫, સોસીયા અને તેના કામદાર શ્રી રામનગીના તુલસી વચ્ચેની છે.

અને, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ૧૪માની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ(૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરો તેમના સંબંધિત કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એ. ડી. ભટ્ટ, મદદનીશ મજુર કમિશનર, અલંગ, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રામનગીના તુલસીને તેમના પડેલા દિવસો પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ?

ભાવનગર, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

સહી (અવાચ્ય)
મદદનીશ મજુર કમિશનર,
અલંગ, જિ. ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/બીએચએ/એજેલી/આઇ.ડી.આર./૦૨/૫૬/૨૦૦૩.–મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિ તકરાર પ્રિયાંક શીપ બ્રેકીંગ પ્રા. લિ., પ્લોટ નં. ૭૫, અલંગ અને તે કામદાર શ્રી છત્રીસિંહ મંગલસિંહ ચૌહાણ વચ્ચેની છે.

અને, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ૧૪માની કલમ-૩ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકા વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેજીર એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલ ૧૦ની પેટા કલમ(૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અ સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરો તેમ સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભા (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એ. ડી. ભટ્ટ, મદદનીશ મજુ કમિશનર, અલંગ, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યા નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી છત્રીસિંહ મંગલસિંહ ચૌહાણને તેમના પહેલા દિવસો પુરા પગા સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ?

ભાવનગર, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

સહી (અવાચ્ય)
મદદનીશ મજુર કમિશનર,
અલંગ, જિ. ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/બીએચએ/એજેલી/આઇ.ડી.આર./૭-૦૨/૪૬/૨૦૦૩.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સૌરાષ્ટ્ર સીકયુરીટી ગાર્ડ, પ્લોટ નં.૯, દેસાઇનગર, ભાવનગર અને તેના કામદાર શ્રી બલદેવસિંહ નાનરસિંહ વચ્ચેની છે.

અને, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ૧૪માની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ આદીજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ(૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એ. ડી. ભટ્ટ, મદદનીશ મજુર કમિશનર, અલંગ, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી બલદેવસિંહ નાનરસિંહને તેમના પડેલા દિવસો પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ?

ભાવનગર, તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ મજુર કમિશનર,
અલંગ, જિ. ભાવનગર.

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/ એસએચએમસી /૩૩૮૯૧ /પ.પ/આઇડીઆર/એ.જે./ ૩/૦૩.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત કમ્પોઝીટ લી. (ફાઇબર પ્રોડકટ ડીવીઝન)અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૬૧-આઇડીએ-૧૦૭૮/૧૧૮૬૨/ (બી) (૨) ઝ થી ઉકત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રીને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ની મળેલ સતાની રૂએ હું, મજુર કમિશ્નર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

(૧) હાલ પ્રતિ ટન આવતી ઉત્પાદનની મજુરીની રકમ ઘટાડવા સારું અને મે.સી. હરીફ કંપનીઓ સાથે રહેવા સારું હાલના પગારમાં ૫૦ ટકા ઘટાડો કરવો જરૂરી છે કે કેમ ?

(૨) સંસ્થા દ્વારા અપાતી સગવડો કે જે ઉત્પાદકતા અને સંસ્થાના કાર્યમાં બીન ઉપયોગી છે તે સગવડો જેવી કે (૧) ડસ્ટર કલોથ (૨) ફોર્કલીસ્ટ ડ્રાઇવરોને આપવામાં આવતો ગરમ ગણવેશ (૩) મોકાસીનો બુટનાં જગ્યાએ સેફટી બુટ આપવાનું તાત્કાલીક અસરથી પાછી ખેંચવી કે કેમ ?

(૩) દરેક કામદારે તેની શીફટમાં ફરજીયાત સાત કલાક જેટલું કામ અચુક કરવું કે કેમ ?

(૪) કેજયુઅલ રજાનું કોકડમાં રુપાંતર કરવાની જે જોગવાઇ છે તે તાત્કાલીક અસરથી બંધ કરવી કે કેમ ? તમામ કામદારોએ તેમની કેજયુઅલ રજા ભોગવવી કે કેમ ?

(૫) જે કામદારોને કોલોનીમાં કવાર્ટર ફાળવવામાં આવે તેમને મકાન ભાડા ભથ્થું આપવું કે કેમ ?

(૬) હરીફાઇમાં ટકી રહેવા સારું ઉત્પાદનમાં નીચે મુજબનો વધારો કરવો ખુબજ જરુરી છે કે કેમ ?

(એ) શીટ મશીન :- હાલનું ઉત્પાદન ૫૪૦૦ મે.ટન (બે મશીન) જોઇતુ ઉત્પાદન ૬૫૦૦ મે.ટન (કપાત બે મશીન) જોઇતું ઉત્પાદન જરુરી ગુણવતા અનુસારના પ્રમાણોનું બરાબર હોવું જોઇએ કે કેમ ?

(બી) પાઇપ મશીન:- હાલનું સરેરાશ ઉત્પાદન (૧૩૦૦ મે.ટન) દર મહીને જોઇતું સરેરાશ ઉત્પાદન (૨૦૦૦ મે.ટન) (દર મહીને)

સી ટાઇપ ફીનીસીંગ

માપ	હાલમાં	જોઇતું	હાલમાં	જોઇતું	હાલમાં	જોઇતું
૧૫૦ એમએમ	૪૫૦	૯૦૦	૨૦૩	૪૦૦	૨૧	૬૫
૨૦૦ એમએમ	૩૫૨	૭૦૦	૧૮૦	૩૭૫	૧૮	૬૦
૨૫૦ એમએમ	૩૧૨	૬૨૫	૧૫૮	૩૨૫	૧૬	૫૦
૩૦૦ એમએમ	૨૪૦	૫૦૦	૧૧૩	૨૫૦	૧૩	૪૦
૩૫૦ એમએમ	૨૦૮	૪૫૦	૦૮૨	૨૦૦	૧૦	૪૦
૪૦૦ એમએમ	૧૮૪	૪૦૦	૦૭૫	૧૭૫	૦૯	૩૦
૪૫૦ એમએમ	૧૬૮	૩૫૦	૦૬૯	૧૫૦	૦૮	૩૦
૫૦૦ એમએમ	૦૯૬	૨૦૦	૦૫૭	૧૨૫	૦૬	૨૫
૬૦૦ એમએમ	૦૭૨	૧૫૦	૦૪૪	૧૦૦	૦૫	૧૫
૭૦૦ એમએમ	૦૩૫	૧૦૦	૦૩૦	૦૭૫	૦૪	૧૨

(ડી) લોડીંગ :-

(૧) શીટ લોડીંગ :- હાલનો વ્યકિતદીઠ દૈનિક દર ૫.૬૦ મે. ટન જોઇતો વ્યકિત દીઠ દૈનિક દર ૧૨ મે. ટન

(ઇ) મોલ્ડીંગ ગુડઝ :-

હાલનો દર ૩ મે. ટન વ્યકિત દીઠ દૈનિક જોઇતો દર ૫.૬ મે. ટન વ્યકિત દીઠ દૈનિક.

(એફ) વર્ક શીટસ :-

હાલનો દર ૭૦ નંગ દૈનિક વ્યકિત દીઠ જોઇતો દર ૧૪૦ નંગ દૈનિક વ્યકિત દીઠ.

INDEX

(જી) પાઇપ લોડીંગ (ડપાઇપ) :-

માપ	હાલનો દર (નંગ)	જોઇતો દર (નંગ)	હાલનો દર (નંગ)	જોઇતો દર (નંગ)
૧૫૦ એમએમ	૧૦૦	૧૭૫	૪૬૦	૭૫૦
૨૦૦ એમએમ	૦૭૨	૧૫૦	૪૬૦	૭૫૦
૨૫૦ એમએમ	૦૫૦	૧૨૦	૨૬૩	૪૫૦
૩૦૦ એમએમ	૦૩૮	૮૫	૨૬૩	૪૫૦
૩૫૦ એમએમ	૦૩૩	૮૦	૨૬૩	૪૫૦
૪૦૦ એમએમ	૦૨૮	૭૫	૨૬૩	૪૫૦
૪૫૦ એમએમ	૦૨૫	૭૦	૨૬૩	૪૫૦
૫૦૦ એમએમ	૦૨૩	૬૫	૧૫૩	૨૫૦
૬૦૦ એમએમ	૦૧૬	૬૦	૧૫૩	૨૫૦
૭૦૦ એમએમ	૦૧૬	૬૦	૧૫૩	૨૫૦

(એચ.) મોલ્ડીંગ :-

અ.નં.	માલનું વર્ણન	હાલનું ઉત્પાદન	જોઇતું ઉત્પાદન
1	2	3	4
૧.	એસ.રેજેજડ કોસો ગેટેટ	૩૬ જોડી	૧૨૦ જોડી
૨.	કલોઝ ફીટીંગ રીજેજસ	૨૫ જોડી	૧૦૦ જોડી
૩.	પ્લેનીંગ રીજેજસ	૩૬ જોડી	૧૨૦ જોડી
૪.	હીપ રીજેજસ	૩૬ જોડી	૧૨૦ જોડી
૫.	એપ્રોન પીસ ૧૨૬ કોરોન	૫૦ નંગ	૧૨૫ નંગ
૬.	એનીસ ફલેટ પીસ કોસો	૫૦ નંગ	૧૨૫ નંગ

૧	૨	૩	૪
૭.	નોર્થ લાઇન કર્બ	૨૫ નંગ	૭૫ નંગ
૮.	ફ્રા બોર્ડ	૫૦ નંગ	૧૭૫ નંગ
૯.	ગટર વીથ એસેસરીઝ	૧૨ શેટ	૪૦ શેટ
૧૦.	એ. સી. ચેનલ	૬૦ નંગ	૧૫૦ નંગ
૧૧.	કવોલ ટાઇપ વેન્ટીલેટર	૦૫ નંગ	૨૦ નંગ

(૭) ઉત્પાદકતા સાથે પગારને સાંકળવા કે કેમ ?

(૮) બીન ઉત્પાદકીય ટ્રીપો (પ્રેકટીસીસ) બંધ કરવી કે કેમ ?

(૯) છોડાવનાર તમામ છોડાવનારે અન્ય એ. સી. ઉદ્યોગમાં ચાલી આવતી પ્રથા અનુસાર ઓછામાં ઓછા પાંચ કામદારોને છોડાવવાના કે કેમ ?

(૧૦) તમામ કામદારોને તેમના ગ્રેડ મુજબ સંસ્થામાં તમામ જગ્યાએ ફરજ બજાવવી કે કેમ ?

અમદાવાદ, તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૮૯૩/પ.પ./આઇડીઆર/એ.જે./૧૩૮/૨૦૦૨.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિક્રમ સ્ટીલ લી., કોઠારીયા, રાજકોટ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઇડીએ/૧૦૨૦૦૧-૬૦૭ (મ) (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ- ૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

(૩) ફીકસ ડી. એ.:-૧૯૬૦=૧૦૦ કન્ઝયુમર્સ પ્રાઇસ ઇન્ડેક્ષમાં ૭૦૦ પોઇન્ટ માટે દરેક કામદારને ફીકસ ડી. એ. રૂ.1000-00 આપવું કે કેમ ?

(૪) વેરીએબલ ડી.એ.:-ઓલ ઇન્ડીયા કન્ઝયુમર્સ પ્રાઇસ ઇન્ડેક્ષ પ્રમાણે ૧૯૬૦=૧૦૦માં ૭૦૦ પોઇન્ટથી વધારાના દરેક પોઇન્ટ માટે ૧ પોઇન્ટના વધારાના રૂ.૨-૫૦ પૈસા દરેક કામદારને વેરીએબલ ડી. એ. પેટે આપવા કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ.આર./એસએચએમસી/૨૦/૨૦૦૩/આઇ.ડી.આર./એજે/નામક/વડો /૫/૨૦૦૩.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાયુ છે કે, આ સાથે જોડેલ અનુસુચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) ચીફ ઓફીસરશ્રી, કરમસદ નગરપાલિકા, બારો, મુ.કરમસદ, તા. જી. આણંદ (૨) નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગર. અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ / ૧૦૭૮/૧૧૮૬૨-૨ (બી) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતાં સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ- ૧ (બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, આણંદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી આપું છું.

અનુસુચિ

'' સંસ્થામાં કામ કરતા શ્રી સુર્યકાન્તભાઇ સી. પટેલ તથા અન્ય ૩૩ (પરિશિષ્ટ મુજબ) ને કર્મચારીઓના નામ અને હોદ્દા સામે જણાવેલ તારીખથી અને તેઓની ૬૪૧૮, ૨૭ વર્ષની નોકરી પુરી થયેલ હોવાથી તેઓને ૯, ૧૮, ૨૭ વર્ષની નોકરીના ઉચ્ચતર પગાર ધોરણ પ્રમાણેના લાભ આપવો જોઇએ કે કેમ ? ''

પરિશિષ્ટ

અનુસૂચિ-૧

અનુ.નં.	કર્મચારીનું નામ	નિમણૂંક સમયે થયેલ જગ્યાનું નામ	નિમણૂંક તારીખ
	ઓકટ્રોય શાખા		
(૧)	સુર્યકાન્તભાઇ સી.પટેલ	ઓકટ્રોય ઇન્સ.	૩૦/૧૨/૧૯૭૦
(૨)	મહેન્દ્રભાઇ સી. પંડયા	ઓકટ્રોય કલાર્ક	૩૦/૧૨/૧૯૭૦
(૩)	રમણભાઇ એસ. ચૌહાણ	ઓકટ્રોય કલાર્ક	૩૦/૧૨/૧૯૭૦
(૪)	ચીમનભાઇ સી. પરમાર	ઓકટ્રોય કલાર્ક	૧૫/૦૭/૧૯૭૩
(૫)	પ્રફુલ્લભાઇ એન. પારેખ	ઓકટ્રોય કલાર્ક	૦૧/૦૮/૧૯૭૪
(૬)	જીતેન્દ્રકુમાર પી. પટેલ	ઓકટ્રોય ઇન્સ.	૦૧/૧૨/૧૯૭૪
(૭)	વિનુભાઇ એમ. પટેલ	ઓકટ્રોય કલાર્ક	૧૬/૧૦/૧૯૮૧
(૮)	રમણભાઇ એમ. સોલંકી	ઓકટ્રોય કલાર્ક	૨૩/૦૨/૧૯૮૩
(૯)	અમરીષભાઇ એન. પટેલ	ઓકટ્રોય કલાર્ક	૦૩/૦૧/૧૯૮૫
(૧૦)	કમલેશભાઇ એમ. પટેલ	ઓકટ્રોય કલાર્ક	૦૧/૧૧/૧૯૯૦
(૧૧)	પરેશભાઇ આર. પટેલ	ઓકટ્રોય કલાર્ક	૧૩/૧૨/૧૯૯૦
(૧૨)	પરેશભાઇ બી. પટેલ	ઓકટ્રોય કલાર્ક	૧૫/૦૨/૧૯૯૧
(૧૩)	લોમેશભાઇ એ. પટેલ	કોમ્પ્યુટર ઓપ.	૧૩/૧૦/૨૦૦૦
(૧૪)	વિરમભાઇ એમ. રબારી	ઓકટ્રોય પટાવાળા	૩૦/૧૨/૧૯૭૦
(૧૫)	મહીજીભાઇ બી. પરમાર	ઓકટ્રોય પટાવાળા	૩૦/૧૨/૧૯૭૦
(૧૬)	વરસુંગભાઇ આર. રબારી	ઓકટ્રોય પટાવાળા	૦૧/૦૩/૧૯૭૫
(૧૭)	ચંદુભાઇ એસ. ઠાકોર	ઓકટ્રોય પટાવાળા	૦૩/૦૨/૧૯૮૩
(૧૮)	રમણભાઇ બી. ઠાકોર	ઓકટ્રોય પટાવાળા	૦૩/૦૨/૧૯૮૩
(૧૯)	સોમાભાઇ એમ. પરમાર	ઓકટ્રોય પટાવાળા	૦૮/૦૯/૧૯૮૩

INDEX

અનુ.નં.	કર્મચારીનું નામ	નિમણૂંક સમયે થયેલ જગ્યાનું નામ	નિમણૂંક તારીખ
(૨૦)	લાલજીભાઇ આર.રબારી	ઓકટ્રોય પટાવાળા	૦૬/૧૦/૧૯૮૩
(૨૧)	રમેશભાઇ પી. ભોઇ	ઓકટ્રોય પટાવાળા	૦૧/૦૪/૧૯૮૯
(૨૨)	દિનેશભાઇ સી. પરમાર	ઓકટ્રોય પટાવાળા	૦૧/૧૧/૧૯૯૦
(૨૩)	અશોકભાઇ એસ.સોલંકી	ઓકટ્રોય પટાવાળા	૦૧/૧૧/૧૯૯૦
(૨૪)	સિમોન્સ જે. મકવાણા	ઓકટ્રોય પટાવાળા	૨૧/૦૨/૧૯૯૧
(૨૫)	મંગળભાઇ ડી.સોલંકી	ઓકટ્રોય પટાવાળા	૦૧/૦૪/૧૯૯૪
	વોટર વર્કસ વિભાગ		
(૨૬)	કિરીટભાઇ બી. પટેલ	વોટર વર્કસ ઓપ.	૦૧/૧૧/૧૯૯૦
(૨૭)	અંબાલાલ આર.પરમાર	વોટર વર્કસ ઓપ.	૦૧/૧૧/૧૯૯૦
(૨૮)	સુભાષભાઇ બી. સોલંકી	વોટર વર્કસ ઓપ.	૦૧/૦૧/૧૯૯૬
(૨૯)	દિપકભાઇ એફ. મકવાણા	વોટર વર્કસ ઓપ.	૦૧/૦૫/૨૦૦૧
	સેનેટરી વિભાગ		
(૩૦)	કૃપેશભાઇ સી. પટેલ	સેનેટરી ઇન્સ્પેકટર	૨૫/૦૩/૧૯૮૯
	દિવાબત્તી વિભાગ		
(૩૧)	જીતેન્દ્રભાઇ કા. પટેલ	વાયરમેન	૦૧/૧૧/૧૯૯૦
	ડ્રેનેજ વિભાગ		
(૩૨)	ભીખુભાઇ એમ. પટેલ	ડ્રેનેજ ઓપરેટર	૦૧/૦૩/૧૯૭૯
(૩૩)	કુલાભાઇ જે. મકવાણા	ડ્રાઇવર	૧૩/૧૨/૧૯૭૬
(૩૪)	તારાજી ભુમાજી મારવાડી	ડ્રાઇવર	૧૪/૧૨/૧૯૯૦

વડોદરા, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૩.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશ્નર,
વડોદરા.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૯/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૩૨૨/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિ નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૯૨/બી(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રીને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નંબર ૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપુ છું.

અનુસૂચિ

'' ભરૂચ વિભાગીય કચેરીના હિસાબી શાખાના કલાર્કશ્રી ડી. બી. જાધવ આજ કચેરીના શ્રી એ. એમ. રાણા, કલાર્ક કરતા સીનીયર હોવા છતાં તેમને ઓછો પગાર આકારવામા આવેલ છે તે ૨૬ કરી સર્વીસ રેગ્યુલેશન-૬૫-ઇ મુજબ સ્ટેપીંગ અપનો લાભ આપવો જોઇએ કે કેમ ? અને થયેલ આર્થિક નુકસાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ ? ''

વડોદરા, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૩.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૭/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૩૧૯/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨/૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રીને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નંબર ૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપુ છું.

INDEX

અનુસૂચિ

'' ભરૂચ ડેપોના કંડ.શ્રી દોલતસિંહ એન. રાજને તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૫ના રોજ શિક્ષાત્મક હુકમ નં. ૨૧૨/૯૪ થી ૫ વર્ષ કાયમી અસરથી ઇન્ક્રીમેન્ટ બંધ કરેલ અને તે ઉપર વિભાગીય નિયામક દ્વારા કેસ રીવ્યુ કરી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૫ના હુકમના હુકમથી ૮ વર્ષ માટે કાયમી અસરથી ઇન્ક્રીમેન્ટ બંધની સજા કરેલ છે તે રદ કરવી જોઇએ કે કેમ ? તથા થયેલ તમામ આર્થિક નુકસાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ ? અને તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૭ બીજી અપીલના હુકમથી ૨ વર્ષનું કાયમી અસરથી ઇન્ક્રીમેન્ટ બંધ કરવાની કરેલ સજા રદ કરવી જોઇએ કે કેમ ? ''

વડોદરા, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૩.

કે. એસ. ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ.આર./એસએચએમસી/૧૮/૨૦૦૩/આઇ.ડી.આર./એજે/નામક/વડો /૩૨૦/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે, સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ / ૧૦૭૮/૧૧૮૬૨ (૨) (બી) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭મા ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ કોર્ટ નંબર ૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''જંબુસર ડેપોના કંડકટર શ્રી અલીભાઇ ઇબ્રાહીમભાઇ ઘોનઘોનને તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના હુકમથી ૫ વર્ષનું કાયમી અસરથી ઇન્ક્રીમેન્ટ બંધ ની સજા અને પ્રથમ અપીલમાં તારીખ ૩૭ જુલાઇ, ૧૯૯૭ના હુકમથી ૩ વર્ષ માટે કાયમી અસરથી ઇન્ક્રીમેન્ટ બંધ કરવાની કરેલ સજા રદ કરવી જોઇએ કે કેમ ? તથા થયેલ આર્થિક નુકશાન ભરપાઇ કરી આપવા જોઇએ કે કેમ?''

વડોદરા, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૩.

કે.એસ.ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ.આર./એસએચએમસી/૧૬/૨૦૦૩/આઇ.ડી.આર./એજે/નામક/વડો /૩૨૪/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ, અને તેના કામદારો વચ્ચેનો છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે, સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ / ૧૦૭૮/૧૧૮૬૨ (૨) (બી) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭મા ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ કોર્ટ નંબર ૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસુચિ

''જંબુસર ડેપોના કંડકટર શ્રી ગુલામભાઇ આર. પટેલને તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૦ના હુકમથી મુળ પગાર ૭૭૫/- ઉપર મુકવાની કરેલ સજા તેમજ તારીખ ૨૩મી જુલાઇ, ૧૯૯૬ના રોજ રીવ્યુઇંગ ઓથોરીટીના હુકમથી ૩ વર્ષનું કાયમી અસરથી ઇન્ક્રીમેન્ટ બંધ કરવાની કરેલ સજાઓ રદ કરવાં જોઇએ કે કેમ ? તથા થયેલ તમામ આર્થિક નુકશાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ?''

વડોદરા, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૦૩.

કે.એસ.ગીલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.આર./એસએચએમસી/૧૫/૨૦૦૩/આઇ.ડી.આર./એજે/નામક/વડો /૩૨૩/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે, સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ / ૧૦૭૮/૧૧૮૬૨ (૨) (બી) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સતાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરેને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) (બી) થી મળેલ સતાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયાલય, કોર્ટ નંબર ૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''જંબુસર ડેપોના કંડકટર શ્રી ગુલામભાઇ આર.પટેલને તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૭ના હુકમથી ૨ સ્ટેજ પગારમાં નીચે મુકવાની શિક્ષા કરેલ રદ કરવી જોઇએ કે કેમ ? તથા તારીખ ૧૦મી જૂન, ૧૯૯૩ના હુકમથી ૫ વર્ષનું કાયમી અસરથી ઇન્ક્રીમેન્ટ બંધ કરવાની કરેલ સજા રદ કરવી જોઇએ કે કેમ? તથા થયેલ આર્થિક નુકશાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ?''

વડોદરા, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૦૩.

કે.એસ.ગોલ,
નાયબ મજુર કમિશનર,
વડોદરા.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક ડેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૫૬૨/૨૦૦૩.-શ્રી આર.એમ.પટેલ મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.વિભાગ, સુરત અને તેના કામદારોશ્રી, ઇશ્વરભાઇ જે.પરમાર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાચતા અને સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટેમ નં.૩ની અનુસુચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબત અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના (૧૪માંની) કલમ-૧૦ની પેટા કલમ (૧) ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, આર. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર /૯૮/ ૧૦૯/ આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુરઅદાલત નં.૪, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલુ છું.

અનુસુચિ

શ્રી ઇશ્વરભાઇ જે. પરમારને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૩.

આર. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/એજે/આઇ.ડી.આર. / ૬૧૭ / ૨૦૦૨.- શ્રી હ.દા.ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧૦૦૮ વિઘ્નહર પાર્શ્વનાથ (અતિશય ક્ષેત્ર) દિગમ્બર જૈન મંદીર-મહુવા અને તેના કામદારશ્રી, મંજુભાઇ નગીનભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૧૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩)જ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ.દા.ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત નં. ૪, સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી મંજુભાઇ નગીનભાઇને તેમના પહેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ?

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

હ.દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/એજે/આઇ.ડી.આર./૬૨૦/ ૨૦૦૨.- શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧૦૦૮ વિઘ્નહર પાર્શ્વનાથ (અતિશય ક્ષેત્ર) દિગમ્બર જૈન મંદીર-મહુવા અને તેના કામદાર શ્રી. સોમીબેન ડાયાભાઇ ઢોડીયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.- ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ.દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત, તથા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-૪) થી રચાયેલી મજુર અદાલત નં. ૪ સુરતને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી સોમીબેન ડાયાભાઇ ઢોડીયાને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ?

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

હ.દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૬૧૮/૨૦૦૨.-હ. દા. ગામીત મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧૦૦૮ વિઘ્નહર પાર્શ્વનાથ (અતિશય ક્ષેત્ર) દિગમ્બર જૈન મંદીર-મહુવા અને તેના કામદારશ્રી, વિનોદભાઇ ઠાકોરભાઇ નાયકા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાચતા અને સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટમ નં.૩ની અનુસુચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબત અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના (૧૪માંની) કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર /૯૮/ ૧૦૯/ આઇસીઆઇ/૧૦૯૮/ ૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુરઅદાલત નં.૪, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલુ છું.

અનુસુચિ

શ્રી વિનોદભાઇ ઠાકોરભાઇ નાયકાને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/એજે/આઇ.ડી.આર. / ૬૨૩ / ૨૦૦૨.- શ્રી હ.દા.ગામીત, મદદનીશ મજુર કમિશનર સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧૦૦૮ વિઘ્નહર પાર્શ્વનાથ (અતિશય ક્ષેત્ર) દિગમ્બર જૈન મંદીર-મહુવા અને તેના કામદારશ્રી, બળવંતભાઇ જગુભાઇ રાઠોડ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ.દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત નં. ૪ સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી બળવંતભાઇ જગુભાઇ રાઠોડને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ?

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૬૧૫/૨૦૦૨.-હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧૦૦૮, વિઘ્નહર પાર્શ્વનાથ (અતિશય ક્ષેત્ર), દિગમ્બર જૈન મંદીર, મહુવા અને તેના કામદારશ્રી પુનમચંદ હરીભાઇ નાયકા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાચતા અને સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટેમ નં. ૩ની અનુસુચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબત અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના (૧૪માંની) કલમ-૧૦ની પેટા કલમ (૧) ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ હું, હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર /૯૮/ ૧૦૯/ આઇસીઆઇ/૧૦૯૮/ ૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુરઅદાલત નં.૪, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલુ છું.

અનુસુચિ

શ્રી પુનમચંદ હરીભાઇ નાયકાને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૬૧૯/૨૦૦૨.-શ્રી હ. દા. ગામીત મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧૦૦૮, વિઘ્નહર પાર્શ્વનાથ (અતિશય ક્ષેત્ર), દિગમ્બર જૈન મંદીર, મહુવા અને તેના કામદારશ્રી, મુકેશભાઇ ભગુભાઇ પટેલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૬/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાચતા અને સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબત અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના (૧૪માંની) કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર /૯૮/ ૧૦૯/ આઇઆરઆઇ/૧૦૯૮/ ૨૯૦૪-એમ-(૪)થી રચાયેલી મજુર અદાલત નં.૪, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલુ છું.

અનુસુચિ

શ્રી મુકેશભાઇ ભગુભાઇ પટેલને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચઓમસી/એજે/આઇડીઆર/૬૨૧/૨૦૦૨.-શ્રી હ. દા. ગામીત મદદનીશ મજૂર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧૦૦૮, વિઘ્નહર પાર્શ્વનાથ (અતિશય ક્ષેત્ર), દિગમ્બર જૈન મંદીર, મહુવા અને તેના કામદારશ્રી, રવજીભાઇ છાણીયાભાઇ હળપતિ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાચતા અને સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબત અંગે બધા મદદનીશ મજૂર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના (૧૪માંની) કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, હ. દા. ગામીત, મદદનીશ મજૂર કમિશનર, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર /૯૮/ ૧૦૯/ આઇસીઆઇ/૧૦૯૮/ ૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજૂરઅદાલત નં.૪, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલુ છું.

અનુસુચિ

શ્રી રવજીભાઇ છાણીયાભાઇ હળપતિને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજૂર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/એજે/આઇ.ડી.આર. / ૬૨૨/૨૦૦૨.- શ્રી હ.દા.ગામીત, મદદનીશ મજુર કમિશનર સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧૦૦૮, વિઘ્નહર પાર્શ્વનાથ (અતિશય ક્ષેત્ર), દિગમ્બર જૈન મંદીર, મહુવા અને તેના કામદારશ્રી, રમેશભાઇ ચંદુભાઇ પટેલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/ એસએચ/ ૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩)ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ.દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત નં. ૪ સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી રમેશભાઇ ચંદુભાઇ પટેલને તેમના પહેલા દિવસોના પગાર સહિત તેમની નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ?

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/એજે/આઇ.ડી.આર. / પ૨૧/૨૦૦૨.- શ્રી હ.દા.ગામીત, મદદનીશ મજુર કમિશનર સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧૦૦૯ વિધ્નહર પાર્શ્વનાથ (અતિશય ક્ષેત્ર), દિગમ્બર જૈન મંદીર, મહુવા અને તેના કામદારશ્રી, મનુભાઇ બોડાભાઇ પટેલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/ ૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩)ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત નં. ૪ સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મનુભાઇ બોડાભાઇ પટેલને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ?

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એચએચએમસી/૧૦/૦૩/એજે એસ/આઇ.ડી.આર./૯/૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સાબરડેરી, મુ.પો. બોરીયા, તા. હિંમતનગર અને તેના કામદાર શ્રી ધનજીભાઇ સાંકાભાઇ પ્રજાપતિ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એમએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ-૧ની કલમ 'સી' વતીતાં અને સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટમ નં.-૩ અને અનુસુચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ મજુર કમિશનરને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા વિભાગ (૧)ની પેટા વિભાગ (સી)થી તારીખ ૫મી જૂન ૧૯૮૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ એચ/એમસી/૧૦૬૬૧/આઇડીસી/૭૦૯૫થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એચ. આર. શાહ, મદદનીશ મજુર કમિશનર, હિંમતનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/ ૦૪૬/આઇડીએ/૨૦૭૭ સી-૩૭૦૧(૧) કેડથી રચાયેલ કોર્ટ નં. ૧ની બેલી મજુર અદાલત હિંમતનગરને સદરહું તકરાર તેને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી ધનજીભાઇ સાંકાભાઇ પ્રજાપતિના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા કે કેમ?

હિંમતનગર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩.

એચ. આર. શાહ,
મદદનીશ મજુર કમિશનર,
હિંમતનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/૯/૦૩/એજેએસ/આઇ.ડી.આર./૮/૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સાબરડેરી, મુ.પો. બોરીયા, તા. હિંમતનગર અને તેના કામદાર શ્રી પરસોત્તમભાઇ ઇશ્વરભાઇ પટેલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતાં અને સદર ધારાની અનુસુચિ ૨ ની આઇટમ નં. ૩ અને અનુસુચિ ૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ મજુર કમિશનરને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા વિભાગ (૧)ની પેટા વિભાગ (સી)થી તારીખ ૫મી જૂન ૧૯૮૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ એચ/એમસી/૧૦૬૬૧/આઇડીસી/૭૦૯પથી મળેલ સતાની રૂએ હું, શ્રી એચ. આર. શાહ, મદદનીશ મજુર કમિશનર, હિંમતનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/ ૧૦૪૬/આઇડીએ/૨૦૭૭ સી-૩૭૦૧(૧) કેડથી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલી મજુર અદાલત હિંમતનગરને સદરહું તકરાર તેને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી પરસોત્તમભાઇ ઇશ્વરભાઇ પટેલના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન: સ્થાપિત કરવા કે કેમ?

હિંમતનગર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩.

એચ. આર. શાહ,
મદદનીશ મજુર કમિશનર,
હિંમતનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/૮/૦૩/એજે એસ/આઇ.ડી.આર./૭/૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સાબરડેરી, મુ.પો. બોરીયા, તા. હિંમતનગર અને તેના કામદાર શ્રી મુળસિંહ હિરસિંહ પરમાર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ ૧ની કલમ 'સી' વતીતમાં અને સદર ધારાની અનુસુચિ ૨ ની આઇટમ નં. ૩ અને અનુસુચિ ૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ મજુર કમિશનરને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા વિભાગ (૧)ની પેટા વિભાગ (સી)થી તારીખ ૫મી જુન ૧૯૮૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ એચ/એમસી/૧૦૬૬૧/આઇડીસી/૭૦૯૫થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એચ. આર. શાહ, મદદનીશ મજુર કમિશનર, હિંમતનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/ ૧૦૪૬/આઇડીએ/૨૦૭૭ સી-૩૭૦૧(૧) જેડથી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલાં મજુર અદાલત હિંમતનગરને સદરહું તકરાર તેને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી મુળસિંહ હિરસિંહ પરમારના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન: સ્થાપિત કરવા કે કેમ?

હિંમતનગર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩.

એચ. આર. શાહ,
મદદનીશ મજુર કમિશનર,
હિંમતનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/૭/૦૩/એજે એસ/આઇ.ડી.આર./૬/૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સાબરડેરી, મુ.પો. બોરીયા, તા. હિંમતનગર અને તેના કામદાર શ્રી દેસાઇ વાહજીભાઇ ઓધારભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતાં અને સદર ધારાની અનુસુચિ ૨ ની આઇટમ નં. ૩ અને અનુસુચિ ૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ મજુર કમિશનરને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા વિભાગ (૧)ની પેટા વિભાગ (સી)થી તારીખ ૫મી જૂન ૧૯૮૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ એચ/એમસી/૧૦૬૬૧/આઇડીસી/૭૦૯પથી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એચ. આર. શાહ, મદદનીશ મજુર કમિશનર, હિંમતનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/૧૦૪૬/આઇડીએ/૨૦૭૭ સી-૩૭૦૧(૧) જેડથી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલી મજુર અદાલત હિંમતનગરને સદરહું તકરાર તેને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી દેસાઇ વાહજીભાઇ ઓધારભાઇના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા કે કેમ?

હિંમતનગર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩.

એચ. આર. શાહ,
મદદનીશ મજુર કમિશનર,
હિંમતનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/૬/૦૩/એજે એસ/આઇ.ડી.આર./૫/૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સાબરડેરી, મુ.પો. બોરીયા, તા. હિંમતનગર અને તેના કામદાર શ્રી અમૃતભાઇ એ. બારોટ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતાં અને સદર ધારાની અનુસુચિ ૨ ની આઇટમ નં. ૩ અને અનુસુચિ ૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ મજુર કમિશનરને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા વિભાગ (૧)ની પેટા વિભાગ (સી)થી તારીખ ૫મી જુન ૧૯૮૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/એમસી/૧૦૬૧/આઇડીસી/૭૦૯પથી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એચ. આર. શાહ, મદદનીશ મજુર કમિશનર, હિંમતનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/૧૦૪૬/આઇડીએ/૨૦૭૭ સી-૩૭૦૧(૧) ઝેડથી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલી મજુર અદાલત હિંમતનગરને સદરહું તકરાર તેને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી અમૃતભાઇ એ.બારોટના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા કે કેમ?

હિંમતનગર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩.

એચ. આર. શાહ,
મદદનીશ મજુર કમિશનર,
હિંમતનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસએચએમસી/એજે/આઇ.ડી.આર./ ૧૦૨/૨૦૦૨.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) શ્રી ગુજરાત હરિજન સેવક સંઘ, અમદાવાદ અને (૨) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, જુના સચિવાલય, ગાંધીનગર અને તેના કામદાર શ્રી ભાસ્કર મનસુખલાલ ગોવિંદજી વચ્ચેની છે.

હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ -૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/ ૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતાં અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એસ. એન. ગોસાઇ, મદદનીશ મજુર કમિશનર, પાટણ, આથી મજુર અદાલત, પાલનપુરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી ભાસ્કર મનસુખલાલ ગોવિંદજીને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ?

પાટણ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૩.

એસ. એન. ગોસાઇ,
મદદનીશ મજુર કમિશનર,
પાટણ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭:

ક્રમાંક કે.એચ./એસએચએમસી/૩૩૯૦૫/૫.૫/આઇ.ડી.આર./એજે/૭૫/૨૦૦૨.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩-આઇડીએ/૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ- ૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

(૧) પગાર-ધોરણ :

(અ) ગુજરાત એસ. ટી. નિગમમાં ફરજ બજાવતાં વર્ગ-૩ અને વર્ગ-૪ના જુદી-જુદી કક્ષાના કર્મચારીઓ માટેના પગાર-ધોરણ આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટ 'અ' માં દર્શાવ્યા મુજબના રહેશે. જેનો અમલ તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ થી કરવાનો રહેશે કે કેમ ?

(બ) પગાર ધોરણ મુકરર કરવાની પદ્ધતિ :

તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ થી અમલમાં મૂકવાના થતાં ઉપર કલમ-(અ) માં દર્શાવ્યા મુજબના પગાર-ધોરણ સંબંધિત કર્મચારી માટે મુકરર કરવામાં આવે ત્યારે નીચે મુજબની પદ્ધતિને ધ્યાનમાં લેવાની રહેશે.

(૧) સેટલમેન્ટ-૯૨ અન્વયે બે વાર્ષિક ઇજાફા આપી મુકરર કરવામાં આવેલ જે તે કક્ષાના પગાર ધોરણોને અંત્ય આવે નહિં તે રીતે કેન્દ્રીય કર્મચારીઓ માટે પાંચમા પગાર પંચ દ્વારા ભલામણ કરાયેલ પગાર ધોરણોના આધારે આ સાથે સામેલ કરવામાં આવેલ પરિશિષ્ટ 'અ' મુજબના પગાર ધોરણોનો અમલ તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ થી કરવાનો રહેશે કે કેમ ?

(૨) નવા-પગાર ધોરણ મુજબ પગાર નકકી કરવાના અનુસંધાને કોઇ પણ સંજોગોમાં કર્મચારીના વાર્ષિક ઇજાફાની તારીખમાં કશો ફેરફાર કરવાનો રહેશે નહીં. પ્રત્યેક કર્મચારીને નવા પગાર ધોરણો મુજબ મળવાપાત્ર વાર્ષિક ઇજાફો સામાન્ય નિયમો અને શરતોને આધિન રહી મળવા પાત્ર તારીખે જ ચૂકવવાનો રહેશે કે કેમ ?

(3) સુધારેલા પગાર-ધોરણો અન્વયે જે કર્મચારી સંબંધિત પગાર ધોરણોના મહતમ તબકકે પહોંચી સ્થગિત થાય તો તેવા કિસ્સામાં જે તે કર્મચારીને સેટલમેન્ટનો નવો કરાર અમલમાં ન આવે ત્યાં સુધી વાર્ષિક ઇજાફાના છેલ્લા દર મુજબ દર વર્ષે વાર્ષિક ઇજાફો આપવાનો રહેશે કે કેમ ?

(૪) તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ના રોજ હંગામી બઢતીમાં ફરજ બજાવતા કર્મચારીઓના કિસ્સામાં તેમનો હંગામી બઢતીની જગ્યા પરનો પગાર નકકી કરતી વખતે ઉપરની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે. હંગામી બઢતી ધરાવનાર કર્મચારીને તેની મૂળ જગ્યા પર રીવર્ટ કરવામાં આવે ત્યારે પુનઃ તેની મૂળ જગ્યાનો પગાર ઉપર પ્રમાણે મુકરર કરવાનો રહેશે કે કેમ ?

INDEX

(૫) ઉપર જણાવ્યા મુજબ પેટા કલમ નં. બ (૧) અન્વયે જે કોઇ કર્મચારી સુધારેલાં પગાર-ધોરણો તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ થી સ્વીકારવા ઇચ્છતો ન હોય તો તેને તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ પછીની કોઇપણ તારીખથી નવું પગાર ધોરણ સ્વીકારવાની છૂટ આપવાની રહેશે.સર્વિસ રેગ્યુલેશનની જોગવાઇઓ અન્વયે સેટલમેન્ટની સુચનાઓ મુજબ આવા પ્રકારનો વિકલ્પ મેળવવા સંબંધિત કર્મચારી હક્કદાર રહેશે કે કેમ ?

(૬) આ કરારનો અમલ પાંચ વર્ષના ગાળા માટેનો રહેશે. તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ થી તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૨ના સમગ્ર સમયગાળા દરમિયાન કર્મચારી નવું પગાર-ધોરણ સ્વીકારવા ઇચ્છશે તો ઇન્ક્રીમેન્ટ, બઢતી કે નિમણૂંકની તારીખથી ત્રણ માસ અગાઉ આવા વિકલ્પ માટે અરજી કરી શકશે. આવી અરજી ફક્ત એક જ વખત કરી શકાશે કે કેમ ?

(૭) નિગમમાં રોજંદા વેતન દરે ફરજ બજાવતાં કર્મચારીઓના રોજંદા વેતન દર સુધારેલા દરે તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ થી આપવાના રહેશે. આવા દૈનિક દર મુકરર કરતી વખતે નવા-પગાર ધોરણો અને તેના પર ચૂકવવા પાત્ર મોંઘવારી ભથ્થાને ધ્યાનમાં લેવાના રહેશે કે કેમ?

(૮) તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ ના રોજ ઉપર જણાવ્યા પ્રમાણે કર્મચારીનો પગાર મુકરર કરવામાં આવે તેને પરિણામે જો કોઇ પગાર જે તે સંવર્ગના સિનિયર કર્મચારી કરતાં વધુ મુકરર થાય તો તેવા કિસ્સામાં સંબંધિત સિનિયર કર્મચારીને પગાર સર્વિસ રેગ્યુલેશનની કલમ નં. ૬૫ (ઇ) મુજબ 'સ્ટેપ-અપ' કરી આપવાનો રહેશે.

(૯) પગાર ધોરણો મુકરર કરવાના પ્રશ્ને કોઇ સંજોગોમાં, કોઇ કિસ્સામાં, કોઇપણ કારણોસર વિસંગતતા ઉપસ્થિત થવા પામે તો પક્ષકાર યુનિયનના હોદ્દેદારો સાથે ચર્ચા-વિચારણ કરી નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રીએ વધુમાં વધુ ત્રણ માસમાં નિર્ણય લેવાનો રહેશે. આ રીતે લેવામાં આવતો નિર્ણય સંબંધિત તમામ પક્ષકારોને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે કે કેમ ?

(૨) મોંઘવારી ભથ્થું :

તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭થી આ કરારનો અમલ કરાશે. કેન્દ્ર સરકાર તેનાં કર્મચારીઓને માટે વખતો-વખત મોંઘવારી ભથ્થું યા મોંઘવારી ભથ્થા પેટેની વચગાળાની રાહતો જાહેર કરે તે દર, ધારા-ધોરણ તથા શરતોને અધિન એસ.ટી. કર્મચારીઓને પણ મોંઘવારી ભથ્થું કે મોંઘવારી ભથ્થા પેટે વચગાળાની રાહતો જેતે તારીખથી ચૂકવવાની રહેશે કે કેમ ? તથા રાજ્ય સરકારના ધોરણે મોંઘવારી ભથ્થું ચૂકવવાની જોગવાઇ રદબાતલ કરવામાં આવે છે કે કેમ ?

INDEX

(૩) ઘરભાડું અને સ્થાનિક ભથ્થું :

(અ) કેન્દ્ર સરકાર તેના કર્મચારીઓ માટે વખતો-વખત ઘરભાડા ભથ્થું જે દરે, ધારા ધોરણે અને શરતોએ ચુકવવાનું જાહેર કરે તે જ દરે, ધારાધોરણે અને શરતોને આધિન રહી એસ.ટી. કર્મચારીઓને પણ ઘરભાડા ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થું જે-તે તારીખથી ચુકવવાનું રહેશે કે કેમ?

(૪) વિવિધ ભથ્થાંઓ :

જુદી-જુદી કક્ષામાં ફરજ બજાવતાં નિગમના કર્મચારીઓને તેમની કામગીરીને ધ્યાને લઇ નિયત પગાર, મોંઘવારી, ઘરભાડું, સ્થાનિક વળતર ભથ્થું વગેરે ઉપરાંત નીચેની વિગતે વિવિધ ભથ્થાઓ જે-તે દરે ચુકવવાના રહેશે કે કેમ?

(૧) સેન્ટ્રલ બસ સ્ટેશન, બસ સ્ટેન્ડ, કન્ટ્રોલ પોઇન્ટ, મધ્યસ્થ યંત્રાલય અને સ્ટાફકાર ડેપો ખાતે ટ્રાફીક કન્ટ્રોલર તરીકે ફરજ બજાવતા કર્મચારીને માસિક રૂ. ૭૦-૦૦ (સિત્તેર) લેખે ખાસ ભથ્થું (સ્પેશ્યલ એલાઉન્સ) આપવાનું રહેશે કે કેમ?

(૨) ડેપો, બસ સ્ટેશન, બસ સ્ટેન્ડ, સેન્ટ્રલ સ્ટોર્સ નરોડા સહિતની સ્ટોર્સ કચેરીઓ, તમામ વર્કશોપમાં ફરજ બજાવતાં રાઇટર, કલાર્ક, જુનિયર આસિસ્ટન્ટ, ટાઇમકીપર, આસિસ્ટન્ટ સ્ટોરકીપર, સિનિયર આસિસ્ટન્ટ, જુનિયર એકાઉન્ટન્ટ, સ્ટોરકીપર, ટાઇપીસ્ટ કલાર્ક, સ્ટેનો ટાઇપીસ્ટ, સ્ટેનોગ્રાફર, ટાઇપીસ્ટ, ચેકર, સ્ટોરમેન, ટેલિફોન ઓપરેટર, ટેલિફોન આસીસ્ટંટ, પ્યુન અને મધ્યસ્થ યંત્રાલય અમદાવાદ ખાતે ફરજ બજાવતાં જુનિયર ફોરમેન, સેનેટરી ઇન્સપેકટર, ડ્રાફટસમેન, ટ્રેસર, મેઇલનર્સ, ફુલ ટાઇમ કમ્પાઉન્ડર અને ગેટકીપર તેમજ વિભાગીય કક્ષાએ ફરજ બજાવતાં ફુલ ટાઇમ કંપાઉન્ડર, ગેઇટકીપર, સેનેટરી ઇન્સપેકટર ઉપરાંત બોમ્બે સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના વિભાજન વખતે ગુજરાતને ફાળવવામાં આવેલ અને હાલ સેન્ટ્રલ સ્ટોર્સ નરોડા (અમદાવાદ) ખાતે ફરજ બજાવતાં હેલ્પરો અને આર્ટ 'બી' કે જેઓને ફેકટરીમાં કામ કરતાં કારીગરો જેટલાં જ રોજંદા કામના કલાકો પ્રમાણે કામ કરવા વહીવટ તરફથી જણાવવામાં આવે અને જેમને વર્ષ દરમિયાન માત્ર ૯ (નવ) જ પેઇડ હોલીડે આપવામાં આવતા હોય તેઓને તેમના મુળ પગારનાં ૨૨% (બાવીસ-ટકા) પ્રમાણે દર મહિને સ્પેશ્યલ-પે ચૂકવવાનો રહેશે. આ સ્પેશ્યલ પે ઉપર મોંઘવારી ભથ્થું પણ ચૂકવવાનું રહેશે તથા ગ્રેચ્યુઇટી અને હા.બી. એડવાન્સ માટે પગારની ગણત્રી વખતે આ સ્પેશ્યલ પે ની રકમને ધ્યાનમાં લેવાની રહેશે કે કેમ?

(૩) ડેપો બસ સ્ટેશનો પર ફરજ બજાવતાં આસિસ્ટન્ટ ટ્રાફીક સુપ્રીન્ટેન્ડન્ટ (એ.ટી.એસ.) આસી. વર્કસ સુપ્રીન્ટેન્ડન્ટ (એ.ડબ્લ્યુ.એસ.), ટ્રાફીક ઇન્સપેકટર (ટી.આઇ.) તથા આસિ. ટ્રાફિક ઇન્સપેકટર (એ.ટી.આઇ.) અને ટ્રાફિક કન્ટ્રોલરો (જં. પોઇન્ટ સહિતના)ને ઉપર કલમ ૪(૨)ની જોગવાઇ મુજબ દર મહિને મુળપગારના ૨૨% (બાવીસ ટકા) લેખે 'સ્પેશ્યલ- પે' ચૂકવવો કે કેમ?

(૪) રાત્રીપાળી ભથ્થું :

રાત્રીના ૨૦-૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૬-૦૦ કલાક દરમિયાન શરૂ થતી હોય અથવા પૂરી થતી હોય તેવી પાળીમાં ફરજ બજાવતા ડેપો વર્કશોપ સ્ટાફના કર્મચારીઓ, વર્કશોપ કલાર્ક, સ્ટોર કલાર્ક, ડેપો કલાર્ક, ડેપો કેશીયર, બુકીંગ કલાર્ક, કોમ્પ્યુટર રીઝર્વેશન કલાર્ક, ક્યુઅલ કલાર્ક, વોચમેન, ટ્રાફીક કન્ટ્રોલર તેમજ આ સમયગાળા દરમિયાન ફરજ બજાવતા હોય તેવા કર્મચારીઓને જો તેમણે આ ગાળા દરમિયાન ઓછામાં ઓછી બે કલાકની નોકરી કરી હોય તો તેઓને મૂળ-પગારના ૨% (બે-ટકા) લેખે રાત્રીપાળી ભથ્થું ચૂકવવાનું રહેશે. આ ભથ્થું ઓપરેશનલ ડયુટી બજાવતાં ડ્રાયવર, કન્ડકટરો, મધ્યસ્થ કચેરી અને મધ્યસ્થ યંત્રાલય તેમજ વિભાગીય કચેરી ખાતે સ્ટાફકાર ડ્રાયવર તરીકે ફરજ બજાવતાં કર્મચારીને પણ ચુકવવાનું રહેશે કે કેમ?

(૫) કેશ એલાઉન્સ :

કોઇપણ સ્થળે સિનિયર કેશીયર તરીકે ફરજ બજાવતાં કર્મચારીને માસિક રૂ. ૧૫૦-૦૦ લેખે તેમજ આસિસ્ટન્ટ કેશીયરને માસિક રૂ. ૧૦૦-૦૦ લેખે કેશ એલાઉન્સ ચૂકવવાનું રહેશે. ડેપો-ખાતે કેશીયર તરીકે ફરજ બજાવતાં કર્મચારીને માસિક રૂ. ૧૫૦-૦૦ લેખે કેશ એલાઉન્સ ચૂકવવું કે કેમ?

(૬) ટેલિફોન ઓપરેટર એલાઉન્સ :

ટેલિફોન ઓપરેટર અને ટેલિફોન આસિ.ને માસિક રૂ. ૧૦૦/- લેખે ટેલિફોન ઓપરેટર એલાઉન્સ ચૂકવવું કે કેમ?

(૭) ખાનસામા એલાઉન્સ :

નિગમના રેસ્ટ હાઉસમાં ખાનસામા તરીકે ફરજ બજાવતાં તમામ ખાનસામાને માસિક રૂ. ૬૦-૦૦ લેખે એક સરખા દરે ખાનસામા એલાઉન્સ ચૂકવવું. આ એલાઉન્સને સ્પેશ્યલ-પે તરીકે ચૂકવવું. આવા કર્મચારીઓને વાર્ષિક ૪૦ પગારી રજાઓ તથા નવ પેઇડ હોલીડે આપવા કે કેમ?

INDEX

(૮) બુટ એલાઉન્સ :

હાલ નિગમના જે કર્મચારીઓ વાર્ષિક ધોરણે બુટ એલાઉન્સ મેળવવાને પાત્ર છે તેઓને બુટ એલાઉન્સની અવેજીમાં દર વર્ષે એક જોડી સ્ટાન્ડર્ડ કંપનીના બુટ વિનામૂલ્યે આપવા. આવા બુટની કિંમત જોડી દીઠ રૂ.૨૫૦/-થી ઓછી હોવી જોઇએ નહીં કે કેમ?

(૯) ધોલાઇ એલાઉન્સ :

(અ) વિના મૂલ્યે ટેરીકોટન ગણવેશ યા ડંગારી મેળવવાને પાત્ર તમામ કર્મચારીઓને દર મહિને રૂ. ૨૦-૦૦ લેખે ધોલાઇ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ?

(બ) એપ્રોન મેળવવા પાત્ર કર્મચારીઓને દર મહિને રૂ. ૧૦-૦૦ લેખે ધોલાઇ-ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ?

(ક) વિના મૂલ્યે ગરમ ગણવેશ મેળવવા પાત્ર કર્મચારીઓને દર વર્ષે ઓકટોબર પેઇડ ઇન નવેમ્બરના પગારમાં રૂ. ૨૦-૦૦ લેખે તથા ગરમ-જરસી મેળવવા પાત્ર કર્મચારીઓને રૂ. ૮-૦૦ લેખે ગરમ કાપડ ધોલાઇ-ભથ્થા પેટે ચૂકવવાના રહેશે કે કેમ?

(ડ) જે-તે માસ દરમિયાન સંબંધિત કર્મચારી ૧૫ દિવસ કે તેથી વધુ દિવસની હકક રજા પર રહે યા ગેરહાજર રહેશે તો તેવા કર્મચારીઓને ધોલાઇ ભથ્થું જે-તે માસમાં ચૂકવવાનું રહેશે કે કેમ?

(ઇ) જરૂરિયાતના સંદર્ભમાં જો વહીવટ કર્મચારીઓ માટે એપ્રોનની વ્યવસ્થા કરશે તો તે એપ્રોન સમયાંતરે ધોવરાવવાની વ્યવસ્થા વહીવટે કરવાની રહેશે કે કેમ?

(૧૦) ટાઇપીંગ/ટેલેક્ષ ઓપરેટર/કોમ્પ્યુટીસ્ટ ભથ્થું:-

એસ.ટી.નિગમમાં ફરજ બજાવતાં ટાઇપીસ્ટ કલાર્કને ટાઇમ સ્કેલ પર નિમણુંક થયા તારીખથી નીચેની વિગતે ટાઇપીંગ-ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(અ) એક વર્ષની નોકરી હોય પરંતુ પાંચ વર્ષથી વધુ નોકરી ન કરી હોય તેવા કિસ્સામાં માસિક રૂ.૩૦=૦૦ લેખે ટાઇપીંગ ભથ્થું ચુકવવું કે કેમ?

(બ) પાંચ વર્ષથી વધુ પરંતુ ૧૦ વર્ષથી વધુ નોકરી ન હોય તેવા કિસ્સામાં માસિક રૂ. ૫૦=૦૦ લેખે ટાઇપીંગ ભથ્થું ચુકવવું કે કેમ ?

(ક) દશ વર્ષથી ઉપરની નોકરી હોય તેવા કિસ્સામાં માસિક રૂ.૭૦=૦૦ લેખે ટાઇપીંગ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ

એસ.ટી. નિગમમાં ફરજ બજાવતા ટેલેક્ષ ઓપરેટર તેમજ કોમ્પ્યુટીસ્ટને ટાઇમ સ્કેલ પર નિમણુંક થયા તારીખથી નીચેના દરે માસિક ધોરણે ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(અ) પાંચ વર્ષથી વધુ નોકરી કરેલ હોય પણ ૧૦ વર્ષથી વધુ સમયની નોકરી ન હોય તેવા કિસ્સામાં માસિક રૂ. ૫૦=૦૦ લેખે ભથ્થું ચૂકવવું કે કેમ ?

(બ) ૧૦ વર્ષથી વધુ સમયની નોકરી હોય તેવા કિસ્સામાં માસિક રૂ.૬૦=૦૦ લેખે ભથ્થું ચૂકવવું કે કેમ?

(૧૧) રોનીયો ભથ્થું:-

ડુપ્લીકેટ મશીન પર ફરજ બજાવતા સંબંધિત કર્મચારીને માસિક રૂ. ૨૦=૦૦ લેખે રોનીયો ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૧૨) ઝેરોક્ષ કોપીયર ભથ્થું:-

મધ્યસ્થ યંત્રાલય, મધ્યસ્થ કચેરી કે વિભાગીય કચેરીઓ ખાતે ઝેરોક્ષ મશીન પર કોપીયર તરીકેની ફરજ બજાવતા સંબંધિત કર્મચારીને માસિક રૂ. ૬૦=૦૦ અથવા રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે ઠરાવે તે બે પૈકી જે રકમ વધુ થાય તે મુજબ ઝેરોક્ષ કોપીયર ભથ્થું ચુકવવાનું રહેશે કે કેમ ?

INDEX

(૧૩) સુએઝ ટેન્ડર ભથ્થું:-

નિગમમાં સુએઝ ટેન્ડર ડ્રાઇવર તરીકે ફરજ બજાવનાર કર્મચારીને માસિક રૂ. ૧૨૦=૦૦ પ્રમાણે તથા સુએઝ ટેન્ડરમાં મદદનીશ તરીકે ફરજ બજાવનાર કર્મચારીને માસિક રૂા.૧૦૦=૦૦ લેખે સુએઝ ટેન્ડર ભથ્થું ચૂકવવું. આ ભથ્થું મેળવવા માટે સંબંધિત કર્મચારીએ માસ દરમિયાન સુએઝ ટેન્ડર પર ઓછામાં ઓછા ૨૫ દિવસની સક્રિય ફરજ બજાવેલી હોવી જોઇએ. જો ૨૫ દિવસ કરતાં ઓછા દિવસની નોકરી સુએઝ ટેન્ડર પર કરી હોય તો ઉપરના દરે માસિક સુએઝ ટેન્ડર ભથ્થું ન ચૂકવતા દૈનિક રૂ. ૪=૦૦ના છૂટક દરે સુએઝ ટેન્ડર ભથ્થું ચૂકવવું કે કેમ ?

(૧૪) શારીરિક ખોડ-ખાપણ ભથ્થું:-

એસ.ટી.નિગમમાં શારીરિક ખોડખાપણ વાળા ઉમેદવાર તરીકે જે તે કક્ષામાં નિમણૂંક પામેલા કે ફરજ દરમિયાન અકસ્માતના લીધે શારીરિક ખોડ ખાંપણનો ભોગ બનતા તમામ કર્મચારીઓને માસિક રૂ. ૫૦=૦૦ અથવા રાજ્ય સરકાર તેના આવા કર્મચારીઓ માટે વખતો-વખતઠરાવે તે દર બે પૈકી જે રકમ વધુ થાય તે દરે માસિક ખોડખાંપણ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૧૫) કન્વેયન્સ ભથ્થું:-

નિગમના સિવિલ એન્જીનીયર શાખામાં ફરજ બજાવતાં જુદી-જુદી કક્ષાના નીચે મુજબના કર્મચારીઓ તથા સુપરવાઇઝરોને નીચે દર્શાવ્યા મુજબના દરે માસિક ધોરણે 'કન્વેયન્સ ભથ્થું' ચૂકવવાનું રહેશે કે કેમ?

ક્રમ	કક્ષા	કન્વેયન્સ ભથ્થાના માસિક દર
(૧)	જુનિયર એન્જીનીયર, સુપરવાઇઝર ઓવરશીયર.	રૂ. ૬૦=૦૦
(૨)	ઇન્સ્પેક્ટર (સિવિલ)..	રૂ. ૪૦=૦૦
(૩)	ઇલેક્ટ્રીશીયન (સિવિલ)..	રૂ. ૪૦=૦૦
(૪)	કારકુન (સિવિલ)..	રૂ. ૪૦=૦૦
(૫)	સેનેટરી ઇન્સ્પેક્ટર..	રૂ. ૨૦=૦૦

(૧૬) ટુલ્સ ભથ્થું:-

સુથારી, લુહારી તેમજ અન્ય મુકરર કરેલ કક્ષામાં ફરજ બજાવતાં અને ફરજ દરમિયાન પોતાના ઓજારોનો ઉપયોગ કરતાં હોય તેવા તમામ કર્મચારીઓને માસિક રૂ.૨૦=૦૦ ના એક સરખા દરે ટુલ્સ ભથ્થું ચૂકવવું કે કેમ?

INDEX

(૧૭) બાળકો માટે શૈક્ષણિક ભથ્થું :-

નિગમમાં જુદી-જુદી કક્ષામાં ફરજ બજાવતાં અને ફરજ બજાવતાં કર્મચારીઓના ભણતાં સંતાનો માટે નીચેની વિગતે શૈક્ષણિક ભથ્થા આપવાના રહેશે કે કેમ ?

(અ) પ્રત્યેક બાળક દીઠ મહિને સ્કુલ યા કોલેજ જવા તથા પરત આવવા માટે થતાં વાહન વ્યવહાર ખર્ચમાં સબસીડી પેટે રૂા. ૪૦=૦૦ લેખે વાહન વ્યવહાર ચાર્જ ચૂકવવો કે કેમ ?

(બ) કર્મચારીને જે-તે સંતાન માટે શાળા યા કોલેજમાં ચૂકવવાની થતી શિક્ષણ ફી પૂરેપૂરી ચૂકવવી તથા સત્ર ફી ની રકમ પણ પૂરેપૂરી ચૂકવવી કે કેમ ?

(ક) શાળા-કોલેજમાં અભ્યાસ કરતાં સંતાનો માટે ખરીદ કરવી પડતી સ્ટેશનરીના ખર્ચ માટે સંબંધિત કર્મચારીને નીચેની વિગતે વાર્ષિક ધોરણે ઉચ્ચક રકમ ચૂકવવી કે કેમ ?

-ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતાં પ્રત્યેક સંતાન દીઠ રૂા. ૧૫૦=૦૦

-ધોરણ ૮ થી ૧૨ માં અભ્યાસ કરતાં પ્રત્યેક સંતાન દીઠ રૂા. ૨૫૦=૦૦

-ધોરણ ૧૨ થી આગળ અભ્યાસ કરતાં પ્રત્યેક સંતાન દીઠ રૂા. ૩૫૦=૦૦

સદરહુ (અ) (બ) તથા (ક) માં દર્શાવ્યા મુજબના શૈક્ષણિક ભથ્થાં માત્ર બે સંતાનો પૂરતા જ ચૂકવવા.

(૧૮) શૈક્ષણિક પ્રોત્સાહક ઇનામો :-

જે તે ધોરણની વાર્ષિક પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણાંક પ્રાપ્ત કરી પાસ થનાર સંબંધિત કર્મચારીઓના સંતાનોને નીચેની વિગતે સેકડમાં શૈક્ષણિક પ્રોત્સાહક ઇનામો આપવાના રહેશે કે કેમ ?

ધોરણ	૧	૨	૩	૪	૫	
રકમ	૭૫	૭૫	૯૦	૯૦	૧૦૫	
ધોરણ	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૯૫	૧૦૫	૧૨૦	૧૩૫	૧૩૫	૧૪૫	૧૯૫

ધોરણ ૧૨ અને તેથી આગળના વર્ષોમાં અભ્યાસ કરતાં કર્મચારીઓના ડીપ્લોમાં-સ્નાતક-અનુસ્નાતક તેમજ બી.એડ.માં ૫૦% કે તેથી વધુ ગુણાંક સાથે વાર્ષિક પરીક્ષામાં ઉત્તિર્ણ થનારને નીચેની વિગતે રોકડમાં શૈક્ષણિક પ્રોત્સાહક ઇનામો આપવાના રહેશે કે કેમ ?

ધોરણ-૧૨	કોલેજ પ્રથમ વર્ષ	કોલેજ દ્વિતિય વર્ષ
રૂ.૨૨૫=૦૦	રૂ. ૨૫૫=૦૦	રૂ.૨૮૫=૦૦
કોલેજ તૃતિય વર્ષ	અનુસ્નાતક	બી.એડ.
રૂ. ૩૧૫=૦૦	રૂ.૪૦૦=૦૦	રૂ. ૪૦૦=૦૦

ગુજરાત રાજ્ય બહાર ચાલતી સરકાર માન્ય સંસ્થાના ડીપ્લોમાં-સ્નાતક કે અનુસ્નાતકની પરીક્ષામાં ઉપરની ટકાવારી સાથે ઉત્તિર્ણ થનારને પણ ઉપર મુજબના ધોરણે અને દરે શૈક્ષણિક પ્રોત્સાહક ઇનામ ચુકવવા કે કેમ?

બક્ષીપંચ, અનુસુચિ જાતિ અને જન-જાતિના કર્મચારીઓના સંતાનો માટે શૈક્ષણિક પ્રોત્સાહક ઇનામ માટે જે-તે પરીક્ષામાં પ્રાપ્ત ગુણાંકની ટકાવારી ૪૫ % કે તેથી વધુની રાખવાની રહેશે કે કેમ ?

ન્યુ.એસ.એસ.સી., એચ.એસ.સી. કે તેથી ઉપરના અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ ગુણાંકની સાથે વાર્ષિક પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને ગુજરાતની કોઇપણ વિદ્યા સંસ્થામાં ચુકવવાની થતી બંને સત્રની ફી પુરેપુરી ચુકવવાની રહેશે. તથા આવી ટર્મ-ફી સંબંધિત વિદ્યાર્થી ૬૦% ગુણાંકનું ધોરણ જાળવી રાખે ત્યાં સુધી જે-તે- વર્ષ માટે સતતપણે ચુકવવાની રહેશે કે કેમ?

આ રીતે જે-તે કર્મચારીના સંતાનને સત્ર ફી આપવા પાત્ર થાય અને ત્યારબાદ સંજોગોવશાત્ કર્મચારીનું નિગમના નોકરીના ગાળા દરમિયાન

INDEX

અવસાન થાય તો પણ તેના સંતાનને તે જ્યાં સુધી ૬૦% ગુણાંક પ્રાપ્તિનું ધોરણ જાળવી રાખે ત્યાં સુધી આગળના અભ્યાસ માટે પૂરેપૂરી શૈક્ષણિક સત્ર ફી આપવાનું ચાલુ રાખવામાં આવશે કે કેમ ?

કર્મચારીના સંતાનોને અન્ય કોઇ માધ્યમો દ્વારા શાળા યા કોલેજમાં ભરવી પડતી સત્ર ફીની રકમ મળતી હશે તો નિગમ તરફથી ઉપર પ્રમાણેની સત્ર ફીનું ચૂકવણું કરવાનું રહેશે કે કેમ ?

(૧૯) પારિતોષિક સન્માન :-

કર્મચારીઓના ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતાં સંતાનો પૈકી જે કોઇ ૮૦% થી વધુ ગુણાંક સાથે વાર્ષિક પરીક્ષામાં ઉત્તિર્ણ થાય તો તેવા પ્રત્યેક વિદ્યાર્થીને રૂા. ૧૦૦૧=૦૦ની કિંમતનું રાષ્ટ્રીય-બચત પત્ર તથા આકર્ષક સન્માનપત્ર જાહેર કાર્યક્રમ યોજી એનાયત કરવું કે કેમ ?

જો ધોરણ ૧૦ યા ૧૨માંની વાર્ષિક પરીક્ષામાં ગુજરાત કક્ષાએ કોઇ કર્મચારીનું સંતાન બોર્ડમાં પ્રથમ દશમાં સ્થાન પ્રાપ્ત કરી ઉત્તિર્ણ થાય તો તેવા વિદ્યાર્થીને એસ.ટી. ગૌરવ એવોર્ડ રૂપે ચાંદીનો મેડલ તથા રૂા. ૫૦૦૧=૦૦નું રાષ્ટ્રીય બચત પત્ર તથા આકર્ષક સન્માનપત્ર જાહેર કાર્યક્રમ યોજી એનાયત કરવું કે કેમ ?

ડીગ્રી અભ્યાસક્રમ યા પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષાના વાર્ષિક પરિણામમાં ૭૫% કે તેથી વધુ ગુણાંક સાથે ઉત્તિર્ણ થનાર કર્મચારીના સંતાનને રૂા.૧૫૦૧= ૦૦નું રાષ્ટ્રીય બચતપત્ર તેમજ આકર્ષક સન્માનપત્ર જાહેર કાર્યક્રમ યોજી એનાયત કરવું કે કેમ ?

(૨૦) અભ્યાસ કરતાં સંતાનો માટે ખાસ ભથ્થું :-

શૈક્ષણિક સત્ર ચાલૂ હોય તે દરમિયાન વહીવટી કારણોસર કોઇ કર્મચારીની બદલી કરવામાં આવે તો તેવા કિસ્સામાં તેના અભ્યાસ કરતાં સંતાનો માટે રાજ્ય સરકારના ધારા-ધોરણ અને શરતોને અધિન રહી એસ.ટી. કર્મચારીઓને પણ ખાસ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૨૧) પછાત વિસ્તાર-આદિવાસી વિસ્તાર ભથ્થું :-

પછાત (બેકવર્ડ એરિયા) વિસ્તાર, આદિવાસી (ટ્રાયબલ એરિયા), વિસ્તાર, બેડ કલાયમેન્ટ, પાણીની અછત ધરાવતા વિસ્તાર તેમજ ડાંગ વિસ્તારમાં ફરજ બજાવતાં એસ.ટી. કર્મચારીઓને રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે વખતો-વખત ઠરાવે તે દરે, ધારા-ધોરણ અને શરતોને અધિન રહી બેકવર્ડ એરિયા-ટ્રાયબલ એરિયા ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

INDEX

(૫) રનીંગ સ્ટાફ માટેનાં ભથ્થાંઓ :-

એસ.ટી. નિગમમાં ડ્રાઇવર કન્ડકટર તરીકે ફરજ બજાવતાં રનીંગ સ્ટાફના કર્મચારીઓને તેમની ફરજ દરમિયાન અને ફરજને લીધે થતાં વિશેષ ખર્ચને પહોંચી વળવા પગાર, મોંઘવારી, ઘરભાડું, સ્થાનિક વળતર ભથ્થું વગેરે ઉપરાંત નીચે મુજબના વિશિષ્ટ ભથ્થાંઓ નીચેની વિગતે અને નીચે દર્શાવેલ દરે દૈનિક ધોરણે ચૂકવવાના રહેશે કે કેમ ?

(૧) લાઇન ભથ્થું :-

ગ્રામ્ય વિસ્તારની બસ સર્વિસ યા શહેરી વિસ્તારની બસ સર્વિસમાં ફરજ બજાવતાં ડ્રાઇવર-કન્ડકટરને તેઓ જે-તે દિવસે લાઇન પર ફરજ બજાવે અને દિવસ દરમિયાન ઓછામાં ઓછી ચાર કલાકની સ્ટીયરીંગ ડ્યૂટી થાય અથવા વહીવટ તરફથી ચાર કલાકથી ઓછી ડ્યૂટી મુકરર કરવામાં આવી હોય તો તેવા કિસ્સામાં પ્રત્યેક ડ્રાઇવર/કન્ડકટરને નીચે મુજબ રોજનું લાઇન ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(અ) ૧ થી ૧૦૦ કી.મી. સુધીની સ્ટીયરીંગ ડ્યૂટી માટે રૂા. ૩=૦૦ લેખે.

(બ) ૧૦૧ થી ૨૦૦ કી.મી. સુધીની સ્ટીયરીંગ ડ્યૂટી માટે પ્રત્યેક પૂરા કી.મી. દીઠ ૦=૦૫ પૈસા લેખે.

(ક) ૨૦૧ થી વધારાના પ્રત્યેક પૂરા કી.મી.ની સ્ટીયરીંગ ડ્યૂટી માટે કી.મી. દીઠ ૦=૦૮ પૈસા લેખે.

(ડ) સ્ટેન્ડ બુકીંગની ફરજ બજાવતા હોય અને તેથી જે કન્ડકટરોને તેમની બસની ફરજ ઉપરના કી.મી. ન થતા હોય તો તેવા કિસ્સામાં દૈનિક રૂા. ૪=૦૦ લેખે લાઇન ભથ્થું આપવાનું રહેશે કે કેમ ?

(ઇ) શહેરી વિસ્તારની બસ સર્વિસમાં ફરજ બજાવતાં ડ્રાયવર કન્ડકટરને પ્રથમ ૫૦ કી.મી.ની સ્ટીયરીંગ ડ્યૂટી માટે રૂા.૫=૦૦ લેખે તથા ત્યાર પછીના વધારાના પ્રત્યેક પૂરા કિ.મી. દીઠ ૦=૦૬ પૈસા લેખે રોજનું લાઇન ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૫) હાલની પ્રથા મુજબ શહેરી વિસ્તારની એસ.ટી. બસ સેવાઓ જે કન્ડકટરો સ્ટેન્ડ બુકીંગની કામગીરી ફરજના એક ભાગરૂપે કરતાં હોય અને પરિણામે તેઓને બસની ફરજ ઉપર સ્ટીયરીંગ ડ્યૂટી કી.મી. થતા ન હોય તેવા કિસ્સામાં પ્રત્યેક કન્ડકટરને દરરોજ રૂા. ૫=૦૦ લેખે લાઇન ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

INDEX

(ક) જ્યારે કોઈપણ ડ્રાયવર અથવા કન્ડકટર પાસેથી જે-તે દિવસે થોડીક ફરજ ગ્રામ્ય સર્વિસની બસમાં અને થોડીક ફરજ શહેરી વિસ્તારની બસમાં લેવામાં આવે ત્યારે તેઓને નીચેની વિગતે રોજનું લાઇન ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?
-જેટલી ગ્રામ્ય સર્વિસમાં બજાવી હોય તેટલા કી.મી.નું લાઇન ભથ્થું ગ્રામ્ય સર્વિસની લાઇન માટે મુકરર કરેલા દરે ચૂકવવું તથા જેટલી ફરજ દિવસ દરમિયાન શહેરી સર્વિસમાં બજાવી હોય તેટલા કી.મી.નું ભથ્થું શહેરી વિસ્તાર માટે મુકરર કરવામાં આવેલાં લાઇન ભથ્થાના દરે ચૂકવવું કે કેમ ?

(બ) સ્ટાફકાર ડ્રાયવર તરીકે ફરજ બજાવતા કર્મચારીને તેની જે-તે દિવસની ફરજ દરમિયાન ૪ કલાકની સ્ટીયરીંગ ડયૂટી ન થતી હોય તો પણ તેને રોજંદા રૂા. ૫=૦૦ લેખે લાઇન ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(ભ) ડબલ ડેકર બસ, ટ્રેઇલર યા ક્રેઇન પર જે-તે દિવસે ડ્રાયવર તરીકે ફરજ બજાવનાર કર્મચારીને મળવા પાત્ર રોજંદા ભથ્થા ઉપરાંત વધારાના રૂા. ૬=૦૦ લેખે ખાસ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૨) રાત્રી ભથ્થું :-

શીડયૂઅલ ડયૂટી મુજબ જે ડ્રાયવર કન્ડકટરને નાઇટ-આઉટ રહેવાનું થાય તેઓને પ્રથમ નાઇટના રૂા. ૧૦=૦૦ બીજી નાઇટના રૂા. ૧૫=૦૦ ત્રીજી નાઇટના રૂા. ૨૦=૦૦ લેખે રાત્રી ભથ્થું (નાઇટ-એલાઉન્સ) ચૂકવવાનું રહેશે. આંતરરાજ્ય રૂટમાં ફરજ બજાવનાર ડ્રાયવર-કન્ડકટરને સદરહુ રાત્રી ભથ્થાં ઉપરાંત વધારાનું રોજંદા રૂા. ૧૦=૦૦ લેખે ખાસ રાત્રી ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૩) આઉટ સ્ટે ભથ્થું :-

રાત્રીપાળીની શીડયૂઅલ ડયૂટી પૂરી થયા બાદ જે ડ્રાયવર-કન્ડકટરને દિવસ દરમિયાન હેડકવાટરની બહાર રહેવાનું થાય અને જેઓને ઉપર દર્શાવ્યા મુજબનું રાત્રીપાળીનું ભથ્થું મળવા-પાત્ર ન હોય તેઓને રોજંદા રૂા. ૧૨=૦૦ લેખે ''નાઇટ આઉટ સ્ટે'' ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(બ) કોઇપણ ડ્રાઇવર યા કન્ડકટરની શીડયૂઅલ ડયૂટી જ્યારે નાઇટ આઉટ કે આઉટ સ્ટે પોઇન્ટ પર પૂરી થતી હોય અને બે કોન્ઝીકયુટીવ વચ્ચે નવ કલાકના આરામ આપવા અને બીજી ડયૂટી તે જ પોઇન્ટ પરથી શરૂ કરવા આગળની ડયૂટી પૂરી થયા બાદ ૨૪=૦૦

કલાકથી વધુ સમય થાય અને શીડયૂઅલ ડયૂટી પૂરી થયાના દિવસે અને પછીના દિવસે લાઇન ભથ્થું ન મળતું હોય તો તેવા કિસ્સામાં આવા રોકાણ માટે તેમને મળવાપાત્ર નાઇટ આઉટ કે આઉટ સ્ટે એલાઉન્સ ઉપરાંત રૂા. ૧૧=૦૦ આપવા કે કેમ ?

(ક) કોઇપણ ડ્રાયવર યા કન્ડકટરની શીડયૂઅલ ડયૂટી જ્યારે ઉપર પ્રમાણેના નાઇટ આઉટ કે આઉટ સ્ટેપોઇન્ટ ઉપર પૂરી થતી હોય અને તે શીડયૂઅલ ડયૂટી તે જ્યાએથી શરૂ થતાં તે પછીની બીજી કોન્ઝીકયુટીવ શીડયુઅલ ડયૂટી વચ્ચે તે સ્થળે ૨૪=૦૦ કલાક કે તેથી વધુ સમયનું રોકાણ કરવાનું થાય અને તેમ છતાંય ઉપર પ્રમાણેનું (બ) મુજબનું ભથ્થું મળવાપાત્ર ન થતું હોય ત્યારે તેવા કિસ્સામાં ડ્રાયવર-કન્ડકટરને રોજીંદા રૂા. ૮=૦૦ લેખે ભથ્થું ચૂકવવાનું રહેશે. આંતરરાજ્ય સર્વિસમાં આ પ્રકારની ફરજ બજાવનાર ડ્રાયવર કન્ડકટરને રૂા. ૮=૦૦ ઉપરાંત વધારાના રૂા. ૧૦=૦૦નું ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(ડ) કોઇપણ દિવસે રાત્રીના ૯=૦૦ કલાકથી તુરત જ બીજા દિવસનાં સવારનાં પાંચ વાગ્યાના ગાળા દરમિયાન કોઇપણ ડ્રાયવર કન્ડકટરને તેમની ફરજ દરમિયાન બે કલાકથી વધુ સ્ટીયરીંગ ડયૂટી કરવાની થાય તો તેવી પ્રત્યેક ડયૂટી દીઠ રૂા. ૨=૦૦ લેખે રાત્રી સ્ટીયરીંગ ડયૂટી ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(ઇ) રાત્રીના આઠ થી સવારના પાંચ વાગ્યા સુધીમાં જે કોઇ ડ્રાયવર યા કન્ડકટરને તેમની ફરજ દરમિયાન ઓછામાં ઓછી ચાર કલાક સ્ટીયરીંગ ડયૂટી બજાવવાની થાય તો તેવા કિસ્સામાં નાઇટ ડયૂટી સ્ટીયરીંગ એલાઉન્સ પેટે રૂા.૧૨=૦૦ ચૂકવવા.સદરહુ એલાઉન્સ મેળવવાને પાત્ર ડ્રાયવર કન્ડકટરને ઉપર (ડ)માં દર્શાવ્યા મુજબનાં રૂા.૨=૦૦ સિવાયના અન્ય મળવાપાત્ર ભથ્થાં ચૂકવવાનાં રહેશે કે કેમ ?

(ફ) આંતર રાજ્ય રૂટો અને લાંબા અંતરના રૂટોનું સંચાલન સારી રીતે કરવા વહીવટે ત્રણ કોન્ઝીકયુટીવ નાઇટ આઉટ અગર આઉટ સ્ટે ગોઠવવાની વ્યવસ્થા કરવાની રહેશે. આવા ક્રૂ માટે રહેવા અને ભોજન માટેના ખર્ચ પેટે રોજીંદા રૂા. ૧૫=૦૦ ના દરે ઉચ્ચક રકમ ચૂકવવાની રહેશે કે કેમ ?

(૪) પાર્સલ ભથ્થું :-

કોઇપણ પેસેન્જર બસમાં કે પાર્સલવાનમાં ફરજ બજાવતા કન્ડકટરને પાર્સલ ટ્રાન્સપોર્ટ યોજના (પી.ટી.એસ.) હેઠળ નોંધાયેલા પાર્સલો હેરફેર માટે સોંપવામાં આવે તે પાર્સલોને સહી-સલામત રીતે નિયત સ્થળે વહીવટનાં

સૂચના મુજબ પહોંચાડવા માટે પાર્સલ દીઠ રોજીંદા ૦=૦૫ પૈસા લેખે સંબંધિત કન્ડકટરને પાર્સલ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

પાર્સલ કચેરીમાં ફરજ બજાવતાં ફુલટાઇમ ટ્રાફિક કન્ટ્રોલરને માસિક રૂ.૫૦=૦૦ લેખે પાર્સલ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

જ્યાં વહીવટી દ્વારા પાર્સલ કચેરીના કામકાજ માટે પૂરા સમયના ટ્રાફિક કન્ટ્રોલરની નિમણૂંક કરવામાં આવી ન હોય પરંતુ જે-તે પાર્સલ કચેરીનો વર્કલોડ (કાર્યબોજ) ૦=૪૦ થી વધુ રહેતો હોય તેવી પાર્સલ કચેરીમાં ટ્રાફિક કન્ટ્રોલર અથવા પાર્સલ કચેરીની કામગીરી સંભાળનાર કોઇપણ કચેરીને માસિક રૂ. ૪૦= લેખે પાર્સલ ભથ્થું ચૂકવવાનું રહેશે. આવી કામગીરી એક કરતાં વધુ કર્મચારીઓ બજાવતા હોય ત્યારે સદર રૂ. ૪૦=૦૦ નું પાર્સલ ભથ્થું સંબંધિત કર્મચારીઓને સરખે ભાગે વહેંચીને ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૫) ટપાલ ભથ્થું :-

પેસેન્જર બસમાં પોસ્ટલ ખાતાના ટપાલના થેલાની હેરફેર કરતા ફરજ પરના સંબંધિત કન્ડકટરને રોજીંદા રૂ.૩=૦૦ લેખે ટપાલ ભથ્થું ચૂકવવાનું રહેશે. આ ભથ્થું માત્ર કન્ડકટરને જ ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૬) મેળા ભથ્થું :-

વહીવટ દ્વારા મુકરર કરવામાં આવતા માન્ય મેળાઓના સંચાલન અર્થે જે કર્મચારીઓને ફરજ સોંપવામાં આવે અને આવા કર્મચારીઓ જે-તે મેળામાં ઓછામાં ઓછી ચાર કલાક ફરજ બજાવે તો તેઓને તેમની જે-તે કક્ષા યા તેના પગાર ધોરણને લક્ષમાં લીધા સિવાય રોજીંદા રૂ. ૨૦=૦૦ લેખે એક સરખા દરે 'ફેર એલાઉન્સ' (મેળા ભથ્થું) ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૭) પેટ્રોલ ભથ્થું :-

જે કર્મચારીઓ ઘેરથી ફરજના સ્થળે આવવા-જવા માટે પોતાના વાહનો જેવાં કે મોટર, સ્કુટર, મોટર સાયકલ, મોપેડ વગેરેનો ઉપયોગ કરતા હોય તેઓને દર મહિને રૂ. ૧૨૦=૦૦ના એક સરખા દરે પેટ્રોલ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ ?

(૮) કોમ્પ્યુટર ભથ્થું :-

નિગમના કોમ્પ્યુટર ઉપર ઓપરેટર તરીકે ફરજ બજાવનાર કર્મચારીને દર મહિને રૂ.૧૫૦=૦૦ લેખે કોમ્પ્યુટર ઓપરેટર ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ?

INDEX

(૯) ફેકસ ભથ્થું :-

ફેકસ મશીન પર ફરજ બજાવનાર કર્મચારીને દર મહીને રૂ. ૫૦-૦૦ લેખે ફેકસ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ?

(૧૦) મેડીકલ ભથ્થું :-

પ્રત્યેક કર્મચારીને દર મહિને રૂ. ૩૭૫-૦૦ લેખે મેડીકલ ભથ્થું પગાર-બીલમાં ચૂકવવું. આ અંગે જે-તે કક્ષા અથવા પગાર-ધોરણને લક્ષમાં ન લેતા એક સરખા દરે આ ભથ્થું ચૂકવવું. કર્મચારી યા તેના કુટુંબીજનને ગંભીર બિમારીની સારવાર અર્થે સરકારી, અર્ધ સરકારી યા કોર્પોરેશન માન્ય દવાખાનામાં જેટલાં દિવસ અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવે અને તે દરમિયાન દવા, ઇન્જેકશન, ગ્લુકોઝ બાટલા, લેબોરેટરી ટેસ્ટ, ઓપરેશન, રૂમચાર્જ વગેરે જે કંઇ ખર્ચ થાય ત્યારે તેના પ્રમાણિત બીલો રજૂ કર્યે સારવારનો સંપૂર્ણ ખર્ચ મજરે આપવો. આવા કિસ્સામાં કર્મચારી લેખિત માંગણી કરે તો રૂ. ૩૦૦૦-૦૦ સુધીનું મેડીકલ એડવાન્સ આપવું જે તેના સારવાર ખર્ચના બીલોની ચૂકવવા પાત્ર રકમ સામે સરભર કરવી અથવા માસિક પગારમાંથી વસુલ કરવી કે કેમ?

(૧૧) બદલી, વળતર ભથ્થું :-

નિગમના કર્મચારીની વહીવટી કારણોસર બદલી કરવામાં આવે ત્યારે રાજ્ય સરકારના ધારા-ધોરણ, શરતો અને દર મુજબ બદલી વળતર ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ?

(૧૨) લેથ મશીન/વેલ્ડીંગ મશીન ભથ્થું :-

વિભાગીય યંત્રાલય, મ. યંત્રાલય અથવા ડેપો વર્કશોપ ખાતે લેથ મશીન પર યા વેલ્ડીંગ મશીન પર કામ કરતાં કર્મચારીને માસિક રૂ. ૫૦-૦૦ લેખે મશીન ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ?

(૬) વિવિધ એડવાન્સ :-

ટાઇમ સ્કેલ પર એક વર્ષની સળંગ નોકરી પૂર્ણ કરી કાયમી થતાં કર્મચારીઓને નીચે મુજબની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા વગર વ્યાજની અને સરળ માસિક હપ્તા ધરાવતી લોન (એડવાન્સ) આપવાની રહેશે કે કેમ?

(૧) સિલાઇ મશીન, અંબર ચરખો, સાયકલ અને પંખો ખરીદવા રૂ. ૨૫૦૦-૦૦નું એડવાન્સ એક સરખા દરે આપવાનું રહેશે કે કેમ?

INDEX

(૨) સ્કુટર માટે રૂા. ૨૫૦૦૦-૦૦, ટી.વી. માટે રૂા. ૧૫૦૦૦-૦૦, ઘરઘંટી માટે રૂા. ૮૦૦૦-૦૦ અને ફ્રીજ માટે રૂા. ૧૦,૦૦૦-૦૦ તથા વોશીંગ મશીન માટે રૂા. ૧૫,૦૦૦-૦૦ લોન પેટે આપવા અથવા આ અંગે રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે ઠરાવે તે દર ધારા ધોરણો તેમ જ શરતો મુજબ, એ બે પૈકી જે રકમ વધુ થતી હોય તે આપવાની રહેશે કે કેમ?

(૩) કાંડા ઘડિયાળની ખરીદી માટે રૂા. ૧૦૦૦-૦૦નું એડવાન્સ આપવાનું રહેશે કે કેમ?

ઉપર મુજબની ચીજ વસ્તુઓની સુરક્ષા માટે લોનની રકમ ભરપાઇ ન થાય ત્યાં સુધી ધી ન્યુ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કું.લિ. જેવી કંપની પાસેથી 'હાઉસ હોલ્ડ' ઇન્સ્યોરન્સ પોલીસી મેળવી લેવાની રહેશે. જેનું પ્રિમિયમ વહીવટે ભરપાઇ કરવાનું રહેશે કે કેમ?

(૪) તહેવાર પેશગી : (ફેસ્ટીવલ એડવાન્સ) :-

વહીવટ દ્વારા મુકરર કરવામાં આવે તે તહેવારો પૈકી કોઇપણ એક તહેવાર માટે વર્ષમાં એક વખત કર્મચારી લેખિત માંગણી કરે ત્યારે રૂા. ૨૦૦૦-૦૦ વગર વ્યાજે તહેવાર પેશગી તરીકે ચૂકવવા અને તે માસિક દશ સરખે હપ્તેથી પગાર-બીલમાં વસુલ કરવાના રહેશે કે કેમ?

(૫) અનાજ પેશગી : (ફુડ ગ્રેઇન એડવાન્સ) :-

અનાજની એકી સાથે ખરીદી કરવા સીઝનમાં વર્ષે એક વખત કામદાર લેખિત માંગણી કરે ત્યારે રૂા. ૨૦૦૦-૦૦ વગર વ્યાજે 'અનાજ પેશગી' તરીકે ચૂકવવા અને તે માસિક દશ સરખે હપ્તેથી પગાર-બીલ દ્વારા વસુલ કરવાના રહેશે કે કેમ?

(૬) મકાન પેશગી : (હા. બી. એડવાન્સ) :-

પાંચ વર્ષની ટાઇમ સ્કેલની સળંગ નોકરી પૂર્ણ કરનાર કર્મચારી તૈયાર મકાન, ફ્લેટ, ટેનામેન્ટ, ડુપ્લેક્ષ ખરીદવા અથવા જમીન ખરીદ કરી મકાનનું બાંધકામ કરવા લોન માટે લેખિત માંગણી કરે ત્યારે રૂા. ૩ લાખ અથવા રાજ્ય સરકાર ઠરાવે તે દરે એ બે પૈકી જે રકમ વધુ હોય તે ચૂકવવાની રહેશે. હા. બી. લોનના કેસ પેપર્સ લોનની રકમ ચૂકવ્યા બાદ ત્રણ માસમાં રજૂ કરવાની છૂટછાટ સંબંધિત કર્મચારીને આપવાની રહેશે કે કેમ?

(૭) ભરતી, બઢતી અને બદલી :-

INDEX

(૧) ટાઇમ સ્કેલ પર લેવા અંગે :-

નિગમમાં જે-તે કક્ષાની નોકરી માટે પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામેલ કર્મચારીઓની વિભાગવાર, કક્ષાવાર યાદી બનાવવાની રહેશે. આ યાદી જે-તે વિભાગમાં યા એકમમાં કાયમી જગ્યા ખાલી પડે ત્યારે પ્રથમ રોજંદા વેતન દરે હંગામી નિમણૂંક આપવાની રહેશે. આ રીતે નિમણૂંક પામેલ કર્મચારીઓ ૧૮૦ દિવસની સળંગ નોકરી પૂર્ણ કરે ત્યારે તેમને ટાઇમ સ્કેલ પર લેવાના રહેશે. ૧૮૦ દિવસની સળંગ નોકરી માટે અઠવાડિક રજા પેઇડ હોલીડે અને અધિકૃત રજાઓને ગણત્રીમાં લેવાના રહેશે. રોજંદા ધોરણે નિમણૂંક પામેલા કર્મચારીઓને દર મહિને કૃત્રિમ બ્રેક આપવામાં આવે છે તે પ્રથા નાબૂદ કરવાની રહેશે. તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૭ પછી રોજમદાર કે બદલી કામદાર તરીકે નિમણૂંક પામેલ કોઇ કર્મચારીને છૂટા કરવાના રહેશે નહીં. સંજોગોવશાત આવા કર્મચારીને છૂટા કરવાના થાય તો તેમને કાયદેસરની કાનૂની જોગવાઇઓને આધિન રહી જે-તે કર્મચારીની નોકરી યા કાયમી થવાના હકક હિતને કોઇપણ રીતે નુકસાન ન થાય તે રીતે જ છૂટા કરવાના રહેશે કે કેમ?

(૨) ભરતી અંગેની શરતો :-

(૧) નિગમના સિવિલ એન્જીનીયરીંગ ખાતામાં ફરજ બજાવતાં સિવિલ સુપરવાઇઝર, જુનિયર એન્જીનીયર તેમજ અન્ય કર્મચારીઓ માટે આજમાયશી સમય (પ્રોબેશન-પિરિયડ) એક જ વર્ષનો રાખવાનો રહેશે તથા આજમાયશી સમય પૂરો થતાં શરૂઆતથી જ વાર્ષિક ઇજાફો આપવાનો રહેશે કે કેમ?

(૨) કલાર્ક, હેલ્પર, કન્ડકટર, ડ્રાયવર, પટાવાળા તથા વોચમેન કક્ષામાં સીધી ભરતીથી નિમણૂંક કરવાની થાય ત્યારે એસ.ટી.નિગમમાં પાર્ટ-ટાઇમ ધોરણે ફરજ બજાવતાં જુદા-જુદા કર્મચારીઓ ઉપરાંત હમાલ, ઓફ રીલીવરી વોચમેન અને વર્કચાર્જ કારકુન પૈકી જે કોઇ જે-તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક અને અન્ય જરૂરી યોગ્ય લાયકાતો ધરાવતા હોય તો તેઓને અરજી કરવા છૂટ આપવાની રહેશે અને જે-તે જગ્યામાં પસંદ થયા બાદ તેઓની અલગ પસંદગી યાદી બનાવવી અથવા પસંદગી યાદી ૩:૧ પ્રમાણે રેસીયો રાખી પસંદગી તારીખથી પાંચ વર્ષના ગાળા દરમિયાન તેઓનો સમાવેશ કરી લેવાનો રહેશે કે કેમ ?

(૩) વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ પૈકી જેઓએ જે-તે- ઉપલી કક્ષામાં સતત એક વર્ષ સુધી સળંગ હંગામી-બઢતીમાં (ઓફીસીએટીંગ) ફરજ બજાવી હોય તો તેવા કર્મચારીને જે-તે ઉપલી કક્ષા માટે યોજાતી ખાતાકીય બઢતી તેમ જ સીધી ભરતીની એમ બન્ને પરીક્ષામાં

INDEX

બેસવા માટે પાત્ર ગણાવાના રહેશે કે કેમ ?

(૪) જે-તે વિભાગમાં ડ્રાયવરની ભરતી કરવામાં આવે ત્યારે એસ.ટી.નિગમમાં કોઇપણ કક્ષામાં ફરજ બજાવતો કર્મચારી કે જે ડ્રાયવરની જગ્યા માટે નિગમે મુકરર કરેલ જરૂરી શૈક્ષણિક અને અન્ય લાયકાતો ધરાવતો હોય, આર.ટી.ઓ.નું માન્ય લાયસન્સ અને બેઝ ધરાવતો હોય તો તે ડ્રાયવરની કક્ષામાં નિમણૂંક મેળવવા અરજી કરવા પાત્ર ગણાશે. આ માટે યોગ્ય સત્તાધિકારીને લેખિત અરજી કરી જરૂરી મંજૂરી મેળવવાની રહેશે નહિ ડ્રાયવર કક્ષાની ભરતી માટે આવા કર્મચારી ઉમેદવારને સીધી ભરતીનો ઉમેદવાર ગણી તમામ લાભો આપવાના રહેશે કે કેમ ?

(૫) વર્ગ-૪ ની કક્ષામાં ફરજ બજાવતાં કર્મચારીઓ જેવાં કે રાઇટર, હેલ્પર, વૉચમેન, પ્યુન વગેરે પૈકી જે કોઇ કલાર્ક તરીકેની શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કરી લીધાં અને વહીવટને લેખિત જાણ કરે તે તારીખથી પાંચ વર્ષના સમયગાળા દરમિયાન તેઓની જે-તે કક્ષાની સિનિયોરીટીને ધ્યાનમાં લઇ કલાર્કની કક્ષામાં સમાવી લેવાના રહેશે કે કેમ ?

(૬) કોમ્પેરનાઇટ ગ્રાઉન્ડ પર વર્ગ-૪ની કક્ષામાં જે કર્મચારીનો નોકરીમાં સમાવેશ કરવાનો થાય અને તે સમયે જ જો તે વર્ગ-૩ની જે-તે કક્ષાની જગ્યા માટે જરૂરી લાયકાત ધરાવતો હોય તો તેને વર્ગ-૪ની કક્ષાને બદલે સીધી વર્ગ-૩ની કક્ષામાં નિમણૂંક શરૂઆતથી જ આપવી. આવા કર્મચારીઓ પૈકી જો કોઇ કર્મચારી વર્ગ-૪ની કક્ષાની નોકરીના સમયગાળા દરમિયાન વર્ગ-૩ની જે-તે કક્ષા માટે લાયકાત પ્રાપ્ત કરે તો વર્ગ-૪ની કક્ષામાં તે સળંગ પાંચ વર્ષની નોકરી પૂરી કરે ત્યારે તેને વર્ગ-૩ ની સંબંધિત કક્ષામાં સમાવી લેવાના રહેશે. કાયમી ધોરણે જે કોઇ જગ્યા ખાલી પડે ત્યાં નિમણૂંક માટે આવા કર્મચારીને પસંદગીમાં અગ્રતાક્રમે સમાવી લેવાના રહેશે. આ પ્રકારના આજ સુધીનાં જે કિસ્સાઓ છે પડતર છે તેને સમય મર્યાદામાં નિયમિત કરવાના રહેશે કે કેમ ?

(૩) **બઢતી અંગેની શરતો :-**

(૧) તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૭ના રોજ કે ત્યારબાદ જે કોઇ કર્મચારી જે-તે કક્ષામાં પાંચ વર્ષની સળંગ નોકરી કાયમી ધોરણે ટાઇમ સ્કેલમાં પૂરી કરે તેવા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને ઉપલી કક્ષામાં બઢતીને લાયક ગણી તેની નોકરીના અનુક્રમે તારીખ ૭-૧૪-૨૧ અને ૨૮ મા વર્ષે ઉપલી કક્ષાના પગાર ધોરણનો લાભ 'સિલેક્શન ગ્રેડ' તરીકે આપવાનો રહેશે કેમ ?

(૨) ખાતાકીય બઢતીની પરીક્ષાઓ માટે હાલમાં પેનલ પ્રમોશન પ્રથા છે તે રદ કરવી તેને બદલે ખાતાકીય બઢતી માટેની કોઇપણ કક્ષાની પરીક્ષામાં તે પરીક્ષા અને કક્ષા માટે જરૂરી શૈક્ષણિક અને અન્ય લાયકાત ધરાવનાર કોઇપણ કર્મચારી આપી શકે તેવી છૂટછાટ વાળી જોગવાઇ કરવાની રહેશે કે કેમ ?

(૩) ખાતાકીય બઢતીની પરીક્ષાના પ્રશ્નપત્રોનું રૂઢિગત માળખું બદલવાનું રહેશે તથા આવી પરીક્ષા યોજાતા પહેલાં પાત્રતા ધરાવતા ઉમેદવારો પૈકી પરીક્ષામાં બેસવા ઇચ્છતા કર્મચારીઓને અભ્યાસક્રમ મુજબ પરીક્ષાની તાલીમ આપવા વહીવટે ચોકકસ સમયના તાલીમ વર્ગો ચલાવવાના રહેશે કે કેમ ?

(૪) ખાતાકીય બઢતીની પરીક્ષા પાસ કરનાર કર્મચારીને પ્રથમ એક વર્ષ માટે બઢતીની જગ્યા પર આજમાયશી ધોરણે તેની બઢતીની જગ્યામાં નિમણૂંક આપવાની રહેશે અને આજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ થાય ત્યારબાદ જ બઢતીની કક્ષાના પગાર અને ભથ્થાનો લાભ આપવાનો રહેશે. આજમાયશી સમય વધુમાં વધુ સતતપણે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાશે તે દરમિયાન પણ જે-તે કર્મચારીની બઢતીની કક્ષામાં કામગીરી સંતોષકારક નહીં જણાય તો તેને જે-તે બઢતીની જગ્યા માટે લાયક ગણાશે નહીં કે કેમ ?

(૫) જુદી જુદી કક્ષાઓની ખાતાકીય પરીક્ષાઓમાં ઉમેદવારી માટે જે-તે કક્ષાની કામગીરીને અનુરૂપ શૈક્ષણિક અને જરૂરી લાયકાતો વહીવટે મુકરર કરવાની રહેશે ટી.સી. તથા એ.ટી.આઇ.ની ખાતાકીય પરીક્ષામાં ઉમેદવારી કરવા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસની રાખવાની રહેશે કે કેમ ?

(૪) બદલી અંગેની શરતો :-

(૧) બદલી એ વહીવટી બાબત છે. આમ છતાંય કોઇપણ કર્મચારીની બદલી અસાધારણ સંજોગોમાં જ કરવાની રહેશે કે કેમ ?

(૨) અસર-પરસ ધોરણે બદલી કરાવવાની માંગણી કરતી અરજી મળ્યા તારીખથી વહીવટી રીતે વધુમાં વધુ ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન બદલી કરી આપવાની રહેશે. આવી બદલી મંજૂર કર્યેથી જે-તે કર્મચારીએ વતનના લાભાર્થે બદલી માટે કરેલી મૂળ અરજીને કોઇ અસર આવવી જોઇએ નહીં. વતનના લાભાર્થે બદલીની માંગણી કરતી અરજીના રીકવેસ્ટ રજીસ્ટરમાં કોઇ ફેરફાર કરવાનો રહેશે નહીં કે કેમ ?

INDEX

(૩) કોઇપણ ડેપો અથવા વિભાગનું વહીવટી ધોરણે વિભાજન થાય અથવા શીડયુઅલો ટ્રાન્સફર થાય કે જ્યાઓ ઓછી થવાથી એક વિભાગમાંથી બીજાં વિભાગમાં જે કોઇ કર્મચારીની વહીવટી કારણોસર બદલી કરવામાં આવે ત્યારે આવી બદલીઓ જે તે કર્મચારીની નિમણૂંકની સિનિયોરીટીને ધ્યાનમાં લઇને જ કરવાની રહેશે કે કેમ?

(૪) એક વિભાગનું વેઇટીંગ લીસ્ટ અન્ય વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવે ત્યારે સંબંધિત કર્મચારીની નિમણૂંક અન્ય વિભાગમાં થઇ ગણાશે. આવા કર્મચારીઓની જયાં સુધી તેમના મૂળ વિભાગમાં બદલી ન થાય અને તેઓને વતનનો લાભ સંપૂર્ણપણે ન મળે ત્યાં સુધી જે તે મૂળ વિભાગમાં જે તે કક્ષામાં નવી ભરતી કોઇપણ સંજોગોમાં કરવાની રહેશે નહીં કે કેમ?

(૫) ગંભીર ગુના સબબ કર્મચારીની બદલી કરવાની હાલની પ્રથામાં સુધારો કરી જયાં સુધી ગંભીર ગુનો સાબિત ન થાય ત્યાં સુધી બદલીનું વહીવટી પગલું ભરવું નહીં. ગંભીર ગુના સબબ કર્મચારીની બદલી કરવાની થાય તો તેવી બદલી તેના મૂળ કેન્દ્રથી નજીકના કેન્દ્રમાં કરવી. આવી બદલી કરતા પહેલાં સંબંધિત કામદારને લેખિત નોટિસ આપી ખુલાસો કરવાની તક આપવી. ખાતાકીય કાર્યવાહી પૂર્ણ થયા બાદ આવા કર્મચારી પાસે મૂળ કેન્દ્રમાં બદલી મેળવવાની અરજી મેળવવી. આવી અરજી વિભાગીય કચેરીએ મળ્યા બાદ તેને બદલી રિકવેસ્ટ રજીસ્ટરમાં નોંધવી અને રિકવેસ્ટ રજીસ્ટરના ક્રમાનુસાર તેનો ક્રમ આવે ત્યારે જ મૂળ કેન્દ્રમાં બદલી કરી આપવાની રહેશે કે કેમ?

(૬) વર્ગ-૩ અને વર્ગ-૪ની કક્ષામાં ફરજ બજાવતાં કર્મચારીઓ પૈકી કોઇપણ કર્મચારીની વહીવટી કારણોસર બદલી કરવામાં આવે ત્યારે બદલીના સ્થળે તેની ઘર-વખરી લઇ જવા માટે એક માસની સમય-મર્યાદામાં ઉપલબ્ધીના ધોરણે ટ્રકની સુવિધા આપવાની રહેશે. આ અંગેના ધારા-ધોરણ અને શરતો હાલમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની બદલી પ્રસંગો જે રીતે ટ્રકની સગવડતા આપવામાં આવે છે તે પ્રકારની જ રહેશે કે કેમ?

(૫) આશ્રિતોને નોકરી :-

ફરજ દરમિયાન અને ફરજના કારણે અગર નોકરીના ગાળા દરમિયાન માંદગી કે અન્ય કોઇ કારણોસર કર્મચારીનું અવસાન થાય તો તેના નિરાધાર બનતા કુટુંબના નિર્વાહ અને ભરણ-પોષણ માટે તેના સંતાનો પૈકી કોઇપણ એકને રહેમરાહે આશ્રિત તરીકે તેની શૈક્ષણિક અને અન્ય લાયકાતોને અનુરૂપ કક્ષામાં નોકરીમાં સમાવી લેવાના રહેશે. આવા કિસ્સામાં અરજી કર્યા તારીખથી વધુમાં વધુ એક માસમાં નોકરીમાં સમાવી લેવાના રહેશે.

INDEX

કોઇ સંજોગોમાં આશ્રિતને નોકરીમાં સમાવી ન શકાય તો તેવા કિસ્સામાં જ્યાં સુધી તેને નોકરી આપવામાં ન આવે ત્યાં સુધી સંબંધિત કર્મચારીના મૃત્યુની તારીખથી શરૂ કરી માસિક રૂા. ૧૫૦૦-૦૦ લેખે નિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ?

(૬) કર્મચારીના સંતાનને નોકરી :-

જે કોઇ કર્મચારીએ એસ.ટી. નિગમમાં ૧૦ વર્ષની સળંગ નોકરી પૂરી કરી હોય તો નિગમમાં જે તે કક્ષામાં સીધી ભરતીથી જગ્યાઓ પૂરવામાં આવે ત્યારે જે તે જગ્યા માટે શૈક્ષણિક અને અન્ય યોગ્ય લાયકાતો ધરાવતા હોય તેવા સંતાનો માટે ૨૦ ટકા જગ્યાઓ અનામત રાખી તેઓને નોકરી માટેના સીધી ભરતીના ઉમેદવાર તરીકે તક આપવાની રહેશે કે કેમ?

(૮) રનીંગ સ્ટાફ માટે સવલતો :-

રનીંગ સ્ટાફ તરીકે એસ.ટી. નિગમમાં ફરજ બજાવતાં ડ્રાયવર કન્ડકટરોને તેમની વિશિષ્ટ પ્રકારની ફરજ દરમિયાનની કામગીરીને લક્ષ્યમાં લઇ નીચે મુજબની સવલતો આપવાની રહેશે કે કેમ?

(૧) ટિકિટ ટ્રે માટે સુરક્ષા :-

ફરજ દરમિયાન ટિકિટ બ્લોક માટે કન્ડકટરોને ટ્રે તથા ટ્રંકબોક્ષ આપવામાં આવે છે તે સારી ક્વોલીટીની અને મજબૂત આપવાની રહેશે. જે તે બસ સ્ટેશન ખાતે રાત્રિ મુકામ કરતા કન્ડકટરોની ટ્રે તથા ટ્રંકબોક્ષની સુરક્ષા માટે હાલના બસ સ્ટેશનોમાં સુરક્ષિત લૉકરોની સુવિધા પૂરતા પ્રમાણમાં કરવાની રહેશે. આ ઉપરાંત જે તે બસ સ્ટેશનમાં રાત્રિ મુકામ કરતા ડ્રાયવર કન્ડકટરોની સંખ્યાના પ્રમાણને લક્ષમાં લઇ ભોજન અને આરામ માટે પૂરતી સુવિધા ધરાવતા રેસ્ટ રૂમોની સગવડતા કરવાની રહેશે કે કેમ?

(૨) પ્રોત્સાહન યોજના :-

(૧) જે કોઇ ડ્રાયવરે ફરજ દરમિયાન પાંચ વર્ષના જે તે મુકરર સમયગાળા દરમિયાન કોઇપણ પ્રકારનો સામાન્ય, ગંભીર કે પ્રાણઘાતક અકસ્માત ન કર્યો હોય તેવા ડ્રાયવરને દર પાંચ વર્ષે એક વખત રૂા. ૧૦૦૦-૦૦ લેખે પ્રોત્સાહક રકમ આપવી કે કેમ?

(૨) જે કોઇ કન્ડકટર પોતાની ફરજ દરમિયાન પાંચ વર્ષના જે તે મુકરર સમયગાળા દરમિયાન ટિકિટ વેચાણના નાણાંની ઉચાપત

INDEX

ઓના એકપણ કેસમાં ન સંડોવાય તો તેવા કન્ડકટરને દર પાંચ વર્ષે એક વખત રૂા. ૧૦૦૦-૦૦ લેખે પ્રોત્સાહક રકમ આપવી કે કેમ?

(૩) જે તે રૂટની નિર્ધારિત આવક કરતાં વધુ આવક લાવનાર જે તે રૂટના સંબંધિત ડ્રાયવર કન્ડકટરને વધારાની આવકનાં પાંચ ટકા રકમ માસિક ધોરણે બંને વચ્ચે સરખા ભાગે પગાર અને ભથ્થાંઓ ઉપરાંત વધારાની પ્રોત્સાહન રકમ તરીકે ચૂકવવી કે કેમ?

(૪) ટ્રાફિક સાઇડમાં રનીંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતાં ડ્રાયવર તેમજ કન્ડકટર સ્ટાફ અને મીકેનીક સાઇડમાં હેલ્પરથી આર્ટ 'એ' કક્ષાના કર્મચારીઓ પૈકી જે કોઇ નાણાંકિય વર્ષ દરમિયાન ૯૦ ટકા કે તેથી વધુ હાજરી ધરાવતા માલુમ પડે તો તેઓને તેમની નિયમિત નોકરીના પુરસ્કાર રૂપે જે તે વર્ષે એક વખત રૂા. ૨૫૦-૦૦ લેખે પ્રોત્સાહક રકમ ચૂકવવી. હાજરી પુરસ્કારની આ યોજના માટે નાણાકીય વર્ષ એટલે કે ૧લી એપ્રિલ થી ૩૧ માર્ચ સુધીનો સમયગાળો ગણવાનો રહેશે. આ ગાળા દરમિયાન આવતી અઠવાડિક રજા, પેઇડ હોલીડે, વગેરેને હાજરીના દિવસો તરીકે ગણતરીમાં લેવાના રહેશે નહીં કે કેમ?

(૫) જે તે ડેપોને વહીવટ તરફથી વાર્ષિક આવક માટે લક્ષ્યાંક આપવાના રહેશે. સદરહું લક્ષ્યાંક કરતાં વધારાની જે આવક સંબંધિત ડેપો દ્વારા પ્રાપ્ત કરવામાં આવે તે વધારાની આવકની ૬૦ ટકા રકમ જે તે ડેપોના કર્મચારીઓ કે જેઓએ જે તે વર્ષના ગાળામાં સક્રિય ફરજ બજાવી હોય તેઓ વચ્ચે સરખા ભાગે પ્રોત્સાહક રકમ વહેંચી આપવાની રહેશે કે કેમ?

(૩) કામના કલાકો, મિલ રિસેસ, સ્પ્રેડ ઓવર વગેરે :-
ડ્રાયવર-કન્ડકટરો માટે કામના કલાકો, સ્પ્રેડ ઓવર, ભોજન-વિરામ (મિલ રિસેસ) વગેરે અંગે નીચે પ્રમાણે જોગવાઇ કરવાની રહેશે કે કેમ?

(૧) રોજીંદા કામના કલાક આઠ રહેશે. એ રીતે અઠવાડિક કામના ૪૮(અડતાલીશ) રહેશે. રોજીંદો સ્પ્રેડ ઓવર ૧૧ કલાકનો અને અઠવાડિક સ્પ્રેડ ઓવર બેસઠ કલાકનો રહેશે. બેસઠ કલાકથી વધુ કામ અઠવાડિયા દરમિયાન લઇ શકાશે નહીં. આંતરરાજ્ય રૂટો યા લાંબા અંતરનાં આંતર વિભાગીય રૂટોની ફરજના કલાકો અંગે યુનિયનો સાથે વહીવટે વાટાઘાટ યોજીને જ નિર્ણય લેવાનો રહેશે કે કેમ?

(૨) ડ્રાયવર કન્ડકટરની નોકરીના કલાકો બાબતે મોટર ટ્રાન્સપોર્ટ વર્કર્સ એકટની જોગવાઇઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે કે કેમ?

(૩) ટ્રાફિક કન્ટ્રોલર, આસિસ્ટન્ટ ટ્રાફિક ઇન્સપેકટર તેમજ સ્ટાફકારના ડ્રાયવર માટે કામના કલાકો, સ્પ્રેડ-ઓવર, ભોજન વિરામ, ઓવર-ટાઇમ વગેરે મોટર ટ્રાન્સપોર્ટ વર્કર્સ એકટમાં કરવામાં આવેલી જોગવાઇ પ્રમાણે મુકરર કરવાના રહેશે અને તેમાં કાયદાની જોગવાઇમાં વખતો-વખત જે કંઇ સુધારાઓ થાય તે પ્રમાણે તે સુધારાઓ જે તે તારીખથી અમલી બનાવવાના રહેશે કે કેમ?

(૪) ડ્રાયવર-કન્ડકટરને તેમની બે ડયૂટી વચ્ચેનો આપવાનો થતો આરામ મોટર ટ્રાન્સપોર્ટ વર્કર્સ એકટમાં કરાયેલી જોગવાઇ મુજબ આપવાનો રહેશે કે કેમ ?

(૫) વીકલી ઓફ : (સાપ્તાહિક રજા) :-

સપ્તાહનો છેલ્લો દિવસ વીકલી-ઓફ ડે ગણાશે.અને તે સંબંધિત કર્મચારીને નિયમિતપણે આપવાનો રહેશે.વીકલી-ઓફ ડે ના હેતુ માટે મધ્યરાત્રીથી મધ્યરાત્રી સુધીના ચોવીસ કલાકના સમયગાળાને 'દિવસ' ગણવાનો રહેશે. તથા વીકલી ઓફ ડે સહિત સતત સાત દિવસના સમયગાળાને 'વીક' ગણવાનું રહેશે. વહીવટી કારણોસર સંજોગવસાત કોઇ કર્મચારીને તેના નિયત દિવસે વીકલી-ઓફ આપી શકાય નહીં તો તેવા કિસ્સામાં સંબંધિત કર્મચારીને પછીના ત્રણ દિવસના ગાળા દરમિયાન અચૂક વીકલી ઓફ આપી દેવાનો રહેશે.કાબુ બહારના સંજોગોમાં વહીવટ દ્વારા જે-તે કર્મચારીના વીકલી-ઓફ પડતર રાખવામાં આવે તો બાકી વીકલી ઓફ મોટર ટ્રાન્સપોર્ટ વર્કર્સ એકટની કલમ નં. ૨૦માં કરવામાં આવેલી જોગવાઇ મુજબ આપી દેવાના રહેશે. નહીં તો બાકી રહેલાં વીકલી ઓફનું જે-તે મહિનાને અંતે પગાર-બીલ મારફત રોકડ વળતર ચૂકવી આપવાનું રહેશે કે કેમ ?

(૫) સાઇનીંગ ઓન અને સાઇનીંગ ઓફ :-

ડ્રાયવર કન્ડકટર સ્ટાફને સાઇનીંગ ઓન ૦=૨૫ મિનિટ તથા સાઇનીંગ ઓફ પણ ૦=૨૫ મિનિટ લેખે સક્રિય ફરજ દરમિયાન આપવાનો રહેશે.આ અંગે હાલની પ્રથાનો અમલ ચાલુ રાખવો. સાઇનીંગ ઓન અને સાઇનીંગ ઓફના આ સમયગાળાને કામના કલાકો તરીકે ગણવાનો રહેશે કે કેમ ?

(૬) શીડયુઅલ બસના રોકાણનો સમય :-

શીડયુઅલ બસ ઉપરના ડ્રાયવર-કન્ડકટરને ફરજ શરૂ થાય ત્યાંથી પુરી થાય તે ગાળા દરમિયાન બસ જે કોઇ સ્થળ પર રોકાણ કરે અને આવા રોકાણનો ગાળો ૦=૧૫ મિનિટ કે તેથી વધુ સમયનો થાય તો તેને કામના કલાકોમાં ગણવાનો રહેશે કે કેમ ?

(૭) ભોજન-વિરામ (મિલ-રિસેસ) :-

શિડયૂઅલ ડયૂટી પરના ડ્રાયવર કન્ડકટરને લાઇન પરની તેમની સક્રિય ફરજના સમયગાળા દરમિયાન મોટર ટ્રાન્સપોર્ટ વર્કર્સ એકટની જોગવાઇ મુજબ ભોજન-વિરામ (મિલ-રિસેસ) આપવાનો રહેશે કે કેમ ?

(૮) કામના કલાક અંગે નોટીસ :-

તાકીદના સંજોગોમાં ઉપસ્થિત થતા ટ્રાફિક ધસારાને પહોંચી વળવા અથવા ગેરહાજરી જેવા વહીવટ કારણોસર વહીવટને શિડયૂઅલ ડયૂટીમાં ફેરફાર કરવાનું થાય તો આ કરારના પક્ષકાર યુનિયનોના સ્થાનિક જવાબદાર હોદ્દેદાર સાથે પરામર્શ કરી તેની લેખિત સંમતિ મેળવ્યા બાદ જ આવા પ્રકારનો ફેરફાર કરવાનો રહેશે કે કેમ ?

(૯) ક્રૂ ડયૂટી :-

(૧) વહીવટ દ્વારા ગોઠવવામાં આવતી શિડયૂઅલોનું સંચાલન સરળતાથી થઇ શકે તે માટે વ્હીકલ અને ક્રૂ ડયૂટીની ગોઠવણ કરવા એક સમિતિની રચના પ્રત્યેક સમયપત્રક વખતે કરવાની રહેશે.આવી સમિતિમાં ડ્રાયવર-૧, કન્ડકટર-૧ તથા લાઇન સ્ટાફ કર્મચારી-૧ એમ કુલ ત્રણ કર્મચારીની નિમણૂંક કરવાની રહેશે. સમિતિના આ સભ્યો માટે વિભાગીય કક્ષાએ જે-તે યુનિયનના જવાબદાર હોદ્દેદાર દ્વારા લેખિતમાં નામ મોકલવામાં આવશે તે જ માન્ય રાખવાના રહેશે. આ ઉપરાંત વિભાગીય કક્ષાએ યુનિયનના એક જવાબદાર તેમ જ ક્રૂ ડયૂટીના જાણકાર હોદ્દેદારને તથા વહીવટ તરફથી વિભાગીય કક્ષાએ ટ્રાફીક ઓપરેશન શાખાના ક્રૂ ડયૂટીના જાણકાર તથા સુપરવાઇઝર કક્ષાના કર્મચારીનો આ સમિતિના સભ્ય તરીકે સમાવેશ કરવાનો રહેશે. સમિતિના સદસ્યો સાથે વહીવટે ક્રૂ ડયૂટીની ચર્ચા ગંભીરતાથી કરવાની રહેશે.સમિતિના સદસ્યોને ક્રૂ ડયૂટી ચર્ચા વખતે જરૂરી ભોજન વિરામ વગેરે મળી રહે તે પ્રમાણે વહીવટે બેઠકનું આયોજન કરવાનું રહેશે. ક્રૂ ડયૂટી અંગે સમિતિ સાથે ચર્ચા-વિચારણા બાદ જે નિર્ણયો લેવાય તેની લેખિત નોંધ કરી તેમાં સમિતિના સભ્યોની સંમતિ સુચક સહીઓ મેળવી રેકર્ડ પર રાખવાની રહેશે. સમિતિ દ્વારા ક્રૂ ડયૂટી અંગે વહીવટ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ જે કોઇ નિર્ણયો લેવાય તેનો અક્ષરસ: અમલ કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે ડેપો મેનેજરની ગણવાની રહેશે. ક્રૂ ડયૂટી ચર્ચા દરમિયાન સમિતિ અને વહીવટ વચ્ચે કોઇ મુદ્દે મતભેદ ઉપસ્થિત થવા પામે તો તેનો ત્વરિત ઉકેલ વિભાગના વડા તથા વિભાગીય કક્ષાએ યુનિયનના જવાબદાર હોદ્દેદારે પરસ્પર મંત્રણા કરી લાવવાનો રહેશે.ક્રૂ ડયૂટી કમિટિની રચના યુનિયનોની લેખિત રજૂઆતને ધ્યાને લઇને વિભાગીય કક્ષાએ કરવાની રહેશે કે કેમ?

(૨) વહીવટી કચેરીઓ, ડેપો વર્કશોપ, વિભાગીય યંત્રાલય, મધ્યસ્થ યંત્રાલય, મધ્યથ સ્ટોર્સ, વિભાગીય સ્ટોર્સ, ટાયર પ્લાન્ટ અને તેના સ્ટોર્સ, પ્રિન્ટીંગ પ્રેસ, બસ સ્ટેશનો વગેરે સ્થળો પર ફરજ બજાવતાં વહીવટી સ્ટાફના કર્મચારીઓ કે જેઓને 'સ્પેશ્યલ-પે' આપવામાં આવતો ન હોય તેઓ માટે કામના કલાકનો ગાળો સવારના ૧૦=૩૦ થી સાંજના ૧૭=૩૦ સુધીનો રાખવાનો રહેશે કે કેમ ?

(૩) ડેપો વર્કશોપ, વિભાગીય યંત્રાલય, મધ્યસ્થ યંત્રાલય, ટાયર પ્લાન્ટ તેમજ પ્રિન્ટીંગ પ્રેસમાં 'કામદાર' તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ માટે કામના કલાકો, ભોજન વિરામ વગેરે ફેકટરી એકટ-૧૯૪૮ ની જોગવાઇઓને આધિન રહી મુકરર કરવાના રહેશે કે કેમ ?

(૪) ડેપો સાથે સંલગ્ન સેન્ટ્રલ બસ સ્ટેશન, કન્ટ્રોલ પોઇન્ટ વગેરે સ્થળો પર અનુક્રમે ફરજ બજાવતા એ.ટી.એસ., ટી.આઇ.એ.ટી.આઇ. તેમજ ટ્રાફિક કન્ટ્રોલરો અને વોચમેનો માટે સામાન્ય રીતે ૧૧ કલાકના સ્પ્રેડ ઓવર સહિત કામના કલાકોનો ગાળો ૮ કલાકનો મુકરર કરવાનો રહેશે કે કેમ?

(૫) હકક રજાઓ, જાહેર તહેવારની રજાઓ તેમજ કેજ્યુઅલ રજાઓ આપવા માટે ડ્રાયવર, કન્ડકટર અને વર્કર સ્ટાફ સિવાયના કર્મચારીઓ માટે હાલમાં જે જોગવાઇઓ અને નિયમો મુકરર કરવામાં આવ્યા છે તે જેમના તેમ ચાલુ રાખવાના રહેશે. કર્મચારીઓને દર વર્ષે હકક રજાનું બેલેન્સ લેખિતમાં જણાવવાની વહીવટે વ્યવસ્થા કરવાની રહેશે કે કેમ ?

(૬) હાલમાં ટ્રાફિક સાઇડમાં રનીંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતાં ડ્રાયવર, કન્ડકટરોને તેમજ વર્કશોપ સાઇડે 'કામદાર' તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓને વર્ષે ૪૦ હકક રજાઓ આપવામાં આવે છે જે પૈકી ૩૦ દિવસની 'હકક રજા' ગણવાની રહેશે અને બાકીની ૧૦ દિવસની કેજ્યુઅલ-રજા (સી.એલ.) તરીકે ગણવાની રહેશે. કેજ્યુઅલ રજા અગાઉથી મંજૂર કરાવી જે-તે કર્મચારી નીચેની શરતોએ ભોગવી શકશે કે કેમ ?

વર્કશોપ સાઇડે કામદાર તરીકે ફરજ બજાવતો કર્મચારી અર્ધો દિવસની કેજ્યુઅલ લીવ (પ્રાસંગિક રજા) લઇ શકાશે. પરંતુ ડ્રાયવર તેમ જ કન્ડકટરના કિસ્સામાં આ રીતે અર્ધો દિવસની કેજ્યુઅલ રજા આપવામાં આવશે નહીં. તેઓએ આખા દિવસ માટેની કેજ્યુઅલ રજા લેવાની રહેશે કે કેમ ?

આ પ્રકારની કેજ્યુઅલ રજા માટેનું વર્ષ ૧લી માર્ચ થી ફેબ્રુઆરીની છેલ્લી તારીખ સુધીનું રહેશે. સમાધાન કરારમાં સહી સિક્કા થયા બાદ તેનો

અમલ કરવાનો રહેશે. હાલમાં સદરહુ કેજ્યુઅલ લીવ આપવાની જે પ્રથા છે તેનો અમલ જેમનો તેમ ચાલુ રાખવાનો રહેશે કે કેમ ?

વપરાયા વિનાની કેજ્યુઅલ રજા હિસાબી વર્ષના અંતે હક્ક રજા તરીકે મજરે આપવાની રહેશે કે કેમ ?

(૧૦) પેઇડ હોલીડે :-

૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ, અને ૨૭ ઓકટોબરને રાષ્ટ્રીય તહેવાર ગણી નિગમના કર્મચારીઓને પેઇડ-હોલીડે તરીકે આપવાના રહેશે. આ ઉપરાંત અન્ય ૯ પેઇડ હોલીડે આપવાના રહેશે. આવા હોલીડે પૈકી જે કોઇ પેઇડ હોલીડે શિડયુઅલ વીકલી ઓફના (મધ્યસ્થ યંત્રાલય તથા વિભાગીય યંત્રાલયમાં રવિવાર સિવાય) દિવસે આવે તો તેવા પેઇડ હોલીડેના અવેજમાં કોમ્પેનસેટરી હોલીડે વહીવટની અનુકૂળતાએ આપવાનો રહેશે કે કેમ?

(૧૧) ફર્સ્ટ એઇડમાંથી મુકિત :-

જે કર્મચારીની એસ.ટી. નિગમમાં કન્ડકટરની કક્ષામાં નિમણૂંક કરવામાં આવી હોય અને આવો કર્મચારી કન્ડકટરની નોકરીમાં આવ્યા બાદ સેન્ટ જોન એમ્બ્યુલન્સ સંસ્થા દ્વારા ફર્સ્ટ એઇડ (પ્રાથમિક સારવાર) અંગે લેવામાં આવતી પરીક્ષામાં મેડલ પ્રાપ્ત કરી પરીક્ષા પાસ કરે તો તેવા કન્ડકટરને ચોકકસ સમયના અંતરે કન્ડકટર લાયસન્સ તાજું કરાવવા જે-તે આર.ટી.ઓ. સમક્ષ તેમજ ફર્સ્ટ એઇડ તાલીમ અર્થે મોકલવામાં આવે છે તેમાંથી તેને કાયમી ધોરણે મુકિત આપવાની રહેશે કે કેમ?

(૧૨) સારી હાલતના વાહનો આપવા :-

શિડયુઅલ ડયુટી મુજબ જે-તે રૂટની બસમાં ફરજ પર જતાં ડ્રાયવરને ડેપો વર્કશોપ ખાતેથી સમયસર અને સારી હાલતમાં રોડવર્ધી વાહન જ ફાળવવાનું રહેશે. વાહન સંભાળતી વખતે જે-તે ડ્રાયવર વાહનમાં કોઇ યાંત્રિક ખામી હોવાનું જણાવે તો તેવી ફરિયાદની જવાબદાર વર્કશોપ સુપરવાઇઝરે તાત્કાલિક ચકાસણી કરવાની રહેશે અને ફરિયાદ મુજબની યાંત્રિક ખામી તાત્કાલિક અસરથી દુરસ્ત કરાવ્યા બાદ જ વાહન જે-તે રૂટ માટે ડ્રાયવરને સોંપવાનું રહેશે. વહીવટના કાબુ બહારના સંજોગોમાં યા વહીવટી કારણોસર વાહનની જે-તે યાંત્રિક ખામી દુરસ્ત થઇ શકે તેમ ન હોય તો સંબંધિત વર્કશોપ સુપરવાઇઝરે ડ્રાયવર લોગશીટની ડીફેકટ સ્લીપમાં તે અંગે વિગતવાર નોંધ કરી પોતાની સહી કરી આપવાની રહેશે. આ રીતે યાંત્રિક ખામીવાળું વાહન રૂટ પર સોંપવામાં આવે અને જે-તે યાંત્રિક ખામીને લીધે વાહન રસ્તામાં બ્રેકડાઉન થાય અથવા અકસ્માતમાં

સંડોવાય તો તે માટે ફરજ પરના જે-તે ડ્રાયવરને જવાબદાર ગણવાના રહેશે નહીં કે કેમ?

(૧૩) ડીઝલ કે.એમ.પી.એલ. પ્રોત્સાહક યોજના :-

એસ.ટી. વાહનો માટે મોંઘા ભાવના ડીઝલની બચત માટે પ્રોત્સાહન અર્થે હાલમાં ડીઝલ K.M.P.L. પ્રોત્સાહક યોજના અમલમાં છે તે ચાલુ રાખવી. તથા તેમાં ડેપો વર્કશોપ અને બસ સ્ટેશન ખાતે ફરજ બજાવતાં પાર્ટ-ટાઇમ કર્મચારીઓ સહિત તમામ કર્મચારીઓનો સમાવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત જે-તે ડેપો દ્વારા જે-તે નાણાંકીય વર્ષ દરમિયાન ડીઝલ વપરાશની બાબતમાં કરકસર કરી ડીઝલ ખર્ચમાં ઘટાડો હાંસલ કર્યો હોય તો તેવા ડેપોમાં ડીઝલ બચતની કોસ્ટ તારવી જેટલી રકમની બચત થઇ હોય તેટલી રકમના ૧૦ ટકા જેટલી રકમ જે-તે ડેપોના જે-તે નાણાંકીય વર્ષમાં સક્રિય ફરજ બજાવી હોય તેવા તમામ કામદારો વચ્ચે સરખે હિસ્સે પ્રોત્સાહક ઇનામ તરીકે વહેંચી આપવાની રહેશે કે કેમ?

(૯) વર્કશોપ સ્ટાફને સુવિધાઓ :-

એસ.ટી. નિગમમાં વર્કશોપ સાઇડે ફરજ બજાવતાં જુદી-જુદી કક્ષાના કર્મચારીઓની જે-તે કક્ષાની વિશિષ્ટ પ્રકારની ફરજોને ધ્યાનમાં લઇ નીચે મુજબની સવલતો આપવાની રહેશે કે કેમ?

(૧) વિના મૂલ્યે દૂધ આપવા બાબત :-

તારીખ ૨૩મી નવેમ્બર ૧૯૮૪ના લેબર સેટલમેન્ટની કલમ નં.-૬૪માં દર્શાવેલ જુદી-જુદી કક્ષાના કર્મચારીઓ ઉપરાંત પ્રિન્ટિંગ પ્રેસમાં આવા પ્રકારની કક્ષામાં જે કોઇ કર્મચારીઓ ફરજ બજાવતા હોય તે તમામને તેઓ જે-તે દિવસે ઓછામાં ઓછી ચાર કલાકની ફરજ બજાવે તો ૪૦૦ મિલિગ્રામ દૂધ એકી વખતે વિના મૂલ્યે આપવાનું રહેશે. આ માટે દૂધની ખરીદી વહીવટે માન્ય દૂધ ડેરીમાંથી જ કરવાની રહેશે. વિના મૂલ્યે દૂધ આપવાની આ જોગવાઇ સ્પષ્ટપણે કર્મચારીની શારીરિક તંદુરસ્તી જળવાઇ રહે તે હેતુને ધ્યાનમાં રાખી કરવામાં આવી છે. આથી દૂધની અવેજમાં કોઇપણ સંજોગોમાં અને કોઇપણ પ્રકારે રોકડમાં ચૂકવણું કરવાનું રહેશે નહીં. આમ છતાંય કોઇ સ્થળે આ પ્રકારની ગેરરીતિ માલુમ પડે તો તેને માટે જે-તે કેન્દ્ર યા શાખાના વડાને જવાબદાર ગણી ઘટતાં પગલાં લેવાના રહેશે કે કેમ?

(૨) ફયુઅલ પંપ ઉપર શેડ બાંધવા અંગે :-

ડેપો વર્કશોપ ખાતે કાર્યરત ફયુઅલ પંપ ઉપર ફરજ બજાવતા હેલ્પર અને ફયુઅલ કલાર્કને તેમની ફરજ દરમિયાન ટાઢ, તડકો કે વરસાદથી

રક્ષણ મળી રહે તે હેતુથી જે-તે ફ્યુઅલ પંપ ઉપર પાકા શેડ બાંધવાના રહેશે કે કેમ?

(૩) કાર્ડ પંચમાંથી મુકિત આપવા અંગે :-

નિગમના વિભાગીય યંત્રાલયો તેમજ મધ્યસ્થ યંત્રાલય ખાતે ફરજ બજાવતા કામદારોની હાજરી માટેની નોંધ કરવા પંચીંગ મશીનની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અથવા જ્યાં કોઇ સ્થળે ભવિષ્યમાં આવી પ્રથા દાખલ કરવામાં આવે ત્યારે હેડ આર્ટીઝન તેમજ લીડીંગ હેન્ડ કક્ષાના વર્કશોપ કામદારને કાર્ડ પંચીંગ પ્રથામાંથી મુકિત આપવાની રહેશે કે કેમ?

(૪) બુટ અને ગોગલ્સ આપવા બાબત :-

વર્કશોપ ખાતે મોલ્ડીંગ સેકશનમાં ફરજ બજાવતા કામદારોને વ્યકિતગત ધોરણે ચામડાના હોલ બુટ તેમજ ગોગલ્સ આપવાના રહેશે. આ પ્રકારની સુવિધા આર્ટ સી બોડીફીટર કક્ષાના કર્મચારીને આપવાની રહેશે કે કેમ?

પોર્ટેબલ ઇલેકટ્રીક ડ્રીલ મશીન ઉપર કામ કરતા કામદારો તેમજ ડેપો વર્કશોપ, વિભાગીય યંત્રાલય તેમજ મધ્યસ્થ યંત્રાલય ખાતે પોર્ટેબલ ડ્રીલ મશીન વડે વાહનની બોડીનું બાંધકામ કે સમારકામ કરતા કર્મચારીઓને વર્ષે એક જોડી સારી ગુણવત્તા ધરાવતા શોકપ્રુફ કેન્વાસના બુટ આપવાના રહેશે. આ ઉપરાંત મધ્યસ્થ યંત્રાલય અથવા પ્રિન્ટીંગ પ્રેસ કે જ્યાં આવા પ્રકારના ઇલેકટ્રીક મશીનો ફીટ કરવામાં આવ્યા હોય ત્યાં જે-તે જગ્યામાં ભોંય-તળિયે શોકપ્રુફ મટીરીયલ દ્વારા સુરક્ષિત કવચ ઉભું કરવાનું રહેશે. આવા સ્થળોએ નિયમિત ધોરણે ફરજ બજાવતા કર્મચારીઓને પણ વર્ષે એક જોડી સારી ગુણવત્તા ધરાવતા શોકપ્રુફ કેનવાસના બુટ આપવાના રહેશે કે કેમ?

(૧૦) ડીસીપ્લીન એન્ડ અપીલ પ્રોસીજર અંગે :-

એસ.ટી. નિગમમાં ફરજ બજાવતા વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ તથા વર્ગ-૪ના કર્મચારીઓ દ્વારા તેમની ફરજ દરમિયાન ગેરવર્તણૂંકનું કાર્ય કરે તો તેમની સામે ખાતાકીય કાર્યવાહી હાથ ધરી ગુન્હાના પ્રમાણમાં યોગ્ય શિક્ષા કરવા ''ડીસીપ્લીન એન્ડ અપીલ પ્રોસીજર'' (શિસ્ત અને દાદના નિયમો) ઘડવામાં આવેલ છે કે કેમ?

પ્રસ્તુત પ્રોસીજર જરી-પુરાણી અને સમય સાથે કદમ મિલાવવામાં ઉણી ઉતરી છે. આથી તેમાં તજજ્ઞોની સમિતિ બનાવી તેનો તલસ્પર્શી અભ્યાસ કરી ધરમૂળથી ફેરફારો સાથે નવેસરથી પ્રવર્તમાન મજદૂર કાયદાઓ, સંજોગો તેમજ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની સમસ્યાઓના સંદર્ભે આ સમાધાન કરાર

INDEX

અમલમાં આવે તે તારીખથી એક વર્ષની મુદતમાં નવેસરથી ઘડી તેને અમલી બનાવવાનો રહેશે. આ રીતે સુધારેલ ''ડીસીપ્લીન એન્ડ અપીલ પ્રોસીજર'' અમલમાં ન આવે ત્યાં સુધી હાલના પ્રોસીઝરમાં નીચે મુજબની જોગવાઈ અમલી બનાવી ખાતાકીય કાર્યવાહી ચલાવવાની રહેશે કે કેમ?

(૧) હાલમાં ડીસીપ્લીન એન્ડ અપીલ પ્રોસીજર અન્વયે યોગ્ય સત્તાધિકારી તરીકે અધિકૃત થયેલ અધિકારીશ્રીઓને ખાતાકીય કાર્યવાહીના અંતે સંબંધિત તહોમતદાર કર્મચારીને બરતરફ, ટર્મિનેટ, રીમુવ અને નીચલી પાયરી પર ઉતારી દેવાની સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે. જેને પરિણામે ન્યાયની ગરીમા જળવાતી નથી. કેટલાક અધિકારીની અણઆવડત અને કિન્નાખોરી કે પૂર્વગ્રહનો ભોગ કર્મચારીને કયારેક બનવું પડે છે. આથી કર્મચારીની રોજીરોટી છીનવી લેવાની આ સત્તા મર્યાદિત કરી આ પ્રકારની શિક્ષા કરવાની સત્તા માત્ર એપોઈન્ટીંગ ઓથોરીટી (નિમણૂંક આપનાર સત્તા)ને જ કાળવવાની રહેશે કે કેમ?

(૨) યોગ્ય સત્તાધિકારી દ્વારા તહોમતદાર કર્મચારીને તેના ગુન્હાના પ્રમાણમાં જે સજા ફરમાવવામાં આવે છે તે પૈકી કેટલીક સજામાં હાલના નિયમોની જોગવાઈ મુજબ અપીલ કરવાની છૂટ નથી હોતી તો કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ આવા ડીફોલ્ટ કેસ રીવ્યુ પણ કરવા ન જોઈએ કે કેમ?

(૩) ડીફોલ્ટ કેસો રીવ્યુ કરવા માટે સ્પષ્ટ નીતિ ઘડવાની જરૂર છે. કોઈ કેસમાં પૂર્વગ્રહ યા કિન્નાખોરીથી ગુન્હાના પ્રમાણમાં વધારે સજા કરવામાં આવી હોય તો તેવી સજામાં ઘટાડો કરવા યા તેવી સજા રદ કરવા માટે જ ડીફોલ્ટ કેસ રીવ્યુ કરવાની જોગવાઈ કરવાની રહે છે. સજા પામેલ તહોમતદાર કર્મચારી રીવ્યુઈંગ ઓથોરીટીને સંબોધીને પોતાને થયેલી સજા અન્યાયી છે તે અંગે લેખિત ફરિયાદ અરજી સચોટ કારણો અને જરૂરી દસ્તાવેજી પૂરાવા સાથે કરે ત્યારે તેનો કેસ રીવ્યુ કરવાનો રહેશે કે કેમ?

(૪) જે કિસ્સામાં અધિકૃત અધિકારી દ્વારા સજા કરવામાં આવી હોય અને સજાના આવા દફતરી હુકમમાં તે સજા સામે અપીલની છૂટ આપવામાં આવી હોય ત્યારે સમય-મર્યાદામાં કરાયેલ અપીલ અરજીઓનો અપીલ મળ્યા તારીખથી મોડામાં મોડો છ મહિનાના ગાળામાં નિકાલ કરવાનો રહેશે કે કેમ?

(૫) ખાતાકીય તપાસ તહોમત-પત્ર આપ્યાની તારીખથી ૬ મહિનામાં પૂરી કરવાની રહેશે. ત્યારબાદ જે-તે ડીફોલ્ટ કેસની રૂબરૂ સુનાવણી હાથ ધરવા જે-તે એપોઈન્ટીંગ ઓથોરીટી કે ઉચ્ચ સત્તાધિકારીશ્રીની મંજૂરી મેળવવાની રહેશે. આવી મંજૂરી પ્રાપ્ત થયા તારીખથી જે તે

અધિકારીશ્રીએ ત્રણ મહિનામાં જે-તે ડીફોલ્ટ કેસનો આખરી નિકાલ કરવાનો રહેશે. આ સમય-મર્યાદામાં કેસનો નિકાલ કરવામાં ન આવે તો તેવો ડીફોલ્ટ કેસ આપો-આપ રદબાતલ ઠેરવવાનો રહેશે. પછી આ અંગે પુનઃ તહોમત-પત્ર આપી કોઇ ખાતાકીય કાર્યવાહી હાથ ધરી શકાશે નહીં. તહોમતદાર કર્મચારીને લીધે આવો ડીફોલ્ટ કેસ પેન્ડીંગ રહે અને ત્રણ માસની સમય-મર્યાદામાં પૂર્ણ ન થાય તો તેવા કિસ્સામાં ડીફોલ્ટ કેસ આપો-આપ રદબાતલ ગણાવાની સદરહુ જોગવાઇ લાગુ પાડવામાં આવશે નહીં કે કેમ?

(૬) તહોમતદાર કર્મચારી સામે વહીવટ દ્વારા હાથ ધરવામાં આવતી ખાતાકીય કાર્યવાહીમાં પોતાના બચાવ માટે પોતે જે કામદાર સંઘનું સભ્યપદ ધરાવતો હોય તે કામદાર સંઘના કોઇપણ હોદ્દેદાર યા પ્રતિનિધિને કે જે પોતાના વિભાગમાં ફરજ બજાવતો હોય તેને સહકર્મચારી તરીકે રાખી શકશે તેવી સ્પષ્ટ જોગવાઇ કરવાની રહેશે કે કેમ?

(૭) કોઇપણ પ્રકારની ગેરવર્તણૂંકનો ગંભીર ગુન્હો કોઇપણ કામદાર વિરૂધ્ધ નોંધાયો હોય અને ખાતાકીય કાર્યવાહી દરમિયાન તેનો ગુન્હો સાબિત થાય તો પણ આવા કિસ્સામાં વધુમાં વધુ બે વર્ષ માટે વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી બંધ કરવાની સજા ફરમાવવાની રહેશે. આનાથી વધુ સમય માટે વાર્ષિક પગાર વધારો અટકાવવાની સજા કરી શકાશે નહીં. તે અંગે સ્પષ્ટ જોગવાઇ કરવાની રહેશે કે કેમ?

(૮) કોઇપણ કર્મચારી ૩૦ દિવસ કે તેથી વધુ સમયગાળા માટે પૂર્વ મંજૂરી વિના મનસ્વી રીતે ગે.હા. રહે ત્યારે વહીવટે આવા કિસ્સામાં સંબંધિત કર્મચારીને ફરજમાં હાજર થવા રજીસ્ટર્ડ એ.ડી. તથા યુ.પી.સી. પોસ્ટથી તેના ઘરના સરનામે નોટીસ મોકલવાની રહેશે તથા સદરહુ બાબતે લેખિત ખુલાસો રજૂ કરવા જણાવવાનું રહેશે. આમ છતાંય આવો કર્મચારી ફરજમાં સમય-મર્યાદામાં હાજર ન થાય કે પોતાની મનસ્વી ગે.હા. સબબ કોઇ ખુલાસો રજૂ ન કરે તેના વિરૂધ્ધ ડીસીપ્લીન એન્ડ અપીલ પ્રોસીજર અન્વયે ગેરવર્તણૂંકનો ગંભીર ગુન્હો નોંધી ખાતાકીય કાર્યવાહી હાથ ધરવાની રહેશે. અન્યથા આવી કાર્યવાહી હાથ ધરી શકાશે નહીં કે કેમ?

(૯) ડીફોલ્ટ કેસ સબબ ખાતાકીય કાર્યવાહીનો સામનો કરી રહેલ તહોમતદાર કર્મચારી પોતાની સામેના તહોમતના બચાવમાં જરૂરી લેખિત ખુલાસા, આધારભૂત દસ્તાવેજો વગેરે પોતે જે કેન્દ્ર યા એકમમાં ફરજ બજાવતો હોય ત્યાંના ઉપરી અધિકારી મારફત મોકલવાને બદલે સીધા તપાસ કરનાર યોગ્ય સત્તાધિકારીને મોકલી શકે તેવી જોગવાઇ કરવાની રહેશે કે કેમ?

(૧૦) એપોઇન્ટીંગ ઓથોરીટી સિવાય કોઇ અધિકૃત અધિકારી જે-તે તહોમતદાર કર્મચારીને તેની સામેની પેન્ડીંગ ઇન્કવાયરીના સમયગાળા દરમિયાન સસ્પેન્ડ કરી શકશે નહી કે કેમ?

(૧૧) જે-તે અધિકૃત અધિકારીશ્રી દ્વારા કોઇ કર્મચારીને પૂર્વગ્રહથી પ્રેરાઇ કિન્નાખોરી રાખી તહોમત-પત્ર આપવામાં આવ્યું હોવાનું ફલિત થાય અથવા આપવામાં આવેલ તહોમત-પત્રમાં દર્શાવેલ તહોમત અંગે અસ્પષ્ટતાઓ માલુમ પડે તો તેવા કિસ્સામાં સંબંધિત કર્મચારી જે-તે એપોઇન્ટીંગ અધિકારીને લેખિત ફરિયાદકરી દાદ માંગી શકશે અને કર્મચારીની આવી ફરિયાદનો વ્યાજબી ધોરણે નિકાલ કરવામાં ન આવે ત્યાં સુધી તેના વિરુદ્ધની ખાતાકીય કાર્યવાહી સ્થગિત કરવાની રહેશે કે કેમ ?

(૧૨) જે-તે ડીફોલ્ટ કેસના અનુસંધાને યોગ્ય સત્તાધિકારીશ્રી દ્વારા ખાતાકીય કાર્યવાહીના અંતે સજા ફરમાવવામાં આવે અને આની સામે તહોમતદાર કર્મચારી દ્વારા સમય મર્યાદામાં અપીલ કરવામાં આવી હોય તો જ્યાં સુધી આવી અપીલનો નિકાલ ન કરવામાં આવે ત્યાં સુધી કરવામાં આવેલ સજાના હુકમનો અમલ કરી શકાશે નહીં કે કેમ ?

(૧૩) તહોમતદાર કર્મચારી પોતાને થયેલ સજા અન્યાયી અને અયોગ્ય હોવાનું જણાવી તે સજા રદ્દ કરવા યા તેમાં ઘટાડો કરવા પ્રથમ યા બીજી અપીલ કરી એપેલેટ ઓથોરીટી પાસે દાદ માંગે છે. આથી આવા કિસ્સામાં એપેલેટ ઓથોરીટીએ અપીલ અરજીની વિગતો, ડી. કેસ, અધિકૃત અધિકારી દ્વારા કરવામાં આવેલી સજાની ગુન્હાના પ્રમાણમાં યોગ્યતા તપાસી થયેલ સજા અંગે નિર્ણય આપવાનો હોય છે. એપેલેટ ઓથોરીટી અપીલની સુનાવણી વખતે સંબંધિત તહોમતદાર કર્મચારીનો ભૂતકાળનો રેકર્ડ તપાસવા હકકદાર નથી તેમ તેવા રેકર્ડના આધારે થયેલી સજામાં વધારો કરવાની પણ તેને કોઇ સત્તા નથી આ બાબતે સ્પષ્ટતા કરવાની જોગવાઇ કરવાની રહેશે કે કેમ ?
(૧૪) ગુન્હાના પ્રમાણમાં કરવામાં આવતી સજાઓ બાબતે સમગ્ર નિગમમાં એકસુત્રતા અને સુસંગતતા જળવાઇ રહે તે માટે કોઇ અસરકારક વ્યવસ્થા ગોઠવવાની રહેશે જેથી એક સરખા પ્રકારના ગુન્હા સામે અલગ અલગ પ્રકારની સજાઓ જે-તે અધિકૃત અધિકારીઓ દ્વારા ફરમાવવામાં આવે છે તેને નિયમિત કરી શકાય કે કેમ ?

(૧૫) તહોમતદાર કર્મચારીને તેના ગુન્હાના પ્રમાણમાં પ્રાપ્ત સત્તાઓ અન્વયે અધિકૃત અધિકારી દ્વારા સજા ફરમાવવામાં આવે ત્યારે આવી સજાની સંભવિત અસરોનો વિચાર કરવામાં આવે, સજા ફરમાવતી વખતે માનવીય દ્રષ્ટિકોણ અપનાવવામાં આવે તથા સજા પામનાર કર્મચારીના કુટુંબ પર સજાને કારણે 'ફેમીલી બ્રેકડાઉન' ની અસર ન થાય તેનો ખ્યાલ રાખવાનો રહેશે કે કેમ?

(૧૬) કોઇપણ કર્મચારી વિરુદ્ધ અશિસ્ત કે ગેરવર્તણૂંક અંગેનો ગુન્હો નોંધવામાં આવે ત્યારે તેવા કિસ્સામાં અશિસ્તનું કારણ તપાસવુ. તેનું પૃથ્થકરણ કરવું અને તેવા જ પ્રકારની અશિસ્ત યા ગેરવર્તણૂંકને લગતા

ગુન્હાઓ વારંવાર અને સતતપણે અન્ય કર્મચારીઓ દ્વારા આચરવામાં ન આવે તે માટે લાંબાગાળાના અને કાયમી ઉપાયો વિચારી તેનો વહીવટી સ્તરે અમલ કરવા અસરકારક તંત્ર ગોઠવવાનું રહેશે કે કેમ?

(૧૧) કલ્યાણ-યોજનાઓ :-

નિગમમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોના લાંબા ગાળાના કલ્યાણ અર્થે નીચે મુજબની યોજનાઓ અને સવલતો વહીવટી દ્વારા આપવાની રહેશે :-

(૧) અકસ્માતમાં રાહત :-

કોઇપણ કર્મચારીને ફરજ દરમિયાન અકસ્માતમાં ઇજા થાય અને તેને સરકારી હોસ્પિટલ કે એસ.ટી. કોર્પોરેશન માન્ય દવાખાનામાં અંદરના દર્દી તરીકે સારવાર અર્થે દાખલ કરવામાં આવે તેટલા દિવસની અકસ્માત સબબની સ્પેશ્યલ રજા આપવામાં આવશે આ ઉપરાંત હોસ્પિટલમાંથી અંદરના દર્દી તરીકે રજા આપવામાં આવે અને ત્યાર બાદ ઘેર આરામ અને સારવાર ચાલુ રાખવા માન્ય તબીબી સલાહ આપે અને તે રીતે દર્દી કર્મચારી ફરજ બજાવવા શારીરિક રીતે સંપૂર્ણપણે ડોકટર દ્વારા ફીટ ઠરાવવામાં ન આવે ત્યાં સુધી અકસ્માત સબબની સ્પેશ્યલ રજા મંજૂર કરવાની રહેશે કે કેમ ?

ફરજ દરમિયાન અકસ્માતમાં ઇજા પામનાર કર્મચારીને તે સરકારી યા કોર્પોરેશન માન્ય હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે સારવાર લ્યે તેટલા દિવસ તેને રોજંદા રૂા. ૧૦૦=૦૦ લેખે ઉચ્ચક આર્થિક સહાય આપવાની રહેશે. આવી સહાય પેટે તાત્કાલિક રૂ. ૨૦૦૦/- એડવાન્સ પેટે ચૂકવવાના રહેશે કે કેમ ?

અકસ્માતને લીધે ઇજા પામનાર કર્મચારીને સારવાર દરમિયાન દવા, ઇન્જેકશન,ગ્લુકોઝ, બાટલા, ઓપરેશન, લેબોરેટરી ટેસ્ટ, હોસ્પિટલ ચાર્જ વગેરે જે કંઇ ખર્ચ થાય તે તમામ મજરે આપવાનો રહેશે. આવા દર્દીના કિસ્સામાં નિગમ દ્વારા સામાન્ય સંજોગોમાં અમાન્ય ઠેરવવામાં આવતી દવાઓને ખાસ કેસ તરીકે માન્ય ગણી તેના નાણાં પણ મજરે આપવા કે કેમ?

અકસ્માતને લીધે જે-તે કર્મચારી શારીરિક રીતે સંપૂર્ણપણે અશકત ઠરે તો ડોકટરના લેખિત ભલામણ પત્રના આધારે તેને નિગમની નોકરીમાંથી ટર્મિનેટ કરવો આ રીતે ટર્મિનેટ થતા કર્મચારીને તેના નોકરીના બાકી રહેતા વર્ષોને ધ્યાનમાં લઇ જો તે અકસ્માતની ઇજાને લીધે અશકત ન બન્યો હોત અને ૫૮ વર્ષની નિવૃત્તિ વય-મર્યાદા સુધી ફરજ બજાવી હોત તો તેને પગાર, ભથ્થાં, પ્રો. ફંડ અને ગ્રેચ્યુઇટી પેટે જે કંઇ રકમ મળી શકત તેનો હિસાબ કરી તે રીતે ચૂકવવા પાત્ર રકમના ૬૦ ટકા રકમ ટર્મિનેશન

INDEX

વળતર તરીકે ચૂકવવાની રહેશે.તથા તેના એક આશ્રિત સંતાનને લાયકાત મુજબ નોકરીમાં સમાવી લેવાનો રહેશે કે કેમ ?

અકસ્માતને લીધે થયેલી ઇજાને પરિણામે કોઇપણ કર્મચારીને આંશિક અશક્તતા આવે અને આવા સંજોગોમાં ડોકટર તેની મૂળકક્ષાને બદલે જે કોઇ કક્ષાની નોકરી માટે લાયકાત ઠેરવે તે કક્ષામાં તેને નોકરી આપવી. આવા કિસ્સામાં જો નીચલીકક્ષા માટે ભલામણ કરવામાં આવે તો પણ તેનો પગાર નિવૃત્તિ સુધી મૂળકક્ષાનો જ ચૂકવવાનો રહેશે કે કેમ ?

અકસ્માતને લીધે થયેલી ઇજાને પરિણામે ડોકટર દ્વારા જેટલા સમય ગાળા માટે તેની મૂળ કક્ષામાં Light DUTY (હળવી-નોકરી) માટે ભલામણ કરવામાં આવે તેટલા દિવસની ''લાઇટ ડયૂટી'' કાળવવાની રહેશે કે કેમ ?

અકસ્માતમાં મૃત્યુ પામનાર કર્મચારીના કાયદેસરના વારસદારને રૂ.૫૦,૦૦૦=૦૦ તત્કાલ સહાય પેટે ચૂકવવાના રહેશે કે કેમ ?

નિગમમાં ફરજ બજાવતા ડ્રાયવર, કન્ડકટર તથા મીકેનીક સાઇડના કામદારો તથા અન્ય જે કોઇ કર્મચારીઓને પોતાની ફરજ સતતપણે જોખમી પરિબળો અને પરિસ્થિતિ વચ્ચે બજાવવાની રહેતી હોય તેવા તમામ કર્મચારીઓ માટે ધી ન્યુ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ કું. જેવી વીમા કંપનીઓનો પાંચ લાખનો પર્સનલ એક્સીડન્ટ વીમો નિગમે ફરજીયાત ધોરણે લેવાનો રહેશે. આવા વીમાના વાર્ષિક પ્રિમિયમના ૫૦ ટકા રકમ જે-તે કર્મચારીના પગારમાંથી વસુલ કરવાની રહેશે તથા ૫૦ ટકા રકમ નિગમે ભરપાઇ કરવાની રહેશે કે કેમ ?

(૨) કાનૂની સહાય : (લીગલ એઇડ) :-

ફરજ દરમિયાન કોઇપણ કર્મચારી સામે એસ.ટી. અંગેના ગુન્હા સબબ ખાનગી યા સરકારી રાહે ફરિયાદ દાખલ કરવામાં આવી હોય અને આવો ગુન્હો જે-તે કર્મચારીની ફરજ બજાવવાને લીધે અથવા કર્મચારીના કાબુ બહારના સંજોગોને લીધે કે કર્મચારી ઉપર લાદવામાં આવેલ સંજોગોને લીધે બન્યો હોય તો તેવા કિસ્સાઓમાં જે-તે કર્મચારીને પોતાના કાનૂની બચાવ માટે નિગમે રૂ.૧૦૦૦=૦૦ ની આર્થિક કાનૂની સહાય આપવાની રહેશે. આ ઉપરાંત જે-તે નામદાર અદાલત દ્વારા આવા કાનૂની કેસનો નિકાલ ન કરવામાં આવે તેવા સંજોગોમાં કોર્ટ મુદતે કર્મચારીને કોર્ટમાં હાજર થવાનું ફરમાન કરવામાં આવે ત્યારે કોર્ટ મુદતની આવી હાજરીને ઓન ડ્યુટી ગણાવાની રહેશે તથા કોર્ટમાં જવા-આવવાના ખર્ચ પેટે નિયમાનુસાર દૈનિક ભથ્થું અને પ્રવાસ ભથ્થું (ટી.એ.ડી.એ.) ચૂકવવાનું રહેશે. 'ઓન ડયૂટી' અને પ્રવાસ ભથ્થાની આ સુવિધા કોર્ટ કેસનો ચુકાદો કર્મચારીની વિરૂધ્ધ આવે કે તરફેણમાં આવે તેને ધ્યાને લીધા સિવાય આપવાની રહેશે કે કેમ ?

INDEX

(૩) રાહતદરે માસ વર્ધાની બસ આપવા અંગે :-

નિગમમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેમની નોકરીના સમયગાળા દરમ્યાન તેના પોતાના, સાવકા યા દત્તક સંતાનો પૈકી કોઇપણ બે સંતાનોના લગ્ન પ્રસંગો કર્મચારી દ્વારા લેખિત માંગણી સમય-મર્યાદામાં કરી એસ.ટી. ની સાદી બસ માસવર્ધીથી ભાડે રાખવા રજૂઆત કરવામાં આવે તો આવા કિસ્સામાં જે-તે વખતે એસ.ટી. નિગમની માસ વર્ધાની બસના પ્રવર્તમાન ભાડાના દરમાં ૫૦ ટકા રાહત આપી ગુજરાતમાં કે ગુજરાત બહારના કોઇપણ સ્થળ માટે માસ વર્ધાની બસ ભાડે આપવાની રહેશે કે કેમ ?

(૪) વિના મૂલ્યે ગણવેશ :-

નિગમમાં ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી વિના મૂલ્યે ગણવેશ મેળવવાને પાત્ર કર્મચારીઓને હાલની પ્રથા મુજબ ગણવેશનું કાપડ આપવું તથા ગણવેશ સિલાઇ પેટે રૂ.૧૦૦=૦૦ અને એપ્રોન સિલાઇ પેટે રૂ. ૩૦=૦૦ લેખે ઉચ્ચક રકમ ચૂકવવી કે કેમ ?

(૫) સાંસ્કૃતિક અને કલ્યાણ પ્રવૃત્તિઓ :-

નિગમમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા કર્મચારીઓ માટે કરવામાં આવતી રમત ગમત, સાંસ્કૃતિક અને કલ્યાણ પ્રવૃત્તિઓના આયોજન અને સંચાલન માટે હાલમાં કાર્યરત સેન્ટ્રલ વેલ્ફર બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં રાજ્ય કક્ષાના રજીસ્ટર્ડ યુનિયનોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવાનો રહેશે. રમત-ગમત તેમજ સાંસ્કૃતિક અને કલ્યાણ પ્રવૃત્તિઓના આયોજન, સંચાલન અને વિકાસ માટે મધ્યસ્થ કચેરી માટે વાર્ષિક રૂ. ૫૦૦૦/- અને વિભાગીય કક્ષા માટે વાર્ષિક રૂ. ૨૦૦૦/- લેખે વેલ્ફર ફંડમાંથી રકમ ફાળવવાની હાલની જોગવાઇ ચાલુ રાખવી તથા સમયાંતરે જરૂરીયાત મુજબ આવી રકમમાં વૃદ્ધિ કરવાની રહેશે કે કેમ ?

(૬) ડોરમેટરી પ્રકારના આરામગૃહો :-

નિગમના પ્રત્યેક ડેપો પર ક્રમશઃ ડોરમેટરી પ્રકારના આરામ ગૃહો રાત્રિ મુકામની ઉમદા સુવિધાના હેતુથી ભોજન તેમ જ ચા-નાસ્તાની વ્યવસ્થા સાથેના ઉભા કરવા જેમાં ફરજ પરના એસ.ટી. કર્મચારીઓને જ ટોકન ચાર્જ લઇ સગવડતા આપવાની રહેશે કે કેમ ?

(૭) શારીરિક તપાસણી :-

નિગમમાં કોઇપણ કર્મચારીને પ્રથમ નિમણૂંક આપવામાં આવે ત્યારે નિગમના ખર્ચે શારીરિક ચકાસણી ફરજમાં હાજર થયા બાદ છ મહિનાની મુદતમાં કરવાની હાલની જોગવાઇ ચાલુ રાખવાની રહેશે કે કેમ ?

નોકરીમાં ચાલુ હોય તેવા કર્મચારી દ્વારા શારીરિક અશક્તિ યા ખોડ-ખાંપણના લીધે કક્ષા બદલી માટે અરજી કરવામાં આવે અને આવા સંજોગોમાં કર્મચારીને વહીવટ દ્વારા શારીરિક ચકાસણી માટે મોકલવામાં આવે તો તેને 'ઓનડયૂટી' ગણી આપવી. આ પ્રકારની શારીરિક ચકાસણીના અંતે અધિકૃત મેડીકલ ઓફીસર દ્વારા સંબંધિત કર્મચારીના કિસ્સામાં ટર્મિનેશન, લાઇટ ડયૂટી કે અન્ય કક્ષાની ભલામણ કરે અને તે ભલામણ અન્વયે જ્યાં સુધી વહીવટ દ્વારા અંતિમ નિર્ણય લઇ યોગ્ય તે હુકમો પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધીના સમગ્ર સમયગાળા દરમિયાન કર્મચારી પાસેથી મૂળ કક્ષાની કોઇ કામગીરી લેવી નહીં અને આવા દિવસોના સમયગાળાને 'ઓન ડયૂટી' ગણી હાજરી પૂરી પૂરેપુરૂ વેતન ચૂકવવું કે કેમ ?

(૮) રમતવીરોને નોકરી :-

નિગમની કોઇપણ કક્ષાની સીધી ભરતી હોય કે ખાતાકીય બઢતી દ્વારા નિમણૂંક કરવાની થાય ત્યારે રાજ્યકક્ષાએ રમતવીરોનું બિરૂદ પ્રાપ્ત કરનાર ખેલાડી ઉમેદવારને નોકરી માટેની લાયકાત અને ગુણવત્તાની ચકાસણી માટે મુકરર કરવામાં આવેલ ધોરણો યા ગુણાંક પધ્ધતિમાં ૧૦ ગુણાંક વધુ ઉમેરી નોકરી યા ખાતાકીય બઢતીમાં અગ્રતાક્રમ આપવાનો રહેશે કે કેમ?

(૯) ફ્રી ડયુટી પાસ :-

નિગમના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ કે જેઓનું રહેઠાણ નોકરીના સ્થળેથી ૧૦૦ કિ.મી.ના અંતર સુધીમાં આવેલું હોય તો તેમને નોકરી પર જવા-આવવા માટે એસ.ટી.ની સાદી તેમજ એક્સપ્રેસ બસમાં મુસાફરી કરવા ફ્રી ડયૂટી પાસ આપવાનો રહેશે. આવો ફ્રી ડયૂટી પાસ કાઢી આપવાની જવાબદારી વહીવટના શિરે રહેશે કે કેમ?

(૧૦) મુસાફરી ભથ્થું :-

રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે વખતો-વખત ઠરાવે તે દરે ધારા-ધોરણ તેમજ શરતોને આધિન રહી એસ.ટી. કર્મચારીઓને પણ ફરજના કાર્યો માટે કરવી પડતી મુસાફરી માટે દૈનિક ભથ્થું અને પ્રવાસ ભથ્થું ચૂકવવાનું રહેશે કે કેમ?

(૧૧) પ્રવાસમાં ગેસ્ટ હાઉસની સુવિધા :-

ફેમિલી ફ્રી પાસ મેળવી ગુજરાતમાં પ્રવાસ કરનાર કર્મચારીઓ અને તેમના કુટુંબના સભ્યોને નિગમ સંચાલિત જે તે બસ સ્ટેશન યા ડેપોના ગેસ્ટ હાઉસમાં જગ્યાની ઉપલબ્ધતાને ધોરણે નિયમાનુસાર ટોકન ચાર્જ લઇ રહેવાની સુવિધા આપવાની રહેશે કે કેમ?

(૧૨) રકતદાન સ્પેશ્યલ રજા :-

રકતદાતા એસ.ટી. કર્મચારીને તેણે જે દિવસે રકતદાન કર્યું હોય તે દિવસની રકતદાન સબબ સ્પેશ્યલ રજા આપવાની રહેશે. આ અંગે રકતદાન સ્વીકારનાર માન્ય સંસ્થા યા હોસ્પિટલનું અધિકૃત પ્રમાણ-પત્ર સંબંધિત કર્મચારીએ રજા-રિપોર્ટ સાથે સામેલ કરવાનું રહેશે કે કેમ?

(૧૩) પ્રસુતિ સબબ સ્પેશ્યલ રજા :-

સ્ત્રી કર્મચારીના કિસ્સામાં રાજ્ય સરકારના ધારા-ધોરણ અને શરતોને આધિન રહી સળંગ ૯૦ દિવસની પ્રસુતિ સબબની સ્પેશ્યલ-રજા મંજુર કરવાની રહેશે. પુરૂષ કર્મચારીના કિસ્સામાં પુરૂષ કર્મચારીને ત્યાં પુત્ર યા પુત્રીનો જન્મ થાય તે તારીખથી ૧૫ દિવસ સુધી પોતાની પ્રસુતા પત્નીની સારવાર અર્થે દેખભાળ માટે પુરૂષ કર્મચારીને ખાસ રજા આપવાની રહેશે. આ સુવિધાનો લાભ વધુમાં વધુ બે સંતાનોના જન્મ સુધી જ મર્યાદિત ધોરણે આપવાનો રહેશે કે કેમ?

(૧૪) હકકરજાનું રોકડ વળતર :-

હકક રજા મેળવવાને પાત્ર કર્મચારીઓ વધુમાં વધુ ૩૦૦ રજાઓ એકત્રિત કરી શકશે. ૩૦૦ કરતા વધારાની રજાઓનું દર વર્ષે રોકડ વળતર નિયમાનુસાર ચૂકવી આપવાનું રહેશે કે કેમ?

ખરેખર રજા ઉપર ઉતાર્યા સિવાય કોઇ કર્મચારી પોતાના ખાતામાં જમા રહેલ હકક રજાનું રોકડ વળતર મેળવવા માંગણી કરે તો દર બે વર્ષે એક વખત વધુમાં વધુ ૩૦ દિવસની રજાનું રોકડ વળતર ચૂકવવાનું રહેશે. આ રીતે રોકડ વળતર મેળવનાર કર્મચારીના કિસ્સામાં તેના ખાતે અન્ય જમા રજા ભોગવી લેવાની અથવા તે રદબાતલ ઠેરવવાની જે જોગવાઇ છે તે રદ કરવાની રહેશે કે કેમ?

રોજંદા ધોરણે ફરજ બજાવતાં કર્મચારીઓ પૈકી જે કોઇ કર્મચારીને એસ.ટી.ની નોકરીમાંથી છુટા કરવામાં આવે અથવા તે રાજીનામુ આપે તો તેના ખાતે જમા રહેલી હકક રજાનું રોકડ વળતર તેને ચૂકવી આપવાનું રહેશે. આ ઉપરાંત બરતરફી, મોન્સુન, છટણી, નિવૃતિ, નોકરી દરમિયાન અવસાન, ટર્મિનેશન જેવા કિસ્સાઓમાં પણ જે તે સંબંધિત કર્મચારીના ખાતામાં જમા રહેલી હકક રજાનું રોકડ વળતર ચૂકવવાનું રહેશે કે કેમ?

રોજંદા વેતન દરે ફરજ બજાવતા ડ્રાયવર-કન્ડકટર, ટ્રાફીક કન્ટ્રોલર, પટાવાળા, વોચમેન વગેરે પૈકી જે કોઇ ૯૦ દિવસની સળંગ નોકરી પૂર્ણ કરે તો તેમને ૯૧માં દિવસથી ૧૮૦ દિવસ સુધીની નોકરી દરમિયાન દર ૨૦

INDEX

દિવસની સતત નોકરી દીઠ એક દિવસ લેખે પગારી રજા આપવાની રહેશે. આ સિવાયના કર્મચારીઓ માટે હકક-રજા આપવાની હાલમાં જે જોગવાઇઓ છે તે યથાવત ચાલુ રાખવાની રહેશે કે કેમ?

માંદગી સબબ કોમ્યુટેડ રજા મેળવવા પાત્ર કર્મચારીઓ તેમની પોતાની માંદગી ઉપરાંત તેના પર આધારિત કુટુંબના કોઇપણ સભ્યની માંદગી સબબ પણ આવી રજાઓ આપવાની રહેશે. ફકત નિવૃત્ત થનાર કર્મચારીને જ તેની દીર્ઘાયુષી તંદુરસ્ત ફરજ બજાવ્યાના પુરસ્કાર રૂપે નિવૃતિ સમયે તેના ખાતામાં માંદગી સબબની જેટલી રજાઓ જમા હોય તેના ૫૦ ટકા રજાઓનું રોકડ વળતર ચૂકવવાનું રહેશે કે કેમ?

(૧૫) લકવાની બિમારીમાં રાહત :-

ફરજ બજાવવા અશકત હોય તેવા લકવાના દર્દી કર્મચારીને તેઓ જયાં ફરજ બજાવતા હોય તે વિસ્તારના સિવિલ સર્જનશ્રી યા કોર્પોરેશન માન્ય દવાખાનાના લકવાના દર્દીની સારવાર કરનાર સ્પેશ્યાલીસ્ટ ડોકટરના પ્રમાણપત્રના આધારે એક વર્ષ સુધી સ્પેશ્યલ રજા, સારવાર, ખર્ચ, પૌષ્ટિક ખોરાક સહાય વગેરે ટી.બી. અને કેન્સરના દર્દી કર્મચારીના ધોરણે આપવાના રહેશે કે કેમ?

(૧૬) હૃદયરોગ, એઇડઝ અને કીડની ફેઇલ્યોરમાં રાહત :-

માંદગી સબબની રજાઓ મેળવવાને પાત્ર ન હોય તેવા કર્મચારીઓ હૃદયરોગ, એઇડઝ કે કીડની ફેઇલ્યોર જેવા જીવલેણ અને ગંભીર બીમારીમાં સપડાય ત્યારે તેને ડોકટરી સારવારનો તમામ ખર્ચ, સારવાર અને આરામના સમગ્ર સમયગાળાની સ્પેશ્યલ-લીવ આપવાની રહેશે. આવા દર્દી કર્મચારી સાજા થઇ જાય ત્યારે અધિકૃત મેડિકલ ઓફીસર તેને હળવી નોકરી, કક્ષા, બદલી યા ટર્મિનેશનની ભલામણ કરે તો વહીવટે તે માન્ય રાખવાની રહેશે. આવા કર્મચારી સ્વૈચ્છિક નિવૃતિ માટે માંગણી કરે તો તેને રાજીનામુ ગણી લઇ નોટીસ-પગારની જોગવાઇમાંથી મુકિત આપી નિવૃત્ત કરવાના રહેશે અને કુટુંબના ભરણ-પોષણ માટે કોઇપણ એક સંતાનને આશ્રિત તરીકે લાયકાત મુજબ નોકરીમાં સમાવી લેવાના રહેશે કે કેમ?

(૧૭) કર્મચારી ઉપકારક યોજના :-

નિગમ દ્વારા સંચાલિત સદરહુ કર્મચારી ઉપકારક યોજના ટાઇમ સ્કેલ પર ફરજ બજાવતાં તમામ કર્મચારીઓને ફરજીયાત ધોરણે લાગુ કરવી. અ સમાધાન કરાર અમલમાં આવે તે તારીખથી ઉપકારક યોજનાની કપાતમાં દ વર્ષે ક્રમશઃ વધારો કરતા જવો તથા તેના અનુસંધાને આ યોજના હેઠળના વિવિધ લાભ અને આર્થિક સહાયનો વ્યાપ વધારતા જવો. આ યોજનાને વિકાસ અને સક્રિય સંચાલન અર્થે વિભાગીય કક્ષાની સમિતિમાં તેમજ મધ્યસ્થ સમિતિમાં યુનિયન હોદ્દારોનો સમાવેશ કરવો કે કેમ?

(૧૮) કામદાર-શિક્ષણ યોજના :-

હાલમાં આ યોજના મૃત:પ્રાય અવસ્થામાં છે. તેનું સ્વરૂપ અને માળખુ નવેસરથી ઘડવું તથા નિગમમાં જુદી-જુદી કક્ષામાં ફરજ બજાવતા કર્મચારીઓમાં ફરજ પ્રત્યે નિષ્ઠા અને પ્રામાણિકતા વધે, નવા અભિગમોનો પરિચય થાય તથા સતતપણે તાલીમ મળતી રહે તે પ્રકારના સ્થાયી તાલીમ કેન્દ્રના સ્વરૂપે પ્રસ્તુત કામદાર શિક્ષણ યોજનાને આધુનિક સંદર્ભ અને જરૂરિયાતના પરિપેક્ષ્યમાં જીવંત અને કાર્યરત બનાવવાની રહેશે કે કેમ ?

(૧૯) કેન્ટિન અને ડીપાર્ટમેન્ટ સ્ટોર્સ અંગે :-

નિગમના જે-તે વિભાગ, કેન્દ્ર કે એકમમાં કામદારો સહકારી ધારાધોરણ મુજબ મંડળી રચી નહીં નફો નહીં નુકશાનના ધોરણે કેન્ટીન તેમજ પ્રોવીઝન સ્ટોરની રચના કરી તેનું સંચાલન કરવા ઇચ્છે તે આવા કિસ્સામાં સંબંધિત કર્મચારીઓના જૂથને નિગમ તરફથી પ્રાથમિક સુવિધાઓ અને પ્રારંભિક જરૂરિયાત માટે આર્થિક સહાય આપવાની રહેશે. તથા જરૂર પડયે કાનૂની માર્ગદર્શન અને વહીવટી સહાય પણ પૂરી પાડવાની રહેશે કે કેમ ?

(૨૦) કુદરતી આફતમાં રાહત :-

પૂર વાવાઝોડું, ધરતીકંપ જેવી કુદરતી હોનારતમાં નિગમના કોઇ કર્મચારીને જાન-માલની નુકશાનીનો ભોગ બનવું પડે ત્યારે તેવા સંજોગોમાં જે-તે વખતે રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે રાહત-યોજના જાહેર કરે તે અનુસાર નિગમના આવા અસરગ્રસ્ત કામદારોને પણ આર્થિક સહાય અને અન્ય રાહતો આપવાની રહેશે કે કેમ ?

(૨૧) સૂચન-યોજના :-

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇ.ડી.એ./સુ./આઇ.ડી.આર.એ.જે./૩૭/૨૦૦૩.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. કોર્પોરેશન, સુરત વિભાગ, નવાગામ, સુરત અને તેના કામદારો વચ્ચેની છે.

અને, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮-૧૧૮૬૨ (બી) (૨) જ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા કલમ- (૧૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-(૧) ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક હેઠળ રચાયેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ.ટી. કોર્પોરેશન, સુરત વિભાગ, સુરતમાં કામ કરતાં શ્રી જી.પી.આહિર, ડ્રાયવર બેજ નં.૬૬૪૮ને અત્રેના વિભાગીય પરિ.અધિકારીશ્રી, સુરતનાએ તારીખ ૨૭ નવેમ્બર, ૧૯૯૪ના રોજના ગુન્હા શિક્ષાત્મક હુકમ નં.૩૬૬/૯૪થી કામદાર મજકુરને વા.પ.વ. ૪(ચાર) વર્ષ માટે કાયમી અસર સાથે બંધ કરવાની કરેલ સજા રદ કરવી કે કેમ ? તથા તેઓને થયેલ આર્થિક નુકશાન ભરપાઇ કરી આપવું કે કેમ ?

સુરત, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ મજુર કમિશનર,
સુરત.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.૭./આઇ.ડી.એ./ સુ./આઇ.ડી.આર
એ.જે./૩૪/૨૦૦૩.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે
સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિ
તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. કોર્પોરેશન, સુરત વિભાગ, ન
ગામ, સુરત અને તેના કામદારો વચ્ચેની છે.

અને, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ
૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારી
૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ
૧૦૭૮-૧૧૮૬૨ (બી) (૨) ઝ થી ઉકત કાયદાની કલમ-૧૦ની પે
કલમ- (૧૧) અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળ
સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩
આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કા
રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુ
કમિશનરશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિય
૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-(૧)
મળેલી સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, સુરત આથી શ્રમ
રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક હેઠળ રચાયેલી ઔદ્યોગિક ન્યાયપં
સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ.ટી. કોર્પોરેશન, સુરત વિભાગ, સુરતના સુરતસી
ડેપો ખાતે કામ કરતા કામદારશ્રી, બી. ટી. શાહ, કંડકટર બેજ
૧૧૩૮ને પ્રથમ દર અધિકારીશ્રીએ તારીખ ૧૨મી જુન, ૨૦૦૧ના રોજ
વહીવટી હુકમ નં. વિ/સુરત/વહી/પ.અ./૧૧૭૦૩/૨૦૦૧થી ''કામદ
મજકુરના વા.પ. વધારો ૨(બે) વર્ષ માટે કાયમી અસર સાથે
કરવાની કરેલ સજા રદ્દ કરવી કે કેમ ? તેમાં સબબ, સજાને કા
થયેલ આર્થિક નુકશાન/ ભરપાઇ કરી આપવું કે કેમ ?

સુરત, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ મજુર કમિશન
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

(સુધારો)

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મમદ-વડો ૧૩૯૩.-મદદનીશ મજુર કમિશનર, વડોદરાની કચેરીના તા. ૯/૯/૯૬ના હુકમ નં. કેએસ/એસએસએમરાી/વ/ એજે/ ૯૪૩૬નો પહેલો પેરેગ્રાફ નીચે મુજબ છે.

''મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર શૈલી પ્લાસ્ટીક લીમીટેડ, રાણીયા, તા. સાવલી, જી. વડોદરા અને તેના કામદાર વચ્ચેની છે.''

ઉપરોક્ત હુકમને નીચે મુજબ સુધારીને વંચાણે લેવા લખી મોકલું છું.

''મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી, ઔદ્યોગિક તકરાર શૈલી પ્લાસ્ટીક ફીનીશીંગ લીમીટેડ પો. રાણીયા, તા. સાવલી, જી. વડોદરા અને તેના કામદારશ્રી ભુપેન્દ્ર ઠાકોરભાઈ પટેલ વચ્ચેની છે.''

વડોદરા, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૩.

કે. એસ. ગોહિલ,
મદદનીશ મજુર કમિશનર,
વડોદરા.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચઓમસી/૨૧૫૭/૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર રાજમયુર પ્રા. લી., વડોદરા અને તેના કામદારશ્રી ભરતકુમાર પ્રેમસંગ રાજપુત વચ્ચેની છે.

અને, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬માં માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ /૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ-'સી' વાંચતાં સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સતાની રૂએ હું, મદદનીશ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભરતકુમાર પ્રેમસંગ રાજપુતને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૫માં ફેબ્રુઆરી, ૨૦૦૩.

સહી: એમ. એ. મુન્શી,
મદદનીશ મજુર કમિશનર,
વડોદરા.

INDEX

મહેનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/વ/એજે/૧૬૩૨/૨૦૦૩.- મહેનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) પ્રભા એન્ટરપ્રાઇઝ, C/o.ગુજરાત ફલેવર્સ પ્રા.લી. o.લીલોરા, તા: વાઘોડીયા, (૨) ગુજરાત ફલેવર્સ પ્રા.લી. C/o. લીલોરા, તા.વાઘોડીયા વાઘોડીયા, અને તેના કામદારોશ્રી રાજુભાઇ ઉર્ફે તુલસીદાસ પટેલ તથા અન્ય-૨૭(સત્તાવીસ) વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મહેનીશ મજુર કમિશનરોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, મહેનીશ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ નંબર-૨ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ કામદારો રાજુભાઇ ઉર્ફે તુલસીદાસ રાવજીભાઇ તથા અન્ય-૨૭(સત્તાવીસ) ને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

આઇ.ડી. ૧૦ (૧) રેફરન્સ કેસ નંબર ૧૧૭૨ થી ૧૧૯૫/૦૨, તથા ૧૦૭૫ થી ૧૦૭૮/૦૨ તથા ૧૧૪૫ થી ૪૭/૦૨.

(૧) કોન્ટ્રાકટર પ્રભા એન્ટરપ્રાઇઝ C/o. ગુજરાત ફલેવર્સ પ્રા.લી., P.o. લીલોરા, તા. વાઘોડીયા.

વિરૂધ્ધ

રાજુભાઇ ઉર્ફે તુલસીદાસ રાવજીભાઇ પટેલ તથા અન્ય-૨૭ (સત્તાવીસ).

INDEX

પરિશિષ્ટ
કામદારોના નામની યાદી

(૧) રાજુભાઈ ઉર્ફે તુલસીદાસ રાવજીભાઈ
(૨) નરેશભાઈ મણીલાલ પટેલ
(૩) સંજયભાઈ ભયજીભાઈ વસાવા
(૪) ચીમનભાઈ કેશવભાઈ પરમાર
(૫) મહેશભાઈ નારણભાઈ વસાવા
(૬) ધર્મેન્દ્રકુમાર નાનાભાઈ ભાલીયા
(૭) હિરાભાઈ ભાનાભાઈ ચાવડા
(૮) અશોક મોહનભાઈ નાયક
(૯) કાંતીભાઈ ભાઈલાલભાઈ વસાવા
(૧૦) મહેન્દ્ર વિઠ્ઠલભાઈ રાઠોડ
(૧૧) જયંતિભાઈ કાભયભાઈ રાઠોડ
(૧૨) ચંપકભાઈ લલ્લુભાઈ પટેલ
(૧૩) ગોવિંદભાઈ શીવાભાઈ ચાવડા
(૧૪) રાજુભાઈ રમણભાઈ ભાલીયા
(૧૫) હસમુખભાઈ રામજીભાઈ પરમાર
(૧૬) મહેશભાઈ નટુભાઈ વસાવા
(૧૭) સોમસિંહ જીવનસિંહ ચૌહાણ
(૧૮) પ્રવિણસિંહ ભીમસિંહ પરમાર
(૧૯) ભગીરથભાઈ છગનભાઈ ભાલીયા
(૨૦) મહેશભાઈ શંકરભાઈ ભાલીયા
(૨૧) સોમાભાઈ લાલાભાઈ વસાવા
(૨૨) દલપતભાઈ છોટાભાઈ સોલંકી
(૨૩) પર્વતસિંહ મોતીભાઈ પરમાર
(૨૪) અમરસિંહ કાળુસિંહ રાઠોડ
(૨૫) પ્રવિણભાઈ બાપુભાઈ પરમાર
(૨૬) રાજેન્દ્ર સોમસિંહ ચૌહાણ
(૨૭) નટુભાઈ ભુપતભાઈ વસાવા
(૨૮) જગદીશ વિઠ્ઠલભાઈ પટેલ

ઉપરોકત કામદારોને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૩૭ ફેબ્રુઆરી ૨૦૦૩.

છેડ: એમ. એ. મુન્શી,
મદદનીશ મજુર કમિશ્નર
વડોદરા.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/વ/એજે/૧૬૨૭/૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિઠ્ઠલનગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરા અને તેના કામદારશ્રી દિલીપભાઇ ધનજીભાઇ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ નંબર-૧ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી દિલીપભાઇ ધનજીભાઇ રોહિતને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૩૭ ફેબ્રુઆરી ૨૦૦૩.

કે. એસ. ગીલ,
મદદનીશ મજુર કમિશનર,
વડોદરા.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/વ/એજે/૧૬૨૨/૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતને સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પ્રિમીયર પ્રિન્ટીંગ પ્રેસ, નાગરવાડા, વડોદરા અને તેના કામદારશ્રી ચંદ્રકાંત બેંદાનકર વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સતાની રૂએ હું, મદદનીશ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ નંબર-૨ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

ચંદ્રકાંત માધવરાવ બેંદાનકરને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૩૭ ફેબ્રુઆરી ૨૦૦૩.

કે. એસ. ગીલ,
મદદનીશ મજુર કમિશનર
વડોદરા.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/વ/એજે/૧૬૧૭/૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જેટ ટેક પ્રા. લી. રમણગામડી, જિ. વડોદરા અને તેના કામદારશ્રી અનીલ અંબાલાલ વણકર વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ નંબર-૨ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી અનીલ અંબાલાલ વણકરને તેમના પહેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૩૭ ફેબ્રુઆરી ૨૦૦૩.

કે. એસ. ગીલ,
મદદનીશ મજુર કમિશનર,
વડોદરા.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/વ/એજે/૨૧૬૮/૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતને સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસોસીએટેડ પાવર સ્ટ્રુ. પ્રા. લી. વડોદરા અને તેના કામદારશ્રી સુતીલાલ કાગુ માછી વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯માં માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર-૪ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સુતીલાલ કાગુ માછીને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

એડ. એમ. એ. મુન્શી,
મદદનીશ મજુર કમિશનર
વડોદરા.

INDEX

મદદનીશ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/વ/એજે/૨૧૬૨/૨૦૦૩.- મદદનીશ મજુર કમિશ્નરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) કોન્ટ્રાકટર એન.એન.પટેલ કન્સ્ટ્રકશન, વડોદરા (૨) એફ.એ.જી.બેરીંગ ઇન્ડિયા લી, માણેજા, વડોદરા અને તેના કામદારો શ્રી રમેશભાઇ ડાહયાભાઇ રાઠોડીયા તથા અન્ય-૧ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/ ૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશ્નરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ મજુર કમિશ્નર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર-૨ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી (૧) રમેશભાઇ ડાહયાભાઇ રાઠોડીયા (૨) મેલાભાઇ રાવજીભાઇને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

એડ. એમ. સી. મુન્શી,
મદદનીશ મજુર કમિશ્નર,
વડોદરા.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચ/એમસી/વ/એજે/૨૧૭૩.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સોમર કેમીકલ્સ પ્રા.લી.મુજપુર તા.પાદરા અને તેના કામદારશ્રી પ્રવિણભાઇ ચંદુભાઇ પરમાર વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/જ, થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નં.૧ વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી પ્રવિણભાઇ ચંદુભાઇ પરમારના સંસ્થાની નોકરીમાં તારીખ ૨૩મી જુન, ૨૦૦૨ થી તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨ સુધીના પડેલા દિવસોનો પગાર સંસ્થાએ કામદારને ચુકવી આપવો જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

ઝેડ. એમ. એ. મુન્શી,
મદદનીશ મજુર કમિશનર,
વડોદરા.

INDEX

મદદનીશ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭:

ક્રમાંક કે.એચ./એસએચએમસી/વ/એજે/૨૧૭૮/૨૦૦૩:- મદદનીશ મજુર કમિશ્નરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) કોન્ટ્રાકટર એન.એન.પટેલ કન્સ્ટ્રકશન, વડોદરા (૨) એફ.એ.જી.બેરીંગ ઇન્ડિયા લી, માણેજા, વડોદરા અને તેના કામદારશ્રી પ્રતાપ વાલસીન ભાંભોર વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશ્નરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ મજુર કમિશ્નર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર-૨ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી પ્રતાપ વાલસીન ભાંભોરને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

સહી/- એમ. એ. મુન્શી,
મદદનીશ મજુર કમિશ્નર
વડોદરા.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/વ/એજે/૨૧૮૯/૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતને સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) ગુ. રા. માર્ગ વાહન વ્યવહાર નિગમ, વડોદરા વિભાગ અને તેના કામદારશ્રી આર.વી. ગરોડ, વડોદરા વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર-૧ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી આર. વી. ગરોડને તેમના પહેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

કે. એસ. ગીલ,
મદદનીશ મજુર કમિશનર,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIV] THURSDAY, APRIL 24, 2003 / VAISAKHA 4, 1925 [No. 17

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૯૦૮-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઇલ્સ મિલ્સ, રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવડાની સને ૨૦૦૩ ના ફેબ્રુઆરી માસના ૧ દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત નં.૨, રાજકોટ સમક્ષ.

રેફરન્સ આઇ.સી.આર.નં.૩/૯૨.

મિલ્સ કામદાર મંડળ, રાજકોટ ... ... **પ્રથમ પક્ષકાર;**

અને

રાજકોટ ટેક્ષટાઇલ મિલ્સ, રાજકોટ વચ્ચે. ... ... **બીજા પક્ષકાર.**

પ્રથમ પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધિ શ્રી દિલીપભાઇ ઠાકર,
બીજા પક્ષકાર તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

બાબત :– રાજકોટ ટેક્ષટાઇલ મીલનાં આધુનિકરણ તથા સંચાલન ક્ષમતા માટે જરૂરી તપાસ કરી સૂચનો માટે અટીરા મિલ મેનેજમેન્ટ અને કામદારોનાં પ્રતિનિધિઓની એક ત્રિપક્ષી સમિતિની નિમણુંક તથા આધુનિકરણ માટે ભંડોળ મેળવવા અંગે.

ચુકાદો

૧. આ વિવાદ મીલ કામદાર મંડળ, રાજકોટ અને રાજકોટ ટેક્ષટાઇલ મીલ, રાજકોટ વચ્ચેનો છે. આ કામનાં અરજદાર યુનીયને સામાવાળા સંસ્થામાં બી. આઇ.આર. એકટની કલમ-૪૨(૦૨) અને નિયમ-૫૨ હેઠળ ફોર્મ-એલથી તારીખ ૨૮-૪-૯૨ના રોજ સામાવાળા મિલમાં આધુનિકરણ કરવા અને સંચાલન ક્ષમતા વધારવા યોગ્ય પગલાં લેવા તથા તે માટે અટીરા મેનેજમેન્ટ અને કામદારોની બનેલાં નિપર્ણાત કમિટિની રચના કરવા અને મજકુર કમિટિ જે ભલામણો કરે તેનો તાત્કાલિક અમલ કરે તથા મીલના પ્લાન્ટ, મશીનરીઓ માટેના આધુનિકરણ માટે તાત્કાલિક ભંડોળ એકત્રિત કરવા તથા જરૂરીયાત મુજબ કાયમી જગ્યાઓ, કાયમી ખાતાઓ, અને કાયમી પાળીમાં વધારો કરવા તથા સદર કામનો નિકાલ ન આવે ત્યાં સુધી કાયમી જગ્યાઓમાં ઘટાડો કરે, કરાવે નહીં તેવી દાદ સામાવાળા સામે માગતી અરજી કરેલ છે.

૨. આ કામમાં પ્રથમ પક્ષકારે આંક-૩થી પોતાની માંગણીનું નિવેદન રજુ કરી જણાવેલ છે કે, તે રાજકોટ વિસ્તારની કાપડ સુતર ઉદ્યોગનાં કામદારોનું પ્રતિનિધિત્વ કરતું માન્ય મંડળ છે. અને બીજા પક્ષકાર કાપડ સુતર ઉત્પાદન કરતી કાપડ મીલ છે. અને આશરે ૮૦૦ કામદારોને કામે રોકે છે. હાલમાં આધુનિકરણનો પવન વાયો છે તેના કારણે અનેક નવા આધુનિક મશીનો આવતા જાય છે અને એક મશીન વધુ માણસોનું કામ કરતું થયું છે તેના કારણે બેકારીમાં કામદારોને હોમાવું પડે છે.

સદર મીલનું સંચાલન સૌ પ્રથમ ખાનગી ધોરણે ચાલતું હતું, ત્યાર બાદ તેનો વહીવટ રાજય સરકારે સંભાળેલ અને હાલ એન.ટી.સી. હસ્તક મીલનું સંચાલન થાય છે. કામદારોની રોજીરોટી ચાલુ રહે અને લોકોને વાજબી ભાવે કાપડ મળતું રહે તે હેતુસર એન.ટી.સી. મીલનું આધુનિકરણ કરતી નથી, જુની મશીનરી દ્વારા જ કામ ચલાવાય છે. રીપેરીંગ માટે જરૂરી સ્પેરપાર્ટસ પણ મીલ તરફથી આપવામાં આવતાં નથી તેથી મશીનરીને ઘસારો પહોંચેલ છે. આથી મીલ વધુ માંદી બને તેવી સંભાવના છે. અને કામદારોને બેકારીનાં ખપ્પરમાં હોમાવું પડે તેમ છે. રાજકોટ ખાતે આ એકજ યુનીટ છે. રાજકોટનું હવામાન કાપડ સુતર ઉધોગ માટે ખુબજ અનુકૂળતાવાળું છે. વળી ઉચ્ચ ગુણવતાવાળું રૂ પાકે છે. મીલ પાસે પુરતા પ્રમાણમાં જમીન અને મશીનરીઓ છે. સાથોસાથ કસાયેલા અને અનુભવી કામદારો છે. આ બધા સંજોગોમાં આ મીલનુંજ આધુનિકરણ કરવામાં આવે તો આ મીલ વર્ષો સુધી અને કાયમ ટકી શકે તેમ છે. મીલે ભૂતકાળમાં સારો એવો નફો કરેલ છે. મીલમાં અગાઉ અંદાજે ૧૨૦૦ થી વધુ કામદારો કામ કરતા હતા, પરંતુ ત્યાર બાદ મીલે આધુનિકરણ કરવાના કોઇ પ્રયાસ ન કરતા એટલુ જ નહિં મીલનાં ખાતાઓ અને પાળી ક્રમશ: બંધ કરાતા હાલ આશરે ૭૦૦ જેટલાં કામદારો કામ કરી રહ્યા છે અને હાલના તબક્કે પણ જો મીલ પોતાના પ્લાન્ટ અને મશીનરીઓનું આધુનિકરણ ન કરે તો આ ૭૦૦ કામદારોની પણ રોજીરોટી છીનવાઇ જવાનો પૂરો ભય રહે છે અને તેથી કામદારોને બેકાર બનતા અટકાવવા માટે આ આધુનિકરણ કરે તે જરૂરી અને અનિવાર્ય છે. આ સંજોગોમાં બીજા પક્ષકાર મીલના પ્લાન્ટ અને મશીનરીઓનું વિનાવિલંબે આધુનિકરણ કરે અને તે માટે અટીરા મેનેજમેન્ટ અને કામદારોની બનેલી નિષ્ણાત કમિટીની રીતે કરે અને સદરહુ કમિટી જે ભલામણો કરે તેનો તાત્કાલિક અમલ કરે તેવો આદેશ કરવા તેમજ મીલમાં પ્લાન્ટ અને મશીનરીઓ માટેનાં આધુનિકરણ માટેનાં થવા પાત્ર ખર્ચ માટે તાત્કાલિક ભંડોળ એકત્રિત કરવાનું કાર્ય શરૂ કરે તેમ બીજા પક્ષકારને આદેશ આપવા વિનંતી કરેલ છે, તેમજ મીલ પોતાના પ્લાન્ટ અને મશીનરીઓનું આધુનિકરણ કરી જરૂરીયાત પ્રમાણે કાયમી જગ્યાઓ, કાયમી ખાતાઓ અને કાયમી પાળીમાં વધારો કરવા અને આ કામનાં આખરી નિકાલ સુધી બીજા પક્ષકાર તેનાં કાયમી સેટઅપ મુજબની કાયમી જગ્યાઓ, કાયમી ખાતાઓ અને કાયમી પાળીઓમાં કોઇપણ પ્રકારે ઘટાડો ન કરે તેવો આદેશ આપવા માટે માંગણી કરેલ છે.

૩. ત્યાર બાદ મીલ કામદાર મંડળે આંક-૪ થી વચગાળાનો મનાઇહુકમ મેળવવા માટે માગણી કરેલ હતી જે નીચે નોટીસ કાઢવાનો હુકમ મારા પુરોગામી ન્યાયપંચે કરેલ હતો.

INDEX

૪. બીજા પક્ષકારે આંક-૧૮ થી પોતાનો જવાબ રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકતો એવી છે. કે કામદારોએ ઉભો કરેલ વિવાદ બી.આઇ.આર. એક્ટ-૧૯૪૬ ની જોગવાઇઓનાં આધારે કરેલ નથી તેથી આ વિવાદ ટકી શકે તેમ નથી. માંગેલી દાદ મુજબની કમિટિ બનાવવાનો અધિકાર રાજય સરકારને બી.આઇ.આર. એક્ટની કલમ-૧૦૦(૧) નીચે મળેલ છે. જેથી તેવી કમિટિ બનાવવાનો હુકમ ફકત રાજય સરકાર જ કરી શકે. કંપનીને પોતાની કંપની કેવી રીતે ચલાવવી તે અંગેનો મૂળભુત અધિકાર છે. કામદારોના કહેવા મુજબ કંપની ચાલી શકે નહીં. મીલનાં આધુનિકરણ પછી પણ મીલે હજારો કામદારોને નોકરીએ રાખેલ છે. અને છૂટા કરેલ નથી તેની મંડળ કોઇ નોંધ લેતું નથી. વળી, કંપની દર મહિને રૂા. ૧૮,૦૦,૦૦૦ નું નુકશાન હાલમાં કરે છે. આ બધા સંજોગો લક્ષમાં લઇ મીલ કામદાર મંડળની આ અરજી રદ કરવા તેમજ ખર્ચ આપવા માંગણી કરેલ છે.

૫. રાજકોટ ટેક્ષટાઇલ મીલ્સ તરફથી આંક-૪૧નાં લીસ્ટથી બી.આઇ.આર.માં કેસ નં. ૫૩૫/૯૨માં રાજકોટ ટેક્ષટાઇલ મીલના અનવાએબલ જાહેર કરી તેમજ ડી.આર.એસ. માન્ય કરેલ તેની નકલ, બી.આઇ.એફ.આર.માં સુનાવણી દરમિયાન મીલ કામદાર મંડળે તા. ૯-૧૨-૨૦૦૨ના પત્ર દ્વારા પોતાની સહમતી આપેલ તે નકલ, શ્રમ મંત્રાલય દ્વારા મીલને કલોઝર કરવાની પરવાનગી આપી તે પત્ર તા. ૩-૫-૦૨, વી. આર. એસ. માં છૂટા થયેલ વિવાદિત બદલી કામદારોને ચુકવેલા રકમની પહોંચ વગેરે દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. આંક-૪૨ થી પોતાના જવાબમાં કંપનીએ વધારાનો જવાબ રજુ કરેલ છે. કામદારો તરફે આંક-૪૬નાં લીસ્ટથી બદલી વાઉચર્સ ઉપર કામ કરતા કામદારોની લેણી થતી રકમની વિગત દર્શાવતી યાદી, કામદારોનો હાજર રીપોર્ટ, મંડળ દ્વારા મીલને લખાયેલ પત્ર મંડળ અને મીલ વચ્ચે થયેલ મીટીંગની મિનીટ રજુ કરવામાં આવેલ છે. જેને પાકા આંક-૪૭થી ૫૦ આપવામાં આવેલ છે. આંક-૫૧થી અરજદારો તરફે રમેશ ભાવસિંહભાઇ રાઠોડની જુબાની લેવામાં આવેલ છે. આંક-૫૪ની પુરશીસથી કામદાર તરફે તેઓનો મૌખિક પુરાવા પુરા થયાનું જાહેર કરેલ છે. આંક-૫૫થી કંપની તરફે જાન્યુઆરી-૧૯૯૩ થી એપ્રિલ, ૨૦૦૨ સુધીની બદલી વર્કરોની માહિતી, બી.આઇ.આર. એક્ટના ચીફ કન્સીલેટર, અમદાવાદને લખેલ પત્ર, કન્સી. કેસ નં. ૨/૯૩નાં પેપર્સ રજુ કરવામાં આવેલ છે. આંક-૫૯ થી કામદારો તરફે લેબર કમિશનરશ્રી, અમદાવાદ દ્વારા થયેલ સમાધાનની નકલ, તેમજ નેશનલ ટેક્ષટાઇલ કોર્પોરેશનનાં ડીરેકટરોનો પત્ર રજુ કરવામાં આવેલ છે. આંક-૬૬ થી મીલ કંપની તરફે તેમનાં સાક્ષી કાળુભાઇ હાસમજી રંગરેજની જુબાની લેવામાં આવેલ છે. આંક-૬૭ થી કંપની તરફે તેઓનો મૌખિક પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ છે.

૬. ત્યાર બાદ આ કામમાં પક્ષકારો તરફે રજુ કરેલ લેખિત દલીલો તેમજ કેસનું તમામ રેકર્ડ વંચાણમાં લીધુ. હવે આ કામમાં માંગ્યા મુજબની દાદ આપવી જોઇએ કે કેમ? શો હુકમ કરવો જોઇએ?

૭. આ અંગે સૌ પ્રથમ જોઇએ તો, અરજદાર યુનીયને આંક-૩ થી જે માંગણીનાં નિવેદનમાં દાદ માગેલ છે. તે જોઇએ તો,

પેરા (૧૦)(૧) બિન પક્ષકાર મીલનાં પ્લાન્ટ અને મશીનરીઓનું વિના વિલંબે આધુનિકરણ કરે અને તે માટે અટીરા, મેનેજમેન્ટ અને કામદારોની બનેલી નિષ્ણાંત કમિટિની રચના કરવા અને મજકુર કમિટિ જે ભલામણો કરે તેની તાત્કાલિક અમલ કરે તેવો આદેશ બીજા પક્ષકારને ફરમાવવા વિનંતિ.

(૨) મીલનાં પ્લાન્ટ અને મશીનરીઓ માટેના આધુનિકરણ થવા માટેના અથવા પાત્ર ખર્ચ માટે તાત્કાલિક ભંડોળ એકત્રિત કરવાનું કાર્ય શરૂ કરે તેમ બીજા પક્ષકારને આદેશ આપવા વિનંતિ.

(૩) બીજા પક્ષકાર મીલ પોતાના પ્લાન્ટ અને મશીનરીઓનું આધુનિકરણ કરી જરુરીયાત પ્રમાણે કાયમી જગ્યાઓ, કાયમી ખાતાઓ અને કાયમી પાળીમાં વધારો કરવા અને આ કામનાં આખરી નિકાલ સુધી બીજા પક્ષકાર તેનાં કાયમી સેટઅપ મુજબની કાયમી જગ્યાઓ, કાયમી ખાતાઓ અને કાયમી પાળીઓમાં કોઇપણ પ્રકારે ઘટાડો ન કરવા બીજા પક્ષકારોને ફરમાન કરવા નમ્ર અરજ છે.

(૪) આ કામના સંજોગો જોતા અરજદારોને બીજા પક્ષકારના------- -----અને આ કામનું ખર્ચ બીજા પક્ષકાર પાસેથી અરજદારને અપાવવા વિનંતિ.

૮. મુળ અરજીની સાથે અરજદારે યુનિયને આંક-૪ થી તથા આંક-૧૧ થી બી.આઇ.આર. એકટના કલમ-૧૧૯(ડી) મુજબ વચગાળાની અરજ કરીને જે દાદ માગેલ છે તે જોઇએ તો.

(૧) આ તથા મુળ અરજીના આખરી નિકાલ સુધી બીજા પક્ષકાર સ્વૈચ્છિક નિવૃત્ત યોજના, ૧૯૯૨ના અમલ કરવા ઇચ્છે તો સ્વૈચ્છિક નિવૃત્તિ લેનારને વધારાની રકમ ચૂકવવા સાથે કોઇ વાંધો નથી પરંતુ તે વધારાની રકમ ચૂકવી તે જગ્યાની કામગીરી બંધ કરવાનું પગલું ગેરકાયદેસર, ગેરવાજબી, અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો વિરુધ્ધનું છે તેમ ઠરાવવા વિનંતિ.

INDEX

(૨) સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના-૧૯૯૨ હેઠળ નિવૃત્ત થનારની જગ્યા રદ્દ ન ગણવા અને મજકુર જગ્યા ખાલી પડયે તુરતજ હક્કદાર થતા કામદારોને તે જગ્યા પર કામ કરવા બીજા પક્ષકાર કે તેનાં મેનેજર, સુપરવાઇઝર, ખાતા અધિકારી, એજન્ટ કે અન્ય કોઇ જવાબદાર અટકાવે નહીં કે તે કામગીરી બંધ કરે નહીં તેવો મનાઇ હુકમ આપવા અરજ છે. તેવી દાદ માંગેલ.

૯. જયારે આંક-૧૧ થી માંગેલ દાદ જોઇએ તો,

(૧) રેફ. આઇ.સી. નં. ૩/૯૨નો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી આ કામનાં સામાવાળાનાં અમલદારો, એજન્ટો કે અન્ય કોઈ સંબંધિત વ્યક્તિ મિલ માહેની કોઈપણ મશીનરીઓ તેની મૂળ સ્થિતિમાં કઈ ફેરફાર કરે નહી કે કરાવે નહીં કે જે તે જગ્યાએથી ખસેડે નહીં, વહેંચે નહીં કે અન્ય કોઇને એસાન કરે નહીં તેવો સામાવાળા વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.

(૨) આ સિવાય આપ નામદારને યોગ્ય લાગે તે અન્ય દાદ અપાવવા અરજ છે તેવી દાદ માંગેલ છે.

૧૦. અરજદાર યુનીયનની વચગાળાની અરજી ઉપર સામાવાળાએ રજૂ કરેલ લેખિત જવાબ તથા પક્ષકારોની દલીલો સાંભળી જે તે વખતે મારા પુરોગામી ન્યાયાધીશે જે હુકમ કરેલો તે જોઈએ તો,

"Reference under section 73-A of Bombay Industrial Rules Act being held maintsinable. It is hereby ordered that until, 31th March, 1992 (reviewable and extenable thereafter as per circumstances then exist) the mill is restrained from abolishing the permenent posts, other than those for which agreement dated 29th May, 1990 is arrived at between the first and second party, and that on such permanent posts, badli workers who is either senior most or is selected to fill the said posst by selection as contempleted in the definition. 'Permenent employee', be allowed to work on such permenant posts in accordance with standing order. It is further declared that this order in no manner, shall affect the right to the second party to apply closure or lay off in accordance with law, if in any case, it so chooses.

With refercence to Exhibit-11, it is ordered that the second party mill may not dismentle or shift or sell the machinery which is integrel part of the function of the two shifts, agreed to be worked as per agreement dated 29th May, 1990."

INDEX

Rajkot, dated 12th November, 1992.

Member,
Industrial Court.

---

૧૧. તે રીતનો હુકમ કરેલો છે. આ હુકમની સામે સામાવાલા મીલ કંપનીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લી. નંબર ૯૫૫૮/૯૨ની કરેલી. જે નામદાર ગુજરાત હાઇકોર્ટ તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૨ના હુકમથી રદ કરેલ. ત્યારબાદ સામાવાળાએ અત્રેની અદાલતમાં પરચુરણ અરજી નં. ૧/૯૨ના કરી અત્રેની અદાલતનો હુકમ રીવ્યુ કરવા માટે દાદ માંગેલ. જેમાં નામદાર અદાલતે પક્ષકારોને જે તે વખતે સમયે સાંભળીને જે હુકમ કરેલો તે જોઇએ તો,

"A pplication is allowed.

The operation of the order dated 12th Novemver, 1992 passed in Ref. (ICR) No. 3/92 is revised and ordered restraining the mill from abolishing permenent post other than those for which agreement dated 29th May, 1990 is arrived at between the first and second party is made effective until the reference is decided but that opearation of the order directing the mill to sllow badli workers on seniority or selection to work against permenent post is made in operative until such time as the production starts."

૧૨. ઉપરોક્ત હુકમ અરજદાર યુનીયને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશ્યલ સીવીલ એક્ટ નં. ૧૧૨૦૬/૯૩ થી ચેલેન્જ કરેલો અને તેમાં ઔદ્યોગિક અદાલતે મોડીફીકેશન કરેલો હુકમ નામદાર હાઇકોર્ટે સ્ટે કરેલો.

૧૩. સામાવાળા મીલ કંપની બી.આઇ.એફ.આર. બોર્ડમાં માંદુ એકમ જાહેર કરવા માટે અરજી નં. ૫૩૫/૯૨ ની દાખલ કરેલ અને ત્યારબાદ સામાવાળા મીલને માંદુ એકમ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩ના રોજ જાહેર કરેલ અને મીલ કંપનીમાં પ્રોડકશનનો કામગીરી સદંતર તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૨ ના રોજથી બંધ થઇ ગયેલી અને ત્યારબાદ બી.આઇ.એફ.આર. બોર્ડે રીહેબીલીટેશન સ્કીમ પણ મંજૂર કરેલ તથા ભારત સરકારનાં શ્રમ મંત્રાલયે તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૨ના રોજ સામાવાળા મીલ કંપનીને કલોઝર કરવાની પરવાનગી આપેલ અને તેથી ત્યારબાદ સામાવાળા મીલ કંપનીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અરજદાર યુનીયને કરેલ સ્પે.સી.એ. નં. ૧૧૨૦૩/૯૩ ના કામમાં સીવીલ અરજી નં. ૪૨૬૨/૦૨ ની કરેલ અને તેમાં નામદાર હાઇકોર્ટે તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૨ના રોજ હુકમ પસાર કરેલો તે હુકમના પાના નં. ૩ ઉપરનો છેલ્લો પેરાથી જોઇએ તો:-

INDEX

I have heard advocates of both the sides in detail. In my view, the intrim order grants by this court is now required to be modified since the mill company has already been declared as a sick unit and a scheme has already been approved by the B.I.F.R. Under these circumstances, now, it is not possible on the part of the management to give any permanent work to the concerned employees, especially when, admittely now the mill is closed and there is no question of offering any work to the concerned workmen. Therefore, the interim order granted by this court at the time of admitting the Special Civil application has become infructuous inview of the subsequent event, under the circumstances, the interim relief granted by this court, by which the modified order of the Industrial Court is stayed by this court, is vacated, or in view of the subsequent event, there is no question of staying the said modification under the circumstances, now. It is not necessary to continue the interim relief, since the petitioner has also prayed for wages and other monetary benefits in the petition. Now the main petition is required to be adjudicated only on that limited ground.

So far as the other prayers regarding giving permission to the applicant for selling machinery etc. are concerned, in my view, since the aeforesaid order is not challenged by the applicants herein before this court, the said prayers are outside the scope of the main special civil application and this civil application. However, in view of the subsquent developments as indicated above, it will be open for the applicants herein to move the industrial court for modification of the earlier order in which the management is restrained from selling its machinery etc. If any such application is filed before the appropriate court, the court may consider the same after bearing all the concerned parties and appropriate order may be passed on such application in accordence with law. It is classified this court has not expressed any opinion whether during the intervening period, there was a breach on the part of the applicants. Mr. Clerk has pointed out that he has a contempt petition for breach of order of this court, which is pending. However, since this court is not concerned with the eforesaid aspect, at this stage. It is not necessary to express any opinion in the matter, especially when contempt proceedings are pending and subjudice before the court.

This civil Application is pertly allowed to the aforesaid extent, with Rule is made absolute to the aforesaid extent no order as to costs.

It is needless to say that if any application is filed by the

applicants for vacation or vecating or modifying the interim order regarding vacation of interim relief for the purpose of allowing the applicant to sell the mechinery. the same any be disposed of on its own merits after hearing both the sides in accordance with law and whatever observations made in this order may not be taken as the basis for such disposal."

૧૪. ત્યારબાદ સામાવાળા મીલ કંપનીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ સીવીલ અરજી નં. ૮૯૪૨/૨૦૦૨ ની દાખલ કરી ઔદ્યોગિક અદાલતે તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૨ના રોજ કરેલ વચગાળાનાં હુકમથી સામાવાળાની મિલકતોને ખસેડે-ખસેડાવે નહીં કે વેચે-વેચાવે નહીં તેવો હુકમ સેટ-એ-સાઈડ કરવા અથવા ઉડાવી દેવા માટે માંગણી કરેલ કારણ કે બી.આઈ.એફ.આર. બોર્ડે સામાવાળા મીલ કંપનીની તમામ મિલકતોને વેચવા માટેની કાર્યવાહીની સ્કીમ મંજૂર કરેલ છે અને તેથી રેફરન્સ નં. ૩/૯૨ના કામમાં તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૨નો હુકમ રદ કરવા માંગણી કરેલ જેમાં નામદાર હાઈકોર્ટે બંને પક્ષકારોને સાંભળીને તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ હુકમ કરેલો તેના પેરા-૮ અને ૯ નીચે મુજબ છે :-

Having heard the learned councel for the parties it appears to the court that when the mill is lying closed for quite some time, it is obvious that the plant and machineries would depreciate in value and therefore, earlier disposal of the plant and machineries would be in the interest of all concerned. At the same time, in order to secure the interest of the workmen, in case of their success in pending reference,some arrengement is also required to be worked out to see that they get their dues immediately if an award were to be passed in their favour, but at the same time blocking the entire sale proceeds from the plant and machineries to the extent of Rs. 52 Lacs claimed by the workers in the feference would also adversely affect the revival programme beilng undertaken by the National Textile Corporation (Gujarat) Ltd. Moreover, inview of the statement coming from the learned councel for the petitioner that while the plent and machineries would be desposed of very soon, disposal of the lands and buildings will take some more time, it appears to the court that the interest of Justice wouid be served if the petition is disposed of in terms of the following directions and orders :—

(1) Subject to the condition that the Managing Director of NTG (Gujarat)Ltd. files an undertaking before this court stating that out of the sale proceds of the plent and Machineries of Rajkot Textiles Mills at Rajkot, a sum of Rs. 26 Lacs will be kept in a Seprate Bank Account with the petitioner's banker's till 31st December, 2002 and similarly out of the

sale proceeds of the land and buildings of the Rajkot Mills Ltd., at Rajkot another amount of Rs. 20 lacs will be kept in the seperate bank account with the petitioner's banker's till 31st December, 2002 to meet with liabilities of the petitioners employer, in cases the Industrial Court were to pass an award in favour of the workmen in Reference (IC) No. 3 of 1992 (Subject to their right to challenge such award). the interim order dated 12th November, 1992 with the subsequent modification passed by the Industrial Court in the above numbered reference shall stand vacated upon filling of the undertaking.

(ii) The Industrial Court Rajkot shall hear and decide Reference (IC) No. 3 of 1992 as expedetly as possible and in any case latest by 31st December, 2002.

(iii) The amount of Rs. 26 Lacs to be kept in a seperate Bank Account out of the sale proceeds of the plant and machineries as well as the amount of Rs. 26 Lacs to be kept in the seperte account from out of the sale proceeds of the lands and buildings of Rajkot Textiles Mills at Rajkot shall not be utilised by the National Textile Corporation (Gujarat) Ltd. till 31th December, 2002 or till the date of the award in the above eference, which ever is earlier.

It is directed and order accordingly.

૧૫. સામાવાળા મીલ કંપની તરફે આંક-૪૦ ની અરજી આપી કેસ બોર્ડ પર લેવડાવેલ અને તેની સાથે અરજી આપી જે દાદ માંગેલ તે જોઇએ તો, નામદાર કોર્ટનો તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૨ નો આંક-૧૧ નીચેના હુકમ રદ કરી કંપનીને તેની જમીન મશીનરી વગેરે તમામ વેચવાની છૂટ આપવા માંગણી કરેલ છે. જે અરજદાર યુનીયનનાં જવાબ તથા સાંભળવા માટે રાખવામાં આવેલ.

૧૬. સામાવાળા મીલ કંપનીએ એવો વાંધો ઉઠાવેલ છે કે, અરજદાર યુનીયને તેમનાં માગણીનાં નિવેદનમાં કે ફોર્મ એલમાં કોઇ જગ્યાએ બદલી કામદારો અંગેનો ઉલ્લેખ સુધ્ધાં કરેલ નથી તેમજ આંક-૪ની વચગાળાની મનાઇ હુકમ અરજીમાં પણ બદલી કામદારનો પણ ઉલ્લેખ કરેલ નથી. પરંતુ તે જગ્યા પર હક્કદાર થતા કામદારોને રાખવા તેવો ઉલ્લેખ કરેલો છે, તેજ રીતે આંક-૧૧ની મનાઇ હુકમની બીજી અરજીમાં પણ બદલીવાળા કામદારોનો કોઇ ઉલ્લેખ નથી. તેની જે રેફરંન્સ નામદાર કોર્ટને કરવામાં આવેલ નથી તે રેફરન્સમાં નામદાર કોર્ટને કોઇ હુકુમત નથી. વળી, હુકુમત ન હોય ત્યારે પેમેન્ટ ઓફ એરીયર્સ ઓફ વેજીસ પણ મળી શકે નહી તેમ

જણાવે છે. પરંતુ આ હકીકતોને અરજદાર યુનીયને નકારી કાઢેલ છે અને તેથી સદર રેફરન્સ અંગે અત્રેની અદાલતને હકુમત છે કે કેમ ? તે અંગે મારા પુરોગામી વિદ્વાન મિત્રએ તેમનાં આંક-૨૧થી કરેલા હુકમમાં વિગતવાર છણાવટ કરેલ છે. વળી, આ રેફરન્સમાં બદલી કામદારનો ઉલ્લેખ કરેલ નથી તેમ કહે છે. પરંતુ અરજદાર યુનીયને સામાવાળા સંસ્થાનુ માન્ય યુનીયન છે અને જ્યારે તેઓએ ફોર્મ-એલ મુજબની અને કલમ-૪૨(૨) અને રૂલ-૫૨ મુજબ સામાવાળા મીલને નોટીસ આપી ત્યારે તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે ''મીલનું સંચાલન કામદારોને રોજી આપવાનાં હેતુથી સંભાળવામાં આવેલ હતું અને આ સંચાલન સંભળવાનો હેતુ ગ્રાહકોને જરૂરીયાત મુજબનું કાપડ યુનીટ વાજબી ભાવે પુરૂં પાડવાનો હતો, એટલે કે ફોર્મ એલ માં આપવામાં આવેલ નોટીસમાં તથા માંગણીનાં નિવેદનમાં તથા વચગાળાની આંક-૪ની અરજીમાં કામદારો માટે જે રજુઆત કરેલ છે તે તમામ કામદારો માટેની થઇ ગણાય તેમાં કામદારો વચ્ચેના વર્ગો કે પ્રકાર પાડવાના હોય નહીં કે બદલી કામદારોને કે કાયમી કામદારોને રોજી આપવાની બાબતનો પ્રશ્ન નથી, પરંતુ મીલનાં સમગ્ર કામદારો અંગેનો સમાવેશ થઇ જાય છે. અને આ અંગે પણ તેથી જે તે વખતે સંબધિત સામાવાળાની તેમનાં લેખિત જવાબમાં સુધારો કરવાની માગણી રદ્ કરેલ છે. વળી, સામાવાળા મીલ કંપની તરફે ૨૦૦૨ લેખ આઇ.સી. પાન નં ૨૪૬૭નું ગૌરીશંકર ચેટરજીને બીજાઓ વિ. ટેક્ષમેકો લિ. અને બીજાઓનું નામદાર સુપ્રિમ કોર્ટનું ડિવિઝન બેચનું જજમેન્ટ રજુ કરેલ છે. રજુ કરવામાં આવેલ ચુકાદામાં ''બદલી કામદારોની કંપનીમાં કાયમી કરવાની માંગણી વાજબી છે કે કેમ? તે અંગેનો મુગો હતો અને તેમાં ટ્રિબ્યુનલે ફકત સંબધિત કામદારોને રેગ્યુલર કરવા અંગેનો જ હુકમ નહિ કરતાં જ તે વખતનાં પગારનાં એરિયર્સની રકમ પણ નકકી કરવી જોઇતી હતી જે કરવામાં ન આવતા કેસ ફરીથી, ચલાવવા માટે ટ્રિબ્યુનલને પરત મોકલેલ, પરંતુ સદર કામમાં જ્યારે બદલી કામગારો અંગેનો મુદ્દો નકકી કરવા માટે રેફરન્સ થયેલ નથી. પરંતુ આ મુદ્દો સામાવાળા મીલ કંપનીએ પાછળથી તેમનાં લેખિત જવાબમાં સુધારો કરવા માટે અરજી આપી ત્યારે ઉઠાવેલ છે જે જે તે વખતે નામંજુર કરેલ છે. વલી જ્યારે અરજદાર યુનીયને સામાવાળા મીલ કંપનીમાં કામ કરતા કામદારોને રોજી રોટી આપવાના હેતુથી ફોમ ૪-એલ મુજબ નોટીસ સામાવાળાને આપેલ હોવાથી તે ફક્ત કાયમી કામદારો માટેનો જ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ કે તેવુ કહી શકાય નહીં પરંતુ તમામ કામદારોને માટેનો આ પ્રશ્ન છે અને તેથી સામાવાળા મીલ કંપનીનો બદલી કામદારો અંગેનો આ વિવાદ નથી તેમ કહેવુ જરા પણ યોગ્ય, વ્યાજબી કે ન્યાયી નથી સામાવાળા મીલ કંપનીનો આ મુદ્દો ટકી શકે તેમ નથી અને રદ થવાને પાત્ર છે.

INDEX

૧૭. આ કામમાં સામાવાળા તરફે ૧૯૮૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (એલ એન્ડ એસ) ૬૮૨નુ પ્રકાશ કોટન મીલ પ્રા. લિ. રાષ્ટ્રીય મીલ્સ મજદુર સંઘનુ રજુ કરેલ છે જેમાં બદલી કામદારો કોઇપણ પ્રકારનુ વળતર મેળવવા હક્કદાર નથી અને ખાસ કરીને જ્યારે ક્લોઝરનાં કેસમાં તેઓ વળતર મેળવવા હક્કદાર થતા નથી અને તેથી તે રીતે ઇન્ડસ્ટ્રીયલ કોર્ટનો બદલી કામદારોને વળતર ચુકવવાનો હુકમ રદ કરેલ હતો. પરંતુ સદર કામમાં તો મીલ્સ કંપનીએ બદલી કામદારોને પણ વળતર ચુકવેલ છે બાકી રહી જતા બદલી કામદારોને વળતર ના આપી શકાય તેવુ નથી સામાવાળા તરફે ૧૯૭૫ (૩૧) ધ મેનેજમેન્ટ ઓફ જીવનલાલ લિ. અને પ્રિસાઇડીંગ ઓફિસર, ઇન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, મદ્રાસનું ના. મદ્રાસ હાઇકોર્ટનુ પાન-૩૨૯ પર રજુ કરેલ છે. જેમાં કલમ-૨૫-એફ એફ એફ નીચે કામદારોને વળતર મેળવવા હક્કદાર ઠરાવેલ હતાં.

૧૮. આ કામમાં સંબંધિત કામદારો તરફે રમેશ ભાવસાર રાઠોડની આંક-૫૧ થી જુબાની થયેલ છે અને તેઓએ બધાં બદલી કામદારો વતી જુબાની આપેલ છે તેઓ મીલ કંપનીમાં તારીખ ૭મી જુન, ૧૯૮૬ના રોજ દાખલ થયેલ. ૧૯૯૨માં ૭૫૦ જેટલાં કાયમી કામદારો અને ૪૫ બદલી કામદારો હતાં. ૧૯૯૨માં ૩૫૦ જેટલી જગ્યાઓ નાબૂદ કરેલ તેથી ૨૮૫ જગ્યાઓ બદલી કામદારોને કામ મળતું નહીં. બાકીની જગ્યાએ કામ મળતું બદલી ન મળતી તેથી ઘરે જતાં અને તેથી મંડળમાં ફરિયાદ કરતાં મંડળે આ કેસ કરેલો તેમાં તેઓની તરફેણમાં હુકમ આપવા છતાં તથા રોજેરોજ કામ ઊપર જવા છતાં કામ હોય તો રાખતા નહિ તો પરે પણ જતાં. વી. આર. એસ. મુજબ ૩૫૦ જગ્યાએ રદ્ થયેલ તેની સામે આ બદલી વાળા હતા તેવી તમામને કામ મળી રહે. જેટલા દિવસ કામ આપ્યું નથી તેટલા દિવસનો પગાર ચૂકવેલ નથી. નોકરીનાં હક્ક હિસ્સાએ સમયનાં ચૂકવ્યા નથી. બદલી કામદારનાં જે હક્ક હિસ્સા થાય તે આ કામમાં ગણતરી રજૂ કરેલ છે. તેમ સરતપાસાનાં મહત્વનાં અંશોમાં જણાવે છે જ્યારે ઉલટ તપાસનાં અગત્યનાં અંશો જોઇએ તો છેલ્લાં ૧૦ વર્ષથી રીક્ષા ચલાવું છુ. શરૂઆતમાં હું રીક્ષા ભાડે ચલાવતો. છેલ્લા એક વર્ષથી છોકરાઓને મૂકવા જાઉ છું. બાકીના ૪૪ કારીગરો પણ હાલમાં જુદી જુદી જગ્યાએ નોકરી ધંધો કરે છે. અને રોજનાં ૫૦ થી ૬૦ રૂા. મળે છે બીજાને પણ ઘરની રીક્ષા હોયતો રૂા. ૭૦/ બચતાં હશે. મીલ કંપનીમાં બદલી ના મળે ત્યારે બીજું કામ તે વખતે કરતા નહીં અને ૧૯૯૨ થી મીલ બંધ થયા બાદ કામકાજ કરીએ છીએ. ૧૯૯૨ થી મીલમાં ફકત ૨૧ કામદારો જ બદલી વાળા કામદારો તરીકે રહેલા અને બાકીનાને કાયમી કામ મળે છેકે કે કેમ ? તે વાત ખોટી. કોઇને કાયમી કરેલ નથી કે કામ મળતુ નથી. હું બદલી વીળો હતો ૪૫ કામદારોમાં કોઇ કેજ્યુઅલ કામદાર ન હતા. એ વાત સાચી છેકે ,અમોને જ્યારે કામ હોય ત્યારે રાખતા હતા. એ વાત સાચી છે કે,

અમોને ક્યારેય પણ સતત ૭ મહીના કામ આપેલ નથી. શરૂઆતમાં અમોને બધાને વાઉચર ઉપર રાખેલ ૧૯૮૬થી રાખેલાં અમોને બદલી વાળા તરીકે બતાવેલ જ નથી મને પાસ આપેલો તે હું રજુ કરવા તૈયાર છું. મીલનું ઉત્પાદન ૧૯૯૩થી બંધ થયેલ. એવાત સાચી છે કે, ત્યાર બાદ આજ દીન સુધી મીલમાં ઉત્પાદન પ્રક્રિયા થયેલ નથી વી. આર. એસ. પહેલા વહેલા ક્યારે અમલમાં આવી તેની સાલ મને યાદ નથી. એ વાત સાચી છે કે, જે કામદારો વી.આર. એસ. લઇને છુટ્ટા થયા હોય તેમની જગ્યાએ કોઇપણને કામે રાખેલ નથી. જે કામદારનું મૃત્યુ થયેલ હોય કે નિવૃત થયેલ હોય તેમની જગ્યાએ બદલીવાળાને કામે રાખેલા વાઉચરવાળાને કામે રાખેલ નહીં. ૧૯૮૮માં લેબર રેશનાલાઇઝેશનની સ્કીમ આવેલ કે કેમ? તે મને ખ્યાલ નથી. એ વાત સાચી છે કે, ૧૯૯૦ અને ૧૯૯૨માં વી.આર એસ. સ્કીમ આવેલ તેવી ખબર છે. સુધારેલી સ્વેચ્છીક નિવૃત્તી યોજનામાં બધાજ કામદારોને તેમના હક્ક હિસ્સા લીધેલ છે તે વાત સાચી. તે બધા હક્ક હિસ્સામાં ફુલ અને ફાઇનલ સમાધાનનુ અમે લખી આપેલ છે તે વાત સાચી. મેં ખોટી જુબાની આપી છે તે વાત ખોટી. મેં જુબાનીમાં ખોટી વિગતો જણાવેલ છે તે વાત ખોટી.સાચી વિગતો જણાવેલ છે.'' તેમ જણાવેલ છે.

૧૯. ઉપરોકત સંબધિત કામદારની જુબાની તથા કેસનું રેકર્ડ જોતા એક હકિકત સ્પષ્ટ થયેલ છે. કે સામાવાળા મીલ કંપનીને વી.આર.એસ.ની સ્કીમ મૂકતા પહેલાં અરજદાર યુનીયન સાથે કોઇપણ કરાર કરેલી નહીં અને સીધેસીધી સ્કીમ અમલમાં મુકી દીધેલ જે ગેરકાયદેસરનું પગલું હતું અને સ્વૈચ્છિક નિવૃતિ યોજનાના અનુસંધાને જે કામદારોએ રાજીનામા આપ્યા તેની ખાલી પડેલ જગ્યાએ બદલી કામદારો કામ મેળવવાને હકકદાર હતા. સામાવાળા મીલ કંપની એમ કહે છે કે, તેમાથી કેટલાક કામદારોને કામે રાખેલા પરંતુ જો વી.આર.એસ. મુજબ રાજીનામા પડયા હોય અને ખાલી જગ્યા નાબુદ કરવા માટેનો અરજદાર માન્ય યુનીયન સાથે કોઇ કરાર થયો ન હોય તો આ જગ્યાઓ નાબુદ કરી શકાય નહીં અને તેથી અત્રેની અદાલતે આંક-૨ની અરજી ઉપર વચગાળાની આક-૨૨થી હુકમ કરીને વચગાળાનો મનાઈ હુકમ આપેલો જે મનાઇ હુકમ ત્યારબાદ સામાવાળા મીલ કંપનીએ ના.હાઇકોર્ટમાં ચેલેન્જ કરતાં નામદાર હાઇકોર્ટે પણ આપવામાં આવેલ મનાઇ હુકમ જેતે વખતે કન્ફર્મ કરેલો છે. અને તેથી એક હકીકત સ્પષ્ટ થયેલ છે કે, સામાવાળા મીલ કંપનીની ઉત્પાદન પ્રક્રિયા બંધ થયેલ હોવા છતાં જે કામદારો કાયમી હતા તેઓને તેમના કાયદેસરના હક્ક ના નાણા મળેલા છે. જયારે હાલના બદલીવાળા કામદારો કે વાઉચર વાળા કામદારોને તેમની કાયદેસરની હકકો મળાલાં નથી.

૨૦. સામાવાળા તરફે આંક-૬૬ થી કે. એસ. રંગરેજની જુબાની થયેલ છે

જે સામાવાળા સંસ્થા ૧૯૮૯ થી ૧૯૯૪ સુધી ફેકટરી મેનેજર હતા. તેમણે તેમની જુબાનીમાં જે જણાવેલ છે તે જોઇએ તો, ''હું આ કેશની હકીકતોથી વાકેફ છું. રાજકોટ મીલમાં માર્ચ, ૨૦૦૨ સુધીમાં ૪૦ કરોડ ૬૦ લાખની ખોટ થયેલ છે તેનું બેલેન્સશીટ આજે રજુ કરેલ છે. મીલ કંપનીનું પ્રોડકશન ડીસેમ્બર-૧૯૯૨ થી બંધ થયેલ છે અને માલ પણ બંધ થયેલ છે. બધા જ કામદારોની હાજરી રોજે રોજ પુરાય છે. હાજરી પુરાયા બાદ બધાજ કામદારો ઘરે ચાલ્યા જાય છે. ઉપરોક્ત સમય દરમ્યાન કામદારો બીજે નોકરી કરેલ છે તે તેમની જુબાનીમાંથી તેઓએ સ્વીકારેલ છે. સંસ્થામાં હાલનાં કામદારોમાં થોડા બદલીવાળા છે અને થોડાં વાઉચર ઉપર રાખેલ તેવા છે, ૪૫ કામદારોમાંથી ૮ માણસો સ્વેચ્છાએ કામ છોડીને જતા રહેલ છે તેનું લીસ્ટ આજે રજુ કરેલ છે. જે કોઇ વ્યક્તિ નિવૃતિ વય મર્યાદાને કારણે છુટ્ટા થાય કે કુદરતી રીતે મૃત્યુ થાય કે સ્વેચ્છાએ ચાલ્યા જાય તેને તેમજ વેકેન્સી (કુદરતી રીતે ખાલી પડેલ જગ્યા) માં ૨૧ માણસોનો સમાવેશ થાય છે તેમાં પણ લીસ્ટમાં નામ છે. બાકીના ૧૬ માણસો પાસેથી જે કામદાર ઘેર હાજર હોય ત્યારે તેની જગ્યાએ તેને કામ આપીએ છીએ. તેમાં થોડા ઘણા બદલીવાળા અને મોટા ભાગના વાઉચર વાળા છે. ૧૯૮૨-૮૩થી મીલમાં ભરતી બંધ કરેલ છે. બદલીવાળા કામદારને એમ. વી. આર એસ. નીચે છુટ્ટા કરેલ છે. રમેશ રાઠોડ વાઉચરવાળા કામદાર છે. રમેશ રાઠોડ અનિયમીત અને મોટા ભાગે ઇ.એસ.આઇની રજા ભોગવેલ છે. વી.આર. એસ.નાં કારણે ૨૭૨ જેટલી જગ્યાઓ રદ થયેલ અને આ અંગે માન્ય યુનીયનને નોટીસ ઓફ ચેન્જ આપવામાં આવેલ રમેશ રાઠોડ મીલ બંધ થયા બાદ આજ રોજ હાજર રહેલા એમ કહે છે પણ તેઓની હાજરીનો રેકોર્ડ જોતાં ખબર પડે. પ્રથમ નોટીસ ઓફ ચેલેન્જ આપેલ તેમાં મીલનુ આધુનીકરણ કરવાની માગણી કરેલ તેમાં બદલીવાળાનો કોઇ ઉલ્લેખ નથી તથા આ અંગે માંગણીનાં નિવેદનમાં પણ કોઇ ઉલ્લેખ નથી. બી.આઇ.એફ.આર.માં એ અરજદાર યુનીયને મીલને મોડર્નાઇઝેશન ક્યાં તેમાં બદલીવાળા અંગેનો કોઇ ઉલ્લેખ નથી. એમ.વી. આર. એસ.ની જગ્યાએ બદલીવાળા કામદારોમાંથી કોઈએ છ મહીના કામ કરેલ નથી. આ સાક્ષી ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત સાચી છે કે, અમારા જવાબના નામદાર અદાલતે બદલી કામદાર અંગેનો સુધાર કરવાની માગણી રદ કરેલ છે. ફોર્મ-એલમાં આ તમામ કામદારોનો ઉલ્લેખ કરેલ છે તે વાત ખોટી. હું ૧૯૮૯ થી ૧૯૯૪ સુધી સામાવાળા મીલ્સ કંપનીમાં ફેક્ટરી મેનેજર હતા. મજુર કામદારનો અમલ થાય છે કે કેમ ? તે જોવાની મારી જવાબદારી હતી તે વાત સાચી. અદાલતી ચુકાદામાં આવે તે જોવાની જવાબદારી મારે તથા મેનેજમેન્ટે સાથે જોવાનાં હોય તે વાત સાચી. હાલનુ અરજદાર યુનીયન તે માન્ય યુનીયન છે તે વાત સાચી એ વાત સાચી છે કે, અરજદાર યુનીયન અને મીલ વચ્ચે જગ્યાઓ ઓછી કરવા અંગે ભુતકાળમાં અલગ અલગ કરારો થયેલ

છે. એ વાત સાચી છે કે, છેલ્લુ સમાધાન ૧૯૯૦ના માર્ચની ૨૯મી તારીખે જગ્યાઓ કમી કરવા બાબતે થયેલ. આંક-૪ સાથે પરિશિષ્ટ-એ સંસ્થા સાથે નક્કી થયેલ મુસદો હતો તે વાત સાચી. તારીખ ૨૯મી સપ્ટેમ્બર ,૧૯૯૨નીનોટીસ માન્ય યુનીયને સંસ્થાને તે વાત સાચી. તેમાં જણાવ્યા મુજબનો સુધારો મીલે શકય હતો તેટલો માન્ય રાખેલો એ વાત સાચી છેકે, ત્યાર બાદ કોઇ નવું સમાધાન થયેલ નથી પણ મીલે નોટીસ ઓફ ચેઇન્જ આપેલ છે. એ વાત સાચી છે કે, નોટીસ ઓફ ચેઈન્જવાળો વિવાદ અદાલતને સોપાયેલ નથી એ વાત સાચી છે કે, કરાર ન હોવા છતા ૩૫૦ જગ્યાઓ ઓછી કરેલ છે તે જગ્યાઓ વી. આર. એસ. ના કારણે ઓછી થયેલ. એ વાત સાચી છે કે, મીલ કંપનીને બી.આઇ.આર. એકટ લાગુ પડે છે અને આઇ.ડી.એકટની જોગવાઇઓ પણ લાગુ પડ છે. કાયદા મુજબ મીલ બંધ કરવા માટે પરવાનગી લીધેલ નથી પણ આ અંગે સરકારની જ સૂચના હતી. જગ્યા ઓછી કરવા માટે ઔધોગિક અદાલતનો કોઇ હુકમ મેળવેલ નથી. જગ્યાઓ તે અંગે માન્ય યુનીયન દ્વારા ઔધોગિક અદાલતમાં મનાઈ હુકમની અરજી દાખલ થયેલ તે વાત સાચી. નામદાર અદાલતે મનાઇ કેવા પ્રકારનો આપેલ તેની મને માહીતી છે તે વાત સાચી. આ હુકમ સામે મીલ કંપનીએ સ્પે. સી. એ.દાખલ કરેલ તે રદ થયેલ તે વાત સાચી. નામદાર કોર્ટના હુકમ મુજબ અમે બદલી કોમદારોને કામે રાખેલ નહીં કારણકે અમે નામદાર અદાલતમાં પરચુરણ અરજી નં. ૧/૯૩ની દાખલ કરેલ જે નામદાર અદાલતે માન્ય રાખીને અગાઉનો હુકમ મોડીફાઇ કરેલ. નામદાર અદાલતે કરેલ મોડીફાઇડ હુકમ સામે યુનીયને સ્પે.સી. એ. દાખલ કરેલ તે વાત સાચી અને તેમાં નામદાર હાઇકોર્ટે મોડીફાઇ કરેલ હકમ રદ કરી અગાઉ અદાલતે કરેલો હુકમ ચાલુ રાખેલ તે વાત સાચી. વી.આર.એસ.ની ખાલી પડેલ જગ્યાએ અમે બદલી કામદારોને કામે રાખેલ નથી. આ અદાલત તથા નામદાર હાઇકોર્ટના હુકમ અમલ ન થતા કંટેમ્પ્ટ ઓફ કોર્ટ અન્વયેની અરજી દાખલ થયેલ તે વાત સાચીપણ તે રદ થયેલ છે. એ વાત સાચી છે. કે, તેના અનુસંધાને આક-૪૯નો પત્ર યુનીયને લખેલ અને આંક-૫૦નો મુસદો તૈયાર કરેલો તેમાં મારી પણ સહી છે તે વાત સાચી.છે કે, ઉપરોક્ત મીનીટસમાં બદલી કામદારોને કામે લેવા બાબતનો પ્રશ્ન હતો. એ વાત સાચી છે કે ,મીલ કંપનીએ તેમાં બદલી કામદારોને કામે લેવા બાબતે સંમતિ આપેલ નહીં, એ વાત સાચી છેકે, બદલી કામદારોને કામ મેળવવા માટે આંદોલન કરેલ. એ વાત સાચી છેકે, આંક-૪૮નો હાજર રીપોર્ટ અસલ મીલના કબ્જામાં હોઇ તેમાં મીલના ઇન્વર્ડ કલાર્કની સહી છે તે વાત સાચી. એ વાત સાચી છે કે, બદલી કામદારોએ દરરોજ કામે આવવાનું હોય. મીલ કંપનીબંધ થયા બાદ બદલી કામદારો કામે ન આવે તો કોઇ નોટીસ કે ખુલાસો પૂછવામાં આવતો નહીં, એ વાત સાચી છે કે, બદલીવાળા કામદારો કામે આવેતો વી.આર.એસ. સિવાયની બદલીવાળી જગ્યાએ કામ આપતા

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૬૭૯/૦૨.–શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) જિલ્લા પુરવઠા મામલતદારશ્રી વરાછા રોડ સુરત (૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ-સુરત અને તેના કામદારશ્રી જવાહર વિષ્ણુદેવ મરાતો વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (૧૪ માંની) કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪ સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જવાહર વિષ્ણુદેવ મરાતોને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૬૮૦/૦૨.-શ્રી હ. દા. ગા મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) પુરવઠા મામલતદારશ્રી વરાછા રોડ સુરત (૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિ સુરત અને તેના કામદારશ્રી મૌલી મંગળ મરાતો વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (૧૪ માંની) કલમ-૩૯ અન્વયે ગુ સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અને અનુસૂચિ- આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪ (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧ આઈસીઆઈ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪ સુરતને સ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મૌલી મંગળ મરાતોને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૬૮૧/૦૨.–શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) જિલ્લા પુરવઠા મામલતદારશ્રી વરાછા રોડ સુરત (૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ-સુરત અને તેના કામદારશ્રી જોગીન્દર સીતારામ પંડીત વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (૧૪ માંની) કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/ આઈસીઆઈ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪ સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જોગીન્દર સીતારામ પંડીતને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૬૭૮/૦૨.-શ્રી હ. દા. ગામ મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જો અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) નિ પુરવઠા મામલતદારશ્રી વરાછા રોડ સુરત (૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિ. સુરત અને તેના કામદારશ્રી ધાનો હરી મરાતો વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (૧૪ માંની) કલમ-૩૯ અન્વયે ગુજ સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨ માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અને અનુસૂચિ- આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તે સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪ (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજ વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧ આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪ સુરતને સદ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ધાનો હરી મરાતોને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૬૮૨/૦૨.–શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) જિલ્લા પુરવઠા મામલતદારશ્રી વરાછા રોડ સુરત (૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ-સુરત અને તેના કામદારશ્રી જંગમ લગધારી મરાતો વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (૧૪ માંની) કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪ માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪ સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જંગમ લગધારી મરાતોને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન: સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૦૦૩/૪૮૨.-નીચે સહી કરના મદદનીશ મજુર કમિશનરપોરબંદરનો એવો અભિપ્રાય છે નીચે જણાવેલ અનુસૂચિ નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર વિજય ઓઈલ મીલ ઠક્કર પ્લ પોરબંદર તથા તેના કામદારશ્રી પરસોત્તમ કેશવચજી મદલામી વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકાર મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ ૧ની કલમ 'સી' સાથે વાંચતા સદર ધારા અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબ અંગે રાજ્યના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્ર કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલ ૧૦ ની પેટા-કલમ (૧) પેટા વિભાગ સી ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી.પી. જોષ મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત જુનાગઢને સદર તકરા ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું

અનુસૂચિ

શ્રી પરસોત્તમ કેશવચજી મદલામીને તેમના પડેલા રોજના પગાર સાથે પુન:સ્થાપિ કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૪મી માર્ચ, ૨૦૦૩.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ૌદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/પોર/૨૦૦૩/૪૮૧.–નીચે સહી કરનાર દદનીશ મજુર કમિશનરપોરબંદરનો એવો અભિપ્રાય છે નીચે જણાવેલ અનુસૂચિમાં ાર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર વિભાગિય નિયામકશ્રી એસ.ટી. નાગઢ વિભાગ જૂનાગઢ તથા તેના કામદારશ્રી વેજી પીઠાભાઇ વાછીયા વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના જુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના હેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૭ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ ૧ની કલમ 'સી' સાથે વાંચતા સદર ધારાની નુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો ગે રાજ્યના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત રવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૭ ની પેટા-કલમ (૧) પેટા વિભાગ સી ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, દદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત જુનાગઢને સદર તકરાર યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું

અનુસૂચિ

શ્રી વેજી પીઠાભાઇ વાછીયાને તેમના પડેલા રોજના પગાર સાથે પુન:સ્થાપિત કરવા ઇએ કે કેમ ?

રબંદર, તારીખ ૨૪મી માર્ચ, ૨૦૦૩.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૯૫૮/૫.૫/આઇડીઆર/એજે/૧૧૪/૨૦૦૨.- સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સી.એમ.સી (ઈન્ડીયા) પ્રા. અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજ સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેર ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની ક ૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્ત (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુ સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧((સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મ કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર અમદાવાદને સદરહુ તક તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

માંગણી (૧) ૧ (અ) સંસ્થામાં કામ કરતા કોન્ટ્રાકટરના કામદારોને કંપન કામદારો ગણી કંપનીના કામદારોને મળતા લાભો આ કે કેમ ?

૨ (બ) પગાર વધારા અંગે :- તમામ કામદારોને હાલ મળતા પગા દૈનિક રૂા. ૨૫-૦૦નો વધારો કરી આપવો કે કેમ ?

માંગણી નં.૨ ફીક્સ મોંઘવારી ભથ્થું :- તમામ કામદારોને પગાર ઉપરાંત મા રૂા. ૭૦૦-૦૦ ફીક્સ મોંઘવારી ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૩ મકાનભાડા અંગે :- તમામ કામદારોને માસિક રૂા. ૩૦૦-૦૦ મકાનભાડું આપવું કે કેમ ?

માંગણી નં. ૪ રજાઓ અંગે :- તમામ કામદારોને નીચે મુજબની રજાઓ ભર પગારે આપવી કે કેમ ?

(અ) દર વર્ષે ૩૫ દિવસની હક્ક રજા
(બ) દર વર્ષે ૧૫ તહેવારની રજા
(ક) દર વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા
(ડ) દર વર્ષે ૧૫ દિવસની કેજ્યુઅલ રજા

માંગણી નં. ૫ : યુનિયનને માન્યતા

ઉપરોક્ત માંગણીઓમાં જ્યારે પણ સમાધાન કે કરાર થાય અથવા તો કોર્ટનો એવોર્ડ આવે તેમાંથી કામદારોને જે લાભ થાય તેના ૧૫ ટકાની રકમ અથવા ૧ માસના પગાર વધારાની રકમ બે માંથી જે વધુ હોય તે તેમજ માસિક રૂા. ૧૦-૦૦ લેખે યુનિયનનું લવાજમ કામદારોના પગારમાંથી કાપી તે તમામ રકમનો ચેક ઉપરોક્ત યનિયનને મોકલી આપવો કે કેમ ?

માંગણી નં. ૬ : અમલ અંગે

ઉપરોક્ત માંગણીઓનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૦થી કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૯૫૭/૫.૫/આઇડીઆર/એજે/૩૭/૨૦૦૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. સુબ્રમણ્યમ એન્ડ કું. ખરસાલીયા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુ
સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહે
ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની
૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સ
(સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ ન
૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો
સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ,
(સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું,
કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર અમદાવાદને સદરહુ ત
તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

માંગણી નં. ૧ : પગારમાં વધારો :- સંસ્થામાં કામ કરતા તમામ કામદ
કર્મચારીઓને તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૧ના રોજ થતા
પગારમાં માસિક રૂા. ૫૦૦-૦૦નો પગાર વધારો તારીખ
જાન્યુઆરી, ૨૦૦૨થી આપવો કે કેમ ?

માંગણી નં. ૨ : સ્પે. પગાર :- સંસ્થામાં કામ કરતા દરેક કામદારો કર્મચારી
મુળ પગાર ઉપરાંત તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨થી રૂા. ૫૦૦
સ્પે. પગાર તરીકે ચૂકવી આપવા કે કેમ ?

માંગણી નં. ૩ : સર્વિસ ઇન્ક્રીમેન્ટ :- સંસ્થામાં કામ કરતા તમામ કામદ
કર્મચારીઓને તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૧ના રોજ નીચે જ
નોકરીના વર્ષ પૂરા કરેલ છે તેવા તમામ કામદારો/કર્મચારીઓ
ની સામે દર્શાવેલ માસિક રૂા. સર્વિસ ઇન્ક્રીમેન્ટ તરીકે તારીખ
જાન્યુઆરી, ૨૦૦૨થી આપવા કે કેમ ?

પાંચ વર્ષની નોકરી પૂરી કરેલ હોઇ તેવા કામદારો/કર્મચારીને				૫૦-૦૦
પાંચ વર્ષથી ૧૦ વર્ષ	,,	,,	,,	૧૦૦-૦૦
દશ વર્ષથી ૧૫ વર્ષ	,,	,,	,,	૧૫૦-૦૦

INDEX

૧૫ વર્ષથી ઉપર ,, ,, ,, ૨૦૦-૦૦

માંગણી નં. ૪ : મોંઘવારી ભથ્થાઓ :-

(એ) સ્થાયી ભથ્થાઓ :- સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો કર્મચારીઓને મુળ પગાર ઉપરાંત તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨થી માસિક રૂા. ૫૦૦-૦૦ લેખે સ્થાયી મોંઘવારી તરીકે દર મહીને ચુકવી આપવા કે કેમ ?

(બી) ચલિત મોંઘવારી :- સંસ્થામાં કામ કરતાં તમામ કામદારો કર્મચારીઓને મુળ પગાર ઉપરાંત તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨થી ઓલ ઈન્ડીયા કન્ઝયુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ ૧૯૪૯-૧૦૦નો પાયાનો બેઝ ગણી ૪૨૫ પોઈન્ટ ઉપર દરેક પોઈન્ટ દીઠ રૂા. ૨.૦૦ લેખે ગણતરી કરી જે થાય તે ચલીત મોંઘવારી ભથ્થાં તરીકે દર મહીને ચુકવી આપવા કે કેમ ?

માંગણી નં. ૫ : અન્ય એલાઉન્સ :-

(એ) મકાન ભાડું :- સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો કર્મચારીઓને તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨થી માસિક રૂા. ૫૦૦-૦૦ મકાનભાડા ભથ્થા તરીકે દર મહીને ચુકવી આપવા કે કેમ ?

(બી) કન્વેયન્સ એલાઉન્સ :- સંસ્થામાં કામ કરતાં તમામ કામદારો કર્મચારીઓને તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨થી માસિક રૂા. ૩૦૦-૦૦ કન્વેયન્સ એલાઉન્સ તરીકે દર મહીને ચુકવી આપવા કે કેમ ?

(સી) મેડીકલ એલાઉન્સ :- સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો કર્મચારીઓને તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૨થી માસિક રૂા. ૫૦૦-૦૦ મેડીકલ એલાઉન્સ તરીકે દર મહીને ચુકવી આપવા કે કેમ ?

(ડી) ટ્રાવેલીંગ એલાઉન્સ :- સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો/કર્મચારીઓને દર વરસે રૂા. ૩૦૦૦-૦૦ ટ્રાવેલીંગ એલાઉન્સ તરીકે ચુકવી આપવા કે કેમ ?

(ઈ) શીફ્ટ એલાઉન્સ :- સંસ્થામાં કામ કરતાં તમામ કામદારો-કર્મચારીઓને
જમાવેલ પાળીની સામે દર્શાવેલ રકમ રૂા. દૈનિક શીફ્ટ એલાઉન્સ ચુકવી આ
કે કેમ ?

(૧) પહેલી પાળીમાં કામ કરતાં કામદારોને 30-00

(૨) બીજી પાળીમાં કામ કરતાં કામદારોને 30-00

(૩) ત્રીજી પાળીમાં કામ કરતાં કામદારોને ૪૦-૦૦

માંગણી નં. ૬ : ફ્રી મેડીકલ ચેકપ :-

સંસ્થામાં કામ કરતાં દરેક કામદારો કર્મચારીઓને દર વરસે શરીરનું સંપૂર્ણ મેડીકલ ચેકઅપ કરાવવું કે કેમ ?

માંગણી નં. ૭ : લોન :-

(એ) મકાન લોન :- સંસ્થામાં કામ કરતાં કામદારો કર્મચારીઓને રૂા. ૫,૦૦૦-૦૦
રૂા. ૧,૦૦,૦૦૦ (રૂા. પચાસ હજારથી રૂા. એકલાખ) સુધીની વગર વ્યાજે મક
ખરીદ કરવા માટે તેમજ મકાન રીપેરીંગ કરવા માટે રૂા. ૪૦,૦૦૦ (ચાલી
હજાર) સુધીની લોન આપવી કે કેમ અને આ લોન ૧૨૦ સરખા હપ્તે માસિ
પગારમાંથી કપાત કરવી કે કેમ ?

(બી) સામાજીક પ્રસંગે લોન :- સંસ્થામાં કામ કરતાં કામદારો-કર્મચારીઓને તેમ
કુટુંબમાં તેમના દીકરા દીકરીના લગ્ન પ્રસંગે કે અન્ય કોઈપણ સામાજીક પ્રસં
રૂા. ૧૦,૦૦૦-૦૦ થી રૂા. 30,000 સુધીની લોન આપવી કે કેમ અને આ લો
માસિક પગારમાંથી ૬૦ સરખા હપ્તે કપાત કરવી કે કેમ ?

માંગણી નં. ૮ : રજાઓ :-

(એ) કેજ્યુઅલ રજા :- સંસ્થામાં કામ કરતાં પ્રત્યેક કામદાર-કર્મચારીને દર વર
૧૫ દિવસની પૂરા પગારે કેજ્યુઅલ રજાઓ આપવી કે કેમ ?

(બી) તહેવારની રજાઓ :- સંસ્થામાં કામ કરતાં કામદારો કર્મચારીઓને દર વર
૧૫ દિવસના પૂરા પગારે તહેવારની રજાઓ આપવી કે કેમ ? અને આ તહેવારન

દિવસે યુનિયન સાથે બેસીને નક્કી કરવા કે કેમ ?

સી) માંદગીની રજા :- સંસ્થામાં કામ કરતાં કામદારો કર્મચારીઓને દર વરસે ૧૫ દિવસના પૂરા પગારે માંદગીની રજાઓ આપવી કે કેમ ?

ડી) હક્કરજા :- સંસ્થામાં કામ કરતાં કામદારો કર્મચારીઓને દર વરસે ૩૦ દિવસનીભર પગારે પૂરા પગારે હક્કરજાઓ આપવી કે કેમ ?

ઇ) અકસ્માતની રજા :- સંસ્થામાં કામ કરતાં કામદારોને જ્યારે ફરજ દરમ્યાન અકસ્મતની સારવારના તમામ દિવસોનો પુરપુરો પગાર અકસ્માત પગાર તરીકે આપવો કે કેમ ? તેમજ સારવાર દરમ્યાનનો તમામ દવા દારૂનો હોસ્પીટલનો ખર્ચ આપવો કે કેમ ? અને કંપનીથી ઘેર અને ઘેરથી કંપની સુધી જવા આવવાના સમયે ફરજનો એક ભાગ ગણવો કે કેમ ?

એફ) યુનિફોર્મ :- સંસ્થામાં કામ કરતાં કામદારો કર્મચારીઓને દર વરસે નીચે મુજબનો યુનિફોર્મ આપવો કે કેમ ?

(૧) ત્રણ પેન્ટ- ત્રણ શર્ટ માથાની કેપ

(૨) ત્રણ જોડી ચામડાના બુટ

(૩) એક ગરમ કોટ તથા રેઈનકોટ

(૪) એક ગરમ જર્સી

(૯) મરણોત્તર લાભ :-

(અ) અંતિમક્રિયા ખર્ચ :- સંસ્થામાં કામ કરતાં કામદાર કર્મચારી ઉપર નભતા કુટુંબીજનો જેવા કે માતા-પતિા પત્નિ બાળકોના મરણના અંતિમ ક્રિયા ખર્ચ કરવા માટે રૂ. ૧,૦૦-૦૦ આપવા કે કેમ ? અને કામદાર કે કર્મચારીના મરણના અંતિમ ક્રિયા કરવા માટે રૂ. ૨,૦૦૦-૦૦ તેના વારસદારોને આપવા કે કેમ ?

(બ) કેસ બેનીફીટ :- સંસ્થામાં કામ કરતાં કામદાર-કર્મચારીનું ચાલુ ફરજ દરમ્યાન કે તેનું નામ હાજરી પત્રક ઉપર ચાલુ હોય ત્યારે તેવા કામદાર કે કર્મચારીના

અવસાન થાય ત્યારે કંપનીમાં કામ કરતાં કામદારો કર્મચારીઓને એક
પગારની કપાત કરી જે રકમ થાય તે રકમમાં બે ગણી રકમ ઉમે
વારસદારોને કેસ બેનીફીટ કરીતે કપાત કર્યાના સાત દિવસની અં
આપવા કે કેમ ?

(૧૦) ટ્રેડ યુનિયન સુવિધા :- સંસ્થામાં કામ કામદાર કર્મચારીઓના પ્રતિનિધિઓને યુનિયનની મીટીંગ, સેમીનાર સંમેલન, સરકાર માન્ય શિક્ષણ વર્ગમાં જવા આવવાના દિવસોનો પુરેપુરો પગાર ભરપાઇ કીર આપવી કે કેમ ? તેમજ મીટીંગ, સેમીનાર સંમેલન, કામદાર શિક્ષ સ્થળે જવા આવવાનો તમામ મુસાફરી ખર્ચ તેમજ હોલ્ડીંગ ખર્ચ ચ કેમ ?

(૧૧) ચેક ઓફ સીસ્ટમ :- સંસ્થામાં કામ કરતા કામદાર કર્મચારી કે જેઓ કામગાર પંચાયત યુનિયનના સભ્ય તરીકેનું ઓથોરીટી આપે તેવા ક કર્મચારીઓના પગારમાંથી લવાજમ કે ફાળો કપાત લઇ આ લવાજમ કે જે રકમ થાય તે રકમ ગુજરાત કામગાર પંચાયતના નામે પેય ચેક દ્વા કર્યાના સાત દિવસની અંદર મોકલી આપવો કે કેમ ?

(૧૨) ચાલુ લાભો :- સંસ્થામાં કામ કરતા કામદારો કર્મચારીઓને ઉપરોક્ત માં સિવાય કે બીજા અન્ય લાભો મળે છે તેવા તમામ લાભો અને સવલ રાખવી કે કેમ ?

(૧૩) અમલ :-

ઉપરોક્ત જણાવેલ તમામ માંગણીઓનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ર
કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ર૯મી માર્ચ, ર૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદા

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIV] THURSDAY, MAY 15, 2003 / VAISAKHA 25, 1925 [No. 20

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય ગાંધીનગર, તા. ૨જી મે, ૨૦૦૩.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૦૦૩-૪૬-આઈડીએ-૨૦૦૩-૦૯૧૫-મ(૪).—ગુજરાત સરકારને જાણ થયા મુજબ જ્યોતિ લીમીટેડ, ગોરવા, વડોદરાએ તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૦૩ થી તાળાબંધી કરેલ છે. મજુર ખાતાના ક્ષેત્રિય અધિકારીશ્રીઓ દ્વારા સંસ્થામાં ઉભી થયેલ મજુર પરિસ્થિતિના નિરાકરણ માટે પક્ષકારો સાથે દરમિયાનગીરી કરેલ છે. સદરહુ

સંસ્થાએ તા. ૨૬મી એપ્રિલ, ૨૦૦૩ની નોટીસ મૂકી બરોડા એન્જીનીયરીંગ વર્કર્સ કામદાર મંડળ સાથે તા. ૨૫મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૨(પી) હેઠળ સમાધાન કરીને તાળાબંધી ઉઠાવી લીધેલ છે. સદર તાળાબંધીની નોટીસ અને સંસ્થાએ યુનિયન સાથે જે સમાધાન કરેલ છે તે સમાધાન સાથે જ્યોતિ કર્મચારી મંડળ સંમત ન હોઇ, જ્યોતિ કર્મચારી મંડળના અસરગ્રસ્ત કામદારો પૂરતી સંસ્થાએ અંસત: તાળાબંધી ચાલુ રાખેલ છે.

તેથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-(૧)ના ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી વડોદરા ખાતેના ૧ નંબરના ઔદ્યોગિક ન્યાયપંચને નીચે નિર્દેશ કરેલ અનુસૂચિમાંની બાબતને તેનો ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલે છે અને ઉકત અધિનિયમની કલમ-૧૦(૩) હેઠળ મળેલી સત્તાની રૂએ આ હુકમની તારીખે ચાલુ રહેલ અંશત: તાળા બંધી ચાલુ રાખવા પર પ્રતિબંધ મૂકે છે.

ઉકત અધિનિયમની કલમ-૧૦(૨-ક) અન્વયે સદરહુ કેસનો ચુકાદો આપવાની સમય-મર્યાદા આ હુકમની તારીખથી ત્રણ માસ સુધીની ઠરાવવામાં આવે છે.

અનુસૂચિ

''તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૦૩થી સંસ્થાએ જાહેર કરેલ તાળાબંધીના સમયનો પગાર તમામ કામદારોને ચૂકવવો કે કેમ ? અને તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૦૩ થી જ્યોતિ કર્મચારી મંડળના અસરગ્રસ્ત કામદારોની તાળાબંધી ચાલુ રાખેલ છે તે તાળાબંધી ઉઠાવી લઇને તેમને નોકરી પર રાખવામાં આવે ત્યાં સુધીનો પગાર ચુકવવો કે કેમ ?''

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. કે. બામણીયા,

સરકારના ઉપ-સચિવ.

આંક-૧૯

સુરતના શ્રી પી. આર. દવે સાહેબની ઔદ્યોગિક અદાલત સમક્ષ

અપીલ (આઇ. સી.) નં. ૪/૧૯૯૨.

શ્રી સત્યદેવ ટી. પાંડે, **એપેલેન્ટ**
૫, જવાલાપ્રસાદ ચાવલ,
ગામડેવી રોડ, પોઇસર (ઇ.)
કાન્દીવલી, બોમ્બે-૪૦૦૦૬૭.

INDEX

વિરૂદ્ધ

૧. મેસર્સ ઝોરીક સિલ્ક મીલ્સ,
જી.આઇ.ડી.સી. ગુન્ડલાવ,
જી. વલસાડ. (ગુજરાત)

૨. શ્રી. એ. આઇ. ડોકટર, **રીસ્પોન્ડન્ટ.**
જજ, લેબર કોર્ટ,
વલસાડ.

બાબત : વલસાડની મજુર અદાલતે તેના સમક્ષની ટી. અરજી નં. ૪/૯૦ના કામમાં તા. ૨૯-૫-૯૨ ના રોજ કરેલ આખરી હુકમ સામે બી.આઇ.આર. એકટની કલમ-૮૪ મુજબ અપીલ.

ઉપસ્થિતિ : એપેલન્ટ તરફે શ્રી અશોકભાઇ ઇશ્વરલાલ એડવોકેટ.
રીસ્પોન્ડન્ટ તરફે ગેરહાજર

ચુકાદો

(૧) આ કામના એપેલેન્ટે મજુર અદાલત વલસાડ સમક્ષ ગેરકાયદેસર ટર્મીનેશન બાબત બી.આઇ.આર. એકટની કલમ-૭૮-૭૯ મુજબ ટી. અરજી નં. ૪/૯૦ રીસ્પોન્ડન્ટ સંસ્થા સામે દાખલ કરેલ. સદરહુ કામમાં વલસાડની મજુર અદાલતે બંને પક્ષના પુરાવા લઇ સુનાવણી કર્યા પછી તા. ૨૯-૫-૯૨ ના રોજ આંક-૨૩ થી હુકમ કરી એપેલેન્ટની અરજી અંશતઃ મંજુર કરેલી અને તેમણે રીસ્પોન્ડન્ટ સંસ્થાએ તેમની નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરેલ અને પડેલા દિવસોના પગારની કોઇ રકમ મેળવવા તેઓ હક્કદાર નથી તેમજ તા. ૧૦-૭-૮૪ થી ૨૩-૮-૮૪ સુધીના અકસ્માતની માંદગી દરમ્યાનના દિવસોનો પગાર રીસ્પોન્ડન્ટ કંપનીએ ચુકવી આપવો તેવો હુકમ કરેલ, સદરહુ હુકમથી પડેલા દિવસોના પગારની કોઇ રકમ મેળવવા હક્કદાર નથી તેવા ચુકાદાથી નારાજ થઇ એપેલેન્ટે સદરહુ ચુકાદાને તેટલા પુરતો પડકારવા માટે બી.આઇ.આર. એકટની કલમ-૮૪ મુજબ આ અપીલ રજુ કરી છે અને તેમાં નીચેના મુદ્દાઓ લીધા છે.

મુદ્દાઓ

(એ) અદાલતે તા. ૭-૧૦-૮૪ થી એપેલેન્ટના ટમીનેશનના કૃત્યને ગેરકાયદેસર ઠરાવ્યા તે તારીકથી સળંગ નોકરી સાથે પુનઃ સ્થાપિત કરવા તે તારીખથી સળંગ નોકરી સાથે પુનઃ સ્થાપિત કરવા ઠરાવેલ હોય, સામાન્ય રીતે તે તારીખથી પુરા પડેલા દિવસોનો પગાર દાદ તરીકે અપાવવો જોઇતો હતો.

(બી) સામાન્ય રીતે પડેલા દિવસનો પગાર ચુકવવા હુકમ કરવો તે નિયમ હોય તે મંજુર ન કરતા અદાલતે ભુલ કરી છે.

(સી) એપેલેન્ટના નિવેદનમાં સુસંગત નથી તેવું માનવામાં અદાલતે ભુલ કરી છે.

(ડી) મેનેજરનું નિવેદન સાચુ માનવામાં અદાલતે ભુલ કરી છે.

(ઈ) મેનેજરે કામ પર આવવા જણાવેલ હોવા બાબત સંમત નથી તેમ માનવામાં અદાલતે ભુલ કરી છે.

(એફ) એપેલેન્ટે મૌખિક હુકમ પુરવાર કરવા માટે સાક્ષી તપાસ્યા નથી તેમ માનવામાં અદાલતે ભુલ કરી છે કારણકે રીસ્પોન્ડન્ટે પણ આવો હુકમ નથી કર્યો તે બાબત સાક્ષી તપાસ્યા નથી.

(જી) એપેલેન્ટે રજુ કરેલ તકરાર કે તેને મૌખિક રીતે કામે ન આવવા જણાવવામાં આવ્યું છે તે બાબત પુરાવો રજુ કર્યો નથી અને ઉલટું તા. ૭-૧૦-૮૪ થી પરવાનગી વગર એપેલેન્ટ ગેરહાજર રહ્યા છે તેવું માનવામાં અદાલતે ભુલ કરી છે અને તે બાબત પુરાવાનું મુલ્યાંકન કરવામાં અદાલત નિષ્ફળ ગઈ છે.

(એચ) પડેલા દિવસોના પુરા પગાર બાબતની એપેલેન્ટની માંગણી ન્યાયી ગણી શકાય નહિ તેમ માનવામાં અદાલતે ભુલ કરી છે અને બેકવેઝીસ અંગે કાયદાનો મુદ્દો સમજવામાં અદાલત નિષ્ફળ ગઈ છે.

(આઈ) એપેલેન્ટ સામે ગેરહાજર, ગેરવર્તણુંક બાબત આરોપ મુકી શકાય તેમ માનવામાં અદાલતે ભુલ કરી છે.

(જે) અદાલતે એપેલેન્ટને શિક્ષા વિના જતા ના કરી શકાય અને તેથી બેકવેઝીસ તેની ગેરહાજરી માટે આપવા ન જોઈએ અને તે યોગ્ય સજા છે તેમ માનવામાં ભુલ કરી છે.

(કે) એપેલેન્ટને કામમાં રસ નથી તેમ માનવામાં અદાલતે ભુલ કરી છે.

(એલ) એપેલેન્ટના તા. ૨૪-૧૧-૮૪ ના પત્રનો તા. ૭-૧૨-૮૪ નો પત્ર તે યોગ્ય જવાબ છે તેમ માનવામાં અદાલતે ભુલ કરી છે.

(એમ) એપેલેન્ટના રહેણાંક મેનેજરના નિવાસ નજીક છે તે અંગેની પરિસ્થિતિઓને સમજવામાં અદાલતે ભુલ કરી છે.

(એન) રીસ્પોન્ડન્ટે પર દિવસ પછી પત્રથી જવાબ આપ્યો છે તેને સમજવામાં અદાલતે ભુલ કરી છે.

INDEX

(ઓ) જવાબ પછી પણ એપેલેન્ટ કામ પર જવા ઈચ્છુક નહોતા તેવું માનવામાં અદાલતે ભુલ કરી છે.

(પી-૧) અદાલતે રીસ્પોન્ડન્ટ સંસ્થાના મેનેજરે એપ્રોચ લેટર સ્વીકારવામાં ઈન્કાર કરેલ છે તે બાબત સમજવી જોઈતી હતી.

(પી-૨) અદાલતે એપેલેન્ટ ઉપર અનએમ્પ્લોઈમેન્ટ દબાણથી લાદવામાં આવી છે તેવું ઠરાવવું જોઈતું હતું.

(પી-૩) અદાલતે રીસ્પોન્ડન્ટે તા. ૭-૨-૮૫ના પત્રનો જવાબ આપ્યો નથી તેવું માનવું જોઈતું હતું.

(પી-૪) અદાલતે એપેલેન્ટે આક્ષેપોનો ઈન્કાર કરેલ છે તે ધ્યાનમાં લેવું જોઈતું હતું.

(પી-૫) અદાલતે એપેલેન્ટને તા. ૭-૧૦-૮૪ થી કામ ઉપર આવતા અટકાવેલા છે તેવુંમાનવું જોઈતું હતું.

(પી-૬) રીસ્પોન્ડન્ટના જવાબોનો એપેલેન્ટે લેબર કોર્ટમાં ઈન્કાર કરેલ છે તે બાબત અદાલતે ધ્યાનમાં લેવું જોઈતું હતું.

(પી-૭) રીસ્પોન્ડેન્ટે રજી. એ. ડી. થી પત્રો મોકલ્યા હોવાની હકીકત અંગે નિવેદન ખોટું અને બીનપાયાદાર છે તેવું અદાલતે માનવું જોઈતું હતું.

(પી-૮) અદાલતે રીસ્પોન્ડેન્ટે આ અંગે ઉલટ તપાસમાં પત્રો મળ્યા અંગે કબુલ કર્યા હોવાનું માનવું જોઈતું હતું.

(પી-૯) અદાલતે રીસ્પોન્ડેન્ટ સંસ્થાએ એપેલેન્ટની નોકરી ટર્મીનેટ કર્યા અંગેનું ગેરકાયદેસરનું પગલું છુપાવવા પ્રયત્ન કર્યો છે તે સમજવું જોઈતું હતું.

(પી-૧૦) અદાલતે એપેલન્ટ કામે ચડવામાં રસ ધરાવે છે તેમ માનવું જાઈતું હતું.

એપેલેન્ટે તે પછીના પેરેગ્રાફ પી-૧૧ થી પી-૧૫ માં તેમના મુદ્દાઓનો પુનરોચ્ચાર કરેલો છે અને ત્યાર પછીના મુદ્દા નંબર ક્યુ થી અને આરથી પડેલા દિવસોના પગાર પુરતો મજુર અદાલતે હુકમ કરવો જોઈતો હતો અને તેનાથી વિરૂધ્ધનો હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી, પરવર્સ તેમજ કાયદો અને રેકર્ડ પરના પુરાવા વિરૂધ્ધનો છે તેવી રજુઆત કરેલી છે અને અપીલમાં તેટલા પુરતો હુકમ રદ કરી એપેલેન્ટને પડેલા દિવસોનો પુરો પગાર ચુકવવા હુકમ કરવા દાદ માંગી છે.

(૨) અદાલતે આ અપીલ અંગેનું કોર્ટનું રેકોર્ડ તપાસવા માટે મંગાવેલ છે જે અપીલમાં

INDEX

સામેલ છે અને રીસ્પોન્ડન્ટ માલિક સંસ્થાને આ અંગે નોટીસ બજાવેલ છે. પ્રારંભિક તબક્કે માલિક સંસ્થા હતી. એડવોકેટશ્રી હેમંતભાઈ દેસાઈ આ કામમાં હાજર થયેલા પરંતુ આંક-૯ ની પુરસીસથી તેઓ સંસ્થા વતી વકીલ તરીકે નિવૃત્ત થયેલ તે સંજોગોમાં અદાલતે ફરી રીસ્પોન્ડન્ટ સંસ્થાને નોટીસ બજાવેલ છે, જે નોટીસ બજી ગયેલ અને તેની રજી. એડી.ની પહોંચ આ કામમાં સામેલ છે, પરંતુ તે પછી પણ સંસ્થા હાજર થઈ નથી કે કોઈ લેખીત રજુઆત સંસ્થાએ કરેલ નથી.

(૩) પડેલા દિવસોના પગાર પુરેપુરા ચુકવવા બાબતના મર્યાદીત મુદ્દાઓ અંગેની આ અપીલમાં એપેલેન્ટના એડવોકેટશ્રી અશોકભાઈ ઇંટવાલાની દલીલો સાંભળવામાં આવી છે અને તેમને એવી રજુઆત કરી છે કે, સામાન્ય રીતે ગેરકાયદેસર છુટો કરેલ છે તેવું પુરવાર થાય તો કામદારને ગેઈનફુલ એમ્પ્લોઈમેન્ટમાં તે હતો તેવું પુરવાર ન થાય ત્યારે પડેલા દિવસોના તમામ પગાર મેળવવા હકદાર છે તેવો કાયદો છે અને ગેઈનફુલ એમ્પ્લોઈમેન્ટ પુરવાર કરવાની જવાબદારી માલીક પક્ષે છે જે આ કામમાં પુરવાર થતી નથી તે સિવાય પડેલા દિવસોનો પગાર ન ચુકવવાના કોઈ કારણો હોય શકે નહિ તે સંજોગોમાં આંક-૨૩ના ચુકાદામાં પાના નંબર ૮ થી જે તારણો રજુ થયેલ છે તે પુરાવા ઉપર આધારીત નથી તે દ્રષ્ટિએ અદાલતનો હુકમ કાયદા વિરૂધ્ધનો છે અને તેથી પડેલા દિવસોના સંપૂર્ણ પગાર ચુકવવા આ અપીલમાં હુકમ કરવો જોઈએ. તેમની દલીલોના સમર્થનમાં શ્રી ઇંટવાલાએ નીચેના ચુકાદાઓનો ઉલ્લેખ કરેલ છે.

(૧) ૧૯૮૮ (૨) એલ. એલ. એન. ૮૮૩ (બોમ્બે)

(૨) ૧૯૮૮ (૨) સી. એલ. આર. ૧૪૦ (સુપ્રિમ કોર્ટ)

(૩) ૧૯૮૮ (૨) સી. એલ. આર. ૧૫૫ (બોમ્બે)

(૪) ૧૯૯૨ (૨) જી. એલ. એચ. ૬૭૧ (ગુજરાત)

(૫) ૧૯૯૩ (૧) એલ. એલ. એન. ૩૭૯ (ગુજરાત)

(૪) આ કામમાં શ્રી અશોકભાઈ ઇંટવાલા એપેલેન્ટ તરફે કહે છે તેમ એપેલેન્ટને મજુર અદાલતે સંપૂર્ણ પડેલા દિવસોનો પુરો પગાર ચુકવવા હુકમ કરવો જોઈતો હતો કે કેમ અને મજુર અદાલતે અરજી અંશત મંજુર કરતો ચુકાદો આપેલ છે તે ગેરકાયદેસરનો છે કે કેમ? તેમજ એપેલેન્ટ પડેલા દિવસોના સંપૂર્ણ પગાર મેળવવા હકદાર છે કે કેમ ? તે બાબત રજુઆત છે અને મુદ્દાઓનો આ અદાલતે નિર્ણય કરવાનો છે. પ્રથમ એ બાબતની નોંધ લઈ કે શ્રી અશોકભાઈ ઇંટવાલાએ રજુ કરેલા ચુકાદાઓમાં ટમીનેશન ઈલલીગલ હોય રીટેન્ચમેન્ટડીસ મીસલ-ડીશચાર્જ વગેરે રીતે છુટા કર્યા હોય અને તે હુકમ કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો ઠરે ત્યારે જો કામદારો ગેઈનફુલ એમ્પ્લોઈમેન્ટમાં છે તેવું પુરવાર ના થાય તો સામાન્ય રીતે પડેલા દિવસોના પુરા પગાર માટે કામદારો હકદાર છે તેવું ઠરાવવામાં

આવેલ છે આ પ્રસ્થાપિત થયેલ કાયદાનો સિધ્ધાંત છે. આજ ચુકાદાઓ આધાર રાખ્યો તો અરજદારની અરજીમાં પુનઃસ્થાપિત કરતી વખતે મજુર અદાલતે ઈલલીંગલ ટર્મીનેશન-ડીસમીશલ-ડીસચાર્જ-રીટેન્ચમેન્ટ આમાનું કંઈ ઠરાવેલું છે ખરૂં ? તે પહેલા તપાસવું જોઈએ. જો તે પ્રમાણે ઠરાવવામાં ના આવ્યું હોય તો કામદારને પુનઃસ્થાપિત કરવાની હુકમ પોતેજ પાયાવિનાનો અને ગેરકાયદેસરનો થઈ જાય અને જો પુનઃસ્થાપિત કરવાનો હુકમ ગેરકાયદેસરનો અને પાયા વિનાનો હોય તો અરજદારની અપીલ ના મંજુર કરવા સિવાય બીજો કોઈ રસ્તો આ અદાલત પાસે ના રહે. હવે એ બાબત નોંધવી જોઈએ કે મજુર અદાલતે કામદારને સંસ્થાએ ગેરકાયદેસર રીતે છુટા કર્યા છે તેવું ઠરાવેલ નથી , એટલે તે મુદ્દો જે રીતે નિર્ણીત થયો હોય તે રીતે મજુર અદાલતમાં તે વિષય ના હોય આ અદાલતે જવાનું નથી. આ મુદ્દા અંગે મજુર અદાલતે તેના ચુકાદામાં અનેક જગ્યાએ સ્પષ્ટ તારણ નીચે મુજબ આપેલ છે, ''આમ ઉપરોક્ત ચર્ચા જોતા સ્પષ્ટપણે સાબિત થાય છે કે અરજદાર તા. ૭-૧૦-૮૪થી સંસ્થામાં વગર પરવાનગીએ ગેરહાજર રહેતા હતા.'' (પારા-૧૦)'' આમ અરજદારને તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૮૪ના રોજ મૌખીક હુકમથી તારીખ ૭મી ઓકટોબર ૧૯૮૪ થી છુટા કર્યાની હકીકત સ્પષ્ટપણે સાબિત થતી નથી પરંતુ ઉપરોક્ત પેરામાં ચર્ચા કરી તે મુજબ તારીખ ૭મી ઓકટોબર ૧૯૮૪ થી અરજદાર સ્વેચ્છાએ ગેરહાજર રહેતા હતા, તે હકીકત પુરવાર થાય છે.'' (પારા-૧૧). હવે અરજદારની અરજીમાં ગેરકાયદેસર ટર્મીનેશને પડકારવામાં આવ્યું હોય અને જો ગેરકાયદેસર ટર્મીનેશન પુરવાર ન થતું હોય તો આખી અરજી સંપૂર્ણ રીતે રદ થાય અને મજુર અદાલતે તે પ્રમાણે જ કરવું જોઈતું હતું, એટલે કે પુનઃસ્થાપનનો મજુર અદાલતનો હુકમ પોતે કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો અને અયોગ્ય છે અને પડેલા દિવસોના પગાર ચુકવવાનો આધાર ગેરકાયદેસર ટર્મીનેશન પુરવાર થાય છે કે કેમ તે બાબત પર છે, ત્યારે મજુર અદાલતે અરજદારને અપાવેલી અંશતઃ દાદ પણ અપાવવા માટે મજુર અદાલતને હકુમત નથી. મજુર અદાલતે સજા તરીકે પણ તે બાબતમાં કામ ન ચાલ્યું હોય ત્યારે પણ પડેલા દિવસોનો પગાર કાપવાનો પ્રશ્ન રહેતો નથી કારણ કે આક્ષેપ બાબત ઈન્કવાયરી સિવાય શિક્ષા કરવાની હકુમત પણ મજુર અદાલતની નથી અને તેથી માંદગીની રજાઓ બાબત વેતન ચુકવવાની અને બાકીનો પગાર ન ચુકવવાની મજુર અદાલતની સૂચના સંસ્થાને છે. મજુર અદાલતે પોતાના એક નિર્ણય વિરૂધ્ધ બીજો નિર્ણય કરવો જોઈએ નહી, કાં તો ટર્મીનેશન ઈલલીંગલ ઠરે અને તે સંજોગોમાં કામદાર ગેઈનફુલ એમ્પ્લોઈમેન્ટમાં છે તેમ પુરવાર થતું ન હોય તો પડેલા દિવસોના પગાર મળે અથવા ટર્મીનેશન પુરવાર થતું નથી કે ઈલલીંગલ નથી તેવું ઠરે તો ટર્મીનેશનની અરજી રદ થાય. આ સ્વાભાવિક પરિણામ આવે, તે સંજોગોમાં તમામ રીતે અરજી અંશતઃ મંજુર કરવાનો મજુર અદાલતનો હુકમ પણ કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો છે અને તે સંજોગોમાં પડેલા દિવસોનો પગાર મેળવવા માટેની એપેલેન્ટની આ અપીલ ટકી શકે તેમ નથી અને રદ થવા પાત્ર છે, તેમ છતાં જયારે મજુર અદાલતે પુનઃસ્થાપનનો હુકમ કરેલ છે અને માલિક સંસ્થાએ હાજર થઈ તેને પડકારેલ

INDEX

નથી, તે સંજોગોમાં આ અદાલત તેટલા પુરતા હુકમમાં દખલ અંદાજી કરવા ઇચ્છતી નથી અને તેટલા પુરતો હુકમ કાયમ રાખે છે તે સ્પષ્ટ કરવું જોઇએ.

(૫) ઉપરોકત કારણોસર આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

એપેલેન્ટની આ અપીલ ના મંજુર કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

આંક-૧૭

ઔદ્યોગિક અદાલત સુરત દ્વારા
શ્રી પી. આર. દવે સમક્ષ
રીવીઝન અરજી (આઇ.સી.) નં. ૯/૯૫.

લક્ષ્મી ફેબ્રીક્સ, **અરજદાર,**
ઠે. રોડ નં. ૭, ૮૩૫/૩,
બાંગ્લાદેશ, સચીન, જી.આઇ.ડી.સી.,
સચીન, સુરત.

વિરૂદ્ધ

૧. રોકસ માતમબદલ ગુપ્તા, **સામાવાળા.**
ઠે. C/o.અશોક એન. ઇંટવાલા,
૬, મહીલા વિશ્રામ શોપીંગ સેન્ટર,
વસંત ટોકીઝ પાસે, નવસારી.

૨. રામ ગોપાળ હરગોવિંદ વર્મા,
ઠે. ઉપર મુજબ

૩. અશોક વિક્રમ મૌર્ય,
ઠે. ઉપર મુજબ

૪. દેવીદયાળ હરીચંદ્ર ચૌહાણ,
ઠે. ઉપર મુજબ

૫. પ્રકાશ માતાબદલ ગુપ્તા,
ઠે. ઉપર મુજબ.

INDEX

બાબત : સુરતની ત્રીજી મજુર અદાલત સમક્ષની ઓ.ટી. અરજી નં. ૩૨/૯૫ના કામમાં મજુર અદાલતે આંક-૯ તથા આંક-૧૨ નીચે કરેલ હુકમ વિરૂદ્ધ બી.આઇ.આર. એકટની કલમ-૮૫ મુજબ રીવીઝન.

ઉપસ્થિતિ : અરજદાર તરફે : એડવોકેટ શ્રી આર. એ. વ્યાસ.
સામાવાળા તરફે : એડવોકેટ શ્રી અશોકભાઇ એન. ઇંટવાલા.

ચુકાદો

(૧) આ રીવીઝન અરજીની હકીકત એવી છે કે આ કામના સામાવાળા કામદારે સુરતની ત્રીજી મજુર અદાલત સમક્ષ ઓ. ટી. અરજી નં. ૩૨/૯૫, તા. ૪-૧૦-૯૫ ના રોજ દાખલ કરી ગેરકાયદેસર તાળાબંધીને પડકારેલ અને તેને આનુસાંગિક દાદો માંગેલ. સદરહુ કામમાં તેમને આંક-૨ થી કલમ-૧૧૯ (ડી) હેઠળની મનાઇ હુકમની અરજી પણ આપેલ જેની નોટીસ બજતા તે કામના સામાવાળા સંસ્થા અને આ કામના અરજદાર અદાલત સમક્ષ હાજર થયેલ અને તા. ૧૨-૧૦-૯૫ના રોજ આંક-૯ની અરજી અદાલતને હકુમત ન હોવા અંગે પ્રાથમિક મુદ્દો ઉભો કરી તેનો નિર્ણય કરવા માટે અદાલતમાં રજુ કરેલ અને તેમાં કુલ ૮ મુદ્દાઓ ઉભા કરેલ, જે વખતે તેમને મુળ અરજી તથા મનાઇ હુકમની અરજીનો જવાબ રજુ કરેલ નહિ, તે સંજોગોમાં તે કામના અરજદારે પ્રાથમિક મુદ્દા અંગેની સુનાવણી સામે વાંધો લેતો જવાબ આંક-૧૦થી રજુ કરી મનાઇ હુકમની અરજી સાંભળવા રજુઆત કરી, તે પછી સંસ્થાએ આંક-૧૪થી તેનો મુખ્ય અરજી અને મનાઇ હુકમની અરજી સામેનો જવાબ રજુ કરેલ, તે પહેલા આંક-૧૨ની અરજી આપી સંસ્થાએ એવી રજુઆત કરેલ કે હકુમત અંગેનો પ્રશ્ન પહેલા નકકી કરી કામ ચલાવવું જોઇએ, તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે, તેથી તે પ્રાથમિક મુદ્દા અંગે પ્રથમ કામ ચલાવવા વિનંતી છે, સુરતની મજુર અદાલતે આંક-૯ અને આંક-૧૨ નીચે સુનાવણી કરી આ પ્રાથમિક મુદ્દાને પહેલા સાંભળવાની આ બંને અરજીઓ રદ કરેલ છે, તેનાથી નારાજ થઇ સંસ્થાએ હાલની રીવીઝન આ અદાલત સમક્ષ રજુ કરી નીચલી અદાલતનો હુકમ ગેરકાયદેસર ઠરાવી રદ કરવા અને નીચલી અદાલતને આંક-૯ની પ્રાથમિક મુદ્દા અંગેની અરજીની સુનાવણી પહેલા કરવા હુકમ કરવા દાદ માંગી છે અને તેના કારણે રીવીઝન અરજીમાં પાના-૩ થી ૭ પર ૧૦ મુદ્દાઓ રજુ કરી જણાવેલ છે.

(૨) આ અરજી અંગે આ કામના સામાવાળા કામદારોને નોટીસ કરવામાં આવતા તેઓ તેમના એડવોકેટ શ્રી અશોકભાઇ ઇંટવાલા મારફતે અદાલતમાં હાજર થયેલા છે.

(૩) આ કામમાં બંને પક્ષના વકીલોની રજુઆત સાંભળવામાં આવી છે અને તે રજુઆતો મુજબ પ્રાથમિક મુદ્દાની અરજી અદાલતની હકુમત નકકી કરવા બાબત અને અદાલતની હકુમત નથી, તેવી રજુઆત બાબતની હતી તે બાબત કોઇ તકરાર નથી, તે સંજોગોમાં કાયદાની પરિસ્થિતિ બહુ સ્પષ્ટ છે કે જયા અદાલતની હકુમતને

INDEX

પડકારવામાં આવેલ હોય ત્યાં અદાલતને હકુમત છે કે કેમ? તે મુદ્દો વિવાદના મુળ સુધી જતો હોય અને જો તે હકુમત ન રહેતી હોય તો અદાલત અન્ય કોઇપણ મુદ્દાઓનો નિર્ણય કરવા હકુમત કે સક્ષમતા ધરાવતી નથી, તેથી કામ આગળ ચલાવવાપણું ન રહે અને અદાલત હકુમત ન હોવા છતાં અન્ય કોઇ નિર્ણય કરે તો તે નિરર્થક થઇ જાય, આ સંજોગોને ધ્યાનમાં લઇને મજુર અદાલતે હકુમત અંગેનો પ્રાથમિક મુદ્દો રજુ કરતી આંક-૯ની અરજીનો પ્રથમ નિર્ણય કરવો જોઇએ, તે સંજોગો સ્પષ્ટ છે. આ દલીલ સાંભળતી વખતે બંને પક્ષના એડવોકેટ તરફથી સહકારભર્યુ વલણ અપનાવી આ મુદ્દો સ્વીકારી પ્રાથમિક મુદ્દા અંગેની વચગાળાની અરજીનો પ્રથમ ન્યાય નિર્ણય કરવા મજુર અદાલતને હુકમ કરવો જોઇએ, તેવી પુરસીસ આંક-૬થી રજુ કરવામાં આવી છે.

(૪) ઉપરોક્ત કારણોસર આ રીવીઝન અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

સુરતની મજુર અદાલતનો આંક-૯ અને આંક-૧૨ની અરજી રદ કરતો હુકમ રદ કરવામાં આવે છે અને મજુર અદાલતને તેની સમક્ષની ઓ.ટી. અરજી નં. ૯૨/૯૫માં પ્રાથમિક મુદ્દા અંગેની આંક-૯ની અરજી અંગે પ્રથમ સુનાવણી કરી તેનો નિર્ણય પ્રથમ કરવા હુકમ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૪મી માર્ચ, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
અધિક્ષક,
ઔદ્યોગિક અદાલત, સુરત.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

આંક ૧૨

સુરતના શ્રી પી. આર. દવે સાહેબની ઔદ્યોગિક અદાલત સમક્ષ

રીવીઝન અરજી (આઇ.સી.) નં. ૮/૨૦૦૧

૧. ટી. એમ. વેંકટપતિ, **અરજદાર ;**
વાઇસ પ્રેસીડન્ટ,
મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ,
ઠે. વેજલપુર રોડ, નવસારી-૩૯૬૪૪૫.

૨. ફેકટરી મેનેજરશ્રી,
મફતલાલ ઈન્ડ. લી. (ટેક્ષટાઈલ ડીવીઝન),
ઠે. વેજલપુર રોડ, નવસારી-૩૯૬૪૪૫.

વિરૂધ્ધ

રમેશભાઈ ડુંગરભાઈ ટેલ, **સામાવાળા.**
ઠે. વોર્ડ નં. ૧૦, રૂમ નં. ૭૦૭,
જૈન દેરાસર પાસે, રાયચંદ રોડ,
નવસારી-૩૯૬૪૪૫.

બાબત : નવસારીની મજુર અદાલતે તેના સમક્ષની ઓ. ટી. અરજી નં. ૧૭/૨૦૦૧ના કામમાં આંક-૧૨ની અરજી હેઠળ કરેલ હુકમ સામે બી.આઈ.આર. એકટની જોગવાઈ મુજબ રીવીઝન અરજી.

ઉપસ્થિતિ: અરજદાર તરફે એડવોકેટ શ્રી સતીશ પંડયા,
સામાવાળા તરફે એડવોકેટ શ્રી અશોકભાઈ ઇંટવાળા.

ચુકાદો

(૧) આ કામના અરજદારો (મુળ ઓ.ટી. અરજી નં. ૧૭/૨૦૦૧ના સામાવાળા નં. ૨ અને ૩, જેને હવે પછી આ કામમાં અરજદારો તરીકે ઉલ્લેખવામાં આવશે) એ હાલની રીવીઝન અરજી આ કામના સામાવાળા રમેશભાઈ ડુંગરભાઈ પટેલ (મુળ ઓ.ટી. અરજી નં. ૧૭/૨૦૦૧માં અરજદાર કામદાર, જેને હવે પછી આ કામમાં સામાવાળા કામદાર તરીકે ઉલ્લેખવામાં આવશે.) સામે આ રીવીઝન અરજી રજુ કરી એવી રજુઆત કરી છે કે આ કામના સામાવાળા કામદારે મજુર અદાલત નવસારી સમક્ષ હાલના અરજદાર વિરૂદ્ધ તથા તે કામના સામાવાળા નં. ૧ મીલ કંપની સામે ઓ. ટી. અરજી નં. ૧૭/૨૦૦૧ દાખલ કરી તેમાં મનાઈ હુકમની અરજી પણ રજુ કરેલી, તે કામમાં હાલના અરજદારોએ આંક-૧૦ થી તેમનો વિગતવાર જવાબ રજુ કરેલો અને કેટલાંક પ્રાથમિક મુદ્દા ઉપસ્થિત કરેલા તેમજ પ્રાથમિક મુદાની તકરાર ઉપસ્થિત કરતી એક અરજી તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૧ના રોજ આંક-૧૨ થી કરેલી જેની સુનાવણી કરી મજુર અદાલતે સદરહુ અરજીમાં અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે, જેનાથી નારાજ થઈ આ કામમાં અરજદારોએ આ રીવીઝન અરજી દાખલ કરી એવી હકીકત રજુ કરી છે કે મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લી. એ કંપની એકટ હેઠળ નોંધાયેલી કંપની છે, તે બાબતે તકરાર ન હોવા છતા આ કામના બંને અરજદારોને ઓ.ટી. અરજી નં. ૧૭/૨૦૦૧ માં ખોટી રીતે જોડવામાં આવ્યા છે અને તેમના નામો તે અરજીના કામે દુર કરવા જોઈએ યાને કે નામ ડીલીટ

INDEX

કરવા જોઈએ, તેવી અરજદારોની રજુઆત છે. નવસારીની મજુર અદાલતે આંક-૧૨ ઉપર કરેલા હુકમથી નારાજ થઈ હાલની રીવીઝન નીચેના મુદ્દાઓ ઉપસ્થિત કરી કરવામાં આવી છે.

મુદ્દાઓ

(એ) નામદાર નવસારીની મજુર અદાલતે અમો અરજદારની આંક-૧૨ની અરજી રદ કરવામાં મોટી ભુલ કરી છે. તમામ હકીકત તથા સંજોગોમાં નામદાર નીચલી અદાલતે અમો બંને અરજદારોની આંક-૧૨ની અરજી મંજુર કરી અમો અરજદારના નામ ડીલીટ કરવાનો હુકમ કરવાની આવશ્યકતા હતી.

(બી) નામદાર નીચલી અદાલતે બી.આઈ.આર. એક્ટની કલમ-૨ (૧૪) નું અર્થઘટન કરવામાં મોટી ભુલ કરી છે. સદર એક્ટની તે કલમ વાંચતા તથા તેનું અર્થઘટન કરવામાં આવે તો હાલના કામના અમો બંને અરજદારો તથા મુળ કામના અમો સામાવાળા નં. ૨-૩નાનો માલિકની વ્યાખ્યામાં સમાવિષ્ટ થઈ શકે તેમ નથી.

(સી) નામદાર નીચલી અદાલતે બી.આઈ.આર. એક્ટની કલમ-૪૬ તથા બી.આઈ.આર. એક્ટની કલમ-૨ (૧૪)ને સાંકળી લઈ જે અર્થઘટન કર્યું છે તે કાયદાની જોગવાઈની ઉપરવટ જઈ કર્યું છે. સદર કાયદાની જોગવાઈનું અર્થઘટન કરવામાં તથા તેની ભાવના તથા હાર્દ સમજવામાં નામદાર નીચલી અદાલતે મોટી ભુલ કરી છે.

(ડી) નામદાર નીચલી અદાલતે આંક-૧૨ની અરજીમાં સમાવીષ્ટ પ્રશ્ન કાયદા અને હકીકતનો સવાલ હોવાનું ઠેરવ્યું છે. મુળ કામના અરજદારો તરફે આવી કોઈ રજુઆત થઈ ન હોવા છતા આંક-૧૨ની અરજીમાં સમાવિષ્ટ તકરાર કાયદા અને હકીકતનો સંયુક્ત સવાલ હોવાનું ઠેરવવામાં અને તે કારણે અરજી રદ કરવામાં મોટી ભુલ કરી છે. તમામ સંજોગો, હકીકત તથા કાયદાની પરિસ્થિતિ જોતા આંક-૧૨થી ઉપસ્થિત કરવામાં આવેલો મુદ્દો માત્ર કાયદાનો સવાલ છે અને નામદાર નીચલી અદાલતે તે માત્ર કાયદાનો પ્રશ્ન હોવાનું ઠેરવવાની આવશ્યકતા હતી.

(ઈ) નામદાર નીચલી અદાલતે આંક-૧૨ની અરજીનો નિર્ણય કરતા બી.આઈ.આર. એક્ટની કલમ-૭૮નુ તથા ૭૯નું જે અર્થઘટન કર્યું છે તે ખરૂં નથી. ''માલીક'' શબ્દનું અર્થઘટન કરવામાં તથા તેનો સંદર્ભ તથા હાર્દ સમજવામાં તથા કાયદાની સ્પષ્ટ જોગવાઈઓનું વિશ્લેષણ કરવામાં નવસારીની મજુર અદાલતે મોટી ભુલ કરી છે.

INDEX

(એફ) નામદાર નવસારીની મજુર અદાલતે આંક-૧૨ થી ઉપસ્થિત પ્રાથમિક મુદ્દો કાયદા તથા હકીકતનો સંયુકત સવાલ હોઈ અને પક્ષકારો તરફે સાક્ષી પુરાવા સહીતની તમામ હકીકતો રજુ કરવામાં ન આવે ત્યાં સુધી તે બાબતે નિર્ણય લઈ શકાય તેવું જે તારણ કાઢ્યું છે તે કાયદાની જોગવાઈથી વિપરીત તારણ છે.

(જી) ધી મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લી. એ કંપનીઝ એકટ હેઠળ નોંધાયેલી કંપની છે તે હકીકતની કોઈ તકરાર ન હોવા છતા તથા તે હકીકતનો મુળ અરજદાર તરફે સ્વીકાર કર્યો હોવા છતાં ધી કંપનીઝ એકટની કલમ-૩૪નું અર્થઘટન કરવામાં નામ, નીચલી અદાલતે મોટી ભુલ કરી છે. સદર કાયદાની જોગવાઈ જોતા નોંધાવેલી કંપનીનું સ્વતંત્ર વ્યકિતત્વ સ્વીકારવામાં આવ્યુ છે જે હકીકતને ધ્યાનમાં ન લેવામાં નામદાર નીચલી અદાલતે મોટી ભુલ કરી છે.

(એચ) નામદાર નીચલી અદાલતે સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૨૯ રુલ્સ ૧-૨-૩ ની જોગવાઈઓનું અર્થઘટન કરવામાં મોટી ભુલ કરી છે. નામદાર નીચલી અદાલતે પોતાના હુકમમાં આંક-૧૨ ની અમો અરજદારની અરજી નામંજુર કરતા નીચે મુજબનું તારણ કાઢ્યું છે. ''સામાવાળાએ આ કામે સી.પી.સી. ઓર્ડર-૨૯ રુલ્સ ૧-૨-૩ અન્વયે સામાવાળા નં. ૨ તથા ૩ ને પક્ષકાર તરીકે રદ કરવા જણાવેલ છે. પરંતુ બી.આઈ.આર. એકટની સ્પષ્ટ જોગવાઈઓ જોતા સામાવાળાની આ રજુઆત ટકી શકે તેમ નથી.'' હકીકતમાં સીવીલ પ્રોસીજર કોડની ઉપરોકત જોગવાઈ તથા બી.આઈ.આર. એકટની આ સંદર્ભેની જોગવાઈઓ એક બીજાની પુરક, અનુકુળ તથા સુસંગત છે. એકબીજાની વિરોધી નથી. નામદાર નીચલી અદાલતનું તારણ જોતાં પણ નામદાર નીચલી અદાલતે ધી કંપનીઝ એકટની કલમ-૩૪ સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર-૨૯ રુલ્સ ૧-૨-૩ની જોગવાઈઓ તથા તે સંદર્ભે બી.આઈ.આર. એકટની કલમ-૨ (૧૪), ૪૬ તથા ૭૮-૭૯નું અર્થઘટન કરવામાં મોટી ભુલ કરી છે.

(આઈ) સીવીલ પ્રોસીજર કોર્ડ ઓર્ડર-૨૯ રુલ્સ ૧-૨-૩ની જોગવાઈ જોતા અમો અરજદારની આંક-૧૨ ની અરજી પાયા વગરની હોવાનું નામદાર નીચલી અદાલતે જે તારણ કાઢ્યું છે તે ખોટું છે.

(જે) હાલના અરજદારો તરફે ડૉ. નંદલાલનો સીવીલ પ્રોસીજર કોર્ડ બીજી આવૃત્તિ પાન નં.-૩૧૪૪ની નોટ નંબર-૩ ઉપર કરવામાં આવેલી ચર્ચાનો દર્શાવેલો ભાગ ધ્યાનમાં ન લેવામાં તથા આંક-૧૨ની અરજી નામંજુર કરવામાં મોટી ભુલ કરી છે.

(કે) આ કામના સામાવાળાએ મુળ અરજીના કામે નિ. ૭/૧૧, ૭/૧૪, ૭/૧૯ થી મીલ કંપનીને જુદે જુદે તબક્કે આપેલી નોટીસની રજુ કરેલી સ્થળપ્રત છે. નિ. ૭/૧૧, તારીખ ૧૧મી મે, ૨૦૦૧ના રોજની નોટીસ મુળ કામે માત્ર કંપનીને આપવામાં આવેલ છે, જ્યારે પાછલી બે નોટીસમાં હાલના અરજદારોને સંડોવવામાં આવ્યા છે. આમ મુળ અરજીના અરજદાર, હાલના સામાવાળાનો ઈરાદો અમો અરજદારને હેરાન પરેશાન કરવાનો હોવાનું ન ઠેરવી આંક-૧૨ની અરજી મંજુર ન કરવામાં નામદાર નીચલી અદાલતે મોટી ભુલ કરી છે.

(એલ) આ કામના સામાવાળાએ અમોને હેરાન પરેશાન કરવા ઓ.ટી. અરજી નં. ૧૦/૨૦૦૧ તથા ક્રીમીનલ અરજી નં. ૯/૨૦૦૧ની નવસારીની મજુર અદાલતમાં દાખલ કરેલી. ઓ.ટી. અરજી નં. ૧૭/૨૦૦૧ પણ અમોને હેરાન પરેશાન કરવાના ભાગ રૂપે કરવામાં આવી હોવાનું ન ઠેરવવામાં તથા આંક-૧૨ની અરજી મંજુર ન કરવામાં નામદાર નીચલી અદાલતે મોટી ભુલ કરી છે.

(એમ) અરજદારે દાખલ કરેલ ઓ.ટી. અરજી નં. ૧૭/૨૦૦૧ ના કામે માંગેલી દાદ જોતાં, અરજીનું સ્વરૂપ જોતા અમો અરજદાર જરૂરી પક્ષકાર નથી તેવું ન ઠેરવવામાં નામદાર નીચલી અદાલતે મોટી ભુલ કરી છે.

(એન) તમામ હકીકતો જોતા ન્યાય, સમન્યાયની દ્રષ્ટિએ તથા ઉપર જણાવ્યા મુજબ કાયદાનું સ્વરૂપ જોતા અમો અરજદારએ નામદાર નવસારીની મજુર અદાલતમાં રજુ કરેલ આંક-૧૨ ની અરજી મંજુર કરી અમો અરજદારના નામો ડીલીટ કરવાનો હુકમ કરવાની આવશ્યકતા હતી તેમ ન કરી નામદાર નીચલી અદાલતે મોટી ભુલ કરી છે.

(ઓ) તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ ઓ.ટી. અરજી નં. ૧૭/૨૦૦૧ નો ઠરાવ હતો તે સમયે અમો અરજદાર તરફે આંક-૧૨ ઉપર થયેલા હુકમ વિરૂદ્ધ રીવીઝનમાં જવાની લેખીત રજુઆત આંક-૧૩ થી કરેલી. તે અંગે મુળ કામના સામાવાળા અમો અરજદારો રૂા. ૩૦૦/- ચુકવી આપ્યેથી આગળની કાર્યવાહી કરવાની પરવાનગી આપવામાં આવે છે તેવો કરેલો હુકમ ન્યાયની જોગવાઈઓની ઉપરવટ જઈ કરવામાં આવેલો હોઈ તે રદ થવાને પાત્ર છે. તેવું ઠેરવવાની આવશ્યકતા છે.

(૨) આ કામમાં અરજદારોએ ઓ.ટી. અરજી નં. ૧૭/૨૦૦૧માં આંક-૧૨ હેઠળ

INDEX

કરવામાં આવેલ હુકમની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. ઉપરાંત તેમાંથી આંક-૧, આંક-૪૬, આંક-૧૦ અને આંક-૧૨ની અરજીની પ્રમાણીત નકલ પણ રજુ કરેલ છે.

(૩) આ કામમાં સામાવાળા કામદારને નોટીસ કરવામાં આવતા તે તેના એડવોકેટ મારફતે હાજર થયેલ છે તેમજ નીચલી અદાલતનો રેકોર્ડ પણ આ અદાલતે મંગાવેલ છે, જે આ કામમાં સામેલ છે.

(૪) આ કામમાં રીવીઝન ચાલે ત્યાં સુધી વચગાળાની મનાઈ હુકમની અરજી પર મનાઈ હુકમ માંગવામાં આવેલો અને બંને પક્ષકારોએ મુળ અરજીની કાર્યવાહી રીવીઝન અરજીનો આખરી નીકાલ ન થાય ત્યાં સુધી સ્ટે કરવામાં આવે તે સામે વાંધો નથી તેવું જણાવતા વચગાળાની અરજીનો તે પ્રમાણે નિકાલ કરવામાં આવેલો અને આ રીવીઝનમાં આખરી દલીલો સાંભળવામાં આવેલી.

(૫) અરજદારો તરફે દલીલ કરતા તેમના એડવોકેટશ્રી સતીશ પંડ્યાએ એવી રજુઆત કરી કે મુળ કામમાં સામાવાળા કામદારે કામના માથારૂપ તારીખ ૧૧મી મે, ૨૦૦૧ ના રોજ નોટીસ આપી છે તે માત્ર કંપનીને જ એટલે કે નં. ૧ને જ આપવામાં આવી છે અને ખરેખર તે નોટીસમાં આ કામના અરજદારોના નામ નથી અને તે પછી ફરી બીજો વિનંતીપત્ર મોકલવામાં આવ્યો જે તારીખ ૨જી જુલાઈ, ૨૦૦૧નો હતો અને તેમા ફેકટરી મેનેજરનું નામ નથી. આ સંજોગોમાં હકીકતો જોતાં સામાવાળા નં. ૨ અને ૩ તરીકે હાલના અરજદારોને ખોટી રીતે સંડોવવાનો અને હેરાન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તે વિચાર પાછળથી આવેલો છે. હકીકતમાં હાલના અરજદારો જરૂરી પક્ષકારો ન હતા કે યોગ્ય પક્ષકારો પણ ન હતા કારણકે કંપનીનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને તે કંપની એકટ હેઠળ નોંધાયેલ કંપની છે, જેનું અલગ અને સ્વતંત્ર વ્યકિતત્વ કાયદાએ આપેલું છે. જે કંપની એકટની કલમ-૩૪ જોતા જણાય આવે. શ્રી પંડયાએ એવી પણ દલીલ રજુ કરી કે ઓર્ડર-૨૯ રૂલ્સ ૧-૨-૩ જોતા પણ પક્ષકાર તરીકેનો કેસ માત્ર કંપની સાથે કરી શકાય તેમ છે અને જો સામાવાળા નં. ૨ અને ૩ એટલે કે, હાલના અરજદારો કોઈ રીતે જવાબદાર ન હોય તો તેમના નામ ડીલીટ કરવા જોઈએ. શ્રી પંડયાએ એવી પણ રજુઆત કરી કે આ કામમાં સીવીલ લાયાબીલીટીનો પ્રશ્ન છે અને તેથી કંપની સામે દાવો થઈ શકે કારણકે ક્રીમીનલ લાયાબીલીટીનો પ્રશ્ન નથી તેજ રીતે બી.આઈ.આર. એકટની કલમ-૨ (૧૪) નું અર્થઘટન કરવું પણ જરૂરી છે કારણકે, તે કલમ મુજબ સામાવાળા કામદારની જવાબદારી કોની હોઈ શકે તે નક્કી થઈ શકે અને તો જ સ્પષ્ટ થઈ જાય કે તેમાં એસોસીએશન એન્ડ ગ્રુપનો સમાવેશ થાય છે અને ઈન્ડીવીજ્યુઅલનો સમાવેશ થતો નથી અને આ મુળ કામના સામાવાળા નં. ૨ ગ્રુપ છે

INDEX

જ્યારે કલમ-૨ (૧૪) હેઠળ હાલના અરજદારોને આવરી લઈ શકાય નહિ અને કોઈપણ પ્રકારના વ્યાજબી કારણ વગર કોઈ વ્યકિતને પરેશાન કરવામાં ન આવે તે તેનો બંધારણીય અધિકાર છે. તેમની દલીલોના સંદર્ભમાં એ.આઇ.આર. ૧૯૮૦ સુપ્રિમ કોર્ટે ૧૧૬૩ પરનો મેસર્સ શાલીમાર શોપ વર્કસ લી.ના કેસમાનો ચુકાદો રજુ કરેલ છે. જેમાં કંપનીને સમન્સ બજાવવા અંગેની જોગવાઈની છણાવટ છે.

(૬) સામાવાળા કામદારો તરફે દલીલો કરતા શ્રી અશોકભાઈ ઇંટવાળાએ એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યું છે કે હાલના અરજદાર નં. ૧ વેંકટપતિ અને નં. ૨ ફેકટરી મેનેજર તરીકે કંપનીના કાર્ય બદલ જવાબદાર છે અને તે રીતે તેમણે વહીવટી બાબતોનો અમલ કરવાનો છે અને કંપની વતી તેઓ કાર્યવાહી કરતા હોઈ તેઓ જવાબદાર છે, જ્યારે સી.પી.સી. ઓર્ડર-૨૯ માં પક્ષકાર જોડવા વિશે કોઈ ઉલ્લેખ નથી તેમ બી.આઈ.આર. એકટમાં પણ પક્ષકાર જોડવા અંગે કોઈ બાધ નથી અને સંસ્થાના એજન્ટ તરીકે કામ કરતા કોઈપણ અધિકારી જવાબદાર હોવાથી તે કૃત્ય માટે પક્ષકાર તરીકે જોડી શકાય કારણકે તે માલીક વતી કાર્યવાહી કરે છે. શ્રી ઇંટવાલાએ એવી પણ રજુઆત કરી કે હાલના અરજદારોએ નોટીસનો જવાબ આપી આવી કોઈ બાબતનો ઉલ્લેખ કરેલ નથી કે તકરાર લીધી નથી ત્યારે તે પછી આવા ખોટા વાંધા કાઢે તે યોગ્ય નથી.

(૭) ઉપરોકત બંને રજુઆતોના સંદર્ભમાં આંક-૧૨ની અરજી નામંજુર કરવા મજુર અદાલતે કાયદાના અર્થઘટનમાં કે કાયદો સમજવામાં અને અનુસરવામાં તેના કાર્ય દરમ્યાન કોઈ ભુલ કરી છે કે કેમ અને તે રીતે મજુર અદાલતનો હુકમ કાયદાની જોગવાઈ વિરૂદ્ધનો છે કે કેમ તે રેકોર્ડ પરથી જોઈએ તો તે બાબત સ્વીકૃત છે કે સામાવાળા કામદાર કંપનીના કામદાર છે અને કંપની અને આ કામદાર વચ્ચે નોકર અને માલિકનો સંબંધ હોય કંપની સાથે કામદાર તેના ગેરકાયદેસર કૃત્ય માટે મજુર અદાલતમાં અરજી કરી દાદ માંગી શકે અને મજૂર અદાલતે માલિક સામે કામદારને દાદ આપી શકે અને કલમ-૭૮નાં જે જોગવાઈઓ છે તે જોતા એમ્પ્લોયર એટલે કે માલિક સામે જ અલગ અલગ બાબતોમાં પગલા લેવા કે વિવાદોમાં હુકમ કરવા મજુર અદાલતને હકુમત મળે છે એટલે કે માલિકની વ્યાખ્યામાં ન આવતી હોય તેવી કોઈ વ્યકિત કે સંસ્થા સામે મજુર અદાલતને હકુમત રહેતી નથી. આ અંગે બી. આઈ. આર. એકટની કલમ-૨ (૧૪) માં માલિક એમ્પ્લોયરની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે.

(૧૪) 'માલિક' માં

(ક) (એ) માલિકોની સંસ્થા અથવા સમૂહનો,

(ખ) (બી) માલિકનો કોઇ એજન્ટનો,

(ગ) (સી) રાજય સરકારના કોઇ વિભાગ તરફથી કોઇ ઉદ્યોગનું સંચાલન કરવામાં આવતું હોય અથવા તે ચલાવવામાં આવતો હોય ત્યારે તે અર્થે નિયત કરેલા અધિકારીનો અને આવો અધિકારી નિયત કરવામાં આવ્યો ન હોય ત્યારે તે વિભાગના વડાનો.

(ઘ)(ડી) સ્થાનિક સત્તામંડળ તરફથી અથવા તેના વતી કોઇ ઉદ્યોગનું સંચાલન કરવામાં આવતું હોય અથવા તે ચલાવવામાં આવતો હોય ત્યારે તે સત્તામંડળના કારોબારી અધિકારીનો.

(ચ)(ઇ) કોઇ અન્ડરટેકીંગના સંચાલન દરમિયાન અથવા તેનું સંચાલન કરવાના હેતુ માટે તે અન્ડરટેકીંગનો માલિક, અન્ડરટેકીંગનો સામાન્ય રીતે ભાગ હોય તેવું કોઇ કામ પુરેપુરૂં અથવા અંશમાં, માલિકના નોકર અથવા એજન્ટ સિવાયની બીજી કોઇ વ્યકિતને સોંપે ત્યારે તે અન્ડરટેકીંગના માલિકનો''.

આ વ્યાખ્યા જોતા તેમાં માલિક તરીકે કોઇ એસોસીએશન કે માલિકોના સમૂહ કે માલિકના એજન્ટનો સમાવેશ થાય છે. હવે તે બાબત સ્પષ્ટ છે કે હાલના અરજદારો નં.૧ અને ૨ ''માલિક કંપની'' નથી પરંતુ તે બંને મુળ કામના સામાવાળા નં. ૧ કંપનીના નોકર છે અને નોકરી કરે છે. હવે કોઇ નોકરને માલિક તરીકે જોડી માલિક તરીકે જવાબદાર ગણી તેના સામે મજુર અદાલત દાદ અપાવી શકશે નહિ, એટલું જ નહિ હાલના બંને અરજદારો માલિકના એજન્ટ પણ નહિ ગણાય કારણકે એજન્ટ નોકરીયાત ગણાતા નથી તેમજ એજન્સી અને નોકરીમાં તફાવત છે. આજ કારણસર કલમ-૨ (૧૪) ના કલોઝ 'ઇ' માં સર્વન્ટ કે માલિકના એજન્ટ હોય તે સિવાયની કોઇ વ્યકિત તેવા શબ્દો પણ છે તે બાબત નોંધ લેવી ઘટે કે સંપૂર્ણ બી.આઇ.આર. એકટમાં કામદાર માત્ર માલિક સામે જ કાર્યવાહી કરી શકે તેવી જોગવાઇ છે અને માત્ર માલિક જ જવાબદાર ગણાય તેવી જોગવાઇ છે એટલે માલિકના કોઇપણ નોકરને બી.આઇ.આર. એકટ હેટળની કાર્યવાહીમાં જવાબદાર ગણી શકાશે નહિ. તેથી તેની સામે દાદ આપવાની મજુર અદાલતને હકુમત પણ ન રહે, તે સંજોગોમાં આવી વ્યકિતઓ કે જે કંપનીની નોકરી કરે છે તે જરૂરી કે યોગ્ય પક્ષકાર હોઇ શકે નહિ અને તેથી તેમને પક્ષકાર તરીકે જોડી શકાય નહિ. આ સંપૂર્ણ બાબતને હકુમતના અનુસંધાનમાં સમજવામાં મજુર અદાલતે ભુલ કરેલી છે અને તેથી આંક-૧૨ની અરજી નામંજુર કરવાનો મજુર અદાલતનો હુકમ ગેરકાયદેસરનો અને ગેરવ્યાજબી હોય રદ થવા પાત્ર છે.

INDEX

હુકમ

આ રીવીઝન અરજી મંજુર કરવામાં આવે છે. અને નવસારીની મજુર અદાલતનો ઓ.ટી. અરજી નં. ૧૭/૨૦૦૧ માં આંક-૧૨ હેઠળ કરવામાં આવેલ હુકમ ગેરકાયદેસરનો ઠરાવીને રદ કરવામાં આવે છે, તેમજ હાલના અરજદારોનાં મુળ કામમાં સામાવાળા નં. ૨ અને ૩ તરીકે જોડવામાં આવેલા છે તેમના નામ ડીલીટ કરવા હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૩.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

આંક-૧૧

સુરત ખાતેના શ્રી પી. આર. દવે સાહેબની ઔદ્યોગિક અદાલત સમક્ષ

રીવીઝન અરજી (આઈ. સી.) નં. ૧૦/૨૦૦૨

ગુજરાત ઈલેકટ્રીસીટી એમ્પ્લોઈઝ યુનિયન, અરજદાર;
શ્રમજીવી સેવાલય, અલંકાર ટોકીઝની બાજુમાં,
રેલ્વે સ્ટેશન સામે, સુરત.

વિરૂધ્ધ

૧. મેનેજર/વિશેષ મુખ્ય ઈજનેર (જનરેશન),
ગુજરાત વિદ્યુત બોર્ડ,
ઉત્રાણ ગેસ બેઈઝ પાવર સ્ટેશન,
ઉત્રાણ પાવર હાઉસ કોલોની,
ઉત્રાણ, જિ. સુરત.

૨. ગુજરાત વિદ્યુત બોર્ડ, સામાવાળા.
સરદાર પટેલ વિદ્યુત ભવન,
રેસકોર્સ, વડોદરા.

બાબત :- સુરતની પ્રથમ મજુર અદાલતે તેના સમક્ષની ઓ.ટી. અરજી નંબર : ૨૬/૨૦૦૨ નાં કામમાં આંક-૨ ની વચગાળાની મનાઈ હુકમ માટેની અરજી હેઠળ કરેલા હુકમ સામે બી.આઇ.આર. એક્ટની કલમ-૮૫ હેઠળ રીવીઝન અરજી.

ઉપસ્થિતિ :- અરજદાર તરફે એડવોકેટ શ્રી. જે. એમ. પટેલ,
સામાવાળા તરફે એડવોકેટ શ્રી. કે. એચ. રાણા.

ચુકાદો

(૧) આ કામના અરજદાર યુનિયને હાલની રીવીઝન અરજી કરી, સુરતની પ્રથમ મજુર અદાલતે અરજદાર યુનિયનની ઓ.ટી. અરજી નંબર : ૨૬/૨૦૦૨ નાં કામમાં વચગાળાના મનાઈ હુકમની અરજી આંક-૨ હેઠળ અરજી રદ કરતા કરેલા હુકમથી નારાજ થઈ, નીચલી અદાલતનો હુકમ રદ કરવા અને નીચલી અદાલતનું રેકોર્ડ મંગાવી યોગ્ય હુકમ કરવા તેમજ નીચલી અદાલતના હુકમ સામે સ્ટે આપી તે રીતે સામાવાળાના ઉત્રાણ ગેસ બેઈઝ પાવર સ્ટેશને જી.એસ.ઇ.સી.એલ.ને ટ્રાન્સફર કરવાના તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૦ના ઠરાવ નંબર : ૨૨/૩૦૮ને સ્ટે કરવા દાદ માંગી છે. આ રીવીઝન અરજીની હકીકતો આ પ્રમાણે છે.

અરજદાર યુનિયને સુરતની પ્રથમ મજુર અદાલત સમક્ષ ઓ.ટી. અરજી નં. ૨૬/૨૦૦૨ દાખલ કરી સામાવાળાઓએ બી.આઇ.આર. એક્ટની કલમ-૪૨ (૧) હેઠળ ફેરફારની નોટીસ આપ્યા વગર તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૦ના રોજ રીઝોલ્યુશન નં. ૨૨/૩૦૮ પસાર કરીને ઉત્રાણ ગેસ બેઈઝ પાવર સ્ટેશનને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ને તબદીલ કરીને બી.આઇ.આર. એક્ટની કલમ-૪૬ હેઠળ ગેરકાયદેસર ફેરફાર કરેલ છે. તેવું જાહેર કરવા અને તે રીતે તબદીલ કરવાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અન્યાયી, કુદરતી ન્યાયના સિદ્ધાંતો અને કાયદાની જોગવાઈઓ તથા આપેલ ખાત્રીનો ભંગ કરે છે, તેવું જાહેર કરવા તથા તે ગેરકાયદેસર ફેરફાર પાછો ખેંચવા ઠરાવ નં. ૨૨/૩૦૮નો અમલ કરે કરાવે નહિ તેવો જાયુકનો મનાઈ હુકમ ફરમાવવા દાદ માંગેલી. આ ઓ.ટી. અરજીના અંદર અરજદાર યુનિયને આંક-૨થી બી.આઇ.આર. એક્ટની કલમ-૧૧૯ (ડી) હેઠળ અરજી કરી વચગાળાનો મનાઈ હુકમ માંગેલ. વચગાળાના મનાઈ હુકમની આ અરજીમાં અરજદાર યુનિયને એવી રજુઆત કરેલી કે સામાવાળા નં. ૧ તરફથી અરજદાર યુનિયને ઉત્રાણ ગેસ બેઈઝ પાવર સ્ટેશને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ને તબદીલ કરતા પહેલા જાણ કરશે અને તેવી ખાત્રી આપવા છતાં જી.ઇ.બી. એ ઠરાવ નં. ૨૨/૩૦૮, તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૦ પસાર કરીને ઉત્રાણ ગેસ બેઈઝ પાવર સ્ટેશનની જમીન અને મિલકત જી.એસ.ઇ.સી.એલ.ને વેચાણ કરેલ છે અને તેમ કરીને ખાત્રી અને વિશ્વાસનો ભંગ કરેલ છે અને આગળ કાર્યવાહી કરેલ છે, જેનાથી સંસ્થામાં

મંજુર થયેલ પોસ્ટ તેમજ કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો થશે અને કર્મચારીઓના કામમાં વધારો થશે તેમજ સંસ્થાની માલિકીમાં ફેરફાર થવાથી હોદ્દામાં અને પગારમાં ઘટાડો થશે અને કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા જેવી નોકરીની શરતોમાં નુકશાનકારક ફેરફારો થશે અને કર્મચારીને થયેલા લાભો જતા રહેશ. આ અરજીને ગુણ-દોષ ઉપર સાંભળીને સુરતની પ્રથમ મજુર અદાલતે અરજદાર યુનિયને આ અરજી રદ કરતાં આંક-૨ની આ અરજી હેઠળના મજુર અદાલતના હુકમથી નારાજ થઈ અરજદાર યુનિયને નીચેના મુદ્દાઓ અને ભુમિકા પર હાલની રીવીઝન અરજી રજુ કરી છે.

મુદ્દાઓ

(૧) લેબર કોર્ટનો હુકમ ગેરકાયદેસરનો અને કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો વિરુધ્ધનો છે.

(૨) લેબર કોર્ટનો હુકમ નોન એપ્લીકેશન ઓફ માઈન્ડવાળો છે. તેથી ગેરકાયદેસરનો છે.

(૩) લેબર કોર્ટનો હુકમ બી.આઈ.આર. એક્ટની અલગ અલગ જોગવાઈઓ વિરૂદ્ધનો હોવાથી ગેરકાયદેસરનો છે.

(૪) મજુર અદાલતે પક્ષકારોએ આપેલ દસ્તાવેજોના મુલ્યાંકનમાં ભુલ કરેલ છે.

(૫) મજુર અદાલતે જે દસ્તાવેજોની કોઈ કાયદેસરની કીંમત ન હોય તેવા દસ્તાવેજો ઉપર ભાર મુકીને અને પુરાવાના કાયદાની જોગવાઈઓની દ્રષ્ટિએ દસ્તાવેજોનું મુલ્યાંકન કરવામાં ભુલ કરી છે.

(૬) મજુર અદાલત બી. આઈ. આર. એક્ટની આદેશાત્મક જોગવાઈઓ કલમ-૪૨-૪૬ સાથે વાંચતા અને શેડયુલ-૨ સાથે વાંચતા, તે સમજવામાં અને સ્વીકારવામાં નિષ્ફળ ગઈ છે.

(૭) મજુર અદાલતે નોન સ્પીકીંગ ઓર્ડર કરવામાં ભુલ કરી છે.

(૮) બી.આઈ.આર. એક્ટની આદેશાત્મક જોગવાઈઓનું અર્થઘટન કરવામાં મજુર અદાલતે ભુલ કરી છે.

(૯) મજુર અદાલતના હુકમમાં બીજી કાયદાકીય અનિયમિતતાઓ હોવાથી પણ તે ગેરકાયદેસર છે.

(૧૦) પોતાના તારણો માટે કારણો આપવામાં મજુર અદાલતે ભુલ કરી છે.

(૧૧) મજુર અદાલતનો હુકમ સમન્યાયના સિધ્ધાંતો અને કાયદા વિરૂધ્ધનો છે.

(૧૨) મજુર અદાલતના હુકમમાં રેકોર્ડ ઉપર જે દેખીતી ભુલ જણાય છે તેથી તે ગેરકાયદેસર છે.

(૧૩) મજુર અદાલતે હકુમત વિનાનો હુકમ કર્યો છે અને હકુમતની મર્યાદાને ઓળંગી અને તે રીતે નિર્ણય લીધો છે.

(૧૪) બીજી બાજુ અદાલતે તેના યોગ્ય અર્થમાં જ હકુમતનો ઉપયોગ કરવો જોઇએ તે રીતની હકુમતનો ઉપયોગ કરવામાં મજુર અદાલત નિષ્ફળ ગઇ છે.

(૧૫) હુકમમાં મજુર અદાલતે આપેલા કારણો અયોગ્ય, ગેરકાયદેસરના, તરંગી અને નોન એપ્લીકેશન ઓફ માઇન્ડવાળા છે.

(૧૬) મજુર અદાલતે એવું નોંધ્યુ છે કે તારીખ ૨૧મી જુન, ૨૦૦૧ની મીનીટસ લખવામાં આવી છે અને અરજદારના ઓફીસ બેરરસ હાજર હતા, પરંતુ હકીકતમાં આ નોંધ હોદેદારોની હાજરીમાં કરવામાં આવી નથી અને તેની કોઇ નકલ આજદિન સુધી આપવામાં આવી નથી અને તેમાં કોઇ હોદેદારની સહી પણ નથી એટલે તે દસ્તાવેજોનું કાયદેસર કોઇ મુલ્યાંકન નથી અને તેના ઉપર ભાર મુકી શકાય નહિ, લેબર કોર્ટે તેના પર ભાર મુકેલ છે.

(૧૭) જ્યારે મજુર અદાલત એવું જણાવે છે કે આ નોંધ જોતા સામાવાળાઓએ કોઇ આખરી નિર્ણય પ્રથમદર્શી રીતે કર્યો નથી અને તેવું પુરવાર થતું નથી ત્યારે આ દસ્તાવેજોને માનવામાં મજુર અદાલતે ભુલ કરી છે અને તેનો પુરાવાનો બોજો નક્કી કરવામાં પણ મજુર અદાલતે ભુલ કરી છે.

(૧૮) મજુર અદાલતે આ દસ્તાવેજોના આધારે શરતો કબુલ કરવામાં આવેલી તેવું માનવામાં અને આ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં ભુલ કરી છે.

(૧૯) સામાવાળાઓએ પ્રથમદર્શી રીતે કોઇ ફેરફાર કરેલ નથી, તેવું માનવામાં મજુર અદાલતે ભુલ કરી છે.

(૨૦) હોદેદારોની હાજરી તારીખ ૨૧મી જુન, ૨૦૦૧ના રોજ હોય તેનાથી સામાવાળાઓને બી.આઇ.આર. એકટની આદેશાત્મક જોગવાઇઓમાંથી મુક્તિ મળી જતી નથી, તે સમજવામાં મજુર અદાલત નિષ્ફળ ગઇ છે અને ૧૯૫૬ (૨) એલ.એલ.જે. ૬૫૩માં એવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે યુનીયને સંમતી આપી અને કબુલ કરી તો પણ નોટીસ ઓફ ચેઇન્જ આપવાની આદેશાત્મક જોગવાઇઓ અને તેની પ્રક્રિયા અપનાવવાની માલિકની બંધનકર્તા ફરજ છે. તેવો ચુકાદો અરજદારના એડવોકેટે આ કામે કરેલો.

(૨૧) મજુર અદાલત અલગ અલગ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો સમજવામાં નિષ્ફળ ગઇ છે અને કલમ-૪૨ અને ૪૬ અંગેના સિદ્ધાંતો ચર્ચા કર્યા વિના ઉપરછલ્લી ચર્ચા મજુર અદાલતે કરેલી છે તે ગેરકાયદેસર છે.

(૨૨) ચુકાદાઓ ન સ્વીકારવા માટેના કારણો પાના-૮માં જણાવવામાં આવ્યા છે તે ગેરકાયદેસર છે.

(૨૩) તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૫નો પત્ર આપનાર હોદેદારો પોતે જ તારીખ ૨૧મી જુન, ૨૦૦૧ની મિટિંગમાં હાજર હતા તેથી સામાવાળાઓએ એકતરફી કાર્યવાહી કરેલ નથી તેવું મજુર અદાલતે જણાવેલું છે તે ભુલ ભરેલું તારણ છે.

(૨૪) હોદેદારો તારીખ ૨૧મી જુન, ૨૦૦૧ની મિટિંગમાં હાજર હતા તેથી તેઓ સંમત થયા છે અને નોકરીની શરતો તે રીતે અસર થાય તેમ નથી અને તેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ સામાવાળાની તરફેણમાં છે તેવું જણાવવામાં પણ ભુલ ભરેલુ તારણ છે.

(૨૫) અરજદારના પ્રાયમાફેસી કેસ વિશે કે ઈરીપેરેબલ લોસ વિશે મજુર અદાલતે ઉચ્ચાર પણ કર્યો નથી અને તેથી બે મહત્વના સિધ્ધાંતો મજુર અદાલત ચુકી ગઇ છે, જે ગંભીર ભુલ છે.

(૨૬) મજુર અદાલતે અરજદારના એડવોકેટે રજુ કરેલા કેટલાક ચુકાદાઓની ચર્ચા કરી નથી અને તે ચુકી ગઇ છે અને તે રીતે તેમના સિધ્ધાંતોનું મુલ્યાંકન કરવામાં મજુર અદાલત નિષ્ફળ ગઇ છે, એટલું જ નહિ તે ચુકાદાઓ લાગુ પડે છે કે નથી તે પણ મજુર અદાલતે જણાવ્યું નથી.

ઉપરોક્ત મુદ્દાઓને આધારે આ રીવીઝનમાં અરજદારે દાદ માંગી છે.

(૨) આ રીવીઝનમાં અરજદારે આંક-૨થી આ અદાલત સમક્ષ પણ વચગાળાની મનાઇ હુકમની અરજી રજુ કરેલી, જેના પર સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને સામાવાળાએ આ કામમાં હાજર થઈ આંક-૬થી તેમનો મુળ અરજી તેમજ વચગાળાની અરજી અંગેનો જવાબ રજુ કરેલો છે. આ કામમાં નીચલી કોર્ટનું રેકોર્ડ મંગાવવામાં આવ્યુ છે, ત્યાર બાદ સુનાવણી વખતે બંને પક્ષે આંક-૧૦ની પુરસીસ આપી મુળ રીવીઝન અરજી અને આંક-૨ની મનાઇ હુકમની અરજીની સાથે સુનાવણી કરી સાથે નીકાલ કરવામાં વિનંતી કરેલી છે, જેથી આ અદાલતે આખરી દલીલો સાંભળેલી છે.

(૩) સામાવાળાએ આંક-૬ના તેના જવાબમાં એવો પ્રાથમિક મુદ્દો રજુ કરેલો છે કે, આ અરજીમાં સહી કરનાર સુમંતરાય છોટુભાઈ નાયક અરજી દાખલ [illegible] અધિકૃત નથી અને કોમ્પીટન્ટ પર્સન નથી તેમજ કયા ઠરાવની તેમને ઓથોરીટી [illegible]વામાં આવી છે તે જણાવવામાં આવ્યુ નથી, તેથી અરજી રદ કરવી જોઇએ અને બોર્ડે લેબર કોર્ટમાં એવું જણાવેલ છે કે શેડયુલ-૨ અને કલમ-૪૬ મુજબનો કોઇ ફેરફાર કરવાનો બોર્ડનો ઈરાદો નથી તેમ છતાં આ અરજી દાખલ કરવામાં આવી છે અને તેના ઉપર લેબર કોર્ટના હુકમ સામે રીવીઝન દાખલ કરવામાં આવી છે, લેબર

કોર્ટનો હુકમ કાયદેસરનો, યોગ્ય અને શુધ્ધ બુધ્ધિપૂર્વકનો છે તેમજ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૦નો ઠરાવ નં. ૨૨/૩૦૮ ઉત્રાણ પાવર સ્ટેશનને જી.એસ.ઈ.સી.એલ. ને ટ્રાન્સફર કરવા અંગેનો છે તે બોર્ડનું વહીવટી કાર્ય છે અને નોકરીની શરતોમાં લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડરમાં તેનાથી અસર થતી નથી અને તેથી ગેરકાયદેસર ફેરફાર નથી. આ જવાબમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે રેકોર્ડ જોતા ગેરકાયદેસર ફેરફાર ન હોય કોર્ટને એપ્રોચ કરવાનું કોઈ કોઝ ઓફ એકશન ઉભું થયેલું નથી અને તે સંજોગોમાં લેબર કોર્ટનો હુકમ યોગ્ય અને કાયદેસરનો હોય રીવીઝન રદ કરવી જોઈએ. આ જવાબમાં એવુ પણ જણાવવામાં આવ્યું છે કે મજુર અદાલતે તમામ રજુઆતો પ્લીડીંગમાની અને રૂબરૂ થયેલ તે તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લઈને તેની ચર્ચા કરીને યોગ્ય અને કાયદેસરનો હુકમ કરેલ છે, તેથી રીવીઝન રદ થવા પાત્ર છે. આ જવાબમાં અરજદાર યુનીયનની રજુઆતોના ખરાપણાનો ઈન્કાર કરવામાં આવ્યો છે અને એવી રજુઆત કરવામાં આવી છે કે સામાવાળાઓએ પ્રાયમાફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસ વિશે અનેક ચુકાદાઓ મજુર અદાલતમાં રજુ કરેલા છે જેના આધારે અરજદાર યુનીયનને મનાઈ હુકમ મળવાપાત્ર નહોતો તેમજ વચગાળાની અરજીમાં આખરી દાદ આપવી તે યોગ્ય ન ગણાય તે કારણસર પણ સામાવાળાની રજુઆત ધ્યાનમાં લઈ ચુકાદાઓનું મુલ્યાંકન કરી મજુર અદાલતે અરજી રદ કરી છે તે કાયદેસર અને યોગ્ય હોય રીવીઝન અરજી રદ થવા પાત્ર છે.

(૪) આ કામમાં અરજદાર યુનીયન તરફે દલીલો કરતાં શ્રી જે. એમ. પટેલે મુળ અરજી અને રીવીઝન અરજીમાની હકીકતો અંગે વિસ્તારથી રજુઆત કરી એવું જણાવ્યું છે કે સામાવાળા નં. ૧ ને બી.આઈ.આર. એકટ લાગુ પડે છે અને તેની જોગવાઈઓનું પાલન કરવા તે બધાયેલા છે, અને તે રીતે પ્રતિનિધિ ધરાવતા યુનીયન સાથે અવાર-નવાર કરારો કરવામાં આવ્યા છે, પરંતુ ઉત્રાણ ગેસ બેઈઝ પાવર સ્ટેશન ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી.ને ટ્રાન્સફર કરવા અંગે જે પત્ર વિરોધમાં પ્રતિનિધિ ધરાવતા યુનીયને લખેલો તે પત્રના જવાબમાં યુનીયનને ખાત્રી આપવામાં આવી હતી કે આવી ટ્રાન્સફર થાય તે પહેલા યુનીયનને જાણ કરવામાં આવશે અને કન્સલટ કરવામાં આવશે, તેમ છતાં તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૦ના ઠરાવથી યુનીયનને કન્સલટ કર્યા વિના કે જાણ કર્યા વિના આ ટ્રાન્સફર કરવાનું નક્કી કરવામાં આવ્યું તેના સામે મુળ અરજી છે અને મનાઈ હુકમ માંગેલો છે અને આ કૃત્ય બી.આઈ.આર. એકટના શેડયુલ-૨માં પડતો ફેરફાર હોવાથી તેને માટે જે આદેશાત્મક જોગવાઈઓ છે તેનું પાલન કરવું જ પડે, તે કાયદાકીય પરિસ્થિતિને અને તે અંગેની દલીલને મજુર અદાલત સમજી શકી નથી એટલું જ નહિ પણ જ્યા

INDEX

આદેશાત્મક જોગવાઈઓનો ભંગ થતો હોય ત્યાં મનાઈ હુકમ આપવો પડે તે અંગે અરજદાર પક્ષે જે ચુકાદાઓ રજુ કર્યા તેનો રેશ્યો મજુર અદાલત સમજી શકી નથી અને તેની ચર્ચા પણ કરી નથી. શ્રી જે. એમ. પટેલે એવી પણ રજુઆત કરી છે કે, આ ટ્રાન્સફર થાય તો કર્મચારીઓના હોદ્દામાં ફેરફાર થાય, તેની સંખ્યા ઘટે, તેના વેતનમાં ફેરફાર થાય. તેની કામકાજના સમયમાં ફેરફાર થાય, શ્રમ બોજ વધે આ તમામ બાબતોને ધ્યાનમાં લઈએ તો આવો ફેરફાર શેડયુલ-૨માં આવતો હોય તો કલમ-૪૨ પ્રમાણે નોટીસ આપ્યા વિના માલિક કરે તો કલમ-૪૬ પ્રમાણેની ગેરકાયદેસર ફેરફારની વ્યાખ્યામાં તેનો સમાવેશ થાય અને તે સંજોગોમાં આ ફેરફાર ગેરકાયદેસર ફેરફાર હોય તેને માટે મનાઇ હુકમ આપવો જોઈએ અને જ્યારે અગાઉથી ખાત્રી આપી હોય, તેનો ભંગ થતો ત્યારે સામાવાળાઓએ પ્રોમીસરી એસ્ટોપલનો બાધ પણ નડે પરંતુ તે હકીકત પણ દસ્તાવેજો ઉપરથી પુરવાર થતી હોવા છતા મજુર અદાલતે ધ્યાનમાં લીધી નથી અને ફેરફાર કરતા પહેલા બી.આઈ.આર. એકટમાં પ્રતિનિધિ ધરાવતા યુનીયનનું મહત્વ ઘણું છે અને તેની સાથે કન્સલટ કર્યા પછી જ ફેરફારો થઇ શકે. આ તમામ બાબતોને મજુર અદાલત સમજી શકી નથી અને જે દસ્તાવેજો ઉપર કે જેને સામાવાળા મીનીટસ કહે છે તેના પર મજુર અદાલત આધાર રાખે છે અને તેને વધુ પડતું મહત્વ આપે છે, પરંતુ તે દસ્તાવેજોની કોઈ લીગલ વેલ્યું નથી, આ માટે હુકમના પાના-૫ પર મજુર અદાલતે જે નોંધ લીધી છે તેનો શ્રી પટેલે ઉલ્લેખ કરેલ છે અને એવી રજુઆત કરી છે કે પ્રતિનિધિ હાજર હોવાથી તેની સંમતિ હોય તેવું માની લેવાય નહિ અને મીનીટસમાં હાજરી સાથે માત્ર નામો છે. શ્રી પટેલે એવી પણ રજુઆત કરી કે કર્મચારીઓની નોકરીની શરતોમાં કોઈ ફેરફાર થતો નથી અને થતો હોય તેવું જણાતું નથી તેવું મજુર અદાલતે તારણ આપ્યું છે તે હકીકતો ઉપર આધારીત નથી કારણ કે સ્વાભાવિક રીતે જ આ ટ્રાન્સફર થતા નોકરીની શરતોમાં ફેરફાર થવાનો છે અને જ્યારે ફેરફાર કરવો હોય ત્યારે જો તે અંગે કાર્યવાહી કરી ન હોય તો મનાઈ હુકમ મળવાપાત્ર છે અને તેજ રીતે આ નિર્ણય આખરી નિર્ણય ન હોય તેનાથી મુળ અરજીમાંની દાદ મળી જતી નથી અને તે સંજોગોમા વચગાળાના તબક્કે આ ઠરાવનો અમલ અટકાવી શકાય અને તેમ છતાં મનાઈ હુકમ ન આપવા માટે મજુર અદાલતે જે કારણો આપ્યા છે તે યોગ્ય નથી અને સુસંગત પણ નથી એટલે મજુર અદાલતનો હુકમ કાયદાની જોગવાઈઓ મુજબનો નથી અને તેમા તેણે હકુમતની ભુલ કરી છે અને તે રેકોર્ડ ઉપર સ્પષ્ટ થાય છે કે, આ હુકમમાં માઈન્ડ એપ્લાય કરવામાં આવ્યું નથી, એટલું જ નહિ અરજદારે પ્રથમદર્શી કેસ હોવાનું પુરવાર કર્યું છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અંગે રજુઆત કરી છે અને અરજદારને ઈરીપેરેબલ લોસ જાય તેમ છે કારણ કે આ ઠરાવનો અમલ થયા પછી કામદારોની નોકરીની શરતોમાં ફેરફાર

થઈ જશે અને તે પછી કામદારો પાસે કોઈ ઉપાય ના રહે, આ હકીકતોને મજુર અદાલતે માઈન્ડ એપ્લાય કરી ધ્યાનમાં લીધી નથી. ગેરકાયદેસર ફેરફારના આવા સંજોગોમાં મનાઈ હુકમ આપવો જોઈએ, તે અંગે શ્રી જે. એમ. પટેલે નીચલી અદાલતમાં રજુ કરેલા ચુકાદાઓને ફરી આ અદાલત સમક્ષ ઉલ્લેખ કરેલા છે, જેમાં ખાસ કરીને ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટ પાર્ટ-I એલ પાનું ૫૬૪, ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ ગુજરાત સમક્ષની મીશેનેલીયસ એપ્લીકેશન નં. ૨/૯૪નો ખાસ ઉલ્લેખ કરેલ છે, ઉપરાંત ૧૯૭૪ આઈ.સી.આર. ૪૪૯ (ડીસેમ્બર) પરના મહારાષ્ટ્રીય ઈન્ડસ્ટ્રીયલ કોર્ટના કેસનો ઉલ્લેખ કરેલ છે. તદુપરાંત ૧૯૯૭ (૧) સી.એલ.આર. ૭૩ (બોમ્બે), ૧૯૯૪ (૧) સી.એલ.આર. ૪૯૯ (ગુજરાત)નો પણ ઉલ્લેખ કરેલ છે. શ્રી જે. એમ. પટેલે રજુ કરેલા અન્ય ચુકાદાઓ નીચે મુજબ છે :-

(૧) ૧૯૫૬ (૧) એલ. એલ. જે. ૬૫૩ (બોમ્બે)

(૨) ૨૦૦૦ લેબ આઇ. સી. ૧૯૬૨ (બોમ્બે)

(૩) (૧૯૯૬) ૬૮ એફ. જે. આર. ૫૩ (સુપ્રીમ કોર્ટ)

(૪) ૨૦૦૦ (૮૫) એફ. એલ. આર. ૬૪૪ (બોમ્બે)

(૫) ૧૯૯૩ (૧) જી. એલ. આર. ૮૨૦

(૬) ૨૦૦૦ એલ. એલ. આર. ૬૦૫ (બોમ્બે)

શ્રી જે. એમ. પટેલે એ બાબત પ્રત્યે અદાલતનું ધ્યાન દોર્યું કે સીવીલ પ્રોસીજર કોર્ડની જોગવાઇઓથી વિશેષ રીતે મજુર અદાલતને અને આ અદાલતને કલમ-૧૯૯-ડી બી.આ.આર એક્ટ મુજબ વચગાળાના તબક્કે પોતાને યોગ્ય લાગે તેવા હુકમો કરવાની સત્તા છે અને તે સત્તાનો ઉપયોગ કે હકુમતનો ઉપયોગ ન્યાયના હીતમાં મજુર અદાલતે કરવો જોઇએ અને જો આ હકુમતનો ઉપયોગ કરવો જોઇએ ત્યાં ન કરેલો હોય તો તે અનિયમિતતા બાબત ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ રીવીઝનમાં કાર્યવાહી કરી શકે અને એટલે નીચલી અદાલતનો હુકમ રદ કરી આ અદાલત મનાઇ હુકમ આપી શકે.

(૫) સામાવાળા તરફે એડવોકેટ શ્રી કે. એચ. રાણાએ શ્રી જે. એમ. પટેલની દલીલોનો જવાબ આપતા એવી રજુઆત કરી છે કે મુળ અરજીમાં ગેરકાયદેસર ફેરફારને પડકારવામાં આવેલ છે, તે બાબતે સામાવાળા કોઇ ગેરકાયદેસર ફેરફાર કરતા

INDEX

નથી અને યુનિયનના સભ્ય કામદારોની નોકરીની શરતોમાં કોઇ ફેરફાર કરવાનો છે કે થવાનો છે તે રેકોર્ડ ઉપર આવતું નથી તે સંજોગોમાં માત્ર માની લેવાથી ગેરકાયદેસરનો ફેરફાર થવાનો નથી અને તે બાબત મજુર અદાલતે બહુ સ્પષ્ટ રીતે રેકોર્ડ તપાસીને પોતાનું તારણ આપેલ છે. શ્રી રાણાએ એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યું કે ગેરકાયદેસર ફેરફારને પડકારવા અંગેની હકીકતો જોઇએ તો અરજદાર યુનીયને તા. ૧૨-૧૨-૨૦૦૦ના ઠરાવને તા. ૩૦-૭-૨૦૦૨ના રોજ પડકારેલ છે, તે બાબત અગત્યની બની રહે છે અને તે જ રીતે સામાવાળાઓએ મીટીંગ બોલાવેલ તેની મીનીટસ રજુ થયેલ છે અને તેમાં યુનીયનના પ્રતિનિધિઓ હાજર છે અને આ અરજદારનું સ્ટેશન વલસાડ છે તેથી તે હાજર ના હોય તેનાથી યુનીયનને જાણ કરવામાં આવી નથી કે ચર્ચા કરવામાં આવી નથી તેવું માની લઇ શકાય નહિ, ઉપરાંત શ્રી સોપારીવાલા પણ એ વખતે હાજર હતા અને તેથી ચર્ચા અને હકીકતોની તેમને જાણ છે તેમ માનવું જોઇએ. ત્યારે આ કામમાં સહી કરનાર વ્યક્તિ ૧૯૯૯માં નિવૃત્ત થઇ ગયા છે અને તેથી તેમને વિવાદ રજુ કરવા અધિકાર છે કે કેમ તે પણ પ્રશ્ન છે. શ્રી રાણાએ એવી રજુઆત કરી છે કે સેટઅપ નક્કી થયેલ છે અને તે સંખ્યામાં કે લાભોમાં સામાવાળા કોઇ ફેરફાર કરવા માંગતા નથી. એજ રીતે ફેરફાર થશે એવું જણાવ્યું નથી. ત્યારે માત્ર બીન આધારીત રીતે ગેરકાયદેસરના ફેરફારો થશે તેવી આકાંક્ષા (એપરીહેન્શન) રાખીને તેના આધારે મનાઇ હુકમ માંગવો તે કાયદાની જોગવાઇઓ પ્રમાણે નથી. શ્રી રાણાએ એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યું કે ગેરકાયદેસર ફેરફાર ક્યારે થાય તે જોઇએ તો કલમ-૩ (૧૫) ની વ્યાખ્યા સાથે કલમ-૪૬ વાંચવી પડે અને તેમાંથી ગેરકાયદેસર ફેરફાર ગણી શકાય છે કે કેમ તે તપાસવું પડે અને તે રીતે જોતા જો સામાવાળા કોઇ ફેરફાર અમલમાં મુકવા ઇચ્છતા હોય કે જેને માટે નોટીસ આપવી જરૂરી હોય તેવો ફેરફાર નોટીસ આપ્યા વિના કરે તો જ ગેરકાયદેસર ફેરફાર થાય જ્યારે આ કામમાં સામાવાળા કોઇ ફેરફાર કરવા ઇચ્છતા હોવાનું ફલીત થતું નથી, ત્યારે ગેરકાયદેસર ફેરફારનો પ્રશ્ન રહેતો નથી અને તેથી મનાઇ હુકમ મળવાપાત્ર નથી. શ્રી રાણાએ એવી પણ દલીલ કરી કે મુળ અરજીમાંની દાદ મળી જતી હોય તેવો હુકમ વચગાળાના તબક્કે કરી શકાય નહિ. શ્રી રાણાએ પણ મજુર અદાલત સમક્ષ રજુ કરેલા અલગ અલગ ચુકાદાઓનો ઉલ્લેખ કરેલ છે અને આ અદાલત સમક્ષની તેમની દલીલ દરમ્યાન પણ ચુકાદાઓમાંથી કેટલીક રજુઆત કરેલ છે તે જોઇએ તો તે નીચે મુજબ છે.

(૧) ૧૯૭૬ લેબ. આઇ. સી. ૧૭૨૦ (અલ્હાબાદ)

(૨) ૧૯૭૮ (૧) એલ.એલ.જે. ૨૩૫ (ગુજરાત)

(૩) ૧૯૯૮ (૧) જી.એલ.એચ. ૮૨ (ગુજરાત)

(૪) ૧૯૯૯ એલ.એલ.આર. ૬૮૦ (બોમ્બે)

(૫) ૨૦૦૨ (૨) જી.એલ.એચ. ૨૮૨ (ગુજરાત)

(૬) ૧૯૯૭ (૨) જી.એલ.એચ. ૨૪૦ (ગુજરાત)

(૭) ૧૯૭૩ (૧) એલ.એલ.જે. ૪૨૭ (સુપ્રીમ કોર્ટ)

શ્રી રાણાએ એવી રજુઆત કરી કે કોઇપણ કામદારોનું આપો આપ રીટ્રેન્ચમેન્ટ કે નોકરીની શરતોમાં આપોઆપ ફેરફાર થતો હોવાનું માની લઇ શકાય નહિ અને કોઇ ફેરફાર ગેરકાયદેસર ફેરફાર માની લઇને મનાઇ હુકમ આપવાની શક્યતા મજુર અદાલત સ્વીકારી શકે નહિ.

(૬) ઉપરોક્ત બંને દલીલોના સંદર્ભમાં નીચલી અદાલતનું રેકોર્ડ અને રજુ થયેલા ચુકાદાઓના આધારે આ રીવીઝન તપાસીએ તો પોતાની સમક્ષની આંક-૨ની અરજી રદ કરવામાં મજુર અદાલતે હકુમત પ્રયોજવામાં કાયદાકીય ભુલ કરી છે કે મજુર અદાલતનું તારણ આધારહીન અને પરવર્સ છે કે કેમ ? અને તે સંજોગોમાં મજુર અદાલતનો હુકમ કાયદો અને હકીકતની દ્રષ્ટિએ ભુલ ભરેલો છે કે કેમ ? તે વિવાદ આ રીવીઝનમાં ઉભો થયેલો છે જેનો નીકાલ કરવા બંને પક્ષે રજુઆત કરી છે. આ અંગે સૌ પ્રથમ બાબત એ નોંધવી જોઇએ કે, મજુર અદાલત એ ન્યાયની અદાલત છે અને વચગાળાની મનાઇ હુકમની અરજીનો નિર્ણય કરતા તેણે બી.આઇ.આર એક્ટની કલમ-૧૧૯-ડી હેઠળની હકુમત પ્રયોજવાની હોય અને યોગ્ય હુકમ કરવાના હોય તો તે કરવા માટે પણ મનાઇ હુકમ માંગનારનો પ્રથમદર્શી કેસ છે કે કેમ ? બેલેન્સ ઓફ કન્વીનીયન્સ મનાઇ હુકમ માંગનારની તરફેણમાં છે કે કેમ ? અને મનાઇ હુકમ ન આપવામાં આવે તો ઇરીપેરેબલ લોસ જાય તેમ છે કે કેમ ? તે ત્રણે મુદ્દાઓ ધ્યાનમાં લેવા પડે સીવીલ પ્રોસીજર કોડની જોગવાઇ અને કલમ-૧૧૯-ડી ની જોગવાઇ પરસ્પર વિરોધી નથી, પરંતુ પુરક છે. હવે તે દ્રષ્ટિએ મજુર અદાલતમાં અરજદારે રજુ કરેલા તેમના કેસમાં મજુર અદાલત મનાઇ હુકમ આપી શકે તેવી પરિસ્થિતિ છે કે કેમ? તે રેકોર્ડ પર તપાસવી જરૂરી છે તેની સાથે જ મજુર અદાલતનો મનાઇ હુકમની અરજી રદ કરવાનો હુકમ અરજદારની તમામ રજુઆતને સાચી માની લઇને જો કરવાનો હોય તો રેકોર્ડ પરના અન્ય સંજોગોમાં આ અદાલત તરફથી અરજદારને મનાઇ હુકમ આપી શકાય તેવો કેસ પુરવાર થાય છે કે કેમ તે પ્રશ્ન રહે છે કારણ કે તેવો કેસ પુરવાર થતો હોય તો જ રીવીઝનમાં નીચલી અદાલતનો હુકમ રદ કરી આ અદાલત મનાઇ હુકમ આપી શકે. નીચલી અદાલતે એવું માન્યુ છે કે ગેરકાયદેસર ફેરફાર થતો નથી અને નીચલી અદાલતે એ પણ માન્યુ છે કે

આખરી દાદ મળી જતી હોય તે સંજોગોમાં તેવો હુકમ વચગાળાના તબક્કે થઇ શકે નહિ. આ બંને તારણો માટે મજુર અદાલતે પોતાની પાસેથી કારણો રજુ કર્યા છે તે સંજોગોમાં સાથે જ કેટલાક ચુકાદાઓનો પણ આધાર લીધો છે એટલે સંપૂર્ણપણે નોન એપ્લીકેશન ઓફ માઇન્ડ કહી શકાય તેવા સંજોગો નથી. એવું બને કે મજુર અદાલત જુદું મુલ્યાંકન કરતી હોય અને આ અદાલત જુદું મુલ્યાંકન કરે પરંતુ તેવા કારણસર રજુ થતી હકીકતોનું મુલ્યાંકનનો મજુર અદાલતનો અધિકાર અને તેણે કરેલા મુલ્યાંકનને પાવર ઓફ સુપ્રિટેન્ડન્સ હેઠળની જોગવાઇઓથી કામ ચલાવી તેમાં આ અદાલત દખલ અંદાજી કરી શકે નહીં કારણકે કલમ-૮૫ હેઠળ આ અદાલતની હકુમત મર્યાદીત છે. આ અંગે એ બાબત પ્રથમ તપાસીએ કે શ્રી જે. એમ. પટેલની રજુઆત એવી છે કે રજુ થયેલા ચુકાદાઓની મજુર અદાલતે ચર્ચા કરી. પરિસ્થિતિ એ છે કે અદાલતો સમક્ષ બહુ સંખ્ય ચુકાદાઓનો ઉલ્લેખ થતો હોય છે, તેમાના ઘણા ચુકાદાઓ એક જ સિધ્ધાંતોનું પુનરાવર્તન કરતા હોય છે અને ઘણા ચુકાદાઓ અદાલતને હકીકતો સાથે સુસંગત નથી લાગતા હોતા અથવા તો કોઇ બીજા કાયદા હેઠળના ચુકાદાઓ હોય, જ્યારે અદાલત પાસે અલગ કાયદા હેઠળનું કામ હોય છે. આ સંજોગોમાં લાગુ પડતા છેલ્લા ચુકાદાનો અદાલત અભ્યાસ કરે તો પુનરાવર્તન ન થાય અને તેમાંથી જે સિધ્ધાંતો પરિસ્થિતિ સાથે સુસંગત લાગતા હોય તેમાંથી તે સિધ્ધાંતોની ચર્ચા મજુર અદાલત કરે તો તેમાં કોઇ ગેરકાયદેસરતા હોવાનું કહી શકાય નહિ. તેજ રીતે માત્ર હકીકતો રજુ થતી હોય અને તે હકીકતોના આધારે ઉપલી અમુક અદાલતે મનાઇ હુકમ આપ્યો હોય તે રજુ થવાથી નીચલી અદાલતે મનાઇ હુકમ આપવો જોઇએ તેવું પણ માની લઇ શકાય નહિ કારણ કે દરેક કેસમાં જે તે લાગુ પડતા કાયદા હેઠળના સિધ્ધાંતો અને જોગવાઇઓ અદાલતે ધ્યાનમાં લેવાના હોય છે. આ સંદર્ભમાં આ કામમાં રજુ થયેલ રેકોર્ડની હકીકતોનું મુલ્યાંકન કરીએ તો સૌ પ્રથમ મજુર અદાલત સમક્ષ આંક-૧ની જે અરજી હતી તેનો દાદ માંગતો પેરેગ્રાફ ધ્યાનમાં લેવો પડે, જે પારા-૫૧ (૧) જોઇએ તો નીચે મુજબ છે.

> ''સામાવાળાએ બી.આઇ.આર. એક્ટ ૧૯૪૬ની કલમ-૪૨ (૧) હેઠળ ફેરફારની નોટીસ આપ્યા વગર તા. ૧૨-૧૨-૨૦૦૦ના રોજ રીઝોલ્યુશન નં. ૨૨/૩૦૮ પસાર કરીને અને ઉત્રાણ ગેસ બેઇઝ પાવર સ્ટેશનને ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.માં તબદીલ કરીને બી.આઇ.આર. એક્ટની કલમ-૪૬ હેઠળ ગેરકાયદેસર ફેરફાર કરેલ છે એવું જાહેર કરશોજી.''

આ પેરેગ્રાફ જોતા ઉત્રાણ પાવર સ્ટેશનને તબદીલ કરીને સામાવાળાએ ગેરકાયદેસર ફેરફાર કરેલ છે તેવું અરજદારનું કહેવું છે અને તેવું જાહેર કરવા તેણે દાદ માંગી

છે જે દાદ આંક-૧ની આ અરજીમાં કામ ચાલ્યા પછી અરજદારને મળી શકે. આનો અર્થ એ કે ઉત્રાણ પાવર સ્ટેશન ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ને તબદીલ કરવામાં આવ્યું છે એટલે કૃત્ય થઇ ગયું છે અને તે ગેરકાયદેસર ફેરફાર છે તેવું જાહેર કરવાનું છે, જે કૃત્ય થઇ ગયુ છે તે કૃત્ય અટકાવવા માટે વચગાળાના તબક્કે મનાઇ હુકમ મળી શકે ? જવાબ નકારમાં આવશે. આજ રીતે આ અરજી ચાલ્યા પહેલા આ તબદીલીનો ફેરફાર ગેરકાયદેસર છે તેવું જાહેર થઇ શકશે ? તેનો જવાબ નકારમાં આવશે અને જો ગેરકાયદેસર ફેરફાર જાહેર થયેલ ન હોય તો તે જાહેર થયા પહેલા ગેરકાયદેસર ફેરફાર ગણાશે ? તેનો જવાબ પણ નકારમાં આવશે. કારણ કે આવો આખરી નિર્ણય ગેરકાયદેસર ફેરફાર કરવાનો એ વચગાળાના તબકકે લઇ શકાશે નહિ અને તે નિર્ણય લીધા પહેલા કોઇપણ ફેરફારને અટકાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ કારણ કે માત્ર ફેરફાર હોય તો તે ન કરવા માટે અટકાવવા માટે હુકમ કરવાની હકુમત કોઇપણ કોર્ટની નથી. પરિસ્થિતિ બહુ સ્પષ્ટ છે કે પ્લીડીંગ પરથી જ વચગાળાનો મનાઇ હુકમ મળવાપાત્ર નથી તેવું પુરવાર થઇ જાય છે. વધુમાં અરજદારે આ તબદીલ કરવાની તમામ કાર્યવાહી રદ્ કરવી અને ગેરકાયદેસર ફેરફાર પાછો ખેંચવા પેરા-૫૧ (૩) માં દાદ માંગી છે એટલે જ્યા સુધી તે પાછો ખેંચવા હુકમ ન થાય ત્યાં સુધી તે ફેરફાર અમલમાં રહે અને આ ફેરફાર પાછો ખેંચવા ગેરકાયદેસર ફેરફાર કરાવ્યા પછી જ મજુર અદાલત આખરી હુકમ કરી શકે. આ રીતે સંજોગો સ્પષ્ટ થઇ જાય છે અને તે સંદર્ભમાં આ ફેરફાર માટેનો ઠરાવ તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ રીઝોલ્યુશન નં. ૨૨/૩૦૮ થી થયેલ છે અને મજુર અદાલત સમક્ષ આ અરજી ત્યાર પછી તા. ૩૦-૭-૨૦૦૨ના રોજ દાખલ થયેલ છે. આ સંદર્ભમાં મજુર અદાલતે સમયનું તત્વ પણ ધ્યાનમાં લેવું ઘટે. હવે આંક-૧ની આ અરજીમાં જે દાદ માગી છે તે દાદ મુજબ વચગાળાના તબકકે જો ફેરફાર થઇ ગયો હોય તો મજુર અદાલતે તેને અટકાવવાનો પ્રશ્ન આંક-૨ની અરજીમાં ઉભો થાય નહિ. આ સંજોગોમાં જો આ ફેરફાર ગેરકાયદેસર ફેરફાર છે તેવું માનીને તેના આધાર પર મજુર અદાલત કાર્યવાહી કરે તો વચગાળાના તબક્કે આ ફેરફારને ગેરકાયદેસર ફેરફાર ઠરાવ્યો છે તેવી અસર થાય અને તે આખરી નિર્ણય ગણાય, જે વચગાળાના તબક્કે લઇ શકાય નહિ. અને એ બાબત નોંધવી જોઇએ કે ચાલુ કામે અમુક ફેરફાર દુર કરવા કે ફેરફાર કરવા, તેવી મજુર અદાલતને હકુમત આપતી જોગવાઇ બી.આઇ.આર. એકટની કલમ-૭૮માં ગુજરાત માટે નથી તેવી જોગવાઇ માત્ર મહારાષ્ટ્રમાં છે. આ સંજોગોમાં જ્યારે મજુર અદાલતે હકુમતની દૃષ્ટિએ વિચારવાનું હોય ત્યારે હકીકત જોતો વચગાળાના તબક્કે ફેરફાર સામે મનાઈ હુકમ આપવાની જોગવાઈ હકુમતની દૃષ્ટિએ બી. આઇ. આર. એકટમાં નથી એટલે મજુર અદાલતે જો આ અરજી મંજુર કરી હોત તો તેનો હુકમ હકુમત

બહારનો ગણાય. શ્રી જયેશ પટેલે પ્લીડીંગમાંથી ફેરફારની જે અસરો બાબત રજુઆત કરી છે તે પ્લીડીંગ જોતા અલંકારીત ભાષામાં મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા છે પરંતુ કેટલા મુદ્દાઓને રીટ્રેન્ચ કરે છે અને સંખ્યા ઘટાડે છે, કેટલો પગાર ઘટાડો થાય, કેટલા લાભો ઘટે છે, કેટલા કામનો બોજો વધે છે અને શી રીતે એ તમામની સ્પષ્ટ વિગતો પ્લીડીંગમાં નથી, તેનાથી ઉલટું ખાનગીકરણના દોષો અને નુકશાન જેવી બાબતોની ચર્ચા વચગાળાની અરજીના પ્લીડીંગમાં છે. બહુ નારાજ થઈને શ્રી જે. એમ. પટેલે જે હકીકત તરફ આ અદાલતનું ધ્યાન દોરેલ છે તે તા. ૨૧મી જુન, ૨૦૦૧ની મીટીંગની મીનીટસ અંગે પણ અસ્પષ્ટતા છે. હું આ મીટીંગ આ પાવર સ્ટેશનને તબદીલ કરવા માટે નહોતી ભળી ? અને શું તેમાં જે હોદ્દેદારોની હાજરી હોવા બદલ નામ આપવામાં આવ્યા છે તે હોદ્દેદારો તેમાં હાજર નહોતા ? આ બંને પ્રશ્ન પુરાવાનો વિષય હોવા છતાં તે બાબત સ્પષ્ટતા કરવી જોઈએ કે માર્ક ૧૯/૨ નો પત્ર યુનીયનના લેટર હેડ ઉપર છે અને તેમા મીટીંગમાં જે પ્રતિનિધિઓ હાજર રહેવાના છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેમણે પ્રમાણપત્ર આપવું તેવો પણ ઉલ્લેખ કરવામાં કરવામાં આવ્યો છે, એટલે આવી કોઇ મીટીંગ નહોતી થઈ અને યુનીયનના કોઈ પ્રતિનિધિ તે મીટીંગમાં હાજર નહોતા કે તે મીટીંગમાં તબદીલ બાબત ચર્ચા નથી થઈ તેવું કહી શકાય તેમ નથી. આ સંજોગોમાં તા. ૨૧મી જુન, ૨૦૦૧ની આ મીટીંગ પછી પણ લેબર કોર્ટ સમક્ષ આ અરજી એક વર્ષ પછી તા. ૩૦મી જુલાઈ, ૨૦૦૨ના રોજ દાખલ થઈ છે. આ રીતે હકીકતોની દ્રષ્ટિએ જો પ્રથમદર્શી કેસ ના હોય અને મજુર અદાલતને પ્રથમદર્શી કેસ ન જણાતો હોય તો આવી જ હકીકત જે ચુકાદાઓમાં રજુ થઈ ન હોય તેવા ઉપલી અદાલતના ચુકાદાઓની મજુર અદાલતે નોંધ લેવાની જરૂર ખરી ? તેનો જવાબ 'ના' માં એટલા માટે આવશે કે કેસની હકીકતો સાથે સુસંગત ચુકાદાઓમાંથી જે રેશ્યો પ્રસ્થાપિત થતો હોય તે નીચલી અદાલતે અનુસરવાનો છે. ઉપલી અદાલતે હકીકતો પર આપેલા ચુકાદાઓને અનુસરવાનો નથી કારણ કે હકીકતોની દ્રષ્ટિએ જોગવાઈ ન હોય તેવા સંજોગોમાં પણ કોઈ હુકમ કરવાની સત્તા બંધારણીય રીતે હાઈકોર્ટો અને સુપ્રિમ કોર્ટને આપવામાં આવેલી છે, જે નીચલી કોર્ટને હોતી નથી. આ રીતે જયેશ પટેલની આ અંગેની રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી. હવે જે ફેરફાર થઈ ગયો છે તેને ગેરકાયદેસર ફેરફાર ઠરાવ્યા પહેલા મજુર અદાલત જો તેનો અમલ અટકાવે તો તે ફેરફારના આધારે વહીવટકર્તા વહીવટતંત્રને જ અગવડતામાં મુકાવું પડે કારણ કે તેનું ગેરકાયદેસર જાહેર ન થયેલું કૃત્ય અને વહીવટ તેનાથી અટકે છે જ્યારે અરજદાર યુનીયન કે કોઈપણ દાદ માંગતો પક્ષકાર જે બાબત ગેરકાયદેસર પુરવાર થયેલ ન હોય તેને પણ અટકાવવી જોઈએ તેવો આગ્રહ રાખી શકાય નહિ, આ રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અરજદાર યુનીયનની તરફેણમાં નથી પણ

સામાવાળા સંસ્થાની તરફેણમાં છે અને મજુર અદાલત સમક્ષનું રેકોર્ડ જોતા તે બાબત બહુ સ્પષ્ટ છે કે પુરાવાઓ પછી જો ફેરફાર ગેરકાયદેસરનો ફેરફાર પુરવાર થશે તો આંક-૧ માં માંગેલી દાદ મંજુર કરીને મજુર અદાલત ગેરકાયદેસર ફેરફાર ઠરાવી શકશે અને તે ગેરકાયદેસરનો ફેરફાર રદ્ કરવા ચોક્કસ હુકમ કરી શકશે. આ સંજોગોમાં જયારે પરિસ્થિતિ રીસ્ટોર થઇ શકતી હોય ત્યારે ઇરીપેરેબલ લોસ અરજદારને થશે તેમ પણ મજુર અદાલત ઠરાવી શકી ન હોત અને તેથી પણ અરજદાર યુનીયને મનાઇ હુકમ મળવાપાત્ર ન હોત, હકીકતો પરથી કાયદાકીય પરિસ્થિતિ બહુ સ્પષ્ટ હોય તો મજુર અદાલતે તેના હુકમ લખવામાં અમુક લખ્યું છે અને અમુક નથી લખ્યુ કે અમુક ધ્યાનમાં લીધુ છે અને અમુક ધ્યાનમાં નથી લીધું તેટલા કારણસર હકીકતો અને કાયદાની જોગવાઇઓ બદલાઇ જશે નહિ અને તેથી વચગાળાની અરજીમાં અરજી રદ્ કરતો હુકમમાંનો ઓપરેટીવ પાર્ટ રીવીઝનમાં રદ થઇ શકશે નહિ અને આ તમામ સંજોગો ધ્યાનમાં રાખીને રીવીઝનમાં આ અદાલત અરજદારને મનાઇ હુકમ મળવાપાત્ર છે તેવું નીચલી અદાલતના રેકોર્ડમાંથી પુરવાર નહિ થતું હોય તો નીચલી અદાલતનો નિર્ણય રદ કરી વચગાળાનો મનાઇ હુકમ આપતી દાદ આપી શકશે નહિ, તે સંજોગોમાં આ રીવીઝન અરજી મંજુર થવા પાત્ર નથી.

(૭) શ્રી જયેશ પટેલ તરફથી રજુ કરવામાં આવેલા ચુકાદાઓને આ સંદર્ભમાં ચકાસીએ તો ૧૯૫૬ (૧) એલ. એલ.જે. ૬૫૩ પરનો બોમ્બે હાઇકોર્ટનો ચુકાદો તે નોટીસ આપવા અંગેની માલિકની જવાબદારીનો ઉલ્લેખ કરે છે અને શેડયુલ-૨ માં આપેલ આઇટમો માટે ફેરફાર કરતાં પહેલા નોટીસ આપવી જરૂરી છે તેવો ઉલ્લેખ કરે છે. જો આ ચુકાદો સમાન હકીકતવાળો હશે તો તેના આધારે મજુર અદાલત મુળ અરજી ચલાવી ગેરકાયદેસર ફેરફાર જાહેર કરી શકશે પરંતુ આ કેસમાં પણ વચગાળાના તબક્કે ગેરકાયદેસર ફેરફાર જાહેર કરવો તેવું મજુર અદાલતને જણાવતી કોઇ જોગવાઇ નથી. ૨૦૦૦ લેબ. આઇ. સી. ૨૯૬૨ (બોમ્બે) પણ આજ પ્રકારે નોટીસ ઓફ ચેઇન્જ બાબતનો ચુકાદો છે જેમાં સ્ટેચ્યુટરી નોટીસ આપવાનું ફરજીયાત છે તેવો ઉલ્લેખ છે પરંતુ તેમાંથી પણ વચગાળાના તબક્કે ગેરકાયદેસર ફેરફાર જાહેર થઇ શકશે તેવું ફલિત થતું નથી. ઇન્ડસ્ટ્રીયલ કોર્ટના બે ચુકાદાઓ રજુ થયેલા છે જેમાં ઇન્ડસ્ટ્રીયલ કોર્ટે વચગાળાના તબક્કે ઇલલીગલ ચેઇન્જ સામે વચગાળાના હુકમ આપ્યા છે પરંતુ તે જે કારણસર મજુર અદાલતે પણ વચગાળાના તબક્કે ગેરકાયદેસરનો ફેરફાર કર્યા સિવાય ગેરકાયદેસર ફેરફાર તરીકે તેના સામે મનાઇ હુકમ આપવો તેવું પ્રસ્થાપિત થઇ શકે નહિ. આ સંજોગોમાં જે શ્રી જે. એમ. પટેલે રજુ કરેલ ૨૦૦૦ એલ.એલ.આર. ૬૦૫ (બોમ્બે) અનફેર લેબર પ્રેકટીસ માટેની મહારાષ્ટ્રના કાયદા અંગેનો ચુકાદો છે. ૧૯૯૪ (૧) જી. એલ.આર. ૪૯૯ (ગુજરાત) નો ચુકાદો આ

અદાલતની રીવીઝનમાં પાવર્સ અંગેનો છે, પરંતુ તેનાથી ગેરકાયદેસર ફેરફાર માટે મનાઇ હુકમ મળવાપાત્ર છે અને તે વચગાળાના તબક્કે ગેરકાયદેસર ફેરફાર ગણીને આપી શકાય તેવું ફલિત થતું હોય તેમ જણાતું નથી. ૨૦૦૦ (૮૫) એફ.એલ.આર. ૬૭૪ લેબર કોર્ટ અને ઇન્ડસ્ટ્રીયલ કોર્ટના વચગાળાની રાહત આપવાના પાવર્સ સાથે સંબંધીત છે પરંતુ મજુર અદાલતને વચગાળાના હુકમ કરવાના પાવર્સ નથી તેવો વિવાદ આ કામમાં નથી. માત્ર મનાઇ હુકમ મળવાપાત્ર હતો કે કેમ, તે વિવાદ આ કામમાં છે. આજ રીતે ૧૯૯૩ (૧) જી.એલ.આર. ૮૨૦ પરનો ચુકાદો પણ લાગુ પડે તેવી સુસંગતતા તેમાં નથી. આ તમામ સંજોગોમાં આવા ચુકાદાઓ લેબર કોર્ટ સમક્ષની મુળ અરજીના સંદર્ભમાં વચગાળાનો મનાઇ હુકમ મળવાપાત્ર છે કે કેમ ? તે સંબંધમાં સમાન હકીકત ન હોવાને કારણે અને તે દષ્ટિએ સુસંગત ન હોવાના કારણે લેબર કોર્ટે તે તમામ ચુકાદાઓની ચર્ચા કરી ન હોય તો તેનાથી હુકમનું કાયદેસરનું મુળ તત્વ બદલાઇ જતું નથી અને મનાઇ હુકમ મળવાપાત્ર બની જતો નથી. આ સ્પષ્ટતા સાથે રીવીઝન અરજી ચકાસીએ તો રીવીઝન અરજીમાં માંગેલ દાદ આપી શકાય તેમ ન હોય રીવીઝન અરજી રદ થવા પાત્ર છે.

(૮) ઉપરોક્ત કારણોસર આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આ રીવીઝન અરજી આથી રદ કરવામાં આવે છે, ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૩.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત દ્વારા

આંક-૧૦

શ્રી પી. આર. દવે સાહેબની ઔદ્યોગિક અદાલત સમક્ષ
અપીલ (આઇ. સી.) નં. ૨૩/૨૦૦૧

ભરતભાઇ બાબુભાઇ ઠાકોર, ... **એપેલન્ટ.**
૩/૨૨૦૨, સલાબતપુરા, પીપરડીશેરી,
સુરત.

વિરૂધ્ધ

ધી મેનેજીંગ ડાયરેક્ટર, ... **રીસ્પોન્ડન્ટ.**
અન્નપુર્ણા ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.,
૨૧૦-બી, જી.આઈ.ડી.સી.
સુરત-૩૯૪૨૨૧.

બાબત :- સુરતની પ્રથમ મજુર અદાલતે તેના સમક્ષની ટી. અરજી નં. ૪૩૧/૯૫ ના કામમાં તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ની રોજ આપેલ ચુકાદા વિરૂધ્ધ
બી.આઈ.આર. એક્ટની કલમ-૮૪ મુજબ અપીલ.

ઉપસ્થિતિ :- એપેલન્ટ તરફે એડવોકેટ શ્રી એલ. એસ. હાલારી,
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ શ્રી એલ. એચ. ધાણાવાળા.

ચુકાદો

(૧) આ કામના એપેલન્ટ કામદારે સુરતની મજુર અદાલત સમક્ષ નોકરીમાં પુનઃ સ્થાપિત થવા તેમજ પડેલા દિવસોનો પગાર મેળવવા સહિત ટી. અરજી નં. ૪૩૧/૯૫ ના તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ કરેલ જેમાં પુરાવાઓ લઈ સુનાવણી પછી સુરતની પ્રથમ મજુર અદાલતના ન્યાયાધીશે તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ એપેલન્ટ
વિરૂધ્ધ હુકમ કરી સદરહુ ટી. અરજી રદ કરેલ છે. આ હુકમથી નારાજ થઈ એપેલન્ટે નીચેના કારણોસર હાલની અપીલ દાખલ કરી છે અને ટી. અરજી નં. ૪૩૧/૯૫ માં સુરતની પ્રથમ મજુર અદાલતે તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ કરેલ આખરી હુકમ રદ કરવા અને સામાવાળા અરજદારને તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છૂટા કરવાનું પગલું ખોટું અને ગેરકાયદેસર ઠરાવી એપેલન્ટ (અરજદાર) ને નોકરીના સાતત્ય સાથે અસલ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત પુનઃસ્થાપિત કરવા રીસ્પોન્ડન્ટ (મુળ અરજીના સામાવાળા) ને હુકમ કરવા દાદ માંગી છે. અપીલ મેમોમાં અપીલના કારણો નીચે જણાવ્યા છે.

કારણો

(૧) નીચલી કોર્ટનો મુળ અરજીમાં કરેલ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧નો હુકમ તદ્દન ખોટો, ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને ભૂલ ભરેલો છે.

(૨) નીચલી કોર્ટનો હુકમ બી.આઈ.આર. એક્ટના જોગવાઈઓ વિરૂધ્ધનો અને ગેરકાયદેસરનો છે.

INDEX

(૩) નીચલી કોર્ટનો હુકમ કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધનો અને ઈક્વીટીના સિદ્ધાંત વિરૂદ્ધનો છે.

(૪) નીચલી કોર્ટના તમામ તારણો અને નિર્ણય તથા આખરી હુકમ પક્ષકારોના પ્લીડીંગસ, શાહેદોની જુબાની તેમજ દસ્તાવેજી પુરાવાઓ વિરૂદ્ધનો અને પ્રસ્થાપિત કાયદાના સિદ્ધાંતો અને ચુકાદાઓ વિરૂદ્ધનો છે.

(૫) નીચલી કોર્ટનું ''અરજદાર તેમની જુબાનીમાં તેઓ એકસાઈઝ કલાર્ક કરીકે કામ કરતા હતા તેવું જણાવેલ છે. પરંતુ આ કામગીરી તેઓ શું શું કામગીરી કરતાં હતા તેવી કોઈ હકીકત વિસ્તૃત રીતે તેઓને જણાવેલ નથી.'' તેવું તારણ ખોટું અને ભુલ ભરેલું છે કારણકે અરજદારે તેમની આંક-૧૩ ની જુબાનીમાં તેઓની મુખ્ય કામગીરી જણાવેલ છે તે મુજબ ''મારી મુખ્ય કામગીરી એકસાઈઝમાં ગેટપાસ બનાવવા તથા લોટ રજિસ્ટર મેઈન્ટન કરવું, ફોર્મ-૪ અને ૫ મેઈન્ટેન કરવાની હતી.'' સબબ અરજદારે તેમની મુખ્ય કામગીરી જણાવેલ જ છે જેથી નીચલી કોર્ટનું તારણ ખોટું ભૂલ ભરેલું અને ગેરમાર્ગે દોરનારું છે.

(૬) નીચલી કોર્ટે અરજદારે રજુ કરેલ નિ. ૨૧/૨નો જવાબ વાંચવામાં ભૂલ કરેલ છે અને ખોટા તારણો ઉપર આવેલ છે.

(૭) અરજદારે રજુ કરેલ નિ.૨૧/૧ની એકસાઈઝ ખાતાની શો-કોઝ નોટીસ સાથેના એનેક્ષરમાં એકસાઈઝ અધિકારીએ લીધેલ અરજદારના સ્ટેટમેન્ટમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''સદર મીલના સેન્ટ્રલ એકસાઈઝના ઈનવોઈસ બનાવવાનું, આર. જી. ૧ રજીસ્ટર, પી. એલ. એ. રજીસ્ટર તથા રજીસ્ટર ફોર્મ-૪, રજીસ્ટર વિગેરે લખવાનું સારી રીતે જાણું છું અને હું લખું છું અથવા મારા માર્ગદર્શન હેઠળ એકસાઈઝ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતાં કલાર્ક લખે છે.'' તે ઉપરથી એવા તારણ ઉપર આવવું જોઈતું હતું કે અરજદાર બી. આઈ. આર. એકટની કલમ-૧ (૧૩) મુજબ કામદાર છે.

(૮) ઉપરોક્ત હકીકત હોવા છતાં નીચલી કોર્ટનું ''સદરહુ બાબત પરથી તેવો એક્સાઇઝ ખાતામાં એક્સાઇઝ કલાર્ક તરીકે નોકરી કરતા હોવાની હકીકત શંકા ઉપજાવે છે અને આ સંજોગોમાં અરજદાર સામાવાળા સંસ્થામાં એક્સાઇઝ કલાર્ક તરીકો કામ કરતા હોવાની હકીકત માની શકાય તેમ ન હોઇ તેઓ મુંબઇ ઔદ્યોગિક સંબધક અધિનિયમ-૧૯૪૬ ની કલમ-૩(૧૩) અન્વયે તેમનો સમાવેશ કામદારની વ્યાખ્યામાં થતો નથી.''તેવું તારણ ખોટું, ગેરકાયદેસર અને ભૂલ ભરેલું છે.

(૯) અરજદારે નિ. ૨૧/૧ સાથેના તેમનાં સ્ટેટમેન્ટમાં તેઓ એક્સાઇઝનું જે રેકડર્સ લખતા હતા અને રાખતા હતા તે વિગતવાર જણાયેલ છે. સદરહુ તમામ રેકડર્સ

સામાવાળાના કબજામાં હતું અને છે. અને તે સામાવાળાએ જાણી જોઇને રજુ કરેલ નથી. જેથી સામાવાળાના કબજામાં અરજદાર કામદાર હતા તેઓ સ્પષ્ટ પુરાવો સામાવાળાએ રજુ કરેલ નથી, જેથી Adverse Inference લઇ અરજદાર કામદારની વ્યાખ્યામાં પડે છે તેવા તારણ ઉપર નીચલી કોર્ટે આવવું જોઇતું હતુ.

(૧૦) નીચલી કોર્ટનું ''આ કામના અરજદાર અગાઉ ચર્ચા કરી તે અનુસાર ક્લાર્ક તરીકે કામગીરી કરતા હોવાનું પુરવાર કરી શકેલ નથી અને તેઓ મેનેજર તરીકે કામ કરતા હોવાનું ઠરાવેલ હોવાથી સદરહુ ચુકાદો આ કામની હકીકત સાથે સુસંગત ન હોય લાગુ પાડી શકાય તેમ નથી.'' તેવું તારણ ખોટુ, ગેરકાયદેસર અને ભૂલ ભરેલું છે. નામદાર સુપ્રિમ કોર્ટનો આનંદ બજાર પત્રિકાનો ચુકાદો ધ્યાનમાં ન લઇને અને તેનું ખોટું અર્થઘટન કરી નીચલી કોર્ટ ખોટા અને ભૂલ ભરેલ તારણ ઉપર આવેલ છે.

(૧૧) નીચલી કોર્ટનું ''સદરહુ પત્ર (આંક-૨૪) વાંચતા એમ જણાય છે કે, અરજદારને પગે ફ્રેકચર થયેલ છે. તેથી તેઓ સીવીલ હોસ્પિટલમાં દાખલ છે. અરજદારને ડોકટરે (૩) વીક માટે આરામ કરવાનું કહેલ છે અને આમ જણાવી અરજદારે સામાવાળા પાસેથી મે માસનો પગાર માંગેલ છે. હવે જો ઉપરોક્ત હકીકત હોય તો અરજદાર નોકરીમાં ચાલુ છે તેમ ગણાય કારણ કે તેમણે તેમની અરજીમાં મે માસનો પગાર મોકલી આપવાનું કહેલ છે. અને આ પત્રમાં સામાવાળાએ તેમને તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ થી છૂટા કરેલ છે તેવું જણાવેલ નથી. અરજદારે આંક-૨૪ના પત્રમાં તેઓને માર મારવાથી ફ્રેકચર થયેલ હોવાનું કે અન્ય કોઇ બનાવ બાબતે સ્પષ્ટતા કરેલ નથી.'' તે તારણ ખોટું, ગેરકાયદેસર અને ભૂલ ભરેલું છે.''

(૧૨) નીચલી કોર્ટનું ''આંક-૨૪ ની અરજીમાં અરજદારે પડેલા દિલસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત થવાની હકીકત જણાવેલ નથી. ફક્ત મે-માસનો પગાર જ માંગેલ છે. આમ, અરજદારની આંક-૧૩ ની જુબાની તથા આંક-૨૪ નો પત્ર વિરોધાભાષી જણાય છે, તે જ પ્રમાણે અરજદારેને જો તારીખ ૪થી એપ્રિલ, ૧૯૯૫ના રોજ નોકરીમાંથી છુટા કર્યા હોય તો તે તારીખથી જ માલિક-કામદારનો સંબંધનો અંત આવી જાય છે. અને આવા કિસ્સામાં જ્યાં સુધી કામદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટો કરવામાં આવેલ છે તેવું પ્રસ્થાપિત ન થાય ત્યાં સુધી અરજદાર પડેલા દિલસોના પગાર સહીત નોકરીમાં પુનઃ સ્થાપિત થવા હક્કદાર થતા નથી. સદરહુ કામે અરજદારે આંક-૨૪ ની અરજીમાં માલિક સમક્ષ તેમના પગારની માંગણી કરેલ છે અને તેમાં તેમણે તેમના મે-માસનો પગાર મોકલી આપવા વિનંતિ કરેલ છે. સદરહુ કામે અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ પોલીસ કમિશનરશ્રીને કરવામાં આવેલ આંક-૨૫ ની ફરીયાદમાં પણ અરજદારને તેઓને

સામાવાળા દ્વારા છુટા કરવામાં આવેલ છે તેવું જણાવેલ નથી. આમ અરજદારે કેટલીક હકીકતો છૂપાવેલ તેમ જણાય છે. તેમજ આંક-૨૪ અને આંક-૨૫ નો પત્ર ધ્યાનમાં લેતા અરજદારને સામાવાળાએ તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ નોકરીમાંથી છૂટા કરેલ હોવાથી હકીકત પ્રસ્થાપિત કરી શકેલ નથી.'' તેવું તારણ ખોટું, ભૂલ ભરેલું અને ગેરકાયદેસર છે.

(૧૩) નીચલી કોર્ટનું ''ઉપરની તમામ હકીકતમાં અરજદાર તેમનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ થયેલા છે. અને તે સંજોગોમાં અરજદારની અરજી ટકી શકે તેમ નથી.'' તેવું તારણ ખોટું, ગેરકાયદેસર અને ભૂલ ભરેલું છે.

(૧૪) સદરહુ કામમાં અરજદારનો તારીખ ૩જી ઓગસ્ટ, ૧૯૯૫નો વિનંતિપત્ર આંક-૧૮, આંક-૧ની અરજી તેમજ અરજદારની આંક-૧૩ની જુબાની તેમજ તમામ દસ્તાવેજી પુરાવો સમગ્રપણે ધ્યાનમાં લેતા તે હકીકત સ્પષ્ટપણે નિર્વિવાદ છે કે, તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ અરજદારને સામાવાળાના ત્યાં માર મારવાથી ફેક્ચર થયેલું. સામાવાળાની વગને લઇને પોલીસે અરજદારની ફરીયાદ લીધેલ નહી. ત્યારબાદ તારીખ ૧૫મી મે, ૧૯૯૫ના રોજ અરજદારે પોલીસ કમિશનરને લેખિત ફરીયાદ કર્યા બાદ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં પો. સ્ટે. ગુ. ર. નં. ૭૬/૯૫નો કેસ થયેલો જે હજી ચાલું છે. ત્યારબાદ તારીખ ૩૧મી મે, ૧૯૯૫ના રોજ અરજદારે માંદગીના સર્ટીફીકેટ સાથે રજાની માંગણી કરેલ અને મે માસના પગારની માંગણી કરેલ પરંતુ તે સામાવાળાએ ગ્રાહ્ય રાખેલ નહી અને તે પત્રનો કોઇ જવાબ પણ આપેલ નથી અરજદાર સારૂં થતા તારીખ ૯મી જુન, ૧૯૯૫ના રોજ નોકરી ઉપર હાજર થવા ગયેલ, પરંતુ સીક્યુરીટીના માણસોએ દાખલ થવા દીધેલ નહી અને ધક્કો મારી કાઢી મુકેલ અને માર મારવાની ધમકી આપેલ, ત્યારબાદ પણ અરજદાર તારીખ ૧૦મી, ૧૧મી, ૧૨મી, જુન, ૧૯૯૫ના રોજ નોકરી ઉપર હાજર થવા ગયેલ પણ તારીખ ૯મી જુન, ૧૯૯૫ની હકીકતનું પુનરાવર્તન થયું. વધુમાં તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ બાદ આજ દિન સુધી નોકરીમાં ગેરહાજર રહેવા બાબત સામાવાળાએ કોઇ લેખિત પત્ર લખ્યો નથી, ખાતાકિય તપાસ કરી નથી કે કોઇપણ જાતની કાર્યવાહી કરેલ નથી. સામાવાળા તરફથી સંસ્થાના કોઇ જવાબદાર માલીક આ કામમાં જુબાની આપેલ નથી પરંતુ સામાવાળાના ટાઇમકીપર શ્રી રાજેશભાઇ મથુરભાઇ પટેલને આંક-૩૪ થી તપાસવામાં આવેલ છે. અને નિ. ૩૫/૧ થી ૩૫/૩ થી ફક્ત એપ્રિલ, મે, જુન- ૧૯૯૫ના હાજરીપત્રક રજુ કર્યા છે. જે પત્રકો જોતા તે સ્પષ્ટ ખોટા ઉભા કરેલા જણાય છે. શાહેદે તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૦ના રોજ જુબાનીમાં જુન-૯૫ પછી હાજરી પત્રકો તથા પગારપત્રકો રજુ કરવા તૈયાર છું. તેમ જણાવેલ જેથી તે દિવસે ઉલટ તપાસ મુલત્વી રાખવામાં આવેલ. ત્યારે પછી તારીખ ૨૦મી જુન,

INDEX

૨૦૦૦ના રોજ ઉલટ તપાસમાં મજકુર શાહેદ રાજેશભાઇ જણાવે છે કે ''જુન-૯૫ થી આજદિન સુધીના હાજરીપત્રકો તથા પગારપત્રકો મળી આવ્યા ન હોઇ હું રજુ કરી શકુ તેમ નથી.''

''શીતલબેન મેનેજીંગ ડીરેકટર અથવા બીજા કોઇ શેઠે અરજદારને તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ નોકરીમાંથી છુટા કરેલ હોય તો મને તેની જાત માહિતી નથી. એકસાઇઝના બધાજ રેકર્ડઝ અરજદાર લખતા હતા. એકસાઇઝનું બધુ જ રેકર્ડ અરજદારના હસ્તાક્ષરમાં છે તે વાત ખરી છે.

આંક-૧૮નો વિનંતિ પત્ર મળેલ છે. વિનંતિપત્રનો જવાબ આપેલ નથી. અરજદારને તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ પછી કામે હાજર થવા કોઇ લેખિતપત્ર લખેલ નથી. અરજદારને ગેરહાજરી માટે ચાર્જશીટ આપેલ નથી.

ઉપરોક્ત સમગ્ર હકીકત અને પુરાવા ઉપરથી નીચલી કોર્ટે અરજદાર સામાવાળા સંસ્થાનો બી. આઇ. આર. એકટની કલમ-૩ (૧૩) મુજબ કામદાર હતો અને સામાવાળાએ છૂટા કરેલ છે તેવા તારણ ઉપર આવવું જોઇતું હતું.

(૧) નીચલી કોર્ટે એપેલેન્ટ તરફે રજુ કરેલા ચુકાદાઓ ધ્યાનમાં લીધા સિવાય જે હુકમ કર્યો છે તે ખોટો, ગેરકાયદેસર, ભુલ ભરેલો અને પ્રથમથી રદબાદત અને નિરર્થક છે.

(૨) અપીલ સાથે નીચલી કોર્ટનું વાદગ્રસ્ત હુકમ (પ્રમાણીત નકલ) સામેલ કરેલ છે. આ હુકમ અંગે નીચલી અદાલતનું રેકાર્ટ મંગાવવામાં આવેલ છે. જે આ કામમાં સામેલ છે અને રીસ્પોન્ડન્ટને નોટીસ કરવામાં આવેલ છે. રીસ્પોન્ડન્ટ તરફથી તેમના વકીલ અપીલમાં હાજર થયેલ છે.

(૩) રીસ્પોન્ડન્ટે આંક-૮ થી અપીલના મુદ્દા વિરુધ્ધનો તેમનો જવાબ રજુ કરી એવી રજુઆત કરી છે કે અપીલ કાયદેસર નથી અને કોઝ ઓફ એકશન વિહોણી છે તેમના નીચલી અદાલતનો ચુકાદો હકીકત પીઠબળવાળો અને ન્યુટરલ છે તેમજ ઉભય પક્ષને કેસ સાબીત કરવા માટે તમામ તક સંપૂર્ણ આપ્યા બાદ હકીકતોનું મલ્યાંકન કરીને સજા ન્યાયના સિધ્ધાંતોનો સંપૂર્ણ અમલ કરીનેજ કાયદા મુજબ પસાર કરવામાં આવેલ હતો જેમાં લેખિત રજુઆતો, સાક્ષીઓની જુબાનીઓ તેમજ દસ્તાવેજી પુરાવાઓ ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને પક્ષકાર તરફથી રજુ કરેલા કેસ પેપર ઉપરથી ભારતીય ન્યાય પ્રણાલીને અનુરુપ હતો. આ જવાબમાં પુરાવાના કેટલાંક અંશો નોંધાવામાં આવ્યા છે અને તેના આધારે મજુર અદાલતે જે ચુકાદો આપ્યો છે તે કાયદેસરનો, હકીકતો અને કાનુની પીઠબળવાળો છે અને અપીલ ટકી

INDEX

શકે તેમ ન હોવાથી રદ પાત્ર છે, તેવું જણાવવામાં આવેલ છે.

(૪) આ કામમાં એપેલન્ટ તરફે શ્રી એલ. એસ. હાલારી, એડવોકેટે દલીલો કરતા એપેલેન્ટમાં મુળ અરજીમાંની હકીકતોનો ઉલ્લેખ કરી એવી રજુઆત કરી છે કે, કામદારની અરજી ટર્મીનેશન વિરુધ્ધની હતી અને કામદારે સ્પષ્ટ રીતે છુટા કરવાનો મૌખિક હુકમ ગેરકાયદેસર ઠરાવવા અને પુનઃ સ્થાપન માટે દાદ માંગી હતી પરંતુ કામ ચલાવ્યા પછી મજુર અદાલતે કામદારની અરજી બે મુદ્દા ઉપર રદ કરી છે જેમાંનો એક એ છે કે, કામદાર બી. આઇ. આર. એકટમાની ''કામદાર'' ની વ્યાખ્યામાં આવતા કામદાર નથી અને બીજુ ટર્મીનેશન તારીખ પુરવાર થતી નથી. અને આ બંને મુદ્દા અંગે મજુર અદાલતે પુરાવાને યોગ્ય રીતે મુલવેલ નથી અને કામદારે તેની મુખ્ય કામગીરી એકસાઇઝ કલાર્ક તરીકેની હોવાનું જણાવેલ અને એકસાઇઝ પત્રકોમાં તેના હસ્તાક્ષર પુરવાર કરવામાં આવ્યા છે તે યોગ્ય અને પુરતો પુરાવો હોવા છતા રેકાર્ટમાં કામદારની મેનેજર તરીકેની સહી હોવાથી તેને મેનેજર ગણી અર્થઘટનમાં ભુલ કરી છે. શ્રી હાલાલીએ એવી પણ રજુઆત કરી કે પાનું-૪, આંક-૧૩ ના સાહેબની મૌખિક જુબાની બહુ સ્પષ્ટ છે અને પાના-૫ પર પેરેગ્રાફ-૩ માં મજુર અદાલતે આ કામદારની જુબાની બાબતે તે શું શું કામગીરી કરતા હતા તેની વિસ્તૃત હકીકત જણાવેલ નથી તેવું લખ્યું છે જે રેકોર્ડ ઉપર આંક-૧૩ ની જુબાનીમાં પડેલા પુરાવાથી વિરુધ્ધનું તારણ છે. મજુર અદાલતે નિશાની ૨૧/૧ ઉપર આધાર રાખેલ હોવાનું શ્રી હાલારીએ જણાવેલ છે, પરંતુ તે બાબત શ્રી હાલારીની રજુઆત એવી છે કે, કાયદેસરના પગલાથી બચવા માટે માલિકે અરજદાર મેનેજર હોય તે રીતે તેમને રજુ કરેલા છે, પરંતુ હકીકતે તેઓ એકસાઇઝ કલાર્ક છે અને તે બાબતે પુરાવો વાંચ્યા પછી અદાલત કોઇ સ્પષ્ટ તારણ આપતી નથી પરંતુ કલાર્ક હોવા વિશે શંકા જાય છે તેવું પેરેગ્રાફ-૬ માં લખે છે, એટલે જો કામદાર મેનેજર હોવાનું પુરવાર થતું ન હોય તો શંકાના આધારે તે કામદાર નથી તેવું માનવું જોઉએ નહિ. શ્રી હાલારીએ એવી પણ રજુઆત કરી છે કે કામદાર ઉપર શંકા જતા તેમને તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ બેરહેમ માર મારવામાં આવેલો અને તે દિવસે મૌખિક હુકમથી કાઢી મુકવામાં આવેલ તે બાબત કામદારે પ્લાડીંગમાં અને તેની મૌખિક જુબાનીમાં રજુઆત કરી છે તે બનાવ અંગે દીનાયલ નથી. તે સંજોગોમાં નોકરીમાંથી છુટા કરવાની બાબત અંગે મજુર અદાલતે હકીકત પુરવાર થાય તેમ માનવું જોઈતું હતું, પરમતું મજુર અદાલતે તે બાબત યોગ્ય મુલ્યાંકન કર્યું નથી. શ્રી હાલારીએ એવી સ્પષ્ટતા કરી કે ભલે કામદારે લીવ એપ્લીકેશન આપી પરંતુ તે બાબત તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૯૫ના રોજ સામાવાળાએ કાઢી મુક્યા પછી જ્યારે કામદાર કામ ઉપર જાય અને તેમને કામ ઉપર રાખવામાં ન આવે તો લીવ એપ્લીકેશન હોવા છતા ટર્મીનેશન તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજનું ગણાય

INDEX

કારણ કે ત્યારથી કામદારને કામ આપેલ નથી કે તે સમયનો પગાર આપ્યો નથી, તે સંજોગોમાં તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ ટર્મીનેટ કરવામાં આવ્યા છે તે માનવું રહ્યું અને તે સંજોગોમાં કાયદેસરનો વિનંતી પત્ર આપી આ અરજી દાખલ કરવામાં આવી છે અને તેમાંની હકીકતો કામદારે પુરવાર કરેલી છે તેવું મજુર અદાલતે માનવું જોઈતું હતું અને તે ન માનવામાં કાયદા અને હકીકતોની ભૂલ કરી છે, એટલુંજ નહી જે સાઈટેન્સ રજુ થયું તેને સમજવામાં પણ મજુર અદાલત ઉણી ઉતરી છે.

(૫) રીસ્પોન્ડન્ટ તરફે દલીલ કરતા શ્રી એમ. એસ. ધાણાવાળાએ એ બાબત તરફ ધ્યાન દોર્યું કે તારીખ ૩૧મી મે, ૧૯૯૫ના રોજ કામદારે રજાની માંગણી કરેલ છે એટલે તેઓ તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ નોકરીમાં હતાં તેવી તેની અસર થાય અને સંજોગોમાં મૌખિક ટર્મીનેશન પુરવાર થતું નથી અને એપ્રિલ-મે, માસનો પગાર તેમણે મેળવેલ છે અને તે બીજે નોકરી કરતા હતા તે પણ પુરાવામાં આવે છે, ઉપરાંત એફ. આઈ. આર. તેમનો ધંધો નોકરી એમ દર્શાવેલ છે, તે સંજોગોમાં તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫નું ટર્મીનેશન કામદાર પુરવાર કરી શકતા નથી અને તે બાબત મજુર અદાલતનું મૂલ્યાંકન સાચુ છે. શ્રી ધાણાવાળાએ એવી પણ રજુઆત કરી કે કામદારની વ્યાખ્યામાં એપેલન્ટ આવતા નથી કારણ કે તેમણે મેનેજરનો હોદ્દો સ્વીકાર્યો છે અને તેમણે મેનેજર તરીકે કામગીરી કરી છે અને તેમને મર્યાદીત કામ માટે રાખેલ છે, તે રેકોર્ડ ઉપર છે અને તે બાબતમાં તેમણે હોદ્દા પ્રમાણે પગાર લીધો છે, તે સંજોગોમાં મજુર અદાલતનો ચુકાદો કાયદેસરનો અને યોગ્ય છે.

(૬) શ્રી હાલારીએ શ્રી ધાણાવાળાની દલીલના જવાબમાં એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે રજા મંજુર કરવામાં આવી નથી કે મંજુર કરવામાં આવી છે તે બાબત સામાવાળાનો જવાબ ન હોવાથી અગાઉની તારીખમાં ટર્મીનેશન ગણ્યું છે અને પાછળના પત્રકો રજુ થયા નથી કે જેમાં એલ.કે.એ. દર્શાવેલ હોય, તે સંજોગોમાં કામદારની રજુઆત સાચી છે અને માલિકનું વર્તન તપાસીને તેના આધારે નિર્ણય લેવો જોઈએ કારણકે તે સુસંગત પુરાવો ગણાય અને માલિકનું વર્તન જોતા તે રજા અંગે કામદારને જવાબ આપતા નથી તેમજ એપ્રોચ લેટરનો પણ તેને જવાબ આપ્યો નથી. આ સંજોગોમાં કામદારની રજુઆતો ન માનવા માટે મજુર અદાલતે કોઈ જ કારણ ન હતું.

(૭) હાલની અપીલમાં નીચેના મુદ્દા ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું એપેલન્ટ પુરવાર કરે છે કે નીચલી કોર્ટનો તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧નો વાદગ્રસ્ત આખરી હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને ભૂલ ભરેલો છે ?

(૨) શું અપેલન્ટ પુરવાર કરે છે કે, નીચલી કોર્ટના તારણો અને આખરી હુકમ પ્લીન્ડીંગસ સાહેદોની જુબીની તેમજ દસ્તાવેજી પુરાવાઓ વિરુદ્ધનો તેમજ પ્રસ્થાપિત કાયદાઓના સિદ્ધાંતો અને ચુકાદાઓ વિરુદ્ધનો છે ?

(૩) શું એપેલન્ટ પુરવાર કરે છે કે, એપેલન્ટ બી. આઈ. આર એકટની કલમ-૩ (૧૩) મુજબના કામદાર નથી તેવો નીચલી કોર્ટનો નિર્ણય ગેરકાયદેસરનો, ગેરવ્યાજબી, પુરાવાઓના ખોટા અર્થઘટનવાળો અને ભૂલ ભરેલો છે ?

(૪) શું એપેલન્ટ પુરવાર કરે છે કે, તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ સામાવાળાએ અરજદારને નોકરીમાંથી છૂટા કરેલ હોવાની હકીકત અરદાર પ્રસ્થાપિત કરી શકેલ નથી તેવું નીચલી કોર્ટનું તારણ ખોટું ભૂલ ભરેલું અને ગેરકાયદેસર છે ?

(૫) શો હુકમ.

ઉપરોક્ત મુદા અંગેના નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમા
(૪) નકારમાં
(૫) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોક્ત નિર્ણય માટેના કારણો પરસ્પર સંકળાયેલા અને સમાન હોવાથી તેની ચર્ચા સાથે કરવામાં આવે છે.

એપેલન્ટ તરફે એલ. એસ. હાલારીની રજુઆત જોતા કામદારે તેની જુબાનીમાં તેમનું તમામ કામ વિગતવાર વર્ણવેલ છે અને સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના ચુકાદાઓ જોતા માણસનો હોદો નહિ પરંતુ તેનું મુખ્ય કામ તે કામદારની વ્યાખ્યામાં આવે છે કે નહિ તે મહત્વનું છે. આ અંગે મજુર અદાલતે તેના બી.આઈ.આર. એકટની કલમ-૩ (૧૩) નો ઉલ્લેખ કરી કામદારહની કામગીરી તેના સંદર્ભમાં તપાસેલી છે. શ્રી હાલારીની સિદ્ધાંતો અંગેની રજુઆત સુસંગત છે કે કામદારનું મુખ્ય કામ જોવું જોઈએ, પરંતુ આ કામમાં કામદારની જુબાનીમાં તેણે જે કામગીરી વર્ણવી છે તે કામગીરી માત્ર કલાર્કની નથી. અરજદારની આંક-૧ની અરજીમાં જ તેમણે એ બાબત સ્પષ્ટ કરી છે કે તેમને ઓથોરાઈઝડ સીગ્નેટરી તરીકે જણાવીને સંસ્થાએ તેમની સહી મંજુર કરાવેલી અને તેમને મેનેજર તરીકે બતાવેલ. આ જોતાં શરુઆતથી જ કામદારને ખબર હતી કે તેમને મેનેજર તરીકે બતાવેલ છે અને તમણે મનેજર તરીકે સહીઓ પણ કરેલી છે. એટલુંજ નહિ તેમણે પગાર પત્રક અને બીજા રજીસ્ટરો ઉપર પણ મેનેજર તરીકે તેમની સંપૂર્ણ નોકરી દરમ્યાન સહીઓ કરી છે. હવે જ્યારે કામદાર મેનેજર તરીકે સહી પણ કરતા હોય અને પગાર પણ લેતાં હોય ત્યારે

INDEX

તે મેનેજરની કામગીરીમાં નથી આવતા અને મુખ્યત્વે કલાર્કની કામગીરી કરી છે તે
કહી શકાય નહિ. રેકોર્ડમાં એ બાબત પણ આવે છે કે, તેમણે પગારપત્રક, ઈ.એસ.આ
ફોર્મ અને ફેકટરી ધારાના ફોર્મ ઉપર દર મહિને સહી કરવી પડે. હવે તેમણે એમ કહ્યું
કે, આ સહી કરવા હું સંમત ન હતો પરંતુ સંપુર્ણ નોકરી દરમ્યાન તેમણે આ અંગે વાં
લીધો હોય તેવી રજુઆત નથી એટલુંજ નહિ એ અંગેનો શોકોઝ નોટીસનો જવાબ પ
ઓથોરાઈઝડ સીગ્નેટરી તરીકે કામદાર આપે છે અને તેમાં ઓથોરાઈઝડ સીગ્નેટરી
હોદ્દો કબુલ રાખે છે. હવે આ દસ્તાવેજી બાબતો છે. બીજી હકીકત એ પણ રજુ થાય છે ક
આ કામદારની દેખરેખ હેઠળ એકસાઈઝ આસીસ્ટન્ટ તરીકે એક કલાર્ક ફરજ બજાવે
તે કેટલાક રજીસ્ટરો કામદારની દેખરેખ હેઠળ રાખે છે. આ કારણે મજુર અદાલ
કામદારની કલમ-૩ (૧૩) મુજબના કામદારની વ્યાખ્યામાં આવતા કર્મચારી ગણેલ નથ
શ્રી હાલારી જેને શંકા ઉપજાવે છે તે શબ્દોમાં અનુમાન કહે છે તે બાબત મજુર અદાલ
અરજદાર કામદારની રજુઆત બાબત શંકા લખેલી છે. મજુર અદાલતે પોતાનું તાર
શંકા અને અનુમાનના આધારે આપ્યું નથી. આ બાબત પ્રયોગની છે. મજુર અદાલત
તારણને દસ્તાવેજી પુરાવાનું સમર્થન છે તેના વિરુદ્ધમાં મૌખિક પુરાવાનું વજન ના ર
કામદારનો પગાર વિવાદસ્પદ નથી અને તેની કામગીરી માટે દસ્તાવેજી પુરાવાઓ છે
સંજોગોમાં મજુર અદાલતનું તે અંગેનું તારણ પુરતા પુરાવાઓ ઉપર આધારીત છે અ
પુરાવાઓનું મુલ્યાંકન યોગ્ય રીતે કરવામાં આવ્યું છે અને તેને કાયદાઓની જોગવાઈઓ
અનુસંધાને યોગ્ય રીતે ચકાસવામાં આવ્યું છે અને પછી તારણ આપવામાં આવ્યું છે
પડેલા પુરાવાઓ વિરૂદ્ધ નથી કે રજુ થયેલા ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો વિરૂદ્ધ
નથી. આજ રીતે તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ અરજદારને ટર્મીનેટ કરવામાં આવ
તેવી રજુઆત પ્લોડીંગમાં છે. હવે વતનની દ્રષ્ટિએ તે બાબત બહુ સ્પષ્ટ છે કે જે વ્યકિત
તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ નોકરીમાંથી કાઢી મુકવામાં આવી હોય અને
વખતે તેને ખબર હોય કે તેને નોકરીમાંથી મૌખિક હુકમથી કાઢી મુકવામાં આવેલ છે
વ્યકિત રજાનો રીપોર્ટ મોકલવાને બદલે પોતે ગેરકાયદેસર રીતે કાઢી મુકવામાં આવેલ
કે છુટા કરવામાં આવેલ છે તે જ બાબત લખે અને તે બાબત તેજ ફરિયાદ કરે.
હાલારી માલિકના વર્તન પરથી સંજોગો પુરવાર કરવાની કોશીષ કરે છે તેજ રીતે કામદાર
વર્તન પણ પુરાવામાં સુસંગત બાબત છે. વિનંતી પત્ર લખતા પહેલાં કામદારે પ્લીડીંગ
જણાવેલ માર મારવાના બનાવ અંગે ફરિયાદ કરી છે તે વખતે પણ તેમને નોકરીમાં
કાઢી મુકવામાં આવ્યા છે તેવું જણાવ્યું નથી. આ સંજોગોમાં તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫
રોજ કાઢી મુકવામાં આવ્યા હોય તો ત્યાર પછીના થોડાક દિવસ પછી કાઢી મુકવા બદ
નોટીસ આપવાને બદલે માલિકને રજાનો રીપોર્ટ આપવાનો પ્રસંગ શી રીતે ઉભો થયો
અને જો રજાનો રીપોર્ટ કાઈ કામદારે આપ્યો હોય તો તેની પહેલાના થોડા દિવસ પહે
તેને નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યા છે તેવું કહી શકે ખરો ? આ બંને બાબત કામદારો
તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ છૂટા કરવામાં આવેલ હોવાનું જે પ્લીડીંગ છે તે

INDEX

વિરુદ્ધ જાય છે કારણકે કામદાર એમ ના કહી શકે કે તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના રોજ મને કાઢી મુકવામાં આવ્યો તેની મને ખબર નહોતી. કામદારની ટર્મીનેશનની આ તારીખે એ રીતે પણ પુરવાર થતી નથી કે અદાલત સમક્ષ એપ્રિલ-૧૯૯૫, મે-૧૯૯૫ અને જુન-૧૯૯૫ ત્રણે મહીનાના હાજરી પત્રકો રજુ થયેલા છે. આ હાજરી પત્રકો બનાવટી છે તેવી રજુઆત થઈ નથી. એપ્રિલ-૯૫ના પગાર પત્રકમાં ક્રમ-૩ ઉપર ભરત બી. ઠાકોર એટલે કે કામદારનું નામ છે અને તેમાં ૨૯મી અને ૩૦મી બંને તારીખના ખાનામાં ગેરહાજરી લખેલી છે. હવે હાજરી પત્રકમાં તેનું નામ ચાલું છે ત્યાર પછી મે-૯૫ના હાજરી પત્રકમાં પણ ક્રમ-૩ ઉપર કામદારનું નામ છે અને મે મહીનામાં તેની ગેર હાજરી લખવામાં આવી છે, તેજ રીતે જુન-૯૫માં હાજરી પત્રકમાં પણ ક્રમ-૩ ઉપર કામદારનું નામ છે અને તેમાં શરૂઆતમાં ૩ અઠવાડીયા બીમારીની રજા જણાવેલ છે અને ત્યાર પછી ગેર હાજરી પુરવામાં આવી છે. આ પુરાવા જોતા જુન-૯૫ સુધી એટલે કે કામદારે ટર્મીનેશનની આપેલી તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના પછી મે મહીના સુધી હાજરી પત્રકમાં કામદારનું નામ છે અને તેની હાજરી કે ગેરહાજરી અંગેની માહિતી નોંધવામાં આવી છે, તેના અનુસંધાનમાં કામદારનો રજાનો રીપોર્ટ આધારભૂત પુરાવો થઈ જાય છે અને રજાનો રીપોર્ટ આપ્યા પછી કામદાર તેને રજાનો રીપોર્ટ આપ્યાની પહેલાની તારીખથી છૂટા કરવામાં આવ્યા છે તવું કહી શકે નહિ અને તેવું પુરવાર થતું નથી આ અંગે મજુર અદાલતે તેના સમક્ષના તમામ પુરાવાઓની ખાસ કરીને કામદારના મૌખિક પુરાવાની પણ લંબાણપૂર્વક ચર્ચા કરી છે અને પોતે મંતવ્ય ઉપર આવે છે તે બાબતના પુરતા અને યોગ્ય કારણો આપ્યા છે અને તે કારણોને રેકોર્ડ પરના દસ્તાવેજી પુરાવાઓનું પણ સંપૂર્ણ સમર્થન છે, ત્યારે મજુર અદાલતનો હુકમ કાયદાની જોગવાઈઓ વિરૂદ્ધનો, પડેલ પુરાવાઓથી વિરોધાભાષી, પુરાવાના ભુલ ભરેલા અર્થઘટનવાળો કે કાયદાના પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતોથી વિરુદ્ધનો કે કાયદાના કે હકીકતોની ભૂલવાળો હુકમ કહી શકાય તેવા આ અપીલમાં સંજોગો પુરવાર થતા નથી અને પરિણામે અપીલ રદ થવા પાત્ર છે.

૯. ઉપરોકત કારણોસર આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

એપેલન્ટની આ અપીલ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

[PART I—L]

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 20, *Gujarat Government Gazette*, Part I—L, dated 15th May, 2003 and for pages VAD-5319 to VAD-5462 (in 1 set) *read* page Nos. 7943 to 8086.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૫મી મે, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૨૦માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૫૩૧૯ થી વીએડી-૫૪૬૨ (૧ બંચમાં) ને પાન નંબર ૭૯૪૩ થી ૮૦૮૬ વાંચવા.

Vadodara, 15th May, 2003.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭:

નંબર કે.એચ./એસએચ/એમસી/વ/એજે/૧૬૦૯/૨૦૦૩.- મદદની મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિ નિર્દિષ્ટ કરેલી બાબતને સંકળાયેલી ઔદ્યોગિક તકરાર લસ્ટર સીરામી પ્રા.લી., ગોરવા, વડોદરા અને તેના કામદારો શ્રી હેમંતભાઇ કમલાશંક તથા અન્ય-૧૧ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકા વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-જ થી સદર ધારાની કલમ-૧૦ની પે કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારા અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયે બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્ત સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિય ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ મજુર કમિશનર, વડોદરા આ શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર- વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) હેમંતભાઇ કમલાશંકર પંડયા (૨) લલીતાબેન વી. સોલ (૩) અમરસિંગ મથુરભાઇ પઢીયાર (૪) કાંતીભાઇ સોમાભાઇ સોલ (૫) સુરેશભાઇ ભીખાભાઇ બારીયા (૬) મણીબેન મગનભાઇ પરમાર (રાજેશભાઇ મહીજીભાઇ મકવાણા (૮) ભાનુભાઇ સોમાભાઇ પરમાર (જશુભાઇ પરસોતમભાઇ મેકવાન (૧૦) પુષ્પાબેન વાય. મેકવાન (૧ શારદાબેન બાબુભાઇ પરમાર (૧૨) રમણભાઇ છત્રસિંગ વાઘેલા ઉપરો કામદારોને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિ કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૩૭ ફેબ્રુઆરી, ૨૦૦૩.

કે. એસ. ગીલ,
મદદનીશ મજુર કમિશ
વડોદરા.

માનનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭:

નંબર કે:એચ:/એસએચએમસી/વ/એજે/૨૧૮૪/૨૦૦૩.- માનનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શૈલી પ્લાસ્ટીક ફીનીશીંગ લીમીટેડ પો: રાણીયા, તા: સાવલી અને તેના કામદારો શ્રી લક્ષ્મણભાઇ રબારી તથા અન્ય-૩૯ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૯૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો શ્રી માનનીશ મજુર કમિશનરોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, માનનીશ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર-૪ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ કામદાર શ્રી લક્ષ્મણભાઇ મુળજીભાઇ રબારી તથા અન્ય-૩૯ કામદારોને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

આજ ડી. ૧૦(૧) રેફરન્સ કેસ નં. ૬૩ થી ૧૦૨/૨૦૦૩.

શૈલી પ્લાસ્ટીક ફીનીશીંગ લી.
પો: રાણીયા, તા: સાવલી.
વિરૂધ્ધ

લક્ષ્મણભાઇ મુળજીભાઇ રબારી તથા અન્ય-૩૯.

INDEX

પરિશિષ્ટ

ઉમેદવારોના નામની યાદી

૧. લક્ષ્મણ મુળજીભાઇ રબારી
૨. ચંદ્રસિંહ જીતસિંહ રાણા
૩. ચંદુભાઇ મંગળભાઇ પરમાર
૪. હેમંત વિનુભાઇ પટેલ
૫. રોહિતકુમાર ધીરુભાઇ પટેલ
૬. મહેશ ગોરધનભાઇ નાયક
૭. ભાંભાભાઇ રાવજીભાઇ ભોઇ
૮. પિયુષ રમેશભાઇ પંચાલ
૯. રાજેશ ભુપતભાઇ નાયક
૧૦. અર્જુન રમેશભાઇ નાયક
૧૧. ધર્મેન્દ્રસિંહ ફતેસિંહ પરમાર
૧૨. અમરસિંહ ગોકળભાઇ સોલંકી
૧૩. અનિષકુમાર હઠીસિંહ મહીડા
૧૪. ચંદ્રસિંહ મોહનસિંહ ઝાલા
૧૫. જીતેન્દ્રસિંહ ચંદ્રસિંહ મહીડા
૧૬. કિશાનભાઇ જેસાભાઇ વાઘેલા
૧૭. દિનેશભાઇ બાબરભાઇ રબારી
૧૮. અમરસિંહ અનોપસિંહ રણા
૧૯. હિતેશકુમાર ડાહયાભાઇ પટેલ
૨૦. કિરવતસિંહ ચીમનભાઇ વાઘેલા
૨૧. મહેશભાઇ ગભાભાઇ સોલંકી
૨૨. ભરતભાઇ શંકરભાઇ ઝાલા
૨૩. ભરતભાઇ લક્ષ્મણભાઇ રબારી

INDEX

ઉમેદવારોના નામની યાદી

૨૪. હસમુખ પરસોત્તમ પ્રજાપતિ

૨૫. કેતન જયંતિભાઇ પટેલ

૨૬. સરદાર ગણપતભાઇ રાઠોડ

૨૭. રમેશ મહિજીભાઇ નાયક

૨૮. જયંતિભાઇ ડાહ્યાભાઇ પરમાર

૨૯. યાસિનભાઇ ઇસ્માઇલભાઇ વ્હોરા

૩૦. મુકેશભાઇ મહેશભાઇ ચાવડા

૩૧. વિજયભાઇ ઉદેસિંહ મહિડા

૩૨. રજનીકાંત જશભાઇ પટેલ

૩૩. વિક્રમભાઇ ભલાભાઇ રબારી

૩૪. પ્રવિણસિંહ જનકસિંહ રણા

૩૫. પ્રવિણસિંહ પ્રભાતસિંહ ઝાલા

૩૬. અલ્પેશ અરવિંદભાઇ પટેલ

૩૭. ભાવેશ ગોરધનભાઇ પટેલ

૩૮. ચિરાગ અરવિંદભાઇ પટેલ

૩૯. રાજેશ જયંતિભાઇ પટેલ

૪૦. અનુપ જીતસિંહ રણા

વડોદરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૨૦૦૩.

કે. એસ. ગીલ,
મદદનીશ મજુર કમિશનર,
વડોદરા.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસએચએમસી/વ/એજે/૨૧૯૪/૨૦૦૩.- મદદની મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમ નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) હિન્દુસ્તા ફાર્માસ્યુટીકલ્સ લી., રમણગામડી, જી. વડોદરા. (૨) હેલ્થ એન્ડ હાઇજી પ્રોડકટસ ઇ. લી. રમણગામડી, તા. જી. વડોદરા અને તેના કામદાર શ્ર હરનીશ એચ.પટેલ તથા અન્ય-૪ વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકા વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટ કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતાં સદર ધારાન અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયે બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્ત સુપ્રત કરવામાં આવી છે.

(૧૭) ૧૯૯૭ જી.એલ.આર. ૨૨૧૫.

(૧૮) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ પેઈઝ ૩૫૬ સી.એ. નં. ૫૧૯,૫૨૦,૫૨૧,૧૯૫૮.

(૧૯) ૨૦૦૦ (૨) સી.એલ.આર. ૬૦૩.

(૨૦) ૨૦૦૧ (૨) એલ.એલ.જે. ૫૬૭.

(૨૧) ૨૦૦૦ (૩) સી.એલ.આર. ૩૨૪ (બોમ્બે).

(૨૨) ૨૦૦૨ (૧) જી.એચ.જે. ૧૦૨૪.

(૨૩) ૨૦૦૦ (૧) એલ.એલ.જે. ૧૦૦૮ (બોમ્બે).

(૨૪) ૨૦૦૦ (૧) એલ.એલ.જે. ૧૬૦૨.

(૨૫) ૧૯૮૮ (૨) જી.એલ.એચ. ૪૯૮ (ગુજરાત હાઈકોર્ટ ડી.બી.).

(૮) આ કામમાં મુખ્યત્વે મજુર અદાલતે સજાના પ્રમાણમાં વિચારણા કરી અને દખલ અંદાજી કરી છે તે કૃત્ય હકુમત બહારનું કાર્યક્ષેત્ર બહારનું, પુરાવાના આધાર વિનાના, પુરાવાના યોગ્ય એપ્રેસીએશન વિનાનું અને કારણ આપ્યા સિવાયનું છે તેવું જણાવી મજુર અદાલતે ભૂતકાળનો રેકોર્ડ ધ્યાનમાં જ લીધો નથી અને ગંભીર ગેરવર્તણૂંક પુરવાર થતી નથી તેવું અનુમાન કરી લીધું છે, તે મુદ્દો વિવાદનો મુદ્દો છે અને તે સંજોગોમાં મજુર અદાલતનો હુકમ કાયદાની જોગવાઈઓ અને ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબનો છે કે કેમ તે બાબત બંને પક્ષની રજુઆતનો મુદ્દો છે, જેને ધ્યાનમાં લઈએ તો તેના સંદર્ભમાં શ્રી હેમંતભાઈ દેસાઈની રજુઆત એવી છે કે, મજુર અદાલતે ગેરવર્તણૂંક ગંભીર પ્રકારની નથી તેવું અનુમાન કર્યું છે અને પોતાના આ તારણ માટે કોઈ પણ

પ્રકારનું કારણ મજુર અદાલતે તેના ચુકાદામાં આપ્યું નથી એટલે કે સ્પીકીંગ ઓર્ડર કય નથી. આ બાબત વિચારણામાં લઈએ તો મજુર અદાલતનો ચુકાદો વાંચતા તેના પાના- પર છેલ્લા પેરેગ્રાફમાં અને પાના-૬ પર શરૂઆતમાં મજુર અદાલતે તેના સમક્ષ રજુ થયેલ કામદારના ભૂતકાળના રેકોર્ડની હકીકત નોંધી છે અને પાના-૬ ઉપર બે પક્ષની રજુઆ પછીના પેરેગ્રાફમાં સ્પષ્ટ રીતે નોંધ્યું છે કે, ''અરજદાર વિરૂધ્ધ કરવામાં આવેલ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૮૭ના રોજની ચાર્જશીટ તથા અરજદારનો ભૂતકાળનો રેકોર્ડ જોત અરજદાર વિરૂધ્ધ ગંભીર પ્રકારની ગેરવર્તણુંક જણાતી નથી. અરજદાર પોતે કેશીયર તરીકે કામ કરે છે, તે હકીકત છે. અરજદારે કોઈ નાણાંકીય ઉચાપત કે નાણાંકીય ગેરરીતિ કે અન્ય કોઈ ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલા નથી. વધુમાં અરજદારે કો ગ્રાહક કે અધિકારી સાથે અશિસ્ત ભરેલું વર્તન આચરેલ હોવાનું જણાતું નથી.'' આટલ નોંધ્યા પછી મજુર અદાલતે એકાદ બે વખત વગર રજાએ ગેરહાજર રહેવું કે ફરજ ઉપર અનિયમિત રહેવાનું કૃત્ય બે ચાર વાર કરેલ હોવાનું જણાય આવે છે તેને ''ફરજ પ્રત્ય અક્ષમ્ય બેદરકારી'' ગણેલી નથી. આ બાબત જોતા મજુર અદાલતે સંપૂર્ણ રેકોર્ડ ધ્યાનમ જ નથી લીધું કે વિચારણા નથી કરી તેવું માની શકાય તેમ નથી, અલબત, એ બાબત મજુર અદાલત બહુ વિસ્તૃત રીતે ચર્ચા કરીને કારણો આપતી નથી, પરંતુ કારણો આપ્યા હોય અને હુકમ કાયદેસરનો હોય તેવા સંજોગોમાં અપીલ અદાલત તરીકે અ અદાલતે મજુર અદાલતના હુકમ માટે રેકોર્ડમાં કોઈ ભુમિકા છે કે કેમ? કે સમર્થન આપતા કારણો છે કે કેમ ? તે તપાસીને મજુર અદાલતના હુકમ અંગે નિર્ણ લેવાનો રહે છે. જો હુકમ કાયદેસરનો લાગે તો મજુર અદાલતે ઓછી ચર્ચા કરી છે તેટલ કારણસર તે હુકમ રદ કરી શકાય નહિ. આ સંદર્ભમાં સૌ પ્રથમશ્રી હેમતભાઈ દેસાઈન ભુતકાળના બનાવ અંગે રેકોર્ડ અંગેની રજુઆત બાબત વિચારણામાં લઈએ તો ભુતકાળ રેકોર્ડ એ હાલના બનાવમાં જેટલી ગેરવર્તણુંક પુરવાર થતી હોય તેની ગંભીરતાને વિચારવ માટે માત્ર સમર્થન આપતો પુરાવો છે અને તે મુખ્ય ગેરવર્તણુંક નથી, એટલે ચાર્જશીટમ આપવામાં આવેલ ગેરવર્તણુંક જો ગંભીર પ્રકારની હોવાનું પુરવાર થતું ન હોય તો ભુતકાળમ ગંભીર પ્રકારની ગેરવર્તણુંક કરી છે તેટલાજ કારણથી હાલની ગેરવર્તણુંક ગંભીર ગેરવર્તણું બની જશે નહિ. આ અંગે મજુર અદાલતે એ બાબત નોંધી છે કે, અરજદારે કોઈ ગ્રાહક કે અધિકારી સાથે અશિસ્ત ભરેલું વર્તન આચરેલ હોવાંનું જણાતું નથી. આટલી જ બાબતમ પ્રથમ ખાતાકીય તપાસમાં આવેલો પુરાવો શું છે તે જોઈએ તો તેમાં સંસ્થા તરફથી ત્રણ સાહેદોને તપાસવામાં આવ્યા છે, જેમાં વિદ્યા પોપટલાલ વ્યાસ, થોડાક સમય માટે રીલીવીંગ ઓફિસર તરીકે અરજદારની ફરજવાળી બ્રાન્ચમાં આવે છે અને તેણે એ વાત સ્પષ્ટ જણાવી છે કે ''અરજદાર ઉપર કેશીયર તરીકેના કામનું દબાણ રહેતું હતું અને પોતાનુ કામ પતાવીને અરજદાર પેપર વાંચતા હતા.'' તેમણે એ બાબત પણ જણાવી છે કે, ''મારી નોકરી દરમ્યાન શ્રી નાલ્લાદારૂ સામે કોઇ ગ્રાહકની કોઇ લેખીત ફરિયાદ આવી નથી.'

હવે આ સાહેદે એક બાબત ઉલટ તપાસમાં એ જણાવી છે કે, ''એ વાત ખરી છે કે, નુતન નિવાસી કો.ઓ.હા.સો. (સુચિત) નું ઇનીસીયલ ડીપોઝીટ ખાતું બંધ કરવા સંબંધે જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સુરતનો કોઇ કાગળ ન હતો. એ વાત ખરી છે કે, જો જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓનો કાગળ ન હોય તો કોઇ મંડળીનું ઇનીસીયલ ખાતું બંધ કરી શકાય નહિ.'' કામદાર સામે અધિકારીનો આદેશ ન માનવા અને અનાદર કરવા અંગે આ ખાતું બંધ નથી કર્યું તે કારણ બતાવવામાં આવ્યું છે તે અંગે આ જુબાની સ્થિતિ સ્પષ્ટ કરી દે છે. બીજા સાહેદ રાજેન્દ્ર ઠાકોરભાઇ દેસાઇ ગ્રાહક તરીકે તેમના તરફ અરજદારે બેદરકારી બતાવી તેવું નિવેદન આપવા રજુ થાય છે. પરંતુ '' સાહેદને ઉલટ તપાસ માટે હાજર કરવામાં આવ્યા નથી, એટલે જુબાની બંધ કરવામાં આવે છે.'' આ સંજોગોમાં ઉલટ તપાસ વિનાનું નિવેદન મજુર અદાલત આધારભુત ન ગણે તે સ્પષ્ટ છે. એક સાક્ષી રસિકલાલ ગોકુળદાસ શાહ અરજદાર કઇ તારીખે ક્યે દિવસે મોડા આવેલા તે કહી શકાય તેમ નથી તેવું જણાવે છે. એ સંજોગોમાં સંસ્થાએ જેને મુખ્ય સાહેદ તરીકે તપાસ્યા છે તેવા રોહીતકુમાર મોહનલાલ દેસાઇ ખાતાકીય તપાસમાં જે કંઇ બોલે છે તેને સમર્થન મળતું નથી અને તે પોતે પણ તે બાબત જણાવે છે કે, ''હમારી શાખામાં નાણા લેનાર અને નાણા આપનાર એક જ કેશીયર છે. એ વાત ખરી છે કે નાલ્લાદારૂથી કેશ બોક્સ કે તિજોરી ખુલ્લા મુકીને ઓફિસની બહાર જઇ શકાય નહિ. આ પુરાવાઓમાં એક વાત એ આવે છે કે અરજદાર પોતાની કેબીનને અંદરથી બંધ રાખીને બેસતા હતા. રોકડ નાણાનું કામ કરનાર કેશીયર આનાથી વધારે કંઇ સાવચેતી રાખી શકે અને તે દરમ્યાન જો અધિકારીનો ફોન આવે તો તે ફોન એટેન્ડ કરવા જઇ શકે ખરા ? એક આક્ષેપ એ છે કે અધિકારીનો ફોન આવવા છતા અરજદાર જગ્યા ઉપરથી ઉભા થઇ ફોન એટેન્ડ કરવા ન ગયા, ગેરવર્તણૂંક પુરવાર થાય તો સજા થાય પણ તેની સાથે કામદારે ક્યા સંજોગોમાં ગેરવર્તણૂંક કરી છે તે સંજોગો જોવાની કામદારના માલિક અને અદાલત બંનેની ફરજ બની રહે છે અને કામના ભારણ અંગે આ સાહેદ પોતે ખાતાકીય તપાસમાં જ સ્પષ્ટતાઓ કરે છે કે, લાઇટ બીલની પહોંચ જાતે બનાવવી પડે છે અને લાઇટ બીલ આવનારા બંધ થાય ત્યાર પછી કેશનું મેળવણું કરવું પડે છે અને તેમાં પણ એકાદ કલાક પસાર થાય અને '' એ વાત ખરી છે કે કામનું ભારણ જોતા કેશીયરથી તેની કેબીનની બહાર જઇ શકાય નહિ.'' એ બાબત નોંધવી જોઇએ કે આ ચાર સાહેદો સિવાય ફરિયાદ કરનાર શ્રી શિંદે, ગ્રાહકને ખાતાકીય તપાસમાં તપાસવામાં આવ્યા નથી. હવે આ તમામ સંજોગોમાં એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે અરજદાર સામે જે આક્ષેપો છે તે પ્રકારની ગેરવર્તણૂંક તેણે કરી છે પરંતુ તેમાં મજુર અદાલત કહે છે તેમ ગ્રાહક સાથે ખરાબ વર્તન કર્યું હોય તેવું પુરવાર થતું નથી. કામના ભારણ હેઠળ ગ્રાહક સાથે વાતચીત કરવાને બદલે કામ પતાવીને ચાલ્યા જવાનું થોડીક કડક ભાષામાં કહેવાય ગયું હોય તો તેણે બરતરફીની સજા કરવા જેવું ગેરવર્તન કહી શકાય નહિ. પુનરાવર્તન થવાનું લાગે તો પણ એ બાબત નોંધવી જોઇએ કે

ગેરવર્તન થયું છે તેટલું જ ખાતાકીય તપાસમાં પુરવાર થાય છે અને તેના ઉપર સજા કરવા માટે બેંક આધાર રાખે છે પરંતુ સજા કરતી વખતે બેંકે પનીસીંગ ઓથોરીટી તરીકે માઇન્ડ એપ્લાય કરવું જોઇએ કે હાલનું ગેરવર્તન ક્યા સંજોગોમાં થયેલું છે અને જો સંજોગો જોવામાં આવે તો કામદારનું આ કામમાં ચાર્જશીટમાં જણાવવામાં આવેલ ગેરવર્તન અતિ ગંભીર પ્રકારનું કહી શકાય તેવી રજુઆત સાથે સંમત થઇ શકાય તેમ નથી એટલે હાલની ગેરવર્તણૂંકને ભૂતકાળની ગેરવર્તણૂંક સાથે સાંકળી લઇને અતિ ગંભીર ગણી લેવી તે પણ વધારે પડતું ગણાય. આ સંજોગોમાં મજુર અદાલત પાસે કામદારની ગેરવર્તણૂંકને ગંભીર ન ગણવા માટે ભુમીકા હતી. જો કે તેણે બહુ વિસ્તૃત રીતે તે બાબતની ચર્ચા કરી નથી પરંતુ તેનાથી તેનો નિર્ણય આધાર વિનાનો કે ગેરકાયદેસરનો ગણી શકાશે નહી. મજુર અદાલતે અરજદારના કૃત્યની ગંભીરતાને ઓછી આંકવા માટે માત્ર આર્થિક નુકશાન જ આધારભૂત ગણ્યું નથી પરંતુ અરજદારનું કૃત્ય ફરજ પ્રત્યે અક્ષમ્ય બેદરકારી દર્શાવતુ નથી તેવું જણાવેલ છે અને સાથે જ અરજદાર કોઇ નાણાકીય ઉચાપત કે નાણાકીય ગેરરીતિ કે ગંભીર ગુનામાં સંડોવાયા નથી તે બાબત પણ મજુર અદાલતે નોંધ લીધી છે. આ સંજોગોમાં ગેરવણૂંક અતિ ગંભીર પ્રકારની નથી અને ભૂતકાળનો રેકોર્ડના સંદર્ભમાં જોતાં પણ અતિ ગંભીર પ્રકારની નથી તેવું મજુર અદાલતને લાગ્યું છે એટલે તેણે સજાને આઘાતજનક રીતે વધુ પડતી (શોકી ગલી ડીસપ્રોપશનેટ) ગણાવેલી છે. શ્રી હેમંતભાઇ દેસાઇએ એવી રજુઆત કરી છે કે ખાતાકીય તપાસ કાયદેસરની અને યોગ્ય હોય તો ત્યાર પછી મજુર અદાલતના સજાના પ્રમાણમાં હસ્તક્ષેપ કરી શકે નહિ. અને ખાસ કરીને વીલ ફુલ ડીસ ઓબેડીયન્સ જેવા વર્તનમાં સજા ઓછી કરી શકાય નહીં શ્રી દેસાઇએ તેમની દલીલોમાં જે વર્તન જણાવેલ છે તેમાના ઘણા પ્રસંગો ભૂતકાળના રેકોર્ડમાં છે અને હાલના ચાર્જશીટના સંજોગોમાં નથી, એ બાબતની શ્રી દેસાઇએ અલગ અલગ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો રજુ કરી સમર્થન આપવાની કોશીશ કરી છે, પરંતુ દરેક સંજોગો અને હકીકતના અનુસંધાનમાં ગેરવર્તણૂંકની ગંભીરતા નક્કી કરવી પડે અને તેમાં એક સરખા સંજોગો તમામ કેસોમાં હોતા નથી, તે સંજોગોમાં જો પુરવાર થયેલી અતિ ગંભીર પ્રકારની ગેરવર્તણૂંક હોય જેમાં કામદારે કયા સંજોગોમાં ગેરવર્તણૂંક કરી છે તેવો પ્રશ્ન ન હોય તો તેમાં અદાલત હસ્તક્ષેપ ના કરે અને તે બાબત પણ શ્રી દેસાઇની વાત સાચી છે કે આઇ.ડી. એકટમાં ૧૧-એ માં છે તેવા પાવર્સ બી.આઇ. એકટની જોગવાઇમાં મજુર અદાલતને નથી, પરંતુ સાથે જ એ બાબત પણ નોંધવી જોઇએ કે બી.આઇ.આર. એકટની કલમ-૭૮ માં માલિકે કરેલ હુકમને કાયદેસરતા અને યોગ્યતા બંને મજુર અદાલતે ચકાસવાની હોય છે અને એવું બને કે ચોક્કસ સંજોગોમાં સંસ્થાનો હુકમ કાયદાની દ્રષ્ટ્રિએ કાયદેસરનો હોય પરંતુ તમામ સંજોગો જોતા તે હુકમ યોગ્ય ન પણ હોય. આ અંગે ૧૯૮૮ (૨) જી.એલ.એચ. ૪૯૮ પરનો અમદાવાદ ન્યુ ટેક્ષટાઇલ્સ વિરુધ્ધ ટેક્ષટાઇલ્સ લેબર એસોસીએશનના કેસમાનો નામદાર ગુજરાત હાઇકોર્ટની ડીવીઝન બ્રાન્ચનો ચુકાદો સુસંગત

અને માર્ગદર્શક છે જેમાં એવુ સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે —

"When the labour court is called upon to decide a dispute regarding the propriety of an order passed by an employer it is open to the labour court to decide whether the said order is proper, fit appropriate, suitable and in conformity with rightness correctness, justness and accuracy. In doing so, the labour court can also examine whether the punishment imposed by the employer under the impugned order is proper in the facts and circumstances of the case because punishment forms part of the employer's order, the properiety whereof is open to scrutiny by the labour Court."

આ સંજોગોમાં આ ચુકાદો આ કેસનાં સંજોગો સાથે સંપૂર્ણ રીતે સુસંગત જણાય છે કે જેમાં મજુર અદાલતે માલિકના હુકમની કાયદેસરતા સાથે માલિકના હુકમની યોગ્યતાને પણ ચકાસેલ છે અને મજુર અદાલતે માલિકે કરેલ સજા શોકી ગલી ડીસપ્રોપશનેટ લાગતા સંપૂર્ણ રીતે રદ કરી નથી, પરંતુ તેમાં માત્ર ઘટાડો કર્યો છે. આ સંજોગોમાં મજુર અદાલતે સજામાં કરેલો હસ્તક્ષેપ ગેરકાયદેસરનો, ગેરવ્યાજબી, હકુમત વિનાનો કે કાર્યક્ષેત્ર બહારનો જણાતો નથી. શ્રી દેસાઇએ અનેક ચુકાદાઓ રજુ કર્યા છે તેમાં કામદારને સુધરવાની તક આપવા માટે અગાઉ ઓછી સજા કરવામાં આવેલી પણ કામદારમાં સુધારો જણાયો નહિ તેથી બરતરફીની સજા કરવામાં આવી અને યોગ્ય ગણવામાં આવી તેવો ચુકાદો ૧૯૯૮ (૮૦) એફ.એલ.આર. ૯૨૪ (બોમ્બે) રજુ કરવામાં આવ્યો છે,તે ચુકાદામાં ગેરહાજર રહેવાની આદત હોવાથી એક જ ગેરવર્તણૂંકનું પુનરાવર્તન વારંવાર કરવામાં આવેલું અને તેથી સજા કરવામાં આવેલી છે, પરંતુ તેમાં ગેરવર્તણૂંક ક્યા સંજોગોમાં થઇ તેનો ઉલ્લેખ સજાના સંદર્ભમાં નથી અને તેમાં ફરજ પ્રત્યેની બેદરકારીનો મુદ્દો સંડોવાયેલો હતો જે આ કામમાં નથી. બીજો કેસ ૧૯૯૩ (૬૭) એફ.એલ.આર. ૮૩૧ (બોમ્બે)નો છે તેમાં હુમલો કરવાનો બનાવ છે અને તેથી સજા આકરી નથી તેવું ઠરાવવામાં આવ્યું છે જ્યારે આ કેસ હુમલા બાબતનો નથી. ૧૯૯૪ (૬૮) એફ.એલ.આર. ૭૫૪ પરનો નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ખોટી રીતે નાણાં વસુલ લેવા બાબતની ગેરવર્તણૂંક અંગેનો હતો જેમાં ટ્રાવેલીંગ એલાઉન્સ જેવી રકમ ઉપાડવામાં આવેલી અને તે સજામાં નોકરીમાંથી છુટા કરવા જેવું પગલું લેવામાં આવેલ. આ કેસમાં મજુર અદાલતે નોંધ્યું છે કે, ઉચાપત જેવો ગંભીર ગુનો નથી. નામદાર સુપ્રિમ કોર્ટે એવું નોંધ્યું છે કે સજા પ્રમાણસરની હોય તો અદાલત હસ્તક્ષેપ કરી શકે નહિ અને માલિકે કરેલ સજાના બદલે પોતાની સજા અંદર મુકી શકે નહિ પરંતુ તેવા સંજોગોમાં સજા પ્રમાણસરની હોય છે ત્યારે જ તેમાં અદાલત હસ્તક્ષેપ કરી શકતી નથી. ૧૯૯૯ (૮૨) એફ.એલ.આર. ૬૯૪ (સુપ્રિમ કોર્ટ)ના ચુકાદામાં પણ આવી જ બાબત સંકળાયેલી છે. ૧૯૯૮ (૫૮) એફ.એલ.આર. ૬૩૪માં સુપ્રિમ કોર્ટે ડીસીપ્લીનરી ઓથોરીટીએ યોગ્ય રીતે કરેલ સજામાં હસ્તક્ષેપ કરવાનો ટ્રીબ્યુનલને અધિકાર નથી તેવું જણાવેલ છે,

INDEX

પરંતુ તે સજાયોગ્ય છે કે આર.બી. ટ્રેરી છે તે નક્કી કરી શકાય તેવું જણાવે છે. ૧૯૯૬ (૭૨) એફ.એલ.આર. ૩૧૬ (સુપ્રિમ કોર્ટ)માં એવું જણાવવામાં આવે છે કે, ન્યાયપંચ પુરાવાનું એપ્રીસીએશન ન કરી શકે અને પોતાનો નિર્ણય આપી શકે નહિ પરંતુ તેમાં સજાની પ્રમાણસરતા કે યોગ્યતા ન્યાયપંચ વિચાર ન કરી શકે તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત થતો નથી. ૧૯૯૮ (૮૦) એફ.એલ.આર. ૯૩૯ પરના સુપ્રિમ કોર્ટના ચુકાદામાં ઉચાપતની ગેરવર્તણૂંક માટે કરવામાં આવેલ સજા વિષયવસ્તું છે. હાલના કેસમાં ઉચાપતનો મુદ્દો સંડોવાયેલો નથી તે જ રીતે અન્ય ચુકાદાઓમાં પણ આજ રીતે ગંભીર ગેરવર્તણૂંકના સંજોગો સંરળાયેલા હતા અને તેથી આકરી સજા ગણી શકાય નહિ તેથી લેબર કોર્ટ સજામાં ફેરફાર ના કરી શકે તેવું પ્રસ્થાપિત થયેલું છે. તે તમામ સંજોગોમાં હાલના કેસમાં કામદારની ગેરવર્તણૂંક અતિ ગંભીર પ્રકારની કહી શકાય અને તેને બરતરફ કરવાનું પગલું તે સંજોગોમાં પ્રમાણસરનું કહી શકાય તેવું પુરવાર થતું નથી. શ્રી હેમંતભાઇ દેસાઇએ ભારપૂર્વક નીચલી અદાલત સમક્ષ ઉલ્લેખ કરવામાં આવેલ ન્યુ શોરોક મીલ્સ વિરૂધ્ધ મહેશચંદ્ર ૧૯૯૬ (૭૪) એફ.એલ.આર. ૨૭૪૯ (સુપ્રિમ કોર્ટ)ના કેસનો ઉલ્લેખ કરેલ છે, પરંતુ તે કેસમાં જે સંજોગો અદાલત સમક્ષ રજુ થાય છે તે અલગ પ્રકારના છે. એ કેસ ૧૯૯૬ એસ.સી.સી. (એલ. એન્ડ એસ.) ૧૪૮૪ ન્યુ શોરોક મીલ વિરૂધ્ધ મહેશભાઇ ટી. રાવની હકીકતો જોતાં સુપ્રિમ કોર્ટે નોંધ્યું છે તેમ અતિ ગંભીર ગેરવર્તણૂંક હોય તો અને તેના અનુસંધાનમાં ભૂતકાળનો રેકોર્ડ ખરાબ હોય તો અદાલત માલિકે કરેલી સજામાં હસ્તક્ષેપ કરી શકે નહિ અને આ કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે એ હકીકત નોંધી છે કે બદલી કામદારે ડેપ્યુટી મેનેજરને ગાળો દીધી અને મીલના ઓફિસરો મીલની બહાર સલામત ન રહે તેવી ધમકી આપી અને પોતે તેમાંથી કેટલાકનું ખૂન કરી નાંખશે તેવી ધમકી આપી. આ હકીકતના સંદર્ભમાં સુપ્રિમ કોર્ટે કહ્યું કે આવા સંજોગોમાં અંતિમ કક્ષાની શિક્ષામાં દખલ અંદાજી કરવામાં લેબર કોર્ટને કલમ-૭૮ હેઠળ સત્તા નથી અને આજ ચુકાદામાં રીસ્ટેટમેન્ટ ક્યારે આપી શકાય તેની પણ ચર્ચા છે. આ સંજોગોમાં ખૂનની ધમકી આપવી તે ગેરવર્તણૂંક અને આ બેંકના કર્મચારી મોડા આવવાની કરેલ ગેરવર્તણૂંક - પાંચ વખત મોડા આવ્યા હોય તો પણ - ભૂતકાળમાં મોડા આવ્યા હોય તો પણ - ઓફિસરોનો ટેલિફોન એટેન્ડ ન કર્યો હોય તો પણ - સમાન રીતે ગંભીર ગણાશે ખરી ? તેવા પ્રશ્નનો જવાબ નકારવામાં આવે. આ સંજોગોમાં મજુર અદાલતે સામાવાળા બેંકના સજાના હુકમની યોગ્યતા અંગે વિચાર્યું છે અને આગળ નોંધ્યું તેમ બી.આઇ.આર. એકટની કલમ-૭૮માં હકીકતોના સંદર્ભમાં સંજોગો તપાસીને મજુર અદાલતે માલિકના હુકમની કાયદેસરતા તો તપાસી જ છે પરંતુ તેની યોગ્યતા અંગે પણ નિર્ણય લઇ શકે અને હુકમની યોગ્યતા કામદારે કયાં સંજોગોમાં પુરવાર થયેલ ગેરવર્તણૂંક આચરેલી છે તે ધ્યાનમાં લઇને નક્કી કરવી જોઇએ અને તે પછી તેના સમર્થનમાં ભૂતકાળનું રેકોર્ડ ધ્યાનમાં લઇ શકાય. મજુર અદાલતે ગેરવર્તણૂંક પુરવાર ગણેલી છે અને સજા સંપૂર્ણ રીતે રદ કરી

INDEX

ી અને ૫૦ ટકા બેક વેજીસથી કામદારને વંચિત રાખવાની સજા કરી છે તે રકમ પણ
ની દ્રષ્ટિએ નાની ન ગણાય આ સંજોગોમાં મજુર અદાલતનો હુકમ ગેરકાયદેસરનો કે
યોગ્ય, હકુમત કે કાર્યક્ષેત્ર બહારનો હોવાનું પુરવાર થતું નથી, તે સંજોગોમાં માત્ર મજુર
દાલતે ઓછી ચર્ચા કરી છે કે પુરતા કારણો આપ્યા નથી, તેટલા કારણસર અપીલમાં
જુર અદાલતનો કાયદેસરનો યોગ્ય હુકમ બદલી શકાય નહિ. આ રીતે અપીલ મંજુર
ા પાત્ર નથી.

(૯) ઉપરોક્ત કારણોસર આ અપીલમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

એપેલન્ટની આ અપીલ આથી રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ
રવામાં આવતો નથી.

રત, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 21, *Gujarat Government Gazette,* Part I—L, dated 22nd May, 2003 and for pages VAD-5463 to VAD-5566 (in 1 set) *read* page Nos. 8105 to 8207.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૨મી મે, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલના અંક ૨૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૫૪૬૩ થી વીએડી-૫૫૬૬ (૧ બંચમાં) ને પાન નંબર ૮૧૦૫ થી ૮૨૦૭ વાંચવા.

Vadodara, 22nd May, 2003.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબાર કેએચ/એસએચએમસાં/૩૩૯૫૫/પ.૫.-આરઇડીઆર-એજે/ ૩૮/ ૨૦૦૩.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર એસ.સુબ્રમણ્યમ એન્ડ કું. ખરસાલીયા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મં ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩/આઇડીએ- ૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦ ૧૧ સિવાય ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતો સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાનં રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નં. વડોદરાને સદરહુ તકરાર તેના ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

માંગણી નં.૧ કેન્ટીન :- સંસ્થામાં કામ કરતા તમામ કામદારો કર્મચારીઓ માટે સંસ્થાની અંદર સબસીડાઇઝ કેન્ટીન ઉભી કરી નીચે જણાવ્યા મુજબની ચીજ વસ્તુઓના નામ સામે જણાવેલ ભાવે રાહતના ભાવે આપવી કે કેમ.?

ક્રમ	વસ્તુ નામ	ભાવ
૧	ચા - કોફી	૦૦-૨૦
૨	૧૦૦ ગ્રામ નાસ્તો	૦૦-૭૫
૩	પુરી શાક	૦૧-૦૦
૪	બટાકા પૌઆ	૦૨-૦૦

INDEX

માંગણી નં. ૨ રેસ્ટ રૂમ/આરામ રૂમ :- સંસ્થામાં કામ કરતા કામદારો-કર્મચારીઓ માટે કંપનીની પ્રિમાઇસીસમાં યુનિફોર્મ બદલવા માટે કે આરામ કરવા માટે રેસ્ટ રૂમ બનાવી આ રેસ્ટ રૂમમાં કંપનીમા કામ કરતા દરેક કામદારો-કર્મચારીઓ માટે યુનિફોર્મ મુકવા પ્રત્યેક કામદારને લોકરની વ્યવસ્થા કરવી કે કેમ ?

માંગણી નં. ૩ ટેલીફોન સુવિધા :- કંપનીમાં કામ કરતા કામદારો-કર્મચારીઓ માટે કંપનીની પ્રિમાઇસીસમાં કામદારોની કામ કરવાની જ્ગ્યાની નજીકમાં કે કંપનીના ગેટ ઉપર ટેલીફોન સેવા આપવી કે કેમ ?

માંગણી નં.૪ એકસ્ટ્રા-પેપ :-કંપનીમાં કામ કરતા કામદારો કર્મચારીઓ પાસે નકકી થયેલાં કામની શરતો ઉપરાંત વધારાનું કામ લેવામાં આવે ત્યારે આ વધારાના કામના દૈનિક રૂા. ૩૦-૦૦ લેખે એકસ્ટ્રા પેપ તરીકે આપવા કે કેમ ?

માંગણી નં.૫ વારસદારોને તાત્કાલીક ચુકવણી :- કંપનીમાં કામ કરતા કામદારો-કર્મચારી કે જેઓના નામ હાજરી પત્રક ઉપર ચાલુ હોય તેવા કામદારો/કર્મચારીઓ આકસ્મિક મૃત્યુ પામે ત્યારે તેવા કામદારોના કાયદેસરના તમામ હકકો એક મહીનાની અંદર તેમના નજીકના વારસદારને ચુકવી આપવા કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમજી/૩૩૯૪૮/પ.પ/આઇડીઆર/એજે/૩૫/૦૩.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ગુજરાત કમ્પોઝીટ લી., દિગ્વીજયનગર કાળીગામ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧નાં જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/ ૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રુએ, હુ મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છુ.

અનુસુચિ

કંપનીમાં કામ કરતા તમામ કામદારો કે જેમને જે તે મહિનામાં સાતમી તારીખે પગાર ચૂકવવામાં આવેલ નથી તેમજ ભવિષ્યમાં જ્યારે પણ કામદારોને સાતમી તારીખ પછી પગાર ચુકવવામાં આવે તો તેવા સંજોગોમાં વિલંબના દરેક દિવસ દીઠ રૂ. ૫૦૦/- પ્રત્યેક કામદાર દીઠ ચૂકવી આપવા કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર ડેએચ/એસએચએમસી/૩૩૯૪૯/પ.પ.-આઇડીઆર-એજે/ ૨૮/ ૨૦૦૩.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સેન્ટ્રલ વર્કશોપ, અમદાવાદ મ્યુનિ. કોર્પો. અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮માં ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩/આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) થી મળેલ સતાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેના ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) અમદાવાદ મ્યુનિ. કોર્પો. ના સેન્ટ્રલ વર્કશોપમાં કામ કરતા એસ.એસ.સી. પાસ હેલ્પરોએ આઇ.ટી.આઇ./ડિપ્લોમા/ટેકનીકલ પરીક્ષા પાસ કરેલ હોવાથી તેઓ સ્કીલ્ડ હેલ્પરો છે તેવી માંગણી સ્વીકારી લેવી જોઇએ કે કેમ ?

(૨) આ સ્કીલ્ડ હેલ્પરોને હાલમાં અમદાવાદ મ્યુનિ. કોર્પો.માં મજુર કક્ષાના અનસ્કીલ્ડ વર્કરોનું પગાર ધોરણ ચુકવવામાં આવે છે તે ગેરકાયદેસર છે તેવું જાહેર કરવું જોઇએ કે કેમ ?

(૩) એ. એમ. ટી.એસ.ના સ્કીલ્ડ હેલ્પરોને રેફરન્સ (આઇ.ટી) નં. ૫૧૮/૯૧ મુજબ અપાતા પગાર ધોરણ સમાન કક્ષાનું સ્વીકારી લઇ અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના સેન્ટ્રલ વર્કશોપમાં કામ કરતા હેલ્પરોને પગાર ચુકવવો જોઇએ કે કેમ ?

(૪) આ માંગણીનો અમલ હાલમાં કામ કરતા હેલ્પરોની દાખલ તારીખથી કરવો જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭:

નંબર કેએય / એસએચએમસી/૩૩૯૫૦/પ.પ.-આઇડીઆર-એજે/૩૪/૨૦૦૩.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સેન્ટ્રલ વર્કશોપ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩/આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેના ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

માંગણી નં.૧ અમદાવાદ મ્યુનિ. કોર્પો. ના સેન્ટ્રલ વર્કશોપમાં કામ કરતા સીનીયર મિકેનીકોને હાલના ફ્લોરગ્રેડ રૂ. ૪૦૦૦-૬૦૦૦ના સ્થાને એ.એમ.ટી.એસ.ના સીનીયર મિકેનીકોના ધોરણે રૂ. ૪૫૦૦-૭૦૦૦નો ફ્લોર ગ્રેડ આપવો કે કેમ ?

માંગણી નં.૨ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સેન્ટ્રલ વર્કશોપમાં કામ કરતા સીનીયર મિકેનીકોના રૂ. ૪૫૦૦-૭૦૦૦ના ફ્લોર ગ્રેડનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬ થી કરી તફાવતની રકમ ચૂકવી આપવી કે કેમ ?

માંગણી નં.૩ યુનિયને કરેલ ખર્ચ ચુકવી આપવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૩૩૯૫૬/૫:૫:-આરઇડીઆર-એજે/ ૨૯ ૨૦૦૩.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સા જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરા સેન્ટ્રલ વર્કશોપ, અમદાવાદ મ્યુનિ. કોર્પો. અમદાવાદ અને તેના કામદા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-: અન્વયે, ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮ ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩/આઇડી: ૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ- અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સ ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૯, ૧ ૧૧ સિવાય ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એક પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિય ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) થી મળેલ સત્ત રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાય નં.અમદાવાદને સદરહુ તકરાર તેના ન્યાય-નિર્ણય કરવા માટે લખી મો છું.

અનુસૂચિ

(૧) અમદાવાદ મ્યુનિ. કોર્પો. ના સેન્ટ્રલ વર્કશોપમાં કામ કરતા નવા અને જુના તમામ ડ્રાઇવરો, ઇલેકટ્રીશીયનો તથા ફીટરોને તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી પહેલા કે પછી દાખલ થયા હોય તે તમામનો પગાર ગ્રેડ રૂ. ૩૫૪૦-૫૫૦૦ રાખવો કે કેમ? એટલે કે અગાઉના પગાર ગ્રેડ રૂ. ૧૧૫૦-૨૫-૧૫૦૦ના બદલે પગાર ગ્રેડ રૂ. ૩૫૪૦-૭૫-૩૯૬૦-૮૦-૫૫૦૦ મંજુર રાખવો અને તેનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬ થી કરવો કે કેમ ?

(૨) ડ્રાઇવરો, ઇલેકટ્રીશીયનો તથા ફીટરોના પગારના વાર્ષિક ઇન્ક્રીમેન્ટનો સ્લેબ ઘણો ઓછો હોવાથી નવા પગાર પંચનો એવોર્ડ આવે ત્યાં સુધી અથવા પગાર ગ્રેડમાં સુધારો ન થાય ત્યાં સુધી રૂ.૫૫૦૦/- ના અંતિમ ગ્રેડ ઉપર પગાર બ્લોક કરવાના બદલે દર વર્ષે વાર્ષિક ઇન્ક્રીમેન્ટ રૂ. ૮૦/- નિવૃત્ત થાય કે છુટા થાય ત્યાં સુધી તમામ ડ્રાઇવરો, ઇલેકટ્રીશીયનો તથા ફીટરોને ચુકવી આપવું કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબાર કેએચ/એસએચ/એમસી/એજે/આઇડીઆર/૬૪૭/૦૨.- શ્રી આર. એમ. પટેલ મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ન્યુટેલ ગ્લાસ એન્ડ એલાઇડ ઇન્ડ.લી. કુવારડા અને તેના કામદારશ્રી કનકટાકોરભાઇ પરમાર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/ ૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતાં અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ની અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો એ બધાં મદદનીશ મજુર કમિશનરોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ નાં (૧૪માંની) કલમ-૧૦ ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, હું શ્રી આર. એમ. પટેલ મદદનીશ મજુર કમિશનર સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચ આર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/ ૨૯૦૪-એમ-(૪)થી રચાયેલી મજુર અદાલત નં. ૪, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી કનક ટાકોરભાઇ પરમારને તેમનાં પડેલાં દિવસોનાં પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવાં જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૩.

આર. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એ.જે./આઇડીઆર / ૫૨૨ /૨૦૦૨.- શ્રી હ.દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) ગુજરાત વિધુત બોર્ડ, કામરેજ (૨) ગુજરાત વિધુત બોર્ડ, વડોદરા અને તેના કામદારશ્રી વનમાળી એમ. પટેલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સામે પેટા વિભાગ-૧ની કલમ-''સી'' વર્ણવેલ અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ની અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે;

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૯૮/ ૧૦૯/ આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત નં.૧ સુરતને સદરહું તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી વનમાળી એમ. પટેલને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવાં જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચકેમસી/એજે/આઇડીઆર/૫૧૩/૦૨.- શ્રી હ.દા. ગામીત મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હાજરા ગરીયા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન સુરત અને તેના કામદાર શ્રીમતી પીન્કી જે.શાહને વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સામે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતાં અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો સી બધાં મદદનીશ મજુર કમિશનરોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ નાં (૧૪માંની) કલમ-૧૦ ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, હું શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/ ૨૯૦૪-એમ-(૪)થી રચાયેલી મજુર અદાલત ૧, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી પીન્કી જે. શાહને તેમનાં પડેલાં દિવસોનાં પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવાં જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી /એ.જે./ આઇડીઆર / ૬૨ /૨૦૦૩.- શ્રી હ.દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર હિમ્મતભાઇ વલ્લભભાઇ પટેલ અને તેના કામદાર શ્રી અચ્છેલાલ એસ. યાદવ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/ ૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સામે પેટા વિભાગ-૧ની કલમ-''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ની અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત નં.૧, સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અચ્છેલાલ એસ. યાદવને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી /એ.જે./ આઇડીઆર / ૬૩ /૨૦૦૩.- શ્રી હ.દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર હિમ્મતભાઇ વલ્લભભાઇ પટેલ અને તેના કામદારશ્રી ધનશ્યામ એસ. યાદવ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/ ૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સામે પેટા વિભાગ-૧ની કલમ-''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ની અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત નં.૧, સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ધનશ્યામ એસ. યાદવને તેમના પહેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૩.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭:

નંબર કેએચ/એસએમસી/૩૩૯૫૯/૫.૫.-આરઇડીઆર-એજે/ ૮૧/ ૨૦૦૧.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩/આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનરો અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ હુ, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ નં.૩ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ મેલેરીયા વિભાગ માં ફરજ બજાવતા મેલેરીયા સર્વેલન્સ ઇન્વેસ્ટીગેટર્સ નં.(૧) રૂા. ૪૦૦૦ /૬૦૦૦નો પગાર ગ્રેડ આપવો કે કેમ ? (૨) જેનો અમલ પાંચમા પગાર પંચના સમયથી કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૯૬૧/પ.પ/આઇડીઆર/એજે/૯૯/૦૧.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧નાં જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/ ૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦, ૧૧ સિવાય ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ, હુ મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલનો રેફરન્સ આઇ. ટી. ૩૮૨/૭૯, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૮૧ના એવોર્ડના અનુસંધાને હેલ્થ મેલેરીયા વિભાગમાં મેલેરીયા સુપરવાઇઝરની જગ્યાઓ પબ્લીક હેલ્થ સુપરવાઇઝરોમાંથી ભરવામાં આવે છે. જે બાબતે મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી ફેરફારની નોટીસ નંબર ૨/૨૦૦૦ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૦ના રોજ આપવામાં આવેલ છે. જે રદ કરવી કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૩૩૯૬૦/પ.પ.-આરઇડીઆર-એજે/ ૮૨/ ૨૦૦૧.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩/આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ અને કલમ-૧૨ની પેટા કલમ-(૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) થી મળેલ સતાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના જન્મમરણ વિભાગમાં ૨૦,૦૦૦ની વસ્તીએ એક વેકસીનેટર/મલ્ટી પર્પઝ વર્કર તથા વોર્ડ દીઠ એક વેકસીનેટર કમ કલાર્ક (મસ્ટર કલાર્ક) અને વેકસીનેશન સુપરવાઇઝરની જ્યાઓ કાયમી ધોરણે ભરવી કે કેમ ? અને જ્યાં સુધીના ભરાય ત્યાં સુધી ખાલી જ્યા ઉપર કામગીરી કરતા કર્મચારીને બેઝીકના ૧૦% ચાર્જ એલાઉન્સ આપવું કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચ/એમસી /૨૬. / ૩૮૫ /૨૦૦૨.- મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર નાના અંકેવાળીયા સેવા સહકારી મંડળી લી., મું. નાના અંકેવાળીયા, તા.: લખતર, જિ.: સુરેન્દ્રનગર અને તેના કામદારશ્રી રાણા પ્રવિણસિંહ જુલુભા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/ ૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૩૮(૩) જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૩ના પેટા વિભાગ-૧ની કલમ-''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૧ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સતાની રૂએ હું, શ્રી એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ મજુર કમિશનર, સરેન્દ્રનગર આથી સરકારીશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૯૯૦-૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહું તકરાર તેના ન્યાય-નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી રાણ પ્રવિણસિંહ જુલુભાને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

ઇ./ચા. એન. સી. દવે,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબાર કેએચ/એસએચ/એમસી /રેફ. / ૧૧ /૨૦૦૨.- મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર રેન્જ ફોરેસ્ટરશ્રી, નોર્મલ રેન્જ, રેફરલ હોસ્પીટલ પાછળ, ચોટીલા. સુરેન્દ્રનગર અને તેના કામદારશ્રી ભગવાનજી ભીમજીભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/ ૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૩૮(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૩ના પેટા વિભાગ-૧ની કલમ-''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૧ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સતાની રૂએ હું, શ્રી એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારીશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૯૯૦-૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય-નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી ભગવાનજીભાઇ ભીમજીભાઇને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

ઇ./ચા. એન. સી. દવે,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી /રેફ. / ૪ /૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર કોંકોર્ડ સીરામીક્સ, થાનગઢ અને તેના કામદારશ્રી પ્રવિણભાઇ બચુભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ / એસ / ૩૬૭/ આઇડીએ-૧૦૭૨-૪૬૩૮(૩) જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ-સી વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૧ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૯૯૦-૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહું તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખીં મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી પ્રવિણભાઇ બચુભાઇને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

ઇ./ચા. એન. સી. દવે,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી /રેફ. / ૯ /૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સર્વોદય સીરામીક્સ, થાનગઢ અને તેના કામદાર શ્રી રણજીતભાઇ કાનજીભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ / એસ / ૩૬૭/ આઇડીએ-૧૦૭૨-૪૬૩૮(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ-સી વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૧ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સતાની રૂએ હું, શ્રી એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ મજુર કમિશનર, સરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૯૯૦-૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહું તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી રણજીતભાઇ કાનજીભાઇને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

ઇ./ચા. એન. સી. દવે,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા
હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી /૨૬./૨૨ થી ૨૮/૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ચુડા ગ્રામ પંચાયત, મુ. ચુડા, તા. ચુડા અને તેના કામદારશ્રી દીલીપભાઇ કેશવભાઇ તથા અન્ય-૬ કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ / એસ / ૩૬૭/ આઇડીએ-૧૦૭૨-૪૬૩૮(૩) જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ-સી વાંચતા અને સદર ધારાની અનુસુચિ-રની આઇટમ નં.૧ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સતાની રૂએ હું, શ્રી એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ મજુર કમિશનર, સરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૯૯૦-૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસુચિ

કામદારો સર્વશ્રી (૧) દીલીપભાઇ કેશવભાઇ (૨) રાજેશભાઇ ગોબાભાઇ (૩) ગવરીબેન ડાહયાભાઇ (૪) રીટાબેન પ્રભુભાઇ (૫) પ્રભુભાઇ સીધાભાઇ (૬) મહેશભાઇ જયંતિલાલ (૭) નવીન દિનેશભાઇ વાળોદરાને તેમના પહેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

ઇ./ચા. એન. સી. દવે,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી /રેફ. /૩૯૨/૨૦૦૨.- મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મુ. હળવદ અને તેના કામદારશ્રી વીરજીભાઇ બચુભાઇ મકવાણા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ / એસ / ૩૬૭ / આઇડીએ-૧૦૭૨-૪૬૩૮(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ- (૩)ના પેટા વિભાગ-૧ની કલમ-સી વાંચતા અને સદર ધારાની અનુસૂચિ- ૨ની આઇટમ નં.૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હુ, શ્રી એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૦૯૦-૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી વીરજીભાઇ બચુભાઇ મકવાણાને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

ઇ./ચા. એન. સી. દવે,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭:

ક્રમાંક કેએચ/એસએચ/એમસી /૨૬. /૩૮૧/૨૦૦૨.- મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, મોરરલ સિંચાઇ યોજના પેટા વિભાગ, ચોટીલા અને તેના કામદારશ્રી ગોરધનભાઇ જેઠારામ ગોંડલીયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ / એસ / ૩૬૭/ આઇડીએ-૧૦૭૨-૪૬૩૮(૩) જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ-સી વંચાતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ મજુર કમિશનર, સરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૯૯૦-૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહું તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી ગોરધનભાઇ જેઠારામ ગોંડલીયાને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

ઇ./ચા. એન. સી. દવે,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી /રેફ. /૨૯૦/૨૦૦૨.- મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, ચોટીલા રોડ, થાનગઢ અને તેના કામદારશ્રી ભરવાડ સંધાભાઇ દાનાભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ / એસ / ૩૬૭/ આઇડીએ-૧૦૭૨-૪૬૩૮(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ-સી વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૧ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સતાની રૂએ હું, શ્રી એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૯૯૦-૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહું તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસુચિ

કામદારશ્રી ભરવાડ સંધાભાઇ દાનાભાઇને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

ઇ./ચા. એન. સી. દવે,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક હકેચ/એસએચ/એમસી /રેફ. / ૧૯ /૨૦૦૩.- મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સુરેન્દ્રનગર-દુધરેજ નગરપાલીકા, સુરેન્દ્રનગર અને તેના કામદારશ્રી વાઘેલા રમેશભાઇ જેઠાભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ / એસ / ૩૬૭/ આઇડીએ-૧૦૭૨-૪૬૧૮(૩) જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ-૧ની કલમ-સી વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૧ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સંબંધીત કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૯૯૦-૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહું તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસુચિ

કામદારશ્રી વાઘેલા રમેશભાઇ જેઠાભાઇને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

ઇ./ચા. એન. સી. દવે,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/એજેએસ/૧૩૩/૨૦૦૨/આરટી/મમક/ ગાંધીધામ.-મદદનીશ મજુર કમિશનર, ગાંધીધામનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર રેંજ ફોરેસ્ટ ઓફીસર સામાજીક વનીકરણ ભુજ પશ્ચિમ રેન્જ ભુજ અને તેના કામદારશ્રી ચનેસર મલુક સુમરા વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧)માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩નાં જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/(૩)/જ થી સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે તમામ સતા મદદનીશ મજુર કમિશનરને તેમના કાર્યક્ષેત્ર માટે સુપ્રત કરવામાં આવેલ છે.

આથી જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ નાં (૧૪)માંની કલમ-૧૦ ની પેટા કલમ-૧ની પેટા કલમ-સી થી મળેલ સત્તાની રૂએ, હું શ્રી એમ. એ.ભટ્ટ મદદનીશ મજુર કમિશનર ગાંધીધામ (કચ્છ) આથી શ્રમ અને રોજગાર વિભાગ ગાંધીનગરના જાહેરનામાંથી બનેલ મજુર અદાલત ગાંધીધામ, સદરહુ તકરારને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી ચનેસર મલુક સુમરાને તેમનાં ગયેલાં દિવસોનાં પગાર સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાં

ગાંધીધામ-કચ્છ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

એમ. એ. ભટ્ટ,
મદદનીશ મજુર કમિશનર,
ગાંધીધામ-કચ્છ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી /આર/એજેએસ/ ૧૩૪ /૨૦૦૨. આરટી/મમક/ગાંધીધામ/મદદનીશ મજુર કમિશનર ગાંધીનગરનો એવ અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબ સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રેન્જ ફોરેસ્ટ ઓફિસર, સામાજ વનીકરણ રેન્જ-ભુજ પશ્ચિમ-ભુજ અને તેના કામદારશ્રી ગફુર ઇબ્રાહીમ સમ વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧) કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ / ૩૬૭ આઇડીએ-૧૦૭૨-૪૬૧૮(૩) જ થી સદર ધારાની અનુસૂચિ-૨ આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે તમામ મદદનીશ મજુર કમિશનરને તેમના કાર્યક્ષેત્ર માટે સુપ્રત કરવામાં આવી છે.

આથી જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા કલમ-'સી' થ મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજુર કમિશનર ગાંધીધામ (કચ્છ) આથી શ્રમ અને રોજગાર વિભાગ ગાંધીનગરના જાહેરનામાથી બનેલ મજુર અદાલત, ગાંધીધામ સદરહું તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગફુર ઇબ્રાહીમ સમાને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગાંધીધામ-કચ્છ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજુર કમિશનર
ગાંધીધામ-કચ્છ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/એજેએસ/૧૫૨/૨૦૦૨-આરટી/ મમક/ ગાંધીધામ.- મદદનીશ મજુર કમિશનર, ગાંધીધામનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રેન્જ ફોરેસ્ટ ઓફિસર, વન વિસ્તરણ વિભાગ, મુન્દ્રા (કચ્છ) અને તેના કામદારશ્રી આશા કરશન હરિજન વચ્ચેની છે.

વખતોવખત રાજ્ય સરકાર તેમના કર્મચારીઓ માટે ફુડ ગ્રેઈન એડવાન્સ માટે જે શરતો અને ધોરણો નક્કી કરશે તે એસ. ટી. નિગમના કર્મચારીઓને લાગુ પડશે અને એપ્રિલ માસમાં આ એડવાન્સ ચુકવી આપવાનું રહેશે કે કેમ ?

INDEX

(૬૬) ફેસ્ટીવલ એડવાન્સ :

ગુજરાત સરકારના ધોરણે એસ. ટી. નિગમના કર્મચારીઓને ફેસ્ટીવલ એડવાન્સ તહેવારના ૧૫ દિવસ અગાઉ ચુકવી આપવાનું રહેશે કે કેમ ?

(૬૭) બોનસ/એકસગ્રેસીયા :

નિગમમાં ફરજ બજાવતાં તમામ કર્મચારીઓને રાજય સરકાર અને કેન્દ્ર સરકારમાં જે ધોરણે બોનસ-એકસગ્રેસીયા ચુકવવામાં આવે છે તે ધોરણે એસ. ટી. નિગમના કર્મચારીઓને બોનસ-એકસગ્રેસીયા ચુકવી આપવામાં આવશે. જેમાં પગારની કોઈ મર્યાદા રાખવી કે કેમ ?

(૬૮) મુસાફરી ભાડા ભથ્થાં એડવાન્સ :

જો કર્મચારી મુસાફરી ભાડા ભથ્થાંની માંગણી કરે તો અંદાજીત મુસાફરી ભથ્થાંની ૯૫ ટકા જેટલી રકમ એડવાન્સ તરીકે આપવી કે કેમ ?

(૬૯) રજાના પગારનું એડવાન્સ :

જો કર્મચારી રજા મંજુર કરાવી રજા ઉપર જાય તો તેવા કર્મચારીને રજાના એડવાન્સ પગારની માંગણી કર તો તે રજાના પગારનું એડવાન્સ પેમેન્ટ કરવું કે કેમ ?

(૭૦) પ્રોવીડન્ડ ફંડ :

તા. ૨૧-૧૨-૮૯ ની સેટલમેન્ટની કલમ નં. ૭૫ માં સુધારો કરી હાલમાં જે પ્રોવીડન્ડ ફંડના હીસાબની જાણકારી માટે સ્લોપ આપવામાં આવે છે તેના બદલે કર્મચારીઓને પાસબુક આપવી કે કેમ ?

(૭૧) ગ્રેજ્યુઈટી :

(૧) ગ્રેજ્યુઈટી માટેની પાત્રતા અંગે કેન્દ્ર સરકાર-રાજ્ય સરકાર દ્વારા જે કાંઈ સુધારા કરવામાં આવે તે અથવા હાલની જોગવાઈ ચાલુ રહેશે કે કેમ ?

(૨) પુરા એક વર્ષની નોકરી દીઠ એક માસનો મુળ પગાર તથા મોંઘવારી ભથ્થાં સાથે આપવા. રૂા. ૪,૫૦,૦૦૦/- આ બંનેમાંથી જે વધુ હોય તે તા. ૧-૮-૦૨ થી નિવૃત થનાર, છુટા થનાર કે કાયમી અશક્ત થનાર કે મૃત્યુ પામનાર, રાજીનામું આપનાર, છુટા થનાર કર્મચારીઓને ગ્રેજ્યુઈટી રૂા. ૪,૫૦,૦૦૦/- (ચાર લાખ પચાસ હજાર રૂા.) ચુકવી આપવી કે કેમ ?

(૩) આવા હેતુ માટે છ માસ કે તેથી વધુ નોકરી પુરી કરી હોય તેવા કર્મચારીઓને એક માસનો પગાર અને મોંઘવારી ચુકવી આપવી કે કેમ ?

(૭૨) પેન્શન યોજના :

નિગમના કર્મચારીઓને નિવૃત્તિ પછી દર માસે કેન્દ્ર/રાજ્ય સરકારના ધોરણે તા. ૧૬-૧૧-૯૫ થી પેન્શન યોજના બનાવી છે તેનો અમલ કરવો અથવા એસ. ટી. નિગમે પોતાની સ્વયં પેન્શન યોજનાની રચના કરવી. માન્ય યુનીયનના હોદ્દેદારોની કમિટિ બનાવી આ યોજના નક્કી કરી તેનો અમલ કરવો કે કેમ ?

(૭૩) જુથ વીમા યોજના :

(૧) એસ. ટી. નિગમે જુથ વીમા યોજના અમલમાં મુકેલ છે. તેમાં કોઇ રીસ્ક (જોખમ) વીમા કંપની કે નિગમે સ્વીકારેલ નથી. માટે એલઆઈસી સાથે એસ. ટી. નિગમે જરૂરી કાર્યવાહી કરી તેનો અમલ કરવો. આ લાભ એસ. ટી. નિગમના ગમે તે કારણે નિગમમાંથી છુટા કે ફારેગ થતાં કર્મચારીઓને આપવો કે કેમ ?

(૨) નિગમે અથવા એલઆઈસીએ આ વીમા કપાતની પોલીસીનું પ્રમાણપત્ર દરેક કર્મચારીને આપવું કે કેમ ?

(૩) લાભાર્થી માટે રીસ્ક (જોખમ) આ યોજનામાં ના હોઈ રીસ્ક (જોખમ) માટેની દરેક કેટેગરીના કર્મચારી દીઠ રૂા. ૩-૦૦ એસ. ટી. નિગમે ભોગવી તાત્કાલીક તેનો અમલ કરવો કે કેમ ?

(૭૪) અકસ્માત વીમો :

નિગમના દરેક કર્મચારીઓનો રૂા. ૨,૫૦,૦૦૦/- (અઢી લાખ) નો અકસ્માતનો વીમો એસ. ટી. નિગમે પોતે પ્રીમીયમ ભરીને ઉતરાવવો કે કેમ ?

(૭૫) કર્મચારીઓના ભણતા બાળકોને આર્થીક મદદ કરવા બાબત :-

(૧) એસ. ટી. નિગમના કર્મચારીઓના બાળકોને ભણવા માટે જે આર્થીક સહાય ધોરણ ૧ થી અનુસ્નાતક સુધી આપવામાં આવે છે. હાલમાં જે આર્થીક સહાય આપવામાં આવે છે તે આર્થીક સહાયમાં બમણો વધારો કરી આર્થીક સહાય ચુકવી આપવાની રહેશે. જેમાં કોમ્પ્યુટર, એમબીએ/એલએલબી/એલએલએમ/ડીગ્રી/ડીપ્લોમા હોલ્ડર અને અન્ય અભ્યાસક્રમોને લાગુ પડશે કે કેમ ?

(૨) આ ઉપરાંત એસ. ટી. નિગમના કર્મચારીઓ ચાલુ નોકરીએ નિગમની મંજુરી મેળવી રાત્રે અભ્યાસગૃહોમાં કે બીજી કોઇપણ રીતે આગળ અભ્યાસ કરતાં હોય તેમણે ઉપરોક્ત જણાવેલ કેટેગરીમાં લાગુ પડતું હોય તે રકમ આપવી અને તે સિવાય ઉચ્ચ અભ્યાસ કરતાં હોય તો રૂા. ૮૦૦/- થી વધારીને આપવું તથા તેઓનો ઉપયોગ નિગમે યોગ્ય જગામાં નિમણુંક કરીને કરવો કે કેમ ?

(૩) કલમ નં. ૧ વાળા વિદ્યાર્થીએ વાર્ષિક રૂા.૪૦૦૦/- (ચાર હજાર)થી વધુ ટ્યુશન ફી આપવી કે કેમ ?

(૪) જે કર્મચારીના બાળકો ધો. ૧ થી ૧૧ સુધી અભ્યાસ કરતાં જે તે શાળા/સંસ્થાઓએ માન્ય કરેલ યુનીફોર્મ હોય તે યુનીફોર્મની સવલત નિગમ જે તે યુનીફોર્મ તૈયાર કરાવ્યા હોય તેનું બીલ રજુ કરે તે રકમ ચુકવવાની રહેશે કે કેમ ?

(૫) જે કર્મચારીઓના બાળકોને અભ્યાસ કરતાં પોતાના વતનમાં કે ગામમાં અમુક ધોરણથી આગળના ધોરણો સ્કુલ કે શાળામાં ના હોય અને પોતાના વતનથી અન્ય સ્થળે શહેરમાં શહેરમાં શાળા કે મહાશાળામાં (કોલેજ) માં અભ્યાસ કરવા જવાનું હોય ત્યારે અન્ય વિદ્યાર્થીને કન્સેશન પાસ આપવામાં આવે છે તેવી રીતે કર્મચારીના બાળકને કન્સેશના ફ્રી પાસ આવવા જવા માટે કાઢી આપવો કે કેમ ?

(૬) જે કર્મચારીઓના બાળકો ધોરણ-૧ થી સ્નાતક, અનુસ્નાતક કોલેજના અભ્યાસ દરમ્યાન ૫૦% કે તેથી વધુ માર્કસ લાવી અભ્યાસ જાળવી રાખે તો જે તે ધોરણના પાઠ્ય પુસ્તકો અથવા તેની ખરીદીનું બીલ રજુ કર્યેથી તે રકમ નિગમે ચુકવી આપવી કે કેમ ?

(૭૬) હાઉસ બીલ્ડીંગ એડવાન્સ :-

(૧) એસ. ટી. નિગમના હાઉસ બીલ્ડીંગ એડવાન્સ આપવાની જે નીતિ છે તે રદ કરવી અને ગુજરાત સરકારના કર્મચારીઓ માટે જે નીતિ નિયમો હાઉસ બીલ્ડીંગ એડવાન્સ માટે બનાવેલા હોય તેને અમલમાં મુકવાં કે કેમ ?

(૨) એસ. ટી. નિગમના વર્ગ ૩-૪ના કર્મચારીઓએ એક વર્ષની નોકરી પુરી કરી હોય તેમણે હા. બી. એડવાન્સ આપવું કે કેમ ?

(૩) હાઉસ બીલ્ડીંગ એડવાન્સ મેળવનાર કર્મચારી તેની ફરજ દરમીયાન અકસ્માતને કારણે જો અનફીટ જાહેર થાય તો અને નોકરી ન કરી શકે તેવી પરિસ્થિતિ હોય તેના લકવા, ટી. બી., કેન્સર, રક્તપીત, અસ્થમા (દમ)વાળા કર્મચારીઓ ફરજ ઉપર નહીં આવવાના કારણે પગાર ના મળતો હોય તો તેવા કર્મચારીઓને જેટલા સમય પુરતો પગાર ના ઉતરે તે સમય દરમીયાન ડયુ થતાં હપ્તા વેલફેર ફંડમાંથી ચુકવવા કે કેમ ?

(૪) કર્મચારી મૃત્યુ પામે અને એચ. બી. એ. લોન લીધી હોય બાકીની લોન માફ કરવી કે કેમ ?

(૭૭) હાઉસ બીલ્ડીંગ એડવાન્સ માટે રીવોલ્વીંગ ફંડ ઉભું કરવા બાબત :-

તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૮૧નો અમલ નિગમે કરેલ નથી પરીણામે જે હેતુ માટે જે તે રીવોલ્વીંગ ફંડ ઉભું કરવાનું નક્કી થયેલ નથી જે હેતુ જળવાયો નથી. હાઉસ બીલ્ડીંગ એડવાન્સ પેટેની નિગમમાં જે રકમ આવી હોય તે બધી રકમ ગણી તે રકમ રીવોલ્વીંગ ફંડમાં અલગ મુકી તે ઉપરાંત બીજી રૂા. ૧૫ કરોડની રીવોલ્વીંગ ફંડ ઉભું કરવું. જેથી હાઉસ બીલ્ડીંગ એડવાન્સની માંગણી કરનાર કર્મચારીને ૩૦ દીવસની મર્યાદામાં તેની માંગણીવાળુ એડવાન્સ આપી શકાય કે કેમ ?

(૭૮) સ્કુટર, સાયકલ, પંખા, કાંડા ઘડીયાળ, સીલાઇ મશીન, ફ્રીઝ, ટી.વી., લ્યુના, મોપેડ, મોટર સાયકલ, મોટરકાર વગેરે માટે એડવાન્સ :-

એસ. ટી. નિગમમાં કામ કરતાં કર્મચારી જ્યારે તેમના ઘર વપરાશની જરૂરીયાતો માટે કે તેના અંગત હીત માટે ઉપરોક્ત સાધનો ખરીદવા માટે એડવાન્સ માંગે તો બજારભાવ જે ચાલતો હોય તેનું બીલ રજુ કરે તો પુરેપુરૂ પેમેન્ટ કરવું અને તે રકમની વસુલાત સરખા હપ્તાથી કરવી કે કેમ ?

(૭૯) કુદરતી આફતોમાં રાહત :-

(૧) કુદરત સર્જીત આફતો અગર તો માનવસર્જીત હુલ્લડો, તોફાનોમાં નિગમના કોઇપણ કર્મચારી જો તેનો ભોગ બને તો તેની વિગતો નિગમને મળ્યા બાદ તુરત જ કુલ નુકશાનના ૮૦% રકમ એસ. ટી. નિગમે વેલફેર ફંડમાંથી કર્મચારીઓને ચુકવવી કે કેમ ?

(૨) આવા કીસ્સાઓમાં કર્મચારીઓ નિગમ પાસેથી લોન (એડવાન્સ પેશગી) લઇ જે મકાન રાચરચીલું વસાવ્યું હોય તો તેનો જો નાશ થયો હોય તો એસ. ટી. નિગમે તેની એડવાન્સની રકમ (બાકીની) માંડવાળ (રાઇટ ઓફ) કરવી અને આવા અસરગ્રસ્ત કર્મચારી નવી ડીમાન્ડ માંગણી મુકે તો તે અગ્રતાના ધોરણે મંજુર કરી એડવાન્સ આપવું કે કેમ ?

(૮૦) નીયમીત હાજરી ભથ્થું :-

ડેપોના તમામ કર્મચારીઓ / મધ્યસ્થ યંત્રાલય, વિભાગીય યંત્રાલયના કર્મચારીઓ, ટાયર શોપ / પ્રીન્ટીંગ પ્રેસ વગેરેમાં ફરજ બજાવતાં કર્મચારીઓએ નીયમીત ફરજ ઉપર આવવા પ્રોત્સાહીત કરવા. જો તે ૨૦ દીવસથી વધુ હાજરી આપી હોય તેને તેમના પગારના ૧૦ % રકમ દર મહીને નીયમીત હાજરી ભથ્થાં પેટે ચુકવી આપવી કે કેમ?

(૮૧) પાર્સલ એલાઉન્સ :-

(૧) પાર્સલ એલાઉન્સની હાલની પ્રથા ચાલુ રાખવામાં આવે છે અને પાર્સલ લઇ જનાર

INDEX

કંડકટરને પાર્સલ દીઠ હાલ જે રકમ ચુકવવામાં આવે છે તેમાં બમણા દરે વધારો કરવો કે કેમ ?

(૨) પીટીએસમાં કુલ ટાઇમ કે પાર્ટ ટાઇમ જે ટ્રાફીક કન્ટ્રોલર આ કામગીરી કરતાં હોય તેમણે હાલ મળતાં પાર્સલ ભથ્થાના બમણાં દરે પાર્સલ ભથ્થું ચુકવી આપવું કે કેમ ?

(૮૨) ડ્રાયવર કંડકટરને સવલતો :-

(૧) જ્યારે ડ્રાયવર કંડકટર નાઇટ/આઉટ જાય ત્યારે તેમણે ૩×૭ના ફોલ્ડીંગ પલંગ આપવા, અને રજાઇ તેમજ ગાદલાં આપવા જે તે આ પલંગ રજાઈ ગાદલા જો તે નાઇટ આઉટમાં મુકવાની વ્યવસ્થા એસ. ટી. નિગમે કરવાની રહેશે કે કેમ ?

(૨) જ્યાં ચેન્જની નોકરી હોય અને તે જગાએ જો ડ્રાયવર કંડકટર ત્રણ કલાકથી વધુ રોકાતા હોય તેના કર્મચારીઓને જે સ્થળે આવેલા સરકારી કે ખાનગી ગેસ્ટ હાઉસમાં આરામ કરવાની વ્યવસ્થા એસ. ટી. નિગમે ગોઠવી આપવી કે કેમ ?

(૩) તા. ૧-૮-૮૭ના સેટલમેન્ટની કલમ નં. ૫૪ની પેટા કલમ નં. (૧) (૨) (૩) નો અમલ કરવો કે કેમ ?

(૮૩) ડેપો ઉપર ઇમરજન્સી લાઇટની વ્યવસ્થા અંગે :-

દરેક ડેપો ઉપર કેસ બુકીંગ, ટ્રાફીક અને વર્કશોપ રાત્રીના સમયે કામગીરી ચાલુ હોય છે તેવા સમયે લાઇટ બંધ થઇ જતા કેશ બુકીંગ અને અન્ય બીજું કામ બંધ થઇ જાય છે. રાત્રીના અંધકારમાં કેશ લુંટાઇ જવાની ભીતી પણ ઉપસ્થિત થાય છે. આવા સમયે સુચકતા વાપરવા હેવી જનરેટરની વહીવટે વ્યવસ્થા કરવી જોઇએ કે કેમ ?

(૮૪) છટણી :-

નિગમના કોઇપણ કર્મચારીની છટણી કરતાં પહેલાં જે તે કામના બદલે રોજગારીની વૈકલ્પીક વ્યવસ્થા વહીવટે ગોઠવવાની રહેશે કે કેમ ?

(૮૫) એપ્રેન્ટીસોને નોકરી ઉપર લેવા અંગે :-

કોર્પોરેશનમાં જે એપ્રેન્ટીસોએ એપ્રેટીસશીપ પુરી કરી હોય તેવા એપ્રેન્ટીસોને ભવિષ્યમાં ખાલી જગા પડે ત્યારે તેમના ઘરે જાણ કરી અરજીપત્રક મોકલી તેઓને ખાલી પડેલી જગામાં નોકરી આપવાની રહેશે કે કેમ ?

(૮૬) વર્કચાર્જ કર્મચારીઓને કાયમી કરવા અંગે :-

ગુજરાત સરકારે તેમના વિવિધ ખાતાઓમાં કામ કરતાં વર્કચાર્જ કર્મચારીઓ માટે શ્રી દોલતભાઇ કમિટિની રચના કરેલી. તે કમિટિએ રાજ્ય સરકારશ્રીને તેનો

INDEX

અહેવાલનો અક્ષરશઃ અમલ કરેલ છે. તો સરકારે તેના તમામ તાબાના નિગમો અને કોર્પોરેશનને ડાયરેકટીવ આપી જાણ કરેલ છે. તેનો તાત્કાલીક અમલ કરવો. નિગમે રોજિંદા કર્મચારીઓને કામે રાખેલ છે. તો આવા કર્મચારીઓને એસ. ટી. નિગમે કાયમી કરી કાયમી કર્મચારીઓને મળવાપાત્ર લાભો આવા કર્મચારીઓને આપવા કે કેમ ?

(૮૭) સારી હાલતમાં વાહનો આપવા અંગે :-

(૧) તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૬૧ ચાલુ રાખવી જે વાહનો આરટીઓના નિયમ પ્રમાણે રોડવર્ધી વાહનો ન હોય તેવા વાહનો પર ડ્રાયવરોને ફરજ બજાવવા દબાણ કરવું કે કેમ ?

(૨) સાત લાખ કીલોમીટરના બદલે અમર્યાદીત કીલોમીટર વાહન સ્ક્રેપ કરવાની જે પધ્ધતિ અપનાવી છે તે રદ કરવી અને નિગમના તેમજ આરટીઓના નિયમ પ્રમાણે સાત લાખ કીલોમીટરે જે વાહનો ડયુ થયા હોય તે વાહનો સ્ક્રેપ કરવા અને તેની અવેજીમાં બીજા એટલાં જ વાહનો નવા મુકવાં કે કેમ ?

(૩) મેન્ટેનન્સ વર્કશોપ સાઇડે છેલ્લાં ૨૦ વર્ષથી ખાલી પડેલ જગાઓ નહીં ભરી તેના કારણે નિગમની વ્હીકલ પોઝીશન કથળી ગયેલ છે. જેના લીધે જીવલેણ અકસ્માતો સર્જાયા છે. અને નિર્દોષ મુસાફર જનતા તેમજ ડ્રાયવર, કંડકટર, તેમજ મીકેનીક સ્ટાફને ભયંકર નુકશાન થાય છે. આથી એસ. ટી. નિગમે જ્યારથી કરકસરની નિતિ અખત્યાર કરી ત્યાર પછીના માયનોર કે મેજર અકસ્માત થયા હોય અને તેમાં ડ્રાયવર, કંડકટર અને વર્કશોપ સ્ટાફની જવાબદારી ફીકસ કરી જે સજાઓ કરી હોય, અને ભવિષ્યમાં કરવાની હોય તે તમામ રદ કરી સજાઓથી થયેલ આર્થીક નુકસાન એ નિગમના બીન જવાબદારીભર્યા અને કરકસરની નીતિને કારણે થયેલ હોય તે ભરપાઇ કરી આપવું કે કેમ ?

(૪) ટાયર, ટ્યુબ, સ્પ્રીંગ અને વાહનોને લગતા અગત્યના માલસામાનના અભાવે અસંખ્ય ગાડીઓ ઓફ રોડ રહે છે. અને આવક ઘટે છે. નિગમ ની પ્રવાસી સેવાની પ્રતિષ્ઠા દીવસે દીવસે ઘટતી જાય છે. તેથી સત્વરે ઉપરોક્ત માલસામાન તાત્કાલીક ખરીદી વાહનો ઓન રોડ થાય તેવી કાર્યવાહી વહીવટે તાત્કાલીક કરવી કે કેમ ?

(૮૮) ડીઝલ કે.એમ.પી.એલ. યોજના :-

(૧) નિગમમાં કે.એમ.પી.એલ. ઇનામ આપવાની પ્રથાનો આડેધડ દુર થયો છે. આથી તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૬૨ રદ કરવી અને જે ડ્રાયવર દરરોજ

INDEX

એસ.ટી. નિગમે નક્કી કરેલા ડીઝલ બચતના આંક પ્રમાણે કે.એમ.પી.એલ લાવે તેને તે ગણતરીમાં લઇ દરરોજની માસ દરમ્યાનની નોકરી દીઠ જેટલા દીવસ નિર્ધારીત કે.એમ.પી.એલ લાવે તો એક દિવસના રૂા. ૭/- ડ્રાયવરને અને રૂા. ૫-૦૦ કંડકટરને આપવા કે કેમ ?

(૨) ડેપો વર્કશોપમાં કામ કરતાં કર્મચારીઓને ડીઝલ કે.એમ.પી.એલ એલાઉન્સ પેટે દર માસે રૂા. ૩૦/- આપવા કે કેમ ?

(૩) વર્કશોપ કલાર્ક/સ્ટોર કલાર્ક/ફ્યુલ કલાકો ડીઝલ કે.એમ.પી.એલ એલાઉન્સ પેટે દર માસે રૂા. ૨૦/- પગારમાં આપવા કે કેમ ?

(૮૯) વિના મુલ્યે દુધ આપવા અંગે :-

તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૬૩ની જોગવાઇમાં સુધારો કરવો અને ડેપો, વિભાગીય વર્કશોપ, મધ્યસ્થ યંત્રાલય ટાયર પ્લાન્ટમાં ફરજ બજાવતાં તમામ કર્મચારીઓને દરરોજ ૫૦૦ મીલીલીટર (ગ્રામ) દુધ અમુલ ડેરીનું આપવું કે કેમ ?

(૯૦) રેસ્ટ રૂમ-લંચ રૂમની વ્યવસ્થા :-

નિગમે તેના કર્મચારીઓ માટે રેસ્ટરૂમ/લંચરૂમની સગવડતા આપવામાં નિષ્ફળ ગયેલ છે. અને ખુલ્લેઆમ ફેકટરી એકટના પ્રસ્થાપીત નિયમોનો ભંગ કરેલ છે વખતોવખત રજુઆતો કરવા છતાં તેમજ સેટલમેન્ટની જોગવાઇઓ હોવા છતાં વર્ગ ૩-૪ના કર્મચારીઓને રેસ્ટરૂમ/લંચરૂમની સગવડતાઓ આપવામાં આવતી નથી. માટે તા. ૩૧/૭/૨૦૦૨ પછી જ્યાં આવી વ્યવસ્થા ન હોય ત્યાં હોટલ કે સારી ધર્મશાળા ભાડે રાખી કર્મચારીઓને સવલત પુરી પાડવી નિગમ આ સવલત પુરી પાડવામાં અશક્તિમાન હોય તો તે કર્મચારીઓ નોકરી ઉપર ચડતાં કે ઉતરતા ફેકટરી એકટ પ્રમાણે જે તે આરામની જરૂરીયાત હોય તેવા કર્મચારી જેવાં કે ડ્રાયવર, કંડકટર, વર્કશોપ સ્ટા. વગેરેને દરરોજના ૫૦/- લેખે રેસ્ટરૂમ કે લંચરૂમ એલાઉન્સ આપવાનું રહેશે. દરેક ડેપો ખાતે ઠંડા પાણીની વ્યવસ્થા એસ.ટી. નિગમે કરવી. વોટર કુલરની વ્યવસ્થા દરેક ડેપો ખાતે પુરી પાડવી કે કેમ ?

(૯૧) ડીઝલ પંપ ઉપર શેડ બાંધવા અંગે :-

ડીઝલ પંપ ઉપર તા.૧/૮/૨૦૦૨ થી છ માસમાં જ્યાં શેડ બાંધવામાં ન આવ્યા હોય ત્યાં શેડ તૈયાર કરવા. આ ઉપરાંત ફ્યુઅ કલાર્કની કેબીન પાકા આર.સી.સી.ના ધાબાથી કાયમી કરવી. તેમાં ટેલીફોન, પંખો, પીવાના પાણીની સગવડ વગેરે વ્યવસ્થા ગોઠવી આપવી કે કેમ ?

(૯૨) હેડ-આર્ટ-લીડીંગ હેન્ડ.ને કાર્ડ પંચ કરાવવામાંથી મુક્તિ :-

તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૬૬ ચાલુ રાખવી કે કેમ ?

INDEX

(૯૩) ડેપો, ડીવીઝન, ટાયર શોપ, મધ્યસ્થ યંત્રાલય, પ્રીન્ટીંગ પ્રેસ વગેરેના કામદારોને બુટ તેમજ ગોગલ્સ આપવા અંગે :-

નિગમમાં જ્યાં જ્યાં સુથારી, લુહારી, પોર્ટેબલ, ઇલેક્ટ્રીક ડ્રીલ મશીન, પ્રીન્ટીંગ પ્રેસમાં ઇલેક્ટ્રીક મશીનો તેમજ પોલ્ડીંગ સેક્શનમાં કામ કરતાં કર્મચારીઓ ઉપરાંત એમરી ઉપર કામ કરતા કર્મચારીઓને તેમની કામની કેટેગરી પ્રમાણે ચામડાના હોલ બુટ, કેનવાસ બુટ, શોકપ્રુફ સાધનો દાંડી ઉપર પડદાવાળા ગોગલ્સ આપવા ઉપરાંત લેટેસ્ટ કોઇ સાધનો બજારમાં ઉપલબ્ધ હોય તો તે આપવા કે કેમ ?

(૯૪) વર્કશોપ સ્ટાફને બેઝ આપવા અંગે :-

તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૬૯નો એસ. ટી. નિગમે અમલ કરેલ નથી તો નીચે પ્રમાણે મધ્યસ્થ યંત્રાલય, વિભાગીય યંત્રાલય, ડેપો, વર્કશોપ, ટાયર પ્લાન્ટ તેમજ પ્રીન્ટીંગ પ્રેસના કામદારોને સ્ટાર/બેઝ આપવા કે કેમ ?

આર્ટ-એ, ત્રણ સ્ટાર (એ.ટી.એસ.ની જેમ)

આર્ટ-બી, બે સ્ટાર (ટી.આઇની જેમ)

આર્ટ-સી. એક સ્ટાર (એ.ટી. આઇની જેમ)

(૯૫) વર્કશોપ કર્મચારીઓને ઓવરટાઇમ આપવા અંગે :-

(૧) એસ.ટી. નિગમમાં ફરજ બજાવતાં ડેપો, ડીવીઝન, મધ્યસ્થ યંત્રાલય, ટાયર પ્લાન્ટ, પ્રીન્ટીંગ પ્રેસમાં કામ કરતાં કર્મચારીઓને તેમની ૮.૦૦ ક.ની નોકરી પછી જો કામે રોકવામાં આવે તો વધારાના સમય માટે સામાન્ય દરથી ચાર (૪) ગણા દરે ઓવર ટાઇમ ચુકવી આપવો કે કેમ ?

(૨) કોઇપણ કર્મચારી તેના નીયત કરેલા કામના સ્થળેથી જો ગાડી બ્રેકડાઉન એટેન્ડ કરવા કે ડેપો, વિ. વર્કશોપ, મધ્યસ્થ યંત્રાલય અથવા તો તેને બહાર જવા હુકમ કરવામાં આવે તો પણ તેના કામના કલાક જ્યારે ૮.૦૦ કલાક પુરા થતાં હોય ત્યાર પછીનો સમય જે વધે તે સામાન્ય દરથી ચાર ગણા દરથી ઓવર ટાઇમ ચુકવવો કે કેમ ? ઉપરાંત તેમને મળવાપાત્ર પ્રવાસ ભથ્થું પણ આપવું કે કેમ ?

(૩) ઉપરોક્ત કલમ નં. ૮૭ (૧) (૨)નો અમલ કરવો અને તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૭૦ રદ કરવી કે કેમ ?

(૯૬) સ્ટોર્સના હેલ્પરોને પ્રમોશન આપવા અંગે :-

(૧) તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૭૨માં સુધારો કરવો અને સ્ટોર્સના હેલ્પરો કે જેઓને પ્રમોશન અંગેની તક મળતી નથી તેના હેલ્પરો જો સ્ટોર્સમાં સતત પાંચ વરસની નોકરી પુરી કરી હોય તો તેમને ઉપલી કેટેગરીમાં આર્ટ-સીનો એક ઇજાફો આપી હાયર સ્ટેજે પગાર ફીકસ કરી આપવો સાથે સાથે જ્યાં

રદ કરી આવા નાણાં ધી એસ. ટી. કો. ઓ. બેન્કમાં અમદાવાદ ખાતે મુકવાં. જેથી નિગમને પાર્ટી પાસેથી ટર્મ એન્ડ કંડીશનના આધારે પેનલ્ટીના નાણાંમા વસુલ કરવાના થાય તો તે નાણાં ધી એસ. ટી. કો. ઓ. બેન્કમાં હોય તો સરળતાથી મળી શકે. આવા નાણાં મુકનાર કોઈપણ પાર્ટી એસ. ટી. બેન્ક પાસે નાણાં લેવા આવે તો નિગમની ઓ. સી. સિવાય બેન્ક નાણાં પરત કરશે નહીં તેવી જોગવાઈ એસ. ટી. મેનેજમેન્ટે બેન્ક વહીવટ સાથે કરવી કે કેમ ?

(૧૧૦) જોઈન્ટ કમીટી :

તા. ૨૧-૧૨-૮૯ ના સેટલમેન્ટની કલમ નં. ૯૩ ની જોગવાઈઓ હેઠળ નિગમે જોઈન્ટ કમીટીની રચના કરી છે. પરંતુ તેની એક પણ મીટીંગ બોલાવી નથી. તો ત્રીસ દિવસની અંદર એસ.ટી. નિગમે મીટીંગ બોલાવી વણઉકલ્યા ઝઘડા, મતભેદ, મુશ્કેલીઓ તેમજ સેટલમેન્ટ ની તેમજ બીજી અન્ય અર્થઘટનો કરી ઉભી થયેલી વિપરીત અસરોનો નિકાલ કરવો અને તા. ૨૧-૧૨-૮૯ ની સેટલમેન્ટની કલમ નં. ૯૩ યથાવત રાખવી કે કેમ ?

(૧૧૧) પાર્ટ ટાઈમ કર્મચારીઓ અંગે :

(૧) એસ. ટી. નિગમમાં પાર્ટ-ટાઈમ કર્મચારીઓ તરીકે ફરજ બજાવતાં તમામ કેટેગરીવાળાને એસ. ટી. ના કર્મચારી તરીકે ગણવા. અને જે લોકોએ ૫-૦૦ કલાક તરીકે પાંચ વર્ષ પુરા કરેલા હોય તેઓને ચોથા વર્ગના કર્મચારી ગણી કાયમી કર્મચારીને મળતા તમામ લાભો આપવા કે કેમ ?

(૨) પાર્ટટાઈમ કર્મચારીઓને પાછલા સમયથી ચડત વીકલી ઓફના નાણાં ચુકવી આપવા, અને તેઓને કાયમી કર્મચારીઓની જેમ જ પેઈડ હોલીડે પણ ચુકવી આપવા કે કેમ ?

(૩) જે પાર્ટટાઈમ કર્મચારીઓ રીલીવર તરીકે ફરજ બજાવે છે તેઓને જે તે કક્ષામાં ૫-૦૦ કલાક માટેની ફરજ આપવી કે કેમ ?

(૪) જે જે પેમેન્ટ પાર્ટટાઈમ કર્મચારીઓને ચુકવવાના થાય તેવા સેટલમેન્ટ, મોંઘવારી તફાવત જેવી રકમો કાયમી કર્મચારીઓની સાથે તે જ દીવસે ચુકવી આપવા કે કેમ ? પાંચ કલાકથી ઓછી નોકરી કરતાં પા. ટા. કર્મચારીઓની નોકરીના કલાકો ૫-૦૦ ક. કરવા કે કેમ ?

(૫) વર્કશોપ વિભાગમાં છેલ્લા કેટલાય સમયથી ભરતી કરવામાં આવેલ નથી. મેન્ટેનન્સ યોગ્ય રીતે થઈ શક્યું નથી. જેથી બસોની સાફસફાઈ માટે પાર્ટટાઈમ કામદારો રોકવા. અને હેલ્પર તરીકે પણ પાર્ટટાઈમ કામદારોની ભરતી કરવા કે કેમ ?

(૧૧૨) પટાવાળાને શૈક્ષણીક લાયકાતના ધોરણે કલાર્કમાં બઢતી આપવા અંગે :

કલાર્કની કક્ષાની શૈક્ષણીક લાયકાત ધરાવતાં પટાવાળાઓને ખાતાકીય પરીક્ષાઓમાં બેસવા દેવા તેમજ સીધી ભરતીની ખાલી જગાઓ માટે તેમને તાલીમ આપી અગ્રતાક્રમે નિમણુંક આપવી. ગુજરાત સરકારશ્રીના ઠરાવ નં. ગસ-૯-કતપ-૧૧૬૮-ક, તારીખ ૮-૪-૬૮ ની જોગવાઈનો અમલ કરવો કે કેમ ?

(૧૧૩) કચ્છ એલાઉન્સ અંગે :

કચ્છ વિભાગને ગુજરાત સરકારે રણ વિસ્તાર/સરહદી જિલ્લા તરીકે અલગ ગણેલ છે. અને તે અંગેનું ભથ્થુ આપવામાં આવે છે. તે રીતે ભુજ વિભાગના તમામ કર્મચારીઓને કચ્છ એલાઉન્સ આપવું કે કેમ ?

(૧૧૪) ડ્રાયવર કંડકટર માટેની પ્રોત્સાહક યોજના :

ડ્રાયવર : ૧૦ વર્ષની નોકરી દરમીયાન એકપણ અકસ્માત કરેલ ન કરેલ તેઓને એક વાર્ષિક ઈજાફો આપવો. ૧૧ વર્ષથી ૨૦ વર્ષ માટે બે વાર્ષિક ઈજાફા અને ૨૦ વર્ષથી વધુ નોકરીવાળાને ત્રણ વાર્ષિક ઈજાફા આપવા કે કેમ ?

કંડકટર : ૧૦ વર્ષની નોકરી દરમીયાન એકપણ ડીફોલ્ટ (ચોરીઅંગે) થયેલ ન હોય તેવા કંડકટરને એક વાર્ષિક ઈજાફો આપવો. ૧૧ થી ૨૦ વર્ષ દરમીયાન બે ઈજાફા અને ૨૦ વર્ષથી વધુ નોકરીવાળાને ત્રણ ઈજાફા આપવા કે કેમ ?

(૧૧૫) હાઈવે-હોટલ ઉપર બસોના રોકાણ અંગે :

એસ.ટી. નિગમની લાંબા અંતરની શીડ્યુલોમાં દર ૧૦૦ કીલોમીટરે હાઈવે હોટલ ઉપર ફરજીયાત રોકાણ આપવું. જેને બીનઅધિકૃત રોકાણ ગણી ડ્રાયવર કંડકટરના ડીફોલ્ટ લેવા નહીં. આ અંગે ભુતપુર્વ મુખ્યમંત્રીશ્રી સાથે વિગતવાર ચર્ચાઓ સરકાર, યુનીયન, વહીવટ સાથે ચર્ચા કરી તેનો નિર્ણય લેવામાં આવેલ તેનો અમલ કરવો કે કેમ ?

(૧૧૬) રાજ્યકક્ષાના માન્ય યુનીયનના હોદ્દેદારોને સવલતો :

(૧) નિગમના માન્ય યુનીયનોને હાલ તા. ૨૧-૧૨-૮૯ ના સેટલમેન્ટની કલમ નં. ૯૬ મુજબ આપવામાં આવેલ સગવડો જેવી કે (અ) મધ્યસ્થ કચેરીના પીબીએક્સ કોર્ડ ઉપરથી એક્સટર્નલ ટેલીફોનનું જોડાણ (બ) વોટર કુલર (ક) એર કુલરની કેરમ બોર્ડની સુવિધાઓ આપવી, અને જે સગવડતાઓ આપેલ ન હોય તે આપવી કે કેમ ?

(૨) માન્ય યુનીયનના હોદ્દેદારોને હાલ અપાતા યુનીયન દીઠ ૧૫ ફ્રી પાસ આપવા કે કેમ ?

INDEX

(૩) તા. ૨૧-૧૨-૮૯ ના સેટલમેન્ટની કલમ નં. ૯૬ (૧) માં સુધારો કરી રાજ્યકક્ષાના માન્ય યુનીયનના બંધારણ અનુસાર જે વિભાગીય મંડળો સંલગ્ન થયા હોય તેમને વિભાગવાર માન્યતા આપવી, તમામ શરતો, હક્કો વિભાગીય કક્ષાએ આપવા કે કેમ ?

(૪) વિભાગીય યુનીયન દીઠ હોદ્દેદારોને ફ્રી પાસ આપવા. અને તેના નામ રાજ્ય કક્ષાના માન્ય યુનીયનો વહીવટને મોકલી આપશે કે કેમ ?

(૫) માન્ય યુનીયનો તરફથી ઓફીસ, વર્કશોપ, અને ડેપો ઉપર માન્ય યુનીયનના પ્રતિનિધિને કામ કરવા બે બે કર્મચારીઓના નામ યુનીટ/એકમ દીઠ આપશે. આ હોદ્દેદારોને યુનીયનનું કામ કરવા માટે ફ્રી ડ્યુટી આપવી. મ. કચેરી અને મ. યંત્રાલય અલગ વિભાગ ગણાશે કે કેમ ?

(૬) રાજ્યકક્ષાના યુનીયનોને આપવામાં આવેલ ફર્નીચર, ઇન્ટરનલ ટેલીફોનની હાલની સુવિધા ચાલુ રાખવી અને માન્ય યુનીયનને વધારાના એક્સટર્નલ ટેલીફોનની સુવિધા આપવી. માન્ય યુનીયનના પોતાના માલીકીના ટેલીફોનનું બીલ એસ. ટી. નિગમે ભરવું કે કેમ ?

(૭) રાજ્યકક્ષાના યુનીયના બીન કર્મચારી હોદ્દેદારોને નિગમના કર્મચારીઓને આપવામાં આવતાં ફેમીલી ફ્રી પાસ આપવાની હાલની જોગવાઇ ચાલુ રાખવી કે કેમ ?

(૮) એસ. ટી. નિગમ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવતી ડેસ્ક ડાયરી માન્ય યુનીયનોને યુનીયન દીઠ ૫૦૦ નંગ આપવી. વિભાગીય કક્ષાએ ૨૫૦ નંગ ડેસ્ક ડાયરી આપવી કે કેમ ?

(૯) મધ્યસ્થ વેલફેર બોર્ડમાં માન્ય યુનીયનના ત્રણ ત્રણ પ્રતિનિધિઓનો સમાવેશ કરવો અને વિભાગીય વેલફેર કમિટિમાં પણ વિભાગીય મંડળ દીઠ ત્રણ ત્રણ પ્રતિનિધિઓનો સમાવેશ કરવો કે કેમ ?

(૧૦) એસ. ટી. નિગમ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવતી સુચનાઓ/પરીપત્રોની ૨૫-૨૫ નકલો માન્ય યુનીયનોને આપવી કે કેમ ?

(૧૧) માન્ય યુનીયનોના ૨૫-૨૫ હોદ્દેદારોને વરસે પંદર દીવસની સ્પેશ્યલ લીવ આપવી કે કેમ ?

INDEX

(૧૨) તા. ૨૧-૧૨-૮૯ ના સેટલમેન્ટની કલમ નં. ૯૬(ક)(૧૦) યથાવત રાખવી.

---

(૧૩) જે રીતે ગરમ કાપડ, જર્સીનું કાપડ અને યુનીફોર્મના કાપડની પસંદગી સમિતિમાં માન્ય યુનીયનના હોદ્દેદારોને હાજર રાખવામાં આવે છે તે જ રીતે ટેન્ડર અને સ્ટોર્સ કમિટિમાં હાજર રાખી ખરીદી અંગેના નિર્ણયોમાં મંજુરી લેવી કે કેમ ?

(૧૪) એસ. ટી. નિગમ તરફથી યોજનામાં આવતી વાહનોની હરાજી કે બીજી અન્ય હરાજીઓમાં માન્ય યુનીયનના હોદ્દેદારો પ્રાધાન્ય આપી જરૂરીયાત મુજબના વાહનો અને સાધનો ખરીદી કરી શકાશે કે કેમ ?

(૧૫) સ્થાનિક, રાજ્ય, આંતર રાજ્ય, આંતર રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી મજુર સંઘોની કોન્ફરન્સ, સેમીનાર કે તાલીમ હોય તો માન્ય યુનીયનના હોદ્દેદારોને એસ. ટી. નિગમે પોતાના ખર્ચે મોકલવા અને તેઓને ઓન ડ્યુટી ગણી તમામ રજાઓ આપવા જવી સહીતની વહીવટે મંજુર કરવી. આ નામો માન્ય યુનીયનો વહીવટને મોકલી આપશે અને આવી રજાઓ સ્પે. લીવમાં ગણવી કે કેમ ?

(૧૬) નિગમના માન્ય યુનીયનો રાજ્ય કે રાજ્ય બહાર જ્યારે કોઇ સેમીનાર કે શૈક્ષણીક પ્રવાસ કે શીબીર, અધિવેશનોમાં વગેરેમાં જો બહાર જવાનું થાય તો ૫૦% રાહત દરે સી. સી. બસની માંગણી કરે તો આપવી કે કેમ ?

(૧૭) એસ. ટી. નિગમના કર્મચારીઓની પ્રથમ અને બીજી અપીલમાં માન્ય યુનીયનના એક એક પ્રતિનિધિને સુનાવણી સમયે ઓન ડ્યુટી ગણી હાજર રાખવા કે કેમ?

(૧૮) એસ. ટી. નિગમના માન્ય યુનીયનની વડી અને વિભાગીય કક્ષાએ આવેલ કચેરીમાં ફરજ બજાવતાં બીન એસ. ટી. કર્મચારીઓને યુનીયન તરફથી આપવામાં આવતાં ઓળખપત્રો એસ. ટી.ની મુસાફરી કરવા માટે માન્ય કરવા કે કેમ ?

(૧૯) એસ. ટી. નિગમના માન્ય યુનીયનની વડી અને વિભાગીય કક્ષાએ આવેલ કચેરીમાં ફરજ બજાવતાં બીન એસ. ટી. કર્મચારીઓને એસ. ટી. નિગમ તરફથી આપવામાં આવતી સીધી ભરતીની જાહેરાતના અનુસંધાને ઉંમરનો બાધ રાખ્યા વિના અરજીપત્રકો ભરે તો તે માન્ય રાખવા કે કેમ ?

INDEX

(૧૧૭) સ્વૈછીક નિવૃતીની યોજના :

એસ.ટી. નિગમમાં ફરજ બજાવતાં તમામ કર્મચારીઓને સ્વૈછીક નિવૃતિ લેવાની ઇચ્છા ધરાવે તો તમામ કેટેગરી માટે ૫૦ વર્ષની ઉંમર અને ૨૦ વર્ષની નોકરી ધ્યાનમાં લઇ તે કર્મચારીના બાકીના ૫૮ વર્ષની વયની પુરી થતાં આઠ વર્ષના નાણાં તમામ લાભો સહીત સ્વૈછીક રીતે નિવૃતિ થતાં કર્મચારીઓને ૫૮ વર્ષની નોકરી ગણી મળવાપાત્ર રકમ નિવૃત થતાની સાથે જ ચુકવી આપવા કે કેમ?

(૧૧૮) શીડ્યુલોના રનીંગ ટાઇમ બાબત :

છેલ્લા કેટલાય સમયથી માન્ય યુનીયનોએ નિગમ સમક્ષ ડ્યુટી કમિટિ તરફથી અને જનરલ માંગણીઓમાં શીડ્યુઅલ બસોના રનીંગ ટાઇમ સુધારવા અંગે રજુઆત કરવા છતાં તેમાં રનીંગ ટાઇમ સુધારવાને બદલે ઘટાડવામાં આવે છે. જેથી હાલના વાહન વ્યવહારની ટ્રાફીક સમસ્યા, સીગ્નલો, ગાડીઓની ગતિ મર્યાદા, બમ્પ વગેરેને ધ્યાનમાં લઇને રનીંગ ટાઇમમાં વધારો કરવા માટે માન્ય યુનીયનના પરામર્શમાં રહી રનીંગ ટાઇમમાં સુધારો કરવો કે કેમ ?

(૧૧૯) લીવ રેશીયો :

લીવ રેશીયો ૧/૮ નો રાખવો અને તમામ બદલી કામદાર ડ્રાઇવર, કંડક્ટર અને અન્ય કર્મચારીઓને કાયમી કરવા કે કેમ ?

(૧૨૦) અન પેઇડ રકમ અંગે :

એસ. ટી. નિગમમાં અનપેઇડ રકમ વેલફેર બોર્ડમાં જમા કરાવવાના બદલે કર્મચારીના કલ્યાણ માટે કર્મચારી કલ્યાણ ફંડ ઉભું કરવું અને એસ. ટી. નિગમના જરૂરીયાત મંદ કર્મચારીઓને કલ્યાણ અર્થે જેવાં કે કર્મચારીના બાળકોના અસાધ્ય રોગો, લાંબી બીમારીનો ખર્ચ, ગરીબ કર્મચારીના બાળકોના અભ્યાસાર્થે આ રકમનો ઉપયોગ કરવો કે કેમ ?

(૧૨૧) કરારનો અમલ :

(૧) આ માંગણીઓ મળ્યેથી તા. ૧-૮-૨૦૦૨થી તેનું અમલીકરણ કરવું માંગણીઓનું

નીરાકરણ કે ચુકવણું થાય તે વચગાળાના સમય દરમીયાન દરેક કર્મચારીઓને માસીક રૂા. ૨૫૦૦/- તા. ૧-૮-૨૦૦૨થી વચગાળાની રાહત પેટે એડહોક રોકડમાં ચુકવવાં કે કેમ ?

(૨) આ માંગણીઓ અંગે જે કોઇ નિર્ણયો લેવાય તે અંગેના સર્વીસ રેગ્યુલેશન, નીતિ નિયમો કે હુકમો વહીવટે તાત્કાલીક સુધારી જે કામદારોને અધિકારો પ્રાપ્ત થયેલ હોય તેમાં કોઇપણ જાતનો ફેરફાર એગ્રીમેન્ટ કર્યા સિવાય કરવો કે કેમ ?

(૩) આ કરારમાં ના હોય તે સિવાયના આ પુર્વના તમામ ૧ થી ૧૧ સેટલમેન્ટોની લાભકર્તા કલમો/નિયમો અને માંગણીઓ પણ ચાલુ રાખવી કે કેમ ?

(૪) તા. ૧-૮-૨૦૦૨થી અમલમાં આવતી આ માંગણીઓ સિવાયની જે માંગણીઓ રહી જવા પામેલ હોય તો તેપુરક માંગણીઓ તરીકે મોકલી આપવા અને આ માંગણીઓમાં જ્યાં અને જ્યારે ત્યાં અને ત્યારે સુધારા વધારા કરવાનો હક્ક માન્ય યુનીયનનો અનામત કે અબાધીત રહેશે કે કેમ ?

(૧૨૨) આ કરારનો અમલ તા. ૧-૮-૦૨થી તા. ૩૧-૭-૦૭ સુધી પાંચ વર્ષનો રહેશે કે કેમ?

(૧૨૩) નો પાર્કીંગ-ઝોનના અમલ અંગે :

ગુજરાત એસ. ટી. નિગમના બસ સ્ટેશન, ડેપો, વર્કશોપ, યુનીટ, એકમોની ૧૦૦ મીટરની આજુબાજુ ખાનગી વાહનો ટેમ્પો, રીક્ષા, છકડા અને ખાનગી બસો નહીં ઉભી રાખવા ગુજરાત સરકારે નો પાર્કીંગ ઝોનના હુકમો કરેલા છે. તેનો કડક અમલ કરાવી ખાનગી વાહનો જપ્ત કરાવવા સરકાર, નિગમ અને પોલીસતંત્ર તથા આરટીઓ પાસે કડક કાર્યવાહી કરાવવી કે કેમ ?

અમદાવાદ, તા. ૧૪મી મે, ૨૦૦૩.

સુનયના તોમર,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૯૯૩/૫.૫/આઇડીઆર/એજે/૬૯/૦૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મિફ્કો સિમલેસ રીંગ્સ (ગુજ) લી. નર્મદાનગર ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૩, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

માંગણી નં. ૧ (અ) પગાર ધોરણ :-

કામદારોને નીચે પ્રમાણેના ગ્રેડમાં મૂકવા જોઇએ કે કેમ ?

(૧) બીન કુશળ કામદારો :- ૯૦૦-૮૦-૧૩૦૦-૯૦-૧૭૫૦-૧૦૦-૨૨૫૦-૧૧૦-૨૮૦૦

(૨) અર્ધકુશળ કામદારો :- ૧૨૦૦-૯૦-૧૬૫૦-૧૦૦-૨૧૫૦-૧૧૦-૨૭૦૦-૧૨૦-૩૩૦૦

(૩) કુશળ કામદારો :- ૧૫૦૦-૧૦૦-૨૦૦૦-૧૧૦-૨૫૫૦-૧૨૦-૩૧૫૦-૧૩૦-૩૮૦૦

માંગણી નં. ૧ (બ) : ફીટીંગ એન્ડ એડજસ્ટમેન્ટ :-

તમામ કામદારોને ઉપર પ્રમાણેના ગ્રેડમાં મૂક્યા પછી ઉપરોકત પગારના કોઇ પણ બે સ્ટેપની વચમાં આવતા હોય તેને ઉપરના સ્ટેમ્પમાં ગોઠવવા અને ત્યારબાદ નીચે પ્રમાણેના સર્વિસ ઇન્ક્રીમેન્ટો આપવા જોઇએ કે કેમ ?

(૧) જે કામદારોની નોકરી તા. ૩૧-૭-૨૦૦૨ના રોજ પાંચ વરસથી થઈ હોય તેવા તમામ કામદારોને એક ઈન્ક્રીમેન્ટ આપવુ જોઈએ કે કેમ ?

(૨) જે કામદારોની નોકરી તા. ૩૧-૭-૨૦૦૨ના રોજ પાંચ વરસથી વધુ અને દશ વરસની થઈ હોય તેવા તમામ કામદારોને બે ઈન્ક્રીમેન્ટો આપવું જોઈએ કે કેમ?

(૩) જે કામદારોની નોકરી તા. ૩૧-૭-૨૦૦૨ના રોજ દશ વરસથી વધુ થઈ હોય તેવા તમામ કામદારોને ત્રણ ઈન્ક્રીમેન્ટો આપવા જોઈએ કે કેમ ?

ઉપરાંત

કામદારો હાલ જે ગ્રેડમાં નોકરી કરે છે તે ગ્રેડમાં પાંચ વરસ પુરા કર્યા હોય તેવા કામદારોને તેમના ઉપરના ગ્રેડમાં મૂકી વધુ એક ઈન્ક્રીમેન્ટ આપવું જોઈએ કે કેમ?

અને

ઉપર મુજબના પગાર ધોરણ, ઈન્ક્રીમેન્ટો અને અપગ્રેડેશનનો અમલ કરતાં જે કામદારો તેના પગારના ટોચના પગારે પહોંચી જાય તો તેમને તેમના પગાર ગ્રેડના છેલ્લા વાર્ષિક ઈન્ક્રીમેન્ટો સમાધાનની મુદત સુધી આપવાનું ચાલુ રાખવું જોઈએ કે કેમ?

માંગણી નં. ૨ મોંઘવારી ભથ્થું:-

કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને અમદાવાદ સુતરાઉ કાપડની મીલોમાં કામ કરતાં કામદારોને જે મુજબનું મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે તે મુજબનું મોંઘવારી ભથ્થું આપવું જોઈએ કે કેમ?

માંગણી નં. ૩ એલાઉન્સીસ :-

૩ (૧) હાઉસ રેન્ટ એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોને ગ્રેડ-૨ આપવામાં આવેલ છે. જેમને માસિક રૂા. ૩૪૦/- ગ્રેડ-૩ આપવામાં આવેલ છે. જેમને માસિક રૂા. ૩૭૫/- અને ગ્રેડ-૪ આપવામાં આવેલ છે. જેમનો માસિક રૂા. ૩૮૦/- આપવામાં આવે છે તેને બદલે તા. ૧-૮-૨૦૦૨ થી તમામ કામદારોને માસિક રૂા. ૬૦૦/- હાઉસ રેન્ટ એલાઉન્સ તરીકે માસિક પગારમાં ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

૩ (૨) કન્વેયન્સ એલાઉન્સ:-

કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોને ગ્રેડ-૨ આપવામાં આવેલ છે જેમને માસિક રૂા. ૩૨૫/- ગ્રેડ-૩ આપવામાં આવેલ છે. જેમને માસિક રૂા. ૩૪૦/- અને ગ્રેડ-૪ આપવામાં આવેલ છે જેમને માસિક રૂા. ૩૫૦/- આપવામાં આવે છે. તેને બદલે તા.

INDEX

તા. ૧-૮-૨૦૦૨ થી તમામ કામદારોને માસિક રૂા. ૫૫૦/- કન્વેયન્સ તરીકે માસિક પગારમાં ચૂકવણી કરવી જોઈએ કે કેમ?

૩ (૩) એજ્યુકેશન એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતાં કામદારોને હાલ માસિક રૂા. ૨૦૦/- એજ્યુકેશન એલાઉન્સ તરીકે ચૂકવવામાં આવે છે તેને બદલે તા. ૧-૮-૨૦૦૨ થી તમામ કામદારોને માસિક રૂા. ૪૦૦/- એજ્યુકેશન એલાઉન્સ તરીકે માસિક પગારમાં ચુકવણી કરવી જોઈએ કે કેમ?

૩ (૪) મેડીકલ એલાઉન્સઃ-

કંપનીમાં કામ કરતા કામદારો પૈકી જે કામદારોને ગ્રેડ-૨ આપવામાં આવેલ છે જેમને માસિક રૂા. ૨૭૫/- ગ્રેડ-૩ આપવામાં આવેલ છે. જેમને માસિક રૂા. ૨૯૦/- અને ગ્રેડ-૪ આપવામાં આવેલ છે જેમને માસિક રૂા. ૩૦૦/- આપવામાં આવે છે તેને બદલે તા. ૧-૮-૨૦૦૨ થી તમામ કામદારોને માસિક રૂા. ૫૦૦/- મેડીકલ એલાઉન્સ તરીકે માસિક પગારમાં ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

૩ (૫) લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતાં તમામ કામદારો પૈકી જે કામદારોને ગ્રેડ-૨ આપવામાં આવેલ છે. જેમને માસિક રૂા. ૨૪૫/- ગ્રેડ-૩ આપવામાં આવેલ છે. જેમને માસિક રૂા. ૨૫૦/- અને ગ્રેડ-૪ આપવામાં આવેલ છે જેમને રૂા. ૨૬૦/- આપવામાં આવે છે તે પ્રથા રદ કરવી જોઈએ કે કેમ ?

૩ (૫) ૧ જે કામદારો કાયમી કામદાર તરીકે કંપનીના હાજરી પત્રક પર હોય અને જેમની નોકરી પાંચ વરસની થઈ હોય તેવા તમામ કામદારોને તેમને મળવાપાત્ર માસિક એક પગાર વત્તા રૂા. ૧૦૦૦/- ની ચૂકવણી કરવી જોઈએ કે કેમ ?

૩ (૫) ૨ જે કામદારો કાયમી કામદાર તરીકે કંપનીના હાજરી પત્રક પર હોય અને જેમની નોકરી પાંચ વરસથી વધુ અને દશ વરસની થઈ હોય તેવા તમામ કામદારોને તેમને મળવાપાત્ર માસિક એક પગાર વત્તા રૂા. ૧,૫૦૦/-ની ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

૩ (૫) ૩ જે કામદારો કાયમી કામદાર તરીકે કંપનીના હાજરી પત્રક પર હોય એને જેમની નોકરી દશ વરસથી વધુ થઈ હોય તેવા તમામ કામદારોને તેમને મળવાપાત્ર માસિક એક પગાર વત્તા રૂા. ૨,૦૦૦/-ની ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

૩ (૫) ૪ જે કામદારો છ કે તેથી વધુ દિવસોની હકક રજા પર જાય ત્યારે જ વરસમાં એક વાર લીવ ટ્રાવેલ્સ એલાઉન્સની લેખિતમાં માંગણી કરે ત્યારે, રજા પર

INDEX

જાય તેના ૧૫ દિવસ પહેલાં ચુકવણી કરવી જોઈએ કે કેમ ? લીવ ટ્રાવેલ એલાઉન્સ વધુમાં વધુ બે વરસનું એકત્ર કરવા દેવું જોઈએ કે કેમ ?

૩ (૬) એટેન્ડન્ટ એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતાં કામદારો જેને માસમાં જેટલા કામના દિવસો હોય તેટલા પૂરેપૂરા દિવસો ફરજ પર હાજર રહે તેમને તે દિવસ પુરતા વધુ પાંચ દિવસનો પગાર એટેન્ડન્ટ એલાઉન્સ તરીકે તા. ૧-૮-૨૦૦૨થી માસિક પગારમાં ચૂકવણી કરવી જોઈએ કે કેમ ?

૩ (૭) વોશીંગ એલાઉન્સ :-

કંપનીમાં કામ કરતાં કામદારોને હાલમાં માસિક રૂા. ૮૫/- વોશીંગ એલાઉન્સ તરીકે ચૂકવવામાં આવે છે તેને બદલે તાં ૧-૮-૨૦૦૨થી તમામ કામદારોને માસિક રૂા. ૧૨૫/- વોશીંગ એલાઉન્સ તરીકે માસિક પગારમાં ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

૩ (૮) પેઈડ હોલી ડે એલાઉન્સ :-

જે કામદારોને પેઈડ હોલી ડેના રોજ ફરજ પર હાજર રહે તેમને તે દિવસ પુરતા એક વત્તા વધુ બે દિવસના પગારની ચૂકવણી કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪ : રજાઓ :-

૪ (૧) હક્ક રજા :- કંપનીમાં કામ કરતા તમામ કામદારોને કેલેન્ડર વરસમાં ૨૪૦ દિવસ કામ કરે તેવા કામદારોને ૩૦ હક્ક રજાઓ આપવી. જે કામદારો કેલેન્ડર વરસમાં ૨૪૦ દિવસ કરતા ઓછા દિવસો કામ કરે તેમને કારખાનાના અધિનિયમ-૧૯૪૮ અન્વયેની ૨૦ દિવસની હાજરીએ એકની ગણતરી કરીં હક્ક રજા આપવી. આવી રજાઓ ૧૨૦ દિવસ સુધીની એકત્ર કરવા દેવી. ૩૦ રજા જમા રહે તે રીતે જે કામદાર વટાવવા માંગતા હોય તો તેમને તેમ કરવા દેવું જોઈએ કે કેમ ?

૪ (૨) આકસ્મિક રજા :- હાલ કામદારોને ૮ આકસ્મિક રજાઓ આપવામાં આવે છે તેના બદલે ૧૦ રજાઓ આપવી. કોઈ કામદાર વરસ દરમ્યાન એક પણ રજા નહીં ભોગવે તેવા કામદારોને આકસ્મિક રજા ઉપરાંત વધુ ૫ રજાઓ ઉમેરી ૧૫ દિવસની રજા માંદગીની રજામાં તબદીલ કરવી. જો કોઈ કામદાર વરસમાં રજાઓ ઉપયોગ કરતા વરસના અંતે જે રજા બાકી રહે તેનું વળતર રોકડમાં તે પછીના વરસમાં ફેબ્રુઆરી માસની ૧૫મી તારીખ સુધીમાં ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

૪ (૩) માંદગીની રજા :- હાલ કામદારોને આવી રજા આપવામાં આવતી નથી. કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને છ રજાઓ આપવી જોઈએ કે કેમ ? આવી રજાઓ પાંચ વરસની એકત્ર કરવા દેવી જોઈએ કે કેમ ?

INDEX

૪ (૪) સવેતન રજા :- હાલ કામદારોને ૮ રજાઓ આપવામાં આવે છે તેને બદલે ૧૦ રજાઓ આપવી જોઈએ કે કેમ ?

૪ (૫) અકસ્માત રજા :- જે કામદારોને અકસ્માત થાય તો તેવા કામદારોને આરામ માટે રહેવું પડે તેટલા સમય માટે તબીબી પ્રમાણપત્રના આધારે રજા પર રહે તે સમયને ફરજ પર હાજર છે એમ ગણી તેવા સમયની પગાર સહિતની વિશિષ્ટ રજાઓ આપવી જોઈએ કે કેમ ?

૪ (૬) પ્રમોશન :- કોઈ કામદાર રાજીનામું આપે, છુટો કરવામાં આવે કે નિવૃત્ત થાય યાતો નવી જગ્યા ઉભી કરવામાં આવે ત્યારે તેવી જગ્યા ઉપર બહારથી કામદારોની ભરતી ન કરતા વધુ સર્વિસવાળા કામદારોની સિનિયોરીટીને ધ્યાનમાં લઈ કામદારોને પ્રમોશન આપવા જોઈએ કે કેમ ?

૪ (૭) લોન :- કામદારોને નીચે મુજબ લોન આપવી. દર વરસે કેટલા કામદારોને લોન આપવી તે યુનીયન સાથે વાટાઘાટો દ્વારા નક્કી કરવું જોઈએ કે કેમ ?

હાઉસીંગ લોન :- જે કામદારોને લેખિતમાં હાઉસીંગ લોનની માંગણી કરે ત્યારે તેમને તેમની નોકરી દરમ્યાન એક વખત તેમને મળતા ગ્રોસ ૧૦૦ પગાર હાઉસીંગ લોન તરીકે આપવા અને લોનની વસુલાત ૪ ટકાના વ્યાજ સહિત કપાત કરવી જોઈએ કે કેમ ?

૬ (૨) વ્હીકલ લોન :- વધુમાં વધુ રૂા. ૪૦,૦૦૦/- ની લોન આપવી જોઈએ કે કેમ?

૬ (૩) મેરેજ લોન :- કામદારને પોતાના યા તો પોતાની પુત્રીના લગ્ન હોય તો તે માટે રૂા. ૨૦,૦૦૦/- પુત્રના લગ્ન માટે રૂા. ૧૫,૦૦૦/- અને ભાઈ-બહેનના લગ્ન હોય તો તે માટે રૂા. ૧૦,૦૦૦/-ની લોન આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૭ : યુનિફોર્મ :-

૭ (૧) ટેરીકોટન યુનિફોર્મ :- કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને દર બે વરસે ત્રણ જોડી ટેરીકોટન યુનિફોર્મ, પેન્ટ અને ફૂલ શર્ટની જાન્યુઆરી માસમાં આપવી જોઈએ કે કેમ ? યુનિફોર્મની ગુણવત્તા યુનિયનને વિશ્વાસમાં લઈ કરવી જોઈએ કે કેમ ?

૭ (૨) એપ્રોન :- તમામ કામદારોને વરસમાં બે જોડી સુતરાઉ કાપડના એપ્રોન દર વરસે જાન્યુઆરી માસમાં આપવા કે કેમ ? એપ્રોનની ગુણવત્તા યુનિયનને વિશ્વાસમાં લઈ કરવી જોઈએ કે કેમ ?

INDEX

૭ (૩) જરસી :- કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને દર બે વરસે સપ્ટેમ્બર માસમાં જરસી આપવી જોઈએ કે કેમ ? જરસીની ગુણવત્તા યુનિયનને વિશ્વાસમાં લઈ કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૮ : રેઈનકોટ / ગમબુટ :- કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને દર બે વરસે ડકબેક કંપનીના રેઈનકોટ / ગમબુટ આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૯ : સેફ્ટી બુટ / મોજાં :- કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને દર વરસે એક જોડી બુટ અને બે જોડી નાયલોન મોજાં આપવા કે કેમ ? બુટ અને મોજાંની પસંદગી યુનિયનને વિશ્વાસમાં લઈ કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૦ :- સાબુ, નેપકીન અને ટુવાલ :- કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને દર વરસે ટર્કીશ નેપકીન, સારી ગુણવત્તાના બે બાથસોપ તેમજ દર છ માસે ટર્કીંગ ટૂવાલ આપવા જોઈએ કે કેમ ? આ તમામની પસંદગી યુનિયનને વિશ્વાસમાં લઈ કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૧ :- ટેલકમ પાવડર / નિવિયા :- કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને દર ત્રણ માસે સારી ગુણમવત્તાનો ટેલકમ પાવડર તેમજ નિવિયા ક્રીમ આપવા જોઈએ કે કેમ ? આની પસંદગી યુનિયનને વિશ્વાસમાં લઈ કરવી જોઈએ કે કેમ?

માંગણી નં. ૧૪ :- યુનિયનના પ્રતિનિધિઓની રજા :-કંપનીમાં ઔદ્યોગિક શાંતિ અને શિષ્ત જાળવવા તેમજ સુવ્યવસ્થિત કામદાર પ્રવૃત્તિ માટે કામદારોના પ્રતિનિધિઓને કામદારોના પ્રશ્નો પરત્વે જ્યારે જ્યારે બહાર જવાનું થાય ત્યારે ફરજ પર હાજર છે એમ ગણી ભર પગારેની રજા તથા ખર્ચ આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૫ :- રીસ્ટ્રોપેક્ટીવ ઈફેક્ટ :-ઉપરોક્ત તમામ માંગણીના લાભો તા. ૧-૮-૨૦૦૨ થી આપવા જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૧૪મી મે, ૨૦૦૩.

સુનયના તોમર,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૯૨૦/૫.૫/આઇડીઆર/એજે/જી/૯૨/૦૨.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

INDEX

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

તારીખ ૧/૮/૧૯૯૭ થી તારીખ ૩૧/૭/૨૦૦૨ સુધીના સેટલમેન્ટના કરાર કરવો કે કેમ ?

(૧) પગાર ધોરણ:-

અ.નં.	કેટેગરી			પગાર ધોરણ
૧	પટાવાળા	ખાનસમા	ફાયરમેન	રૂા. ૨૩૦૦-૧૦૦-૫૬૦૦
	મજદૂર	મોડલી	સ્ટોરમેન	
	વોર્નર	ટપાલી	સિપાઇ	
	વોચમેન	ઓકઝીલરીહેન્ડ		
	પેકર	એટેન્ડન્ટ	સ્વીપર	
	ચેકર	હેલ્પર	ખલાસી	
૨	નાયક	કારકુન	આસી. ગાર્ડનર	રૂા. ૨૪૦૦-૧૨૦-૬૬૦૦
	ગેઇટ કીપર	હવાલદાર	કંડકટર	
	આર્ટ-સી	હેડગેઇટકીપર	ટેલીફોન	
	રાઇટર		આસીસ્ટંન્ટ	
૩	ડ્રાયવર	આસી. બાઇન્ડર		રૂા. ૩૦૦૦-૧૫૫-૮૧૧૫
૪	ટ્રાફીક કંટ્રોલર	કોમ્પ્યુટર	કોમ્પ્ટીસ્ટ	
	કેશીયર	આર્ટ-બી	ટેલી. ઓપરેટર	
	ટાઇપીસ્ટ કલાર્ક	ગાર્ડનર	વાયરમેન	
	ઇન્સ્પે. સીવીલ	પંચ ઓપરેટર	મીકેનીક સ્ટોર્સ	રૂા. ૩૩૦૦-૧૭૦-૮૯૧૦
	ટ્રેસર	જુની. કલાર્ક	આર્ટ-એ (રોટરી)	
	કંમ્પાઉન્ડર	ટાઇપીસ્ટ	વેરીફાયર	

INDEX

૫	આસી. ડ્રાફ્ટસમેન	આર્ટ-એ-ઈલેક્ટ્રીશ્યન 'બી'	
	આર્ટ-એ		રૂ. ૩૩૦૦-૧૭૦-૮૯૧૦
	આર્ટ-એ મીકેનીક	આસી. ટ્રાફીક ઈન્સપેક્ટર	
	ડ્રાયવર		
૬	સીની. કલાર્ક	હેડઆર્ટલીડીંગહેન્ડ	રૂ. ૩૮૦૦-૧૮૦-૯૯૨૦
	સીની. કેશીયર	મીકેનીક	
	જુની. આસી.	ઈલેક્ટ્રીશ્યન	
	ટાઈમકીપર	ટીનસ્મીથ	
	નર્સ	વેલ્ડર	
	સેનેટરી ઈન્સપે.	બેન્ચ ફીટર	
	આસી. સ્ટોરકીપર	વેલ્કેનાઈઝર	
	રોડરોલર ડ્રાયવર	અપહોલસ્ટર અને વગેરે ટ્રેડ	
	રોડ ગ્રેડર ડ્રાયવર	ડ્રાફ્ટમેન ઓવરશીયર (નોન ક્વોલીફાઈડ)	
૭	સીની. આસીસ્ટંન્ટ	ચાર્જમેન	
	ટ્રાફીક ઈન્સ્પેક્ટર	ડેપો મેનેજર 'સી'	રૂ. ૪૨૦૦-૧૯૫-૧૦,૬૩૫
	લેબર આસીસ્ટંન્ટ	ડ્રાફ્ટસ મેન	
	સ્ટોર કીપર	(સી. ડબલ્યુ. એ.)	
	જુની. સ્ટોક વેરી.	ટેકનીકલ ઈન્સપેક્ટર	
	જુની. એકાઉન્ટન્ટ	સુપરવાઈઝર (સીવીલ ડીપ્લોમા હોલ્ડર)	
૮	સ્ટેનોગ્રાફર 'બી'		રૂ.૪૬૦૦-૨૨૦-૧૦,૯૮૦
	સીની. એકાઉન્ટન્ટ		
	ઈન્સપેક્ટર ઓફ એકાઉન્ટન્ટ		
	સુપરવાઈઝર		
	એક્સ્ટ્રા. સુપરવાઈઝર		
	રોટરી મશીન ઓપરેટર.		
૯	સ્ટોર્સ સુપરવાઈઝર		રૂ. ૫૦૦૦-૨૩૦-૧૧,૬૭૦
	સીનીયર સ્ટોકવેરીફાયર		
	લીગલ સુપ્રીટેન્ડન્ટ.		
	હેડ ડ્રાફ્ટસમેન		
	પરચેઈઝ સુપરવાઈઝર		
	ઓફીસ સુપ્રિન્ટેન્ડન્ટ.		

INDEX

આસીસ્ટંટ ટ્રાફીક સુપ્રિન્ટેન્ડન્ટ.
ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર
હીવી. એકાઉન્ટન્ટ
આસી. વર્કસ સુપ્રીન્ટેન્ડન્ટ
જુની. ફોરમેન
ટેકનીકલ આસીસ્ટન્ટ
ડેપો મેનેજર 'બી'
સ્ટેનોગ્રાફર 'એ'
જુની. એન્જીનીયર (ડીગ્રીહોલ્ડર)
જુની. ફોરમેન (પ્રિન્ટીંગ)

પગાર ધોરણ નક્કી કરવાની શરતો :-

(૧) તા. ૧/૧/૧૯૯૬ના રોજનો મુળ પગાર વત્તા તા. ૧/૧/૧૯૯૬ના રોજ મળવા પાત્ર મોંઘવારી (૧૪૮ ટકા) વત્તા મુળ પગારના ૬૫ ટકા વેઈટેજ મુજબ થતી રકમ આપવી કે કેમ?

(૨) ઉપર મુજબ જે રકમ આવે તે રકમ સ્ટેજ જો નવા પગાર ધોરણમાં હશે તો તે સ્ટેજ ઉપર પગાર નક્કી કરવામાં આવશે. પરંતુ નવા પગારધોરણના કોઈ ચોકકસ સ્ટેજ ઉપર ન ચાલતું હોય અને બે સ્ટેજની વચ્ચે રકમ આવતી હશે તો ત્યારબાદના સ્ટેજ ઉપર પગાર નક્કી કરવામાં આવશે કે કેમ?

(૩) સુધારેલ પગાર ધોરણ મુજબ નક્કી થતા પગારને તા. ૧/૧/૧૯૯૬ થી તા. ૧/૧/૧૯૯૭ સુધી નેશનલ પગાર ગણવામાં આવશે. આ સમયગાળા દરમ્યાન કોઈ તફાવત ચુકવવામાં આવતો નહી અને કોઈ વસુલાત પણ કરવામાં આવશે નહી. સુધારેલ પગાર ધોરણ તા. ૧/૧/૧૯૯૮ થી ચુકવવા પાત્ર થશે કે કેમ?

(૪) નવા પગાર ધોરણમાં પગાર નક્કી કરવાના સંદર્ભમાં વાર્ષિક ઈજાફાની તારીખમાં ફેરફાર થશે નહી અને કર્મચારી સામાન્ય નિયમો અને શરતોને આધિન રહીને વાર્ષિક ઈજાફાઓ જે તારીખે મળવાપાત્ર હશે તે જ તારીખે મેળવશે કે કેમ ?

(૫) કોઈ કર્મચારી સુધારેલ પગાર ધોરણમાં મહત્તમ તબક્કે પહોંચી સ્થગિત થઈ જાય તો તા. ૩૧/૭/૨૦૦૨ સુધી છેલ્લો વાર્ષિક ઈજાફાના દરે વાર્ષિક ઈજાફો મેળવી શકશે?

(૬) જે કર્મચારીઓ તા. ૧/૮/૧૯૯૭ના રોજ કામચલાઉ ઓફીસીએટીંગ કરતા હોય તે કર્મચારીઓનો પગાર તેમની ઓફીસીયેટીંગ કક્ષામાં ઉપર જણાવ્યા પ્રમાણે નક્કી કરવામાં આવશે. આવા ઓફીસીયેટીંગ કર્મચારીઓ તેમની મુળ જગાએ રીવર્ટ

INDEX

થયેથી તેમની જગ્યાનો પગાર ફરીથી ઉપર જણાવ્યા પ્રમાણે તા. ૧/૮/૧૯૯૭ના મુળ જગ્યાના પગાર ધોરણમાં નક્કી કરવામાં આવશે કે કેમ ?

(૭) ઉપરોક્ત પેટા કલમ નં. (૩) ને આધીન રહીને જે કર્મચારીઓ તા. ૧/૮/૧૯૯૭થી અમલી બનતા પગાર ધોરણ સ્વીકારવા ઈચ્છતા ન હોય અને જુના પગાર ધોરણ ચાલુ રહીને તા. ૧/૮/૧૯૯૭ પછીનો અન્ય કોઈ તારીખથી નવું પગાર ધોરણ સ્વીકારવા ઈચ્છતા હશે તો તે સર્વીસ રેગ્લુલેશનની જોગવાઈઓને આધીન સેટલમેન્ટની સુચનાઓના અનુસંધાને વિકલ્પ લઈ શકે કે કેમ ? તા. ૧/૧/૧૯૯૭ થી તા. ૩૧/૭/૨૦૦૨ ના સમયગાળા દરમ્યાન કર્મચારી જ્યારે પણ નવું પગાર ધોરણ સ્વીકારવા ઈચ્છે તો એક જ વખત ઈન્ક્રીમેન્ટ બઢતી અને નિમણુંક તારીખથી ત્રણ માસ અગાઉ વિકલ્પ માટે અરજી કરી શકશે કે કેમ ?

(૮) રોજીંદા વેતનદાર કર્મચારીઓને તા. ૧/૮/૧૯૯૭ થી અમલી બનતા નવા પગાર ધોરણ અને તે પગાર ઉપર મળવા પાત્ર મોંઘવારી ભથ્થા મુજબ દૈનિક દર હાલના નિયમો મુજબ તા. ૧/૮/૧૯૯૭થી નક્કી કરવામાં આવશે કે કેમ ?

(૯) તા. ૧/૮/૧૯૯૭ના રોજ ઉપર જણાવ્યા પ્રમાણે કર્મચારીના પગાર નક્કી થતાં જો કોઈ કર્મચારીના પગાર જે તે સંવર્ગના સીનીયર કર્મચારી કરતાં વધુ નક્કી થવા પામે તે સીનીયર કર્મચારીઓનો પગાર સર્વીસ રેગ્યુલેશન નં. ૬૫ (ઈ) મુજબ સ્ટેપઅપ કરી આપવામાં આવશે કે કેમ ?

(૧૦) સુધારેલ પગાર ધોરણો જો પાંચમાં પગાર પંચની ભલામણ કરતા ઓછા હોય તો પગાર પંચની ભલામણ મુજબના પગાર ધોરણોનો લાભ આપવો કે કેમ ?

(૧૧) જો કોઈ કિસ્સામાં અસંગતતા ઉપસ્થિત થાય તો આવી બાબતમાં માન્ય યુનિયનના હોદ્દેદારો સાથે ચર્ચા કરી ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી સામાન્ય રીતે ત્રણ માસમાં નિર્ણય લેશે જે સર્વેને બંધનકર્તા અને આખરી રહેશે કે કેમ ?

મોંઘવારી ભથ્થુ:-

રાજ્ય સરકારશ્રી તેમના કર્મચારીઓ માટે વખતોવખત મોંઘવારી ભથ્થું/મોંઘવારી ભથ્થા પેટેની રાહતના દર, ધારાધોરણ અને શરતો નક્કી કરે તે દર, ધારાધોરણ અને શરતો પ્રમાણે મોંઘવારી ભથ્થું/મોંઘવારી પેટેની રાહત જે તે તારીખથી નિગમના કર્મચારીઓને આપવામાં આવશે કે કેમ ?

3 અ. સ્પેશ્યઅલ એલાવન્સ/સ્પેશ્યલ પે. જે ટ્રાફીક કંટ્રોલર, આસી. ટ્રાફીક ઈસ્પેકટર અને આસી. ટ્રીફીટ સુપ્રીન્ટેન્ડન્ટ બસ સ્ટેશન, બસ સ્ટેન્ડ, કંટ્રોલ પોઈન્ટ,

INDEX

મધ્યસ્થ મંત્રાલય અને સ્ટાફકાર ડેપો ઉપર કામ કરતા હશે તેઓને અનુક્રમે રૂા. ૪૫/- રૂા. ૫૦/- રૂા. ૫૫/- અને રૂા. ૬૦/- માસીક દરે સ્પેશ્યલ એલાવન્સ આપવામાં આવશે. સીટી સર્વીસમાં લાઈન ચેકીંગમાં કામ કરનાર આસી. ટ્રાફીક ઈન્સ્પેકટર, ટ્રાફીક ઈન્સ્પેકટર અને આસી. ટ્રાફીક સુપ્રી.ને જો તેઓએ પુરા માસ દરમ્યાન કાયદેસર મળવાપાત્ર રજાઓ સિવાયના તમામ દિવસોએ ચેકીંગ કર્યું હશે તો અનુક્રમે રૂા. ૩૫/- રૂા. ૪૦/- અને રૂા. ૪૫/- સ્પેશ્યલ એલાવન્સ દર મહીને આપવામાં આવશે કે કેમ ?

બ. ડેપો, બસ સ્ટેન્ડ, બસ સ્ટેશન, સેન્ટ્રલ સ્ટોર્સ નરોડા સહિત સ્ટોર્સ ઓફીસો અને બધા વર્કશોપમાં કામ કરતા રાઈટર, કલાર્ક, જુનીયર આસી., ટાઈમ કીપર, આસી. સ્ટોર્સ કીપર, સીનીયર આસીસ્ટન્ટ, જુનીયર એકાઉન્ટન્ટ, સ્ટોર કીપર, ટાઈપીસ્ટ કલાર્ક, સ્ટેનો ટાઈપીસ્ટ, સ્ટેનોગ્રાફર, ટાઈપીસ્ટ, ચેકર, સ્ટોરમેન, ટેલીફોન ઓપરેટર, ટેલીફોન આસીસ્ટન્ટ, પ્યુન અને મધ્યસ્થ મંત્રાલય, અમદાવાદમાં કામ કરતા જુનીયર ફોરમેન, સેનેટરી ઈન્સ્પેકટર, ડ્રાફટસમેન, ટ્રેસર, મેઈલનર્સ, ફુલટાઈમ કંપાઉન્ડર અને ગેઈટ કીપર તેમજ વિભાગોમાં કામ કરતા ફુલ ટાઈમ કમ્પાઉન્ડર, ગેઈટ કીપર, સેનેટરી ઈન્સ્પેકટર અને ભુતપુર્વ બી. એસ. આર. ટી. સી. ના વિભાજન વખતે ગુજરાતને ફાળવવામાં આવેલ અને હાલ સેન્ટ્રલ સ્ટોર્સ નરોડા અમદાવાદમાં કામ કરતાં હેલ્પરો ચાર્ટ બી જેમને ફેકટરીમાં કામ કરતાં કારીગરોના જેટલા રોજના કામના કલાક પ્રમાણે કામ કરવા માટે વહીવટ તરફથી જણાવવામાં આવે અને જેમને વર્ષના ફકત નવ જ પેઈડ હોલી ડે આપવામાં આવે તેમને બેઝીક પગારના ૧૪ ટકા (ચૌદ ટકા) પ્રમાણેની રકમ દર માસે સ્પેશ્યલ પે તરીકે આપવામાં આવશે અને આ સ્પેશ્યલ પે ઉપર મોંઘવારી આપવામાં આવશે કે કેમ ?

૪. ઘરભાડું અને સીટી એલાઉન્સઃ- રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે વખતો વખતે ઘર ભાડા ભથ્થાના દર અને કોમ્પેન્સટરી લોકલ એલાઉન્સના દર, ધારા ધોરણ અને શરતો નક્કી કરે તે દર, ધારા ધોરણ અને શરતો પ્રમાણે નિગમના તમામ કર્મચારીઓને ઘરભાડા ભથ્થું અને સી. એલ. એ. જે તે તારીખથી આપવા કે કેમ ?

૫. બેકવર્ડ એરીયા, ટ્રાયબલ એરીયા, બેડ કલાઈમેન્ટ ડાંગ અને વોટર સ્કેવરસીટી અને ખોડ ખાંપણ એલાઉન્સઃ- રાજ્ય સરકાર તેમના કર્મચારીઓ માટે વખતોવખત બેકવર્ડ એરીયા, ટ્રાયબલ એરીયા, એરીયા, બેડ કલાઈમેન્ટ, ડાંગ અને વોટર સ્કેર સીટી અને ખોડ ખાંપણ એલાઉન્સ દરના ધારા ધોરણ અને શરતો નક્કી કરે તે પ્રમાણે નિગમના કર્મચારીઓને જે તે તારીખથી ચુકવી આપવા કે કેમ ?

INDEX

૬. ટેલીફોન એલાઉન્સ.મધ્યસ્થ કચેરી ખાતે ફરજ બજાવતા ટેલીફોન ઓપરેટરને માસીક રૂા. ૨૦૦/ - સ્પે. એલાઉન્સ આપવું તથા ડેપો, વિભાગીય કચેરી, યુનિટ અને મધ્યસ્થ મંત્રાલય ખાતે ટેલીફોન ઓપરેટરની કામગીરી બજાવતા કર્મચારીઓને માસીક રૂા. ૧૫૦/- ટેલીફોન ઓપરેટર એલાઉન્સ આપવું કે કેમ ?

૭. ખાનસમા એલાઉન્સ :-

(૧) એસ. ટી. ગેસ્ટ હાઉસમાં ખાનસમા તરીકેની કામગીરી કરનાર કર્મચારીને ખાનસમાનો હોદ્દો આપવો કે કેમ ?

(૨) ૨૪ કલાક ગેસ્ટ હાઉસમાં હાજરી આપનાર ખાનસમા, દર માસે રૂા. ૨૦૦/- પ્રમાણે એલાઉન્સ આપવું કે કેમ ?

(૩) ખાનસમાની ગેરહાજરીમાં સીનીયર પટાવાળાને ખાનસમાની કામગીરી સોંપવી. અને તે મુજબ થતું એલાઉન્સ આપવું કે કેમ ?

(૪) ખાનસમાને નિગમના વહીવટના કર્મચારીઓને મળવાપાત્ર રજાઓ જે મળે છે તે આપવી અને તે પ્રમાણે કામના કલાકો ગણવા કે કેમ ?

(૫) ખાનસમાને એસ. ટી. ના ગેસ્ટ હાઉસમાં મફત રહેવાની સગવડ આપવી અને તેમને મળવા પાત્ર એચ. આર. એ. , સી. એલ. એ. આપવા કે કેમ ?

૮. સ્પે. એલાઉન્સ /સ્પે. પે.-મધ્યસ્થ કચેરી, વિભાગીય કચેરીઓમાં ફરજ બજાવતાં વહીવટી સ્ટાફને મળતી સવલતો અને સગવડો જેથી સગવડો અને નિતી નિયમો જે કર્મચારીઓને લાગુ ન પડતા હોય તેવા કર્મચારીઓને તેમને મળતા બેઝીક પગારના ૨૦ ટકા (વીસ ટકા) પ્રમાણેની રકમ દર માસે સ્પે. પે તરીકે ચુકવી આપવી અને આ સ્પે. પે તેના મુળ પગારમાં ઉમેરી તેના ઉપર થતી મોંઘવારી અને બીજા બધા એલાઉન્સ આપવા કે કેમ ?

૯. રાત્રિપાળી ભથ્થું. નિગમમાં કામ કરતાં વર્કશોપ સ્ટાફ, વર્કશોપ કલાર્ક, સ્ટોર કલાર્ક, ડેપો કલાર્ક, ફ્યુમલ કલાર્ક, ડેપો કેશીયર, બુકીંગ કલાર્ક, વોચમેન, ટ્રાફીક કંટ્રોલર તેમજ વર્કશોપ કે ડેપો મેનેજર રાત્રિના ૨૦=૦૦ વાગ્યા ઉપરના કોઈપણ કર્મચારીઓ ૨ કલાક રાત્રિ ફરજ બજાવશે તો તેમને રાત્રિપાળી ભથ્થા પેટે રૂા. ૨૫/- ચુકવી આપવા. આ ઉપરાંત સ્ટાફ કાર ડ્રાયવરો તેમજ ડેપોમાં ઓપરેશનના કામ કરતાં ડ્રાયવર કંડકટરોને પણ આ ભથ્થુ આપવું કે કેમ ?

૧૦. કેશ એલાઉન્સ :-

(૧) મધ્યસ્થ કચેરીમાં કામ કરતા સીનીયર કેશીયરને દર માસે રૂા. ૩૦૦/- કેશ એલાઉન્સ આપવું કે કેમ ?

INDEX

(૨) મધ્યસ્થ કચેરીમાં આસી. કેશીયરને માસીક રૂા. ૨૦૦/- પ્રમાણે કેશ એલાઉન્સ આપવું કે કેમ ?

(૩) વિભાગીય કચેરીમાં કામ કરતા સીનીયર કેશીયરને રૂા. ૩૦૦/- પ્રમાણે કેશ એલાઉન્સ આપવું (માસીક) કે કેમ ?

(૪) વિભાગીય કચેરીમાં કામ કરતાં આસી. કેશીયરને માસીક રૂા. ૨/- પ્રમાણે કેશ એલાઉન્સ આપવું કે કેમ ?

(૫) ડેપોમાં કામ કરતાં કેશીયરને માસીક રૂા. ૨૫૦/- પ્રમાણે કેસ એલાઉન્સ આપવું કે કેમ?

(૬) મધ્યસ્થ સ્ટોર્સ, પરચેઈઝ ખાતું અને મધ્યસ્થ કચેરીના બાંધકામ શાખાના સીનીયર કેશીયરને દર માસે રૂા. ૩૦૦/- પ્રમાણે કેસ એલાઉન્સ આપવું કે કેમ ?

(૭) મધ્યસ્થ યાંત્રાલય, નરોડા, અમદાવાદના સીનીયર કેશીયરને દર માસે રૂા. ૩૦૦/- અને આસી. કેશીયરને રૂા. ૨૦૦/- પ્રમાણે કેશ એલાઉન્સ આપવું કે કેમ ?

(૮) કેશીયરોની ફાયડાલીટી, ગેરંટી અંગેનો વીમો નિગમે પોતાના ખર્ચે ઉતરાવવો કે કેમ?

(૯) ડેપોમાં કેશીયર તરીકેની કામગીરી બજાવતા કર્મચારીને કેશીયરનો હોદ્દો આપવો કે કેમ?

૧૧. બુટ એલાઉન્સઃ- નિગમના કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓ કાયદાની જોગવાઈઓ હેઠળ યુનિફોર્મ મેળવે છે. તેવા તમામ કર્મચારીઓને તેમના માપના 'બાટા શૂઝ' કંપનીના બુટ આપવા અથવા તેની અવેજીમાં જો નિગમ ઉચ્ચક ભથ્થુ આપવા માંગતુ હોય તો રૂા. ૪૫૦/અંકે રૂપીયા ચારસો પચાસ દર વરસે બુટ એલાઉન્સ પેટે આપવા કે કેમ ?

૧૨. વોશીંગ એલાઉન્સઃ-

૧. વિના મૂલ્યે યુનિફોર્મ/ડાંગરી મેળવવા પાત્ર કર્મચારીઓને દર મહીને રૂા. ૬૦/- ધોલાઈ ભથ્થું આપવું. એપ્રોન મેળવનાર કર્મચારીને માસીક રૂા. ૩૦/- આપવા કે કેમ ?

૧૩. ટાઈપીંગ એલાઉન્સ :-

(ચ) કોર્પોરેશનમાં કોમ્પટીસ્ટ/ટાઈપીસ્ટ/ ટાઈપીસ્ટ-કમ કલાર્ક/ ટેલેક્ષ મશીન પર કામ કરતાં ટાઈપીસ્ટ/ ટેલેક્ષ ઓપરેટરને ટાઈમ સ્કેલ ઉપર નિમણુંક થયાની તારીખ મુજબ નીચે પ્રમાણે દર માસે ટાઈપીંગ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

૧. એક વરસની નોકરી પુરી કરી હોય ત્રણ વરસથી વધુ નહી.રૂા. ૬૦/-

૨. ત્રણ વરસથી વધુ પાંચ વરસથી વધુ નહીં. રૂા. ૧૦૦/-

INDEX

૩. પાંચ વરસથી વધુ પરંતુ દસ વરસથી વધુ નહીં. રૂા. ૧૫૦/-

૪. દસ વરસથી વધુ નોકરી માટે. રૂા. ૨૦૦/-

(બ) આંકડા ખાતામાં ફેસીટ મશીન તેમજ કેલક્યુલેટર પર કામ કરતાં કર્મચારીઓને ઉપર મુજબનું એલાઉન્સ દર મહીને ચુકવી આપવું કે કેમ ?

૧૪. કોમ્પ્યુટર એલાઉન્સ :- કોર્પોરેશનમાં કોમ્પ્યુટર પર કામ કરતા કર્મચારીને દર માસે રૂા. ૧૫૦/- એલાઉન્સ આપવું કે કેમ?

૧૫. રોનીયો એલાઉન્સ :-

૧. ડુપ્લીકેટીંગ/રોનીયો/સાઈસ્કલોસ્ટાઈલ મશીન પર કામ કરતાં કર્મચારીને દર માસે રૂા. ૧૨૫/- એલાઉન્સ આપવું કે કેમ ?

૨. બોઈલર એટેન્ડન્ટને માસીક રૂા. ૧૨૫/- એલાઉન્સ આપવું કે કેમ ?

૧૬. ઝેરોક્ષ કોપી એલાઉન્સ :- નિગમમાં જ્યાં જ્યાં ઝેરોક્ષ કોપીઓનું કામ થતું હોય ત્યાં તે કર્મચારીને સરકારશ્રીના ધરાધોરણ સાથે દર માસે રૂા. ૧૨૫/- એલાઉન્સ આપવું કે કેમ?

૧૭. સુએઝ ટેન્કર એલાઉન્સ :- સુએઝ ટેન્કર ચલાવનાર ડ્રાઈવરને દૈનિક રૂા. ૨૦- પ્રમાણે તેની સાથે મદદનીશને દૈનિક રૂા. ૧૦/- લેખે સુએઝ ટેન્કર એલાઉન્સ આપવું કે કેમ ?

૧૮. કન્વેયન્સ એલાઉનન્સ :- નીચે દર્શાવેલ કેટેગરી મુજબ કન્વેયન્સ એલાઉન્સ દર માસે આપવું કે કેમ ?

૧.	જુની. એન્જી./સુપરવાઈઝર/ઓવરશીયર	રૂા. ૧૨૫/-
૨.	ઈન્સ્પેક્ટર (સીવીલ)	રૂા. ૧૧૫/-
૩.	ઈલેક્ટ્રીશ્યન (સીવીલ)	રૂા. ૧૧૦/-
૪.	કારકુન (સીવીલ)	રૂા. ૯૦/-
૫.	સેનેટરી ઈન્સ્પેક્ટર	રૂા. ૧૧૦/-
૬.	પટાવાળા (હિસાબી શાખા, બેંકના કામ કામ માટે	રૂા. ૯૦/-

૧૯. શારીરિક ખોડ ખાંપણ એલાઉન્સ :- નિગમના શારીરિક ખોડ ખાંપણવાળા તમામ કર્મચારીઓને દર માસે રૂા. ૨૦૦/- લેખે એલાઉન્સ આપવું કે કેમ ?

INDEX

૨૦. ટુલ્સ એલાઉન્સ :- નિગમમાં વર્કશોપ સાઈડમાં કામ કરતાં કર્મચારી કે જેઓને પોતાની ફરજ દરમ્યાન ઉપયોગમાં લેવાતાં ઓજારો માટે ટુલ્સ આપવામાં આવે છે તેવા કર્મચારીઓને દર માસે રૂા. ૬૦/- ટુલ્સ એલાઉન્સ આપવું કે કેમ ?

૨૧. કર્મચારીઓના ભણતા બાળકો માટે સ્પે. એલાઉન્સ :- શૈક્ષણિક વર્ષ દરમ્યાન અભ્યાસ ચાલુ હોય તે દરમ્યાન જો કર્મચારીની વહીવટી કારણોસર બદલી કરવામાં આવે તો બાળક દીઠ રૂા. ૩૦૦/- તે કર્મચારીને સ્પે. કોમ્પેસેશન ચુકવી આપવું કે કેમ ?

૨૨. પ્રવાસ ભથ્થું :- પ્રવાસ ભથ્થું રાજ્ય સરકારશ્રીના ધારા ધોરણ પ્રમાણે નિગમના કર્મચારીઓને ચુકવી આપવું કે કેમ ?

૨૩. નિયમિત હાજરી ભથ્થું :- ડેપોના તમામ કર્મચારીઓ/મધ્યસ્થ યંત્રાલય/વિભાગીય યંત્રાલય/કર્મચારીઓ ટાયર શોપ /પ્રીટીંગ પ્રેસ વગેરેમાં ફરજ બજાવતા કર્મચારીઓને નિયમિત ફરજ પર આવવા પ્રોત્સાહિત કરવા જો તે ૨૦ દિવસથી વધુ હાજરી આપી હોય તેને તેમના પગારના ૧૬ ટકા રકમ દર મહીને નિયમિત હાજરી ભથ્થાં પેટે ચુકવી આપવી કે કેમ ?

૨૪. પાર્સલ એલાઉન્સ :- પી. ટી. એસ.માં નોંધાયેલા પાર્સલની હેરાફેરી માટે પાર્સલો લઈ જનાર કંન્ડક્ટરોને દર પાર્સલ દીઠ રૂા. ૧૫/- પાર્સલ એલાઉન્સ આપવું કે કેમ ?

૨૫. મેડીકલ એલાઉન્સ :-

૧. નિગમના તમામ કર્મચારીઓને માસીક રૂા. ૩૦૦/- તેમના અને કુટુંબના સભ્યોની માંદગી પેટે તબીબી સારવાર માટે મેડીકલ એલાઉન્સ ચુકવી આપવું કે કેમ ?

૨. ઉપરના ફકરા (૧)ના કોઈ કર્મચારી કે કુટુંબીજનની મેડીકલ સારવાર સંસ્થાના એચ.એમ.ઓ. કે, ગમે તે દવાખાને દવા કરાવે/સરવાર લે કે ઓપરેશન કરાવે તો તે તમામ રકમ નિગમે ચુકવી આપવી કે કેમ ?

૩. નિગમમાં નિવૃત્ત થતાં કર્મચારીઓને કલમ ૨૪ ની (૧) અને (૨)ની જોગવાઈ પ્રમાણે નાણાં મજરે આપવાના રહેશે કે કેમ ?

૪. સાત દિવસ સુધીની માંદગીની રજા માટે તબીબી સારવારનું પ્રમાણપત્ર માંગશે નહીં. આના કારણે વાર્ષિક ઈજાફાને બાધક રહેશે નહીં કે કેમ ?

૨૬. ફેર એલાઉન્સ :- દરેક મેળામાં એકસ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું હોય તો તે કામકાજમાં રોકાયેલા ડ્રાઈવર-કન્ડકટર, કે અન્ય સ્ટાફને દૈનિક ભથ્થાના ધોરણે જે રકમ થતી હોય તે ફેર એલાઉન્સ તરીકે આપવું કે કેમ ?

INDEX

૨૭. **પોસ્ટલ મેઈલ એલાઉન્સ :-** પોસ્ટના દરેક થેલા દીઠ ડ્રાઈવર - કંન્ડકટરને રૂા. ૧૦/- દરે પોસ્ટલ એલાઉન્સ આપવું કે કેમ ?

૨૮. **પ્રોત્સાહન યોજના :-** ૧૦૦ ટકા એલ.એફ. મેળવતા ડ્રાઈવર-કંન્ડકટરને આવકના ૧૦ ટકા રકમ આપવી અને ૭૫ ટકા એલ.એફ. લાવે તો તેના ૫ ટકા દૈનિક પ્રોત્સાહન તરીકે રકમ ચુકવવી તેમજ ૪ કલાકથી ઉપર ૫ કલાકથી ઓછી નોકરીવાળી ટ્રીપો માટે રૂા. ૨૦/-, ૬ કલાકથી વધુ માટે રૂા. 30/- દૈનિક પ્રોત્સાહન તરીકે ચુકવવા કે કેમ ?

૨૯. **ફુડ ગ્રેઈન એડવાન્સ :-** વખતો વખત રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે ફુડ એડવાન્સ માટે જે શરતો અને ધોરણો નક્કી કરશે તે એસ. ટી.ના કર્મચારીઓને લાગુ પડશે અને તે એપ્રિલ માસમાં ચુકવી આપવાનું રહેશે કે કેમ ?

30. **ફેસ્ટીવલ એડવાન્સ :-** રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણે કોર્પોરેશનના કર્મચારીઓને તહેવારના પંદર દિવસ પહેલાં એડવાન્સ ચુકવી આપવું કે કેમ ?

૩૧. **બોનસ/એક્સગ્રેસીયા :-** કોર્પોરેશનના કર્મચારીઓના વાર્ષિક કુલ પગારની રકમના ૧૫ ટકા લેખે દર વરસે બોનસ (એક્સગ્રેસીયા)ની રકમ દરેક કર્મચારીઓને ચુકવી આપવી કે કેમ ?

૩૨. **મુસાફરી ભાડા ભથ્થાં એડવાન્સ :-** જો કર્મચારી મુસાફરી ભાડા ભથ્થાની માંગણી કરે તો અંદાજીત મુસાફરી ભથ્થાની રકમના ૯૫ ટકા જેટલી રકમ એડવાન્સ તરીકે આપવી કે કેમ?

૩૩. **રજાના પગારનું એડવાન્સ :-** જો કર્મચારી અગાઉથી રજા મંજુર કરાવી રજા પર જાય તો તેવા કર્મચારીને તે રજાના એડવાન્સ પગારની માંગણી કરે તો તે રજાના પગારનું એડવાન્સ પેમેન્ટ કરવું કે કેમ ?

૩૪. **ડ્રાઈવર-કંડક્ટરોને સવલતો :-**

૧. જ્યારે ડ્રાઈવર-કંડકટર નાઈટ આઉટ જાય ત્યારે તેમને ૩ X ૭ ના ફોલ્ડીંગ પલંગ આપવા, અને રજાઈ તેમજ ગાદલા આપવા, આ પલંગ રજાઈ ગાદલા જે તે નાઈટ આઉટમાં મુકવાની વ્યવસ્થા નિગમે કરવાની રહેશે કે કેમ ?

૨. જ્યાં ક્રુ ચેઈન્જની નોકરી હોય અને તે જગ્યાએ જો ડ્રાઈવર-કંડકટર ત્રણ કલાકથી વધુ રોકાતા હોય તેવા કર્મચારીઓને તે સ્થળે આવેલ સરકારી કે ખાનગી ગેસ્ટ હાઉસમાં આરામ કરવાની વ્યવસ્થા નિગમે ગોઠવી આપવી કે કેમ ? (નિગમ તરફથી રહેવાની વ્યવસ્થા ન હોય ત્યાં)

૩. તા. ૧-૮-૮૭ ના સેટલમેન્ટની કલમ ન ૫૪ની પેટા કલમ (૧)(૨)(૩)નો અમલ કરવો કે કેમ ?

INDEX

૩૫. **ડેપો પર ઈમરજન્સી લાઈટની વ્યવસ્થા અંગે :-** દરેક ડેપો પર કેશ-બુકીંગ, ટ્રાફીક અને વર્કશોપ રાત્રિના સમયે કામગીરી ચાલુ હોય છે તેવા સમયે અચાનક લાઈટ બંધ થઈ જતાં કેશ-બુકીંગ અને અન્ય બીજા કામ બંધ થઈ જાય છે, રાત્રિના અંધકારમાં કેશ લુંટાઈ જવાની ભીતી પણ ઉપસ્થિત થાય છે. આવા સમયે સમય સૂચકતા વાપરવા હેવી જનરેટરની વ્યવસ્થા વહીવટે કરવી જોઈએ કે કેમ ?

૩૬. **છટણી :-** નિગમના કોઈપણ કર્મચારીની છટણી કરતાં પહેલાં જે તે કામના બદલે રોજગારીની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવી જોઈએ કે કેમ ?

૩૭. **એપ્રેન્ટીસોને નોકરી પર લેવા અંગે :-** કોર્પોરેશનમાં જેમને એપ્રેન્ટીસશીપ પુરી કરી હોય તેવા લોકોને ભવિષ્યમાં ખાલી જગ્યા પડે ત્યારે તેમના ઘેર જાણ કરી અરજીપત્રક મોકલી તેઓને ખાલી પડેલી જગ્યામાં નોકરી આપવી કે કેમ ?

૩૮. **વર્કચાર્જ કર્મચારીઓને કાયમી કરવા અંગે :-** ગુજરાત સરકારે તેમના વિવિધ ખાતાઓમાં કામ કરતા વર્કચાર્જ કર્મચારીઓ માટે દોલતભાઈ કમીટીની રચના કરેલી. તે કમીટીએ રાજ્ય સરકારશ્રીને તેનો અહેવાલ સુપ્રત કર્યા બાદ રાજ્ય સરકારે તે અહેવાલનો અક્ષરસઃ અમલ કર્યો છે. અને સરકારે તેના તમામ તાબાના નિગમો અને કોર્પોરેશનોને ડાયરેક્ટીવ આપી જાણ કરેલ છે. કે, તેનો અમલ તાત્કાલિક કરવો. નિગમે રોજમદાર કર્મચારીઓને કામે રાખેલ છે અને તેમને નિગમની સ્થાપનાથી કે કેમ ? અને નિગમની સ્થાપનાથી દસ વરસ પુરા થયા છતાં તેવા કર્મચારીને કાયમી કર્યા નથી. નિગમમાં રોજમદાર કર્મચારીને કાયમી કરવા તાત્કાલિક અમલ કરવો, અને તેવા કર્મચારીને કાયમી કર્મચારી તરીકે ગણી દરેક હક્કો આપવા કે કેમ ?

૩૯. **ભરતી/ટાઈમ સ્કેલ પર લેવા બાબત :-**

અ. તા. ૨૧/૧૨/૧૯૮૯ના સેટલમેન્ટની કલમ ૨૦ની જોગવાઈઓમાં ઉમેરવામાં આવે છે કે, કોઈપણ વિભાગમાં ભરતી માટેની પ્રતિક્ષાયાદીઓમાં જે ઉમેદવારોના નામ પસંદ થયા હોય તે નામો તે યાદીના ઉમેદવારોને તેજ વિભાગમાં ક્રમાનુંસાર પોસ્ટીંગ આપવું. અને બીજા અન્ય વિભાગમાં નામ ટ્રાન્સફર કરવાની પ્રથા રદ કરવી. સીવીલ એન્જીનીયર ખાતાના વર્કચાર્જના ધોરણે કામ કરતા કર્મચારીઓ કે જેને સતત ૧૮૦ દિવસ નોકરી કરી હશે તો તેમને પણ ટાઈમસ્કેલ પર લેવામાં આવશે. અને આવા કર્મચારીઓને નોશનલ ઈન્ક્રીમેન્ટ સહિત તા. ૧/૮/૧૯૯૭થી નિયમોનુસાર મળવાપાત્ર તમામ લાભો આપવામાં આવશે અને તેમની પાસેથી કોઈ વસુલાત કરવામાં આવશે નહી. તેમજ તેમને મળવાપાત્ર એરીયર્સના નાણાં ચુકવી આપવા. ટાઈમસ્કેલ પર લેવાયેલા કર્મચારીઓને ચોમાસામાં છુટા કરી શકાશે નહી. તેમ છતાં જો છુટા કરવામાં આવે તો જેટલા દિવસ છુટા કર્યા હોય તેટલા

દિવસ માટેનું નિર્વાહ ભથ્થું અથવા લે ઓફ આ બંનેમાં જે રકમ વધારે થતી હોય, પરંતુ રૂપીયા એક હજારથી ઓછા નહી તેટલાં નાણાં દર માસે ચુકવી આપવા કે કેમ ?

બ. નિગમમાં ફરજ બજાવતા કર્મચારીઓના બાળકોને અગ્રીમતાના ધોરણે નોકરીમાં લેવા અને જી.એસ.ઓ.-૫૦૩ મુજબની શૈક્ષણિક લાયકાતનો અમલ કરવો કે કેમ ?

૪૦. ભરતી-બઢતીના નિયમોઃ-

૧. તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૨૧ની જોગવાઈઓમાં ઉમેરવામાં આવે છે કે, કલાર્ક, હેલ્પર, કંડકટર, ડ્રાયવર, પટાવાળા અને વોચમેનની કક્ષાઓમાં ભરતીના પ્રાથમિક તબક્કામાં પાર્ટ-ટાઈમ કર્મચારી, હાલ ઓફ રીલીવર વોચમેન અને વર્કચાર્જ તરીકે કામ કરતા હોય, અને જો તેઓએ તે ખાલી પડેલ જગ્યા માટે શૈક્ષણિક લાયકાત તથા યોગ્યતા ધરાવતા હશે તો તેમને જે તે કક્ષાની ભરતી માટેની અરજી કરવાપાત્ર ગણવામાં આવશે અને તેઓને જ્યાં સુધી નિમણુંક ન મળે ત્યાં સુધી તેમનું નામ પ્રતિક્ષા યાદીમાં ચાલું રહેશે કે કેમ ?

૨. તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૨૧ (૪) માં ઉમેરવામાં આવે છે કે, નિગમના ચાલુ નિવૃત કર્મચારીઓના બાળકોને એપ્રેન્ટીસની ભરતીમાં કુલ જગાના ૫૦ ટકા જગાએ જરૂરી શૈક્ષણિક લાયકાત જોઈ નિમણુંક આપવામાં આવશે. કલમ નં. ૨૧/૫ ખાતાકીય કર્મચારી ડ્રાઈવરની જગ્યા માટે જરૂરી લાયકાત ધરાવતા હોય તો તેમને નિયમાનુસાર અરજી કરેથી ડ્રાયવર ટેસ્ટમાં બોલાવવામાં આવશે કે કેમ ?

૩. કર્મચારીઓના વારસદાર/આશ્રિતને પસંદગી સમિતિ સમક્ષ હાજર નહી કરવા, કારણ કે તેમને વિભાગીય નિયામકશ્રી કક્ષાના સીનીયર અધિકારીશ્રી દ્વારા ઘણી બધી તપાસ અને માહિતીના આધારે ભરતી કરતાં હોય છે કે કેમ ?

૪. ભરતી વખતે જે તે વિભાગમાં ભરતીની તારીખથી આવનાર બે વરસ સુધી કેટલાં ઉમેદવારની જરૂરીયાત છે તે ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડીરેકટરશ્રી પાસેથી જે તે વિભાગીય નિયામકશ્રીએ લેખિતમાં પરવાનગી લઈ ભરતી કરવી અને આવી ભરતી કરાયેલ ઉમેદવારોને અન્ય બીજા વિભાગોમાં (વેઈટીંગ લીસ્ટ) ટ્રાન્સફર કરવું કે કેમ ?

૫. નિગમના બાંધકામ શાખામાં કારકુન (સીવીલ) ની જગ્યામાં કોઈપણ ચેનલ પ્રમોશન નથી. આ કક્ષામાં ભરતી થયેલ કર્મચારી નિવૃત થાય ત્યાં સુધી કોઈ આગલી કક્ષામાં પ્રમોશન મળતું નથી. તેથી જેમ ઈન્સ્પેકટર (સીવીલ)ને

૧૫ વરસની નોકરી બાદ સબ ઓવરસીયરની બઢતી આપવામાં આવી છે. તેથી અને સીવીલ કારકુનને તેની દશ વરસની નોકરી બાદ ઈન્સપેક્ટર (સીવીલ) તરીકેનું પ્રમોશન આપવું અને આ ચેનલ કાયમી વ્યવસ્થા તરીકે નિયમો નક્કી કરવા કે કેમ ?

૬. રાજ્ય સરકારના તમામ ટ્રેસરોને જે જુ. કલાર્ક, ટાઈપીસ્ટ કલાર્ક તથા ટાઈપીસ્ટ પગાર ધોરણે પગાર ચુકવવાનો હતો પરંતુ તેમના નવા પગાર પંચમાં ટ્રેસર પોષ્ટને 'ટેકનીકલ પોષ્ટ' માં ગણવામાં આવી. હાલમાં જુ. કલાર્ક, ટાઈપીસ્ટ વિ. ના ગ્રેડમાંની જુદા પાડી ઉંચા પગાર ધોરણના ગ્રેડમાં ગણવામાં આવે અને પગાર ચુકવાય છે. અને આપણા નિગમમાં ટ્રેસરોના પગારની જે વિસંગતા વર્તાય છે તે દૂર કરવી કે કેમ ?

૭. નિગમમાં ડીવીઝન કક્ષાએ ટ્રેસરની એક જ પોષ્ટ હોય છે તે આ ટ્રેસરોની નિમણુંક ટ્રેસરમાં જ થાય છે. અને કોઈ પ્રમોશન ચેનલનો લાભ બિલકુલ મળતો નથી તો ટ્રેસરને આગલા પ્રમોશનોનો લાભ મળવો જોઈએ કે કેમ ?

૪૧. શારિરીક તપાસઃ-

૧. કર્મચારીઓની પ્રથમ નિમણુંક સમયે હુકમ આપ્યા પછી છ માસ સુધી શારીરિક તપાસની જે મુદત છે તે વધારી ૧૨ માસની કરવામાં આવે છે કે કેમ ?

૨. નિમણુંક આપ્યા પછી શારીરિક તપાસ માટે જતાં કર્મચારીને ફરજ પર ગણવામાં આવે છે અને તેમને મળવાપાત્ર ટી. એ./ડી. એ. પણ આપવામાં આવશે કે કેમ?

૩. કોઈપણ કર્મચારી નોકરીમાં આવ્યા પછી તેની જે તે જગ્યા માટે શારીરિક નબળાઈ છે કે, રોગને કારણે કેટેગરી ચેઈન્જ કરવા માંગતા હોય તો નિગમના માનદ તબીબના અભિપ્રાયને માન્ય ગણવો. તબીબે શારીરિક નબળાઈનો રીપોર્ટ આપી તેની મુળ કક્ષા કરતાં નીચલી કેટેગરીમાં યોગ્ય ઠરાવ્યો હોય તો તેમના અભિપ્રાય (સર્ટી)ના આધારે તેમજ તારીખથી ફરજ પર લઈ મળતાં બધા જ અધિકારો આપવા કે કેમ?

૪૨. બદલીઃ-

૧. ૫-૩-૬૨ની કલમ ૩૦ રદ કરવામાં આવે છે. કોઈપણ કર્મચારીની બદલી કરતાં પહેલા માન્ય યુનિયનને વિશ્વાસમાં લઈ કરવી. ડીફોલ્ટ કેસમાં કોઈપણ કર્મચારીની બદલી કરવી નહી કે કેમ?

૨. જે વિભાગમાં ભરતી થયાં હોય તે જ વિભાગમાં માન્ય યુનિયનના પરામર્સમાં રહી બદલી કરી શકાશે. પરંતુ ઈન્ટર ડીવીઝનમાં બદલી કરી શકાશે નહી કે કેમ ?

૩. કોઈપણ વિભાગ/ડેપોનું વિભાજન થવાથી શીડયુલો ટ્રાન્સફર કરવાની પ્રથા રદ કરવામાં આવે છે. અને જે કર્મચારી વિભાજન થતાં પોતાની ઈચ્છા, ટ્રાન્સફર થવા લેખિતમાં અરજી આપે તો બદલી કરી શકાશે કે કેમ ?

૪. અરસપરસની બદલીની અરજી આવ્યે ૩૦ દિવસમાં બદલી કરી આપવી અને આવા કિસ્સામાં કીન્નાખોરીથી નિકાલ નહી કરવા કે, લાંચ રૂશ્વત ન મળતો હોવાને કારણે અરજદારની વિરૂદ્ધમાં કાગળો તૈયાર કરવામાં આવતા હોય, કોઈનો પણ અભિપ્રાય મેળવ્યા સિવાય ૩૦ દિવસમાં બદલીના હુકમો કરવા કે કેમ ?

૫. વેઈટીંગ લીસ્ટ અન્ય વિભાગો ખાતે ટ્રાન્સફર કરવાની પ્રથા રદ કરવામાં આવે છે. અને આ પહેલા જે વેઈટીંગ લીસ્ટ ટ્રાન્સફર કરી અન્ય વિભાગમાં પોસ્ટીંગ અપાયેલ છે તેવા કર્મચારીઓને તાત્કાલીક તેમના મુળ ભરતીના વિભાગમાં બદલી કરવી કે કેમ ?

૪૩. **માન્ય યુનિયનોના હોદ્દેદારોની બદલી :-** માન્ય યુનિયનોના હોદ્દેદારોની બદલી જે વહીવટી કારણો આગળ ધરી કરવામાં આવે છે તેમાં તપાસને અંતે કીન્નાખોરીથી ખોટા રીપોર્ટ તૈયાર કરી બદલી કરવામાં આવતી હોઈ, આથી નક્કી કરવામાં આવે છે કે, કોઈપણ માન્ય યુનિયનના હોદ્દેદારોની બદલી કરવામાં આવશે નહી કે કેમ?

૪૪. **બદલી વળતર ભથ્થું :-** હાલના દરે અપાતા બદલી વળતર ભથ્થામાં ૫૦ ટકાનો વધારો કરવો કે કેમ ?

૪૫. **બદલી પ્રસંગે ટ્રકની સગવડ :-** કોર્પોરેશનના વર્ગ-૩ના કર્મચારીની આંતર વિભાગીય બદલી થઈ શકશે નહી. પરંતુ વિભાગીય કક્ષાની બદલી વખતે સર સામાન લઈ જવા માટે એસ. ટી. ટ્રકની સગવડ આપવામાં આવશે. અને જો એસ. ટી. ટ્રક ન હોય તો પ્રાયવેટ ટેમ્પો/ટ્રકમાં સર સામાન લઈ જવાનો જે ખર્ચ થાય તે નિગમ પરત ચુકવી આપશે કે કેમ ?

૪૬. **કર્મચારીઓની બદલી બાદ નિગમના મકાનમાં રહેવા દેવા અંગે:-** તા. ૨૧/૧૨/૮૯ની સેટલમેન્ટની કલમ નં. ૨૭ને યથાવત રાખવામાં આવે છે. અને તેમાં ઉમેરવામાં આવે છે કે, આવા મકાનો જો ભાડા ખરીદ પદ્ધતિથી નિગમ કે સરકાર જે તે કર્મચારીને આપવાની કાર્યવાહી થઈ રહી હોય કે, ભવિષ્યમાં થવાની હોય તો રહેનાર કર્મચારીની બદલી થઈ ગઈ હોય તો પણ મકાન ખાલી કરાવવું નહીં અને ભાડાની વસુલાત બદલીના હુકમ અગાઉ જે દરે કરવામાં આવતી હતી તે જ રકમ વસુલ કરવી. પરંતુ તેમને એચ. આર. એ. આપવું નહી કે કેમ ?

૪૭. **સ્ટાફ ફી :-** તા. ૩/૭/૮૧ ના સેટલમેન્ટની કલમ નં. ૩૪ અને તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૨૮ની જોગવાઈનો મેનેજમેન્ટે સદંતર ઈરાદાપૂર્વકની નિષ્કાળજી રાખી અમલ કરેલ નથી. પરીણામે નિગમમાં કામ કરતા કર્મચારીઓ ઉપર કામનું ભારણ વધ્યું છે અને આડેધડ ઓવર ટાઈમ આપી કામદારો પાસેથી સતત કામગીરી લેવામાં આવે છે. આ પદ્ધતિ તાત્કાલીક અસરથી બંધ કરવી અને તા. ૨૦/૬/૯૨ના નિગમમાં ઓન રેકર્ડ શીડયુલની ગણતરી વાઈઝ વિભાગોનો ડેપોમાં સ્ટાફની જરૂરીયાત મુજબ ૩૦ દિવસમાં ખુટતા સ્ટાફની ભરતી કરવી કે કેમ ?

૪૮. **કર્મચારીઓના બાળકોને નિગમમાં નોકરી આપવા અંગે :-** તા. ૨૧/૧૨/૮૯ની સેટલમેન્ટની કલમ નં. ૨૯ માં ઉમેરવામાં આવે છે, જ્યાં સુધી કર્મચારીના બાળકને આ જોગવાઈ હેઠળ ફોર્મ ભર્યા પછી પણ નોકરી ન મળે તો જ્યાં સુધી નોકરીના મળે ત્યાં સુધી જે તે કર્મચારીનો બાળક/વારસદાર અશ્રિત અરજી કરી શકશે કે કેમ ?

૪૯. **કર્મચારીઓના આશ્રિતોને નોકરીમાં રાખવા બાબત :-** તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૩૦ માં કર્મચારીની કે મૃત્યુબાદ જો તેમનો વારસદાર આશ્રિત કર્મચારીની અશકિત કે મૃત્યુ તારીખથી જે તારીખે પુખ્તવયે પ્રાપ્ત કરશે અને ત્યારબાદ એક વરસમાં જો અરજી કરશે તો તેની શૈક્ષણિક લાયકાત જોઈ વર્ગ-૩ અને ૪ ની કક્ષામાં ફરજીયાત નોકરી આપવામાં આવશે કે કેમ ? નિવૃત કર્મચારીઓના વારસદારોને કર્મચારીની નિવૃત્તિના છ મહીના પહેલા નિવૃત્તિની નોટીસ આપવામાં આવે ત્યારે નિવૃત થનાર કર્મચારી તેના વારસદાર કે આશ્રિતને નોકરી લેખીત અરજી કરે તો નિયમે તેની શૈક્ષણિક લાયકાત જોઈ વર્ગ-૩ અને ૪માં નોકરી આપવી કે કેમ ?

૫૦. **કર્મચારીઓના વારસદાર આશ્રિતોને હોકર્સ લાયસન્સ આપવા અંગે :-** નિગમના બસ સ્ટેશનો અને તેની હકુમતની જગ્યામાં તા. ૩૧/૭/૯૨ પછી કોઈપણ ધંધાના હોકર્સ લાયસન્સ આપવાના થાય ત્યારે કર્મચારીઓને તેની જાણ કરવી અને જે તે કર્મચારીના વારસદાર આશ્રિત બાળક પુખ્તવયના હોય અને ધંધો રોજગાર ન કરતાં હોય તેવા લોકોની અરજી આવ્યે ૩૦ દિવસમાં હોકર્સ લાયસન્સ આપવું અને તેની જે શરતો હોય તેમાં ઉદારતા રાખી સવલત આપવી કે કેમ ?

૫૧. **રમત વીરોને નોકરી :-** એસ. ટી. માં ફરજ બજાવતા કર્મચારીઓ જેઓ રમતવીર તરીકે આંતર રાજ્ય હરીફાઈમાં ઉત્તીર્ણ થઈ નિગમની પ્રતિષ્ઠામાં વધારો કરે તો તેના રમતવીરો ઉપલી કેટેગરીમાં એક વર્ષીય ઈજાફો આપી બઢતી આપવી. આ બઢતીના કારણે તેની મુળ જગ્યા જે ખાલી પડે તે જગ્યાએ આઉટ સાઈડર રમતવીરોની નિગમે તાત્કાલિક શરતો કરવી કે કેમ ?

પ૨. ફેમીલી ફ્રી પાસઃ-

(૧) નિગમમાં નોકરી કરતાં કર્મચારીઓ ટાઈમ સ્કેલમાંથી મુકત થયા પછી જો તે કર્મચારી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહારની બસમાં તેના કુટુંબ સાથે મુસાફરી કરવા માંગે તો તેને જવા આવવાના ૬ હજાર કી. મી. નો ફ્રી પાસ આપવો. કર્મચારી તેના કુટુંબ સાથે મુસાફરી કરે કે ન કરે તેનો નિગમે વાંધો ઉઠાવવો નહી. ફ્રી પાસ મેળવતા પહેલા કર્મચારીને રજા પર જવું તે તા. ૨૧/૧૨/૮૯ની કલમ નં. ૭૨ની જોગવાઈઓ રદ કરવામાં આવે છે. આ ઉપરાંત એસ. ટી. નિગમ એ પરિવહનનો ધંધો કરતું હોય અને કર્મચારી તેમની પોતાની સેવા આપતો હોય, ફેમીલીફ્રી પાસ આપવો તે મેળવવો એ બંને અધિકારની બાબત હોઈ રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે જે એલ. ટી. સી.ની સુવિધા આપે છે તે સુવિધાના બદલામાં ફેમીલી ફ્રી પાસ કર્મચારીઓએ નહી ભોગવવો તેવી જોગવાઈ તા. ૨૧/૧૨/૮૯ની કલમ ૩૨માં છે તે રદ કરવામાં આવે છે. કર્મચારીને દર બે ટુકડે છ હજાર કીલોમીટર ફેમીલી ફ્રી પાસ પાસ ભોગવી શકશે કે કેમ ?

૨. નિવૃત્ત કર્મચારીઓને વર્ષમાં બે વખત ૨૦૦૦ કી. મી. ના ફ્રી પાસ આપવા.

પ૩. એલ. ટી. સી. :- નિગમમાં નોકરી કરતાં કર્મચારીઓને રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે લીવ ટ્રાવેલ્સ કન્સેશનની જોગવાઈ કરી છે. તે તા. ૧/૮/૯૨ થી અક્ષરસઃ પડશે. કુટુંબની વ્યાખ્યા રાજ્ય સરકારે જે નક્કી કરી હોય તે પરંતુ વધારામાં કર્મચારીના મા, બાપ બંનેનો ઉમેરો કરી સવલત આપવી કે કેમ ?

પ૪. ફ્રી ડયુટી પાસ :- નિગમમાં કામ કરતાં તમામ કર્મચારીઓને તેના રહેઠાણથી ફરજ પર જવાની જગ્યાએથી ૧૦૦ કી.મી. થી વધુ ન હોય તેવા કર્મચારીને દરરોજ ફરજ પર આવા-જવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહારી બસમાં ફ્રી ડયુટી પાસ કાઢી આપવો. આ પાસ વર્ગ-૩ અને ૪ ઉપરાંત પાર્ટ ટાઈમ કર્મચારીઓ, હમાલ, એપ્રેન્ટીસો વગેરેને પણ મળી શકશે. તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ ૩૩(બ) રદકરવી કે કેમ ?

પ૫. પ્રવાસમાં કર્મચારીઓને રેસ્ટ હાઉસની સગવડ :- ફેમીલી ફ્રી પાસ મેળવી નિગમમાં કામ કરતાં કર્મચારી કુટુંબ સાથે પ્રવાસ કરે ત્યારે જે જગ્યાએ રેસ્ટ હાઉસની સુવિધા માંગે તો તે સુવિધા કર્મચારીઓને મફત આપવી કે કેમ ?

પ૬. હક્ક રજાનું રોકડમાં ચુકવણું :- તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૩૦(૧)(૨)(૩)(૪)(૫)(૬) થવા આપવી કે કેમ ?

INDEX

૫૭. **ફરજ દરમ્યાન અકસ્માતમાં રાહત :-**

(૧) તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૩૦(૧)માં અકસ્માતમાં કે કુદરતી અશક્ત બનનાર કર્મચારી તેના અકસ્માતના સ્થળેથી કે રહેઠાણની સ્થળેથી સરકારી કે પ્રાઈવેટ હોસ્પીટલમાં ઈન્ડોર કે આઉટડોર પેશન્ટ કરીકે સારવાર લઈ શકશે. દર્દી તરીકે સારવાર માટે તબીબીના જણાવ્યા પ્રમાણે નિગમે સ્પેશલ રજાઓ મંજુર કરી આપવી પડશે. ૬૦ દિવસ સુધીની રજાઓ જે તે કર્મચારીના વિભાગના વડા મંજુ કરી શકેશે ત્યાર પછી જો વધુ રજાઓની જરૂરિયાત જણાય તો નિગમના વડા વહીવટી સંલાલકશ્રી આાવી રજાઓ મંજુર કરી શકશે. આવા દર્દી તેમની સારવારના બીલો જે તે મુકે તે નિગમ મંજુર કરશે કે કેમ ?

(૨) તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૩૭(૨) ઉપરોક્ત (૧)માં સુધારો થયેલ હોવાથી રદ કરી અને આવા દર્દીને કોઈપણ હોસ્પીટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે ત્રણ દિવસથી વધુ સમય માટે રહેવું પડે તેમ હશે તો પ્રથમ દિવસથી રોજના રૂા. ૧૫૦/- લેખે નિગમ વેલ્ફેર ફંડમાંથી આર્થીક સહાય તરીકે જે તે હોસ્પીટલમાં જઈ ચુકવી આપશે કે કેમ ?

(૩) ફરજ પર ઈજા પામેલ કર્મચારીને સરવાર માટે તેના ઉપરી અધિકારીશ્રી રૂા. ૨૦૦૦/- બે હજાર સુધી એડવાન્સ આપી શકશે. એડવાન્સની રકમ કર્મચારી પાસેથી વસુલ ન કરતાં વેલ્ફેર ફંડમાં તેનો ખર્ચ ફાળવવો કે કેમ ?

(૪) તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ ૩૭ (૫)(૩)(૭) યથાવત રાખવી કે કેમ ?

(૫) ફરજ દરમ્યાન કોઈપણ કર્મચારી અવસાન પામે ત્યરે રૂા. ૨૦,૦૦૦/- ના તાત્કાલિક સહાય કરવી. ત્યારબાદ તેમને મળવા પાત્ર જે રકમ મળતી હોય તેમાંથી તે રકમ બાદ કરીને નાણાં ચુકવવા કે કેમ ?

(૬) ફરજ દરમ્યાન થયેલી અકસ્માતની ઈજાઓ માટે કર્મચારીને ઈન્ડોર પેશન્ટ તરીકે દવાખાનામાં દાખલ કરવામાં ન આવે પરંતુ ડોક્ટરની સલાહ અનુસાર ઈજાઓને કારણે કર્મચારીને આરામ કરવાની આવશ્યકતા જણાય તો ઉપરોક્ત કલમ નં. ૫૬ (૧) ની જોગવાઈ મુજબ સ્પેશલ રજાઓ મંજુર કરી આપવી કે કેમ?

૫૮. **લકવા, ટી.બી., કેન્સર, અસ્થમા (દમ) અને રક્તપિત્તની બિમારીમાં રાહત :-** નિગમમાં ફરજ બજાવતા જો કોઈપણ કર્મચારીને ઉપરોક્ત બિમારી લાગુ પડે તો તેઓને સરકારી દવાખાનાના તબીબી સીવીલ સર્ટીફીકેટના આધારે એક વર્ષ સુધીના સરાવારના બીલો, સ્પે. રજાઓ અને ખાધા ખોરાકીના નાણાં ચુકવી

આપવા. જે કર્મચારીને અસ્થમા થયો હોય અને તે જ્યાં નોકરી કરતા હોય ત્યાંના તબીબી સર્ટીફીકેટના આધારે ઉપરોક્ત તમામ લાભ આપવા કે કેમ ?

૫૯. **મેટરનીટી લીવ :-** રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે જે ધારાધોરણ નક્કી કરે તે એસ.ટી. નિગમે મંજુર રાખી તેનો અમલ કરવો કે કેમ ?

૬૦. **શિસ્ત અને અપીલ પ્રોસીઝર સુધારવા અંગે :-** નિગમમાં શિસ્ત અને અપીલ પ્રોસીઝરમાં જે ખામીઓ છે તે સુધારાવા અંગે દરેક સેટલમેન્ટમાં લંબાણ ચર્ચાઓને અંતે સુધારવાની ખાત્રી આપી હોવા છતાં નિગમે તે વાસ્તે કાંઈ કરી શકતું નથી. જે બાબત ઘણી ગંભીર અને દુ:ખદ છે. અને એવું લાગે છે કે, નિગમે વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓનો માન અને મોભો તેમના પર હણી લેવો, અપરિપક્વ અને બિન સક્ષમ, શૈક્ષણિક લાયકાત ન ધરાવતા હોય તેવા કેટલાક અધિકારીઓને યોગ્યસત્તાધિકારી કરીકેની સત્તા આપી નિગમનો વહીવટ સરળ ચલાવવાને બદલે આખો દિવસ ડીફોલ્ટ કેસ ઉભા કરી, કરાવી કામના કલાકોની ધુળધાણી કરે છે. અને નિગમના હજારો કર્મચારીઓ આવા લોકોની બીન આવડતને કારણે ઘણી આકરી સજાઓ ભોગવી રહ્યા છે. આવી ડીસીપ્લીન અને અપીલ પ્રોસીઝર સિવાય નિગમે સૌરાષ્ટ્ર,ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત એમ બાર ઝોન પાડી દરેક ઝોનમાં નિવૃત્ત સીટી સીવીલ જજ, હા. કોર્ટ જજ, અને કોઈપણ એડવોકેટ પંદર વરસ સુધી લેબર પ્રેક્ટીસનો અનુભવ હોય તેવા લોકોની ઝોનવાઈઝ બે બે કોમ્પેટન્ટ ઓથોરીટી તરીકે નિમણુંક કરવી. અને તેમને યોગ્ય સત્તાધિકારી તરીકે પાવર નિગમે જેને જેને સોંપેલ છે તે તાત્કાલિક અસરથી પરત ખેંચી લેવા અને ફક્ત તેમની પાસે વર્ગ-૩ અને ૪ વિરૂદ્ધ કોઈ રીપોર્ટ આવે તો, કે બનાવ બન્યાની હકીકત આવે તો જો તેમને લાગુ પડતા હોય તે ઝોનનાં કોમ્પેટન્ટ ઓથોરીટીને મોકલી આપશે. આવા નિમાયેલા કોમ્પેટન્ટ ઓથોરીટી તેમની પાસે આવેલાં રાપોર્ટ અને કેસ પેપર્સના આધારે ડીફોલ્ટ કેસની ગુણવત્તા ધોરણો તપાસી જે તે કેસનો નિકાલ કરશે અને ત્યારબાદ જે કોઈ ડીફોલ્ટરને વધુ પડતી સજા જણાતી હોય તેના કીસ્સામાં ડીફોલ્ટર બીજી અપીલ કરી શકશે. નિમાયલા ઓનરરી કોમ્પીટન્ટ ઓથોરીટીએ સન્માનિય હોય તેમના ચલાવેલ ડીફોલ્ટ કેસોની પ્રથમ અપીલ વિભાગીય નિયમકશ્રી ચલાવી શકશે નહી. આમ પ્રથમ એપેલેટ ઓથોરીટી રદ થાય છે. બીજી એપેલેટ ઓથોરીટી પાસે અપીલ માટે ૬૦ દિવસમાં તેનો નિકાલ કરવાનો રહેશે કે કેમ ?

૬૧. **ડીફોલ્ટ કેસમાં સુનવણી સમયે સહ કર્મચારી રાખવા અંગે :-**

(૧) તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ ૪૨(૧)માં કરેલ જોગવાઈઓ રદ કરવા તો તેને બદલે ડીફોલ્ટ કેસની સુનાવણી સમયે ગુજરાત રાજ્ય માર્ગ વાહન

INDEX

વ્યવહારના કોઈપણ કર્મચારીને રાખી શકશે. આ સિવાય માન્ય યુનિયન / મહામંડળ તરફથી નિગમને વિભાગના ડીફોલ્ટ કેસની સુનવણી માટે હોદેદારના નામ આપશે કે કેમ?

(૨) તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ ૪૨(૨)ને રદ કરવામાં આવે કે કેમ ?

૬૨. રક્તદાન કરતા કર્મચારીને સ્પે. રજા આપવા અંગે :- તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૪૩ યથાવત રહેશે કે કેમ ?

૬૩. **વાર્ષીક પગાર અહેવાલ** :- તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૪૪માં પાંચ ગ્રેડીંગ આપ્યા છે. તે રદ કરવા અને (૧) સારૂ (૨) સામન્ય (૩) અધુરૂ એમ ત્રણ જ ગ્રેડીંગ રાખવા. ચોથા ગ્રેડીંગમાં કર્મચારી સતત ત્રણ વર્ષ સુધી નબળું ગ્રેડીંગ લાવે તો તે પ્રમોશન માટે લાયક ગણશે કે કેમ ?

૬૪. **હીન્દી પરીક્ષા** :- નિગમમાં નોકરી કરતા કર્મચારીઓ જેઓને હીન્દીની પરીક્ષા આપવાની થતી હોય તેવા લોકોને પરીક્ષામાં મુક્તિ આપવી અને દર વરસે મળવા પાત્ર ઈજાફો આપવો કે કેમ ?

૬૫. **ગુજરાતીમાં પત્ર વ્યવહાર** :- તા. ૨૧-૧૨-૮૯ની સેટલમેન્ટની કલમ નં. ૪૬ રાખવામાં આવે કે કેમ ?

૬૬. કામના કલાકો, સ્પ્રેડ ઓવર, મીલ રીસેસ, ક્રુ ડ્યુટી વગેરે.

૧. ડ્રાયવર/કંડકટરના કામના કલાક, સ્પ્રેડ ઓવર, મીલ રીસેસ.

(અ) દરરોજના કામના કલાક રીસેસ સહિત આઠ કલાક રાખવા. સ્ટીયરીંગ ડ્યુટી અને સ્પેડ ઓવર સહિત આઠ કલાક રાખવાનો અને અઠવાડિયાના ૪૮ કલાક આપવા કે કેમ?

(બ) ૦૦.૦૦ કલાક પછીની ફરજ જે આગલા દિવસોના ફરજમાં ગણવામાં આવે છે. તેના બદલ ૦૦.૦૦ કલાક પછીની ફરજ બીજા દિવસની ફરજ તરીકે ગઓવર ટાઈમ આઠ કલાક સ્ટીયરીંગ ડ્યુટી કે સ્પ્રેડ ઓવર ડ્યુટી ઉપરાંત ગણવી કે કેમ ? ડ્યુટી લેવામાં આવે તો કુલ પગારનો ડબલ ઓવરટાઈમ આપવો કે કેમ ?

(ક) ટી. સી., એ. ટી. આઈ અને સ્ટાફકાર ડ્રાયવરના કામના કલાક.

(૧) ટી. સી., એ. ટી. આઈ ને દરરોજ રીસેસ સહીત આઠ કલાક કામ સોંપવું આ આઠ કલાક ઉપરાંત જો વધારે કામ લેવામાં આવે તો અથવા અઠવાડીયાના ૪૫ કલાકથી વધુ કામ લેવામાં આવે તો કુલ પગારના બેવડા દરે ઓ. ટી. આપવો કે કેમ ?

(૨) ટ્રક, ટેન્કર, પાર્સલવાન સહિત દરેક ડીપાર્ટમેન્ટલ વ્હીકલ ડ્રાયવર તથા સ્ટાફકાર ડ્રાયવરના રીસેસ સહિત કામના કલાક તથા સ્પ્રેડ ઓવર સહિત કામના કલાક આઠ રાખવા અને અઠવાડિયાના ૪૫ કલાક રાખવા તે ઉપરાંત જો ફરજ લેવામાં આવે તો કુલ પગારના બેવડા દરે ઓ. ટી. આપવો કે કેમ?

(૩) બ્રેકડાઉન, અકસ્માત કે અણધાર્યા સંજોગોમાં હાલમાં ડેઈલી વેજીસના ચોથા ભાવની રકમ જેટલો ઓ. ટી. આપવાની જે મર્યાદા છે તે રદ્ કરવી અને આઠ કલાક ઉપરાંત બહાર રહેવું પડે તો જેટલા કલાક બહાર રહેવું પડે તેટલા ઓ. ટી. આપવો અને તે ઉપરાંત દૈનિક ભથ્થું પણ આપવું કે કેમ?

(ડ) હાલમાં બે ડયુટી વચ્ચે જે નવ કલાકનો આરામ આપવામાં આવે છે તેને બદલે ૧૨ કલાકનો આરામ આપવો અને જેટલાં કલાક ઓછો આરામ આપવામાં આવે તેટલાં કલાકનો ઓવર ટાઈમ આપવો કે કેમ ?

(ઈ) અઠવાડીયાના છેલ્લા દિવસે વીકલી ઓફ આપવો અને જો સંજોગોવસાત વીકલી ઓફ ન આપવામાં આવે તો તે દિવસે જેટલા કલાક નોકરી કરી હોય તે તમામ કલાકને ડબલ ઓ. ટી. આપવો તેમજ ત્રણ દિવસમાં ચડેલી ઓફ પણ આપવી કે કેમ ?

૬૭. **સાઈનીંગ ઓન સાઈનીંગ ઓફ :-** દરેક ડ્રાયવર કંડકટરને ફરજ પરના ચડતા તેમજ ઉતરતા ૩૦ મીનીટનો ગાળો આપવો અને તેને કામના કલાકમાં ગણવા કે કેમ ?

૬૮. **શીડયુલ બસોનો રોકાણનો સમય :-** શીડયુલ બસ ઉપરાંતના ડ્રાયવર કંડકટરને ફરજ શરૂ થાય ત્યાંથી ફરજ પુરી થાય તે ગાળા દરમ્યાન શીડયુલ બસના કોઈપણ સ્થળ ઉપર રોકાણનો ગાળો કામના કલાક ગણવો કે કેમ ?

૬૯. **મીલ રીસેસ :-** દરરોજના શીડયુલ ડયુટી પર બપોરના જમવા માટે બપોર પહેલા અડધો કલાક મીલ રીસેસ આપવી કે કેમ?

૭૦. **લાઈન એલાઉન્સ :-** મોફ્યુશીયલ સર્વ તેમજ સીટી સર્વીસના ડ્રાયવર કંડકટરોને જો તેમની બે કલાક સુધીની ડયુટી થાય તો તેમને મળવાપાત્ર દૈનિક ભથ્થાની અડધી રકમ આપવી અને જો તે બે કલાકથી વધુ ડયુટી થાય તો આખા દિવસનું ભથ્થું આપવું કે કેમ ?

૭૧. **આઉટ સ્ટે એલાઉન્સ :-** લાઈન નાઈટ ઉપરાંત હેડકવાટર્સ બહાર રહેતા હોય તેવા ડ્રાયવર કંડકટરને તેમને મળવા પાત્ર દૈનિક ભથ્થાની રકમ જેટલું આઉટ સ્ટે એલાઉન્સ આપવું કે કેમ ?

૭૨. **નાઈટ એલાઉન્સ :-** દરેક ડ્રાયવર - કંડકટરને લાઈન એલાઉન્સ ઉપરાંત રૂા. ૨૦/ ~~લેખે નાઈટ એલાઉન્સ આપવું તથા આંતર રાજ્યમાં સ્ટે તેમજ નાઈટ આઉટ~~ રૂા. ૨૫/- વધારાનું એલાઉન્સ દૈનિક આપવું કે કેમ ?

૭૩. **ક્રુ ડયુટીઃ-**

(૧) તા. ૨૧/૧૨/૮૯ની સેટલમેન્ટની કલમ ૪૭ (કે) યથાવત રાખવામાં આવે છે અને ૪૭ (એલ)માં સુધારો કરી વહીવટી સમય સવારના ૧૦-૩૦ થી ૧૭-૩૦ રહેશે જ્યારે રીસેસ ૧૪-૦૦ થી ૧૪-૩૦ રાખવી કે કેમ ?

(૨) તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૪૭ (એમ) રદ કરવામાં આવે છે અને રાજય સરકારે તેના કર્મચારીઓ માટે જે નિયમો હોય તેનો અમલ કરવો. અને સરકારશ્રીના ધારા ધોરણો તમામ કર્મચારીઓને કેજ્યુઅલ રજાઓ/સી. એલ./તેમજ જાહેર રજાઓ તહેવારોની રજાઓ આપવી કે કેમ?

(૩) તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૪૭ (એન) (એ) (પી) (૧) (૨) (૩) રદ કરવી અને નિગમના વહીવટી કર્મચારીઓને મળતી રજાઓ બાકીના તમામ કર્મચારી વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓને આપવી કે કેમ ?

૭૪. **પેઈડ હોલી ડે :-** તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૪૮ રદ કરવી અને રાજય સરકાર વખતો વખત રજાઓ જાહેર કરે તે તમામ રજાઓ નિગમના કર્મચારીઓને આપવી કે કેમ?

૭૫. **મેડીકલ રજાઓ અંગે :-** નિગમમાં ફરજ બજાવતા ડ્રાયવર/કંડકટર, ડેપો વર્કશોપ, ટાયર પ્લાન્ટ અને મધ્યસ્થ યાંત્રાલય ખાતે ફરજ બજાવતા તમામ કર્મચારીઓને નિગમના વહીવટી સ્ટાફની જેટલી મેડીકલ રજાઓ તેમજ જે કંઈ સવલતો આપવામાં આવતી હોય તે તમામ સવલતો આપવી કે કેમ ?

૭૬. **ફર્સ્ટ એઈડ લાયસન્સ અંગે :-** નવા મોટર વ્હીકલ એકટની જોગવાઈ મુજબ કંડકટરોને ફર્સ્ટ પેઈડ લાયસન્સ રીન્યુઅલમાંથી મુકિત આપવી કે કેમ ?

૭૭. **લીગલ એઈડ :-**

(૧) તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૫૭ રદ કરવી અને એસ.ટી. ના કર્મચારી વિરૂદ્ધ કોર્ટ-કચેરીમાં કોઈપણ કેસ દાખલ થાય તો તે કર્મચારીને તેના બચાવ માટે રોકેલ એડવોકેટની થતી રૂા. ૨૦૦૦/- સુધીની ફી નિગમે આપવી કે કેમ ?

(૨) નિગમના કર્મચારી તેના વિરૂદ્ધમાં આવતા કોર્ટ કેસમાં નિર્દોષ ઠરે કે હારી

INDEX

જાય તો કાનુની સહાય માટે આપેલી રૂા. ૨૦૦૦/- સુધીની રકમ આ રકમ વસુલ નહી અને કર્મચારીને દંડ થાય તો આ રકમ નિગમે ભોગવવાનો રહેશે કે કેમ ?

(૩) નિગમના કર્મચારીઓ વિરૂદ્ધ તેમની ફરજ દરમ્યાન કોર્ટ કેસ ખાતાકીય કે, સરકારી રાહે દાખલ થાય તો તેવા કિસ્સામાં નિગમ જે તે કર્મચારી સામે કોઈ ખાતાકીય કાર્યવાહી કરી શકશે નહી કે કેમ ?

૭૮. **કર્મચારીઓને કોન્ટ્રેકટથી બસ આપવા બાબત :-** નિગમના કોઈપણ કર્મચારીને તેના કે તેઓના બાળકોના લગ્ન પ્રસંગે કેજ્યુઅલ કોન્ટેકટ બસની માંગણી કરે તો ૭૫ ટકાના રાહત દરે કેજ્યુઅલ કોન્ટેકટ બસ આપવી કે કેમ ?

૭૯. **કર્મચારીના બાળકોને પી. ટી. એસ. ની એજન્સી આપવા અંગે :-** નિગમમાં પી ટી. એસ. ના નિયમ પ્રમાણે પહેલા પી. ટી. એસ.ની એજન્સી શીડયુલ કાસ્ટ, શીડયુલ ટ્રાઈબ અને બક્ષીપંચને અગ્રિમતા આપ્યા પછી બીજા ક્રમે નિગમમાં ફરજ બજાવતા કર્મચારી, નિવૃત્ત થયેલ મૃત્યુ પામેલ કે અશકત થયેલાં કર્મચારીના આશ્રિત વારસદારને પી. ટી. એસ. ની એજન્સી માટે પસંદ કરવા કે કેમ ?

૮૦. **સારી હાલતમાં વાહનો આપવા અંગે:-**

(૧) તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૬૧ ચાલુ રાખવી અને ૩૧/૭/૯૨ના દિવસે જે વાહનો આર. ટી. ઓ. ના નિયમ પ્રમાણે રોજ વર્ધી વાહનો ન હોર તેવા વાહનો પર ડ્રાયવરોને ફરજ બજાવવા દબાણ કરવું નહી કે કેમ ?

(૨) નિગમે કરકસરના બહાના હેઠળ ૭ (સાત) લાખ કી. મી. ના બદલે અમર્યાદીત કી. મી. વાહન સ્ક્રેપ કરવાની જે પદ્ધતિ અપનાવી છે. તે તા ૩૧/૭/૯૨ના રોજ રદ કરવી. અને નિગમના તેમજ આર. ટી. ઓ.ના નિયમ પ્રમાણે ૭ (સાત) લાખ કી. મીટરે જે વાહનો ડયુ થયા હોય તે વાહનો સ્ક્રેપ કરવા કે કેમ ?

(૩) નિગમે કરકસરના બહાના હેઠળ ટેસ્ટ એન્ડ ટ્રાયલના સ્પેર પાર્ટસની ખરીદ તેમજ મેન્ટનસ વર્કશોપ સાઈડે છેલ્લા પંદર વરસથી ખાલી પડેલ જગાઅ નહી ભરી, જેના કારણે નિગમની વ્હીકલ પોઝીશન કથળી છે. જેને લીદ જીવલેણ અકસ્માત સર્જાયા છે અને નિર્દોષ મુસાફર જનતા તેમજ ડ્રાયવર કંડકટર અને મીકેનીક સ્ટાફને ભયંકર નુકશાન થાય છે. આથી નિગમ જ્યારથી કરકસરની નીતિ અખત્યાર કરી ત્યાર પછીના માયનોર કે મેજ અકસ્માત થયા હોય અને તેમાં ડ્રાયવર કંડકટર કે વર્કશોપ સ્ટાફન

જવાબદારી ફીક્સ કરી જે સજાઓ કરી હોય, અને ભવિષ્યમાં કરવાના હોય તે તમામ રદ કરી સજાઓથી થયેલ આર્થિક નુકશાન એ નિગમના બીન જવાબદારી ભર્યા અને કરકસરની નીતિને આધારે થયેલ હોઈ ભરપાઈ કરી આપવું અને તા. ૩૧/૭/૯૨ના રોજ થી ટેસ્ટ એન્ડ ટ્રાયલની પદ્ધતિથી ખરીદાતા સ્પેર પાર્ટસની ખરીદી રજુ કરવી કે કેમ ?

૯૧. **ડીઝલ કે. એમ. પી. એલ. યોજના :-**

(૧) નિગમમાં કે. એમ. પી. એલ ઈનામ આપવાની પ્રથાનો આડેધડ દુરૂપયોગ થયો છે. આથી તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૬૨ રદ કરવી અને જે ડ્રાયવર દરરોજ નિગમે નક્કી કરેલા ડીઝલ બચતના આંક પ્રમાણે કે. એમ. પી. એલ. લાગે તેને તે ગણતરીમાં લઈ દરરોજની માસ દરમ્યાનની નોકરી દીઠ જેટલાં દિવસ નિર્ધારીત કે. એમ. પી. એલ. લાગે તો એક દિવસના રૂા. ૫/- ડ્રાયવરને અને રૂા. ૨/- કંડકટરને આપવા કે કેમ ?

(૨) ડેપો વર્કશોપમાં કામ કરતાં કર્મચારીઓને ડીઝલ કે. એમ. પી. એલ. એલાઉન્સ પેટે દર માસે પગારમાં રૂા. ૨૫/- આપવા કે કેમ ?

(૩) વર્કશોપ કલાર્ક/સ્ટોર કલાર્ક/ફયુઅલ કલાર્કને ડીઝલ કે. એમ. પી. એલ. એલાઉન્સ પેટે દર માસે રૂા. ૧૦/- પગારમાં આપવા કે કેમ ?

૯૨. **વિના મુલ્યે દૂધ આપવા અંગે :-** તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૬૩ની જોગવાઈ રદ કરવામાં આવે છે. અને ડેપો, ડીવીઝન વર્કશોપ, મધ્યસ્થ યંત્રાલય, ટાયર પ્લાન્ટમાં ફરજ બજાવતાં તમામ કર્મચારીઓને દરરોજ ૫૦૦ મીલી લીટર (ગ્રામ) દુધ અમુલ ડેરીનું આપવું કે કેમ ?

૯૩. **રેસ્ટ રૂમ લંચ રૂમની વ્યવસ્થા :-** નિગમ તેના કર્મચારીઓના માટે રેસ્ટરૂમ/લંચરૂમની સગવડતા આપવામાં નિષ્ફળ ગયું છે અને ખુલ્લેઆમ ફેકટરી એકટના સ્થાપિત નિયમોનો ભંગ કરેલ છે. વખતોવખત રજુઆતો કરવા છતાં તેમજ સેટલમેન્ટની જોગવાઈઓ કરી હોવા છતાં વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓને રેસ્ટરૂમ/લંચરૂમની સગવડતાઓ આપવામાં આવતી નથી. માટે તા. ૩૧/૭/૯૨ પછી જયાં આવી વ્યવસ્થા ન હોય ત્યાં હોટલ કે સારી ધર્મશાળા ભાડે રાખી કર્મચારીઓને સવલત પુરી પાડવી. નિગમ આ સવલત પુરી પાડવામાં અશકિતમાન હોય તો જે કર્મચારીઓ નોકરી પર ચડતા કે ઉતરતા ફેકટરી એકટ પ્રમાણે જે તે આરામની જરૂર હોય તેવા કર્મચારી જેવા કે ડ્રાયવર-કંડકટર, વર્કશોપ, સ્ટાફ વગેરે દરરોજના રૂા.૨૦/

લેખે રેસ્ટરૂમ કે લંચરૂમ એલાઉન્સ આપવું. દરેક ડેપો ખાતે ઠંડા પાણીની વ્યવસ્થા કરવી. (વોટર કુલરની સગવડતા આપવી) કે કેમ ?

૮૪. ડીઝલ પંપ ઉપર શેડ બાંધવા અંગે :- ડીઝલ પંપ ઉપર તા. ૧/૮/૯૨ થી ૬ માસમાં જ્યાં શેડ બાંધવામાં ન આવ્યા હોય ત્યાં શેડ તૈયાર કરવા. આ ઉપરાંત ફ્યુઅલ કલાર્કની કેબીન પાકા આર. સી. સી.ના ધાબાથી કાયમી કરવી. તેમાં ટેલીફોન, પંખો પીવાના પાણીની સગવડ વગેરે વ્યવસ્થા ગોઠવી આપવી કે કેમ ?

૮૫. હેડ આર્ટ/લીડીંગ હેન્ડો કાર્ડ પંચ કરાવવામાંથી મુક્તિ :- તા. ૨૧/૧૨/૯૮ના સેટલમેન્ટની કલમ ૬૬ ચાલુ રાખવી. ડેપો/ડીવીઝન, ટાયર શોપ/મ. યંત્રાલય, પ્રિન્ટીંગ પ્રેસ વગેરેના કામદારોને બુટ તેમજ ગોગલ્સ આપવા અંગે.

નિગમમાં જ્યા જ્યાં સુથારી, લુહારી, પોર્ટેબલ ઈલેક્ટ્રીક ડ્રીલ મશીન, પ્રિન્ટીંગ પ્રેસમાં ઈલેક્ટ્રીક મશીનો તેમજ મોલ્ડીંગ સેક્શનમાં કામ કરતા કર્મચારીઓ ઉપરાંત એમરી પર કામ કરતાં કર્મચારીઓને તેમની કામની કેટેગરી પ્રમાણે ચામડાના હોલબુલ, કેનવાસ બુટ, શોકપ્રુફ સાધનો દાંડી ઉપર પડદાવાળા ગોગલ્સ આપવા આ ઉપરાંત લેટેસ્ટ કોઈ સાધનો બજારમાં ઉપલબ્ધ હોય તો તે આપવા કે કેમ ?

૮૬. વર્કશોપ સ્ટાફને બેઝ આપવા બાબત :- તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૬૯નો નિગમે બિલકુલ અમલ કરેલ નથી. તો નીચે પ્રમાણે મધ્યસ્થ યંત્રાલય, વિભાગિય યંત્રાલય, ડેપો વર્કશોપ, ટાયર પ્લાન્ટ તેમજ પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરતા કર્મચારીઓને સ્ટાર/બેઝ આપવા કે કેમ?

આર્ટ- એ ત્રણ સ્ટાર	(એ. ટી. એસ. ની જેમ)
આર્ટ - બી બે સ્ટાર	(ટી. આઈ. ની જેમ)
આર્ટ - સી એક સ્ટાર	(એ. ટી. આઈ ની જેમ)

૮૭. (૧) નિગમમાં ફરજ બજાવતા ડેપો, ડીવીઝન, મધ્યસ્થ યંત્રાલય, ટાયર પ્લાન્ટ પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરતા કર્મચારીઓ તેમની આઠ (૮) કલાકની નોકરી પછી જો કામે રાખવામાં આવે તો વધારાના સમય માટે સામાન્ય દરથી ચાર (૪) ગણા દરે ઓવર ટાઈમ ચુકવવો કે કેમ ?

(૨) કોઈપણ કર્મચારી તેના નિયત કરેલા કામના સ્થળેથી જો ગાડી બ્રેકડાઉન એટેન્ડ કરવા કે ડેપો વિ. વર્કશોપ, મધ્યસ્થ યંત્રાલય અથવા તો તેને બહાર જવા હુકમ કરવામાં આવે તો પણ તેના કામમાં કલાક જ્યારે ૮ પુરા થતા હોય ત્યાર પછીનો સમય જે વધે તે સામાન્ય દરથી ૪ ગણા દરથી ઓવર ટાઈમ ચુકવવો. ઉપરાંત તેમને મળવાપાત્ર પ્રવાસ ભથ્થું પણ આપવું.

INDEX

(૩) ઉપરોકત કલમ ૮૭ (૧) (૨) નો અમલ કરવો અને તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૭૦ રદ કરવી કે કેમ ?

૮૮. સ્ટોર્સના હેલ્પરોને પ્રમોશન આપવા અંગે :-

(૧) તા. ૨૧/૧૨/૮૯ની સેટલમેન્ટની કલમ નં. ૭૨ રદ કરવી અને સ્ટોર્સના હેલ્પરો કે, જેઓને પ્રમોશનની તક મળતી નથી તેના હેલ્પરો જો સ્ટોર્સના સતત પાંચ વરસની સર્વીસ પુરી કરી હોય તો તેમને ઉપલી કેટેગરીમાં આર્ટ-સીનો વાર્ષિક એક ઇજાફો આપી હાયર સ્ટેજે પગાર ફીકસ કરી આપવો. સાથે સાથે જયાં સુધી બીજા હેલ્પરો પાંચ વરસ પુરા ન કર્યા હોય તેવા કર્મચારીઓને દર માસે રૂા. ૬૦/- સ્પેશ્યલ ભથ્થું આપવું કે કેમ ?

(૨) સ્ટોર્સના હેલ્પરોને સ્ટોર્સમાં કામ કરતાં અન્ય વહીવટી સ્ટાફ સાથે સ્પેશ્યલ પે આપવો કે કેમ ?

૮૯. યુનિફોર્મ :- તા. ૨૧/૧૨/૮૯ની સેટલમેન્ટની કલમ ૭૩ યથાવત રાખવી. પરંતુ યુનીફોર્મ, પેન્ટ, શર્ટ, ડાંગરીની ખરેખર જે સિલાઇનો દર કર્મચારી દરજીને ચુકવે તે નિગમે કર્મચારીને પરત ચુકવી આપવો. મને ઉચ્ચક સિલાઇ ચાર્જ આપવાની પ્રથા નાબુદ કરવી કે કેમ ?

૯૦. પ્રોવીડન્ડ ફંડ :- તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૭૫ રદ કરવામાં આવે છે અને આ પહેલા જે પાસબુક આપવામાં આવતી હતી તે તા. ૧/૮/૯૨ પછી અમલ કરી કપાયેલ ફંડની પુરી રકમ ભરીને આપવી કે કેમ ?

૯૧. ગ્રેજયુટી :-

(૧) ગ્રેજ્યુટી માટેની પાત્રતા અંગે કેન્દ્ર સરકાર રાજય સરકાર દ્વારા જે કાંઇ સુધારા કરવામાં આવે તે અથવા હાલની જોગવાઇ ચાલુ રહેશે કે કેમ ?

(૨) પુરા એક વરસની નોકરી દીઠ એક માસનો મુળ પગાર તથા મોંઘવારી ભથ્થા સાથે અથવા ૩.૫૦ લાખ કેન્દ્ર સરકારમાં મંજુર થવામાં છે. આપવા રૂા. ૨,૨૫,૦૦૦/- માં બંનેમાંથી જે વધુ હોય તે તા. ૧/૮/૯૭ થી નિવૃત થનાર, છુટા થનાર કે કાયમી અશકત થનાર કે મૃત્યુ પામનાર, રાજીનામું આપી છુટા થનાર કર્મચારીને ગ્રેજ્યુટી ચુકવી આપવી કે કેમ ?

(૩) આવા હેતુ માટે છ માસ કે તેથી વધુ નોકરી પુરી કરી હોય તેવા કર્મચારીને એક માસનો પગાર અને મોંઘવારી ચુકવી આપવી કે કેમ ?

૯૨. કોમ્પેનસેટ ગ્રેજ્યુટી:- નિગમના કર્મચારીઓને કોમ્પેશનેટ ગ્રેજ્યુટી આપવા બાબતે નક્કી કરવામાં આવે છે કે, કલમ નં. ૯૧નો અમલ કરવો કે કેમ ?

૯૩. સ્કુટર, સાયકલ, પંખા, કાંડા ઘડીયાળ, સિલાઇ મશીન, ફ્રીજ, ટી. વી., લ્યુના, મોપેડ, મોટર સાયકલ વગેરે માટે એડવાન્સ.

નિગમમાં કામ કરતાં કર્મચારી જ્યારે તેમના ઘર વપરાશની જરૂરીયાતો માટે કે, તેના અંગત હીત માટે ઉપરોક્ત સાધનો માટે એડવાન્સ માંગે તો બજારમાં જે ચાલતો હોય તેનું બીલ રજૂ કરે તો પુરેપુરૂ પેમેન્ટ કરવું અને તે રકમની વસુલાત સરખા હપ્તેથી વસુલ કરવી કે કેમ ?

૯૪. હાઉસ બીલ્ડીંગ એડવાન્સ માટે કલમ ૮૧નો અમલ નિગમે કર્યો નથી પરિણામે જે હેતુ માટે જે તે માસે રીવોલ્વીંગ ફંડ ઉભું કરવા નક્કી થયેલ હતું તે જળવાયો નથી. તા. ૨૧/૧૨/૮૯ પછી હાઉસ બિલ્ડીંગ એડવાન્સ પેટેની નિયમમાં જે રકમ આવી હોય તે બધી રકમ ગણી તે રકમ રીવોલ્વીંગ ફંડમાં અલગ મુકવી. જેથી હાઉસ બીલ્ડીંગ એડવાન્સની માંગણી કરનાર કર્મચારીને ૩૦ દિવસની મર્યાદામાં તેની માંગણીવાળું એડવાન્સ આપી શકાય કે કેમ ?

૯૫. હાઉસ બિલ્ડીંગ એડવાન્સ :-

(૧) નિગમના કર્મચારીઓને હાઉસ બિલ્ડીંગ એડવાન્સ આપવાની જે નીતિ છે તે રદ કરવી અને ગુજરાત સરકારે તેના કર્મચારીઓ માટે જે નીતિ નિયમો હાઉસ બિલ્ડીંગ માટે બનાવ્યા હોય તે અમલમાં મુકવા કે કેમ ?

(૨) નિગમના વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓએ એક વરસની નોકરી પુરી કરી હોય તેમને એડવાન્સ માંગે તો તે આપવું કે કેમ ?

(૩) હાઉસ બિલ્ડીંગ એડવાન્સ મેળવનાર કર્મચારી તેની ફરજ દરમ્યાન અકસ્માતને કારણે જો તે અનફીટ થાય તો, અને નોકરી ન કરી શકે તેવી પરિસ્થિતિ હોય તેવા લકવો, ટી. બી. કેન્સર, રક્તપિત્ત, અસ્થમા (દમ) વાળા કર્મચારીઓ ફરજ પર નહી આવવાના કારણે પગાર ન મળતો હોય તો તેવા કર્મચારીઓને જેટલા સમય પુરતો પગાર ન ઉતરે તે સમય દરમ્યાન ડયુ થતાં હપ્તા વેલ્ફેર ફંડમાંથી ચુકવવા કે કેમ ?

૯૬. જુથ વિમા યોજના :-

(૧) નિગમે જુથ વિમા યોજના કર્મચારીઓ માટે અમલમાં મુકેલ છે. પણ તેમા કોઇ રીસ્ક (જોખમ) વીમા કંપની કે નિગમે સ્વીકારેલ નથી. માટે તાત્કાલિક

તા. ૧/૮/૯૨ થી અમલમાં આવે તે એલ. આઈ. સી. સાથે નિગમે જરૂરી કાર્યવાહી કરી તેનો અમલ કરવો કે કેમ ?

(૨) નિગમે અથવા એલ. આઈ. સી. એમાં વિમા કપાતની પોલીસીનું પ્રમાણપત્ર દરેક કર્મચારીને આપવું કે કેમ ?

(૩) લાભાર્થી માટે રિસ્ક (જોખમ) આ યોજનામાં ન હોઈ રીસ્ક (જોખમ) માટેની દરેક કેટેગરીની કર્મચારી દીઠ આશરે રૂા. ૨.૫૦/- નિગમે ભોગવી તાત્કાલિક તેનો અમલ કરવો કે કેમ ?

૯૭. **પેન્શન યોજના :-** નિગમના કર્મચારીઓને નિવૃત્તિ પછી દર માસે રાજ્ય સરકારશ્રીના ધોરણે પેન્શન આપવું. (કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૬/૧૧/૯૫ થી અમલમાં મુકેલ યોજનાનો અમલ કરવો) કે કેમ ?

૯૮. **કર્મચારીઓના ભણતા બાળકોને આર્થિક મદદ આપવા બાબત :-**

(૧) તા. ૨૧/૧૨/૮૯ના સેટલમેન્ટની કલમ ૮૩માં કરેલી જોગવાઈઓ મુજબ જે કર્મચારીઓના બાળકો પરીક્ષા પાસ કરે તો નીચે જણાવેલ ધોરણવાઈઝ દર્શાવેલ રકમ પ્રોત્સાહન ઈનામ રૂપે આપવી કે કેમ ?

ધોરણ	૧ - ૨	રૂા. ૧૦૦-૦૦
ધોરણ	૩ - ૪	રૂા. ૧૫૦-૦૦
ધોરણ	૫ - ૬	રૂા. ૨૦૦-૦૦
ધોરણ	૭	રૂા. ૨૫૦-૦૦
ધોરણ	૮ - ૯	રૂા. ૩૦૦-૦૦
ધોરણ	ન્યુ. એસ. એસ. સી.	રૂા. ૩૫૦-૦૦
ધોરણ	૧૧	રૂા. ૪૦૦-૦૦
ધોરણ	૧૨	રૂા. ૪૫૦-૦૦
એફ. વાય.		રૂા. ૫૦૦-૦૦
એસ. વાય.		રૂા. ૫૫૦-૦૦
ટી. વાય. (ડીપ્લો. સ્નાતક)		રૂા. ૬૦૦-૦૦
(ડીપ્લોમાં) કોમ્પ્યુટર એલ. એલ. બી.		
એલ. એલ. એમ. એમ. બી. એ.		
અનુસ્નાતક		રૂા. ૬૫૦-૦૦
પ્રી. પી. ટી. સી., પી. ટી. સી.		રૂા. ૫૦૦-૦૦
બી. એડ.		રૂા. ૬૦૦-૦૦

આ ઉપરાંત નિગમના કર્મચારીઓ ચાલુ નોકરીએ રહી રાત્રે અભ્યાસ ગૃહોમાં કે બીજી કોઈપણ રીતે આગળ અભ્યાસ કરતાં હોય તેમને ઉપરોક્ત જણાવેલ કેટેગરીમાં લાગુ પડતુ હોય તે રકમ આપવી અને તે સિવાય ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસ કરતાં હોય તો રૂા. ૬૦૦/- થી વધારીને આપવું કે કેમ ?

(૨) રોકડ રકમમાં ફક્ત સુધારો કરવામાં આવ્યો છે અને તા. ૨૧/૧૨/૮૯ની કલમ ૮૩ ની અન્ય જોગવાઈઓ અને લાભો યથાવત રહેશે કે કેમ ?

(૩) કલમ ૧ વાળા વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૩૦૦૦/- થી વધુ ટ્યુશન ફી આપવી કે કેમ ?

(૪) જે કર્મચારીના બાળકો ધોરણ ૧ થી ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરતાં જે તે શાળા/સંસ્થાઓએ માન્ય કરેલ યુનિફોર્મ હોય તે યુનિફોર્મની સવલત નિગમ જે તે યુનિફોર્મ તૈયાર કરાવ્યા હોય તેનું બીલ રજુ કરે તે રકમ ચુકવવાની રહેશે કે કેમ ?

(૫) જે કર્મચારીઓના બાળકોને અભ્યાસ કરવા પોતાના વતનમાં કે ગામમાં અમુક ધોરણ થી આગળના ધોરણો સ્કૂલ કે શાળામાં ન હોય અને પોતાના વતનથી અન્ય સ્થળે શહેરમાં શાળા કે મહાશાળામાં (કોલેજ) માં અભ્યાસ કરવા જવાનું હોય ત્યારે અન્ય વિદ્યાર્થીને કન્સેશન પાસ આપવામાં આવે છે તેવી રીતે કર્મચારીના બાળકને કન્સેશન ફ્રી પાસ આવવા જવા માટે કાઢી આપવો કે કેમ ?

(૬) જે કર્મચારીના બાળકો ધોરણ ૧ થી સ્નાતક - અનુસ્નાતક કોલેજના અભ્યાસ દરમ્યાન ૫૦ ટકા કે તેથી વધુ માર્ક લાવી અભ્યાસ જાળવી રાખે તો જે તે ધોરણના પાઠ્ય પુસ્તકો અથવા તેની ખરીદીનું બીલ રજુ કર્યેથી તે રકમ નિગમે ચુકવી આપવી કે કેમ ?

૯૯. કુદરતી આફતોમાં રાહત :-

(૧) કુદરત સર્જીત આફતો અગર તો માનવ સર્જીત હુલ્લડો, તોફાનોમાં નિગમના કોઈપણ કર્મચારી જો તેનો ભોગ બને તો તેની વિગતો નિગમને મળ્યા બાદ તુરત જ કુલ નુકશાનના ૮૦ ટકા રકમ નિગમે વેલ્ફર ફંડમાંથી કર્મચારીઓને ચુકવવી કે કેમ ?

(૨) આવા કિસ્સાઓમાં કર્મચારીઓ નિગમ પાસેથી લોન (એડવાન્સ પેશગી) લઈ જે મકાન કે રાચરચીલું વસાવવું હોય તો તેનો જો નાશ થયો હોય તો નિગમે તેવી એડવાન્સની બાકી નીકળતી રકમ માંડવાળ (રાઈટ ઓફ) કરવી. અને આવા અસરગ્રસ્ત કર્મચારી નવી ડીમાન્ડ (માંગણી) મુકે તો અગ્રતાના ધોરણે મંજુર કરી એડવાન્સ આપવું કે કેમ ?

INDEX

૧૦૦. સહકારી પ્રવૃત્તિ :-

(૧) નિગમના કર્મચારીઓ પોતાની રજીસ્ટર્ડ સહકારી મંડળી રચી પ્રોવીઝન સ્ટોર્સ, ક્રેડીટ સોસાયટી બેંક કે કેન્ટીન ચલાવવા માંગતા હશે તો તેમને નિગમ તેમની માંગણી આવ્યા પછી ૩૦ દિવસમાં મકાન ફર્નીચર, તેમજ પ્રાથમિક જરૂરીયાતોના સાધનો માટે રૂા. ૧/- લાખથી વધારે નહી તેટલી મદદ કરશે.

(૨) આવી સહકારી સંસ્થાઓ જેવી કે, અમદાવાદ ખાતેની બેંક, વિભાગોમાં ચાલતી ક્રેડીટ સોસાયટીઓ, સહકારી કેન્ટીનો, સહકારી પ્રોવીઝન સ્ટોર્સ વિગેરેના વહીવટમાં કામદાર સભાસદો થકી ચુંટાતા ડીરેકટરશ્રીઓ અને તેમના હોદ્દેદારોને તેના સરળ સંચાલન માટે ફરજ પર ગણવા.

(૩) ઉપરોકત સહકારી સંસ્થાઓ નિગમની હકુમત હેઠળ જાહેર મુસાફર જનતા માટેના ઉપહારગૃહો કે બીજા કોઈ પરવાના માંગે તો અગ્રતાના ધોરણે આપવા.

(૪) નિગમની હકુમત હેઠળના કોઈપણ વિભાગમાં જ્યારે કોઈપણ હોકર્સ લાયસન્સ માટે ટેન્કર નોટીસ બહાર પાડવામાં આવે તો તેની જાણ જે તે વિભાગની સહકારી સંસ્થાને કરવી.

(૫) ઉપરોકત કલમ-૩ અને ૪ નિગમના માન્ય યુનિયનો પણ આવી પ્રવૃત્તિ ચલાવવા તૈયાર થાય તો તેને નિગમે અગ્રતાના ધોરણે હોકર્સ લાયસન્સ આપવા.

(૬) નિગમની હકુમત હેઠળના જે વિસ્તારોમાં સહકારી સંસ્થા આવેલી હોય ત્યાં નિગમે મિલ્કતની સુરક્ષા માટે વોચમેનની ડયુટી ગોઠવવી.

(૭) નિગમ પાસે કામદાર ઉપકાર યોજના, ફેમીલી પેન્શનની કપાત, પી. એફ. કપાત અને વેલ્ફર ફંડના નાણાં બીજે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાને બદલે એસ. ટી. સહકારી બેંક અને વિભાગોની ધીરાણ કરનાર મંડળીઓને તેના કેપીટલ અને ઓડીટરનો રીપોર્ટ જોઈ ઉપરોકત ભંડોળના નાણાં ફીક્સ ડીપોઝીટ તરીકે મુકવા. આમ કરવાથી નિગમો ૧ ટકા (એક ટકો) વ્યાજ વધુ મળશે અને કામદારો થકી ચાલતી સહકારી સંસ્થાઓને બહારથી જીલ્લા સહકારી બેંકમાંથી ઉંચા વ્યાજે કેશ ક્રેડીટ લાવી જે ઉંચા વ્યાજે

ધીરાણ કરવું પડે છે અને તેનાથી કામદારોનું આર્થિક કલ્યાણ કરવાને બદલે આર્થિક શોષણ થાય છે. આથી તે અટકી પડશે અને હાલ ધીરાણ ઉપર લેવાતા વ્યાજના દરોમાં જો નિગમ ઉપરોક્ત સુચનનો અમલ કરે તો ૨ ટકા વ્યાજ જેટલી રકમ ઘટાડી શકાય કે કેમ ?

(૮) નિગમ લાંબી મુદતની થાપણો બીજી બેંકમાં મુકે છે તેના બદલે ધી એસ. ટી. કો. ઓ. એમ્પ્લોઈઝ બેંકમાં મુકે કે કેમ ?

(૯) નિગમમાં ખરીદી અને બાંધકામ ખાતા મારફતે બહારની પાર્ટીઓ પાસેથી અર્નેસ્ટ મની તથા સીક્યુરીટી ડીપોઝીટ જે તે પાર્ટી તેની ઈચ્છા પ્રમાણેની રાષ્ટ્રીયકૃત બેંકમાં રકમ મુકી નિગમને જે પ્રમાણિત સ્લીપ બતાવે છે તે પ્રથા રદ કરી આવા નાણાં એસ. ટી. એમ્પ્લોઈઝ કો. ઓ. બેંક અમદાવાદમાં મુકવા. જેથી નિગમને જો પાર્ટી પાસેથી ટર્મ એન્ડ કંડીશનના આધારે પેનલ્ટીના નાણાંમાં વસુલ કરવાના થાય તો તે નાણાં એસ. ટી. (ઈ) બેંકમાં હોય તો સરળતાથી મળી રહે. આવા નાણાં મુકનાર કોઈપણ પાર્ટી એસ. ટી. બેંક પાસે લેવા આવે તો નિગમની ઓ. સી. સિવાય બેંક નાણાં પરત કરશે નહી તેવી જોગવાઈ એસ. ટી. મેનેજમેન્ટે બેંક વહીવટ સાથે કરવી કે કેમ ?

૧૦૧. કર્મચારી ઉપકારક યોજના:-

(૧) કર્મચારી ઉપકાર યોજનાનું સંચાલન આ યોજના શરૂ થયેથી જે કર્મચારીઓને સંચાલનમાં નિયુક્ત કર્યા છે. તેમાં નિગમે વિભાગવાર કેટેગરી વાઈઝ માન્ય યુનિયન પાસેથી ચાર નામ મંગાવી આવેલી નામો કર્મચારી ઉપકાર યોજનામાં સંચાલનના ટ્રસ્ટમાં મુકવા કે કેમ ?

(૨) કર્મચારી ઉપકારક યોજનાની કપાત અંગેની સ્લીપો દર વરસે કર્મચારીઓને આપવી કે કેમ ?

૧૦૨. સુચન યોજના :-

નિગમના સર્વાંગી નિકાસ માટે કર્મચારીઓના સુચનોની યોગ્ય કદર થાય તે માટે વહીવટે માન્ય યુનિયનોના બે બે પ્રતિનિધિઓની એક કમીટી બનાવવી અને દર ત્રણ માસે આવેલા સુચનાનું મુલ્યાંકન, તથા ત્યારબાદ તેના અમલીકરણ અંગે મીટીંગ બોલાવવી. આ મીટીંગમાં અસરકારક અને નિયમની મુસાફર જનતાની સારી સવલત અને સગવડતાના સુચનો, તેમજ હાલની નિગમની પરીવહન તેમજ વર્કશોપ સાઈડના વહીવટના સુધારાના સુચનો ઉપરાંત સ્પેર પાર્ટસની ખરીદી તેમજ સેન્ટ્રલ વર્કશોપ, નરોડાના પ્રોડક્શન અંગેના કરકસરના તેમજ અસરકારક સુચનો જો કર્મચારીઓ

INDEX

~~તરફથી આવ્યા હોય તો આ કમીટી સુચન કરનાર કર્મચારી માટે પ્રોત્સાહનરૂપે રોકડમાં~~ ઈનામ કે, પ્રમાણપત્ર વગેરે આપવાનો નિર્ણય લઈ શકશે કે કેમ?

૧૦૩. સ્વૈચ્છિક કપાત અને તેમાંથી કર્મચારીઓને આર્થિક સહાયઃ-

નિગમમાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા તમામ કર્મચારીઓના પગારમાંથી દર માસે રૂા. ૫૦/- ની કપાત કરવી. આ કપાત કર્મચારી જ્યાં સુધી નિગમની સેવામાં જે તારીખ સુધી ચાલુ હોય ત્યાં સુધી કરશે. આ યોજના અમલમાં મુક્યા બાદ એક વરસ પછી તેના લાભો આપવા કે કેમ ?

આ યોજના થકી મળવા પાત્ર લાભો અને શરતો :-

લાભોઃ-

(૧) નિવૃત્ત થતા કર્મચારીને નિવૃત્તિના દિવસે રૂા. ૩૦/- હજાર ચુકવવા કે કેમ?

(૨) કર્મચારીનું અવસાન થતાં તેના વારસદારને રૂા. ૪૦/- હજાર ચુકવવા કે કેમ?

(૩) માંદગીના લીધે અથવા અકસ્માતમાં થયેલ ઈજાઓને કારણે કર્મચારી કાયમી અશક્ત જાહેર થાય તેવા કિસ્સામાં કર્મચારીને રૂા. ૪૦/- હજાર ચુકવવા કે કેમ ?

(૪) કેન્સર, લકવો, હૃદયરોગ, અસ્થમા (દમ) કીડની જેવા જીવલેણ રોગવાળા કર્મચારીને સારવાર માટે રૂા. ૧૦/- હજાર ચુકવવા કે કેમ ?

(૫) અકસ્માતમાં ઈજા પામેલ કર્મચારીઓને સારવાર માટે રૂા. ૫/- હજાર ચુકવવા કે કેમ ?

શરતો

(૧) નિગમની સેવામાંથી નિવૃત્ત થતા કર્મચારીઓ છ માસ પહેલા નિગમ તરફથી નોટીસ આપવામાં આવે છે નોટીસની ઝેરોક્ષ નકલ નોટીસ મળ્યા બાદ બે માસમાં રજુ કરવી કે કેમ ?

(૨) નિગમ દ્વારા કર્મચારીને કાયમી અશક્ત જાહેર કરવામાં આવે તે ઓર્ડરની ઝેરક્ષ નકલ દિન-૧૫ માં રજુ કરવી કે કેમ ?

(૩) નિગમની નોકરીમાંથી બરતરફ થનાર કર્મચારીને બરતરફ કર્યા પછીના બે મહીનામાં રૂા. ૫૦૦૦/- અથવા તેની કપાતની રકમમાંથી જે વધુ હશે તે ચુકવવામાં આવશે કે કેમ ?

(૪) બરતરફ થયેલ કર્મચારી ફરીથી નિગમની સેવામાં આવે ત્યારે તેવા કર્મચારીને નવા નામથી આ યોજનામાં સામેલ કરવામાં આવશે અને તેવા કર્મચારીને આ યોજનાનો લાભ બે વર્ષની કપાત જમા થયા બાદ મળવા પાત્ર થશે કે કેમ?

(૫) કર્મચારી સ્વૈચ્છિક રાજીનામું આપી નિગમની સેવામાંથી છુટા થાય ત્યારે તેમની જમાં થયેલ રકમની બમણી રકમ ચુકવવામાં આવશે કે કેમ ?

(૬) ઉપરોક્ત તમામ લાભોની ચુકવણી ચેક દ્વારા જ કરવામાં આવશે કે કેમ ?

સંચાલન અંગે :

આ યોજનાનું સંચાલન માન્ય ત્રણેય યુનિયનોના બે પ્રતિનિધિઓને વહીવટ નિયુક્ત કરશે. આ પ્રતિનિધિઓના નામ બદલવાનો અધિકાર જે તે યુનિયનને રહેશે. આ યોજના અંગેની કમિટીના ચેરમેન તરીકે નગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી રહેશે. જ્યારે સેક્રેટરી તરીકે મુખ્ય મજુર અધિકારીશ્રી સેવાઓ આપશે. દર માસે થયેલ કપાતની નોંધ અંગેની પાસબુક કે કાર્ડ સ્લીપ વગેરે નાણાંકીય વરસ પુંરું થયે ૩૦ દિવસમાં દરેકને આપવામાં આવશે. કે કેમ ?

૧૦૫. ઘોડીયા ઘર :-

તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ-૯૦ ઘોડીયા ઘરની વ્યવસ્થા કરવાની જોગવાઈ હોવા છતાં નિગમે વ્યવસ્થા કરેલ નથી. માટે આ વ્યવસ્થા કરવાની જવાબદારી આવતી હોય તે ખાતાના વડા ઘોડીયા ઘરના લાભાર્થીઓની લેખીતમાં માફી માંગશે અને લેખિતની એક નકલ માન્ય યુનિયનોને આપવાની રહેશે. અને હવે પછી આ કલમનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે કે કેમ ?

૧૦૬. લેડીઝ રૂમની વ્યવસ્થા:-

વિભાગો તેમજ ડેપો પર સ્ત્રી કર્મચારીઓ માટે લેડીઝ રૂમની જ્યાં વ્યવસ્થા ન હોય ત્યાં નિગમે બનાવવાની વ્યવસ્થા કરવી કે કેમ ?

૧૦૭. ડોર મેટરી બાંધવા અંગે :-

નિગમના સ્ટાફ માટે ડોરમેટરી બાંધવાનો તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટમાં નિગમે સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો છે. પરંતુ તેનો અમલ કર્યો નથી. આથી પ્રાસંગિક ધોરણે તમામ વિભાગના જેતે હેડકવાર્ટમાં ડોરમેટરી પુરી અદ્યતન સગવડતાવાળા બાંધવા કે કેમ ?

૧૦૮. જોઈન્ટ કમીટી :-

તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૯૩ ની જોગવાઇઓ હેઠળ નિગમે જોઈન્ટ કમીટીની રચના કરી છે. પરંતુ તેની એકપણ મીટીંગ બોલાવી નથી. તો તા. ૩૧-૭-૯૨ થી

INDEX

ત્રીસ દિવસ (૩૦)ની અંદર નિગમે મીટીંગ બોલાવવી અને અણઉકલ્યા ઝઘડા, મતભેદ મુશ્કેલીઓ તેમજ સેટલમેન્ટની તેમજ બીજી અન્ય અર્થઘટનો અંગે ઉભી થયેલી વિપરીત અસરોના નિકાલ કરવો અને ૨૧-૧૨-૮૯ની કલમ ૯૩ યથાવત રહેશે કે કેમ ?

૧૦૯. યુનિયન/મંડળ/ ફેડરેશન/મહામંડળના હોદ્દેદારો બાબત :-

માન્ય યુનિયનોને તેનું આગવું બંધારણ હોય છે અને તે બંધારણની વિરૂધ્ધ જઈ નિગમ યુનિયનના કેટલા હોદ્દેદારો બનાવવા તેની ફરજ પાડી શકે નહી. માટે તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૯૪ રદ કરવી કે કેમ ?

૧૧૦. યુનિયનોને પાળવાની આચારસંહિત :-

તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ-૯૫ યથાવત રાખવામાં આવે છે કે કેમ ?

૧૧૧. રાજ્યકક્ષાના માન્ય યુનિયનોના હોદ્દેદારોને સવલતો :-

૧. તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ ૯૬નો પ્રથમ પેરેગ્રાફ રદ કરવામાં આવે છે. અને તેની જગ્યાએ નિગમમાં અનુક્રમે (૧) ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કસ ફેડરેશન (૨) ગુજરાત એસ. ટી. કર્મચારી મહામંડળ (પિલવાઈકર જુથ) (૩) ગુજરાત રાજ્ય એસ. ટી. કર્મચારી મહામંડળ (રાવલ જુથ) એમ ત્રણ યુનિયનો અસ્તિત્વમાં છે. આ યુનિયનોને હવે પછી નીચે મુજબની સવલતો આપવામાં આવશે કે કેમ ?

(અ) મધ્યસ્થ કચેરીના પી. પી. સેકશન બોર્ડ ઉપરથી એક્ષટર્નલ ટેલીફોનનું જોડાણ આપવામાં આવેલ છે તેમાં આંકડા '૯' ની સગવડતાને બદલે (૦) શુન્ય બટન દબાવી ડાયરેકટ ટેલીફોન લાઈન મેળવાય તેવી સુવિધા આપવી. વોટરકુલર વગેરેની સગવડતા ચાલુ રાખી કે કેમ ?

(બ) યુનિયનોના હોદ્દેદારો માટે હાલ અપાતા યુનિયન દીઠ આઠ ફ્રી પાસને બદલે ત્રણેય યુનિયનોને ૨૦ લેખે ફ્રી પાસ આપવા કે કેમ ?

૧. રાજ્ય કક્ષાના ત્રણેય માન્ય યુનિયનો સાથે સંલગ્ન વિભાગીય મંડળોને વિભાગીય કક્ષાએ માન્યતા આપી મળવાપાત્ર સવલતો પુરી પાડવી કે કેમ?

૨. વિભાગીય યુનિયન દીઠ ચાર હોદ્દેદારોને ફ્રી પાસ આપવામાં આવશે. અને તેના નામ રાજ્ય કક્ષાના ત્રણે યુનિયનો વહીવટને મોકલી આપશે કે કેમ?

૩. ત્રણેય માન્ય યુનિયનો તરફથી ઓફીસ, વર્કશોપ અને ડેપો પર યુનિયનનું કામ કરવા એક એક કર્મચારીનું નામ વહીવટને આપશે. અને આવા કર્મચારીઓને ઓન ડયુટી ગણી વહીવટ સવલત આપશે આ નિતી મધ્યસ્થ યંત્રાલય, મધ્યસ્થ કચેરી, ટાયર પ્લાન્ટ વગેરેને પણ લાગુ પડશે કે કેમ ?

૪. રાજ્ય કક્ષાના ત્રણેય યુનિયનોને આપવામાં આવેલ મકાનોમાં ફર્નીચર, ઈન્ટરનલ ટેલીફોન, વોટર કુલર વગેરેની જોગવાઈઓ ચાલુ રહેશે. આ ઉપરાંત દરેક યુનિયનની ઓફીસમાં પ્રમુખ તથા જનરલ સેક્રેટરીની ચેમ્બરમાં એર કંન્ડીશનની સગવડતા કરી આપશે આ ઉપરાંત યુનિયનની ઓફીસમાં રહેતી ખાલી જગ્યાઓમાં બે બે કુલરો મુકવામાં આવશે કે કેમ ?

૬. માન્ય યુનિયનોના હોદ્દેદારોની વિભાગવાર યાદી નિગમ પાસે હોય છે. તેની ગણતરી કરી તે પ્રમાણે દરેક યુનિયનને નિગમ ડેસ્ક ડાયરી આપશે. આ સિવાય યુનિયન પોતાના બહારના સંબંધોને જાળવી રાખે તે માટે 'કોમ્પ્લીમેન્ટરી' પેટે વધારાની ૧૦૦ ડાયરીઓ નિગમ ત્રણેય યુનિયનોને આપશે કે કેમ ?

૭. મધ્યસ્થ વેલ્ફેર બોર્ડમાં ત્રણેય યુનિયનોના બે બે પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે અને વિભાગીય વેલ્ફેર કમીટીમાં પણ યુનિયન તરફથી નિયુક્ત કરવામાં આવશે તે હોદ્દેદારોનો સમાવેશ કરવામાં આવશે કે કેમ?

૮. નિગમમાં જે કો જી. એસ. ઓ. પરીપત્રો, રુલ્સ એન્ડ રેગ્યુલેશનના વોલ્યુમ, ઉપરાંત આ કરાર અંગે જે કોઈ સુચનાઓ બહાર પાડવામાં આવે તેની પચ્ચીસ પચ્ચીસ નકલો ત્રણેય યુનિયનોને નિગમ આપશે કે કેમ ?

૯. ત્રણેય યુનિયનોના વીસ, વીસ હોદ્દેદારોને દર વરસે ૧૫ દિવસની સ્પેશ્યલ લીવ આપવામાં આવશે કે કેમ ?

૧૦. રાજ્યકક્ષાના ત્રણેય યુનિયનોના પ્રમુખ, જનરલ સેક્રેટરી જયારે જયારે સ્ટાફ કાર માંગે ત્યારે વરસના ૪૦૦૦/- કી. મી. થી વધારે નહી તે રીતે નિગમે સગવડ પુરી પાડવાની રહેશે કે કેમ ?

૧૧. રાજ્યકક્ષાના ત્રણેય માન્ય યુનિયનોના પ્રમુખ, જનરલ સેક્રેટરીશ્રી માટે દૈનિક પેપર દરેક ન્યુઝ પેપર્સની સગવડતા પુરી પાડવી તેમજ ખાનસમાની પણ સગવડતા નિગમે આપવી કે કેમ ?

૧૨. રાજ્યકક્ષાના ત્રણેય યુનિયનો સાથે સંલગ્ન વિભાગીય યુનિયનો સહિતના હોદ્દેદારો, કારોબારી સભ્યો, પ્રતિનિધિઓ, રક્ષીત કામદારોને નિગમ મહામંડળ કક્ષાએ મુખ્ય મજુર અધિકારીશ્રી અને મહામંડળના જનરલ સેક્રેટરીશ્રીની નિયુક્ત સહીથી નિગમ ઓળખ પત્ર આપશે. આવા ઓળખપત્રો

વિભાગીય કક્ષાના હોદેદારોને વિભાગીય સીનીયર લેબર ઓફીસરશ્રી અને જનરલ સેક્રેટરીશ્રીની સહીથી આપવાના રહેશે કે કેમ ?

૧૩. ત્રણેય યુનિયનો પ્રથમ અને બીજી અપીલમાં તેના પ્રતિનિધિ હાજર રાખવા નિગમને નામ આપશે અને નિગમ ઓન ડયુટી ગણીને તેના કર્મચારીઓને હાજર રહેવા છુટા કરશે. આવા કર્મચારીને મળવાપાત્ર પ્રવાસ ભથ્થું પણ આપવામાં આવશે કે કેમ ?

૧૪. નિગમના કર્મચારીઓ માટે ખરીદાતા યુનિફોર્મના કાપડમાં જેમ યુનિયનના હોદેદારોને બોલાવી અભિપ્રાય લઈ કાર્યવાહી કરવામાં આવે છે. તેવીજ કાર્યવાહી નિગમમાં ટેન્ડર એન્ડ સ્ટોર્સ કમીટી જ્યારે મળે ત્યારે તેમાં યુનિયનના હોદેદારોને હાજર રાખવા આ ઉપરાંત એક ડ્રાઈવર, એક મીકેનિક કે જેનું નામ માન્ય યુનિયન આપે તેમને હાજર રાખવા કે કેમ ?

૧૫. માન્ય યુનિયનોના હોદેદારો નિગમમાં સ્ટાફ કાર કે બીજા અન્ય જરૂરી ચીજ વસ્તુની હરાજી થતી હોય ત્યારે તે હરાજીમાં ભાગ લઈ હરાજીથી તેમની જરૂરીયાત મુજબના સાધનનો લઈ શકશે કે કેમ ?

૧૬. સ્થાનિક કક્ષા, રાજ્ય કક્ષા કે આંતર રાજ્ય કક્ષા અને વિદેશ કક્ષાએ મજુર સંગઠનોની કોન્ફરન્સ સેમીનાર હોય તો ત્યાં માન્ય યુનિયનોના હોદેદારો અને આગેવાનને મોકલવાના હોય, ગુજરાત સરકાર ભારત સરકારશ્રી તરફથી કે, અન્ય દેશના કે વિદેશના આમંત્રણથી કામદાર નેતાને તેમાં ભાગ લેવા જવાનું થાય ત્યારે નિગમે ચાલુ ફરજે સ્પેશ્યલ રજાઓ નિગમના ખર્ચે મંજુર કરી મોકલી આપશે કે કેમ ?

૧૧૨. માન્ય ત્રણેય યુનિયનોને કેજ્યુઅલ કોન્ટ્રેકટથી બસ આપવા બાબત :-

૧. નિગમના ત્રણેય માન્ય યુનિયનો રાજ્ય કે રાજ્ય બહાર જ્યારે કોઈ સેમીનાર કે , શૈક્ષણિક પ્રવાસ કે શીબીર, અધિવેશનો વગેરેમાં જો બહાર જવાનું થાય તો ૫૦ ટકા રાહત દરે ની માંગણી કરે તો આપવી કે કેમ ?

૨. ત્રણેય માન્ય યુનિયનોને કેરમ બોર્ડ ત્રણ ત્રણ આપવા તેમજ વિભાગીય મંડળોને પણ આપવા તેમજ સાંસ્કૃતિક બાબતોને લગતી તમામ સુવીધાઓ આપવી કે કેમ ?

૧૧૩. કામદાર શિક્ષણ યોજના :-

૧. તા. ૨૧-૧૨-૮૯ના સેટલમેન્ટની કલમ ૮૫ની જોગવાઈઓ અમલમાં રહેશે પરંતુ તેની પેટા કલમ ૪માં પ્રવાસમાં જોડાનાર કર્મચારીને પ્રવાસ ભથ્થા પેટે હાલ અપાતા રૂા. ૧૦૦/- ને બદલે રૂા. ૨૦૦/- આપવા. પરંતુ નિયમાનુસાર મળવાપાત્ર દૈનિક ભથ્થુ અને આ રકમ બંનેમાંથી જે વધુ થતી હશે તેજ આપવી કે કેમ ?

૨. કામદાર શિક્ષણ વર્ગની તાલીમ પુરી થયા પછી ઔદ્યોગિક પ્રવાસ માટે તાલીમાર્થીઓને જો બસની માંગણી કરે તો બસ આપવી કે કેમ ?

૩. કામદાર શિક્ષણ યોજના નિગમમાં મૃતપ્રાય: છે. તેમાં વેગ લાગવા દરેક કેટેગરીવાઈઝ ડેપો, વર્કશોપ, ઓફિસો વગેરે યુનિટ વાઈઝ નવા ઉત્સાહી કામદાર શિક્ષકે તૈયાર કરવા નિગમને ત્રણેય યુનિયનો નામ મોકલી આપશે કે કેમ ?

૧૧૪. રમતગમત કલ્યાણકારી પ્રવૃત્તિ અને વેલ્ફેર સેન્ટરમાં સગવડ :-

તારીખ ૨૧મી ડીસેમ્બર, ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૮૬ યથાવત રાખવી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિકાસ અર્થે ત્રણેય રાજ્ય કક્ષાના યુનિયનોનાં બે બે પ્રતિનિધિઓની એક કમીટી બનાવવી. તે માટે મધ્યસ્થ કચેરી, અમદાવાદ વિભાગ, મધ્યસ્થ યંત્રાલય, નરોડા એમ ત્રણને એક યુનિટ ગણી વાર્ષીક રૂા. ૨૦,૦૦૦/- વીસ હજાર વેલ્ફેર ફંડમાંથી ફાળવવા. આ રીતે આઉટ વિભાગોમાં ત્રણ વિભાગિય સાંસ્કૃતિક કમીટી ત્રણેય યુનિયનના બે બે પ્રતિનિધિઓથી બનાવી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિકાસાર્થે રૂા. ૫૦૦૦/- પાંચ હજાર વેલ્ફેર ફંડમાંથી ફાળવવા કે કેમ ?

૧૧૫. પાર્ટ ટાઈમ કામદારો :-

એસ.ટી. વિભાગમાં પાર્ટ ટાઈમ કર્મચારી તરીકે ફરજ બજાવતા તમામ કર્મચારીઓને ઓળખ પત્ર આપવા. જેણે પાંચ વરસ પુરા કર્યા હોય તેઓને ચોથા વર્ગના કર્મચારી ગણી કાયમી કર્મચારીને મળતા તમામ હક્કો તેઓને આપવા કે કેમ ?

૧૧૬. અગાઉના સેટલમેન્ટમાં નક્કી કર્યા મુજબ કર્મચારીઓના આશ્રિતોને હેલ્પર કે કારકુન તરીકે નિમણુંક આપી છે. આવી નિમણુક પૈકીના મોટા ભાગના કર્મચારીઓ શૈક્ષણિક લાયકાતના આધારે કલાર્કની નિમણુંક મળવાપાત્ર છે. તો આવા કર્મચારીઓને હાલની નિમણુંકને બદલે કલાર્ક કે શૈક્ષણિક લાયકાત મુજબની નિમણુંક આપવી કે કેમ ?

૧૧૭. જો કોઈ કર્મચારી નિગમના નિયમ કરતાં વધારે પી.એફ. કપાવવા ઈચ્છે તો તેમની માંગણી મુજબ પી.એફ. કાપવું અને આવી વધારાની રકમની કપાત ઉપર બેંક દરે વ્યાજ આપવું કે કેમ ?

૧૧૮. હાલમાં નિગમમાં કર્મચારીઓ ૫૮ વરસની વય નિવૃતિ માટે નક્કી કરેલી છે. તેના બદલે જી.ઈ. બોર્ડની જેમ ૬૦ વરસની વય નિવૃત્તિ માટે નક્કી કરવી કે કેમ ?

૧૧૯. ડેપો ખાતે ફ્યુલ કલાર્ક તેમજ વર્કશોપ કલાર્ક આંકડાની ગણતરીનું કામ કરવાનું હોય છે. જેથી દરેક ડેપો ખાતે ફ્યુઅલ કલાર્ક તેમજ વર્કશોપ કલાર્કના ટેબલ દીઠ કેલ્ક્યુલેટર આપવું. આ પ્રથા મહારાષ્ટ્ર એસ. ટી.માં છે કે કેમ ?

૧૨૦. કચ્છ વિભાગને ગુજરાત સરકારે રણ વિસ્તાર/સરહદી જિલ્લા તરીકે અલગ ગણેલ છે. અને તે અંગેનું ભથ્થું આપવામાં આવે છે. તે રીતે ભુજ વિભાગના તમામ કર્મચારીઓને કચ્છ એલાઉન્સ આપવું કે કેમ ?

૧૨૧. હાલની ચેનલ પ્રમોશનની પ્રથામાં ફેરફાર કરી જે તે પગાર ધોરણની ઉપલ્બ્ધ કક્ષાના પગાર ધોરણની ખાતાકીય પરીક્ષા લેવામાં આવે છે. તેમાં તેવા પગાર ધોરણમાં આવતી તમામ કેટેગરીને આવરી લઈ પરીક્ષાઓ લેવી અને તે બધીજ કેટેગરીની કોમન સીનીયોરીટી ગણવી કે કેમ ?

૧૨૨. કલાર્કની કક્ષાની શૈક્ષણિક લાયકાત ધરાવતા પટાવાળાઓને ખાતાકીય પરીક્ષાઓમાં બેસવા દેવા તેમજ સીધી ભરતીની ખાલી જગ્યાઓ માટે તેમને તાલીમ આપી અગ્રીમતાક્રમે નિમણુંક આપવી. ગુજરાત સરકારશ્રીના ઠરાવ નં. ગસ/૯/કત૫/૧૧૬૮-ક તા. ૮-૪-૬૮ની જોગવાઈનો અમલ કરવો જોઈએ કે કેમ ?

૧૨૩. ડ્રાયવર-કંડકટર માટેની પ્રોત્સાહક યોજના :-

ડ્રાયવર :- ૧૦ વર્ષની નોકરી દરમ્યાન એક પણ અકસ્માત કરેલ ન હોય તેઓને એક વાર્ષિક ઈજાફો આપવો ૧૧ વર્ષ થી ૨૦ વર્ષ માટે બે વાર્ષિક ઈજાફા અને ૨૦ વર્ષથી વધુ નોકરીવાળાને ત્રણ વાર્ષિક ઈજાફા આપવા કે કેમ ?

કંડકટર :- ૧૦ વર્ષની નોકરી દરમ્યાન એક પણ ડીફોલ્ટ (ચોરી અંગે) થયેલ ન હોય તેવા કંડકટરને એક વાર્ષિક ઈજાફો આપવો. ૧૧ થી ૨૦ વર્ષ દરમ્યાન બે ઈજાફા અને ૨૦ વર્ષથી વધુ નોકરીવાળાને ત્રણ ઈજાફા આપવા કે કેમ ?

૧૨૪. નિગમમાં ફરજ બજાવતા કર્મચારીને નિવૃત્તિની નોટીસ આપવામાં આવે તેની સાથે ગ્રેજ્યુટી, પી.એફ. ના કલેઈમ તૈયાર કરી મોકલી આપવા જેથી એન. ઓ.

INDEX

સી. મેળવવામાં થતો વિલંબ નિવારી શકાય અને નિયત સમયમાં કર્મચારીને નાણાં ચુકવી શકાય કે કેમ ?

૧૨૫. મૃત્યુ કે શારિરિક અશક્ત થયેલ કર્મચારીના આશ્રિતને નોકરી માટે કરેલ અરજી મળ્યાના બે માસમાં નોકરી આપવી. રહેમ રાહે નોકરીમાં લેવાતા હોય ઉંમર, અભ્યાસ વગેરેની છુટછાટ બાબતે થતો વિલંબ નિવારવા તે અંગેની નિતી નક્કી કરી જરૂરી પરીપત્ર પ્રસિદ્ધ કરવો કે કેમ ?

અમદાવાદ, ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

પી. કે. ગઢવી,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૯૯૭/૫.૫/આઇડીઆર/એજે/૬૮/૦૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી અંબેશ્વર પેપર મીલ્સ લી. અંક્લેશ્વર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૩, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

~~**માંગણી નં. ૧ :-** કામદારોને વાર્ષીક પગારના ૨૦% લેખે બોનસ ચુકવવું કે કેમ ?~~

માંગણી નં. ૨ :- દરેક કામદારને રૂ. ૫૦૦૦/- એક્સગ્રેસીયાની રકમ ચુકવવી કે કેમ?

માંગણીનં. ૩ :- કામદારોને યુનીયન સાથે ચર્ચા વિચારણા કરી દીવાળી ભેટ આપવી કે કેમ ?

અમદાવાદ, ૨૦મી મે, ૨૦૦૩.

સુનયના તોમર,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૯૯૬/૫.૫/આઇડીઆર/એજે/૫૦/૦૩.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્ય. નિગમ અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ-(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

માંગણી નં. ૧ :-

પગાર ધોરણ :- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનમાં કામ કરતાં કર્મચારીઓ તથા નોકરીમાંથી છુટા થયેલ કર્મચારીઓને નીચેની કક્ષા મુજબનું તેમની નોકરીની વર્ષો પ્રમાણે વર્ગીકરણ કરી પગાર ધોરણ આપવા કે કેમ ?

ક્રમ	કક્ષા	તા. ૧-૮-૦૨ થી અમલી બનાવવા માટેનું સુચિત પગાર ધોરણ
૧.	કંડકટર	૪૦૦૦-૧૦૦-૫૦૦૦-૧૨૫-૬૨૫૦-૧૫૦-૭૭૫૦-૧૭૫-૯૫૦૦
૨.	ડ્રાયવર	૪૦૦૦-૧૦૦-૫૦૦૦-૧૨૫-૬૨૫૦-૧૫૦-૭૭૫૦-૧૭૫-૯૫૦૦
૩.	ટી. સી.	૪૨૦૦-૧૦૦-૫૨૦૦-૧૨૫-૬૪૫૦-૧૫૦-૭૯૫૦-૯૭૦૦
૪.	એ. ટી. આઇ.	૪૩૦૦-૧૦૦-૫૩૦૦-૧૨૫-૬૫૭૫-૧૫૦-૮૦૭૫-૧૭૫-૯૮૨૫
૫.	ટી. આઇ.	૪૫૦૦-૧૦૦-૫૫૦૦-૧૨૫-૬૭૫૦-૧૫૦-૮૨૫૦-૧૭૫-૧૦૦૦૦
૬.	એ. ટી. એસ.	૫૦૦૦-૧૦૦-૬૦૦૦-૧૨૫-૭૨૫૦-૧૫૦-૮૭૫૦-૧૭૫-૧૦૫૦૦

માંગણી નં. ૨ : મોંઘવારી ભથ્થું :-

કેન્દ્ર સરકાર તેના કર્મચારીઓ માટે વખતો વખત મોંઘવારી ભથ્થું યા વચગાળાની રાહતો જાહેર કરે તે દર ધારાધોરણ તથા શરતોને આધિન એસ. ટી. કર્મચારીઓને પણ રાજ્ય સરકારના ધોરણે મોંઘવારી ભથ્થું તથા વચગાળાની રાહતો ચૂકવવી કે કેમ ?

માંગણી નં. ૩ : ઘરભાડા તથા સીટી એલાઉન્સ :-

ઘરભાડું અને સીટી એલાઉન્સ સરકારી ધારા ધોરણ મુજબ આપવું કે કેમ ?

માંગણી નં. ૪ : સ્પેશ્યલ પે :-

નિગમમાં ડેપો ઉપર કામ કરતા ટી. સી. એ. ટી. આઇ. ટી. આઇ અને એ. ટી. એસને ૧૫% (ટકા) પ્રમાણે સ્પેશ્યલ પે આપવો કે કેમ ?

માંગણી નં. ૫ : બેકવર્ડ એરીયા પે એલાઉન્સ :-

હાલ નિગમના જે કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓ કાયદાની જોગવાઈઓ હેઠળ બુટની અવેજીમાં ઉચ્ચક ભથ્થુ રૂા. ૭૫-૦૦ આપવામાં આવે છે. તે ભથ્થુ ડબલ કરવું કે કેમ ? અને ભવિષ્યમાં સ્ટાન્ડર્ડ કંપનીના બુટ આપવા.

ઉપરોક્ત એલાઉન્સીસ ડબલ કરવા કે કેમ ?

૧૦. વોશીંગ એલાઉન્સ :

વિના મુલ્યે કોટન, ગણવેશ, ડાંગરી મળવાપાત્ર કર્મચારીઓને દર મહિને રૂા. ૨૫-૦૦ ના ધોલાઈ ભથ્થુ આપવામાં આવે છે. એપ્રોન મેળવતા ચાલુ કર્મચારીઓને દર મહિને રૂા. ૧૦-૦૦ના દરે ધોલાઈ ભથ્થુ આપવામાં આવે છે. જરૂરીયાતના સંદર્ભમાં જો વહીવટ કર્મચારીઓ માટે એપ્રોનની વ્યવસ્થા કરશે તો એપ્રોનની સમયાંતરે ધોવડાવવાની વ્યવસ્થા વહીવટ કરશે. વિના મુલ્યે ગરમ ગણવેશ મળવાપાત્ર કર્મચારીને દર વર્ષે એક વખત રૂા. ૨૫-૦૦ પ્રમાણે ધોલાઈ ભથ્થુ આપવામાં આવે ચે. વિના મુલ્યે ગરમ જર્સી મળવાપાત્ર કર્મચારીઓને દર વર્ષે રૂા. ૧૦-૦૦ એક વખત ધોલાઈ ભથ્થુ આપવામાં આવશે. કેલેન્ડર માસ દરમ્યાન જે કર્મચારી ૧૫ દિવસ કે તેથી વધુ હક્ક રજા ઉપર હશે કે ગેર હાજર હશે તો તેવા કર્મચારીઓને આ ભથ્થુ તે માસ માટે મળવાપાત્ર રહેશે નહિ.

ઉપરોક્ત એલાઉન્સીસ ડબલ કરવા કે કેમ ?

૧૧. ટાઈપીંગ એલાઉન્સ ટેલેક્ષ ઓપરેટર કોમ્પ્ટીસ્ટ એલાઉન્સ :

નિગમમાં કામ કરતાં ટાઈપીસ્ટ કલાર્કને ટાઈમસ્કેલ ઉપર નિમણૂક થયાની તારીખ થી નીચે પ્રમાણે માસીક એલાઉન્સ આપવામાં આવે છે.

(૧)	એક વર્ષની નોકરી પુરી કરી હોય અને ૫ વર્ષથી વધુ નહી	રૂા. ૩૭-૫૦
(૨)	૫ વર્ષથી વધુ પણ ૧૦ વર્ષથી વધુ નહી	રૂા. ૬૨-૫૦
(૩)	૧૦ વર્ષથી ઉપર નોકરી	રૂા. ૮૭-૫૦

નિગમમાં કામ કરતાં ટેલેક્ષ ઓપરેટર, કોમ્પ્ટીસ્ટને ટાઈમ સ્કેલ ઉપર નિમણૂક થયાની તારીખથી નીચે પ્રમાણે માસીક એલાઉન્સ આપવામાં આવે છે.

(અ)	પાંચ વર્ષથી વધુ ૧૦ વર્ષથી વધુ નહીં.	રૂા. ૬૨-૫૦
(બ)	૧૦ વર્ષથી વધુ	રૂા. ૭૫-૦૦

ઉપરોક્ત એલાઉન્સીસ ડબલ કરવા કે કેમ ?

૧૨. રોનીયો એલાઉન્સ :

રોનીયો માસીક રૂા. ૩૭-૫૦ પૈસા આપવામાં આવે છે. ઉપરોક્ત એલાઉન્સ ડબલ કરવું કે કેમ ?

૧૩. ઝેરોક્ષ કોપીયર એલાઉન્સ :

મધ્યસ્થ કચેરી ખાતે ઝેરોક્ષ કોપીયરનું કામ કરનાર કર્મચારીને સરકારશ્રીના ધારાધોરણ અને શરતોએ માસીક રૂા. ૭૫-૦૦ ના દરે એલાઉન્સ આપવામું આવે છે. ઉપરોક્ત એલાઉન્સ ડબલ કરવા કે કેમ ?

૧૪. સુએઝ ટેન્કર એલાઉન્સ :

સુએઝ ટેન્કર ચલાવનાર ડ્રાઈવરને માસીક રૂા. ૧૫૦-૦૦ પ્રમાણે તેમજ તેમની સાથે મદદનીશ તરીકે કામ કરતાં મદદનીશને માસીક રૂા. ૧૨૫-૦૦ લેખે સુએઝ ટેન્કર એલાઉન્સ આપવામાં આવે છે. આ ભથ્થુ માસ દરમ્યાન ઓછામાં ઓછા ૨૫ દિવસની નોકરી સુએઝ ટેન્કર ઉપર કરી હશે ્રવા ડ્રાઈવર અને મદદનીશને રૂા. ૫-૦૦ લેખે છુટક દરે ભથ્થુ આપવામાં આવે છે.

ઉપરોક્ત એલાઉન્સ ડબલ કરવા કે કેમ ?

૧૫. શારિરીક ખોડખાંપણ એલાઉન્સ :

શારિરીક ખોડખાંપણ વાળા નિગમના તમામ કર્મચારીઓને દર માસે રૂા. ૮૭.૫૦ના દરે સ્પે. એલાઉન્સ આપવામાં આવે છે.

ઉપરોક્ત એલાઉન્સ ડબલ કરવા કે કેમ ?

૧૬. કન્વેયન્સ એલાઉન્સ :

કન્વેયન્સ એલાઉન્સ આપવાના આત્યારના નિયમોને આધીન રહીને નીચેની કેટેગરીમાં જે તે કેટેગરી સામે દર્શાવ્યા મુજબ કન્વેયન્સ એલાઉન્સ દર માસે આપવાનું ચાલુ આવે છે :-

અ. નં.	કક્ષા	એલાઉન્સ રૂા. પૈસા	
૧.	જુની. એન્જી. સુપરવાઈઝર-ઓવરશીયર	૭૫-૦૦	
૨.	ઈન્સ્પે. સીવીલ	૫૦-૦૦	સાયકલ એલા.
૩.	ઈલે. સીવીલ	૫૦-૦૦	,,
૪.	કારકુન (સીવીલ)	૫૦-૦૦	,,
૫.	સેનેટરી ઈન્સપેકટર	૫૦-૦૦	,,

INDEX

ઉપરોક્ત એલાઉન્સ ડબલ કરવા કે કેમ ?

૧૭. ટુલ્સ એલાઉન્સ :

નિગમમાં સુથારી-લુહારી તેમજ અન્ય નક્કી કરેલ કક્ષામાં કામ કરતાં કર્મચારીઓ કે જેઓ પોતાના ઓજારો વાપરે છે, તેવા કર્મચારીને માસદીઠ રૂા. ૨૫-૦૦ના દરે ઓઝાર ભથ્થુ આપવામાં આવે છે. ઉપરોક્ત એલાઉન્સ ડબલ કરવા કે કેમ ?

૧૮. કર્મચારીઓના ભણતા બાળકો માટે સ્પે. એલાઉન્સ :

શૈક્ષણિક શત્ર દરમ્યાન કર્મચારીની વહીવટી કારણોસર બદલી કરવામાં આવે તો તેવા કર્મચારી તેવા કર્મચારીને દરેક ભણતા બાળક દીઠ રૂા. ૩૦૦-૦૦ શૈક્ષણિક સ્પે. એલાઉન્સ ચુકવવું કે કેમ ?

૧૯. બેકવર્ડ એરીયા ટ્રાયબલ એરીયા, બેડ કલાયમેટ, ડોગ અને વોટર સ્કેવર સીટી એલાઉન્સ :

પછાત (બેકવર્ડ એરીયા) વિસ્તાર, (ટ્રાયબલ એરીયા) વિસ્તાર, બેડ કલાયમેટ, પાણીની અછત ધરાવતા વિસ્તાર તેમજ ડોગ વિસ્તારમાં ફરજ બજાવતા એસ.ટી. કર્મચારીઓને રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે વખતો વખત ઠરાવેલ તે દરે ધારાધોરણ અને શરતોને આધિન રહી બેકવર્ડ એરીયા ટ્રાયબલ એરીયા ભથ્થુ જે તે તારીખથી તફાવત સાથે ચુકવવાનું રહેશે કે કેમ ?

૨૦-૨૧ ભરતી બઢતીના નિયમો :

(૧) ભરતી ટાઈમસ્કેલ ઉપર લેવા બાબત :

તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૮૪ના સેટલમેન્ટની કલમ નં. ૨૯ની જોગવાઈ રદ કરવાના અને તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૬૪ના સેટલમેન્ટની કલમ નં. ૪૩ની જોગવાઈનો અમલ કરવાની રજુઆતના સંદર્ભમાં નક્કી કરવામાં આવ્યુ કે પસંદગી પામેલ કર્મચારીઓની આવી નિમણૂંક પામેલ ગામી રોજમદાર કર્મચારીઓને સતત ૧૮૦ દિવસની નોકરી અઠવાડીક રજાઓ, પેઈડ હોલીડે અને અધિકૃત રજાઓ સહીત કર્યુ હશે તો તેમને ટાઈમસ્કેલ ઉપર લેવામાં આવશે. આ જોગવાઈ સીવીલ એન્જીનીયરીંગ ખાતામાં વર્કચાર્જના ધોરણે કામ કરતાં કર્મચારીઓને લાગુ પડશે નહી. અને આવા નિમણૂક પામેલ હંગામી-રોજમદાર કર્મચારીઓએ સતત ૧૮૦ દિવસ નોકરી અઠવાડીક રજાઓ અને પેઈડ હોલીડે સહીત કરી હશે તો તેમને ટાઈમસ્કેલ ઉપર લેવામાં આવશે. અને તેઓ ટાઈમસ્કેલ કર્મચારીઓને મળતા બધાં જ લાભોને પાત્ર થશે. અધિકૃત રજાના કારણની ગેર હાજરી ઉપરોક્ત હેતુ માટે બ્રેક તરીકે ગણાશે નહી. અને તે દિવસની નોકરી માટે ગણતરીમાં લેવામાં આવશે.

INDEX

એસ.ટી.ટી. ૧૯૮૧ની મંજૂરી પ્રમાણે જે સ્ટાફની ભરતી રોજમદાર કે બદલી કામદાર તરીકે કરવામાં આવી હશે તેઓને તેમની કામગીરીના ૧૮૦ દિવસ પુરા થતાં મંજુર થયેલ જગ્યાઓ ઉપર ક્રમાનુસાર ટાઈમસ્કેલ ઉપર લેવામાં આવશે.

આવા કર્મચારીઓને નોશનલ ઈન્ક્રીમેન્ટ સહીત તા. ૧-૮-૨૦૦૨થી નિયમો અનુસાર મળવાપાત્ર તમામ લાભો આપવામાં આવશે અને તેમની પાસેથી કોઈ વસુલાત કરવામાં નહી આવે કે એરીયર્સ ચુકવવામાં આવશે નહીં.

ઉપર મુજબ ટાઈમસ્કેલ ઉપર લેવાયેલા કર્મચારીઓની ચોમાસાના સમય દરમ્યાન સેવાની જરૂરીયાત નહી હોય તો નિયમાનુસાર છટણી કરી શકશે. અને ચોમાસા પછી તેઓની સેવાની જરૂર પડે ક્રમાનુસાર ફરીથી ટાઈમસ્કેલ ઉપર લેવામાં આવશે. જો કાયમી ખાલી જગ્યા હશે તો તેઓની વહીવટી સ્ટાફની નિમણૂક ટાઈમસ્કેલ ઉપર કરવામાં આવશે.

(૧) કલાર્ક, હેલ્પર, કન્ડકટર, ડ્રાઈવર, પટાવાળા અને વોચમેનની કક્ષાઓમાં ભરતીના પ્રાથમીક તબક્કામાં પાર્ટ ટાઈમ કર્મચારીઓ, ઓફ રીલીવર વોચમેન, અને વર્કચાર્જ તરીકે કામ કરતાં કર્મચારીઓને તબક્કાવાર સમાવવાના રહેશે.

(૨) સંસ્થામાં થતી એપ્રેન્ટીસોની ભરતી વખતે ચાલુ કર્મચારી, અનફીટ કર્મચારી, નિવૃત થયેલા કર્મચારીના બાળકોને ભરતીના કુલ ૫૦ ટકા જગ્યાએ જરૂરી શૈક્ષણીક લાયકાત જોઈને નિમણૂક આપવાની રહેશે.

(અ) વર્ગ-૧ અને વર્ગ-૨ના હંગામી અધિકારીને કાયમી કર્યા છે, તે રીતે વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીને કાયમી કરવા.

(બ) વર્ગ-૩-૪નીકક્ષામાં પ્રમોશન માટે એક જ વખત ખાતાકીય પરીક્ષાઓ યોજવી પછીથી સીનીયોરીટીના ધોરણે ચેનલ પ્રમોશન આપવું.

(૩) કન્ડકટર-હેલ્પર-મીકેનીકમાં ફરજ બજાવતાં હોય અને સીધી ડ્રાયવરની કક્ષાની ભરતી માટે અરજી કરેલ હોય તેઓએ કોઈપણ અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે નહીં. અને ડ્રાયવીંગ ટેસ્ટમાં પાસ થાય તો તેઓને અન્ય કોઈ નિતીનિયમો કે ટેસ્ટ આપ્યા વગર સમાવવાના રહેશે.

(૪) આશ્રીતના કેસમાં લેવામાં આવતાં આશ્રીત બાળકોની જે તે કક્ષામાં હુકમ આપ્યા બાદ પસંદકી સમિતિ સમક્ષ રજુ કરવાની પ્રથા આશ્રીત કેસમાં નાબુદ કરવી.

(૫) ડ્રાયવરો-કંન્ડકટરોનો કક્ષાના વેઈટીંગ લીસ્ટ ટ્રાન્સફર કરવાની પ્રથા રદ કરવી અને જો આ પ્રથા ચાલુ રાખવી હોય તો વેઈટીંગ લીસ્ટ ઉપર ટ્રાન્સફર થયેલ કર્મચારીને છ માસની અંદર તેઓના મુળ વિભાગમાં સમાવી લેવાના રહેશે. અને

INDEX

તેઓના મુળ વિભાગમાં જ્યાં સુધી વેઈટીંગ લીસ્ટ ટ્રાન્ફર થયેલ કર્મચારી પરત વિભાગમાં બોલાવે નહી ત્યાં સુધી નવી ભરતીની મંજુરી આપવી નહી.

(૬) બાંધકામ શાખામાં કારકૂન-સીવીલની જગ્યામાં કોઈ ચેનલ પ્રમોશન નથી જેથી ૧૦ વર્ષની ફરજ બાદ ઈન્સ્પેક્ટર (સીવીલ) નું ચેનલ પ્રમોશન આપવું. અને વિભાગીય કક્ષાએ ટ્રેસર તરીકે ફરજ બજાવતાં કર્મચારીને પણ સુપર (સીવીલ)નું પ્રમોશન ૧૦ વર્ષની ફરજ બાદ આપવું.

(૭) નિગમમાં એકજ પગાર ધોરણવાળી કક્ષામાં ફરજ બજાવતાં કર્મચારીઓને કક્ષા બદલીની માંગણી કરે તો નોકરીના કાર્યકાળ દરમ્યાન એક વખત કક્ષા બદલીનો તક આપવી.

(૮) કર્મચારીઓના બાળકોને નિગમની સીધી ભરતી વખતે જે તે લાયકાત મુજબ કુલ ભરતીના ૨૫ ટકા જગ્યા નિગમના કામદારો માટે રીઝર્વ રાખવી.

(૯) રાજ્ય સરકારના ધારાધોરણ મુજબ ૯-૧૮-૨૭ના ગ્રેડેશનનો લાભ આપવો.

(૧૦) ૪૫ વર્ષ ઉપરની વયના કર્મચારીઓને ખાતાકીય પરીક્ષાઓમાંથી મુક્તિ આપવી, અને એક વખત પ્રમોશનનો લાભ આપવો કે કેમ?

(૧૧) ડ્રાયવર-કંન્ડકટરના ૧૮૦ દિવસ પુરા થયેથી તેઓને કાયમી કરવા તથા તેઓ કાયમી ન થાય ત્યાં સુધી જે તે વિભાગમાં તે જ કક્ષાઓ માટે ભરતી ના કરવી.

(૧૨) બી. એ., બી. કોમ, એલ. એલ. બી, કરેલ કર્મચારીનો ઉપયોગ શૈક્ષણિક લાયકાત અનુસાર કોર્ટ કચેરીના કામમાં કરવો.

(૧૩) કોઈપણ કક્ષાએ કોન્ટ્રાકટ પ્રથા રાખવી નહી. દા. ત. પાર્સલ યોજના.

(૧૪) દરેક કર્મચારીને નોકરી દરમ્યાન એક વખત સીલેકશન ગ્રેડ આપવો.

(૧૫) રોજ-બરોજ કોમ્પ્યુટરનો ઉપયોગ વધતો જાય છે, જેથી કોમ્પ્યુટરની કક્ષા અને તે માટે ચેનલ ઉભી કરવી, તેમજ તેની મિનીમમ અને મેકસીમમ લાયકાત નક્કી કરવી. અને તે મુજબ પગાર અને ભથ્થાંઓ પણ નક્કી કરવા.

(૧૬) ડોરમેટરી એટેન્ડન્ટને કલાર્કની બઢતી માટેની ખાતાકીય પરીક્ષા માટે લાયક કરવા.

૨૨. શારિરીક તપાસઃ-

(૧) કર્મચારીઓની પ્રથમ નિમણૂંક સમયે શારીરિક તપાસ કરાવવા અંગેની હાલની છ માસની મુદત ચાલુ રહેશે.

(૨) જો કર્મચારી નિમણુંક મળ્યા બાદ શારીરિક તપાસ માટે જાય તો તે ફરજ પર ગણવામાં આવે છે, તે સવતલ ચાલુ રહેશે. પરંતુ તેમને આ માટે ટી. એ., ડી. એ. આપવું કે કેમ ? (તા. ૧-૮-૨૦૦૨ થી તા. ૩૧-૭-૨૦૦૭).

૨૩. બદલીઃ-

(૧) કોઈપણ યુનિયનના આગેવાનની બદલી કરતાં પહેલાં માન્ય યુનિયનને વિશ્વાસમાં લીધા વગર લેખીત સહમતી વગર બદલી કરવી નહી.

(૨) અરસ-પરસની બદલીની અરજી મળ્યેથી એક માસની અંદર બદલી કરી આપવી. તે માટે બંને વિભાગીય નિયામકશ્રી સહમત હોય તો અસર-પરસની મંજુરીની સત્તા વિભાગીય કક્ષાએ આપવી.

(૩) રક્ષીત કામદારની બદલી ન કરવાનો નિયમ હોવા છતાં કાયદાનો ભંગ કરીને બદલી કરવામાં આવે છે. અને સંસ્થાએ વકીલ રોકીને બચાવ કરવાનો પ્રયત્ન કરે છે જેને કારણે લાખ્ખો રૂપીયાનું નુકશાન જાય છે જેથી માન્ય યુનિયનનો લેખીત સહમતી વગર રક્ષીત કામદારની બદલી કરવી નહીં.

(૪) કોઈપણ કર્મચારીને પ્રથમ હુકમ આપ્યાથી પાંચ વર્ષ સુધી બદલી કરવી નહી.

(૫) બદલીની અરજી મળ્યેથી કામદારને બદલી ક્રમ નંબરની પાવતી પહોંચ રૂપે પાઠવવાની રહેશે. અને તે જ ક્રમમાં બદલી કરવાની રહેશે.

(૬) નિવૃત્તિમાં એક વર્ષ બાકી હોય તેવા કર્મચારીની સંમતી લીધા વગર તેઓની બદલી કરવી નહીં.

૨૪. માન્ય યુનિયનના હોદ્દેદારની બદલીઃ-

તા. ૨૮-૫-૧૯૫૬ની કલમ નં. ૪૭, તા. ૫-૩-૬૨ના સેટલમેન્ટની કલમ નં.૩૦ અને ૩૧ (૨) તેમજ તા. ૨૩-૧૧-૮૪ સેટલમેન્ટની કલમ નં. ૮૭ (૬) જોગવાઈઓને બદલે એમ નક્કી કરવામાં આવ્યું કે રાજ્ય કક્ષાના માન્ય યુનિયનોની તેમજ તેમની સાથે સંલગ્ન, વિભાગીય યુનિયનના (આ સેટલમેન્ટની કલમ નં. ૯૪ મુજબના) હોદ્દેદારોનો બદલો સામાન્ય રીતે કરવામાં આવશે નહીં પરંતુ જ્યારે વહીવટી કારણોસર બદલી કરવાનું વહીવટ નક્કી કરશે, ત્યારે યુનીયનના પ્રમુખ કે સામાન્ય મંત્રી સાથે પરામર્શ કરીને લેખીત સમા બદલી કરવામાં આવશે કે કેમ? (તા.૧-૮-૮૭ થી તા. ૩૧-૭-૧૯૯૨).

૨૫. બદલી વળતર ભથ્થુઃ-

નિગમના કર્મચારીની વહીવટી કારણોસર બદલી કરવામાં આવે ત્યારે રાજ્ય સરકારના ધારાધોરણ શરતો અને દર મુજબ બદલી વળતર ભથ્થું ચુકવવાનું કે કેમ?

INDEX

૨૬. બદલી પ્રસંગે ટ્રકની સગવડ:-

કોર્પોરેશનના વર્ગ-૩ના કર્મચારીઓની આંતર વિભાગીય બદલી વહીવટી કારણોસર કરાવમાં આવશે તો ઉપલબ્ધતાના ધોરણે તેમનો માલ સામાન લઈ જવા માટે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના ધોરણે સરસામાન લઈ જવા માટે એસ. ટી. ટ્રકની સગવડ આપવામાં આવશે. જો ટ્રકની ઉપલબ્ધતા ના હોય તો પ્રાયવેટ ટ્રકનું બીલ આપવામાં આવશે કે કેમ ? (તા. ૧-૮-૨૦૦૨ થી તા. ૩૧-૭-૨૦૦૭)

૨૭. કર્મચારીઓની બદલી બાદ નિગમના મકાનમાં રહેવા અંગે:-

જે કર્મચારીની બદલી ૧૦૦ કી. મી. અંદર થયેલ હોય તેવા કર્મચારીને મકાન ખાલી કરાવવું નહીં. અને બદલી પહેલાં જે રીતે અને જે શરતે ભાડુ કાપવામાં આવતુ હતું તે શરતો મુજબ ક્વાર્ટર ચાલુ રાખવાની મંજુરી આપવી કે કેમ ?

૨૮. સ્ટાફ ફી:-

(એ) સને ૧૯૮૧નો સ્ટાફ ફીની સમીક્ષા કરવી અને તેમાં સુધારો કરવો તથા વહીવટી સ્ટાફ અને મીકેનીક સ્ટાફ વિગેરેની ભરતી સને ૧૯૯૮ના સેક્યુલ મુજબ સેકશન કરી ફાળવણી કરવી. તથા નવા ખુલતા ડેપો કે ડીવીઝનને નિયમાનુસાર અલગ જ રીતે સ્ટાફની ફાળવણી કરવી કે કેમ ?

(બ) મધ્યસ્થ યંત્રાલયમાં ૧૯૮૫ની સ્ટાફની સેકશન હોવા છતાં, તે મુજબનો સ્ટાફ આપેલ નથી. તો તે મુજબનો સ્ટાફ ફાળવવો.

૨૯. કર્મચારીઓના બાળકોને નિગમમાં નોકરી આપવા બાબત:-

કર્મચારીઓએ નિગમમાં દશ વર્ષ નોકરી કરી હશે તેના બાળકો જે તે જગ્યા માટે નિયત થયેલ વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત, અનુભવ વિગેરે ધરાવતા હશે અને તેમનું નામ એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જમાં નોંધાયેલ હશે અને ચાલુ હશે તો જે વિભાગ યુનિયમાં કર્મચારી નોકરી કરતા હશે અને તે વિભાગ યુનીટમાં જગ્યા ભરવાની થતી હશે તો જે જગ્યા માટે સીધી અરજી કરી શકશે. આ હેતુ માટે મધ્યસ્થ કચેરી, મધ્યસ્થ યંત્રાલય અને અમદાવાદ વિભાગને એક યુનિટ ગણવામાં આવશે કે કેમ ?

૩૦. કર્મચારીઓના આશ્રિતોને નોકરી રાખવા બાબત:-

ફરજ દરમ્યાન અને ફરજના કારણે અગર નોકરીના ગાળા દરમ્યાન માંદગી કે અન્ય કોઈ કારણોસર કર્મચારીનું અવસાન થાય કે મેડીકલ ગ્રાઉન્ડ ઉપર કાયમી રીતે અનફીટ જાહેર કરવામાં આવે તો તેના નિરાધાર બનતા કુટુંબના નિર્વાહ અને ભરણપોષણ માટે તેના સંતાનો પૈકી કોઈપણ એક ને રહેમરાહે આશ્રીત તરીકે તેની

શૈક્ષણિક અને અન્ય લાયકાતોને અનુરૂપ કક્ષામાં નોકરીમાં સમાવી લેવાના રહેશે. આવા કિસ્સામાં અરજી કર્યા તારીખથી વધુમાં વધુ એક માસમાં નોકરીમાં સમાવી લેવાના રહેશે. કોઈ સંજોગોમાં આશ્રિતને નોકરીમાં સમાવવામાં વિલંબ થાય તો તેવા કિસ્સામાં જ્યાં સુધી તેને નોકરી આપવામાં ન આવે ત્યાં સુધી સંબંધીત કર્મચારીની મૃત્યુની તારીખથી શરૂ કરી નોકરીનો હુકમ આપવામાં આવે ત્યાં સુધી દર માસે રૂા. ૧૫૦૦-૦૦ લેખે નિર્વાહ ભથ્થું ચુકવવાનું રહેશે કે કેમ ?

૩૧. રમતવીરોને નોકરી આપવા બાબત:-

નિગમની કોઈપણ કક્ષાની સીધી ભરતી દ્વારા નિમણુંક કરવાની થાય ત્યારે રાજ્ય કક્ષાએ રમતવીરનું બિરૂદ પ્રાપ્ત કરનાર ખેલાડી ઉમેદવારને નોકરી માટેની લાયકાત અને ગુણવત્તાની ચકાસણી માટે મુકરર કરવામાં આવેલ ધોરણો યા ગુણાંક પદ્ધતિમાં ૧૦ ગુણાંક વધુ ઉમેરી અગ્રતાક્રમ આપવાનો રહેશે કે કેમ ?

૩૨. ફેમીલી પાસ એલ. ટી. સી.:-

રોજમદાર તરીકેની નોકરીના સમય સહીત એક વર્ષની સળંગ નોકરી પુરી કરનાર ટાઈમ સ્કેલમાં નિયુક્ત થયેલ કર્મચારી જ્યારે વહીવટ દ્વારા મંજુર કરવામાં આવેલી રજા ઉપર હોય ત્યારે તેના કુટુંબીજનો સાથે ગુજરાત એસ. ટી. સંચાલીત સાદી અને લકઝરી બસમાં ગુજરાત તથા ગુજરાત બહારના સ્થળોની મુલાકાત અર્થે નીચેની શરતોને આધીન રહી ફેમીલી ફ્રી પાસ આપવામાં આવશે કે કેમ ?

(૧) ફેમીલી ફ્રી પાસ વડે ગુજરાત બહાર આવેલા સ્થળોની મુલાકાત લેવામાં આવે ત્યારે નિયત બસ ભાડા સિવાયનો અન્ય રાજ્યનો ખર્ચ કર્મચારીએ સ્થળ ઉપર ભરપાઈ કરવાનો રહેશે. ત્યારબાદ આવા કરની ભરપાઈ કેટલી રકમ વહીવટી કર્મચારીને મજરે આપવાની રહેશે. આ અંગે કર્મચારીએ પ્રવાસ પુરો થયા બાદ લેખીતમાં માંગણી કરવાની રહેશે કે કેમ ?

(૨) ફેમીલી ફ્રી પાસ, કર્મચારી જે એકમ કે ખાતામાં ફરજ બજાવતો હોય તે એકમ યા ખાતાના વડા દ્વારા કાઢી આપવાનો રહેશે કે કેમ ?

(૩) નાણાકીય વર્ષ દરમ્યાન એક વખત જવા આવવાના ૫૦૦૦ કી. મી. ના અંતર માટે ફેમીલી ફ્રી પાસ કાઢી આપવાનો રહેશે. આમ છતાં કોઈ કામદાર પોતાનો ફ્રી પાસ બે કટકે ભોગવવાં માંગમી કરે તો તેમ કરવાની તેને છુટ આપવાની રહેશે કે કેમ?

(૪) કોઈ સંજોગોમાં કર્મચારીએ પોતાના કુટુંબના સભ્યો સાથે ફેમીલી ફ્રી પાસની મુસાફરીમાં જોડાઈ ન શકે તો માત્ર કુટંબો જુનોપણ ફેમીલી ફ્રી પાસ પર મુસાફરી કરી શકશે.

(૫) કોઈપણ એસ. ટી. બસમાં એકજ સમયે એક કર્મચારી અને તેના કુટુંબીજનો ફેમીલી ફ્રી પાસ સાથે મુસાફરી કરી શકશે. એક કરતાં વધુ કુટુંબોને એક સાથે એક જ એસ. ટી. બસમાં મુસાફરી કરવાની મંજુરી આપવી કે કેમ ?

(૬) કોઈપણ કર્મચારી જેતે નાણાંકીય વર્ષ દરમ્યાન ફેમીલી ફ્રી પાસની સવલત ન ભોગવી શકે તો તેને ત્યાર પછીના હીસાબી વર્ષમાં મળવાપાત્ર ફેમીલી ફ્રી પાસ ઉપરાંત આ પેન્ડીંગ ફેમીલી ફ્રી પાસના કી. મી. ભોગવવાની છુટ આપવાની રહેશે કે કેમ ?

(૭) ફેમીલી ફ્રી પાસની સવલતના વિકલ્પે જેમનું વતન ગુજરાત બહાર હોય તો તેવા કર્મચારીને તેમની પગારી રજાના ગાળા દરમ્યાન વતનમાં જવા આવવાની સુવિધા ગુજરાત સરકાર તેમના કર્મચારીઓ માટે ઠરાવે તે દરે અને ધારાધોરણ તથા શરતોને આધીન રહી આપવાની રહેશે. આવા કર્મચારી ગુજરાતમાં ફેમીલી ફ્રી પાસ સાથે મુસાફરી નહી કરે તેવી લેખીત બાંહેધરી આપવાની રહેશે કે કેમ ?

૩૩. ફ્રી ડયુટી પાસઃ-

નિગમમાં કામ કરતા તમામ કર્મચારીઓને તેના રહેઠાણથી ફરજ પર જવાની જગ્યાએ થી ૧૦૦ કી. મી. વધુ ન હોય તેવા કર્મચારીને દરરોજ ફરજ પર આવવા જવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની કોઈપણ બસમાં ફ્રી ડયુટી પાસ કાઢી આપવો, આ લાભ વર્ગ-૩ અને વર્ગ-૪ ઉપરાંત પાર્ટ ટાઈમ કર્મચારીઓ. હમાલ, તાલીમાર્થી, વિગેરેને પણ મળી શકશે. તા. ૨૧-૧૨-૮૯ની સેટલમેન્ટની કલમ-૩૩ (બ) રદ કરવી કે કેમ ?

૩૪. હક્ક રજાનું રોકડમાં ચુકવણું:-

મહત્તમ હક્કરજાનું બેલેન્સ ૩૦૦ સુધી રાખવા દેવાની છુટ આપવી અને ત્યારબાદની ઉપરની રજાનું રોકડમાં ચુકવણું નાણાંકીય વર્ષના અંતે કરવાનું રહેશે અને આ ચુકવણું બધા વિભાગમાં એક સાથે કરવાનું રહેશે કે કેમ ?

૩૫. પ્રવાસ ભથ્થું:-

રાજ્ય સરકાર તેમના કર્મચારીઓ માટે વખતોવખત જે દર ધારાધોરણ અને શરતોથી પ્રવાસ ભથ્થુ નક્કી કરે તે દર, ધારાધોરણ અને શરતો પ્રમાણે કોર્પોરેશનના કર્મચારીઓને સેટલમેન્ટના સહી સિક્કા થયા તારીખથી ચુકવવાનું રહેશે. અને જે કિસ્સાઓમાં પ્રવાસ ભથ્થાનાં દરો સુધારવાના રહેશે, જેને માટે સરકારની મંજુરીની રાહ જોવાની રહેશે નહી. જો કર્મચારીને પ્રવાસમાં મોકલવાના થાય અન તેમના દ્વારા નિયત થયેલ પ્રવાસ માટે પ્રવાસ ભથ્થાનું એડવાન્સની માંગણી કરી તો જેતે શાખાધિકારી-ડેપો મેનેજરે માંગણીની ૯૦ ટકા રકમ મંજુર કરવાની રહેશે કે કેમ ?

INDEX

૩૭. ફરજ દરમ્યાન અકસ્માતમાં રાહતઃ-

(૧) ફરજ દરમ્યાન અકસ્માત થવાના કારણે ઈજા પામનાર કર્મચારી તાત્કાલીક સારવાર માટે ખાનગી દવાખાના સહીત કોઈપણ સ્થળે કોઈપણ દવાખાનામાં પ્રાથમિક સારવાર લઈ શકશે. અને ત્યારપછી સરકારી દવાખાના નિગમના માન્ય દવાખાનામાં ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર માટે જેટલા દિવસ જરૂર પડે તેટલા દિવસની સ્પે. પગારી રજા મંજુર કરવામાં આવશે. જેમાં ૬૦ દિવસ સુધીની રજા વિભાગ-ખાતાના વડા મંજુર કરી શકશે. અને ત્યારપછીના સમયની રજા નિગમે નિયુક્ત કરેલ સક્ષમ અધિકારીશ્રી મંજુર કરી શકશે. આ ઉપરાંત આવા કર્મચારીને ગંભીર ઈજા કે ફ્રેકચરના કેસમાં હોસ્પિટલમાંથી છુટા થયા પછી આઉટડોર પેશન્ટ તરીકે સારવાર લઈ રજા ઉપર રહેવું પડે તેમ હોય તો સિવીલ સર્જનશ્રીના સર્ટીફીકેટના આધારે ૯૦ દિવસ સુધીની સ્પે. રજા નિગમે નિયુક્ત કરેલ સક્ષમ અધિકારી મંજુર કરી શકશે કે કેમ ?

ઉપરોક્ત જોગવાઈ નિગમના રોજમદાર ડ્રાયવર્સ-કંડકટરને પણ લાગુ પડશે.

(૨) કર્મચારીને હોસ્પિટલમાંથી છુટા થયા પછી આઉટ ડોર પેશન્ટ તરીકે સારવાર લઈ રજા ઉપર રહેવું પડે તેમ હોય તો જે તે હોસ્પિટલમાં ડોકટરના સર્ટીફીકેટના આધારે એક માસની સ્પે. રજા જે તે વિભાગ ખાતાના વડા મંજુર કરી શકશે. ત્યારબાદ વધુ સમય માટે સીવીલ સર્જનશ્રીના સર્ટીફીકેટના આધારે ૯૦ દિવસની સ્પે. રજા નિગમે નિયુક્ત કરેલ સક્ષમ અધિકારીશ્રી મંજુર કરી શકશે. આ કિસ્સાઓમાં જયાં શંકા જણાય ત્યાં વહીવટ મેડીકલ બોર્ડ સમક્ષ મોકલી આપશે કે કેમ ?

(૩) ફરજ દરમ્યાન અકસ્માતને કારણે અશક્ત થનાર કર્મચારીને હોસ્પીટલમાં ઈન્ડોર પેસન્ટ તરીકે સારવાર માટે ૭ દિવસથી વધુ સમય માટે સતત રહેવું પડે તેમ હશે તો પ્રથમ દિવસથી રોજના રૂા. ૫૦-૦૦ લેખે વધુમાં વધુ રૂા. ૨૦૦૦-૦૦ સુધીની મહત્તમ મર્યાદામાં વેલ્ફેર ફંડમાંથી આર્થિક સહાય તરીકે લાગતા વળગતા વિભાગના વડા મંજુર કરી શકશે કે કેમ ?

(૪) ફરજ દરમ્યાન અકસ્માતમાં ઈજા પામનાર કર્મચારીને સારવાર માટે રૂા. ૫૦૦-૦૦ સુધી એડવાન્સ આપવા માટે ડેપો મેનેજર તેમજ મધ્યસ્થ યંત્રાલય ખાતે વર્કસ મેનેજરશ્રી અથવા અકસ્માત વખતે ફરજ પરના વર્ગ-૧ અથવા વર્ગ-૨ની કક્ષાના અધિકારીઓને સત્તા આપવામાં આવશે. એડવાન્સ આપેલ રકમની વસુલાત કર્મચારી ફરજ ઉપર હાજર થયા પછી હાલની જોગવાઈ અન્વયે ૧૦ હપ્તામાં કરવામાં આવશે કે કેમ ?

INDEX

(૫) જો કોઈ કર્મચારીને તબીબી સારવાર માટે હેડ કવાર્ટર બહારના સ્થળે મુસાફરી કરવાની જરૂરી બને તેવા પ્રસંગે અધિકૃત મેડીકલ એટેન્ડન્ટના અભિપ્રાય મુજબ જો તે કર્મચારી સાથે એટેન્ડન્ટને લઈ જવો પડે તેમ હોય તો તેને ખાનગી વાહન સિવાય સાથેના ભાડાની રકમ આપવા માટે સર્વિસ રેગ્યુલેશન ૧૯૪ (૨) માં કરેલ જોગવાઈ ચાલુ રહેશે કે કેમ ?

(૬) જો કર્મચારીને સારવાર માટે બહારગામની હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીખે દાખલ કરવામાં આવેલ હોય તો તેવા કિસ્સામાં એટેન્ડન્ટને કર્મચારીના કામના સ્થળેથી જે તે ગામ સુધી આવવા જવા માટે એસ. ટી. બસના ફ્રી પાસની સગવડ આપવામાં આવશે કે કેમ ?

(૭) ફરજ દરમ્યાન અકસ્માતમાં ઈજા પામેલ કર્મચારી ઈજાઓને કારણે ફરજ બજાવવા માટે અશક્ત જાહેર થાય તો તેમની સમકક્ષ અથવા નીચેની કક્ષામાં બીજુ કામ જો કર્મચારી તે જગ્યા માટે યોગ્ય જરૂરી લાયકાત ધરાવતા હશે તો આપવામાં આવશે. આવા કર્મચારીને નીચેની કક્ષામાં સમાવવામાં આવશે તો તેમની મુળ જગ્યા પર મળતા બેઝીક પગારમાં ઘટાડો કરવામાં આવશે નહી. અને જરૂર પડે ત્યારે પર્સનલ પે ગણીને પણ ચાલુ રાખવામાં આવશે. અને જો તેમને સોંપેલુ કામ કરવા કર્મચારી નાખુશી વ્યક્ત કરશે તો નોકરીમાંથી છુટા કરવામાં આવશે કે કેમ ?

(૮) શારીરિક રીતે કોઈપણ પ્રકારની ડીસએબીલીટી કક્ષાને અનુરૂપ હોય તો તે મુજબ કક્ષામાં તેમને તેમની ડીસએબીલીટી માન્ય ગણી રીકેટેગરાઈઝેશનનો લાભ આપવો કે કેમ ?

(૯) અકસ્માત કેસોનું ખર્ચ ઘટાડવા દરેક ડ્રાયવરોને વિમાના કવચથી સાંકળવા અને તેનું પ્રિમીયમ એસ. ટી. એ. ભરવાનું રહેશે કે કેમ ?

૩૮. લકવા, ટી. બી., કેન્સર, અસ્થમા, (દમ) અને રક્તપિત્તની બીમારીમાં રાહતઃ-

નિગમમાં ફરજ બજાવતાં જો કોઈપણ કર્મચારીને ઉપરોક્ત બીમારી લાગુ પડે તો તેઓને સરકારી દવાખાનાના તબીબી સિવીલ સર્ટીફીકેટના આધારે એક વર્ષ સુધીના સારવારના બીલો સ્પે. રજાઓ અને ખાધાખોરાકીના નાણાં ચુકવી આપવા. જે કર્મચારીને અસ્થમા થયો હોય અને તે જ્યાં નોકરી કરતાં હોય ત્યાંના તબીબી સર્ટીફીકેટના આધારે ઉપરોક્ત તમામ લાભ આપવા કે કેમ ?

INDEX

૩૯. તબીબી સારવારના નાણાં પરત કરવા બાબત લાભ આપવો કે કેમ ?

(૧) નિગમમાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતાં દરેક કર્મચારીને માસીક રૂા. ૩૦૦-૦૦ તબીબી સારવાર એલાઉન્સ ચુકવવું.

(૨) મેડીકલ એલાઉન્સ પેટે વિકલ્પની યોજના આપવી જેમાં રૂા. ૫૦૦-૦૦ થી વધારે મેડીકલ બીલ હોય તો તેની રકમ પ્રવર્તમાન નિયમ પ્રમાણે ચુકવી આપવી.

(૩) જો કોઈ કર્મચારી અંદરના દર્દી તરીકે હોસ્પીટલમાં સારવાર લેવાની થાય અને તેને મળવાપાત્ર એલાઉન્સની રકમ કરતાં વધારે હોય તો તેને તે માસનું એલાઉન્સ ન આપતાં જો તે મેડીકલ બીલ મુકે તો તેમને નિયમાનુસાર મેડીકલ બીલની રકમ ચુકવવી.

(૪) નિવૃત્ત કર્મચારીને મેડીકલ બીલ પેટે માસીક ઉચ્ચક રકમ બાંધી આપવી. અથવા અંદરના દર્દી તરીકે દાખલ થાય તો જ મેડીકલ બીલનો લાભ આપવો.

૪૦. મેટરનીટી લીવઃ-

રાજ્ય સરકાર તેના કર્મચારીઓ માટે જે ધારાધોરણ નક્કી કરે તે એસ. ટી. નિગમે મંજુર રાખી તેનો અમલ કરવો કે કેમ ?

૪૧. શીસ્ત અને અપીલ પ્રોસીઝરમાં સુધારો કરવો કે કેમ ?

એસ. ટી. નિગમમાં ફરજ બજાવતાં વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ તથા વર્ગ ૩-૪ના કર્મચારીઓ દ્વારા તેમની ફરજ દરમ્યાન ગેરવર્તુણુંકનું કાર્ય કરે તો તેમની સામે ખાતાકીય કાર્યવાહી હાથ ધરી ગુન્હાના પ્રમાણમાં યોગ્ય શિક્ષા કરવા (ડીસીપ્લીન અને અપીલ પ્રોસીજર શિસ્ત અને દાદના નિયમો ઘડવામાં આવેલ છે.)

પ્રસ્તુત પ્રોસીજર જરી-પુરાણી અને સમય સાથે કદમ મીલાવવા ઉણી ઉતરી છે આથી તેમાં તજજ્ઞોની સમીતી બનાવી તેને તલસ્પર્શી અભ્યાસ કરી જડમુળથી ફેરફારો સાથે નવેસરથી પ્રવર્તમાન મજબુત કાયદાઓ સંજોગો તેમજ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની સમસ્યાઓના સંદર્ભે આ સમાધાન કરાર અમલમાં આવે તે તારીખથી એક વર્ષની મુદતમાં નવેસરથી ઘડી તેને અમલી બનાવવાની રહેશે. આ રીતે સુધારેલ (ડીસીપ્લીન એન્ડ અપીલ પ્રોસીવ) અમલમાં ન આવે ત્યાં સુધી હાલના પ્રોસીઝરમાં નીચે મુજબની જોગવાઈ અમલી બનાવી ખાતાકીય કાર્યવાહી ચલાવવાની રહેશે.

(૧) હાલમાં ડીસીપ્લીન અને અપીલ પ્રોસીઝર અન્વયે યોગ્ય સત્તાધીકારી તરીકે અધિકૃત થયેલ અધિકારીશ્રીઓને ખાતાકીય કાર્યવાહીના અંતે સંબંધીત તહોમતદાર કર્મચારીને બરતરફ, ટર્મિનેટ, રીમુવ, અને નીચલી પાયરી પર ઉતારી દેવાની સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે. જેને પરિણામે ન્યાયની ગરીમા

INDEX

જળવાતી નથી. કેટલાક અધિકારીની અણઆવડત અને કિન્નાખોરી કે પૂર્વગ્રહનો ભોગ કર્મચારીને ક્યારેક બનવું પડે છે. આથી કર્મચારીની રોજીરોટી છીનવી લેવાની આ સત્તા મર્યાદીત કરી આ પ્રકારની શિક્ષા કરવાની સત્તા માત્ર એપોઈન્ટીંગ ઓથોરીટી (નિમણુંક આપનાર સત્તા)ને જ ફાળવવાની રહેશે કે કેમ ?

(૨) યોગ્ય સત્તાધિકારી દ્વારા તહોમતદાર કર્મચારીને તેના ગુન્હાના પ્રમાણમાં જે સજા ફરમાવવામાં આવે છે તે પૈકી કેટલીક સજામાં હાલના નિયમોની જોગવાઈ મુજબ અપીલ કરવાની છુટ નથી હોતી તો કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ આવા ડીફોલ્ટ કેસ રીવ્યુ પણ કરવા જોઈએ.

(૩) ડીફોલ્ટ કેસો રીવ્યું કરવા માટે સ્પષ્ટ નીતિ ઘડવાની જરૂર છે. કોઈ કેસમાં પૂર્વગ્રહ યા કિન્નાખોરીથી ગુન્હામાં પ્રમાણમાં વધારે સજા કરવામાં આવી હોય તો તેવી સજામાં ઘટાડો કરવા યા તેવી સજા રદ કરવા માટે જ ડીફોલ્ટ કેસ રીવ્યુ કરવાની જોગવાઈ કરવાની રહે છે. સજા પામેલ તહોમતદાર કર્મચારી રીવ્યુઈંગ ઓથોરીટીને સંબોધીને પોતાને થયેલી સજા અન્યાયી છે, તે અંગે લેખિત ફરીયાદ અરજી સચોટ કારણો અને જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે કરે તેનો કેસ રીવ્યુ કરવાનો રહેશે કે કેમ ?

(૪) જે કિસ્સામાં અધિકૃત અધિકારી દ્વારા સજા કરવામાં આવી હોય અને સજાના આવા દફતરી હુકમમાં તે સજા સામે અપીલની છુટ આપવામાં આવી હોય સમય મર્યાદામાં કરાયેલ અપીલ અરજી મળ્યા તારીખથી મોડામાં મોડા છ મહીનાના ગાળામાં નિકાલ કરવાનો રહેશે.

(૫) ખાતાકીય તપાસ તહોમત્પત્ર આપ્યાની તારીખથી છ મહીનામાં પુરો કરવાનો રહેશે. ત્યારબાદ જે તે ડીફોલ્ટ કેસની રૂબરૂ સુનવણી હાથ ધરવા જે તે એપોઈન્ટીંગ ઓથોરીટી કે ઉચ્ચ સત્તાધિકારીશ્રીની મંજુરી મેળવવાની રહેશે. આવી મંજુરી પ્રાપ્ત થયા તારીખથી જે તે અધિકારીશ્રીએ ત્રણ મહીનામાં જે તે ડીફોલ્ટ કેસનો આખરી નિકાલ કરવાનો રહેશે. આ સમય મર્યાદામાં કેસનો નિકાલ કરવામાં ન આવે તો તેવો ડીફોલ્ટ કેસ આપોઆપ રદબાતલ ઠરાવવાનો રહેશે. પછી આ અંગે પુનઃ તહોમતપત્ર આપી કોઈ ખાતાકીય કાર્યવાહી હાથ ધરી શકાશે નહી. તહોમતદાર કર્મચારીને લીધે આવો ડીફોલ્ટ કેસ પેન્ડીગ રહે અને ત્રણ માસની સમય મર્યાદામાં પૂર્ણ ન થાય તો તેવા કિસ્સામાં ડીફોલ્ટ કેસ આપોઆપ રદબાતલ ગણવાની સદરહુ જોગવાઈ લાગુ પાડવામાં આવશે નહી.

(૬) તહોમતદાર કર્મચારી સામે વહીવટ દ્વારા હાથ ધરવામાં આવતી ખાતાકીય કાર્યવાહીમાં પોતાના બચાવ માટે પોતે જે કામદાર સંઘનું સભ્યપદ ધરાવતો હોય

INDEX

તેવા માન્ય કામદાર સંઘના કોઈપણ હોદ્દેદાર યા પ્રતિનિધિને કે જે પોતાના વિભાગમાં ફરજ બજાવતો હોય, તેને સહકર્મચારી તરીકે રાખી શકશે તેવી સ્પષ્ટ જોગવાઈ કરવાની રહેશે કે કેમ ?

(૭) કોઈપણ પ્રકારની ગેરવર્તુણુંકનો ગંભીર ગુન્હો કોઈપણ કામદાર વિરૂદ્ધ નોંધાયો હોય, અને ખાતાકીય કાર્યવાહી દરમ્યાન તેનો ગુન્હો સાબીત થાય તો પણ આવા કિસ્સામાં વધુમાં વધુ બે વર્ષ માટે વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી બંધ કરવાની સજા ફરમાવવાની રહેશે. આનાથી વધુ સમય માટે વાર્ષિક પગાર વધારો અટકાવવાની સજા કરી શકાશે નહીં. તે અંગે સ્પષ્ટ જોગવાઈ કરવાની રહેશે કે કેમ ?

(૮) કોઈપણ કર્મચારી ૩૦ દિવસ કે તેથી વધુ સમયગાળા માટે પૂર્વ મંજુરી વિના મનસ્વી રીતે ગેર હાજર રહે ત્યારે વહીવટે આવા કિસ્સામાં સંબંધીત કર્મચારીને ફરજમાં હાજર થવા રજીસ્ટર એ. ડી. થી તથા યુ. પી. સી. પોસ્ટથી તેના ઘરના સરનામે મોકલવાની રહેશે તથા સદરહું બાબતે લેખીત ખુલાસો રજુ કરવા જણાવવાનું રહેશે. આમ છતાંય આવો કર્મચારી ફરજમાં સમયમર્યાદામાં હાજર ન થાય કે પોતાની મનસ્વી ગેરહાજર સબબ કોઈ ખુલાસો રજુ ન કરે તેના વિરૂદ્ધ ડીસીપ્લીન એન્ડ પ્રોસીઝર અન્વયે ગેરવર્તુણુંકનો ગંભીર ગુન્હો નોંધી ખાતાકીય કાર્યવાહી હાથ ધરવાની રહેશે. અન્યથા આવી કાર્યવાહી હાથ ધરી શકાશે નહી.

(૯) ડીફોલ્ટ કેસ સબબ ખાતાકીયનો સામનો કરી તહોમતદાર કર્મચારી પોતાની સામેના બચાવમાં જરૂરી લેખીત ખુલાસા, આધારભુત દસ્તાવેજો વગેરે પોતે જે કેન્દ્ર યા એકમમાં ફરજ બજાવતો હોય ત્યાના ઉપરી અધિકારી મારફત મોકલવાને બદલે સીધા તપાસ કરનાર ચો.સ, ને મોકલી શકે તેવી જોગવાઈ કરવાની રહેશે કે કેમ?

(૧૦) એપોઈન્ટીંગ ઓથોરીટી સિવાય કોઈ અધિકૃત અધિકારી જે તે તહોમતદાર કર્મચારી તેની સામેની પેન્ડીંગ ઈન્કવાયરીના સમયગાળા દરમ્યાન સસ્પેન્ડ કરી શકશે નહી.

(૧૧) જે તે અધિકૃત અધિકારીશ્રી દ્વારા કોઈ કર્મચારીને પૂર્વગ્રહથી પ્રેરાઈ કિન્નાખોરી રાખી તોહમતપત્ર આપવામાં આવ્યુ હોવાનું ફલીત થાય અથવા આપવામાં આવેલ તહોમતપત્રમાં દર્શાવેલ તહોમત અંગે અસ્પષ્ટતાઓ માલુમ પડે તો તેવા કિસ્સાઓમાં સંબંધીત કર્મચારી જે તે એપોઈન્ટીંગ અધિકારીને લેખીત ફરીયાદ કરી દાદ માંગી શકશે. અને કર્મચારીની આવી ફરિયાદનો વ્યાજબી ધોરણે નિકાલ કરવામાં ન આવે ત્યાં સુધી તેના વિરૂદ્ધની ખાતાકીય કાર્યવાહી સ્થગીત કરવાની રહેશે.

(૧૨) જે તે ડીફોલ્ટ કેસના અનુસંધાને ચો. સ. શ્રી દ્વારા ખાતાકીય કાર્યવાહીના અંતે સજા ફરમાવવામાં આવે અને આની સામે તહોમતદાર કર્મચારી દ્વારા સમય મર્યાદામાં અપીલ કરવામાં આવી હોય તો જ્યાં સુધી આવી અપીલનો નીકાલ ન કરવામાં આવે ત્યાં સુધી કરવામાં આવેલ સજાના હુકમનો અમલ કરી શકાશે નહી.

(૧૩) તહોમતદાર કર્મચારી પોતાને થયેલ સજા અન્યાયી અને અયોગ્ય હોવાનું જણાવી તે સજા રદ કરવા યા તેમાં ઘટાડો કરવા પ્રથમ યા બીજી અપીલ કરી એપેલેટ ઓથોરીટી પાસે દાદ માંગે છે. આથી આવા કિસ્સામાં એપેલેટ ઓથોરીટીએ અપીલ અરજીની વિગતો, ડી કેસ, અધિકૃત અધિકારી દ્વારા કરવામાં આવેલી સજાની ગુન્હાના પ્રમાણમાં યોગ્યતા તપાસી થયેલ સજા અંગે નિર્ણય આપવાનો હોય છે એપલેટ ઓથોરીટી અપીલની સુનવણી વખતે સંબંધીત તહોમતદાર કર્મચારીનો ભુતકાળ રેકર્ડ તપાસવા હક્કદાર નથી. તેમ તેવા રેકર્ડના આધારે થયેલ સજામાં વધારો કરવાની પણ તેને કોઈ સત્તા નથી. આ બાબતે સ્પષ્ટતા કરવાની જોગવાઈ કરવાની રહેશે કે કેમ ?

(૧૪) ગુન્હાના પ્રમાણમાં કરવામાં આવતી સજાઓ બાબતે સમગ્ર નિગમમાં એક સુત્રતા અને સુસંગતતા જળવાઈ રહે તે માટે કોઈ અસરકારક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. જેથી એક સરખા પ્રકારના ગુન્હા સામે અલગ-અલગ પ્રકારની સજાઓ જે તે અધિકૃત અધિકારીઓ દ્વારા ફરમાવવામાં આવે છે, તેને નિયમિત કરી શકાય કે કેમ ?

(૧૫) તહોમતદાર કર્મચારીને તેના ગુન્હાના પ્રમાણમાં પ્રાપ્ત સત્તાઓ અધિકૃત અધિકારી દ્વારા સજા ફરમાવવામાં આવે ત્યારે આવી સજાની સંભવિત અસરોનો વિચાર કરવામાં આવે, સજા ફરમાવતી વખતે માનવીય દ્રષ્ટીકોણ અપનાવવામાં આવે તથા સજા પામનાર કર્મચારીઓના કુટુંબ પર સજાને કારણે ફેમીલી બ્રેકડાઉનની અસર ન થાય તો તેનો ખ્યાલ રાખવાનો રહેશે કે કેમ ?

(૧૬) કોઈપણ કર્મચારી વિરૂદ્ધ અશિસ્ત કે ગેરવર્તુણુંક અંગેનો ગુન્હો નોંધાવામાં આવે ત્યારે તેવા કિસ્સામાં અશિસ્તનું કારણ તપાસવું, તેનું પૃથ્થકરણ કરવું અને તેવા જ પ્રકારની અશિસ્ત યા ગેરવર્તુણુંકને લગતા ગુન્હાઓ વારંવાર અને સતતપણે અન્ય કર્મચારીઓ દ્વારા આચરવામાં ન આવે તે માટે લાંબાગાળાના અને કાયમી ઉપાયો વિચારી તેનો વહીવટી સ્તરે અમલ કરવા અસરકારક તંત્ર ગોઠવવાનું રહેશે કે કેમ ?

INDEX

(૧૭) ગંભીર પ્રકારના સજાના હુકમો કરતાં પહેલા માન્ય યુનિયનને પરામર્શ કર્યા બાદ જ સજાના હુકમો પ્રસિદ્ધ કરવા કે કેમ ?

(૧૮) પ્રી. ચાર્જશીટની પ્રથાનો અમલવારી કરવી, જેમ કે મેમો આપી ખુલાસો મેળવ્યા બાદ જ તહોમતપત્ર આપવું કે કેમ ?

(૧૯) કોઈપણ મુસાફરનો ફરીયાદ કે રાજકીય હોદ્દેદારોની ફરીયાદ ત્યારે જ નોંધવામાં આવશે અને જવાબ આપવામાં આવશે જે આ ફરીયાદ સાથે રૂા. ૧૦૦-૦૦ ભરપાઇ કરી અને પહોંચ મેળવેલ હશે અને આ પહોંચ ફરીયાદ સાથે હશે, તોજ ફરીયાદનો પ્રત્યુત્તર પાઠવવાનો રહેશે અને આવી ફરીયાદ કરનાર વ્યક્તિએ પોતાના રેશનકાર્ડનું સરનામું ફરીયાદમાં લખવાનું રહેશે કે કેમ ?

(૨૦) ફરીયાદ ચાર્જ ભર્યા બાદની મળેલ ફરીયાદ બાબતે લાગતા વળગતા કર્મચારીનો ખુલાસો મેળવ્યા બાદ જ યોગ્ય જણાય તો જ ચાર્જશીટ આપવાનું રહેશે કે કેમ ?

(૨૧) ફરીયાદ બાબતે કોઈપણ કર્મચારીની બદલી કરવી નહી, આમ છતાં જો બદલી કરવામાં આવશે તો તેમને ચાર્જશીટ આપવાનું રહેશે નહી.

(૨૨) સત્તાનો દુરઉપયોગ કરી કામદારને મળવાપાત્ર લાભોથી ઈરાદાપૂર્વક વંચીત રાખવાના પ્રયત્ન કરનાર અધિકારી કર્મચારી ઉપર ખાતાકીય પગલાં લેવાના રહેશે કે કેમ ?

૪૨. ડીફોલ્ટ કેસમાં સુનાવણી સમયે સહકર્મચારી રાખવા અંગે:-

(૧) ડીફોલ્ટ કેસની સુનવણી વખતે સહકર્મચારી તરીકે પોતાના ડેપોમાં સાથે કામ કરતાં કર્મચારીને પણ સહકર્મચારી તરીકે રાખી શકશે. રાજ્ય કક્ષાના માન્ય યુનિયનનો વિભાગવાર જે તે વિભાગના જ ત્રણ હોદ્દેદારોના નામ આપશે. અને તેઓ જે તે વિભાગમાં વિ કચેરીમાં કે તેના ડેપોમાં સહકર્મચારી તરીકે હાલની પ્રથા મુજબ પણ જઈ શકશે કે કેમ ?

(૨) આવા સહકર્મચારી તરીકે પસંદ થયેલ કર્મચારીને જો ચોરી અને મિરાએપ્રીપીએશનના કેસમાં અપીલેબલ શિક્ષા થઈ હશે તો , તેઓ સહકર્મચારી તરીકે રહી શકશે નહી.

(૩) મધ્યસ્થ કચેરી ખાતે સેન્ટ્રલ લાયેના ડીફોલ્ટ કેસોમાં કર્મચારી તેના વિભાગના સહકર્મચારી અથવા મધ્યસ્થ કચેરીના ૩ સહકર્મચારી જે માન્ય યુનિયન તરફથી

નિયુક્ત કરવામાં આવશે તે પૈકી ગમે તે એકને સહકર્મચારી તરીકે રાખી શકશે કે કેમ ?

(૪) રાજ્ય કક્ષાના માન્ય યુનિયનના પાંચ હોદ્દેદારોને નિગમના કોઈપણ વિભાગના ડીફોલ્ટ કેસમાં સહકર્મચારી તરીકે રહેવાની મંજુરી આપવામાં આવશે કે કેમ ?

૪૩. રકતદાન કરનાર કર્મચારીને સ્પે. રજા આપવા અંગેઃ-

તારીખ ૨૧-૧૨-૧૯૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૪૩ યથાવત રહેશે કે કેમ ?

૪૪. વાર્ષિક ખાનગી અહેવાલઃ-

નબળું ગ્રેડીંગવાળા કર્મચારી સતત ત્રણ વર્ષ સુધી નબળું ગ્રેડીંગ લાવે તો તે પ્રમોશન માટે બાધક ગણાશે નહી કે કેમ ?

૪૫. પેઈડ હોલીડેઃ-

પેઈડ હોલીડે જે સેન્ટ્રલ વર્કશોપ તથા વિ. વર્કશોપને આપવામાં આવે છે, તેમાં વધારો કરી ૧૫ દિવસે પેઈડ હોલીડે આપવા કે કેમ ?

૪૬. લાઈન એલાઉન્સ આપવા કે કેમ ?

મોફ્યુસીવ સર્વિસના કી. મી. સ્લેબ તેમજ દરમાં ફેરફાર કરવામાં જ્યારે શહેરી સર્વિસના દરોમાં ફેરફાર કરીને નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે મોફ્યુસીયલ સર્વિસ તેમજ સર્વિસના ડ્રાયવર-કંન્ડકટર લાઈન ઉપર ફરજ બજાવવા જાય ત્યારે તેમને જો ફરજ દરમ્યાન ઓછામાં ઓછા ચાર કલાકની સ્ટીયરીંગ ડ્યુટી કરેલ હશે અથવા વહીવટ તરફથી ચાર કલાકથી ઓછી ફરજ લેવામાં આવતી હશે તો, તેમને દરરોજના નીચે જણાયેલ દરે લાઈન એલાઉન્સ આપવામાં આવે છે.

(અ) મોફ્યુસીવ સર્વિસ પર કામ કરનાર ડ્રાયવર કંન્ડકટર માટે.

(૧) પહેલાં ૫૦ કી. મી. સુધી રૂા. ૩-૭૫ પૈસા અને દિવસ દરમ્યાન ૫૦ કી.મી. થી ઉપર પણ ૨૦૦ કી.મી. થી વધુ નહી તેવા દર કી.મી. દીઠ ૦૦-૦૫ પૈસા ૨૦૦ કી.મી. થી ઉપર પણ ૩૦૦ કી.મી. થી વધુ નહી તેવા દરેક પુરા કી.મી. દીઠ ૭.૫ પૈસા (સાડાસાત પૈસા) અને ૩૦૧ કી.મી. થી ઉપરના દરેક પુરા કી.મી. દીઠ ૧૦ પૈસા (દશ પૈસા).

(૨) જે કંન્ડકટર સ્ટેન્ડ બુકીંગનું કામકરતાં હોય અને તેથી તેમને બસની ફરજ ઉપર કી.મી. થતાં ન હોય તો તેમને દર મહિને રૂા. ૫-૦૦ લેખે લાઈન એલાઉન્સ આપવામાં આવે છે.

INDEX

નોંધ :-કી.મી. અને એલાઉન્સ દરમાં ઉપર જણાવેલા ફેરફાર ના પરિણામે મોફ્યુસીલ સર્વિસ ઉપર નોકરી કરતાં ડ્રાઈવર કંન્ડકટરને તેમણે કરેલા કી.મી. ના આધારે મળવા પાત્ર લાઈન એલાઉન્સ આ સાથે પત્રક-અ માં નમુના રૂપે દર્શાવેલ છે. આ પ્રમાણેનું એક પત્રક દરેક વિભાગે તૈયાર કરી ઓડીટ કરાવી તેની નકલો દરેક ડેપો ઉપર મોકલવાની રહેશે કે કેમ ?

(બ) સીટી સર્વિસના ડ્રાઈવર કંન્ડકટરો માટે.

(૧) હાલની પ્રથા મુજબ સીટી સર્વિસમાં જે કંન્ડકટર સ્ટેન્ડ બુકીંગનું કામ કરતાં હોય અને તેથી તેમની બસ ફરજ ઉપર કી.મી. ન થતાં હોય તો પણ તેમને દર દિવસે રૂા. ૬-૨૫ પૈસા લાઈન એલાઉન્સ આપવામાં આવે છે.

(૨) પહેલાં ૫૦ કી.મી. સુધી રૂા. ૬-૨૫ પૈસા અને દિવસ દરમ્યાન ૫૦ કી.મી. થી ઉપરના દરેક કી.મી. દીઠ ૦-૧૦ પૈસા.

નોંધ :-સીટી સર્વિસમાં એલાઉન્સના દરમાં ઉપર જણાવેલા ફેરફારના કારણે સીટી સર્વિસમાં નોકરી કરતાં ડ્રાઈવર-કંન્ડકટરે તેમણે કરેલ કકી.મી. ના આધારે મળવાપાત્ર લાઈન એલાઉન્સ આ સાથે પત્રક-બ માં નમુના રૂપે દર્શાવેલ છે. આ પ્રમાણેનું એક પત્રક દરેક વિભાગે તૈયાર કરી ઓડીટ કરાવી તેની નકલ દરેક ડેપો સીટી સર્વિસનું સંચાલન કરતાં હોય તે ડેપોમાં મોકલી આપવાનું રહેશે કે કેમ ?

(ક) થોડીક મોફ્યુસીલ અને થોડીક સીટી સર્વિસમાં ફરજ બજાવનાર ડ્રાઈવર-કંન્ડકટર માટે.

જ્યારે કોઈ ડ્રાઈવર-કંન્ડકટરની પાસેથી થોડીક મોફ્યુસીલ સર્વિસમાં અને થોડીક સીટી સર્વિસમાં કોઈપણ દિવસે ડ્યુટી લેવામાં આવે ત્યારે તેમને આ દિવસ માટે નીચે જણાવેલ દરે એલાઉન્સ આપવામાં આવે છે.

(૧) પહેલાં ૫૦ કી.મી. માટે રૂા. ૩-૭૫ પૈસા અને ૫૦ કી.મી. થી ઉપરના કી. મી. માટે મોફ્યુસીલ સર્વિસમાં કરવામાં આવેલ ૫૦ કી.મી. પછીના માટે અ-માં દર્શાવેલ દરે.

(૨) પહેલાં ૫૦ કી.મી. માટે રૂા. ૧-૫૦ પૈસા અને ૫૦ કી.મી. થી ઉપરના કી. મી. માટે સીટી સર્વિસમાં કરવામાં આવેલ કી.મી. માટે બ-માં પહેલાં ૫૦ કી.મી. માટે દર્શાવેલ દર.

(ઈ) ડબલ ડેકર ક્રેઈન. (ટ્રેલર) બસ ઉપર કામ કરતાં ડ્રાઈવર માટે.

જે ડ્રાઈવરને બે માળવાળી (ડબલ ડેકર) અગર ટ્ટ્રેઈલર અથવા ટ્રેઈન બસ ઉપર ફરજ સોંપવામાં આવી હશે અને તેમને પુરેપુરી ફરજ બજાવી હશે તો તેમને ઉપર (અ), (બ) કે

INDEX

(ક) પ્રમાણે મળતા લાઈન એલાઉન્સ ઉપરાંત તે દિવસે રૂા. ૧૦-૦૦ પૈસા લેખે વધારાનું લાઈન એલાઉન્સ આપવામાં આવે છે. ઉપરોક્ત એલાઉન્સ ડબલ કરવા કે કેમ ?

૪૬-એ-નાઈટ આઉટ એલાઉન્સ :

હાલના દરમાં ફેરફાર કરીને નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલી છે. શીડયુલ ડયુટી મુજબ જે ડ્રાઈવર-કંન્ડકટર નાઈટઆઉટ રહે તેમને નીચેના દરે દૈનીક નાઈટઆઉટ એલાઉન્સ બંનેને એક સરખા ધોરણે આપવા કે કેમ ?

પ્રથમ નાઈટ	રૂા. ૧૦-૦૦
બીજી નાઈટ	રૂા. ૧૫-૦૦
ત્રીજી નાઈટ	રૂા. ૨૦-૦૦

આંતર રાજ્ય રૂટો માટે ઉપરોક્ત નાઈટ એલાઉન્સ ઉપરાંત રોજનું વધારાનું રૂા. ૧૨-૫૦ પૈસા લેખે નાઈટ એલાઉન્સ આપવામાં આવે છે.

ઉપરોક્ત એલાઉન્સીસ ડબલ કરવા કે કેમ ?

૪૬. બી આઉટ સ્ટે એલાઉન્સ :

હાલના દરમાં ફેરફાર કરીને નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવે છે.

ડ્રાઈવર-કંડકટરને નાઈટ સર્વિસ ડયુટી પુરી થયા પછી દિવસ દરમ્યાન હેડ કવાર્ટરની બહાર રાખવામાં આવે અને જો તેમને ઉપર [એ]માં જણાવેલ નાઈટ એલાઉન્સ મળવાપાત્ર ન હોય તો, તેમને દરરોજના રૂા. ૧૫-૦૦ લેખે આઉટ સ્ટે એલાઉન્સ આપવામાં આવે છે કે કેમ ?

(૧) કોઈપણ ડ્રાઈવર-કંડકટરની શીડયુલ જ્યારે આવા નાઈટ આઉટ કે આઉટ સ્ટે પોઈન્ટ ઉપર પુરી થતી હોય અને કોન્ઝીકયુટી ડયુટી વચ્ચે ૯ કલાકનો આરામ આપવા તેમને જે તે જગ્યાએ ફરીથી બીજી ડયુટી શરૂ કરવા માટે આગલી ડયુટી પુરી થયા પછી ૨૪ કલાકથી વધુ સમય થાય અને શીડયુલ ડયુટી પુરી થયાના દિવસ પછીના દિવસે લાઈન એલાઉન્સ ન મળતુ હોય તો તેવા કિસ્સામાં આવા રોકાણ માટે તેમને મળવાપાત્ર નાઈટ આઉટ કે આઉટ કે આઉટ સ્ટે એલાઉન્સ ઉપરાંત રૂા. ૧૩-૭૫ આપવામાં આવે છે કે કેમ?

(૨) કોઈપણ ડ્રાઈવર-કંડકટરને શીડયુલ ડયુટી જ્યારે ઉપર પ્રમાણેના નાઈટ આઉટ કે આઉટ સ્ટે પોઈન્ટ પર પુરી થતી હોય અને તે શીડયુલ ડયુટી તે જગ્યાથી શરૂ થતી તે પછીની બીજી કોન્ઝીકયુટીવ શીડયુલ ડયુટી વચ્ચે તે સ્થળે ૨૪ કલાક કે તે કરતાં વધારે સમય રોકાણ કરવુ પડે તેમ છતાં ઉપર (૧) પ્રમાણેનો એલાઉન્સ ન મળતુ હોય

તેવા કિસ્સામાં ડ્રાઈવર-કંડકટરને રૂા. ૧૦-૦૦ લેખે એલાઉન્સ આપવામાં આવે છે. આંતર રાજ્ય સર્વિસમાં આ પ્રકારની ફરજ બજાવનાર ડ્રાઈવર-કંડકટરને વધારાના રૂા. ૧૨-૫૦ આપવામાં આવે છે કે કેમ ?

(૩) કોઈપણ દિવસે રાત્રીના ૯ કલાકથી તુરતજ બીજા દિવસના સવારના ૫-૦૦ વાગ્યાના ગાળા દરમ્યાન કોઈપણ ડ્રાઈવર-કંડકટરને ફરજ દરમ્યાન બે કલાકથી વધુ સ્ટીયરીંગ ડ્યુટી કરવી પડે તો તેવી દરેક ડયુટી દીઠ રૂા. ૨-૫૦ પૈસા લેખે એલાઉન્સ આપવામાં આવે છે કે કેમ ?

(૪) રાત્રીના ૮-૦૦ થી સવારના ૫-૦૦ વાગ્યા સુધીમાં જે ડ્રાઈવર-કંડકટરને ફરજ દરમ્યાન ઓછામાં ઓછા ૪-૦૦ કલાક સ્ટીયરીંગ ડયુટી થતી હોય તેવા ડ્રાઈવર-કંડકટરને નાઈટડયુટી એલાઉન્સ તરીકે દૈનિક રૂા. ૧૫-૦૦ લેખે એલાઉન્સ આપવામાં આવે છે. આ એલાઉન્સ મેળવનાર ડ્રાઈવર-કંડકટરને ઉપર (૩) પ્રમાણેનો રૂા. ૨-૫૦ પૈસા લેખે એલાઉન્સ સિવાયના મળવાપાત્ર એલાઉન્સ મળે છે.

(૫) ઉપર જણાવેલ એલાઉન્સમાંથી કોઈપણ એલાઉન્સ અને અથવા લાઈન એલાઉન્સ મેળવનાર ડ્રાઈવર-કંડકટર ટ્રાવેલીંગ એલાઉન્સ કે ડેઈલી એલાઉન્સ માટે હક્કદાર ગણાશે નહીં.

(૬) નાઈટ આઉટ કે આઉટ સ્ટે પોઈન્ટ ઉપર વ્હિકલ વિગેરેની દેખરેખ રાખવાની સંપૂર્ણ જવાબદારી ડ્રાઈવર અને કંડકટરની ગણાશે. ઉપરોક્ત એલાઉન્સીસ ડબલ કરવા કે કેમ ?

૪૭. કોમ્પ્યુટર એલાઉન્સ :

કોર્પોરેશનમાં કોમ્પ્યુટરનું કામ કરતાં કર્મચારીઓને દરમાસે રૂા. ૩૦૦ એલાઉન્સ આપવું. (૧) નિગમના ખર્ચે જે કર્મચારીએ કોમ્પ્યુટર તાલીમ લીધી હશે અને કોમ્પ્યુટરની કામગીરી બજાવતા હશે, તેમને કોમ્પ્યુટર એલાઉન્સ આપવાનું રહેશે કે કેમ ?

૪૮. ફેર એલાઉન્સ :

વહીવટ નક્કી કરે તે મેળાઓમાં જે કર્મચારીઓને ફરજ આપી હશે અને આવા કર્મચારીઓએ મેળામાં ઓછામાં ઓછા ચાર કલાકની ફરજ બજાવી હશે તેમને પગાર ધોરણ લક્ષમા લીધા સિવાય રોજના રૂા. ૨૫-૦૦ લેખે ફેર એલાઉન્સ આપવામાં આવે છે. ઉપરોક્ત એલાઉન્સીસ ડબલ કરવા કે કેમ ?

૪૯. પોસ્ટલ મેલ એલાઉન્સ :

પોસ્ટલ થેલા લઈ જવા માટે કન્ડકટરને હાલમી પ્રથા મુજબ રોજીંદા રૂા. ૧-૫૦ પૈસાના બદલે રૂા. ૩-૭૫ પૈસા લેખે મેલ એલાઉન્સ આપવામાં આવશે. આ ભથ્થુ કન્ડકટર

કેટેગરી સિવાયના કોઈ કર્મચારીને આપવામાં આવે છે. ઉપરોક્ત એલાઉન્સીસ ડબલ કરવા કે કેમ ?

૫૦. ડ્રાયવર કન્ડકટરોને રેસ્ટરૂમ એલાઉન્સ :

જ્યારે ડ્રાયવર કન્ડકટર રાત્રી રોકાણ વાળી સી. સી. બસો લઈને જે તે સ્થળે જાય છે, ત્યાં રેસ્ટ રૂમ સુવિધા ન હોય તેવા રાત્રી રોકાણ દીઠ રૂા. ૨૦-૦૦ એલાઉન્સ ચુકવવું કે કેમ ?

૫૧. ટી (ચા) એલાઉન્સ :

દરેક ફેકટરી કામદારોને ફરજ દરમ્યાન ચા જે રીતે કંપની તરફથી આપવામાં આવે છે, તેમ ટી એલાઉન્સ રોજના રૂા. ૨-૦૦ લેખે એસ. ટી. ના કામદારોને આપવા કે કેમ ?

૫૨. લોડ ફેકટર એલાઉન્સ :

નિગમે નિયત કરેલ પેસેન્જર આવક કરતાં વધારે આવક લાવતી શિડ્યુલ ની વધારાની આવકમાંથી પાંચ ટકા ડ્રાયર-કન્ડકટરને લોડ ફેક્ટર એલાઉન્સ ચુકવવું કે કેમ ?

૫૩. પાર્સલ એલાઉન્સ :

પી. પી. એસ. માં નોંધાયેલ પાર્સલ હેરાફેરી માટે પાર્સલ લઈ જનાર કન્ડકટરોને દર માસે પાર્સલ દીઠ રૂા. ૧-૦૦ પૈસા એલાઉન્સ આપવું અને તેની કોઈ મર્યાદા રાખવી નહી કે કેમ ?

૫૪. હાજરી ભથ્થુ :

ડેપોના, મધ્યસ્થ યંત્રાલય, વિભાગીય યંત્રાલય, ટાયર પ્લાન્ટ, પ્રિન્ટીંગ પ્રેસ તેમજ ડેપો ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને નિયમીત ફરજ ઉપર આવવા પ્રોત્સાહીત કરવા જો જે તે કર્મચારીની ૨૬ દિવસની હાજરી હોય તેવા કર્મચારીને માસીક રૂા. ૬૦-૦૦ ભથ્થુ ચુકવવું કે કેમ ?

૫૫. ફુડગ્રેઈન એડવાન્સ :

અનાજની એકકી સાથે ખરીદી કરવા સીઝનમાં વર્ષે એક વખત કામદાર લેખીત માગણી કરે ત્યારે રૂા. ૩,૦૦૦-૦૦ વગર વ્યાજે (અનાજ પેશગી) તરીકે ચુકવવા, અને તે વાર્ષીક ૧૦ સરળ હસ્તેથી પગારબીલ દ્વારા વસુલ કરવાના રહેશે કે કેમ ?

૫૬. ફેસ્ટીવલ એડવાન્સ :

વહીવટ દ્વારા મુકરર કરવામાં આવેલ તહેવારો પૈકી કોઇપણ એક તહેવાર માટે વર્ષમાં એક વખત કર્મચારી લેખીત માંગણી કરે ત્યારે રૂા. ૩૦૦૦-૦૦ વગર વ્યાજે

તહેવાર પેશગી તરીકે ચુકવવા, અને તે માસીક ૧૦ સરખે હપ્તેથી પગાર બીલ દ્વારા વસુલ કરવાના રહેશે કે કેમ ?

૫૭. સ્કુટર, સાયકલ, પંખા, કાડાંઘડીયાળ, સીલાઇ મશીન, ફ્રીજ, કોમ્પ્યુટર, ટી.વી., લ્યુના, મોપેડ, મોટર સાયકલ, વિગેરે એડવાન્સ બાબત.

ઉપરોક્ત વસ્તુ માટે નિગમમાં કામ કરતા કર્મચારી જયારે એડવાન્સ માગે ત્યારે આપવુ, અથવા ખરીદીનું બીલ રજુ કરેથી પુરેપુરુ બીલ ચુકવી આપવું અને તે ૩૦ સરળ હપ્તેથી વસુલાત કરવી કે કેમ ?

૫૮. હાઉસ બીલ્ડીંગ એડવાન્સ :

(૧) નિગમના કર્મચારીઓને હાઉસ બીલ્ડીંગ એડવાન્સ આપવાની જે નિતિ છે, તે રદ કરવી, અને ગુજરાત સરકારે તેના કર્મચારીઓ માટે જે નિતિનિયમો હાઉસ બીલ્ડીંગ એડવાન્સ માટે બનાવેલ છે, તેનો અમલ કરવો.

(૨) હાઉસ બીલ્ડીંગ એડવાન્સ મેળવનાર કર્મચારી એની ફરજ દરમ્યાન અકસ્માતને કારણે પગાર ન મળતો હોય, તેટલા માસ પુરતો હા. બી. એ. નો હપ્તો નિગમના વેલ્ફર ફંડમાંથી ચુકવવો.

(૩) હા. બી. એ. નિગમ દ્વારા કામદારને આપેલ હોય કે એચ.ડી.એફ.સી. બેન્કોમાં, એલ.આઇ.સી. કે કોઈપણ બેન્ક દ્વારા લીધેલ હોય અને જેની વસુલાત પગાર દ્વારા થતી હોય તેવા કર્મચારીના આકસ્મીક અવસાનથી તેમના કુટુંબને મદદરૂપ થવા આ લોન માંડવાળ કરવાની રહેશે. અન્યથા અન્ય ક્ષેત્રમાંથી લીધેલી લોન નિગમે ભરવાની રહેશે કે કેમ ?

૫૯. બોનસ :

નિગમના કર્મચારીઓને બોનસએક્ટની જોગવાઈ અન્વયે એકસગ્રેસીયા પેમેન્ટ કરવામાં આવે છે. તેને બદલે પોસ્ટલ ડીપાર્ટમેન્ટ તેમજ રેલ્વે ડીપાર્ટમેન્ટની માફક ઉત્પાદક સાથે સાંકળી લઈને પ્રોત્સાહક બોનસ યોજના બનાવવી તેનો અમલ કરવો કે કેમ ?

૬૦. ટી.સી., એ. ટી. આઈ., અને સ્ટાફકાર ડ્રાયવરના કામના કલાક :

(૧) ટી. સી., એ. ટી. આઇ., ને દરરોજ રીશેષ સહીત ૮ કલાક કામ સોંપવુ, આ ૮ કલાક ઉપરાંત જો વધારે કામ લેવામાં આવે તો અથવા અઠવાડીયાના ૪૫ કલાકથી વધુ કામ લેવામાં આવે તો કુલ પગારના બેવડા દરે ઓવર ટાઈમ આપવો કે કેમ ?

INDEX

(૨) ટ્રક, ટેન્કર, પાર્સલ વાન, સહીત દરેક ખાતાકીય વાહનના ડ્રાયવર તથા સ્ટાફકાર ડ્રાયવરના રીશેષ સહીત કામના કલાક તથા સ્પ્રેડ ઓવર સહીત કામના કલાક ૮ રાખવા, અને અઠવાડીયાના ૪૫ કલાક રાખવા, તે ઉપરાંત જો ફરજ લેવામાં આવે તો કુલ પગારના બેવડા દરે ઓવર ટાઈમ આપવો.

(૩) બ્રેક ડાઉન, અકસ્માત કે અણધાર્યા સંજોગોમાં હાલમાં ડેઈલી વેઝીસના ચોથા ભાગની રકમ જેટલો ઓ. ટી. આપવાની જે મર્યાદા છે, તે રદ કરવી અને ૮ કલાક ઉપરાંત બહાર રહેવું પડે તો જેટલા કલાક બહાર રહેવું પડે તેટલા કલાક ઓ. ટી. આપવો અને તે ઉપરાંત દૈનીક ભથ્થુ પણ આપવું.

(૪) હાલમાં બે ડ્યુટી વચ્ચે જે ૯ કલાકનો આરામ આપવામાં આવે છે, તેના બદલે ૧૨ કલાકનો આરામ આપવો અને જેટલા કલાક ઓછો આરામ આપવામાં આવે તેટલા કલાકનો ઓવર ટાઈમ આપવો.

(૫) અઠવાડીયાના છેલ્લા દિવસે વિકલી ઓફ આપવો અને જો સંજોગો વસાત વિકલીઓફ ન આપવામાં આવે તો તે દિવસે જેટલા કલાક નોકરી કરી હોય તે તમામ કલાકને ડબલ દરે ઓ. ટી. આપવો. તેમજ ત્રણ દિવસમાં ચઢેલી ઓફ પણ આપવી.

૬૧. ફર્સ્ટ એઈડ લાયસન્સ અંગે :

નવા મોટર વ્હીકલ એક્ટની જોગવાઈ મુજબ કન્ડકટરોને ફર્સ્ટ એઈડ લાયસન્સ રીન્યુઅલમાંથી મુક્તિ આપવી કે કેમ ?

૬૨. લીગલ એઈડ :

(૧) નિગમના કોઈપણ કર્મચારી ફરજ દરમ્યાન બનેલા બનાવ માટેના કોઈપણ કર્મચારી વિરૂદ્ધના કોર્ટ-કચેરી ખાતે હાજરી આપવા જવુ પડે ત્યારે તેમને ઓન ડ્યુટી ગણવા અને આવા કોર્ટ કેસ માટે રોકવા પડતાં એડવોકેટની થતી રૂા.૩,૦૦૦-૦૦સુધીની ફી નિગમે આપવી.

(૨) નિગમના કર્મચારીઓ વિરૂદ્ધ તેમની ફરજ દરમ્યાન થયેલ કોર્ટ કેસનું જ્યાં સુધી જજમેન્ટ ન આવે ત્યાં સુધી આજ બનાવનું કોઈ તહોમતપત્ર ન આપવું કે ખાતાકીય કાર્યવાહી ન કરવી કે કેમ ?

૬૩. કર્મચારીને કોન્ટ્રેક્ટથી બસ આપવા બાબત :

નિગમના કોઈપણ કર્મચારીને તેઓના બાળકોના લગ્ન પ્રસંગે કે અન્ય ધાર્મીક

પ્રસંગોએ કેજ્યુઅલ કોન્ટ્રાક્ટથી બસની માગણી કરે તો ૭૫ ટકા રાહત દરે કેજ્યુલ કોન્ટ્રાક્ટ દરે બસ આપવી કે કેમ ?

૬૪. આર. ટી. ઓ. ના નિયમ પ્રમાણે વાહન આપવા બાબત :

દિન-પ્રતિદિન ડ્રાયવર કન્ડકટરને આર. ટી. ઓ.ના નિયમ મુજબનું વાહન આપવાના બદલે ખામી ભરેલુ તેમજ નિયમ વિરૂદ્ધનું વાહન લઈ જવા માટે ફરજ પાડવામાં આવે છે તે પ્રથા રદ કરવી અને આર. ટી. ઓ. ના નિયમ મુજબ વાહન આપવું કે કેમ ?

૬૫. ડીઝલ કે.એમ.પી.એલ. ઈ.પી.કે.એમ. યોજના :

(૧) ડીઝલ કે.એમ.પી.એલ. ઈ.પી.કે.એમ. નિગમના નિર્ધારીત ટારગાટ પ્રમાણે લાવે તેને જે તે દિવસના રૂા. ૨-૦૦ લેખે કે.એમ.પી.એલ. ઈ.પી.કે.એમ. પ્રોત્સાહન રકમ ચુકવવું કે કેમ ?

(૨) વર્કશોપ કલાર્ક, સ્ટોર્સ કલાર્ક, ફ્યુઅલ કલાર્ક ને ડીઝલ કે.એમ.પી.એલ. પ્રોત્સાહન રકમ પેટે દર માસે પગારમાં રૂા. ૧૦-૦૦ આપવા કે કેમ ?

૬૬. બચત સંકલીત સમુહ વિમા યોજના :

નિગમના કર્મચારીઓના કુટુંબીજનોના હીત-સુરક્ષા માટે નિગમમાં જાન્યુઆરી-૧૯૯૨ થી (એલ. આઈ. સી. સાથે સંલગ્ન માસ્ટર પોલીસી નંબર ૬૦૦૬૩૩) ફરજીયાત ધોરણે બચત સંકલીત સમુહ વિમા યોજના કાર્યરત છે. જેમાં દર માસે વર્ગ-૩ ના કર્મચારીઓના રૂા. ૪૦-૦૦ તથા વર્ગ-૪ ના કર્મચારીઓના રૂા. ૨૦-૦૦ દર માસે પગારબીલ મારફત કર્મચારીઓના કપાત થાય છે. જે કપાતની રકમ નિગમ દ્વારા ભરપાઈ કરવી કે કેમ ?

અથવા

નિગમને ફેક્ટરી એક્ટ, આઈ. ડી. એક્ટ, લઘુતમ વેતન ધારો વિગેરે કાયદાઓ લાગુ પડતાં હોઈ અને નિગમ એક્ટ સ્વાયત સંસ્થા હોવાથી નિગમના કર્મચારીઓ માટે બચત સંકલીત સમુહ વિમા યોજના વધુ ફાયદા કારક બનાવવા માટે એલ. આઈ. સી. માંથી મુક્તી મેળવવી. અને સદર યોજના નિગમ હસ્તક રાખી વર્ગ-૩ અને વર્ગ-૪ ના બધા જ કર્મચારીઓ માટે રૂા. ૧૦૦-૦૦ પગારમાંથી કપાત કરી અવસાનના કિસ્સામાં

INDEX

રૂા. બે લાખ ચુકવવા અને નિગમની નોકરીમાંથી અવસાન સિવાયના કિસ્સામાં ફારેગ થયા હોય તેવા કર્મચારીઓને તેમની કપાયેલ પૂર્ણ રકમની ત્રણ ગણી રકમ ચુકવવી કે કેમ ?

૬૭. કર્મચારીઓના ભણતા બાળકોને પ્રોત્સાહીત ઈનામ આપવા બાબત :

(અ) ટર્મ ફી ઉપરાન્ત નીચે દર્શાવેલ ધોરણો સામે બતાવેલ રકમ પ્રોત્સાહીત ઈનામ પેટે ૫૦ કે તેથી વધારે ટકા લાવતા બાળકોને પ્રોત્સાહીત ઈનામની ચુકવણી કરવી. તાલીમાર્થીઓના બાળકોને પણ આ યોજનાનો લાભ આપવો કે કેમ ?

ધોરણ	ઈનામની રકમ રૂપિયા પૈસા
ધોરણ ૧ થી ૫	૨૫૦-૦૦
ધોરણ ૫ થી ૯	૩૦૦-૦૦
ધોરણ ૧૦ થી ૧૨ તેમજ સરકાર માન્ય સર્ટી. કોર્ષ	૪૦૦-૦૦
એફ. વાય. થી ટી. વાય. કોઈપણ શાખા તેમજ યુની.ની કોઈપણ ફેકલ્ટીમાં	૫૦૦-૦૦
ડીપ્લોમા કે ડીગ્રી કક્ષામાં દરેક વર્ષ દીઠ અને બી.એડ કરનારને	૫૦૦-૦૦
માસ્ટર ડીગ્રી પાસ કરનારને	૧,૦૦૦-૦૦
એલ. એલ. બી., એલ. એલ. એમ. એમ. બી. એ.,	૧,૦૦૦-૦૦
પ્રી પી.ટી.સી., પી.ટી.સી. અને આઈ.ટી.આઈ.	૩૦૦-૦૦
એમ.બી.એ.	૧,૦૦૦-૦૦

(બ) કર્મચારીના બાળકોને જો રહેણાંકના સ્થળથી અન્ય શહેરમાં અભ્યાસ કરવા જવાનું થાય ત્યારે જો તેઓ રહેણાંકથી શૈક્ષણીક સંકલન ખાતે અપ-ડાઉન કરવા માગે તો તેમને એસ. ટી. માં ફ્રી પાસની સુવિધા આપવી કે કેમ ?

(ક) પેમેન્ટ સીટ પર લીધેલ એડમીશનની ટર્મ ફી નિગમે ચુકવવાની રહેશે કે કેમ ?

INDEX

૬૮. ઉપકારક યોજના :

ઉપકારક યોજના માટે રાજ્ય કક્ષાના માન્ય યુનિયનના એક એક સભ્ય લઈ તેમજ વિભાગમાં પણ માન્ય યુનિયનના એક એક સભ્યને લઈ કમિટિ બનાવવી અને આ કમિટિ દર માસે મળશે. અને યોજનાના વિકાસો માટે સલાહ સૂચન અને સંચાલન કરશે અને તેનો અમલ કરાવશે કે કેમ ?

નિગમમાં ઉપકારક યોજનાનો ૧૦૦ ટકા અને સરળતા પૂર્વક અમલ થયેલ છે અને નિયમીત સંચાલન ચાલે છે. પરંતુ તેનો આજદીન સુધીનો કર્મચારીની કપાતનો હિસાબ મળેલ નથી. જેથી કર્મચારી ઉપકારક યોજનાની કપાત અંગેની સ્લીપો દર વર્ષે કર્મચારીને સમયમર્યાદામાં આપવી કે કેમ ?

૬૯. ઘોડીયાઘર :

સેટલમેન્ટમાં ઘોડીયાઘરની વ્યવસ્થા કરવાની જોગવાઈ હોવા છતાં ઘોડીયાઘરની વ્યવસ્થા કરેલ નથી. તો તાત્કાલીક આગલા સેટલમેન્ટના કરારનો અમલ કરવો કે કેમ ?

૭૦. લેડીઝ રૂમની વ્યવસ્થા બાબત :

મધ્યસ્થ કચેરી-મધ્યસ્થ યંત્રાલય અને વિભાગ તેમજ ડેપો ઉપર કામ કરતી સ્ત્રી કર્મચારીઓ માટે લેડીઝ રૂમની વ્યવસ્થા ન હોય ત્યાં નિગમે બનાવવાની વ્યવસ્થા કરવી કે કેમ ?

૭૧. જોઈન્ટ કમિટિ :

રાજ્ય કક્ષાના માન્ય યુનિયનોના એટલે કે (૧) ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કસ ફેડરેશન (૨) ગુજરાત રાજ્ય એસ.ટી. કર્મચારી મહામંડળ (૩) ગુજરાત એસ. ટી. મઝદુર મહાસંઘના પાંચ પાંચ સભ્યો અને વહીવટના સભ્યો તેમજ મુખ્ય કામદાર અધિકારી (સેક્રેટરી મેમ્બરની બનેલી એક જોઈન્ટ કમીટીની રચના કરવી. કરારના નિર્ણયની અસર, અમલ, કે અર્થઘટનના કોઈપણ બાબતમાં અથવા વિભાગીય નિયામકશ્રીએ કે વર્કસ મેનેજરશ્રીએ મધ્યસ્થ કચેરીના ખાતાના-શાખાના વડાએ ન ઉકેલ્યા હોય તેવા ઝઘડા, મત-ભેદ, મુશ્કેલી કે ફરીયાદનો નિર્ણય ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી તે પ્રમાણે નિર્ણય ના લઈ શકે તો તે બાબતે એક માસની મુદતની અંદર ચુકાદા માટે જોઈન્ટ કમીટીને રીફર કરવામાં આવશે. આવા કોઈપણ પ્રસંગનો નિકાલ લાવવા માટે જો અને જ્યારે જરૂર પડે ત્યારે જોઈન્ટ કમીટી ૩૦ દિવસમાં બોલાવવામાં આવશે. આ ઉપરાંત જોઈન્ટ કમીટીની બેઠક ફરજીયાત રીતે ત્રણ મહીને એક વખત બોલાવવામાં

આવશે. દરેક નિયમો મુજબ મુસાફરી તેમજ દૈનિક ભથ્થુ આપવામાં આવશે. રાજ્ય કક્ષાના માન્ય યુનિયનો સાથે મસલત કર્યા સિવાય કર્મચારીઓની ચાલુ નોકરીની શરતોને વિપરીત અસર થાય તેવા ફેરફાર કોર્પોરેશન કરશે નહી.

૭૨. રાજ્ય કક્ષાના માન્ય યુનિયનના હોદેદારોને સવલતો :

નિગમના માન્ય યુનિયનોને હવે પછી નીચે મુજબની સવલતો આપવી કે કેમ ?

(અ) રાજ્ય કક્ષાના માન્ય યુનિયનોને ફાળવેલ કાર્યાલયમાં એક વાતાનુકુલ મશીન ફાળવવું.

(બ) રાજ્ય કક્ષાના માન્ય યુનિયનોને ૧૦૦ ડાયરીઓ-ડેસ્ક ડાયરીઓ-ટેલીફોન ડીરેક્ટરીઓ આપવી.

(ક) રાજ્ય કક્ષાના માન્ય યુનિયનોના પ્રમુખ-મહામંત્રી-જ્યારે જ્યારે સ્ટાફકાર વ્હીલની માગણી કરે ત્યારે વર્ષમાં ૪,૦૦૦ કી. મી. થી વધારે નહી તે રીતે નિગમે સગવડતા પુરી પાડવી.

(ડ) રાજ્યકક્ષાના માન્ય યુનિયનોના એક એક સભ્યને ટેન્ડર અને સ્ટોર્સ કમિટિમાં સમાવવા.

(એફ) રાજ્ય કક્ષાના માન્ય યુનિયનોને વર્ષમાં એક વાર ૨,૦૦૦ કી. મી. સુધી કેજ્યુલ કોન્ટ્રાક્ટની બસ ૫૦ ટકા રાહત દરે આપવી. રાજ્ય કક્ષાના માન્ય યુનિયન દ્વારા જ્યારે જ્યારે તેમના સંગઠનના રાષ્ટ્રીય અધિવેશન વખતે, રાષ્ટ્રીય કારોબારી વખતે, રાષ્ટ્રીય અભ્યાસ વર્ગ વખતે, રાષ્ટ્રીય સેમીનાર વખતે, જ્યારે જ્યારે જવાનું થાય ત્યારે તેઓને ઓન ડ્યુટી ગણીને ટી. એ., ડી. એ. ના લાભ સાથે મોકલવા અને જો યુનિયન બસની માગણી કરે તો ઉપરોક્ત વિગતોના દસ્તાવેજો રજુ કર્યેથી ૭૫ ટકા રાહત દરે બસ આપવી.

(જી) રાજ્ય કક્ષાના ત્રણે માન્ય યુનિયનમાંથી બે બે પ્રતિનિધિઓ તેમજ નિગમના સી.એલ.ઓ. અને વહીવટના વડાની સંયુક્ત કમિટિ બનાવી સાંસ્કૃતિક પ્રવૃત્તિ કાર્યક્રમો નિગમમાં થાય તે માટે અલગથી ભંડોળ ફાળવવું.

(એચ) ઓફીસ-વર્કશોપ-ડેપો ઉપર કામ કરતા કામદારોમાંથી માન્ય યુનિયનો તેમના યુનિયનનું કામ કરવા એક એક કર્મચારીનું નામ વહીવટને આપશે. આવા કર્મચારીની નોકરી માન્ય યુનિયન સાથે ચર્ચા કરી નોકરીના

INDEX

કલાકોના અડધા સમય યુનિયનનું કામ કરવાની છુટ આપવામાં આવશે. અને તેવા કર્મચારીની બદલી રાજ્યકક્ષાના માન્ય યુનિયનની લેખીત સંમતિ વગર કરવાની રહેશે નહી.

(આઈ) કોર્ટ કન્સીલેશનમાં હાજરી આપવા જતા યુનિયન આગેવાનો માટે પરિપત્ર નં. એસટીજી-૧-લેબર-૭૬૯૦, તા. ૮-૪-૭૪ તેમજ નં. એસટીજી-૧ લેબર-૮૩૨૧, તા. ૧૫-૫-૭૪ ની જોગવાઈ મુજબ પાંચ યુનિયનના પ્રતિનિધિઓને લેબર કોર્ટ કન્સીલેશન પ્રોસીડીંગમાં કર્મચારીઓને મદદ કરવા માટે વિભાગીય યુનિયનના બે બે તેમજ મહાસંઘના લેવલે બે પ્રતિનિધિઓને ફરજ પર ગણી આ સવલતનો ટી. એ. ડી. એ. સાથે લાભ આપવો કે કેમ ?

૭૩. પાર્ટ ટાઈમ કામદારો :

નિગમમાં પાર્ટટાઈમ કામદાર તરીકે ફરજ બજાવતા કામદારોને પાંચ વર્ષ પૂર્ણ કર્યા બાદ તેઓને ક્રમાનુસાર કાયમી કર્મચારી બનાવવા અને તેના લાભો આપવા કે કેમ ?

૭૪. ડ્રાયવર કંડકટર માટેની પ્રોત્સાહક ઇનામી યોજના :

(૧) ડ્રાયવર : જે ડ્રાયવરની ૨૦ વર્ષની નોકરી દરમ્યાન એક પણ અકસ્માત ના થયો હોય તેવા કર્મચારીને એક વધારાનો વાર્ષીક ઇજાફો આપવો.

જે ડ્રાયવરે ૨૦ વર્ષથી વધુ સમયની ફરજ બજાવેલ હોય અને કોઇપણ અકસ્માત **કરેલ ના હોય** તેને વધારાના બે ઇન્ક્રીમેન્ટ આપવા કે કેમ ?

(૨) કન્ડકટર : જે કન્ડકટરની નોકરી ૧૦ વર્ષની થયેલ હોય અને ચોરી અંગેનો એકપણ કેસ થયેલ ના હોય તેવા કન્ડકટરોને વધારાનું એક ઇન્ક્રીમેન્ટ આપવું.

જે કન્ડકટરે ૧૦ વર્ષ કે તેથી વધુ સયમ નોકરી કરેલ હોય અને એકપણ મીસ એપ્રોપ્રીએશનનો કેસ બનેલ ના હોય તેવા કન્ડકટરને વધારાના બે ઇન્ક્રીમેન્ટનો લાભ આપવો કે કેમ ?

૭૫ : નિવૃત અને શારીરિક અશકત કર્મચારી માટે આ લાભ આપવો કે કેમ ?

(૧) વયમર્યાદાના કારણે નિવૃત થતાં કર્મચારીને એક માસની અંદર મળાવ

INDEX

પાત્ર તમામ રકમો જેવી કે, પી.એફ, ગ્રેજ્યુઇટી, ઇ.પી.એફ., જુથ વિમા યોજના, હક્ક રજાનો પગાર તેમજ અન્ય લેણી નીકળતી રકમો વિગેરે ચુકવી આપવા.

(૨) સ્વૈચ્છિક નિવૃતિની વય મર્યાદા જે ૫૫ વર્ષ છે, તે ઘટાડીને ૫૦ વર્ષ કરવી.

૭૬. એપ્રેન્ટીસશીપ :

(૧) કોર્પોરેશનમાં જ્યારે જ્યારે એપ્રેન્ટીસની ભરતી કરવાની થાય ત્યારે ત્યારે કુલ ભરતીના ૫૦ ટકા નિગમના કામદારોના બાળકોને શૈક્ષણિક લાયકાત ના ધોરણ મુજબ સમાવવાના રહેશે.

(૨) નિગમના કામદારોના જે બાળકોએ એપ્રેન્ટીસશીપ પૂર્ણ કરેલ હશે તેવા બાળકોને જ્યારે જ્યારે નિગમમાં સીધી ભરતી કરવાની થાય ત્યારે ૫૦ ટકા જગ્યાઓમાં તેઓનો સમાવેશ કરવાનો રહેશે કે કેમ ?

૭૭. છટણી :

નિગમમાં જ્યારે જ્યારે છટણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે નિગમના માન્ય યુનીયનોની લેખીત સંમતી વગર કોઇ છટણી કરવી નહી કે કેમ ?

૭૮. સ્ટેપીંગઅપ :

જ્યારે જ્યારે નવા સેટલમેન્ટ પ્રમાણે પગાર ફીક્સ કરવામાં આવે છે ત્યારે જુનીયર કર્મચારીઓનો પગાર સીનીયર કર્મચારીનો પગાર વધી જાય છે ત્યારે સર્વિસ રેગ્યુલેશન ૬૫-ઇ મુજબ લાભ આપવામાં આવે છે. પરંતુ આ લાભ માત્ર વિભાગીય કક્ષાએ સરખામણીમાં આપવામાં આવે છે તેને બદલે રાજ્યકક્ષાએ સ્ટેપીંગઅપનો લાભ આપવો કે કેમ ?

૭૯. પેટ્રોલ એલાઉન્સ :

જે કર્મચારીઓ ઘરેથી ફરજના સ્થળે આવવા જવા માટે પોતાના વાહનો જેવા કે, મોટર, સ્કુટર, મોટરસાયકલ વિગેરેનો ઉપયોગ કરતાં હોય તેઓને દર મહીને રૂા. ૨૦૦-૦૦ એક સરખા દરે પેટ્રોલ ભથ્થુ ચુકવવું કે કેમ ?

૮૦. રીકેટેગરાઇઝ :

રીકેટેગરાઇઝેશન કેસો માં અરજી કર્યાની તારીખથી તપાસ પૂર્ણ ન થાય અને તેને રીકેટેગરાઇઝ કરવામાં ન આવે ત્યાં સુધી તેને મળતો છેલ્લો પગાર ચુકવવાનો રહેશે કે કેમ ?

INDEX

૮૧. પી. એફ. :

જે કર્મચારી નિવૃત થનાર છે, તેને તેના નિવૃત્તિના ૩૦ દિવસની અંદર તે મળવાપાત્ર પી.એફ.ના પુરેપુરા નાણાં કર્મચારીના નામ જોગ ડી.ડી. દ્વારા ચુકવ આપવા. અને જો દિવસ ૩૦માં નાણાં ના ચુકવાય તો ૧૮ ટકા વ્યાજ દર મા ચુકવવાનું રહેશે કે કેમ ?

૮૨. ગ્રેજ્યુઇટી :

આ માંગણી મંજુર થયેથી નીચે મુજબ ગ્રેજ્યુઇટી ચુકવવાની રહેશે.

(અ) પુરા એક વર્ષ નોકરીના દીઠ ૨૦ દિવસ પ્રમાણે મુળ પગાર તથા મોંઘવાર ભથ્થાની રકમ સાથે ચુકવવાનો રહેશે સર્વિસ રેગ્યુલેશન સુધારો કરીને અ ગણત્રી કરવાની રહેશે.

(બ) ગ્રેજ્યુઇટી એક્ટ મુજબ ગણત્રી પણ કરવાની રહેશે.

(ક) ગ્રેજ્યુઇટી નિવૃત્તી તારીખના દિવસે ચુકવવાની રહેશે. અને તેનું ચુકવ ડી.ડી. મારફત કરવાનું રહેશે, જો આ ચુકવણું ચુકવવામાં વિલંબ થાય તો તેટલ સમય સુધીનો ઉપર ૧૮ ટકા વ્યાજ ચુકવવાનું રહેશે કે કેમ ?

૮૩. રમત ગમત :

રમોત્સવ અને વાર્ષીક સાંસ્કૃતિક કાર્યક્રની સ્પર્ધાઓ શીયાળામાં વિભાગ વાઇ ચોજવા અને અંતમાં આંતર વિભાગીય સ્પર્ધાઓ યોજવા. આ સ્પર્ધામાં સ્ટે લેવલના ખેલાડીઓને વેલ્ફર ફંડમાંથી ઇનામો આપવા તેમજ સ્પે. ટ્રેનીંગો મા ચાલતા કેન્દ્રોમાં નિગમના ખર્ચે મોકલવા કે કેમ ?

૮૪. વેલ્ફર ફંડ :

(૧) કામદારોની અનપેઇડ રકમ જે વિભાગોમાં પડતર જમા રહે છે, અને ૩ વ બાદ ગુજરાત લેબર વેલ્ફર બોર્ડમાં જમા આવે છે, તેને બદલે આ રકમ નીગમન વેલ્ફર ફંડમાં જમા લેવી.

(૨) લીસ્ટ પ્રોપર્ટીનાં વેચાણ દ્વારા ઉભી થતી રકમ પણ નિગમના વેલ્ફર ફંડમ જમા લેવી.

INDEX

(૩) કામદારોને રોકડ રકમની દંડની સજા કરવામાં આવે છે તે રકમ પણ એસ.ટી. નિગમના વેલ્ફર ફંડમાં જમા લેવી કે કેમ ?

૮૫. પેન્શન યોજના :

નિગમ દ્વારા સ્વીકારેલો હાલની પેન્શન સ્કિમને બદલે નિગમ દ્વારા સંચાલીત પોતાની યોજના બનાવવી. અને તેમાં દરેક રાજ્ય કક્ષાના એક એક માન્ય યુનિયનના પ્રતિનિધી સાથેની કમીટી બનાવવી. (પી.એફ. ટ્રસ્ટની જેમ) અને કેન્દ્રની પેન્શન યોજનામાંથી મુક્તિ મેળવવી અને ચુકવેલ ફંડ પરત મેળવવું કે કેમ ?

૮૬. કુદરતી રાહત તેમજ માનવ સર્જીત આફતો માટે રાહત :

કુદરતી તેમજ માનવ સર્જીત આફતો કે જેનો ભોગ કામદારો બનેલ હોય તેવા કર્મચારીને આર્થીક ચીજ વસ્તુઓની રાહત આપવાનું જરૂરી બને ત્યારે કિસ્સાઓની ગુણવત્તાની ચકાસણી કરી નિગમના ફંડમાંથી ચુકવણું કરવું કે કેમ ?

૮૭. વેલ્ફર પ્રવૃતિ :

(૧) પુસ્તકાલય : નિગમની મધ્યસ્થ કચેરી - મ. યંત્રાલય, તેમજ દરેક વિભાગ વાઇઝ વાતાનુકુલ પુસ્તકાલયો ઉભા કરવા.

(૨) વેલ્ફર સેન્ટર : દરેક વેલ્ફર સેન્ટરમાં વેલ્ફર પ્રવૃતિ વિકસાવવા તેમજ સાંસ્કૃતિક પ્રવૃતિના વિકાસ અર્થે મધ્યસ્થ કચેરી ખાતે રૂા. ૫૦,૦૦૦-૦૦ અને વિભાગોમાં વાર્ષીક રૂા. ૨૦,૦૦૦-૦૦ વેલ્ફર ફંડમાંથી ફાળવવાની જોગવાઇ કરવાની રહેશે કે કેમ ?

૮૮. ગણવેશ :

માંગણી નં ૨ : ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ. નાની નરોલી, તા. માંગરોલ, જી. સુરતમાં આ સાથેની યાદીમાં દર્શાવેલ ૧૨૨ કામદારોને તેઓ નોકરીમાં દાખલ થયા છે તે તારીખથી તેઓને સંસ્થાના કાયમી કામદારોને અપાતા વેતન ભથ્થાઓ તથા અન્ય લાભો, સવલતો જે તે તારીખથી આપવા કે કેમ ?

) કોન્ટ્રાકટરશ્રી, મે. સંદીપ એન્ટરપ્રાઇઝ,
એ-૫, સંજય કોલોની, જી.પી. કોલેજ પાછળ,
ભરૂચ-૩૯૨૦૦૨.

) કોન્ટ્રાકટરશ્રી, મે. હની બી એન્જી. સર્વિસીસ,
રાજીવગાંધી થર્મલ પાવર રોડ, જી. એમ. પારેખ,
દહાણુ રોડ, (વેસ્ટ) મહારાષ્ટ્ર.

) મે. આદીત્ય એન્ટરપ્રાઇઝ,
એચ-૧૧, શામલાલ પ્લાઝા એચ.કે. માર્ગ,
દહાણુ રોડ, (વેસ્ટ)

) મે. પ્રુમખ એન્ટરપ્રાઇઝ
જીઆઇડીસી. કવાર્ટર, નં. ૯૯/, ૩ આરસીએલ,
સેકટર-૨૬. ગાંધીનગર.

) મે. ગુપ્તા ઇન્ડ. મેન્ટેનન્સ સર્વિસીસ,
૩૦૧, ન્યુ ભારત ભવન, સરદાર પટેલ પુતળા પાસે,
સ્ટેશન રોડ, નડીઆદ.

) મે. ગુપ્તા ઇન્ડ. મેન્ટેનન્સ સર્વિસીસ
૩૦૧, ન્યુ ભારત ભવન, સરદાર પટેલ પુતળા પાસે,
સ્ટેશન રોડ, નડીઆદ.

) મે. બાલાજી એન્જી. કન્ટ્રકશન કું.,
૫૫, ફ્રીદમ ફાઇટર કોલોની, સામતા પાસે,
શુભાનપુરા, બરોડા.

) મે. ટેકનો કન્સેપ્ટસ,
૨૩, માણેકલાલ સોસાયટી,
કારેલીબાગ, બુધ્ધદેરકોલોની પાછળ, વડોદરા.

) મે.જે. કે. ઇલેકટ્રીકલ્સ એન્ડ એન્જીનીયર્સ,
૫૦૪, નર્મદા એપાર્ટમેન્ટ, કદીવાલા હાઇસ્કુલ પાસે,
સિવીલ હોસ્પિટલ સામે, રીંગરોડ, સુરત.

૦) મે. અગ્રવાલ કેટરીંગ સર્વિસીસ,
એસ.૭, જલારામ કોમ્પલેક્ષ, ૩જો માળ,
જલારામ મંદીર પાછળ, કારેલીબાગ, વડોદરા.

INDEX

(૧૧) મે. ડીસાવાલા કોર્પોરેશન,
ભીડભંજન હનમાન પાછળ, ચાલ. જશુદ
મહોલ્લા, ચોખવાડી, વડોદરા.

(૧૨) મે. આદીત્ય એન્ટરપ્રાઇઝ,
એચ-૧૧, શામલાલ પ્લાઝા એચ.કે. માર્ગ,
દહાણુ રોડ, (વેસ્ટ).

(૧૩) મે. રમેશ એન. પટેલ,
તિરુપતી બાલાજી સોસાયટી, પાલનપુર,
પાટીયા, રાંદેર રોડ, સુરત.

(૧૪) મે. માધવ લેબર સપ્લાયર, ઇ/૧૭૨,
ગુલાબ વાટીકા સોસાયટી, તાંદલજા,
જુના પાદરા રોડ, વડોદરા.

(૧૫) મે. ગ્રૂપ સેવન ગાર્ડન (આઇ) પ્રા. લી.,
૩૬, શાલીમાર કોમ્પલેક્ષ લાલા નીગમ રોડ,
કોલાબા, મુંબઇ.

(૧૬) મે. માધવ લેબર સપ્લાયર, ઇ/૧૭૨
ગુલાબ વાટીકા સોસાયટી, તાંદલજા,
જુના પાદરા રોડ, વડોદરા.

(૧૭) મે. થર્મેશ લીમીટેડ, ૮૫, બી. અમીન ચેમ્બર્સ,
સંપતરાવ કોલોની, પ્રોડકટીવીટી રોડ,
અલકાપુરી, વડોદરા.

(૧૮) મે. યુનાઇટેડ એન્જીનીયરીંગ કન્સલટન્ટ,
એ-૨૩, મીતલ ટેનામેન્ટસ, મકતમપુરા,
ઝાડેશ્વર રોડ, ભરૂચ.

શ્રમયોગીઓની યાદી

ક્રમ	નામ	જોઇનીંગ તારીખ
૧	શૈલેષકુમાર કાંતિલાલ પટેલ	૧૦-૧૦-૨૦૦૦
૨	શરદકુમાર બી. મહાલે	૨૧-૦૭-૨૦૦૨
૩	વિનોદકુમાર સી. પટેલ	૨૧-૦૭-૨૦૦૨

INDEX

ક્રમ	નામ	જોઈનીંગ તારીખ
૪	જીતેન્દ્રકુમાર જે. પટેલ	૨૧-૦૭-૨૦૦૨
૫	ઘનશ્યામ બી. સિંધા	૨૧-૧૦-૨૦૦૨
૬	વિજયકુમાર આર. પટેલ	૨૧-૦૭-૨૦૦૨
૭	દિનેશકુમાર આઈ. પટેલ	૨૧-૦૭-૨૦૦૨
૮	રાકેશકુમાર આર. પટેલ	૨૧-૦૭-૨૦૦૨
૯	કિરીટસિંહ વી. ઝાલા	૨૧-૦૭-૨૦૦૨
૧૦	રમેશભાઈ એમ. પારઘી	૨૧-૦૭-૨૦૦૨
૧૧	રમેશભાઈ એચ. ભગોરા	૨૧-૦૭-૨૦૦૨
૧૨	નરેન્દ્રસિંહ જી. સોલંકી	૦૧-૦૧-૨૦૦૩
૧૩	ખુમાનસિંહ	૦૧-૦૧-૨૦૦૩
૧૪	કનુભાઈ ડી. પટેલ	૦૧-૦૧-૨૦૦૩
૧૫	પુરષોત્તમ ગંગાધર શામલ	૦૨-૧૨-૨૦૦૨
૧૬	પિયુષભાઈ આર. વઘવાના	૧૫-૦૫-૨૦૦૧
૧૭	વિજયકુમાર એન. પરમાર	૧૦-૦૬-૨૦૦૦
૧૮	કૌશિકભાઈ ખંડુભાઈ ગામીત	૨૦-૦૧-૧૯૯૮
૧૯	રસિકભાઈ જમુભાઈ ગામીત	૦૧-૦૮-૧૯૯૭
૨૦	વિનેશભાઈ સોમાભાઈ વસાવા	૧૮-૦૭-૨૦૦૧
૨૧	અનિલ કટીયાર	૦૮-૧૨-૨૦૦૧
૨૨	વિનોદભાઈ આર. ચૌઘરી	૨૭-૧૨-૨૦૦૧
૨૩	રમેશચંદ્ર દાસ	૦૧-૦૩-૧૯૯૯
૨૪	વિજયકુમાર રમેશભાઈ પટેલ	૦૫-૦૨-૨૦૦૨
૨૫	કિશોરભાઈ રંગજીભાઈ ચૌઘરી	
૨૬	કે. કે. જેના	૧૦-૧૦-૨૦૦૨
૨૭	રાજુ ગૌડા	૦૮-૦૩-૨૦૦૦
૨૮	જગન્નાથ પ્રસાદ	૦૮-૦૩-૨૦૦૦
૨૯	ગંગૈયા રેડ્ડી	૦૧-૦૬-૨૦૦૨
૩૦	પુરષોત્તમ રેડ્ડી	૨૬-૦૪-૨૦૦૧
૩૧	રણજીતકુમાર રથ	૦૧-૦૭-૨૦૦૨
૩૨	વી. કે. સિલ્વરાજ	૦૧-૦૬-૨૦૦૨
૩૩	એલંગો બી.	૦૧-૦૬-૨૦૦૨
૩૪	હંસુરામ	
૩૫	રશ્મીકાંત આર. મોરકર	૦૭-૦૧-૨૦૦૦

ક્રમ	નામ	જોઈનીંગ તારીખ
૩૬	દિનેશ એસ. ચૌધરી	૦૨-૦૬-૨૦૦૦
૩૭	અજયભાઈ ગુમાનભાઈ ગામીત	૧૬-૧૦-૨૦૦૧
૩૮	જયેશભાઈ ચિમનભાઈ ગામીત	૧૬-૧૦-૨૦૦૧
૩૯	ભરતભાઈ રતનભાઈ પરમાર	૦૭-૦૭-૨૦૦૨
૪૦	મલેક મહમદ સલીમ અબ્બાસ	૦૪-૦૧-૨૦૦૨
૮૧	ઓમપ્રકાશ સિંગ	૧૦-૧૨-૨૦૦૧
૮૨	અરવિંદભાઈ પરથમભાઈ વસાવા	૦૧-૧૨-૨૦૦૦
૮૩	ધીરૂભાઈ નાગજીભાઈ વસાવા	૧૬-૦૯-૨૦૦૦
૮૪	બાબુભાઈ નગીનભાઈ વસાવા	૧૬-૦૪-૧૯૯૯
૮૫	તરૂણભાઈ પ્રાણભી ઉમરીયા	૦૫-૦૨-૨૦૦૨
૮૬	શ્રીનિવાસ રાવ	૧૦-૦૨-૨૦૦૩
૮૭	જીતેન્દ્રકુમાર દિલીપભાઈ પરમાર	૩૦-૦૪-૨૦૦૨
૮૮	મુકેશભાઈ ઝાલા	૨૭-૦૧-૨૦૦૨
૮૯	જયેશકુમાર સુરજીભાઈ ગામીત	૦૧-૦૫-૨૦૦૧
૯૦	માલાબેન જીવણભાઈ વસાવા	૦૪-૦૪-૨૦૦૧
૯૧	અલ્પેશકુમાર વાંસિયા	૨૨-૧૧-૨૦૦૨
૯૨	કિશોરભાઈ ડી. પ્રજાપતિ	૧૮-૧૨-૨૦૦૧
૯૩	હરસંગભાઈ રૂપસિંહભાઈ પ્રજાપતિ	૦૧-૦૩-૨૦૦૦
૯૪	મેજીસ્ટરસિંગ દરોગાસિંગ	૦૫-૦૫-૨૦૦૦
૯૫	કિરણસિંહ રાઠોડ	૨૧-૧૦-૨૦૦૧
૯૬	પ્રવિણભાઈ વસાવા	૧૮-૧૨-૨૦૦૨
૯૭	ઝહીર ઈસ્માઈલ ઝીણા	૦૧-૦૪-૨૦૦૩
૯૮	મહીયુદ્દીન ઐયુબભાઈ મલેક	૦૧-૦૧-૨૦૦૨
૯૯	મેહબુબ એચ. શેખ	૨૭-૦૫-૨૦૦૨
૧૦૦	કાસીમ બદાત	૦૧-૦૪-૧૯૯૯
૧૦૧	છત્રસિંહ ભીખાબાવા માંગરોલા	૧૭-૧૦-૨૦૦૨
૧૦૨	જીતેન્દ્ર રાય	૧૨-૧૦-૨૦૦૨
૧૦૩	નરેન્દ્રભાઈ એચ. ચૌધરી	૦૧-૦૩-૨૦૦૩
૧૦૪	પાટીલ યશસ્વી ગોપાલ	૨૬-૦૬-૧૯૯૯
૧૦૫	બાલરાજ રેડ્ડી	૦૧-૦૬-૨૦૦૨
૧૦૬	જયદીપસિંહ ખેર	૨૪-૦૭-૨૦૦૨
૧૦૭	અબુબકર ગુલામહુશેન શેખ	૦૪-૦૫-૨૦૦૧

ક્રમ	નામ	જોઈનીંગ તારીખ
૧૦૮	મનિષ ઠાકોર આહિર	૦૫-૦૬-૨૦૦૧
૧૦૯	વિરેન્દ્રસિંહ ખેર	૦૫-૦૮-૨૦૦૨
૧૧૦	યોગેશ શર્મા	૧૫-૦૧-૨૦૦૨
૧૧૧	નવિન એન. પટેલ	૧૧-૦૪-૨૦૦૩
૧૧૨	પિયુષ આર. ઝા	૨૧-૦૭-૨૦૦૨
૧૧૩	સુનિલ ચૌધરી	૧૫-૦૬-૨૦૦૨
૧૧૪	દશરથભાઈ રામભાઈ મહેતા	૩૧-૧૨-૨૦૦૧
૧૧૫	વાસીમઅલી	૦૧-૦૩-૨૦૦૨
૧૧૬	લીનાબેન ભગુભાઈ ગામીત	
૧૧૭	સુનિલ આર. પટેલ	૨૮-૦૧-૨૦૦૨
૧૧૮	રાજુ એસ. ઝાલા	૦૮-૦૪-૨૦૦૩
૧૧૯	પ્રવિણભાઈ ભંગીયાભાઈ ગામીત	૧૪-૦૧-૨૦૦૩
૧૨૦	જી. વિદ્યાધરન ગંગાધરન અડીઓડી	૧૩-૦૫-૨૦૦૦
૧૨૧	વિકાસ રણછોડભાઈ પટેલ	૧૫-૦૮-૨૦૦૨
૧૨૨	ગોવિંદભાઈ મીઠાભાઈ પટેલ	૦૬-૦૨-૨૦૦૩

સુરત, તારીખ ૨૪મી ઓક્ટોબર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
સુરત.

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકે/એચએલસીઆર/જે/૧૯૮/૨૦૦૩/આર.ટી.-સહાયક શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર કમિશનર (૧) સરપંચશ્રી, બેડી ગ્રામ પંચાયત, બેડી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, જામનગર (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, જામનગર અને તેના શ્રમયોગીશ્રી ઈશાક હાસમ સમેજા, બેડીનો ઢાળીયો, તા. જી. જામનગર C/o. ભારતીય મજદુર સંઘ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઇડીએફ/૧૯૭૦/૧૧૦ થી સદરહું ધારાની અનુસૂચી-૨૨ની આઇટમ-૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે સહાયક શ્રમ આયુકત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કોલમ-૧૦ ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, સહાયક શ્રમ આયુકત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલી મજુર અદાલત, જામનગરને સદરહું તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી ઇશાક હાસમ સમેજાને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

કે. એ. પીરઝાદા,
સહાયક શ્રમ આયુકત,
જામનગર.

સહાયક **શ્રમ આયુકત દ્વારા**

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકે/એચએલસીઆર/જે/૧૯૯/૨૦૦૩/આર.ટી.–સહાયક શ્રમ આયુકતશ્રીનો એવો અભિપ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર કમિશનર (૧) સરપંચશ્રી, બેડી ગ્રામ પંચાયત, બેડી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, જામનગર (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, જામનગર અને તેના શ્રમયોગીશ્રી અબાસ કાસમ સીદી, સીદી પાંચાળો, બેડી, તા. જી. જામનગર C/o. ભારતીય મજદુર સંઘ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઇડીએફ/૧૯૭૦/૧૧૦ થી

INDEX

સદરહું ધારાની અનુસૂચી-૨૨ની આઇટમ-૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે સહાયક શ્રમ આયુકત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કોલમ-૧૦ ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, સહાયક શ્રમ આયુક્ત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલી મજુર અદાલત, જામનગરને સદરહું તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી અબાસ કાસમ સીદીને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૦૩.

કે. એ. પીરઝાદા,
સહાયક શ્રમ આયુકત,
જામનગર.

સહાયક શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકે/એચએલસીઆર/જે/૨૦૦/૨૦૦૩/આર.ટી.–સહાયક શ્રમ આયુકતશ્રીનો એવો અભિપ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔધોગિક તકરાર (૧) સરપંચશ્રી, બેડી ગ્રામ પંચાયત, બેડી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, જામનગર (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, જામનગર અને તેના શ્રમયોગીશ્રી સુરેશ ચીમનલાલ ભટ્ટ, શાસ્ત્રીનગર, રૂમ નં. ૮૦, શ્રીરામકૃપા, જી. જામનગર C/o. ભારતીય મજદુર સંઘ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઇડીએફ/૧૯૭૦/૧૧૦ થી સદરહું ધારાની અનુસૂચી-૨૨ની આઇટમ-૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે સહાયક શ્રમ આયુકત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

INDEX

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કોલમ-૧૦ ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, સહાયક શ્રમ આયુકત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલી મજુર અદાલત, જામનગરને સદરહું તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી સુરેશ ચીમનલાલ ભટ્ટને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

કે. એ. પીરઝાદા,
સહાયક શ્રમ આયુકત,
જામનગર.

સહાયક શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકે/એચએલસીઆર/જે/૧૯૫/૨૦૦૩/આર.ટી.–સહાયક શ્રમ આયુકતશ્રીનો એવો અભિપ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર (૧) સરપંચશ્રી, બેડી ગ્રામ પંચાયત, બેડી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, જામનગર (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, જામનગર અને તેના શ્રમયોગીશ્રી અઝીજ સાલેમામદ જામ, અખીર રઝાચોક, રાસન પરા બેડી, તા. જી. જામનગર C/o. ભારતીય મજદુર સંઘ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઇડીએફ/૧૯૭૦/૧૧૦ થી સદરહું ધારાની અનુસૂચી-૨૨ની આઇટમ-૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુકત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કોલમ-૧૦ ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, સહાયક શ્રમ આયુકત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલી મજુર અદાલત, જામનગરને સદરહું તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

INDEX

અનુસૂચિ

શ્રી અઝીજ સાલેમામદ જામને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

કે. એ. પીરઝાદા,
સહાયક શ્રમ આયુકત,
જામનગર.

સહાયક શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકે/એચએલસીઆર/એજે/૨૦૨/૨૦૦૩/આર.ટી.-સહાયક શ્રમ આયુકતશ્રીનો એવો અભિપ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર (૧) સરપંચશ્રી, બેડી ગ્રામ પંચાયત, બેડી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, જામનગર (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, જામનગર અને તેના શ્રમયોગીશ્રી ઈશાક હારુન સચડા, ઈકબાલ ચોક, બેડી, તા. જી. જામનગર, C/o. ભારતીય મજદુર સંઘ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઇડીએફ/૧૯૭૦/૧૧૦ થી સદરહું ધારાની અનુસૂચી-૨૨ની આઇટમ-૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુકત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કોલમ-૧૦ ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, સહાયક શ્રમ આયુકત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલી મજુર અદાલત, જામનગરને સદરહું તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી ઈશાક હારુન સચડાને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

કે. એ. પીરઝાદા,
સહાયક શ્રમ આયુક્ત,
જામનગર.

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકે/એચએલસીઆર/જે/૧૯૨/૨૦૦૩/આર.ટી.–સહાયક શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર શ્રી બી.એલ.એ. ઈન્ડ્રસ્ટ્રીઝ લી,, મુ. આરંભડા, તા. દ્વારકા, જી. જામનગર અને તેના શ્રમયોગીશ્રી જશુભા નરભેસીંહ વાઢેર, બારોટ ફળી, આરંભડા, તા. દ્વારકા, C/o ભારતીય મજદુર સંઘ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઇડીએફ/૧૯૭૦/૧૧૦ થી સદરહું ધારાની અનુસૂચી-૨૨ની આઇટમ-૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે સહાયક શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કોલમ-૧૦ ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, સહાયક શ્રમ આયુક્ત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલી મજુર અદાલત, જામનગરને સદરહું તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી જશુભા નરભેસીંહ વાઢેરને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

કે. એ. પીરઝાદા,
સહાયક શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકે/એચએલસીઆર/એજે/૨૦૧/૨૦૦૩/આર.ટી.-સહાયક શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર (૧) સરપંચશ્રી, બેડી ગ્રામ પંચાયત, બેડી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત, જામનગર (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, જામનગર અને તેના શ્રમયોગીશ્રી અનવર સાલેમામદ જામ, અખીર રઝા ચોક, બેડી, તા. જી. જામનગર C/o. ભારતીય મજદુર સંઘ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઇડીએફ/૧૯૭૦/૧૧૦ થી સદરહું ધારાની અનુસૂચી-૨૨ની આઇટમ-૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે સહાયક શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કોલમ-૧૦ ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, સહાયક શ્રમ આયુક્ત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલી મજુર અદાલત, જામનગરને સદરહું તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી અનવર સાલેમામદ જામને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

કે. એ. પીરઝાદા,
સહાયક શ્રમ આયુક્ત,
જામનગર.

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકે/એચએલસીઆર/એજે/૧૯૭/૨૦૦૩/આર.ટી.-સહાયક શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર (૧) સરપંચશ્રી, બેડી ગ્રામ પંચાયત, બેડી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, જામનગર (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, જામનગર અને તેના શ્રમયોગીશ્રી હુસેન ઈબ્રાહીમ કકલ, પ્રા. શાળા પાસે, બેડી, તા. જી. જામનગર C/o. ભારતીય મજદુર સંઘ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઇડીએફ/૧૯૭૦/૧૧૦ થી સદરહું ધારાની અનુસૂચી-૨૨ની આઇટમ-૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે સહાયક શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કોલમ-૧૦ ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, સહાયક શ્રમ આયુક્ત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલી મજુર અદાલત, જામનગરને સદરહું તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી હુસેન ઈબ્રાહીમ કકલને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

કે. એ. પીરઝાદા,
સહાયક શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

સહાયક શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકે/એચએલસીઆર/એજે/૧૬૯/૨૦૦૩/આર.ટી.-મદદનીશ શ્રમ આયુકતશ્રીનો એવો અભિપ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર (૧) ગુજરાત વિદ્યુત બોર્ડ, વિદ્યુત ભવન, રેસ કોર્સ, વડોદરા (૨) કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, એસ. ટી. સબ-ડીવીઝન, શહેર વિભાગ, જામનગર અને તેના શ્રમયોગીશ્રી રાજેશવન કિશોરવન ગોસ્વામી, ઠે. એમ.ઇ.એસ. કોલોની, ટી-૫૨૧૫, રણજીતનગર રોડ, જામનગર C/o. શ્રી ભરત એચ. જોષી, એડવોકેટ, ૧ વંડાફળી, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઇડીએફ/૧૯૭૦/૧૧૦ થી સદરહું ધારાની અનુસૂચી-૨૨ની આઇટમ-૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે સહાયક શ્રમ આયુકત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કોલમ-૧૦ ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એ. પીરઝાદા, સહાયક શ્રમ આયુકત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલી મજુર અદાલત, જામનગરને સદરહું તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી રાજેશવન કિશોરવન ગોસ્વામીને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૦૩.

કે. એ. પીરઝાદા,
સહાયક શ્રમ આયુકત,
જામનગર.

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એચ.એમ.સી./બી.એચ.એ./એ.જે.લો./આઇ.ડી.આર./૨૧-૯૭૮૩/૦૩.–સહાયક શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બિડે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર અન્નપુર્ણા શીપ બ્રેક પ્લોટ નં.-૬૬, શીપ બ્રેકીંગ યાર્ડ, અલંગ અને તેના શ્રમયોગીશ્રી વિશ્રામ રામપત પ્રજાપ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્ ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારી ૨૬મી માર્ચ, ૧૯૭૩ ના જાહેરનામા ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૪૬૧ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ ની ક ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા સહાયક શ્રમ આયુક્તોને તેમ સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ના (૧૪)માં કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્ એ. ડી. ભટ્ટ, સહાયક શ્રમ આયુક્ત, અલંગ મજૂર અદાલત, ભાવનગરને સદર તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વિશ્રામ રામપત પ્રજાપતિને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમ મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

અલંગ, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

એ. ડી. ભટ્ટ,
સહાયક શ્રમ આયુક્ત,
અલંગ.

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એચ.એમ.સી./બી.એચ.એ./એ.જે.લો./આઇ.ડી.આર./૧૮-૦૩/૭૯૫/૦૩.–સહાયક શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બિડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર અન્નપુર્ણા શીપ બ્રેકર્સ, પ્લોટ નં.-૬૬, શીપ બ્રેકીંગ યાર્ડ, અલંગ અને તેના શ્રમયોગીશ્રી લલન મંગલ ચૌધરી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ ના જાહેરનામા ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૪૬૧૮/(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા સહાયક શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એ. ડી. ભટ્ટ, સહાયક શ્રમ આયુક્ત, અલંગ મજૂર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી લલન મંગલ ચૌધરીને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

અલંગ, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

એ. ડી. ભટ્ટ,
સહાયક શ્રમ આયુક્ત,
અલંગ.

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એચ.એમ.સી./બી.એચ.એ./એ.જે.લો./આઇ.ડી.આર./૧૯-૦૩/૭૯૧/૦૩.–સહાયક શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બિડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર અન્નપુર્ણા શીપ બ્રેકર્સ, પ્લોટ નં.-૬૬, શીપ બ્રેકીંગ યાર્ડ, અલંગ અને તેના શ્રમયોગીશ્રી કમલેશ પ્રજાપતિ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ ના જાહેરનામા ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૪૬૧૮/(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા સહાયક શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એ. ડી. ભટ્ટ, સહાયક શ્રમ આયુક્ત, અલંગ મજૂર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કમલેશ પ્રજાપતિને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

અલંગ, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

એ. ડી. ભટ્ટ,
સહાયક શ્રમ આયુક્ત,
અલંગ.

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એચ.એમ.સી./બી.એચ.એ./એ.જે.લો./આઇ.ડી.આર./૨૦-૦૩/૭૭૩/૦૩.–સહાયક શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બિડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર અન્નપુર્ણા શીપ બ્રેકર્સ, પ્લોટ નં.-૬૬, શીપ બ્રેકીંગ યાર્ડ, અલંગ અને તેના શ્રમયોગીશ્રી મનોજકુમાર ચૌધરી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ ના જાહેરનામા ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૪૬૧૮/(૩૩થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ ની કલમ ''સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા સહાયક શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ના (૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું,] એ. ડી. ભટ્ટ, સહાયક શ્રમ આયુક્ત, અલંગ મજૂર અદાલત, ભાવનગરને સદર તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મનોજકુમાર ચૌધરીને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

અલ, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

એ. ડી. ભટ્ટ,
સહાયક શ્રમ આયુક્ત,
અલંગ.

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એચ.એમ.સી./બી.એચ.એ./એ.જે.લો./આઇ.ડી.આર./૧૭-૦ ૭૭૮/૦૩.–સહાયક શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બિડે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર અન્નપુર્ણા શીપ બ્રેક પ્લોટ નં.- ૬૬, શીપ બ્રેકીંગ યાર્ડ, અલંગ અને તેના શ્રમયોગીશ્રી રાજ કિશોર પ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારી ૨૬મી માર્ચ, ૧૯૭૩ ના જાહેરનામા ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૪૬૯ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ ની ક ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા સહાયક શ્રમ આયુક્તોને તેમ સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની હું, શ્રી એ. ડી. ભટ્ટ, સહાયક શ્રમ આયુક્ત, અલંગ મજૂર અદાલત, ભાવનગ સદરહુ તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રાજ કિશોર પાલને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

અલંગ, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

એ. ડી. ભટ્ટ,
સહાયક શ્રમ આયુક્ત,
અલંગ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY NOV. 27, 2003 / AGRAHAYANA 6, 1925 [No. 48

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

જાહેરનામું

ક્રમાંક મમક/નવ/૨૦૦૩/૩૩૯૧/આઇ.ડી.એ./એવોર્ડ/એલ.સી. એન/૧૫૬/૦૧, ૧૫૭/૦૦.-ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./૨૦૦૩/૨૬/આઇ.ડી.એ./ ૨૦૦૦-૫૧૦૪-મ (૪) અન્વયે સહાયક શ્રમ આયુક્તશ્રી, આથી તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./નવ/૨૫૪૮/૨૦૦૧ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી નવસારી નગરપાલિકા, નવસારી અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો

ચુકાદો જે અ સાથે સામેલ કરેલ છે.

આંક-૩૨

નવસારીની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી પી. જી. સોની સમક્ષ

૧. રેફરન્સ (એલ. સી.એન.) નં. ૧૫૬/૨૦૦૧.
૨. રેફરન્સ (એલ. સી.એન.) નં. ૧૫૭/૨૦૦૧.

નવસારી નગરપાલિકા, નવસારી. ... ... **પ્રથમ પક્ષકાર;**

વિરૂદ્ધ

(૧) ધર્મેશ ટી. કહાર, ... **બીજા પક્ષકાર.**
(૨) સુખદેવ એચ. ખટવાડી
C/o. ગુજરાત રાજ્ય અર્ધ કર્મચારી સંઘ,
કરશન બી. પટેલ, વોટર વર્કસ,
દુધિયા તળાવ, નવસારી.

હાજર રહ્યા :- પ્રથમ પક્ષકાર વતી શ્રી નિલાંજભાઇ દેસાઇ.
બીજા પક્ષકાર વતી શ્રી આર. બી પાઠક.

એવોર્ડ

(૧) મદદનીશ મજુર કમિશનર, નવસારી દ્વારા તેમના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/આઇડીઆર/નવ/૨૫૪૮/૨૦૦૧ તથા કેએચ/એસએચએમસી/નવ/૨૫૫૨/૨૦૦૧, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧ અન્વયે ઉપરોક્ત બંને રેફરન્સ કેસો અત્રેની મજુર અદાલતને સુપરત કરવામાં આવેલ છે અને તેમાં જણાવેલ અનુસૂચિ અનુસાર (૧) શ્રી ધર્મેશ ડી. કહાર તથા (૨) શ્રી સુખદેવ એચ. ખટવાડીને તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૧ના રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલા ઠરાવી તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ તે બાબતે ઉપરોક્ત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔધોગિક વિવાદ બાબતે અત્રે જરુરી ન્યાયનિર્ણય કરવાનો છે.

(૨) ઉપરોક્ત રેફરન્સ કેસોમાં એવોર્ડની શરુઆત કરતા અગાઉ અત્રે નોંધવા યોગ્ય હકીકત એ છે કે, રેફરન્સ (એલ.સી.એન.) નં. ૧૫૬/૨૦૦૧ના કામે બીજા પક્ષકાર તરફે આંક-૨૨ની અરજી આપી એમ જણાવવામાં આવેલ કે, ''રેફરન્સ કેસ નં. ૧૫૬/૨૦૦૧ તથા ૧૫૭/૨૦૦૧ સાથે સંકળાયેલા બંને કામદારો નવસારી નગરપાલિકામાં નિમણુંક

પામેલ અને સિવિલ સુપરવાઇઝર તરીકે તેમની ફરજો બજાવતા હતા. બંને કામદારોની નોકરીની વિગતો તથા હકીકત અને વિવાદમાં ઉપસ્થિત કરવામાં આવેલ તમામ કાનૂની બાબતો એક સરખી છે. આથી બંને કામદારો અંગે બંને રેફરન્સ કેસોનો સંયુક્ત એક જ ઓર્ડર કરવામાં આવે તો કામદાર તરફે વાંધો નથી તેવું તેઓ જાહેર કરે છે.'' બીજા પક્ષકારની ઉપરોક્ત અરજી બાબતે પ્રથમ પક્ષકાર તરફે સંમતિ મળતા અદાલતે હુકમ કરી ઉપરોક્ત કેસો રેફરન્સ નં. ૧૫૬/૨૦૦૧ના કામે એકત્રિત કરવાનું ઠરાવેલ. આ સંજોગોમાં ઉપરોક્ત બંને રેફરન્સ કેસોનો આ એક જ એવોર્ડ દ્વારા નિકાલ કરવામાં આવે છે.

(૩) ઉપરોક્ત બંને રેફરન્સ કેસોમાં આંક-૨ અન્વયે બીજા પક્ષકાર કામદારોને તેઓના માંગણી નિવેદન રજુ કરવા જણાવતી નોટીસ તથા આંક-૩ થી પ્રથમ પક્ષકારને તેઓનું બચાવનામું રજુ કરવા જણાવતી નોટીસ કાઢવામાં આવેલ. આંક-૪ થી તમામ પક્ષકારોને રેફરન્સ કેસની સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ. ઉપરોક્ત તમામ નોટીસોની પક્ષકારોને ધોરણસર બજવણી થયેલ.

ઉપરોક્ત રેફરન્સ કેસોમાં આંક-૫ અન્વયે બીજા પક્ષકાર કામદારો તરફે તેમના એડવોકેટશ્રીના વકીલપત્ર રજુ કરવામાં આવેલ તથા આંક-૬ થી કામદારોના માંગણી નિવેદન રજુ કરવામાં આવેલ જેની હકીકતો સંયુક્તપણે તપાસીએ તો કામદારોના જણાવ્યા મુજબ તેઓ નવસારી નગરપાલિકામાં સિવિલ સુપરવાઇઝરની જગ્યા પર નિમણૂંક પામેલ અને ધર્મેશ ડી. કહાર તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૬ થી અને સુખદેવ ખટવાડી તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૬ થી નિમણૂંક અન્વયેની ફરજો બજાવતા હતા. કામદારોના જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓની કામગીરીની કેડરની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોવાનું ધ્યાનમાં આવતા તેઓ બંનેએ અરજી કરેલી ને પછી તેઓનો ઇન્ટરવ્યુ લઇ તેઓને પસંદ કરવામાં આવેલા. બંને પોતાની નિમણૂંક તારીખથી તેઓની કામગીરી સતત, સળંગ અને ખંત તથા વફાદારીપૂર્વક ને નગરપાલિકાના હીતમાં સંતોષકારક રીતે કરતા હતા. આમ છતાં તેઓ બંનેને તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૧ના રોજથી કોઇ પણ જાતના કારણો વગર નોકરીમાંથી છૂટા કરી દેતા હાલનો આ વિવાદ ઉપસ્થિત થયેલ છે.

વધુમાં બીજા પક્ષકાર કામદારોના જણાવ્યા મુજબ તેઓને નવસારી નગરપાલિકા દ્વારા ૯૦ દિવસ પ્રમાણેના હુકમ આપવામાં આવતા હતા અને ૯૦ દિવસનો સમય પૂરો થયેથી એક-બે દિવસનો બ્રેક બતાવીને ફરી બીજો નિમણૂંક પત્ર આપવામાં આવતો હતો. આવા નિમણૂંક પત્રો ૯૦ દિવસ પૂરા થાય તે પહેલા પણ આપવામાં આવતા અને ૯૦ દિવસ પછી કામ પર ચાલુ રાખીને પાછળથી પણ આપવામાં આવતા. જે દિવસોનો બ્રેક કાગળ પર દર્શાવવામાં આવતો, તે દિવસોએ પણ તેઓનું કામ ચાલુ રહેતું. તેઓ નોકરીની મજબૂરીના કારણે ઉપર જણાવેલ કામગીરી વિરોધ વગર બજાવતા હતા. તેઓની કામગીરીથી નગરપાલિકાને સંતોષ થયેલ હોવાને કારણે તારીખ ૨૮મી જુલાઇ, ૧૯૯૯ના ઠરાવ

નં. ૨૮ થી તેઓનો પગાર રૂ. ૨૦૦૦-૦૦ થી વધારી રૂ. ૩૦૦૦-૦૦ કરવામાં આવેલો. તેઓને બોનસ પણ દરેક વર્ષે ચુકવવામાં આવતું. નગરપાલિકાના હાજરી પત્રકમાં તેઓની હાજરી પુરવામાં આવતી અને પગાર પત્રકમાં તેઓની સહી લઇને પગાર ચુકવવામાં આવતો હતો. નગરપાલિકાને આ બાબતે વિવાદ હોય તો તેઓએ ઉપરોક્ત દસ્તાવેજી પુરાવા અદાલતમાં રજુ કરવા જોઇએ. કામદારોના જણાવ્યા મુજબ નગરપાલિકામાં કાયમી ખાલી જગ્યા પર કાયમી કામગીરી બજાવેલ. આમ છતા નગરપાલિકા તેઓની કાયમી કામદારોનો મળતા પગાર તથા અન્ય લાભો આપતી ન હતી ને ટેમ્પરરી, એડહોક ગણીને જ કામ કરાવતા હતા. તેઓને કાયદેસરનું પગાર ધોરણ તથા અન્ય લાભો આપતા નહીં હોવાથી તેઓએ નગરપાલિકાને તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ એડવોકેટની સલાહ અન્વયેની નોટીસ આપેલી જેનો નગરપાલિકાએ કોઇ જવાબ આપેલ નહીં. તેથી તેઓએ નામદાર હાઇકોર્ટમાં કાયમી થવા અંગેની માંગણી કરતી રીટ પીટીશન સ્પે.સી.એ. નં. ૧૩૪૨/૨૦૦૧ દાખલ કરેલી જેની નામદાર ગુજરાત હાઇકોર્ટની નોટીસ નગરપાલિકાને તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૧ના રોજ બજી ગયેલી અને તે કારણે નગરપાલિકાએ આ બાબતેની જાણ થતાં તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૧ના રોજ એકાએક નોકરીમાંથી છૂટા કરી દીધેલ છે ને તેઓને કોઇ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર વિગેરે આપ્યા વગર કે ખાતાકીય તપાસ પણ કર્યા વગર કે તેઓની રજુઆત સાંભળ્યા વગર નગરપાલિકાએ છૂટા કરી દીધેલ છે. નગરપાલિકાએ જુનીયર કામદારોને ચાલુ રાખીને તેઓ બંનેને છૂટા કરી દીધેલ છે ને કોઇ સિનિયોરીટી લીસ્ટ પણ પ્રસિદ્ધ કરેલ નથી.

ઉપરોક્ત સંજોગોમાં તેઓ બંનેને નોકરીમાંથી છૂટા કરવાનું નગરપાલિકાનું સદર પગલું ગેરકાયદેસર ઠરાવી પોતાને મુળ જગ્યા પર સળંગ નોકરી ગણીને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા તમામ લાભો સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા હુકમ ફરમાવવા બીજા પક્ષકાર કામદારોએ દાદ માંગેલ છે.

(૪) બીજા પક્ષકાર કામદારોના ઉપરોક્ત માંગણી નિવેદન સામે હાલના કામો એ પ્રથમ પક્ષકાર તરફે બંને રેફરન્સ કેસોમાં આંક-૭ થી પોતાનો એક સમાન લેખિત જવાબ રજુ કરી એમ જણાવેલ છે કે બીજા પક્ષકારના માંગણી નિવેદનમાં જણાવેલ વિગતો અને વિધાનો ખોટા અને ઉપજાવી કાઢેલા હોઇ પ્રથમ પક્ષકારને તે કબૂલ નથી. બીજા પક્ષકાર કામદારોને આ રેફરન્સ કરાવવાને કોઇ કારણ ઉત્પન્ન થયેલ નથી. કામદારોની દાખલ તારીખ તથા હોદ્દા બાબતે પ્રથમ પક્ષકારના રેકર્ડ દફતરે જે કાંઇ હકીકત છે તે તેઓને કબૂલ મંજૂર છે. બીજા પક્ષકાર દ્વારા ઉલ્લેખ કરવામાં આવેલ સિવિલ સુપરવાઇઝરની જગ્યા નગરપાલિકા નિયામક દ્વારા મંજુર થયેલ જગ્યા ન હતી અને નથી. કામદારોના માંગણી નિવેદનમાં જણાવેલ હકીકતો ખરી નથી અને ખરી હકીકતે બીજા પક્ષકાર કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઉદ્‌ભવેલી આકસ્મિક જરુરીયાતના કારણે પ્રસંગોપાત

INDEX

ને મર્યાદિત સમયગાળા માટે મર્યાદિત હેતુ માટે પુરેપુરા હંગામી ધોરણે નિમણૂંક આપેલ હતી અને આવી નિમણૂંકનો સમયગાળો પુરો થતાં પક્ષકાર કામદારની નોકરીનો આપોઆપ અંત આવતો હતો. તે મુજબ બીજા પક્ષકાર કામદારોનો જે તે સમયે એટલે કે તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૧ના રોજ પુરો થતા નગરપાલિકામાં ચાલી આવતી પ્રણાલિકા અનુસાર તેમની નોકરીનો અંત આપોઆપ આવેલ. બીજા પક્ષકારના માંગણી નિવેદનમાં જણાવેલ નગરપાલિકાના બીજા પક્ષકારના પગાર વધારા અંગેના ઠરાવની, હકીકત તથા હાજરી પત્રક વિગેરેની હકીકત અંગે પ્રથમ પક્ષકારના રેકર્ડ મુજબ જે કંઇ હશે તે તેઓને માન્ય છે. સળંગ નોકરી કરેલ હોવાની બીજા પક્ષકાર કામદારોની રજુઆત ખોટી છે અને તે પુરવાર કરવા અંગેની જવાબદારી તેઓની પોતાની છે. નિયામકશ્રી, નગરપાલિકાએ ૪૯૯ જગ્યાનું મહેકમ મંજુર કરેલ છે અને આ મંજુર થયેલ જગ્યામાં આ રેફરન્સના બીજા પક્ષકાર જે કામગીરી કરતા હતા તેવી કોઇ જગ્યા નગરપાલિકાના મહેકમમાં ન હતી. બીજા પક્ષકાર તરફે કરવામાં આવેલ સિવિલ સુપરવાઇઝરની જગ્યા અંગેની તથા નામદાર હાઇકોર્ટમાં કરેલ પીટીશન અંગેની રજુઆતો તેઓએ પોતે સાબિત કરવાની રહેશે. વધુમાં પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ બીજા પક્ષકાર કામદારોની નિમણૂંક મર્યાદિત સમયગાળા માટે તથા ઉચ્ચક મહેનતાણાંથી કરવામાં આવેલ ને તેઓને જે તે સમયે કામગીરી અનુસાર નવી નિમણૂંક આપવામાં આવેલી. આ કામના બીજા પક્ષકાર કામદારોની નિમણૂંક અનુક્રમે તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૬ તથા તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૬ના રોજથી સુપરવાઇઝર તરીકે પબ્લીક વર્કસ વિભાગમાં ઉચ્ચક પગારથી કરવામાં આવેલ ને નિમણૂંક તારીખથી તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૧ સુધી કામદારોએ તેઓની આ સમયગાળા માટે નિમણૂંક કરવામાં આવેલ હોઇ કામગીરી કરેલી અને તે તારીખથી તેઓનો નિમણૂંકનો સમયગાળો પુરો થતાં બીજા પક્ષકાર કામદારોનો પ્રથમ પક્ષકારને ત્યાંથી નોકરીનો આપોઆપ અંત આવેલો. આ સંજોગોમાં બીજા પક્ષકાર કામદારોની આ તકરાર ખોટી ને ઉપજાવી કાઢેલી હોઇ તેઓના આ રેફરન્સ રદ કરવા પ્રથમ પક્ષકાર તરફે અરજ કરવામાં આવેલ છે.

(૫) બીજા પક્ષકાર તરફે તેમના એડવોકેટશ્રીએ આંક-૮ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે રેફરન્સ નં. ૧૫૬/૨૦૦૧ના કામે નિ. ૮/૧ થી નિ. ૮/૫ના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ, જે તે પાકો આંક આપવા સામે પ્રથમ પક્ષકાર તરફે કોઇ વાંધો નહીં હોવાનું જણાવતાં આ દસ્તાવેજોને પાકા આંક-૧૨ થી આંક-૧૬ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં પ્રથમ, પક્ષકારનો તારીખ ૩જી જુલાઇ, ૧૯૯૯નો ઠરાવ નં. ૨૮ તથા બીજા પક્ષકાર કામદારોને નગરપાલિકા તરફે આપવામાં આવેલ પ્રમાણપત્રો તથા કામદારો તરફે નગરપાલિકાને આપવામાં આવેલ નોટીસ તથા તેની બજવણીની અસલ પહોંચ વિગેરે દસ્તાવેજો સામેલ છે.

(૬) ઉપરોક્ત બંને રેફરન્સ કેસોમાં આંક-૧૦ અન્વયે જે તે કામદારનું તેઓની મૌખિક જુબાનીના બદલાનું સોગંદનામું રજુ કરવામાં આવેલ. ઉપરોક્ત બંને બીજા પક્ષકાર કામદારોની ઉલટ તપાસ નગરપાલિકાના એડવોકેટશ્રી નિલાંજભાઇ દેસાઇ દ્વારા કરવામાં

INDEX

આવેલ. ત્યારબાદ બીજા પક્ષકારના એડવોકેટશ્રીની રેફરન્સ નં. ૧૫૬/૨૦૦૧ના કામે આંક-૧૭ થી તથા રેફરન્સ નં. ૧૫૭/૨૦૦૧ના કામે આંક-૧૨ની પુરસીસ અન્વયે બીજા પક્ષકાર તરફે તેઓનો મૌખિક પુરાવો પુરો થયાની જાહેરાત કરવામાં આવેલ.

ઉપરોક્ત બંને રેફરન્સ કેસો એકત્રિત કરવામાં આવ્યા બાદ પ્રથમ પક્ષકાર તરફે રેફરન્સ નં. ૧૫૬/૨૦૦૧ના કામે તેઓના સંયુક્ત સાક્ષી તરીકે રાજુભાઇ કાંતીલાલને રજુ કરવામાં આવેલ જેઓની ઉલટ તપાસ બીજા પક્ષકાર કામદારોના પ્રતિનિધિશ્રી આર. સી. પાઠક દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ આંક-૨૯ની પુરસીસથી પ્રથમ પક્ષકાર તરફે તેઓનો મૌખિક પુરાવો પુરો થયાની જાહેરાત કરવામાં આવેલ.

(૭) ઉપરોક્ત બંને રેફરન્સના કામોમાં બંને પક્ષકારોના વિદ્વાન એડવોકેટશ્રીઓ દ્વારા મારી સમક્ષ તેઓની લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે જે અત્રે ટુંકમાં ધ્યાને લેવામાં આવે છે.

બીજા પક્ષકાર કામદારો તરફે તેઓની એક સમાન એવી આંક-૨૧ની લેખિત દલીલો અન્વયે જણાવવામાં આવેલ કે ધર્મેશ કહાર તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૬ થી અને સુખદેવભાઇ તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૬ થી સિવિલ સુપરવાઇઝર તરીકે નિમણૂંક પામેલ. કામદારોએ નોકરી માટે રારજી કરેલ અને ઇન્ટરવ્યુ લેવાયા બાદ તેઓની પસંદગી કરવામાં આવેલ. બીજા પક્ષકાર દ્વારા તેઓની લેખિત દલીલમાં તેઓના માંગણી નિવેદનમાં જણાવેલ હકીકતોનું જ વર્ણન કરેલ હોઇ તેનું અત્રે પુનરાવર્તન કરવું જરુરી જણાતું નથી.

વધુમાં બીજા પક્ષકાર તરફે જણાવ્યા મુજબ બીજા પક્ષકાર કામદારોએ નગરપાલિકામાં સળંગ નોકરી કરેલ છે ને તેઓની નોકરીમાં બ્રેક દર્શાવવા નગરપાલિકા પાસે કોઇ કારણ નથી. નગરપાલિકાએ સર્ટીફીકેટ પણ આપેલ છે. વળી, નગરપાલિકાએ કોઇ પત્રકો જેવા કે હાજરી પત્રક કે પગાર પત્રક પણ આ કામે રજુ કરેલ નથી. આમ પ્રથમ પક્ષકારની વિરૂધ્ધ અનુમાન દોરી આ રેફરન્સ કેસો પુરેપુરો મંજુર કરવા કામદારો તરફે તેમના એડવોકેટશ્રીએ અરજ કરેલ છે.

આ કામે બીજા પક્ષકાર તરફે તેઓની દલીલોના સમર્થનમાં વિગતવાર ચર્ચા સાથે નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખવામાં આવેલ છે.

(એ) ૧૯૮૯ એસ.સી.સી. પાના નં. ૯૭
(બી) ૧૯૯૫ એસ.સી.સી. પાના નં. ૧૯૩ (એલ. એન્ડ એસ.)
(સી) ૧૯૯૭ (૧૧) એસ.સી.સી. પાના નં. ૩૯૬
(ડી) ૧૯૯૮ (૨) એલ.એલ..જે. પાના નં. ૬૭૪
(ઇ) ૧૯૯૯ (૧) સ્કેલ પાના નં. ૬૫૫
(એફ) ૨૦૦૦ (૮૪) એફ.એલ.આર. પાના નં. ૮૯૬

INDEX

(જી) ૨૦૦૧ (૧) એલ.એલ.જે. પાના નં. ૧૪૧૦

(એચ) ૨૦૦૧ (૨) જી.એલ.એચ. પાના નં. ૫૫૧

(આઇ) ૨૦૦૧ (૨) સી.એલ.આર. પાના નં. ૫૦૫

(જે) ૨૦૦૧ (૧) એલ.એલ.જે. પાના નં. ૭૦૧

(કે) ૨૦૦૨ એસ.સી.સી. (એલ. એન્ડ એસ.) પાના નં. ૧૦૮

(એલ) ૨૦૦૧ (૧) એલ.એલ.જે. પાના નં. ૨૪

આ રેફરન્સ કેસોમાં પ્રથમ પક્ષકાર નગરપાલિકા તરફે તેઓની લેખિત દલીલ આંક-૩૦ અન્વયે રેફરન્સ નં. ૧૫૬/૨૦૦૧ના કામે તેઓના સંયુક્ત સ્વરૂપે રજુ કરી. એમ જણાવવામાં આવેલ છે કે બીજા પક્ષકાર કામદારે તેઓના માંગણી નિવેદનમાં જણાવેલ હકીકતો સામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના લેખિત જવાબમાં આ રીતે રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે તેઓની આ લેખિત દલીલોમાં માંગણી નિવેદન, લેખિત નિવેદન, દસ્તાવેજો, જુબાનીઓ વિગેરેનું વર્ણન કરેલ હોઇ તેનો ઉલ્લેખ અહીં કરવો જરૂરી જણાતો નથી. વધુમાં તેઓના જણાવ્યા મુજબ બીજા પક્ષકાર ધર્મેશ કહારે તેમની જુબાનીમાં ઉલટ તપાસમાં એમ જણાવેલ છે કે, ''નગરપાલિકામાં જગ્યા ખાલી છે તેની જાણકારી મને ક્યાંથી મળી તે યાદ નથી. નવસારી નગરપાલિકામાં સિવિલ સુપરવાઇઝરની કોઇ જગ્યા છે કે કેમ તે મને ખ્યાલ નથી. એ વાત ખરી કે મારો નિમણૂંકનો હુકમ સમય મર્યાદાવાળો હતો. મારા નિમણૂંકની સમયમર્યાદા પુરી થયા બાદ પણ મેં કામ કરેલ તે બતાવતો કોઇ પુરાવો મારી પાસે નથી. નગરપાલિકાની નોકરી મેળવવા માટે માર્ચ, ૧૯૯૬માં અરજી કરેલી. અરજીની નકલ નથી. અરજીના અનુસંધાને નગરપાલિકાએ કોલ લેટર આપેલ કે કેમ તે યાદ નથી. તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૧ના રોજ છૂટા કરવામાં આવેલ પરંતુ તેનો કોઇ પુરાવો મારી પાસે નથી. મને આપવામાં આવેલ નિમણૂંક પત્ર મારી નોકરીનો અંત તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૧ના રોજ આપોઆપ આવતો હતો કે કેમ તેની મને ખબર નથી. નોકરી સતત ને સળંગ કરેલ તેનો પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી નથી કે હું હંગામી જગ્યા પર હતો ને અન્ય જગ્યાએ નોકરી મેળવવાની હોઇ આંક-૧૨નું પ્રમાણપત્ર મેળવેલ.''

વધુમાં નગરપાલિકા તરફે દલીલોમાં જણાવ્યા મુજબ બીજા પક્ષકાર સુખદેવ ખટવાણીએ સોગંદનામાની ઉલટ તપાસમાં એમ જણાવેલ છે કે તેઓને લેખિત નિમણૂંક આપેલ નહી પણ ૯૦ દિવસનો હુકમ આપેલ. તેઓએ બ્રેક બાબતે સક્ષમ અધિકારીને ફરિયાદ આપેલ નથી. તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૧ના રોજ લેખિત હુકમ અન્વયે તેઓની નોકરીનો અંત આવેલ કે કેમ તે તેઓ જાણતા નથી. વધુમાં, નગરપાલિકાના જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકાર નગરપાલિકાના સાહેદ રાજુભાઇ કાંતીલાલે પોતાની મૌખિક જુબાનીમાં જણાવેલ છે કે નગરપાલિકામાં સિવિલ સુપરવાઇઝર જેવી કોઇ જગ્યા નથી. આંક-૨૬ ને ૨૭ના સર્ટીફીકેટ તેઓએ આપેલ. નગરપાલિકા તરફે વધુ દલીલોમાં જણાવ્યા મુજબ બીજા

પક્ષકાર કામદારો નગરપાલિકામાં ઊભી થયેલ આકસ્મિક જરુરીયાતના પ્રસંગે પુરેપુરી હંગામી રીતે, મર્યાદિત સમયગાળા માટે કામ કરતા આવેલા ને તેઓને અન્ય જગ્યાએ નોકરી મળેલ હોઇ નગરપાલિકાએ પ્રમાણપત્રો પણ આપેલ. કામદારોએ નગરપાલિકામાં સતત ને સળંગ રીતે નોકરી કરેલ નથી. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (ઓઓ) (બીબી)ની જોગવાઇ જોતાં કરારની શરતોને આધીન થયેલ નિમણૂંક છટણી ગણાતી નથી. છટણીની સાબિતીનો બોજો કામદાર પર હોવાનું ૧૯૯૨ (૧) એલ.એલ.એન. પાના નં. ૧૫૦ તથા ૧૯૯૨ (૧) સી.એલ.આર. પાના નં. ૩૫૬ વિગેરે ચૂકાદાઓ અન્વયે ઠરાવવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાનમાં લઇ તથા બીજા પક્ષકારના રજુ ચુકાદાઓ આ કામે લાગુ પડતા ન હોઇ બીજા પક્ષકાર કામદારોના રેફરન્સ કેસો રદ કરવા પ્રથમ પક્ષકાર તરફે અરજ કરવામાં આવેલ છે.

(૮) બંને પક્ષકારો તરફે તેમના વિદ્વાન એડવોકેટશ્રીઓની મારી સમક્ષની ઉપરોક્ત તમામ રજુઆતો ધ્યાનમાં લેતાં બીજા પક્ષકાર કામદારો પોતાના માંગણી નિવેદનમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે કે કેમ ? તે બાબતનો મારો ન્યાય નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે :-

કારણો :---

(એ) હાલના આ રેફરન્સ કેસોમાં બીજા પક્ષકાર કામદારોના માંગણી નિવેદન, પ્રથમ પક્ષકારના લેખિત જવાબ, પક્ષકારો તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા લેખિત દલીલો અને ચુકાદાઓ વિગેરે તમામ બાબતો ધ્યાનમાં લીધી. બંને પક્ષકારોની ઉપરોક્ત તમામ રજુઆતો ધ્યાને લેતાં હવે સૌ પ્રથમ આ કામના બીજા પક્ષકાર કામદારો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ)માં જણાવેલ 'કામદાર'ની વ્યાખ્યા અન્વયેના પ્રથમ કામદાર છે કે કેમ ? તે બાબત તપાસવી જરુરી છે.

આ રેફરન્સ કેસોમાં બંને કામદારોએ પોતાની માંગણી નિવેદનમાં એમ જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર નગરપાલિકામાં સિવિલ સુપરવાઇઝર તરીકે નોકરીમાં હતા. બીજા પક્ષકાર કામદારોએ પોતાના મૌખિક જુબાનીના બદલાના સોગંદનામાઓમાં એમ પણ તેઓ નગરપાલિકામાં સિવિલ સુપરવાઇઝર હતા તેમ જણાવેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના લેખિત જવાબમાં એમ જણાવેલ છે કે બીજા પક્ષકાર કામદારોના હોદ્દા બાબતે સંસ્થાના રેકર્ડ દફતરે જે કાંઇ હકીકત છે તે તેઓને કબુલ મંજુર છે. બીજા પક્ષકાર કામદારોએ જણાવેલ સિવિલ સુપરવાઇઝરની જગ્યા નગરપાલિકા નિયામક દ્વારા મંજુર થયેલ જગ્યા ન હતી. નગરપાલિકા તરફે રજુ ઉપરોક્ત લેખિત જવાબના પેરા-૮માં તેઓએ કબુલ કરેલ છે કે બંને બીજા પક્ષકાર કામદારો તેઓને ત્યાં પબ્લીક વર્કસ વિભાગમાં સુપરવાઇઝર તરીકે કામ કરતા હતા. પ્રથમ પક્ષકારની આ રજુઆતોથી વિપરીત આ

કામે રજુ આંક-૧૨ તથા આંક-૧૩ના નગરપાલિકા તરફે બીજા પક્ષકાર કામદારોને આપવામાં આવેલ પ્રમાણપત્રોમાં નોંધવામાં આવ્યા મુજબ બીજા પક્ષકાર કામદારો નગરપાલિકામાં સિવિલ સુપરવાઇઝર તરીકે હતા તેમ સાબિત થાય છે. આ પ્રમાણપત્રોમાં બીજા પક્ષકાર કામદારો રોજમદારો તરીકે કામ કરતા હતા તેમ પણ નોંધવામાં આવેલ છે. પ્રથમ પક્ષકારના સાક્ષીએ પોતાની આંક-૨૫ની મૌખિક જુબાનીમાં એમ જણાવેલ છે કે, બીજા પક્ષકાર કામદારોની નિમણૂંક કરવામાં આવેલી નથી. જ્યારે તેથી વિપરીત આંક-૧૨ અને આંક-૧૩ના બીજા પક્ષકાર કામદારોના નોકરીના પ્રમાણપત્ર તેઓએ પોતે આપેલ હોવાનું જણાવેલ છે. આંક-૧૩ના નગરપાલિકાના ઠરાવ નં. ૨૮માં પણ બીજા પક્ષકાર કામદારોને સુપરવાઇઝર તરીકે હંગામી ધોરણે નિમણૂંક આપવામાં આવેલ હોવાનું નોંધવામાં આવેલ છે. આ ઉપરાંત પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના લેખિત જવાબમાં કોઇ પણ સ્થળે એમ જણાવેલ નથી કે બીજા પક્ષકાર કામદારો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ) મુજબના તેઓના કામદાર નથી. આ ઉપરાંત ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ) અન્વયેની 'કામદાર'ની વ્યાખ્યા જોઇએ તો તે ઘણી જ વિશાળ છે અને તેમાં હંગામી, રોજમદાર, પાર્ટ-ટાઇમ વિગેરે કર્મચારીઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. વળી, વ્યાખ્યાના અપવાદ જોઇએ તો તેમાં પણ બીજા પક્ષકાર કામદારો પડતા નથી. ૧૯૯૪ (૧) એલ.એલ.એન. પાના નં. ૨૮૨ અન્વયે નામદાર આંધ્રપ્રદેશ હાઇકોર્ટે કેજ્યુઅલ કામદારોને ઔદ્યોગિક વિવાદ ધારા મુજબના કામદાર હોવાનું ઠરાવેલ છે. જ્યારે ૧૯૯૩ (૨) એલ.એલ.જે. પાના નં. ૧૬૭ અન્વયે રોજમદાર કામદાર તે આ કાયદા મુજબના કામદાર હોવાનો ચુકાદો આપવામાં આવેલ છે. ૧૯૭૬ (૪૯) એફ.જે.આર. પાના નં. ૫૧ થી નામદાર સુપ્રિમ કોર્ટે સંસ્થામાં નોકરી કરતા દરેક કામદાર જેવા કે કામચલાઉ, કાયમી, પ્રોબેશનર વિગેરેને કામદારની વ્યાખ્યામાં ગણેલ છે. ૧૯૮૨ (૪૪) એફ.એલ.આર. પાના નં. ૨૬૫ થી નામદાર પંજાબ અને હરીયાણા હાઇકોર્ટે તથા ૧૯૮૧ (૨) એલ.એલ.જે. પાના નં. ૩૮૨ થી નામદાર કલકત્તા હાઇકોર્ટે પણ આ બાબતે પોતાના ચુકાદા આપેલ છે. પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ તેઓએ બીજા પક્ષકાર કામદારોને રોજીંદા પગારથી કે રોજમદાર તરીકે રાખેલ પરંતુ ૧૯૮૩ (૪) એસ.સી.સી. પાના નં. ૪૬૪ થી નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે છુટક દરની ચુકવણીના કારણે માલીક અને નોકરનો સંબંધ નાસાબિત ન થાય. ઉપરોક્ત સંજોગોમાં તથા આંક-૧૨ થી આંક-૧૪ના દસ્તાવેજો ધ્યાનમાં લેતાં આ કામના બીજા પક્ષકાર કામદારો આ કાયદા મુજબના પ્રથમ પક્ષકારના કામદાર હતા તેમ આથી ઠરાવવામાં આવે છે.

(બી) હવે બીજા પક્ષકાર કામદારો તે આ કાયદા મુજબના પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોઇ તેઓએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી) માં જણાવેલ વ્યાખ્યા મુજબની સળંગ નોકરી પ્રથમ પક્ષકાર સંસ્થામાં બજાવેલ છે કે કેમ ? તે બાબત તપાસવી જરૂરી છે. હવે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી)માં ઠરાવ્યા મુજબ કોઇ કામદાર

બિમારી અથવ અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય તેવી કોઇ હડતાલ અથવ તેની કોઈ હડતાલ અથવા તેની કોઈ કસુર ના લીધે ન હોય તેવી કોઇ તાળા બંધી અથવા કામ બંધીના કારણે ખંડીત થાય તેવી નોકરી સહીતની અખંડ નોકરીમાં હોય તો તે કેટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે, તેમ કહેવાય. એક વર્ષ અથવા છ મહીના સુધી ઉપરોક્ત અર્થમાં સળંગ નોકરીમાં ન હોય ત્યારે તેવા કામદારે તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહીનાની મુદત દરમ્યાન ૨૪૦ દિવસથી ઓછા નહીં, તેટલા દિવસો સુધી કોઇ માલીક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો તે એક વર્ષની મુદત સુધી સળંગ નોકરીમાં છે, તેમ ગણાશે.

ઉપરોક્ત 'સળંગ નોકરી'ની વ્યાક્યાના સંદર્ભમાં હવે આ કામે બીજા પક્ષકાર કામદારોની રજુઆતો જોઈએ તો બીજા પક્ષકાર ધર્મેશ કહાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૨૧-૩-૯૬ના રોજથી અને સુખદેવ ખટવાડી તા. ૧૦-૪-૯૬ થી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નિમણુંક પામેલ તેમ તેઓએ પોતાના જે તે માંગણી નિવેદન તથા સોગંદનામા અન્વયે જણાવેલ છે. નગરપાલીકાએ બીજા પક્ષકાર કામદારો ને આપેલ નોકરી અંગેના પ્રમાણપત્રોમાં પણ બીજા પક્ષકારની ઉપરોક્ત દાખલ તારીખ હોવાનું નોંધવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના લેખિત જવાબમાં બીજા પક્ષકાર કામદારોની ઉપરોક્ત દાખલ તારીખો કબુલ રાખેલ છે. કામદારોના જણાવ્યા મુજબ તેઓને નગર પાલિકાએ તા. ૨૭-૩-૨૦૦૧ ના રોજ છુટા કરેલ. આમ બંને કામદારોના જણાવ્યા મુજબ તેઓએ નગર પાલિકામાં આશરે પાંચ વર્ષ સતત નોકરી કરેલ. નગર પાલિકાએ પોતાના જે તે લેખિત જવાબમાં પણ બન્ને કામદારોએ ૧૯૯૬ થી ૨૦૦૧ ની ઉપરોક્ત તારીખો દરમ્યાન ફરજ બજાવેલ હોવાનું કબુલેલ છે. આ ઉપરાંત હાજરી પત્રક તથા અન્ય બાબતોમાં નગર પાલિકાનું જે રેકર્ડ હશે તે પોતાને માન્ય રહેશે તેમ પણ નગર પાલિકાએ જણાવેલ છે, પરંતુ બીજા પક્ષકાર કામદારોની સળંગ નોકરીની હકીક્ત ખોટી હોવાનું નગર પાલિકા જે જણાવેલ છે, બંને બીજા પક્ષકાર કામદારો જે પોતાના રજુ સોગંદનામામાં પોતાની નોકરી સતત ને સળંગ હોવાનું જણાવેલ છે તથા તેઓને કાગળ પરના બ્રેક બતાવી તે ૯૦ દિવસના નિમણુંક હુકમો આગળ પાછળની અસરથી નગર પાલિકા દ્વારા આપવામાં આવતા હતા તેમ પણ સ્પષ્ટ પણે જણાવેલ છે. પોતાની ઉલટ તપાસમાં પણ કામદારો એ પોતાની નોકરી નગર પાલિકામાં સને ૧૯૯૬થી ૨૦૦૦. સુધી સળંગ હતી તેમ જણાવેલ છે. કામદારોએ પોતાના સોગંદનામામાં એમ પણ જણાવેલ છે કે પ્રથમ પક્ષકારના હાજરી પત્રકમાં તેઓની હાજરી પુરવામાં આવતી અને પગાર પત્રકમાં તેઓની સહી લઈને તેઓને પગાર ચુકવવામાં આવતો હતો. પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ લીધેલ બીજા પક્ષકારની ઉલટ તપાસમાં આ બાબતે કોઈ સ્પષ્ટતા થયેલ નથી. આ કામે પ્રથમ પક્ષકાર તરફે રજુ સંસ્થાના સાક્ષી શ્રી રાજુભાઈ કાંતીલાલે પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, ''એ વાત ખરી છે કે બીજા પક્ષકારોની હાજરી પત્રકમાં પુરાતી. તેઓને પગાર પત્રકમાં

સહી લઈને પગાર ચુકવાતો.'' આમ નગર પાલીકાના જવાબદાર અધિકારીએ હાજરી પત્રક તથા પગાર પત્રકની વાત સ્વીકારેલ હોવા છતાં, નગર પાલીકાએ આવા પત્રકો અદાલત સમક્ષ રજુ કરેલ નથી. ૧૯૮૭ (૫૪) એફ.એલ.આર. પાના નં. ૪૨૮ થી નામદાર મુંબઈ હાઈકોર્ટે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમો અંગે ચર્ચા કરતા દરમ્યાન એમ ઠરાવેલ છે કે જ્યારે માલીક દ્વારા લેબર કોર્ટમાં કે હાઈકોર્ટમાં મસ્ટર રજુ કરવામાં ન આવે અને કોઈ કામદારની ૨૪૦ દિવસની નોકરીનો પ્રશ્ન હોય ત્યારે આવા સંજોગોમાં જે તે કામદારે ૨૪૦ દિવસ કામ કરેલ છે તેમ માની લેવામાં આવશે. હાલના કામે પણ નગર પાલીકાએ બીજા પક્ષકારને આપેલ નિમણુંકપત્રો તથા ઉપરોક્ત પત્રકો રજુ કરેલ ન હોઈ તેઓ વિરૂદ્ધ અનુમાન દોરવું અનિવાર્ય બનેલ છે. વળી નગર પાલીકાના સાક્ષીએ પોતાની સર તપાસમાં જ જણાવેલ છે કે ''એ વાતનો મને ખ્યાલ નથી કે બીજા પક્ષકારોએ સતત ને સળંગ કામ કરેલ.'' આ હકીકત છતાં બીજા પક્ષકાર તેઓના હાથ નીચે કામ કરતા હતા તેમ પણ આ સાક્ષી એ જણાવેલ છે. ઉપરોક્ત તમામ સંજોગોમાં બીજા પક્ષકાર કામદારોએ પ્રથમ પક્ષકાર નગર પાલીકામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી) માં જણાવેલ વ્યાખ્યા મુજબની સળંગ નોકરી બજાવેલ તેમ આથી ઠરાવવામાં આવે છે.

(સી) હવે બીજા પક્ષકાર કામદારોને આ કાયદા મુજબના પ્રથમ પક્ષકારના કામદારો હોઈ અને તેઓએ બંને એ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી) મુજબની સળંગ નોકરી કરેલ હોઈ હવે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર કામદારોને છુટા કરેલ છે કે કેમ ? અને તે કાયદેસર છે કે કેમ ? તે બાબતે વિચાર કરીએ તો હાલના કામે બીજા પક્ષકાર કામદારોએ પોતાના માંગણી નિવેદનમાં એમ જણાવેલ છે કે તેઓને બંનેને પ્રથમ પક્ષકાર નગર પાલીકા દ્વારા તા. ૨૭-૩-૨૦૦૧ ના રોજથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે તમામ કાનુની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને તેઓને નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર કે અન્ય કોઈ હક્ક હીસ્સા આપ્યા વગર નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે. આમ બીજા પક્ષકાર કામદારોના જણાવ્યા મુજબ તેઓને મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલ. બીજા પક્ષકાર તરફેની ઉપરોક્ત રજુઆતો સામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ હાલના કામે પોતાના બચાવમાં પોતાના લેખિત જવાબ અન્વયે એમ જણાવેલ છે કે બીજા પક્ષકાર કામદારોની નિમણુંક ૧૯૯૬ થી તા. ૨૭-૩-૦૧ સુધીના સમય ગાળા માટે કરવામાં આવેલ અને નિમણુંકનો સમયગાળો પુરો થતાં બીજા પક્ષકાર કામદારોની પ્રથમ પક્ષકારને ત્યાંની નોકરીનો આપોઆપ અંત આવી ગયેલ. આમ નગરપાલિકાના જણાવ્યા મુજબ બંને બીજા પક્ષકાર કામદારોની નિમણુંક ખાસ સમય ગાળા માટે કરવામાં આવેલી પરંતુ નગર પાલીકા દ્વારા હાલના રેફરન્સ કેસોમાં આવી ખાસ સમય ગાળા માટેની નિમણુંક આપવામાં આવેલ હોય તેમ સાબિત કરતો કોઈ લેખિત પુરાવો રજુ કરવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર નગર પાલીકાના જણાવ્યા મુજબ બીજા પક્ષકાર કામદારોની નોકરીનો આપોઆપ અંત આવી ગયેલ. પરંતુ જ્યારે નગર

INDEX

પાલીકાએ નિમણુંક અંગેના પુરાવા જ આ કામે રજુ કરેલ ન હોય ત્યારે નગર પાલીકાની આ હકીકત કઈ રીતે સાચી માની શકાય ? બીજા પક્ષકાર કામદારોએ પોતાના મૌખિક જુબાનીના બદલાના સોગંદનામામાં એમ જણાવેલ છે કે નગર પાલીકા દ્વારા તેઓને ૯૦ દિવસના નિમણુંક હુકમ આપવામાં આવતા અને ૯૦ દિવસનો સમય પુરો થયે એક-બે દિવસનો બ્રેક બતાવીને ફરી નિમણુંકપત્ર આપવામાં આવતો પરંતુ સદર બ્રેકમાં પણ તેઓની નોકરી ચાલુ રહેતી. ત્યારબાદ એકાએક તા. ૨૭-૩-૨૦૦૧ ના રોજ તેઓને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ, આમ હાલના કામે પ્રથમ પક્ષકાર તથા બીજા પક્ષકાર બંને જો બીજા પક્ષકારોને તા. ૨૭-૩-૨૦૦૧ ના રોજ છુટા કરવામાં આવેલ તે અંગે હકારમાં જવાબ જણાવેલ છે. આ સંજોગોમાં હવે બીજા પક્ષકાર કામદારોની છટણી કરવામાં આવેલ છે કે કેમ ? તે તપાસવું જરૂરી હોઈ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (ઓઓ) જોઈએ તો તે નીચે મુજબ છે.

કલમ-૨ (ઓઓ) :-

(ઓઓ) ''છટણી'' એટલે શિસ્તનાં પગલા તરીકે શિક્ષારૂપે હોઈ તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(એ) કામદારની સ્વેચ્છાપૂર્વકની નિવૃત્તિ અથવા,

(બી) માલીક અને સંબંધીત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તિ વયે પહોંચતા કામદારની નિવૃત્તિ અથવા,

(બીબી) માલીક અને સંબંધીત કામદાર વચ્ચેના રોજગારનો કરાર પુરો થયે તો જો ન કરવાના અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારોની નોકરીની સમાપ્તિ અથવા,

(સી) માંદગીના કારણે કામદારની નોકરીની સમાપ્તિ.

આમ ઉપરોક્ત કલમ જોતાં જ્યારે શિસ્તના પગલા તરીકે શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલ કોઈ કામદારની નોકરીની સમાપ્તિને છટણી કહેવાય. હાલના કેસનું રેકર્ડ તપાસતા તથા પ્રથમ પક્ષકારનો બચાવ જોતાં તેઓએ બીજા પક્ષકારની છટણી શિસ્તના પગલા તરીકે શિક્ષારૂપે કરેલ હોય તેવો સંસ્થાનો કોઈ બચાવ નથી. પ્રથમ પક્ષકારના સાક્ષીએ પોતાની આંક-૨૫ ની મૌખિક જુબાનીમાં ઉલટ તપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે. કે બીજા પક્ષકાર કામદારો તેઓના હાથ નીચે કામ કરતા. વધુમાં તેઓના જણાવ્યા મુજબ બીજા પક્ષકારોને છુટા કરતી વખતે નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર આપેલ કે કેમ તેનો પણ તેઓને ખ્યાલ નથી. આમ પ્રથમ પક્ષકારની સાક્ષીએ પોતાની જુબાનીમાં બીજા પક્ષકાર કામદારોને છુટા કરેલ હોવાની કબુલાત કરેલ છે. હાલના કામે રજુ તમામ હકીકતો જોતાં બીજા પક્ષકાર કામદારોને પ્રથમ પક્ષકાર

INDEX

દ્વારા છુટા કરવાનો કોઈ લેખિત હુકમ આપવામાં આવેલ હોય તેમ જણાતું નથી. આ ઉપરાંત ઉપરોક્ત કલમ-૨ (ઓઓ) અન્વયેના છટણીની વ્યાખ્યાના અપવાદ જોઈએ તો જ્યારે કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃત્તિ થાય અથવા માલીક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારનો કરાર પુરો થયે તાજો ન કરવાના કારણે અથવા તેમા જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિને કારણે અથવા માંદગીને કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ થાય તો તેને છટણી ગણી શકાય નહી. આ કામે સ્વેચ્છાપૂર્વકની નિવૃત્તિ અથવા માંદગીના કારણે બીજા પક્ષકાર કામદારોની નોકરીની સમાપ્તિ થયેલ નથી. આ ઉપરાંત હાલના કામે બંને પક્ષકારો વચ્ચે કોઈ રોજગાર કરાર થયેલ હોય અને તે તાજો નહી કરવાનું બનેલ હોય તેમ પણ જણાતું નથી કે આવા કોઈ કરારની શરતની તે બીજા પક્ષકાર કામદારોની નોકરીની સમાપ્તિ થયેલ નથી. આ સંજોગોમાં આ કામના બીજા પક્ષકાર કામદારોની છટણી કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટપણે સાબિત થાય છે. હાલના કામે પ્રથમ પક્ષકાર તરફે રજુ સાક્ષીએ પોતાની મૌખિક જુબાનીમાં સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે બીજા પક્ષકાર કામદારો જે કામગીરી કરતા તે હાલમાં પણ ચાલુ છે. ૧૯૫૪ (૧) એલ.એલ.જે. પાના નં. ૨૨૬ અન્વયે નામદાર મુંબઈ હાઈકોર્ટે ઠરાવેલ છે કે વિભાગ અથવા ખાતુ બંધ કરવાના પરિણામે નોકરીની સમાપ્તિએ છટણી ગણાય નહી. પરંતુ વિભાગ અથવા ખાતુ બંધ કર્યા પછી પણ પોતાનો ધંધો અથવા અન્ડર-ટેકીંગ ચાલુ હોય તો તે છટણી ગણાય. હાલના કામે પણ નગર પાલીકાના સાક્ષીના કબુલ કર્યા મુજબ પક્ષકારની કામગીરી ચાલુ હોવા છતાં તેઓને છુટા કરવામાં આવ્ય હોઈ બીજા પક્ષકારોની છટણી કરવામાં આવેલ છે તેમ ગણાય. ૧૯૮૧(૨) એલ.એલ.જે. પાના નં. ૩૮૨ થી નામદાર કલકત્તા હાઈકોર્ટે ઠરાવેલ છે કે કેઝ્યુઅલ લેબર તે કામદાર છે અને તેની નોકરીની સમાપ્તિ છટણી ગણાય. ૧૯૭૦ લેબ. આઈ.સી. પાના નં. ૩૪૫ થી નામદાર ઓરીસ્સા હાઈકોર્ટે ઠરાવેલ છે કે વધારાના સ્ટાફને છુટો કરવો તે છટણી ગણાશે. આમ હાલના કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારોની છટણી કરેલ છે તે હકીકત પ્રથમ દર્શનીય રીતે સાબિત થાય છે.

(ડી) હવે પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારની છટણી કરવામાં આવેલ હોવાનું આ કામે સાબિત થયેલ હોય છટણી કાયદેસર રીતે કરવી હોય તો માલિકે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એફ)માં જણાવેલ છટણી કરવા અંગેની પૂર્વ શરતોનું પાલન કરવું જરૂરી છે. હવે ઉપરોક્ત કલમ-૨૫ (એફ) જોઈએ તો તે નીચે મુજબ છે.

કલમ-૨૫(એફ) કામદારોની છટણીની પૂર્વ શરતો.

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી.

(એ) તે કામદારે છટણીનાં કારણો દર્શાવતી એક મહીનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી

INDEX

નોટીસને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી.

પરંતુ

(બી) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી.

અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી કરી શકાશે નહી.

